BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-132

# માનવ અધિકારો અને સમુદાય વિકાસ

વિભાગ

# 1

## માનવ અધિકારો અને કાયદો


એકમ-1 માનવ અધિકાર-1

એકમ-2 માનવ અધિકાર-2

એકમ-3 કેટલાંક જૂથોના માનવ અધિકારો

એકમ-4 ભારતમાં માનવ અધિકારોનો કાયદો

**ES-132, માનવ અધિકારો અને સમુદાય વિકાસ (વિભાગ-1)**


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 500
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 500

**ISBN : 978-93-5598-160-8**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-132 માનવ અધિકારો અને સમુદાય વિકાસ


**વિભાગ-1 માનવ અધિકારો અને કાયદો**

1. માનવ અધિકાર-1
2. માનવ અધિકાર-2
3. કેટલાંક જૂથોના માનવ અધિકારો
4. ભારતમાં માનવ અધિકારોનો કાયદો

**વિભાગ-2 બંધારણીય માનવ અધિકારો**

5. ભારત બંધારણ અને માનવ અધિકારો
6. યુનોએ ઘોષિત કરેલા માનવ અધિકારો
7. બાળકોના અધિકાર
8. શિક્ષણ મેળવવાનો અધિકાર

**વિભાગ-3 કાનૂની માનવ અધિકારો**

9. માહિતીનો અધિકાર
10. સ્ત્રી અને માનવ અધિકારો
11. બાળ અપરાધ
12. બાળકોને લગતાં કાયદાઓ

**વિભાગ-4 વિકાસકીય યોજનાઓ**

13. સમુદાય વિકાસ યોજના
14. ભારતમાં પંચાયત રાજ
15. સહકારી પ્રવૃત્તિ
16. કુટુંબ-નિયોજન કાર્યક્રમ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

# એકમ 1

# માનવ અધિકાર (Human Right) -1

## : રૂપરેખા :

(1) પ્રસ્તાવના
(2) માનવ અધિકારોનો અર્થ
(3) માનવ અધિકારની સંકલ્પના
(4) માનવ અધિકારોની લાક્ષણિકતાઓ
(5) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યો
(6) માનવ અધિકારોનું કાર્યક્ષેત્ર
(7) માનવ અધિકારોના પ્રકારો
(8) માનવ અધિકારોના શિક્ષણનું મહત્ત્વ
(9) માનવ અધિકારો માટેના શિક્ષણના ઉદ્દેશો
(10) માનવ અધિકારો હેઠળના અધિકારો
(11) માનવ અધિકારોનું સ્વરૂપ
(12) માનવીની મૂળભૂત ફરજો
(13) સારાંશ
(14) એકમ સ્વાધ્યાય
(15) તમારી પ્રગતિ ચકાસો
(16) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
(17) સૂચિત વાંચન સામગ્રી

## 1. પ્રસ્તાવના :

- માણસનું સર્જન જ ઈશ્વરની એક અદ્‌ભુત યોજનાનો ચમત્કાર છે. ઈશ્વરે આ પૃથ્વી પર સૃષ્ટિમાં માનવનું સર્જન કરી તેને સમગ્ર સૃષ્ટિની રખેવાળી સોંપી, તેના હૃદયમાં ઈશ્વરે ડહાપણરૂપે સ્થાન લઈને સાચું, ખોટું પારખવાની શક્તિ આપી અને તે ન્યાય અન્યાયનો ભેદ સમજતો થયો.
- શાંતિ, સુરક્ષા અને ન્યાયની ઝંખનામાંથી કુટુંબ કબીલા અને સમાજ વ્યવસ્થા અસ્તિત્વમાં આવી. છેવટે રાજ્યરૂપી મહાકાય સંસ્થા અસ્તિત્વમાં આવી. સભ્ય સમાજ વ્યવસ્થાના પાયામાં રહેલાં મૂલ્યો આદર્શોએ કાયદાની દેન આપી. સત્તા અને શાસન વ્યવસ્થા ટકાવી રાખવા એ જ માણસે, માણસો પર જુલ્મો આદર્યા અને તેના વિકરાળ પરિણામોએ જ ફરીથી માણસને ઢંઢળ્યો અને સાચું-ખોટું પારખવાની એ સૂજમાંથી માણસ તરીકે કુદરતી રીતે મળેલાં અધિકારોના રક્ષણનો વિચાર એક ક્રાંતિમાં ફેરવાઈ ગયો.
- માનવ અધિકારોની આ વિકાસ ગાથા વિશ્વના ખૂણે ખૂણે વિવિધ સભ્ય વ્યવસ્થાઓમાં વણાયેલી છે.
- દરેકનો આગવો ઈતિહાસ છે અને દરેકના આગવા આદર્શો છે. દરેકે તેને વિભિન્નરરૂપે વર્ણવવા અને ઓળખવા પ્રયાસ કર્યો છે. માણસના કુદરતી અધિકારોની આ વિકાસ ગાથાનો પ્રારંભ અર્થ અને વ્યાખ્યાથી કરીએ.

- માનવ અધિકારોનો ખ્યાલ કાયદાકીય રીતે સૌ પ્રથમ બ્રિટન, ફ્રાંસ અને ડેન્માર્કના ગુલામી નાબૂદીના કાયદાઓમાં વ્યક્ત કરાયો હતો. રાજ્યનો પ્રાથમિક હેતુ જુલ્મીશાહી કાયદાઓ અને નીતિ સામે લોકોનું રક્ષણ કરવાનો હતો, પરંતુ ફ્રેંચ ક્રાંતિ, રશિયન ક્રાંતિ, દ્વિતીય વિશ્વયુદ્ધ અને તે દરમિયાન તેમજ પછી કેટલાંક દેશોને મળેલ આઝાદી વગેરે કારણોસર એવો ખ્યાલ મજબૂત કરી વ્યક્ત થતો રહ્યો અને સ્થાપિત થયો કે રાજ્યની તમામ પ્રવૃત્તિઓમાં માનવ કેન્દ્રસ્થાને રહેવો જોઈએ.
- રાજ્યે માનવ પર અત્યાચારો ગુજારવાં ન જોઈએ. રાજ્યનો હેતુ આખરે સ્થિરતા, શાંતિ અને પ્રગતિનો હોય છે. રાજ્યએ અધિકારોનું રક્ષણ કરવું જોઈએ. માનવને પોતાના વ્યક્તિત્વના વિકાસના હેતુ માટે આ માનવ અધિકારો માન્ય રખાયા છે.
- માનવીનું રક્ષણ કરવા માટે વિવિધ અધિકારો આપવામાં આવેલ છે.

  - સ્વાતંત્ર્ય માટેનો માનવનો અધિકાર
  - સમાનતાનો અધિકાર
  - શોષણ વિરુદ્ધનો અધિકાર
  - ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર
  - શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણનો અધિકાર

- માનવ અધિકારોનો ખ્યાલ સરમુખત્યારશાહી સામેના વિરોધમાંથી જન્મ પામેલ છે. માનવ અધિકારોનો ખ્યાલ એકહથ્થુ રાજ્યસત્તાનો અભાવ સૂચવે છે.

## 2. માનવ અધિકારોનો અર્થ : (Meaning of Human Rights)

(1) માનવ જીવનને અર્થપૂર્ણ, સંતોષજનક અને ગૌરવવંત બનાવે તેવા મુખ્ય અધિકારો અને તેવા પ્રકારના સ્વાતંત્ર્યને માનવ અધિકાર કહી શકાય. માનવ જે તક મેળવવા માટે સક્ષમ છે તે તક તેને મળે, ભયથી મુક્તિ મળે, તેના પોતાના અધિકારો ઝુટવાય નહીં તેવી મૂળભૂત આકાંક્ષાઓ છે. તેથી ઘણી વાર માનવ અધિકારોને કુદરતી અધિકારો (Natural Rights) કહેવાય છે.

(2) માનવના એક માનવ તરીકેના અધિકારો, નાગરિક અધિકારો રાજ્ય આપે છે, પણ આ માનવ અધિકારો માણસના કુદરતી અધિકારો મનાયા છે, એમ કહીએ કે તે ઈશ્વરદત્ત છે.

(3) માનવ અધિકારો એટલે માણસના ગૌરવની જાહેરાત અને રક્ષણની વ્યવસ્થા જણાવતા અધિકારોનો સમૂહ.

- માનવ તરીકે જિંદગી જીવવા માટે માણસને કુદરતે આપેલાં મૂળભૂત આવશ્યક અધિકારોને માનવ અધિકારો ગણવામાં આવે છે. વૈશ્વિક સ્તરે થયેલી ઘોષણાને નજર સમક્ષ રાખીને એવું કહી શકાય કે માનવ અધિકારો એટલે માણસ તરીકે જીવન જીવવા માટે જરૂરી એવાં લઘુત્તમ અધિકારો.
- આ અધિકારો માણસને જીવનનો સંતોષ અને અર્થપૂર્ણ જીવનની ખાતરી આપે છે. જીવનનું મહત્તમ લક્ષ્ય સિદ્ધ કરવા માટે ભયથી મુક્ત અને તકથી વંચિત ન કરી શકાય તેવા અને નાબૂદ ન થઈ શકે તેવા અધિકારો પૂરા પાડે છે. આ અધિકારો ઈશ્વરે આપ્યા છે અને માનવીને પોતાના જન્મની સાથે જ આપ્યા છે. આ આંતરરાષ્ટ્રીય અધિકારો છે. માણસ તરીકે પોતે દુનિયામાં કોઈપણ સ્થળે જાય તો પણ તેને ઉપલબ્ધ બને છે.
- વિવિધ જગ્યાએ વિવિધ પરિણામોને લક્ષમાં રાખીને માનવ અધિકારોની વ્યાખ્યાઓ કરવામાં આવી છે. જેની યાદી નીચે મુજબ બનાવી શકાય.
- માનવ અધિકારો એવા અધિકારો છે કે જેને દરેક મનુષ્ય પ્રાપ્ત કરવાનો અધિકાર ધરાવે છે અને

તેમના રક્ષણનો પણ અધિકાર ધરાવે છે. આ અધિકારો પાછળનો ગર્ભિત ખ્યાલ એ છે કે તમામ સ્ત્રીઓ, પુરુષો અને બાળકોને તે અધિકારો છે. તમામ સમાજો અને સંસ્કૃતિઓમાં આ અધિકારો એક કે બીજાં સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે.

- નાગરિક અને રાજકીય અધિકારો અને બીજાં છે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો. ઘોષણા કહે છે કે આ બંને પ્રકારના અધિકારો લોકોને ભય અને અછતમાંથી સ્વતંત્રતા, ન્યાય અને શાંતિના પાયા તરીકે રક્ષણ થવું જોઈએ.
- આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોના શીર્ષક હેઠળ તમામ સરકારો તેમના નાગરિકોના જીવનની સ્થિતિ સતત સુધારવાનો પ્રયાસ કરે તે અપેક્ષિત છે. દા.ત. તેમણે અન્ન, વસ્ત્ર, આવાસ અને તબીબી સંભાળ, કુટુંબના રક્ષણ અને સામાજિક સલામતી, શિક્ષણ તથા રોજગારીના અધિકારની કાળજી રાખવાની રહેશે. કોઈ પણ જાતના ભેદભાવ વિના આ અધિકારોને તેમણે પ્રોત્સાહન આપવાનું રહેશે.
- ગરીબ લોકોને સક્ષમ બનાવવામાં માનવ અધિકારો મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. તે જ રીતે કચડાયેલ વર્ગ માનવ અધિકારોની સમજથી સ્વનિર્ભર બની શકે છે.

## 3. માનવ અધિકારની સંકલ્પના : (Concept of Human Right)

- માનવ અધિકારો એ એવા અધિકારો છે કે જે આપણી પ્રકૃતિ કે સ્વભાવમાં નિહિત છે. તેથી માનવ અધિકારો એ જન્મદત્ત કહી શકાય. માણસનું સર્જન ઈશ્વરની એક દેન છે. માણસનું સર્જન ઈશ્વરે પોતાની પ્રતિકૃતિ કરેલ છે. ઈશ્વરે સૃષ્ટિ સોંપી તેનો ભોગવટો અને રક્ષણની જવાબદારી પણ સોંપી હતી.
- માણસમાં પણ માણસ પર સત્તા જમાવવાની યોજનાઓ ઘડાતી હતી. અમલી બનતી રહી. તેમની સામે ક્રાંતિ અને તેમાંથી માનવ અધિકારો શબ્દ પ્રયોજયો.
- માનવ અધિકાર વિના આપણે આપણું જીવન સારી રીતે પસાર કરી શકતાં નથી. માનવ અધિકારો સર્વાંગી વિકાસ માટેની તકો પૂરી પાડે છે.

**વ્યાખ્યાઓ :**

(1) 'માનવ અધિકારો એટલે સરકારોની મનસ્વી દખલગીરી કે નિયંત્રણ સામે સ્વતંત્રતા.'

***- રાજકીય શબ્દકોષ***

(2) 'માનવ અધિકાર એટલે એવા અધિકારો કે જે દરેક માનવ ને માનવ હોવાથી મળે છે.'

***- સી. નાસીમા***

(3) 'માનવ અધિકાર એટલે સર્વાંગી એકતાના અધિકાર.' ***- આર.એસ. પાઠક***

(4) 'માનવ અધિકારોને કોઈ કોઈ વાર મૌલિક અધિકાર કે મૂળ અધિકાર કે કુદરતી અધિકારો તરીકે ઓળખવામાં આવે છે. મૌલિક અધિકારો એવા અધિકારો છે જેમને કોઈ વ્યવસ્થાતંત્ર દ્વારા છીનવી શકાતા નથી. કુદરતી અધિકારો પુરુષો અને મહિલાઓ સાથે સંબંધ ધરાવે છે. તે તેમના જન્મ સાથે પ્રાપ્ત થયેલા છે.'' માનવ અધિકારો કાયદા દ્વારા સ્થાપિત કરી શકાતા નથી. તે સ્વયંસિદ્ધ છે.'

***-ફોસેટ***

(5) 'માનવ અધિકારો એટલે ઊંચા દરજ્જાની કાયદાકીય સ્વતંત્રતા કે પાયાની સ્વતંત્રતા, નૈતિક કે ધાર્મિક અધિકારો અને સામાજિક - આર્થિક અધિકારો.'

***- માર્કે કોરી***

(6) 'સામાજિક જીવનમાં બધા જ ક્ષેત્રોમાં સામાન્ય રીતે ઉપયોગી એવા અધિકારો એટલે માનવ અધિકારો'

***- વી. એમ. તારકુંડ***

(7) 'માનવ અધિકારો એ લઘુત્તમ અધિકારો છે, વ્યક્તિને રાજ્ય કે પબ્લિક ઓથોરિટી સામે માનવ કુટુંબના સભ્ય તરીકે કોઈપણ જાતના કોઈપણ અવેજ વગર મળે છે.'

*- ડી. ડી. બાસુ*

(8) તમામ માનવજાત હકદાર હોય તેવા કોઈપણ મૂળભૂત અધિકાર અથવા સ્વાતંત્ર્ય અને તે ભોગવતી વેળાએ સરકાર દખલગીરી ન કરે. આ અધિકારોમાં જિંદગી અને સ્વતંત્રતા તેમજ વિચારો અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર અને કાયદા સમક્ષ સમાનતાના અધિકારોનો પણ સમાવેશ થાય છે.

(9) 'માનવ અધિકારોમાં ન્યાય, સમાનતા છે અને મનસ્વી અને ભેદભાવભરી રીત સામે સ્વાતંત્ર્ય રહેલું છે. શાસકોના હિતોની નીચે તેને મૂકી શકાય નહીં. રાષ્ટ્રીય સાર્વભૌમત્વના નામે માનવ અધિકારોનું ઉલ્લંઘન વાજબી ઠરાવી શકાય નહીં.'

*- ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી બેગ*

(10) 'માનવ અધિકારોનું પોતાનું જ એવું સ્વરૂપ છે કે તેના વગર માનવજાત તરીકે આપણે જિંદગી જીવી શકીએ નહીં.'

*- ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ અને*
*માનવ અધિકાર પંચના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી વેંકટ ચેલૈયા*

(11) 'જે અધિકારો અંગે ભારતના બંધારણે ખાતરી આપી છે અથવા આંતરરાષ્ટ્રીય સંધિઓમાં જેમનો સમાવેશ કરાયો છે અને ભારતની કોર્ટોમાં અમલ કરાવી શકાય છે તેવા માનવીના જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવ સંબંધી અધિકારો.'

(12) 'માનવ અધિકારોનું મૂલ્યાંકન અલગથી કરી શકાય નહીં. તેઓને સામાજિક સંદર્ભમાં જ વાંચવાના રહે છે.'

*- શ્રી ગોવિંદ મુખોટી*

(13) ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી વી. આર. કૃષ્ણ ઐયરે માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્ર્યોને અવિભાજ્ય તરીકે ગણાવ્યા છે અને નાગિરક અને રાજકીય અધિકારો અને સાંસ્કૃતિક અધિકારોનો પૂરેપૂરો સાક્ષાત્કાર કર્યા વગર તે શક્ય બની શકે નહીં. સાક્ષાત્કારની પ્રક્રિયા માટે કાનૂની રાજકીયતા જરૂરી છે, નહીં કે રાજકીય વાદવિવાદ કે રાજદ્વારીય તાળીઓની ગડગડાટી, પરંતુ નિયમ સ્વરૂપની રૂપરેખા જોઈએ.

**માનવ અધિકારો શું છે ?**

- તે માનવ ધર્મ વેદમાં, બુદ્ધના ઉપદેશમાં, બાઈબલમાં, કુરાનમાં, પવિત્ર ગ્રંથોમાં છે અથવા તો માનવ ગૌરવને પ્રાધાન્ય આપતાં અન્ય અધિકૃત ઉપદેશકો પાસે છે.
- દરેક માનવ દિવ્ય અંશ છે અને તેનું પોતાનું ગૌરવ, સ્વાતંત્રતા, સમાનતા અને અન્ય મૂળભૂત અધિકારો છે. આપણે ઐતિહાસિક અને સામાજિક સંદર્ભથી અલગ રીતે માનવ અધિકારો સમજી શકીએ નહીં કે તેનું મૂલ્યાંકન પણ કરી શકીએ નહીં.
- માત્ર આદર્શો અને ઠાલાં ઉદ્‌ગારોથી કદાપિ કાંઈ વળવાનું નથી. માનવ અધિકારોનો દરજ્જો આપણને સમાજ જીવનની શૈલી અપાવે છે. તેથી જ ભારતના બંધારણમાં સામાજિક અને માનવીય સ્થિતિઓને નજર સમક્ષ રાખવામાં આવી છે.
- ભારત બહુવિધ સમાજનો બનેલો દેશ છે અને આવી સમાજ વ્યવસ્થામાં માનવ અધિકારોનો ખ્યાલ તદ્દન ભિન્ન અને અનોખું સ્થાન ધરાવે છે.

  - માનવને માનવનું ગૌરવ અપાવનારા અધિકારો.

  - માનવજીવનને અર્થપૂર્ણ, સંતોષજનક, ગૌરવવંતુ બનાવનારા અધિકારો.

- અદાલતો દ્વારા અમલ કરાવી શકાય તેવા અધિકારો.
- વ્યક્તિના જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવ સંબંધી અધિકારો.
- આંતરરાષ્ટ્રીય કરારોમાં દર્શાવેલાં અધિકારો.
- માનવીની આશા-આકાંક્ષાઓને સાકાર કરનારાં અધિકારો
- બંધારણમાં ખાતરી આપેલ અધિકારો.

## 4. માનવ અધિકારોની લાક્ષણિકતાઓ : (Characteristics of Human Rights)

- માનવ અધિકારોની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે :

**(1) જન્મજાત અધિકારો :**

મનુષ્યનો જન્મ થતાં જ માનવ તરીકે મળતા અધિકારો. આ અધિકારો માણસને કોઈ આપતું નથી. જન્મની સાથે જ પ્રાપ્ત થાય છે. કુદરતી મળેલાં જ છે. માનવ સજાગ હોય તો આ અધિકારોને કોઈ છીનવી શકતું નથી.

**(2) અધિકાર માટે કરારની જરૂર નથી :**

માણસ જન્મની સાથે જ અધિકારો મેળવે છે. આ અધિકારો મેળવવા માટે કોઈ કાનૂની કરારની જરૂર પડતી નથી. આ અધિકારો આપોઆપ પ્રાપ્ત થાય છે.

**(3) કાયમી સ્વરૂપ :**

માનવીને અધિકારો જન્મની સાથે જ મળે છે. કાયમી સ્વરૂપના અધિકારો છે. આ અધિકારો રદ કરી શકાય તેવાં નથી કે તબદીલ પણ કરી શકાય તેવાં નથી.

**(4) સાર્વત્રિક અધિકાર :**

માનવને જન્મની સાથે જ અધિકારો પ્રાપ્ત થાય છે. દેશમાં રહેતાં દરેક ધર્મના લોકોને પ્રાપ્ત થાય છે. દરેક મનુષ્યને મળે છે એટલે કે તે સાર્વત્રિક અધિકાર છે, તેનો વ્યાપ દેશ પૂરતો છે.

**(5) માનવ અધિકારોના જુદાં જુદાં નામો :**

માનવ અધિકારોને જુદાં જુદાં નામો આપવામાં આવેલ છે તેમજ વિભિન્ન શ્રેણીઓમાં વિભાજીત કરવામાં આવેલ છે. દા.ત. દીવાની, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક સ્વરૂપના માનવ અધિકારો.

**(6) સામૂહિક અધિકારો :**

માનવ અધિકારો ફક્ત વ્યક્તિગત જ નથી, પરંતુ સામૂહિક પણ છે. દા.ત. આદિવાસી પ્રજા તેની ભાષા તેમજ જીવનશૈલી જાળવી રાખવાનો અધિકાર ધરાવે છે.

**(7) સમગ્ર વિશ્વ સામે મળતા અધિકારો :**

- માનવ અધિકારો સમગ્ર વિશ્વ સામે મળતા અધિકારો છે. દા.ત. જીવન જીવવાનો અધિકાર, સમાનતાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર, શોષણ વિરુદ્ધના અધિકારો વગેરે.
- આવા અધિકારો વિશ્વમાં ગમે તે સ્થળે, ગમે તેની સામે મળતા અધિકારો છે. દા.ત. અમદાવાદના રહીશના આવા અધિકારો તે મુંબઈ, ચેન્નાઈ કે લંડન કે કેનેડાના પ્રવાસ દરમિયાન જે તે રાજ્ય, દેશના સત્તાધીશો કે પોલીસ અધિકારીઓ સામે માનવ અધિકારો મેળવી શકાય છે. માનવ અધિકારો વ્યક્તિને સમગ્ર વિશ્વ સામે મળે છે.

**(8) સમાન અધિકાર :**

બધા જ માનવો માટે સમાન અધિકાર આપવામાં આવેલ છે. તે કોઈ એક વ્યક્તિ માટે બદલાવી શકાતાં નથી.

**(9) શોષણ સામે રક્ષણ :**

માનવ અધિકારો માનવને શોષણ સામે રક્ષણ આપે છે.

**(10) ભેદભાવ વગર અધિકાર :**

માનવ અધિકારો બધાં માનવોને સાંકળે છે, તેમાં કોઈ ભેદભાવ હોતો નથી.

**(11) સ્વતંત્રતા બક્ષતા અધિકાર :**

માનવ અધિકારો માનવને સ્વતંત્રતા બક્ષે છે. સ્વતંત્રતા વ્યક્તિના વિકાસ માટે છે, પણ બીજાંને ભોગે નહીં. વ્યક્તિને વિચાર, વાણી, કાર્યોની સ્વતંત્રતા છે, તેમાં એ પણ ખ્યાલ છે કે સારા વિચારો કરવા, ફેલાવવા, સારી વાણી બોલવી, સારા કાર્યો કરવા, સારા કાર્યો કરવા મંડળ-ટ્રસ્ટની રચના કરવી.

**(12) ગૌરવ વધારતાં અધિકારો :**

માનવ અધિકારો બધાં માણસો સમાન રીતે ગૌરવમાં વધારો કરે તેવા અધિકારો આપેલાં છે. તેમાં કોઈ ઊંચ-નીચના ભેદભાવ નથી. ગરીબ-પૈસાદાર એવા ભેદભાવો રાખતાં નથી. સમાજમાં રહેતી વ્યક્તિ સમાન છે, તેમનું ગૌરવ વધારે તેવા અધિકારો આપેલાં છે.

**(13) વિનિમયનો અભાવ :**

માનવ અધિકારોનું વેચાણ કે ફેરબદલી થઈ શકતી નથી. એક વ્યક્તિ બીજી વ્યક્તિને માનવ અધિકારોની ફેરબદલી કરી શકતી નથી. એટલે કે તેમાં વિનિમયનો અભાવ હોય છે.

**(14) કુદરતી અધિકારો :**

દરેક વ્યક્તિને કુદરતી રીતે અધિકારો મળે છે. દરેક વ્યક્તિને વારસામાં મળે છે. વ્યક્તિ એ વ્યક્તિ છે, તેની જાતિ, જ્ઞાતિ, ધર્મ, રાષ્ટ્ર, ભાષા વગેરે જેવી બાબતોને ધ્યાનમાં લેતાં નથી તેવું માનવ અધિકારોથી સ્પષ્ટ થાય છે.

## 5. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યો :

- ભારતના બંધારણમાં ભારતીય નાગરિકો માટેના મૂળભૂત અધિકારોની જોગવાઈઓ વાસ્તવમાં માનવ અધિકારો છે.
- માનવ અધિકારોના રક્ષણના અધિનિયમ, 1993ની કલમ-3 હેઠળ કેન્દ્ર સરકારને રાષ્ટ્રીય સ્તરે સર્વોચ્ચ સત્તામંડળ તરીકે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની રચના કરવાની સત્તા આપે છે.
- તેના અધ્યક્ષ તરીકે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનું પદ સંભાળી ચૂક્યા હોય તેમને તેમજ સુપ્રીમ કોર્ટના અન્ય વર્તમાન અથવા નિવૃત્ત જજ અને હાઈકોર્ટના વર્તમાન અથવા નિવૃત્ત ન્યાયમૂર્તિને તેમની મદદ માટે સભ્યો તરીકે નીમવામાં આવે છે.
- પંચના સભ્યો અને અધ્યક્ષની નિયુક્ત રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવશે. રાષ્ટ્રપતિ આના માટેની એક સમિતિની ભલામણો દ્વારા આ સમિતિના સભ્યોની નિયુક્તિ કરી શકશે. આ સમિતિમાં નીચેના સભ્યો રહેશે.

  (1) ભારતના વડાપ્રધાન - અધ્યક્ષ

  (2) લોકસભાના સ્પીકર - સભ્ય

  (3) ગૃહ મંત્રાલયના મંત્રી - સભ્ય

  (4) લોકસભાના વિરોધ પક્ષના નેતા - સભ્ય

  (5) રાજ્યસભાના વિરોધ પક્ષના નેતા - સભ્ય

  (6) રાજ્યસભાા નાયબ અધ્યક્ષ - સભ્ય
- સર્વોચ્ચ અદાલતના ચાલુ ન્યાયમૂર્તિ કે હાઈકોર્ટના સલાહ અને માર્ગદર્શનથી કરવામાં આવશે.

માનવ અધિકાર પંચનો કાર્યકાળ પાંચ વર્ષનો રહેશે. કોઈ પણ સભ્ય 70 વર્ષથી ઉપરની ઉંમરનો હોવો જોઈએ નહીં. તે 70 વર્ષની વય સુધી કાર્યરત રહી શકે છે. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યો નીચે મુજબ છે :

**(1) તપાસ કરવી :**

- પંચ આપમેળે અથવા ભોગ બનેલ વ્યક્તિ અથવા તેના વતી કોઈ વ્યક્તિ વચ્ચે રજૂ કરેલી અરજી પરથી અથવા કોઈ અદાલતના નિર્દેશ અથવા આદેશથી નીચેની જણાવેલી બાબતની તપાસ કરશે.

  - જાહેર અધિકારોનું ઉલ્લંઘન અથવા તે અંગેની મદદગારીમાં અથવા

  - જાહેર સેવકે એવા ઉલ્લંઘન અટકાવવા દાખવેલી બેદરકારી અંગે.

**(2) દરમિયાનગીરી કરવી :**

- ન્યાયાલય સમક્ષ અનિર્ણિત માનવ અધિકારના ઉલ્લંઘનના કોઈપણ આરોપોનો સમાવેશ થતો હોય તેવી કોઈપણ કાર્યવાહીમાં આવા ન્યાયાલયની મંજૂરીથી દરમિયાનગીરી થઈ શકે છે.

**(3) અભ્યાસ માટે મુલાકાત અને ભલામણ :**

- અમલમાં હોય તેવા અન્ય કોઈપણ કાયદામાં ગમે તે જણાવ્યું હોય તેમ છતાં રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળની કોઈપણ જેલમાં અથવા કોઈપણ સંસ્થા કે જેમાં વ્યક્તિઓને અટકાયતમાં રાખી હોય અથવા સારવાર અર્થે, સુધારણા અથવા સલામતીના હેતુથી રાખવામાં આવી હોય તેવા અંતેવાસીઓની રહેણી-કરણીનો તેઓના રહેવાની સ્થિતિનો અભ્યાસ કરવા માટે રાજ્ય સરકારને જાણ કરીને મુલાકાત લઈને તેના આધારે જરૂરી ભલામણો કરી શકે છે.

**(4) મૂલ્યાંકન અને ભલામણ :**

- માનવ અધિકારના રક્ષણ માટે બંધારણ દ્વારા કે અમલમાં હોય તેવા અન્ય કાયદાઓ હેઠળની જોગવાઈમાં દર્શાવેલા રક્ષણાત્મક પગલાઓનું મૂલ્યાંકન કરવું અને અસરકારક અમલ માટે પગલાં ભરવા ભલામણ કરવી.

**(5) અસરકર્તા પરિબળોની સમીક્ષા અને ભલામણ :**

- માનવ અધિકારોની ઉપભોગમાં ત્રાસવાદના કૃત્યો સહિત અસર કરતાં પરિબળોની સમીક્ષા કરવી અને તેના અસરકારક અમલ માટે ભલામણ કરવી.

**(6) સંધિઓ અને પ્રબંધોના અભ્યાસ અને ભલામણ :**

- માનવ અધિકારો અંગેની આંતરરાષ્ટ્રીય સંધિઓ અને અન્ય પ્રબંધોનો અભ્યાસ કરવો અને તેના અસરકારક અમલ માટે ભલામણો કરવી.

**(7) સંશોધન કરવું :**

- માનવ અધિકારોના ક્ષેત્રમાં સંશોધનો હાથ ધરવા અને આ ક્ષેત્રમાં સંશોધન કરનારાઓને ઉત્તેજન આપવું.

**(8) વિવિધ માધ્યમો દ્વારા માનવ અધિકારો અંગે જાગૃતિ ફેલાવવી :**

- વિવિધ માધ્યમોનો ઉપયોગ કરી માનવ અધિકાર અંગે લોકોમાં જાગૃતિનો ફેલાવો કરવો. પ્રકાશનો, પ્રસાર માધ્યમો, પરિસંવાદો અને અન્ય ઉપલબ્ધ સાધનો દ્વારા સમાજના જુદાં જુદાં વર્ગોમાં માનવ અધિકારનું શિક્ષણ ફેલાવવું.

**(9) પ્રોત્સાહન આપવું :**

- માનવ અધિકારના ક્ષેત્રમાં કામ કરતા વ્યક્તિઓ બિન સરકારી સંગઠનો અને સંસ્થાના પ્રયાસોને પ્રોત્સાહન આપવું.

**(10) જરૂરી કાર્યો કરવા :**

- માનવ અધિકારને ઉત્તેજન આપવા માટે પોતે જરૂરી ગણે તેવા અન્ય જરૂરી કાર્યો હાથ ધરવા.

**(11) જરૂરી અન્ય પગલાં લેવાં :**

- પંચ જરૂરી એવા અન્ય પગલાં લે છે.

## 6. માનવ અધિકારોનું કાર્યક્ષેત્ર :

- માનવ અધિકારોનું કાર્યક્ષેત્ર અને ફલક ઘણું જ વિશાળ છે. તે એક માનવ માત્રથી શરૂ થઈ સમગ્ર રાષ્ટ્ર સુધીના માનવ વસ્તીના હકોના રક્ષણ સુધી વિસ્તરે છે. નાના અંતરિયાળ ગામડાના નિવાસી માનવથી શરૂ કરી વિશ્વના મોટા દેશોની રાજધાનીમાં વસતા માનવ સુધી ફેલાયેલું અને તેના વ્યાપમાં
  - પર્યાવરણ
  - અણુશસ્ત્રો પર પ્રતિબંધ
  - વિશ્વશાંતિ
  - ભાઈચારો
  - બંધુત્વ
  - અનાજ
  - રહેઠાણ અને જીવન જરૂરિયાત
  - લશ્કરના કર્મચારીઓ
  - આદિવાસીઓ
  - વિકલાંગો
  - ગરીબો (બી.પી.એલ.)
  - ખેતમજૂરોના બાળકો
  - રંગભેદના પ્રશ્નો
  - ધર્મના ઝગડાઓ
  - શરણાર્થીઓના પ્રશ્નો અને ઝગડાઓ
  - વિસ્થાપિતો
- આવા અસંખ્ય મુદ્દાઓ સ્થાનિક તેમજ વૈશ્વિક રીતે પ્રશ્નો છે તે તેનો વ્યાપ છે તે જ તેનું કાર્યક્ષેત્ર છે.

## 7. માનવ અધિકારોના પ્રકારો :

1. માનવ અધિકારોના અમૂર્ત (Abstract) પ્રકારો નીચે મુજબ છે :

   (1) નાગરિક અધિકારો (Civil Rights)

   (2) આર્થિક અધિકારો (Economic Rights)

   (3) સામાજિક અધિકારો (Social Rights)

   (4) સંસ્કાર વિષયક અધિકારો (Cultural Rights)

2. જ્યારે ઉપયોગિતાના પ્રમાણે :

   (1) સ્ત્રીઓના અધિકારો

   (2) બાળકોના અધિકારો

   (3) યુદ્ધ કેદીઓના અધિકારો

   (4) નિરાશ્રિતોના અધિકારો

   (5) વિસ્થાપિતોના અધિકારો

   (6) યુદ્ધ પીડિતોના અધિકારો

   (7) લઘુમતીઓના અધિકારો

   (8) સ્થળાંતરિતોના અધિકારો

   (9) વિકલાંગોના અધિકારો

   (10) વૃદ્ધોના અધિકારો

(11) પૂરગ્રસ્તોના અધિકારો

(12) રખડતાં તથા અનાથ બાળકોના અધિકારો

(13) ઘરકામ કરનારાઓના અધિકારો

(14) હુલ્લડ પીડિતોના અધિકારો

(15) મનોરોગીઓના અધિકારો

(16) દલિતોના અધિકારો

(17) આરોપીઓના અધિકારો

- જે રાજ્ય પોતાના વધુ ને વધુ લોકોના, વધુ ને વધુ માનવ અધિકારોને, વધુ ને વધુ સમય માટે વધુ ને વધુ સંજોગોમાં, વધુ ને વધુ રક્ષણ કરતું હોય તો રાજ્ય સુસંસ્કૃત આંતરરાષ્ટ્રીય માનવ સમાજમાં માનભર્યું સ્થાન મેળવે છે.

## 8. માનવ અધિકારોના શિક્ષણનું મહત્ત્વ :

- વિશ્વ જ્યારે એકવીસમી સદીમાં પ્રવેશ પામી ચૂક્યું છે ત્યારે વિશ્વની માનવજાત સામે અનેક પડકારો ઊભા થયાં છે. માનવ-માનવ વચ્ચે અવિશ્વાસ, ભેદભાવ વગેરેનાં જાળાં રચાયેલાં જ રહે છે.
- કેટલાંક સ્થળોએ માનવોની હાલત પશુઓ કરતાં પણ વધારે ખરાબ છે. માનવ વિકાસના પંથે ઊભો છે ખરો, પરંતુ વિકાસ અટકી ગયો છે. માનવતાના મૂલ્યોનું ધોવાણ થઈ રહ્યું છે.
- આજે માનવ-માનવ વચ્ચેનું અંતર વધતું જાય છે. માનવ-માનવને ધિક્કારે છે. ક્યાંક ભ્રુણહત્યા થાય છે, ક્યાંક સ્ત્રીઓ પરના અમાનુષી અત્યાચારો જોવા મળે છે. ક્યાંક ગરીબો પર શ્રીમંતોના કોરડા વીંઝાય છે. ગરીબોનું શોષણ કરી રહ્યાં છે, સ્ત્રીઓના આત્મહત્યાના કિસ્સા વધતા જાય છે. ક્યાંક નિર્દોષ માનવનો જાન આતંકવાદીઓ હરી લે છે, ક્યાંક માનવજાત યુદ્ધની અગન-જ્વાળાઓમાં હોમાઈ રહી છે, ક્યાંક ભાઈ-ભાઈનું ખૂન કરવા તત્પર બને છે, ક્યાંક કોમી હુતાશની પ્રગટે છે, ક્યાંક અસંતોષની આગમાં શેકાયેલાં નકસલવાદીઓ અને માઓવાદીઓ નિર્દોષ માનવો પર ત્રાટકે છે. ક્યાંક રાજકારણીઓ મતબેંકની લાલચમાં નિર્દોષ નાગરિકોનું શોષણ કરે છે.
- આ પરિસ્થિતિમાં માનવ અધિકારોના રક્ષણ દ્વારા નાગરિકો જાગૃત બને એ જ તરણોપાય છે. આથી માનવ અધિકારોના શિક્ષણનું મહત્ત્વ જોઈએ.

(1) માનવજાતના ગૌરવ અને સન્માનના સંરક્ષણ માટે માનવ અધિકારોનું શિક્ષણ આવશ્યક છે.

(2) વ્યક્તિના સર્વાંગી વિકાસ કરવા માટે માનવ અધિકારોના શિક્ષણની આવશ્યકતા છે.

(3) વ્યક્તિના મૂળભૂત અધિકારોના રક્ષણ માટે માનવ અધિકારોનું શિક્ષણ આવશ્યક બની ગયું છે.

(4) નાગરિકોને મળતાં અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા માટે માનવ અધિકારોના શિક્ષણની આવશ્યકતા છે.

(5) લિંગ, જાતિ, ધર્મ કે કોમના ભેદભાવ સિવાય દરેક વ્યક્તિને આર્થિક, સામાજિક અને રાજકીય ન્યાય સમાનતાથી મળે તે માટે માનવ અધિકારોનું શિક્ષણ આપવું જરૂરી છે.

(6) રાષ્ટ્રની એકતા વધારવા તેમજ તેમનું રક્ષણ કરવા માટે માનવ અધિકારોનું શિક્ષણ જરૂરી છે.

(7) શોષણ સામે રક્ષણ મેળવવા માટે માનવ અધિકારોના શિક્ષણની જરૂર છે. દા.ત. બાળકોનું શોષણ, સ્ત્રીઓનું શોષણ, રંગભેદ, પછાત વર્ગોનું શોષણ વગેરે.

(8) જ્ઞાતિવાદ, આતંકવાદ, અલગતાંવાદ વગેરે દૂર કરવા માટે પણ માનવ અધિકારોનું શિક્ષણ જરૂરી બન્યું છે.

(9) માનવીને જુલ્મી સરમુખત્યારો, અત્યાચારમાંથી પ્રજાને બચાવવા માટે પણ આ પ્રકારનું શિક્ષણ જરૂરી બન્યું છે.

દા.ત. પાકિસ્તાન જેવા દેશોમાં લશ્કરી શાસકો દ્વારા પ્રજાનું શોષણ થઈ રહ્યું છે. આથી પ્રજા પોતાના અધિકારો પ્રત્યે સજાગ બને તે માટે પણ આ પ્રકારનું શિક્ષણ જરૂરી છે.

(10) વિશ્વ શાંતિના સ્વપ્નને સાકાર કરવા પણ માનવ અધિકારો પ્રત્યે જાગૃતિ જરૂરી છે.

(11) જાતિય સતામણી, જાતિય ભેદભાવો દૂર કરવા માટે આ પ્રકારનું શિક્ષણ જરૂરી છે.

(12) ત્રાસવાદ, અંતિમવાદ, હતાશા, અલગતાંવાદ વગેરેમાંથી બચવા માટે આ પ્રકારના શિક્ષણની જરૂર છે.

- આ પરિસ્થિતિમાં માનવ માનવ વચ્ચેના જાતિ, ધર્મ વગેરેના ભેદભાવ દૂર કરી, શાંતિમય સહઅસ્તિત્વ માટે Live and Let Liveના માનવ અધિકારના પવિત્ર મંત્રનું ગુંજન જો પ્રજાઓનાં હૈયાંને સ્નેહની સરવાણીથી છલકાવી દેશે તો માનવ અસ્તિત્વ અને અસ્મિતાનું સંરક્ષણ થઈ શકશે.

  સાબાર ઉપર માનુષભાઈ, તાહિ પર કછુ નાઈ...

## 9. માનવ અધિકારો માટેના શિક્ષણના ઉદ્દેશો : (Objective of Human Rights Education)

- Torny - Purta એ માનવ અધિકારોના વિશે સંશોધન કરીને 1980માં માનવ અધિકારોના શિક્ષણ માટેના નીચેના ઉદ્દેશો (હેતુઓ) નિર્ધારિત કર્યા છે :

(1) માનવ અધિકારો માટે વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા ઉત્પન્ન કરવી.

(2) માનવ અધિકારોના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સંગઠનોમાં જ્ઞાન આપવું.

(3) માનવ અધિકારોના ઉલ્લંઘન માટે સંબંધિત બાબતો પર વિદ્યાર્થીઓ સાથે વિચાર વિમર્શ કરવો.

(4) જે લોકો માનવ અધિકારોના ઉલ્લંઘનનો ભોગ બન્યા હોય તેમના પ્રતિ સહૃદયતા દાખવવી.

- યુનેસ્કોએ માનવ અધિકાર શિક્ષણ માટે નીચેના ઉદ્દેશો પર ભાર મૂક્યો છે :

(1) વિવિધ દેશોના લોકસમુહો, તેમની સંસ્કૃતિ, મૂલ્યો તથા જીવનની રહેણીકરણી વિશે સમજ પેદા કરવી.

(2) વિભિન્ન રાષ્ટ્રોની પરસ્પરાવલંબિતતા પ્રત્યે વિદ્યાર્થીઓમાં જાગૃતિ પેદા કરવી.

(3) માનવ અધિકારોનું શિક્ષમ વિદ્યાર્થીઓના સામાજિક, આર્થિક અને રાજનૈતિક ઉત્થાન માટે આવશ્યક છે તેવી સમજ આપવી.

(4) વિદ્યાર્થીઓની શક્તિઓનો અયોગ્ય ઉપયોગ અને હિંસાથી દૂર રહેવા માટેની જાગૃતિ લાવવી.

(5) સામાજિક ન્યાયના ધ્યેયને પ્રાપ્ત કરવો.

(6) વિદ્યાર્થીઓમાં સામાજિક દષ્ટિકોણનો વિકાસ કરવો.

## 10. માનવ અધિકારો હેઠળના અધિકારો :

- માનવ અધિકારો મનુષ્યના અસ્તિત્વ અને ગૌરવપૂર્ણ જીવન માટે અત્યંત આવશ્યક છે અને તેમાં નીચેની બાબતોનો સમાવેશ અધિકારોનો સમાવેશ થાય છે :

(1) જીવન જીવવાનો અને સ્વતંત્રતાનો અધિકાર

(2) વ્યક્તિના તેમજ તેના કુટુંબના આરોગ્ય અને કલ્યાણ માટે પર્યાપ્ત જીવનધોરણ મેળવવાનો અધિકાર.

(3) જરૂરિયાતના સમયે સામાજિક રક્ષણનો અધિકાર.

(4) શારીરિક અને માનસિક આરોગ્યના ઉચ્ચત્તમ ધોરણે પહોંચવાનો અધિકાર.

(5) કામનો અધિકાર અને કામની ન્યાયિ તથા સાનુકૂળ પરિસ્થિતિ મેળવવાનો અધિકાર.

(6) અન્ન, વસ્ત્ર અને આવાસની પ્રાપ્તિનો અધિકાર.

(7) અંગત અને કૌટુંબિક જીવનનો અધિકાર.

(8) માનવ અધિકારોમાં માનવ ગૌરવ, સર્જનાત્મકતા અને બૌદ્ધિક તથા આધ્યાત્મિક વિકાસ માટે જરૂરી સ્વાતંત્ર્ય અને અધિકારોનો સમાવેશ થાય છે.

(9) શિક્ષણ અને માહિતીની પ્રાપ્તિનો અધિકાર.

(10) ધર્મ, મત, વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય

(11) સંગઠનની સ્વતંત્રતા.

(12) રાજકીય પ્રક્રિયામાં સહભાગી થવાનો અધિકાર.

(13) સાંસ્કૃતિક જીવનમાં સહભાગી થવાનો અધિકાર, તેમાં શારીરિક સલામતી અને સ્વાતંત્ર્ય માટે જરૂરી અધિકારોનો સમાવેશ થાય છે.

(14) ગુલામીમાંથી મુક્તિનો અધિકાર.

(15) વ્યક્તિની સલામતીનો અધિકાર.

(16) સ્વચ્છંદી ધરપકડ કે કેદમાંથી મુક્તિનો અધિકાર.

(17) સતામણીથી સ્વતંત્રતા મેળવવાનો અને ઘાતકી અમાનવીય કે ગૌરવહીન સજામાંથી સ્વતંત્રતા મેળવવાનો અધિકાર.

- સ્ત્રીઓ અને પુરુષોના સમાન અધિકારો છે અને જાતિ, રંગ, સ્ત્રી-પુરુષ, ધર્મ, ભાષા, રાજકીય કે અન્ય મત, રાષ્ટ્રીય કે સામાજિક મૂળ, મિલકત કે જન્મ કે અન્યના દરજ્જાના ભેદભાવ સિવાય સૌને સમાન રીતે આ અધિકારો મળે છે.
- સર્વોચ્ચ અદાલતે એક કેસમાં મિલકત અધિકારને માનવ અધિકાર તરીકે ઠરાવેલ છે.

## 11. માનવ અધિકારોનું સ્વરૂપ : (Nuture of Human Rights)

- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધોરણે માનવ અધિકારોનો સ્વીકાર થાય છે. કેટલાંક વિદ્વાનો માનવ અધિકારોને દેવી, તો કેટલાંક નૈતિક તો કેટલાંક વિદ્વાનો તેને કાનૂની સ્વરૂપનાં ગણે છે. તેની સ્વીકૃતિ અંગે પણ જુદાં જુદાં મતો પ્રવર્તે છે. જેમ કે કેટલાંકના મતે માનવ અધિકારોનો સ્વીકાર રિવાજથી, તો કેટલાંકના મતે તેનો સ્વીકાર સામાજિક કરારથી કે ન્યાયના ધોરણથી કરાયેલ છે. આવી કેટલીક બાબતો હોવા છતાં માનવ અધિકારોનાં સ્વરૂપ બાબતે નીચેનાં ધોરણો સર્વસ્વીકૃત થયેલાં છે.

(1) માનવ અધિકારો રાજ્ય સત્તા પર નિયંત્રણ મૂકે છે. સામૂહિક વિકાસની પ્રક્રિયા માટેનાં તે સ્વીકૃત ધોરણો છે. પરસ્પર સન્માન અને સહિષ્ણુતા તેના પાયામાં છે.

(2) માનવ અધિકારો કેટલીક ન્યાયી અને કેટલીક અપેક્ષિત બાબતોને સ્વીકારે છે. બીજાં શબ્દોમાં કહીએ તો તેનું સ્વરૂપ કેટલાંક અંશે કાનૂની તો કેટલાંક અંધે નૈતિક છે, એટલે કે તેમાં કાનૂની તેમજ નૈતિક અધિકારોનો સમાવેશ થાય છે. એટલે કે કાનૂની રીતે જે સ્વીકારાયેલ ન હોય તેવાં કેટલાંક નૈતિક અધિકારો માનવ અધિકારોમાં સમાવિષ્ટ છે.

(3) માનવ અધિકારોનું સ્વરૂપ સર્વવ્યાપી છે. કારણ કે દરેકે દરેક માનવને આ અધિકારો પ્રાપ્ય છે. કેટલાંક વર્ગને વિશેષાધિકારો મળતાં હોવા છતાં, દરેક માનવને આ અધિકારો મળે છે. બીજાં શબ્દોમાં કહીએ તો પૃથ્વી પર વસતા દરેક માનવને કોઈપણ જાતના ભેદભાવ કે ગુણદોષ વગર આ માનવ અધિકારો મળે છે.

(4) માનવ અધિકારોને આંતરસંબંધ છે. એટલે કે કોઈપણ વ્યક્તિ કે વર્ગને મળતા માનવ અધિકારોની બીજી વ્યક્તિ કે વર્ગના કેટલાંક અધિકારો પર નિયંત્રણ મૂકાય છે, કારણ કે માનવ અધિકારોનો ઉદ્દેશ સમાન હિત સાધવાનો છે, તેથી આવો આંતરસંબંધ સ્વાભાવિક છે.

(5) માનવ અધિકારો મૂળભૂત છે. કેટલાંક વિદ્વાનો માનવ અધિકારોમાં જીવન સ્વાતંત્ર્ય અને સમાનતાના અધિકારોનો જ સમાવેશ કરે છે. એટલે કે આ અધિકારો માત્ર જરૂરિયાતો પૂરી કરવા માટેના નથી, જીવન વિકાસ માટેના છે.

**12. માનવીની મૂળભૂત ફરજો :**

- ભારતમાં પ્રાચીન સમયથી જ લોકો હકો કરતાં ફરજો પ્રત્યે વધુ સભાન હતાં, જેમ નાગરિકોને કેટલાંક મૂળભૂત હકો આપવામાં આવ્યા છે તેમ નાગરિકોની કેટલીક મૂળભૂત ફરજોનો સમાવેશ 1976માં બંધારણમાં સુધારો કરીને કરવામાં આવ્યો છે.
- ફરજોનો સમાવેશ મૂળભૂત ફરજો દ્વારા દેશપ્રેમ, રાષ્ટ્રીય ભાવના, કેટલાંક ઉચ્ચ આદર્શો અને મૂલ્ય પ્રત્યે નાગરિકોમાં જાગૃતિ લાવીને રાષ્ટ્રની ઉન્નતિ માટે નાગરિકોને પ્રતિબદ્ધ કરવાનો હેતુ હતો.
- રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વના રક્ષણમાં પ્રત્યેક નાગરિક પોતાનું યથાશક્તિ યોગદાન આપે તે થકી સમાજમાં શાંતિ, સલામતી, સદ્ભાવના, સંવાદિતતા અને કોમી એખલાસની ભાવના જાળવી રાખવાનું કર્તવ્ય પ્રત્યેક નાગરિકનું દેશ અને સમાજ પ્રત્યે છે તેનું સ્મરણ કરાવવાનો છે. પાઠ્યપુસ્તકોના પ્રથમ પાના પર આ ફરજો દર્શાવવામાં આવી છે.

(1) બંધારણનું પાલન કરવું, તેમજ બંધારણમાં વ્યક્ત થયેલા આદર્શો અને સંસ્થાઓ તથા રાષ્ટ્રગીત, રાષ્ટ્રધ્વજનો આદર કરવો.

(2) સ્વાતંત્ર્ય સંગ્રામના ઉદ્દાત વિચારો અને પ્રેરણાદાયી આદર્શોનો આદર કરવો અને તે અનુસાર વર્તવું.

(3) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવું અને તેનું રક્ષણ કરવું.

(4) જ્યારે જરૂર પડે ત્યારે અને હાકલ કરવામાં આવે ત્યારે દેશનું રક્ષણ અને રાષ્ટ્રની સેવા કરવા માટે તત્પર રહેવું અને ઉત્સાહભેર જોડાવું.

(5) ભારતના બધા લોકો વચ્ચે ભાઈચારાની ભાવનામાં વૃદ્ધિ કરવી, લોકો વચ્ચે સુસંવાદિતા સ્થાપવી અને સ્ત્રીઓના ગૌરવને હાનિ પહોંચાડનારા વ્યવહારોનો ત્યાગ કરવો.

(6) રાષ્ટ્રના સમૃદ્ધ અને સમન્વિત સાંસ્કૃતિક વારસાનું જતન કરવું.

(7) જંગલો, સરોવર, નદીઓ અને વન્યજીવો સહિત કુદરતી પર્યાવરણનું રક્ષણ કરવું અને સમૃદ્ધ કરવું તથા સજીવો પ્રત્યે અનુકંપા રાખવી.

(8) વૈજ્ઞાનિક અભિગમ, માનવવાદ અને શોધવૃત્તિનો વિકાસ કરવો.

(9) જાહેર માલ-મિલકતનું રક્ષણ કરવું અને હિંસાનો ત્યાગ કરવો.

(10) વૈયક્તિક અને સામુહિક પુરુષાર્થનાં ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવા સતત પ્રયત્નશીલ રહેવું, જેથી રાષ્ટ્ર પ્રગતિ અને સિદ્ધિનાં સોપાનો ઉત્તરોત્તર સર કરતું રહે.

(11) મફત, ફરજિયાત અને સાર્વત્રિક રીતે શિક્ષણ પોતાના પાલ્યને આપવું એ તેના માતા-પિતાની ફરજ રહેશે. ભારતમાં 6 જાન્યુઆરીને 'મૂળભૂત ફરજ દિન' તરીકે ઉજવવાનું નક્કી થયું છે.

- આ બધી ફરજો પૈકી કેટલીક ફરજોને કાનૂની પીઠબળ છે. એનું પાલન નહીં કરનારને સજા થાય છે. નાગરિકો ફરજોનું પાલન કરે એ માટે તેમનામાં સમાનતા અને જાગરૂકતા ઊભી કરવાનો પ્રયાસ શિક્ષકોએ પ્રયત્નશીલ બનીને કરવો જોઈએ.
- સમાજમાં પ્રવર્તતા કેટલાંક સામાજિક દૂષણો કે અનિષ્ટો જેવાં કે અસ્પૃશ્યતા, વેઠપ્રથા,

બાળમજૂરી, સ્ત્રીશોષણ, જાતિય સતામણી, દહેજ પ્રથા, સ્ત્રી ભ્રૂણ હત્યા, કુરિવાજો, અંધશ્રદ્ધા-વહેમ સદંતર નાબૂદ થાય એ જોવાની જવાબદારી અને ફરજ નાગિરક તરીકે આપણી છે.

- સંવેદનશીલ અને જાગ્રત નાગરિક તરીકે આપણે શું કરવું જોઈએ તેનું સ્પષ્ટ દિશા સૂચન આ ફરજો આપણને આપે છે.
- જો ભવિષ્યના નાગરિક એવાં બાળકો અને કિશોરોમાં આ ફરજોનો વ્યાપક પ્રચાર-પ્રસાર થાય અને તેના મહત્ત્વ અને ઉપયોગિતાનું સતત અને સઘન શિક્ષણ આપવામાં આવે તો ભવિષ્યના નાગરિકોમાં સામાજિક અને રાષ્ટ્રીય ઉત્તરદાયિત્વની ભાવના, વિશ્વબંધુત્વ, ન્યાયી અને શોષણ વિહીન સમાજની રચનાના ઉચ્ચ આદર્શો ફળીભૂત થઈ શકે.

## 13. સારાંશ : (Let us Sum up)

- માનવ અધિકારો એટલે માણસના ગૌરવની જાહેરાત અને રક્ષણની વ્યવસ્થા જણાવતાં અધિકારોનો સમૂહ.
- માનવ અધિકારો એટલે સરકારોની મનસ્વી દખલગીરી કે નિયંત્રણ સામે સ્વતંત્રતા-રાજકીય શબ્દકોષ
- માનવને માનવનું ગૌરવ અપાવનારાં અધિકારો.
- **માનવ અધિકારના લક્ષણો :**

(1) જન્મજાત અધિકારો

(2) અધિકાર માટે કરારની જરૂર નથી

(3) કાયમી સ્વરૂપ

(4) સાર્વત્રિક અધિકાર

(5) માનવ અધિકારોના જુદાં જુદાં નામો

(6) સામૂહિક અધિકારો

(7) સમગ્ર વિશ્વ સામે મળતા અધિકારો

(8) સમાન અધિકાર

(9) શોષણ સામે રક્ષણ

(10) ભેદભાવ વગર અધિકાર

(11) સ્વતંત્રતા બક્ષતા અધિકાર

(12) ગૌરવ વધારતા અધિકારો

(13) વિનિમયનો અભાવ

(14) કુદરતી અધિકારો

## 14. એકમ સ્વાધ્યાય (Unit Exercises)

### (1) મુદ્દાસર ઉત્તર લખો.

1. માનવ અધિકારોનો અર્થ સ્પષ્ટ કરો.
2. માનવ અધિકારની સંકલ્પના સ્પષ્ટ કરો.
3. માનવ અધિકારની લાક્ષણિકતાઓ જણાવો.
4. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યો જણાવો.

5. માનવ અધિકારોનું કાર્યક્ષેત્ર જણાવો.

6. માનવ અધિકારના પ્રકારો જણાવો.

7. માનવ અધિકાર માટેના શિક્ષણના ઉદ્દેશો જણાવો.

8. માનવ અધિકારોના શિક્ષણની જરૂરિયાત જણાવો.

**(2) બહુવિકલ્પી પ્રશ્નો**

આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) માનવ અધિકારો એટલે શું ?

(1) આંતરરાષ્ટ્રીય કરારોમાં ન દર્શાવેલ અધિકારો

(2) માનવને ગૌરવ અપાવનારા અધિકારો

(3) અદાલતોમાં અમલ ન થઈ શકે તેવા અધિકારો

(4) અવેજ સાથે મળતાં અધિકારો

(2) માનવ અધિકારમાં કઈ બાબતનો સમાવેશ કરવામાં આવે છે ?

(1) જન્મજાત અધિકારો (2) અસમાનતા અધિકારો

(3) કરારથી મળેલાં (4) મર્યાદિત અધિકારો

(3) માનવ અધિકારમાં નીચેનામાંથી કઈ લાક્ષણિકતાઓનો સમાવેશ થતો નથી ?

(1) સાર્વગિક અધિકાર (2) સામૂહિક અધિકારો

(3) શોષણના અધિકારો (4) સમાન અધિકારો

(4) માનવ અધિકારમાં રાષ્ટ્રીય પંચનું કાર્ય કયું છે ?

(1) તપાસ કરવી (2) દરમિયાનગીરી ન કરવી

(3) પ્રોત્સાહન ન આપવું (4) પ્રચાર ન કરવો

(5) રાષ્ટ્રીય પંચના કાર્યમાં નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી ?

(1) પ્રોત્સાહન આપવું (2) સંશોધન કરવું

(3) મૂલ્યાંકન કરવું (4) તપાસ ન કરવી

(6) માનવ અધિકારોના કાર્યક્ષેત્રમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(1) પર્યાવરણ (2) જંગલ

(3) જ્ઞાતિવાદ (4) પૈસાદાર

(7) માનવ અધિકારોના કાર્યક્ષેત્રમાં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(1) વિશ્વશાંતિ (2) ભાઈચારો

(3) રંગભેદના પ્રશ્નો (4) અણુશસ્ત્રોના ઉપયોગ

(8) માનવ અધિકારોનું વૈશ્વિક ઘોષણાપત્ર કયા વર્ષમાં અસ્તિત્વમાં આવ્યું ?

(1) 1942 (2) 1946

(3) 1948 (4) 1993

(9) માનવ અધિકારોના પ્રકારોમાં નીચેનામાંથી કઈ બાબતોનો સમાવેશ થતો નથી ?

(1) સ્ત્રીઓના અધિકારો (2) બાળકોના અધિકારો

(3) ભિક્ષુકના અધિકારો (4) વૃદ્ધોના અધિકારો

(10) માનવ અધિકારોની લાક્ષણિકતાઓમાં કઈ બાબત વિસંગત છે ?

(1) જન્મજાત અધિકારો (2) સામૂહિક અધિકારો

(3) અસમાન મળેલાં અધિકારો (4) શોષણ સામે રક્ષણ

(11) રાષ્ટ્રીય માનવ અધિકારપંચના કાર્યોમાં કઈ બાબત વિસંગત છે ?

(1) તપાસ કરવી (2) મૂલ્યાંકન અને ભલામણ

(4) પ્રોત્સાહન આપવું (4) દરમિયાનગીરી ન કરવી

(12) માનવ અધિકારો માટેના શિક્ષણનો ઉદ્દેશ કયો છે ?

(1) વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા ઉત્પન્ન કરવી

(2) વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા ઉત્પન્ન ન કરવી

(3) ગુજરાતની માહિતી આપવી

(4) માનવ અધિકારનો ભોગ બન્યા હોય તેના પ્રત્યે તિરસ્કાર

(13) માનવ અધિકારો માટે શિક્ષણના ઉદ્દેશની કઈ બાબત વિસંગત છે ?

(1) વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા ઉત્પાખન કરવી

(2) વિદ્યાર્થીઓમાં દૂર રહેવા વિદ્યાર્થીઓને જાગૃત કરવા

(3) હિંસાથી દૂર રહેવા વિદ્યાર્થીઓને જાગૃત કરવા

(4) જીવનની રહેણકરણી વિષે સમજ ન આપવી

(14) માનવ અધિકારોના શિક્ષણનું શું મહત્ત્વ છે ?

(1) વ્યક્તિના સર્વાંગી વિકાસ કરવા (2) વ્યક્તિના સર્વાંગી વિકાસ ન કરવા

(3) શોષણ સામે રક્ષણ ન કરવું (4) જાતિય ભેદભાવ ઊભાં કરવા

(15) માનવ અધિકારોના શિક્ષણની મહત્ત્વની વિસંગત બાબત કઈ છે ?

(1) વ્યક્તિના સર્વાંગી વિકાસ કરવો

(2) શોષણ સામે રક્ષણ મેળવવું

(3) વિશ્વશાંતિના સ્વપ્નોને સાકાર કરવા

(4) ત્રાસવાદ ઊભો કરવો

- **બહુવિકલ્પ પ્રશ્નોના સાચા ઉત્તરો :**

(1) માનવને ગૌરવ અપાવનારા અધિકારો

(2) જન્મજાત અધિકારો

(3) શોષણના અધિકારો

(4) તપાસ કરવી

(5) તપાસ ન કરવી

(6) પર્યાવરણ

(7) અણુશસ્ત્રોના ઉપયોગ

(8) 1993

(9) ભિક્ષુકના અધિકારો

(10) અસમાન મળેલાં અધિકારો

(11) દરમિયાનગીરી ન કરવી

(12) વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા ઉત્પન્ન કરવી

(13) જીવનની રહેણીકરણી વિશે સમજ ન આપવી

(14) વ્યક્તિમાં સર્વાંગી વિકાસ કરવા

(15) ત્રાસવાદ ઊભો કરવો

## 15. તમારી પ્રગતિ ચકાસો :

(1) માનવ અધિકારનો અર્થ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) માનવ અધિકારની સંકલ્પના જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) માનવ અધિકારોની લાક્ષણિકતાઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના ત્રણ કાર્ય જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(5) માનવ અધિકારોનું કાર્યક્ષેત્ર જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(6) માનવ અધિકારોના પ્રકારો જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(7) માનવ અધિકારોના શિક્ષણના ત્રણ મહત્ત્વ જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(8) માનવ અધિકારો માટેના ત્રણ શિક્ષણના ઉદ્દેશ જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

## 16. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : (Answer to check your Progress)

**(1) માનવ અધિકારનો અર્થ :**

- માનવ અધિકારો એટલે માણસના ગૌરવની જાહેરાત અને રક્ષણની વ્યવસ્થા જણાવતાં અધિકારોનો સમૂહ.

**(2) માનવ અધિકારની સંકલ્પના :**

- માનવ અધિકાર એટલે સર્વાંગી એકતાના અધિકાર પાત્ર
- 'માનવ અધિકાર એટલે એવા અધિકારો કે જે દરેક માનવને માનવ હોવાથી મળે છે.'

***- નાસીમા***

**(3) માનવ અધિકારોની ત્રણ લાક્ષણિકતાઓ :**

(1) જન્મજાત અધિકારો

(2) અધિકાર માટે કરારની જરૂર નથી

(3) કાયમી સ્વરૂપ-માનવી જન્મની સાથે જ અધિકારો મેળવે છે.

**(4) રાષ્ટ્રીય માનવ અધિકારના પંચના ત્રણ કાર્યો :**

(1) તપાસ કરવી

(2) દરમિયાનગીરી કરવી

(3) અભ્યાસ માટે મુલાકાત અને ભલામણ

**(5) માનવ અધિકારોનું કાર્યક્ષેત્ર : (ત્રણ)**

(1) પર્યાવરણ

(2) ભાઈચારો

(3) બંધુત્વ

**(6) માનવ અધિકારોના પ્રકારો :**

(1) નાગરિક અધિકારો

(2) આર્થિક અધિકારો

(3) સામાજિક અધિકારો

(4) સંસ્કાર વિષયક અધિકારો

**(7) માનવ અધિકારોના શિક્ષણમાં ત્રણ મહત્ત્વ :**

(1) વ્યક્તિના સર્વાંગી વિકાસ કરવા

(2) વ્યક્તિના મૂળભૂત અધિકારોના રક્ષણ કરવા

(3) અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા

**(8) માનવ અધિકારો માટેના શિક્ષણના ત્રણ ઉદ્દેશો :**

(1) વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા ઉત્પન્ન કરવી

(2) આંતરરાષ્ટ્રીય સંગઠનોનું જ્ઞાન આપવું

(3) વિદ્યાર્થીઓમાં સામાજિક દષ્ટિકોણનો વિકાસ કરવો

## 17. સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)


(1) બારૈયા વી.વી. : ભારતીય સમાજની સમસ્યાઓ અને શિક્ષણ ચિંતકો, પ્રતીક પ્રકાશન, આણંદ

(2) કારીઆ એ.એન. : માનવ અધિકારો, સી. જમનાદાસની કંપની, અમદાવાદ

(3) શુક્લ રાજેન્દ્ર આર. : માનવ અધિકારો, શ્રીયોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન, અમદાવાદ

(4) બારૈયા વી.વી. તથા પી.ટી. ભામ્બરી : માનવ અધિકાર શિક્ષણ, આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ (માર્ચ-2011), યુ.જી.સી. Sponsores National Seminar

**એકમ 2**

# માનવ અધિકાર (Human Right)-2

**: રૂપરેખા :**

**(1) પ્રસ્તાવના**

**(2) માનવ અધિકારોનું વર્ગીકરણ**

**(3) માનવ અધિકારના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા**

**(4) માનવ અધિકારોની વિચારસરણીઓ**

**(5) 21મી સદી અને માનવ અધિકારોનું શિક્ષણ**

**(6) માનવ અધિકારોની મર્યાદાઓ**

**(7) માનવ અધિકારની જાગૃતતા ચકાસવા અંગેની અભિપ્રાયવલિ**

**(8) સારાંશ**

**(9) એકમ સ્વાધ્યાય**

**(10) તમારી પ્રગતિ ચકાસો**

**(11) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**(17) સૂચિત વાંચન સામગ્રી**

ઉદ્દેશો : **(Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે-

(1) માનવ અધિકારોનું વર્ગીકરણ સમજી શકશો.

(2) માનવ અધિકારના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા સમજી શકાશો.

(3) માનવ અધિકારોની વિચારસરણીઓ સમજી શકશો.

(4) 21મી સદી અને માનવ અધિકારોનું શિક્ષણની ચર્ચા કરી શકશો.

(5) માનવ અધિકારોની મર્યાદાઓ સમજી શકશો.

(6) માનવ અધિકારની જાગૃતતા ચકાસવા અંગેની અભિપ્રાયવલિ સમજી શકશો.

## 1. પ્રસ્તાવના :

- વર્તમાન સમયમાં બંધારણમાં માનવીને કેટલાંક અધિકારો આપેલાં છે. અધિકારોને ધ્યાનમાં રાખી માનવીએ કાર્ય કરવાના હોય છે. માનવીને અધિકારોનું રક્ષણ મળતું નહીં. તેની પાસે અધિકારની જાણકારી પણ હતી નહીં. માનવ અધિકારના શિક્ષણ આપવાની જરૂરિયાત ઊભી થઈ.
- શાળા કક્ષાએ શિક્ષક દ્વારા માનવ અધિકાર અંગે શિક્ષણ અપાય તે જરૂરી છે. શિક્ષક માનવ અધિકારના શિક્ષણ અંગે જો કોઈ કાર્ય કરી શકે તેમ હોય તો તે શિક્ષક છે.
- માનવ અધિકાર અંગે શિક્ષક જ જાગૃતિ લાવી શકે તેમ છે. શિક્ષક શિક્ષણકાર્ય કરતી વખતે માનવ અધિકાર માટે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવી શકે છે. માનવીને મળતા અધિકારોની પણ સમજ આપી શકે છે. તેની સામે માનવીને ફરજ પ્રત્યે પણ ધ્યાન દોરી શકે છે.
- શિક્ષણકાર્ય એવી રીતે કરી શકે છે તે સરળતાથી માનવ અધિકાર અંગે માહિતી આપી શકે છે. વિદ્યાર્થીઓને એક સારા નાગરિક બનાવી શકે છે.

## 2. માનવ અધિકારોનું વર્ગીકરણ :

Kurel Vasak નામના ફ્રેન્ચ ન્યાય શાસ્ત્રીએ નીચે મુજબ વર્ગીકરણ કરેલ છે.

### (1) દીવાની અને રાજકીય અધિકારો : (Civil and Political Rights)

- અંગ્રેજ, ફ્રેન્ચ અને રશિયન ક્રાંતિઓનાં કારણે જુદી જુદી નવી અને સુધારક વિચારસરણીઓનો જન્મ થયો. આ અર્થમાં માનવ અધિકારો હકારાત્મક કરતાં નકારાત્મક વધારે છે. આ પ્રકારના માનવ અધિકારોમાં ઓછામાં ઓછી રાજ્ય દખલગીરી અપેક્ષિત છે. મોટાભાગનાં રાજ્યો પોતાના જુદાં જુદાં કાયદાઓથી પ્રજા પર નિયંત્રણો મૂકતા હોય છે.
- યુનોએ 1948માં જાહેર કરેલ માનવ અધિકારોના અનુચ્છેદ 2થી 21માં દીવાની અને રાજકીય અધિકારો વિશે જોગવાઈ કરાવેલ છે. આ અધિકારોમાં જીવન સ્વાતંત્ર્ય, જીવન સુરક્ષા, ગુલામી સામે રક્ષણ, અમાનવીય જુલ્મ અને અટકાયત સામે રક્ષણ, યોગ્ય અને વાજબી ઈન્સાફી કાર્યવાહી, ખાનગીકરણનો અધિકાર, હરવા ફરવા અને નિવાસસ્થાનનો અધિકાર, વિચાર, અભિવ્યક્તિ અને ધાર્મિક સ્વતાંત્ર્ય, સંગઠન સ્વાતંત્ર્ય, મિલકત સ્વાતંત્ર્ય વગેરેનો આ વર્ગીકરણમાં સમાવેશ થાય છે.
- જીવન સ્વાતંત્ર્ય, જીવન સુરક્ષા, વિચાર અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, મુક્ત હેરફેરનો અધિકાર, વાજબી અને યોગ્ય ઈન્સાફી કાર્યવાહી, ધાર્મિક સ્વાતંત્ર્ય વગેરેનો આપણાં બંધારણમાં પણ સમાવેશ કરાયો છે. ભારતીય બંધારણનાં અનુચ્છેદ 19(1)માં વિચાર અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, હેરફેર સ્વાતંત્ર્ય, સંગઠન સ્વાતંત્ર્ય વગેરેનો સમાવેશ કરાયો છે. અનુચ્છેદ 21માં જીવન સ્વાતંત્ર્યની જોગવાઈ કરે છે. મિલકત સ્વાતંત્ર્ય અંગે અનુચ્છેદ 300-એમાં જોગવાઈ કરાયેલ છે.

### (2) આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો : (Economic, Social and Cultural Rights)

- 19મી સદીની શરૂઆતમાં આ અધિકારોની વિચારસરણીની શરૂઆત થઈ હતી. મૂડીવાદી અર્થવ્યવસ્થાનાં દૂષણો અને તેમાંથી થયેલ કામદારોના શોષણે આ અધિકારોની વિચારસરણીને જન્મ આપ્યો છે.
- યુનોએ 1948માં જાહેર કરેલાં માનવ અધિકારોના અનુચ્છેદ 22થી 27માં આ પ્રકારના અધિકારોનો સમાવેશ કરાયો છે. આ અધિકારોમાં સામાજિક સુરક્ષા, કામ કરવાનો અધિકાર, બેકારી સામે રક્ષણ, ગુલામી અને શોષણ સામે રક્ષણ, સારો જીવનધોરણનો અધિકાર, શિક્ષણ અને આરોગ્યના અધિકારનો સમાવેશ થાય છે.
- ભારતીય બંધારણમાં અનુચ્છેદ 21માં જીવન સ્વાતંત્ર્યના અધિકાર હેઠળ સારાં જીવનધોરણ, સ્વચ્છ હવા-પાણી અને આરોગ્યના અધિકારનો સમાવેશ કરાયો છે. ઉન્નિ ક્રિશ્નનના કેસમાં દરેક બાળકને શિક્ષણનો મૂળભૂત અધિકાર હોવાનો સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે. ભારતીય બંધારણના અનુચ્છેદ 23 અને 24માં શોષણ સામેના અધિકારની જોગવાઈ કરાવેલ છે.
- અનુચ્છેદ 25થી 28માં ધાર્મિક સ્વાતંત્ર્ય વિશે અનુચ્છેદ 29 અને 30માં સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો વિશે જોગવાઈ કરાવેલ છે.

### (3) ઐક્ય અધિકારો : (Solidarity Rights)

- યુનોએ જાહેર કરેલ માનવ અધિકારોના અનુચ્છેદ 28 જણાવે છે કે, 'દરેક વ્યક્તિ એવી સામાજિક અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા માટે હકદાર છે જેમાં આ ઘોષણામાં નિર્દિષ્ટ કરાયેલ અધિકારો અને સ્વાતંત્ર્યો પૂર્ણતઃ પ્રાપ્ત કરી શકાય.'
- આ અધિકારોમાં સત્તા, સંપત્તિની વૈશ્વિક ધોરણે પુનઃ વહેંચણી, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક આત્મનિર્ણયનો અધિકાર, આર્થિક અને સામાજિક વિકાસ, માનવજાતે કરેલ

વિકાસમાં હિસ્સેદારીનો અધિકાર, શાંતિ અને સ્વચ્છ પર્યાવરણ અને દુર્ઘટના સમયે માનવીય રાહતના અધિકારોનો સમાવેશ થાય છે.

- આ પૈકીના મોટા ભાગના અધિકારોને ઘણા દેશોમાં કાનૂની સ્વરૂપ અપાયું નથી, જેમ કે આપણાં બંધારણમાં રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક આત્મનિર્ણયના અધિકારની જોગવાઈ છે નહીં. અનુચ્છેદ 21માં પર્યાવરણના અધિકારનો સમાવેશ કરાયેલ છે, પરંતુ દુર્ઘટના સમયે માનવીય રાહતના અધિકારની આપણા બંધારણમાં જોગવાઈ નથી. દુર્ઘટના વખતે સરકાર રાહતની જોગવાઈ કરે તેટલું સાચું છે.

## 3. માનવ અધિકારના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા :

"A Teacher affect eternity: no one can tell where his/her influence stops."

***- Henry Adams***

''શિક્ષકની અસર અનંતકાળ સુધી જોવા મળે છે. કોઈપણ વ્યક્તિ કહી શકતી નથી ક્યાં તેની અસર અટકશે.''

વ્યક્તિનો માનવ તરીકે જન્મ થાય ત્યારથી જ તેના કેટલાંક હકો અથવા અધિકારો હોય છે એ અર્થમાં માનવ અધિકાર બાબત કદાચ માનવજાત જેટલી જ જુદી છે. માનવ અધિકારો સર્વવ્યાપી અને દરેક માનવ માટે છે. સ્થળ, કાળ કે સમાજના બંધનોથી આ અધિકારો પર છે. માનવ અધિકારો એકબીજાં પર અવલંબિત છે. માનવ સમાજ અને સભ્યતાના વિકાસમાં માનવ અધિકારો અને જાળવણી પાયાની બાબતો છે. માનવીનો દરેક બાબતમાં અધિકાર છે. એટલું જ નહિ પણ બધી રીતે આ અધિકારો અવિભાજ્ય પણ છે.

શિક્ષકે માનવ અધિકારના જ્ઞાનના વિકાસમાં એક નિષ્ણાત તરીકે, એક સલાહકાર અને માર્ગદર્શક તરીકે કાર્ય કરવાનું છે. તે વિદ્યાર્થીઓની સમજણને ઊંડાણપૂર્વકની વિસ્તૃતા બક્ષે છે અને ઉચ્ચ પ્રકારની વિચાર ક્ષમતા અને સર્જનાત્મકતાનો વિકાસ કરી પ્રશ્નોના નિરાકરણની આવડતનું સિંચન કરે છે તેમજ આવતી કાલની સંસ્કૃતિને વધારે સારી બનાવવાના યોગ્ય ફેરફાર કરે છે.

આપણી જવાબદારી છે કે માનવીય અધિકારોને સુરક્ષિત રાખવા અને તેને ટકાવી રાખવા સંઘર્ષ કરવો એ આપણી ફરજ છે. આવા માનવ હકોને પ્રસ્થાપિત કરવામાં શિક્ષકનો ફાળો મહત્ત્વનો છે. શિક્ષકોએ શૈક્ષણિક પ્રક્રિયામાં નિર્ણાયક ભૂમિકા ભજવી ભવિષ્યને આકાર આપવાનો છે. આ પેપરનો હેતુ માનવ અધિકારના શિક્ષણમાં શિક્ષકની શાળાકીય ભૂમિકાનું પૃથ્થકરણ કરવાનો છે.

- **માનવ અધિકારની ચળવળ :**

માનવજાતિ પોતાના મૂળભૂત અધિકારો માટે સંઘર્ષ કરતી નજરે પડે છે. ઈ.સ. 1945માં 'સંયુક્ત રાષ્ટ્રસંઘ'ની સ્થાપના થઈ. ત્યારબાદ ઈ.સ. 1948માં 'સંયુક્ત રાષ્ટ્રસંઘ'ની બિનરાજકીય સંસ્થા યુનેસ્કોએ 'માનવહક્કો'નું જાહેરનામું બહાર પાડીને માનવજાતની મહાન સેવા કરી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘનો એક હેતુ માનવહકોને પ્રોત્સાહન આપવા આંતરરાષ્ટ્રીય સહકાર પ્રાપ્ત કરવાનો હતો. એને કોઈપણ નાત-જાતના, ભાષા કે ધર્મના ભેદભાવ વગર માનવ અધિકાર માટેની સ્વતંત્ર પ્રાપ્તિનો હતો.

માનવ અધિકારના જાહેરનામાથી વિશ્વમાનવી પોતાના હકોની બાબતમાં વધારે સભાન બન્યો છે. માનવ અધિકાર મૂળભૂત પાયાના સ્વભાવિક કુદરતકૃત અને માનવજાત માટે બદલી ન શકાય તેવો છે. માનવજીવનને ગૌરવવંતુ બનાવવા આ મૂલ્યોને અનિવાર્ય-જરૂરી માનવામાં આવે છે. રાજ્યોના મુખપત્રો વડે એનો દુરુપયોગ સામે તેને રક્ષણ આપી માનવહકોને સુરક્ષિત રાખવાનો હેતુ છે. માનવના જીવન જીવવાની પરિસ્થિતિમાં અભિવૃદ્ધિ કરવા માટે સંસ્થાઓની સ્થાપના કરવી અને તેઓના વ્યક્તિત્વનો વિકાસ કરવો અને સાથે સાથે માનવ અધિકારનું ઉલ્લંઘન કરતા કે ખંડન કરતા ઘટકોને વ્યવસ્થિત રીતે દૂર કરવાના અસરકારક ઉપાયો શોધવા.

- **માનવ અધિકારનું શિક્ષણ :**

વૈશ્વિક ઉન્નતિ માટે અને બધા જ માનવીય હકોના રક્ષણ માટે તથા પાયાની સ્વતંત્રતાને સલામત રાખવા માટે, વૈશ્વિક માનવ અધિકારને જાળવી સામૂહિક જાગૃતિ અને સંવેદનશીલતા લાવવી જરૂરી છે. વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિનો ભવ્ય કાર્યક્રમ ત્યારે જ સફળ બને જ્યારે માનવ અધિકારનું મૂલ્ય લોકો સમજી શકશે.

માનવ અધિકારના સંઘર્ષનો ઉકેલ લોકોની ભાગીદારી દ્વારા શક્ય છે. આ પરિપકવ ભાગીદારી ત્યારે જ શક્ય બનશે જ્યારે તેમને માનવ અધિકારનું રક્ષણ આપવામાં આવશે. ઈ.સ. 1993ની U.N. ની સામાન્ય સભામાં વિયેનામાં ભરાય. જેમાં જાહેર કર્યું કે માનવહકના શિક્ષણ માટે બધી જ સંસ્થાઓનું એકત્રીકરણ કરવું.

U.N. ની સામાન્ય સભાએ માનવ અધિકારના શિક્ષણની વ્યાખ્યા આપતા જણાવ્યું કે, ‘માનવ અધિકારનું શિક્ષણ એટલે જે જીવન પર્યંત ચાલતી પ્રક્રિયામાં લોકોનો બધા જ સ્તરે વિકાસ, સમાજના દરેક સ્તરે વિકાસ અને બીજાંની મહાનતા માટે, માન તથા તેના રક્ષણ માટેની પદ્ધતિ.’ U.N. ના માનવ અધિકારના શિક્ષણના 10 વર્ષના ગાળા દરમિયાન સામાન્ય સભામાં જણાવાયું કે સરકારી આંતરરાષ્ટ્રીય સંસ્થા, બિનસરકારી સંસ્થાઓ, ધંધાકીય મંડળો અને સમાજના બધા જ વિભાગે તેઓના પ્રયત્નો પર ધ્યાન આપવું.

- **ભારતીય પરિપ્રેક્ષમાં માનવ અધિકારોનું શિક્ષણ :**

ભારતીય બંધારણ અનુચ્છેદ 51 A(1) પ્રમાણે દરેક વ્યક્તિને વૈજ્ઞાનિક જુસ્સો વધારવા, માનવીય અને નવરચના માટે બધા જ નાગરિકોને ફરજ પર ભાર મૂક્યો છે અને આ ફરજના અસરકારક અનુસરણ માટે માનવ અધિકારના શિક્ષણની જરૂરી છે, જે લોકોને તે અંગે જાગૃતતા અને નિખાલસતા આપે છે.

અગાઉ જણાવ્યા અનુસાર માનવ અધિકારોની ઘોષણામાં કુલ 30 કલમો છે અને તે ત્રણ વિભાગોમાં વહેંચાયેલી છે અને તે આ ત્રણ વિભાગમાં વહેંચાયેલી છે...

(1) એક વ્યક્તિને એક જૂથે બીજાં જૂથ સાથે કે વ્યક્તિ સાથે.

(2) વ્યક્તિઓના એક જૂથે બીજાં જૂથ સામે કે વ્યક્તિ સાથે.

(3) મનુષ્યોએ ઊભી કરેલી કોઈપણ સંસ્થાએ કે સંગઠને બીજી સંસ્થા, સંગઠન કે વ્યક્તિ સાથે કઈ રીતે વ્યવહાર કરવો જોઈએ તે જણાવે છે.

**મહત્ત્વના અધિકારો :**

(1) સ્ત્રી-પુરુષ, ધર્મ, જાતિ, વંશ કે રાષ્ટ્રીયતાને આધારે થતા ભેદભાવમાંથી મુક્તિ.

(2) અછતમાંથી મુક્તિ એટલે કે સારા જીવનધોરણની પ્રાપ્તિ.

(3) પોતાની સુષુપ્ત શક્તિઓનો ઉપયોગ કરવાની અને તેમને વિકસાવવાની સ્વતંત્રતા.

(4) વ્યક્તિગત સલામતી, ત્રાસ, સ્વચ્છંદી, ધરપકડ કે અન્ય હિંસક કૃત્યોના ખતરામાંથી કે ભયમાંથી મુક્તિ.

(5) અન્યાયમાંથી મુક્તિ અને કાયદાના શાસનનાં ભંગમાંથી મુક્તિ.

(6) વિચાર અને વાણીનું સ્વાતંત્ર્ય તથા મંડળો રચવાનું તેમજ નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર થવાની સ્વતંત્રતા.

(7) બધા પ્રકારના શોષણમાંથી મુક્તિ.

(8) આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો.

(9) કામ કરવાનો, શિક્ષણ પ્રાપ્તિનો, સમાજના સાંસ્કૃતિક જીવનમાં ભાગ લેવાનો તેમજ કળાઓ માણવાનો, વૈજ્ઞાનિક પ્રગતિમાં ભાગ લેવાનો અને તેના લાભો મેળવવાનો અધિકાર.

(10) જીવતાનો કાયદા સમક્ષ સમાનતાનો અને જીવનની અંગતતાનો અધિકાર.

(11) અન્યાયનો વિરોધ અને પ્રતિકાર કરવાનો તેમજ ન્યાય મેળવવાનો અધિકાર.

(12) રાજ્યની પ્રવૃત્તિમાં સહભાગી થવાનો અધિકાર.

(13) ગુલામી અને વેઠિયા પદ્ધતિમાંથી મુક્તિ પામવાનો અધિકાર.

(14) આજીવિકા રળવાનો અને સંગઠિત થવાનો અધિકાર.

(15) દરેક વ્યક્તિને મુક્ત રીતે હરવા ફરવાનો અને વસવાટ કરવાનો અધિકાર.

(16) સ્વાસ્થ્યપૂર્ણ અને તંદુરસ્ત જીવન જીવવાનો તરો અને આનંદ પ્રાપ્તિનો અધિકાર.

અગાઉ જણાવેલ ઘોષણાપત્રને આધારે વિશ્વના 160 દેશોએ પોતાના દેશના નાગરિકોને કેટલાંક અધિકારો બક્ષ્યા છે. ભારતે તેના બંધારણના ત્રીજા ભાગમાં મૂળભૂત અધિકારો તરીકે માનવ અધિકારોનું સ્થાપન કર્યું છે. આપણા બંધારણમાં માનવ અધિકારોને સવિશેષ પ્રાધાન્ય અપાયું છે. ભારતના નાગરિકોને મૂળભૂત રીતે સમાનતાનો સ્વતંત્રતાનો, શોષણ વિરુદ્ધનો, ધર્મની સ્વતંત્રતાનો, સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક્કો મળીને કુલ છ બંધારણીય ઈલાજોના અધિકારોનો સમાવેશ થાય છે.

માનવહકનું શિક્ષણ બીજાંને માટે માન અને ઉચ્ચ નાગરિકત્વના લક્ષણ તરફ માન ઉપજાવે છે. લોકશાહી નાગરિકત્વમાં ઘણી બૌદ્ધિક બાબતો સંકળાયેલી છે. લોકશાહી નાગરિક એ સામાજીક અને નૈતિક ગુણોને સમજતો હોવો જોઈએ અને પોતાની ભૂલોમાંથી સત્યનો અનુભવ કરે, સાચી હકીકત જાણે, ધર્માંધતાના ઝનૂનથી અને પૂર્વગ્રહોથી દૂર રહી અને નવા વિચારોનો સ્વીકાર કરે તે જરૂરી છે. માનવહકનું શિક્ષણ અગત્યનું છે. કારણ કે માનવ માટે થતી હિંસાને રોકે છે અને માનવ હકને માનવ ઉન્નતિ માટે મહત્ત્વ આપે છે અને માનવહક શિક્ષણ એ સામાજિક અભ્યાસક્રમનો અગત્યનો ભાગ છે.

રાષ્ટ્રીય શિક્ષણ માળખું વિચારે છે કે સમાન શિક્ષણ ઢાંચો (માળખુ) હોવું જોઈએ. અત્યારે 10+2+3નું માળખાનો દેશના બધા ભાગમાં સ્વીકાર થયો છે. પ્રથમ દસ વર્ષને ત્રણ વિભાગમાં વહેંચી નાંખ્યું છે. 5 વર્ષ પ્રાથમિક શિક્ષણ અને 3 વર્ષ ઉચ્ચ પ્રાથમિક અને 2 વર્ષ માધ્યમિક શિક્ષણ. ત્યાર પછી ઉચ્ચ અભ્યાસમાં સ્નાતક, અનુસ્નાતક અને ડૉક્ટરની ડિગ્રી, મેનેજમેન્ટ, વ્યવસાયિક અને ટેક્નોલોજીના વિષયોમાં થાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ મૂલ્યશિક્ષણને ભારપૂર્વક મહત્ત્વ આપ્યું છે. સામાજિક અને નૈતિક મૂલ્યોના શિક્ષણ માટે અભ્યાસક્રમમાં ફરીથી નવા ફેરફારો કરી નવી પેઢી માટે નવું શિક્ષણ જરૂરી છે.

માનવહક એ અભ્યાસક્રમથી અલગ વિષય નથી. NCERT વિચારે છે કે અભ્યાસક્રમમાં આધુનિક વિચારોને અલગ વિષય તરીકે શિખવાડી શકાય નહિ, પણ તેને માનવહક સાથે સામેલ કરી આપી શકાય છે. NNESCO એ એક વાક્યમાં સૂચન કર્યું છે કે, ''અભ્યાસક્રમના વધુ પડતા બોજાં હેઠળ માનવહક શિક્ષણને ઘટાડી શકાય નહિ. આથી શિક્ષણમાં નવરચના કરી સર્વિસ દરમિયાન અને સર્વિસ પહેલાંની તાલિમ, પાઠ્યપુસ્તકો, અભ્યાસપદ્ધતિ, વર્ગખંડ વ્યવસ્થા અને બધા જ સ્તરે શિક્ષણ નીતિનું સંગઠન થવું જોઈએ.'' પરંતુ નિરીક્ષણ દરમિયાન જોવા મળ્યું છે કે શાળાઓમાં માનવહકનું શિક્ષણ આપવામાં NCF 2005માં નિષ્ફળ ગયું છે.

University Grants Commission-1980 માં 'Sikri' સમિતિ રચના ભારતમાં અપાતું માનવહક શિક્ષક અંગેના વિચારો અને મહત્ત્વ અંગે અહેવાલ આપે એ માટે કરી હતી. આ સમિતિએ સૂચન કર્યું કે શાળામાં મૂલ્ય શિક્ષણની સાથે માનવ અધિકારનું શિક્ષણને કોઈપણ ગુણ ભાર વિના આપવામાં આવે છે. કૉલેજ કક્ષાએ માનવહક સાથે આચારસંહિતાને જોડી દેવામાં આવ્યું છે. હવે (અત્યારે) માનવ અધિકારનું શિક્ષણ એ ઘણી યુનિ.ના કાર્યક્રમમાં, સર્ટિફિકેટ કોર્સમાં, ડિપ્લોમા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમામાં અને માસ્ટર પ્રોગ્રામમાં આજે માનવઅધિકારનું શિક્ષણ જોવા મળે છે. ભારતના Bar Council (વકીલ મંડળે) કાયદાકીય ડિગ્રીમાં (L.L.B.)માં માનવ અધિકારને

ફરજિયાત વિષય બનાવ્યો છે. ઘણી યુનિ.માં પણ કાયદાના પોસ્ટગ્રેજ્યુએટ અભ્યાસક્રમમાં માનવઅધિકારના શિક્ષણના વિષયને મહત્ત્વ આપ્યું છે.

- **શિક્ષકની ભૂમિકા :**

શિક્ષકોને સંચાલકો સાથે, માતા-પિતા, વાલીઓ સાથે, જનસમુદાયના સભ્યો સાથે બીજાં શિક્ષકો સાથે અને વિદ્યાર્થીઓ સાથે સંબંધમાં આવવું પડે છે. વિદ્યાર્થી સાથેના સંબંધમાં શિક્ષક હંમેશાં ચડિયાતો છે. શિક્ષક અને વિદ્યાર્થીના સાથેના સંબંધમાં શિક્ષકનું મહત્ત્વ સ્વીકારમાં આવે છે. શિક્ષક એ વિદ્યાર્થીઓના વર્તનની આગાહી કરનાર, યોજના બનાવનાર, પહેલ કરનાર અને વર્ગશિક્ષક પ્રક્રિયાનો દેખરેખ રાખનાર, મૂલ્યાંકનકાર, સલાહકાર, માર્ગદર્શક, શિસ્તપાલનનો આગ્રહી, મંત્રચાલક અને કારકુન તરીકેની ભૂમિકા ભજવવાની છે.

માનવહકનું શિક્ષણ આપતાં પહેલાં શિક્ષકે વિદ્યાર્થીઓના હક જાણવા જોઈએ અને તેને માન આપવું જોઈએ. શિક્ષક તરીકે તે માત્ર શિખવનાર નહી આપણે શું કરી શકીએ છીએ, સમાનતા અને એવા સિદ્ધાંતોને બાળકોના વર્તમાનમાંથી દેખાતા રસરૂચિ, બાળકોના વિચારોને માન આપવું. બાળકોના હક માટે સિદ્ધાંતો સમજવા જોઈએ, જેવાં કે બાળકોને નવરાશનો હક, રમત-ગમત કે આનંદપ્રમોદ માટેનો હક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો હક. આ ઉપરાંત નાગરિકત્વનો, સ્વતંત્રતાનો હક, તંદુરસ્તીનો હક, સામાજિક અને શૈક્ષણિક પર્યાવરણનો હક. જ્યારે શિક્ષક વર્ગપ્રવૃત્તિઓમાં વિભાગ પડે છે ત્યારે આચારસંહિતા (શિસ્ત) મૂલ્યાંકન અને વિદ્યાર્થીઓના મગજમાં તે અંગેનો રસ જાગે છે.

- **પૂર્વ પ્રાથમિક કક્ષા :**

બાળકોનો જેમ જેવ વિકાસ થશે તેમ તેમનામાં વિચાર અને વાણીનું પ્રભુત્વ વધતું જશે. તે સમયે શિક્ષણની ભૂમિકા, તેમના વિચારોને માન આપે અને બીજાંને પણ માન આપે એ પણ જરૂરી બને છે. આ સમયે સાંસ્કૃતિક વિવિધતા અને એકતાનું મૂલ્ય વિશે શિક્ષણનો ઉપદેશ આપવો જોઈએ. તદ્ઉપરાંત માનવીય કુટુંબનો પરિચય, મિત્રતા, પરસ્પર મદદ અને સ્વભાવની યોગ્યતાની ઓળખ આપવી. જેવા મૂલ્યોની સમજ આપવી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુજબ શિક્ષણમાં આ કક્ષાએ '3R' પદ્ધતિથી ભણાવવા ઉપરાંત ચોથો R (Rights) અધિકાર દ્વારા ભણાવવા જરૂરી છે. ઉપદેશાત્મક વાર્તાઓ અને ગીતો દ્વારા પ્રયોગાત્મક પાયા પર માનવીય અધિકારોને બાળકની નજીક લાવવાનો પ્રયત્ન કરી શકાય.

- **પ્રાથમિક કક્ષા :**

માનવીય અધિકારોની સંપૂર્ણતા માટે પ્રાથમિક કક્ષાએ ભાષાઓ અને પર્યાવરણ શિક્ષણ એ અનુરૂપ વિષયો છે. વાર્તાઓ, કાવ્યો અને ગીતોને માનવીય અધિકારો સાથે સીધો સંબંધ છે, તેથી આ કક્ષાએ તેની પસંદગી આપવી જોઈએ. માનવ અધિકારના શિક્ષણ માટે આ કક્ષાએ કોઈ યોગ્ય વ્યવસ્થા થઈ નથી, પરંતુ શિક્ષકે આગળથી જ તૈયારી કરવી જોઈએ. આપણી આસપાસ અને વિદેશોના વર્ગખંડોમાં પણ માનવીય અધિકારોના અમલીકરણની ચર્ચા થઈ રહી છે. પાંચમા ધોરણ સુધી પર્યાવરણ શિક્ષણનું માળખું છઠ્ઠા ધોરણના સામાન્ય મુદ્દાની આસપાસ ગૂંથાયેલું હોય છે, જે બાળકનાં જીવનથી ઘણું નજીક છે. જેમ કે કુટુંબ અને મિત્રો, ખોરાક, મકાન, પાણી, પ્રવાસ અને જે વસ્તુઓ બનાવીએ છીએ તે પ્રકૃતિક અને સામાજિક પર્યાવરણને આવરી લે છે. NCF 2004માં પર્યાવરણ શિક્ષણના હેતુઓ વિશે માહિતી આપી છે, જેમાં વિવેચનાત્મક પ્રવચન માટે સમર્થ મૂલ્યો સમાન અને ન્યાયપૂર્ણ રીતે વિદ્યાર્થીમાં વિકસે તેવા પ્રયત્નો થવા જોઈએ.

આ કક્ષાએ વિદ્યાર્થીઓ 'અધિકારો' (Rights) વિશે સમજવામાં અસમર્થ હોય છે. જેને સમજાવવા માટે પરિવાર ખોરાક અને ઘરમાંથી જ તેને અધિકારો વિશે જાગૃત કરી શકાય. મૂળભૂત રીતે માનવીય અધિકારો અને માનવ જાતના જીવનને ગૌરવ અપાવવામાં મદદ કરે છે. માનવીય મૂલ્યો કેળવવા માટે માનવીય અધિકારોનું શિક્ષણ જરૂરી આ કક્ષાએ છે.

- **ઉચ્ચ પ્રાથમિક કક્ષા :**

આ કક્ષાએ મોટાભાગના વિષયો માનવ અધિકાર શિક્ષણને લગતાં છે. જેવાં કે સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ભાષાઓ ધોરણ-6ના વિદ્યાર્થીઓને માનવ અધિકારના ખ્યાલો આપવા માટે ધાર્મિક સ્વતંત્રતા, ધાર્મિક સહિષ્ણુતા જેવાં વિષયો, ઈતિહાસના વિષયમાં બૌદ્ધ શિક્ષણ અને જૈન શિક્ષણનો સમાવેશ કરવો. ધો. 8ના વિદ્યાર્થીઓને ઈતિહાસ ભણાવતી વખતે નીચલી કક્ષાની જાતિઓ અને આદિમાનવ કાળના સમાજનું પરિવર્તન અને લોકોના અધિકારોથી પરિચિત કરવા જોઈએ. સાંસ્કૃતિક અધિકારોનો ખ્યાલ આપવો જોઈએ. માનવ અધિકારના ખ્યાલોથી પરિચિત કરવા માટે વિદ્યાર્થીઓને સ્વ-નિર્ભર રીતે જાતિવાદ અને સામ્રાજ્યવાદનું શિક્ષણ આપવું. જ્ઞાતિ-પ્રથા અને વિધવા પુનઃ લગ્ન ભણાવતી વખતે સ્ત્રી શોષણ અને સ્ત્રી પુનઃ ઉત્થાનના વિચારોથી પણ પરિચિત કરાવવા જોઈએ.

લોકશાહી મૂલ્યોનું શિક્ષણ આપતી વખતે સ્વાતંત્ર સંઘર્ષ વિશેનું શિક્ષણ આપવું. ધો. 6ના વિદ્યાર્થીઓને લોકશાહી, સમાનતા અને સહકારની ફરજો અને અધિકારોનું શિક્ષણ આપવું જરૂરી છે. ધો. 7ના વિદ્યાર્થીઓને લોકશાહી અને સમાનતાના મુદ્દા વિશે માનવ મૂલ્યોનો શિક્ષણમાં સમાવેશ કરવો જોઈએ. ધો. 8ની કક્ષાના વિદ્યાર્થીઓને કાયદા અને સામાજિક ન્યાયના નિયમોની ચર્ચા કરવાની તક પૂરી પાડવી જોઈએ. સંસદ અને ન્યાયાધીશ મંડળની ભૂમિકામાં માનવ અધિકારોની પણ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી જોઈએ.

ધોરણ-6માં વિજ્ઞાનમાં ખોરાક વિષયક માહિતી આપતી વખતે, ખોરાક મેળવવાના અધિકારો અને સ્વાસ્થ્ય અંગેના અધિકારોની પરિચિત કરવાં જોઈએ. જ્યારે ધોરણ-8નાં વિદ્યાર્થીઓને પ્રદૂષણનો મુદ્દો સ્વાસ્થ્ય અધિકારો અને ગુણવત્તાયુક્ત પર્યાવરણનું નિર્માણ જેવા વિષયોથી પરિચિત કરવાં જોઈએ.

આ કક્ષાએ માનવ અધિકારના શિક્ષણ માટે ભાષાો ઘણો સારો પ્રસ્તાવ મૂક્યો છે. જેવા કે વાર્તાઓ, કવિતાઓ અને ગદ્યખંડો ચોક્સાઈપૂર્વક પસંદ કરવા, વાક્ય રચના, ભૂમિકા ભજવવી, નાટકો વગેરે... માનવ અધિકારોને લગતાં વિષયો પર વિદ્યાર્થીઓને કવિતા અને નિબંધ લખવાનું કહી શકાય છે. એક મહત્ત્વનો અલગ પડતો મુદ્દો એ છે કે ભાષાઓ ભણાવતી વખતે તેને માનવ અધિકારોના જ્ઞાન સાથે જોડવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડતો નથી. માનવ અધિકારનું શું મૂલ્ય છે ? તેની પણ જાણકારી આપવી જોઈએ.

આ એક એવી કક્ષા છે કે જ્યાં માનવ અધિકારોનો આદર્શ ખ્યાલ આપવો જોઈએ. માનવ અધિકારની ઓળખ અને વાસ્તવિકતાનો જે ભેદ છે તેને દર્શાવવો જોઈએ. આ બધું જ્ઞાન વિદ્યાર્થીઓને ભવિષ્યમાં માનવ અધિકારના જે લાભ છે તે મેળવવા ઉપયોગી થશે.

- **માધ્યમિક કક્ષા :**

માનવ અધિકારના શિક્ષણમાં જે ભાષા વપરાય છે તેમાં લૌચિકતા હોઈ શકે તેમાં કોઈ શંકા નથી. NCF 2004માં સામાજિક વિજ્ઞાનમાં વિષયોની વિવિધતા વિશે જણાવતાં કહ્યું છે કે આ કક્ષાએ ઈતિહાસ, ભૂગોળ, રાજનૈતિક, વિજ્ઞાન અને અર્થશાસ્ત્ર જેવા વિષયો હોવા જોઈએ. ધો. 9માં ફ્રેન્ચ ક્રાંતિના મુદ્દા વિશે માનવીય અધિકારોનાં મૂલ્યાંકનની ચર્ચા કરવા માટે પણ નાઝીવાદનો ઉપયોગ થઈ શકે છે.

વિશ્વયુદ્ધો દરમિયાન માનવીય અધિકારોના વિવિધલક્ષી ઉલ્લંઘન અંગેની ચર્ચા વિદ્યાર્થીઓને સંવેદનશીલ બનાવે છે. નાગરિકની અનઆજ્ઞાંકિતતાનો મુદ્દો સ્વનિર્ભર અધિકાર અને લોકશાહી અંગેનો સારો વિચાર લાવી શકે છે. શૈક્ષણિક સંસ્થામાં UNO દ્વારા રાજ્યશાસ્ત્રના વિષયો પણ ઉમેરાવા જોઈએ એવી ભલામણ થઈ છે. 'લોકશાહીના પડકારો' એ વ્યક્તિ યોગ્ય અધિકારો અને સામાજિક, આર્થિક બાબતોને આધારે શિક્ષણ મેળવે તેવા વિષયોનો સમાવેશ કરવો જોઈએ.

- **સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ :**

માનવ અધિકાર પરની યોજનાઓ પસંદ કરવામાં અને સોંપવામાં શિક્ષકો નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. નાટકીય સંસ્થાઓ અને સાહિત્યિક પ્રવૃત્તિઓનો સારી રીતે ઉપયોગ કરી શકાય. વિદ્યાર્થીઓને માનવીય અધિકાર પર કવિતા, નિબંધ અને નાટકો લખવા પ્રોત્સાહિત કરી શકાય. આ પ્રકારના વિષય પર પોસ્ટર બતાવતી સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા કે ચર્ચા વગેરે પણ ગોઠવી શકાય. શાળા 'વિશ્વ અધિકાર દિન' પણ ઉજવી શકે. જેનાથી વિદ્યાર્થીઓ વાલીઓ અને પાડોશીઓમાં પણ જાગૃતતા સર્જી શકાય. શાળામાં 'વાલી દિન' ઉજવીને વાલીઓમાં જાગૃતતા સર્જાવી શકાય. જેના દ્વારા શાળામાં ભણનાર સિવાય બીજાં લોકો સુધી પહોંચી શકાય.

જ્યારે શાળામાં પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે ત્યારે છોકરાઓ અને છોકરીઓને એક જ પ્રકારની ભૂમિકા ન મળે તેનું ધ્યાન રાખવું જોઈએ. 'N.C.S.' એ જાતિને લગતાં મુદ્દાને ગંભીરતાથી લીધા છે. માટે એ ઘણું મહત્ત્વનું છે કે પાઠ્યપુસ્તકના લેખકો અને શિક્ષકોએ પણ સ્ત્રીઓને આપવામાં આવેલ નિષ્ક્રીય અને અલગ પ્રકારના કાર્યો બિરદાવે. આ કાર્યો સામાજિક અને સાંસ્કૃતિક રીતે બંધાયેલા હોય. આપણા પાઠ્યપુસ્તકો અને ભણવાની રીતોમાં પણ સ્ત્રીઓના અવાજાને (સ્ત્રી લેખકો) મહત્ત્વનું સ્થાન મળવું જરૂરી છે. બંધારણની કલમ 5(અ)માં સ્ત્રી જાતિની દરેક પ્રકારની અલગતાંને દૂર કરવાના સંમતિપત્રમાં દરેક રાજ્યોના વિભાગોમાં, સ્ત્રીઓ અને પુરુષોના સામાજિક અને સાંસ્કૃતિક વર્તણુકને બદલવા માટેના યોગ્ય પગલાં લેવા દરેકને ફરજ પાડવી જોઈએ.

શારીરિક અને માનસિક અક્ષમ (અપંગતા) તથા સ્ત્રીઓની સફળતાને પ્રકાશમાં લાવવી જોઈએ. સમાજના દરેક સભ્યોનું (સ્ત્રી-પુરુષ) મહત્ત્વ સહજ બનાવવું જોઈએ. મજૂરોનું માન અને વડીલોનું મૂલ્ય સમજાવવું જોઈએ. બાળકોમાં માનવીય હકોનું સિંચન કરવા શિક્ષકોએ જુદાં જુદાં ઉપકરણોની મદદ લેવી જોઈએ. શિક્ષકોએ આ માટે બીજાં શિક્ષકો સાથે ચર્ચા કરવી જોઈએ અને સારું આયોજન કરવું જોઈએ.

- **માનવ અધિકારના શિક્ષણમાં શિક્ષકોની જવાબદારી :**

(1) પાઠ્યપુસ્તકોમાં કોઈ પણ જાતની ભૂલ (અસમાનતા)ને બીજાં શિક્ષકો, આચાર્યો, પાઠ્યપુસ્તકના લેખકો સરકારના ધ્યાનમાં લાવવી જોઈએ. ખોટી માહિતી માટે કોઈપણ જાતની જગ્યા ન હોવી જોઈએ. પાઠ્યપુસ્તક ઘણી કાળજી પૂર્વક તપાસાવું જોઈએ.

(2) શાળાના પુસ્તકાલય તથા વ્યક્તિગત સંગ્રહને માનવ અધિકાર (હકો)ના પુસ્તકો અને માહિતીઓથી ભરવા માટેના પગલાં લેવા જોઈએ.

(3) માનવીય અધિકારનો ભંગ ન થાય તે માટેના નિયમો ઘડવાં જોઈએ. શાળામાં થતાં માનવીય હકોના ભંગને સુધારવા માટે અવાજ ઉઠાવવો જોઈએ અને તેને સુધારવા જોઈએ. મૂળભૂત જરૂરિયાતો જેવી કે પાણી અને શૌચાલય માટે છૂટ ન આપવી. વિદ્યાર્થીઓને વિરામ ન આપવો, વધુ પડતી શારીરિક સજાઓ, અપમાનજનક નોંધો વગેરે આપવી ન જોઈએ. માતા-પિતા, બીજાં સભ્યો તથા સમાજ સાથેના વર્તાવમાં પરસ્પર માન જાળવે તેવું શિક્ષણ આપવું.

(4) શિક્ષકોએ સતત શીખતાં રહેવું જોઈએ અને તેઓ નવું શીખવા સક્ષમ હોવાં જોઈએ. માનવીય અધિકારનું શિક્ષણ એ ફક્ત જુદાં જુદાં માનવીય અધિકારના સાધનોની ગોખણપટ્ટી નથી, પણ સાર્વત્રિક માનવીય અધિકારના નિયમોને બદલવાની અને ફરીથી રચના કરવાની ચળવળ છે. ઈ.સ. 1948માં UDHR એ દરેક વ્યક્તિની લાક્ષણિકતા અને નિયમોને સમાવતી ન હોવાથી તે અપૂરતી છે. (અસફળ પૂરવાર થઈ છે.) હાલનો નજરિયો દર્શાવે છે કે UDHR દર્શાવે છે કે માનવીની સમજ ફક્ત પુરુષ, પાશ્ચાત્ય, પુખ્ત, જાતિયતા વગેરે પર ભારપૂર્વક કહી મર્યાદિત કર્યું છે. માનવ અધિકારના વિચારોમાં આવેલા પરિવર્તનને ધ્યાનમાં લેવાં જોઈએ.

માનવીય અધિકારોની ક્ષિતિજો હજુ પણ વિકસી રહી છે. માનવીય અધિકારોનું તત્ત્વજ્ઞાન ફક્ત શહેરી અને રાજકીય હકો પૂરતી મર્યાદિત છે. જેને વારંવાર 'પ્રથમ પેઢીના હકો'

કહેવામાં આવેલ છે પણ એ માન્યતાને પણ ફગાવેલ છે. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક હકો કે જે રાજ્યો પર વધુ જવાબદારી મૂકે છે તે વ્યક્તિગત અને રાજકીય હકો જેટલું જ મહત્ત્વનું છે. આ લોકોના વ્યક્તિગત અને રાજકીય હકોને સમાવતી 'તૃતીય પેઢીના હકો'ને બહાર લાવ્યા છે. (શાંતિ અને વિકાસ માટેનો હક) માનવીય અધિકારોની ચળવળ આ વર્ણનથી પણ આગળ વધી છે. અલગ જાતના લોકો કે જેઓને મદદ અને રક્ષણની જરૂરિયાત છે તેઓને ઓળખવાના છે. સ્ત્રીઓને, બાળકોને, નિમ્નકક્ષાના અને અસક્ષમ (અપંગ, વિકલાંગો) લોકોના હકો તેમના એક છે. જે શિક્ષકો દ્વારા સમજાવવા જરૂરી છે.

(5) શિક્ષકોએ ફક્ત પાઠ્યપુસ્તકોને અનુસરવું ન જોઈએ. અભ્યાસક્રમોની પરીક્ષા પણ પૂરતી નથી. શિક્ષકોએ શૈક્ષણિક માળખું અને નીતિના પાલનને યોગ્ય રીતે તપાસવા તૈયાર રહેવું જોઈએ. આપવામાં આવેલા હેતુઓને યોગ્ય રીતે સમજવું.

(6) શિક્ષકોએ શિક્ષણની ફરજોને પણ પૂરતું મહત્ત્વ આપવાનું છે. ભારતીય સમાજ ફરજ પર આધારિત છે અને માનવિય અધિકારનું શિક્ષણ એ દરેક હક માટેની જવાબદારી સંકળાયેલી છે એમ સ્વીકારવું જરૂરી છે.

શિક્ષકોએ પોતાને મૂલ્યવાન શિક્ષણ માટે સામેલ કરવા જોઈએ. પ્રવૃત્તિઓનું આયોજન અને જાગૃત પ્રયત્નો અત્યંત જરૂરી છે. મૂલ્યોને બાજુ પર મૂકવા એ તેમની જવાબદારીમાંથી છટકવા જેવું છે. શિક્ષકોનું હકારાત્મક વલણ એ વિદ્યાર્થીઓનું ચિંતાનું પ્રમાણ ઘટાડવા તેમજ તેમનું સ્વમાન, સ્વશિસ્ત, બીજાં માટેનું માન અને કાળજી, સહકાર અને આંતર આધાર માટેનું તેમની જાગૃતતાનું પ્રમાણ વધારવા મદદરૂપ થઈ શકે છે.

(7) જાહેર જીવનમાં પડેલા કાર્યકર ભાઈ-બહેનો, ધારાસભ્યો, લોકસંસ્કૃતિના પરિવર્તન માટે પ્રયત્ન કરનાર લોક-કલાકારો, ડાયરો, ભવાઈ, લોકનાટકો દ્વારા સમાજમાં જનજાગૃતિ લાવી શકાય.

(8) ઝૂંપડપટ્ટીમાં વસતાં ગરીબ બાળકોને ડ્રોઈંગ, સંગીત જેવાં વિષયોમાં તાલીમ આપી નાના પાયા પરના કૌશલ્ય ધરાવતાં ક્ષેત્રોમાં મહાવરા મળે તો એમનું શોષણ થતું અટકે.

(9) લોકમાનસમાં શુદ્ધ વિચારો, સમજદારી, સદ્ભાવ, સમન્વય, સંપર્ક અને ઉત્તરદાયિત્વ અંગે સભાનતા લાવવા માટે વિદ્યાર્થી આલમને જ્ઞાનના ભંડારનો ઉપયોગ કરવા માટે સમજ આપે.

(10) આજે સમાજમાં મહિલાઓ તથા બાળકોનું શોષણ થઈ રહ્યું છે. આર્થિક કારણોસર તેમના ઉપર દબાણ આવી જાય છે. ત્યારે શિક્ષકે તેમને ગુલામીની પ્રથા તથા વેઠપ્રથામાંથી મુક્તિ અપાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

(11) દરેક નાગરિકે સ્વાસ્થ્ય પૂર્ણ તેમજ તંદુરસ્ત જીવન જીવવાનો અધિકાર પ્રાપ્ત કરે તે માટે શિક્ષકોએ સરકારી હેલ્પ વર્કરો, આશાવર્કરો, પી.એચ.સી.ના સ્વાસ્થ્ય કાર્યકરો થકી સભાઓનું આયોજન કરવું જે લોકોને વિવિધ રોગો સામે રક્ષણ કઈ રીતે મળે તેની વિસ્તૃત માહિતી મળે.

(12) કેટલીક જગ્યાએ સરકારી પોલીસ વધારે પડતું દમન જોવા મળે છે. હપ્તા ઉઘરાવવા ઉપરાંત અનૈતિક કાર્યો કરે છે ત્યારે શિક્ષકે આ સમસ્યાને નિવારવા માટે સઘન પ્રયત્નો કરવા.

(13) ગામડાઓમાં ગંદકી નિકાલના પ્રશ્નો, પર્યાવરણ પ્રશ્નો, ઝૂંપડાવાસીઓનાં પ્રશ્નો, ગામડાંના આગેવાનો સાથે વિચારણા કરી ઉકેલવાના પ્રયાસો કરવાં જોઈએ.

(14) જનજાગૃતિ તેમજ સામૂહિક ચળવળ કે અભિયાન જેવાં કે 'સાક્ષરતા અભિયાન', રેલીઓ કાઢીને સમાજને જાગૃત કરી શકાય.

(15) ઘણી જગ્યાએ નિવૃત્ત કે સરકારી - અર્ધસરકારી કર્મચારીઓ પેન્શન પ્રાપ્તિ માટે ટળવળતા હોય છે તો તેમને સમયસર પેન્શન મળી રહે તે માટે શિક્ષક સંઘે અસરકારક પગલાં લેવાં જોઈએ.

(16) કોઈપણ નાગરિક પોતાના અધિકાર પ્રાપ્ત કરવા હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટનો આશરો લે તે માટે વિવિધ અધિકારોનું માનવ મૂલ્યની સમજ તે આપી શકે.

(17) બાળકમાં નાનપણથી જ સુષુપ્ત શક્તિઓનો ઉપયોગ કરવાની તેમજ તેમનામાં વાણી અને વિચારોની સ્વતંત્રતા દ્વારા વિવિધ મંડળો રચી નિર્ણય પ્રક્રિયામાં સહભાગી બનવાની આવડત શિક્ષક ખીલવી શકે છે.

(18) અત્યારે જોઈએ તો ઘણી બધી સાંસ્કૃતિક કે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા બાળક સ્વનો વિકાસ કરે છે. તો રાજ્યની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે શિક્ષક તેમનામાં ઉત્સુકતા દાખવી શકે.

(19) દરેક બાળકોને કામ કરવાનો, શિક્ષણ મેળવવાનો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો, વિવિધ કળાઓ માણવાનો, વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો તેમજ વિજ્ઞાનના લાભો મળી રહે તે માટે શિક્ષકે સઘન પ્રયાસો કરવા.

(20) સમાજમાં રહીને મુક્ત રીતે હરવા-ફરવાનો, જીવન જીવવાનો, અંગત જીવન જીવવા તેમજ વિવિધ કાયદાઓ સમક્ષ સમાન ન્યાયો મળે તેમજ લોકો આર્થિક, સામાજિક રીતે માનવે ગૌરવપૂર્ણ જીવન કેવી રીતે જીવવું તે સમજાવી શકે.

(21) શિક્ષક વ્યવસાયલક્ષી શિક્ષણ દ્વારા વિદ્યાર્થીનો વિકાસ કરે જેમાં કૃષિવિદ્યાનું શિક્ષણ, વાણિજ્ય શિક્ષણ, એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી શિક્ષણ, સ્ત્રી શિક્ષણ, કાનૂની વિદ્યાનું શિક્ષણ, ચિકિત્સાશાસ્ત્રનું શિક્ષણ, ધાર્મિક શિક્ષણ આપી સમાજનું હિત કરી શકે.

(22) શિક્ષકે ‘સર્વ ધર્મ સમભાવના’ને લગતાં નાટકો, કવિતાઓ, લેખો ફિલ્મો દ્વારા બાળકમાં રાષ્ટ્રીય એકતાના મૂલ્યો પ્રસ્થાપિત કરી શકે છે.

(23) શાળામાં રાષ્ટ્રીય કાર્યક્રમોમાં ગામડાના દરેક ધર્મના લોકોમાં ભેદભાવ રાખ્યા વિના બાળકોમાં ‘વસુધૈવકુટુમ્બકમ્’ની

- **અસરકારક શિક્ષકોની ભૂમિકાનું રક્ષણ કરતાં કેટલાંક લક્ષણો :**

**(1) શિક્ષકની તાલીમ :**

શિક્ષકો વિદ્યાર્થીઓમાં માનવીય અધિકારોનું સિંચન કરી શકે તે માટે આપણે શિક્ષકોનું શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. શિક્ષકો માહિતી અને ક્ષમતાથી સભર હોવાં જોઈએ. ‘નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન’ શિક્ષણમાં ડિપ્લોમા, ડીગ્રી અને માસ્ટર કાર્યક્રમોમાં માનવીય અધિકારનો સમાવેશ કરવો જોઈએ. નોકરી દરમિયાન તાલીમ અને નવચેતન અભ્યાસક્રમ એ અપૂરતા જ્ઞાનને પૂરી શકે છે. NCF 2005 એ દર્શાવ્યું છે કે નોકરી દરમિયાન તાલીમ એ શિક્ષકોના ધંધાકીય (વ્યવસાયિક) વિકાસમાં તથા શાળાને લગતાં મહાવરાને બદલવા માટેના ઉદ્દીપક તરીકે મહત્ત્વનો ભાગ ભજવે છે.

શાળાઓને નજીકની કાયદાઓની કૉલેજો (લૉ-કૉલેજ), યુનિવર્સિટી, કોર્ટ અને વકીલ મંડળો સાથે સંબંધ હોવાં જોઈએ. જિલ્લા લેવલની ‘The Legal Aid Authority’ નો પણ સંપર્ક સાધી શકાય. શિક્ષકો માટે સેમિનાર અને વર્કશોપ માનવીય અધિકારના જ્ઞાન વધારવામાં મદદરૂપ થઈ શકે છે. માનવીય અધિકારો NCO સાથેની ભાગીદારી ઘણી ફળદાઈ નીવડી શકે છે.

**(2) અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક :**

શૈક્ષણિક માળખું તથા બદલાવ શિક્ષકોના હાથમાં ન હોવા છતાં તેઓને તેમના હકારાત્મક સૂચનો સાથે આગળ આવવું જોઈએ. પાઠ્યપુસ્તકોને અનુસરવું જોઈએ. તેમ છતાં શિક્ષકોએ બીજાં પુસ્તકોમાંથી ઉદાહરણ ટાંકવા તથા સંદર્ભ લેવા માટે બિરદાવવા જોઈએ. શાળાના પુસ્તકાલયમાં માનવ અધિકાર માટેના સારા પુસ્તકોનો જથ્થો હોવો જોઈએ અને જરૂરી વધારો અને બદલાવ પણ કરવો જોઈએ.

ખાસ શિક્ષણ કે અનુભવ ધરાવતા શિક્ષકોને શાળાએ બીજાં શિક્ષકો માટે શૈક્ષણિક સામગ્રીઓ અને માર્ગદર્શન સામગ્રીઓ તૈયાર કરવામાં સહકાર આપવો જોઈએ. NCERT અને GCERT સંબંધિત પ્રકાશન લાવવા જોઈએ.

**(3) ભરતી અને વેતન :**

શિક્ષકોને નોકરીની સલામતી અનુભવવી એ તેનો હક છે. જે ચિંતા અને સંકુચિતતા દૂર કરે છે. શિક્ષકો જેટલી જ લાયકાત કાર્યભાર જવાબદારી, સિનિયોરીટી, અનુભવ વગેરે ધરાવતા હોય તેને ઓછામાં ઓછી કેટલી ચુકવણી તથા પગાર ધોરણ હોવું જોઈએ તેનું નિર્ધારણ કરવું.

દરેકના શિક્ષણ મેળવવાનું હકોનું સંપૂર્ણ પાલન થાય તે માટે UN એ શિક્ષકોના સ્ટાફની જરૂરિયાતોને પણ નિરંતર સુધારવી જોઈએ. સરકાર અને સમાજે એવી પરિસ્થિતિ સર્જવાનો પ્રયત્ન કરવો જોઈએ કે જે શિક્ષકોને હકારાત્મક તથા સર્જનાત્મકતા તરફ ચાલવા પ્રેરિત તથા પ્રોત્સાહિત કરે. કામચલાઉ ધોરણની ભરતી તથા વર્ષમાં બે મહિના ઓછો પગાર આપવો એ ન્યાયની વિરુદ્ધ છે. અન્યાયના અનુભવીને ન્યાય અને શિક્ષણના અધિકારના મૂલ્યો પર શ્રદ્ધા રહેશે નહીં તો માનવીય અધિકારોનું શિક્ષણ પડી ભાંગશે. જો સખત પરિણામ જોઈતું હોય તો સરકાર અને સમાજે સજાગ રહેવું જોઈએ.

## 4. માનવ અધિકારોની વિચારસરણીઓ :

અત્યાર સુધીમાં માનવ અધિકારોનો ખ્યાલ તમોને સ્પષ્ટ થઈ ચૂક્યો હશે. માનવ અધિકારોના ઐતિહાસિક વિકાસક્રમ વિશે આપણે હમણાં જ વાત કરી છે. અહીં આપણે માનવ અધિકારોની વિવિધ વિચારસરણીઓ વિશે જોઈશું.

- **કુદરતી કાયદાની વિચારસરણી :**

કુદરતના સિદ્ધાંતો જેમાં નિરૂપવામાં આવ્યા હોય તે કુદરતી કાયદો છે. કુદરતી કાયદો રાજ્યના આજ્ઞાત્મક કાયદા કરતાં પણ ચડિયાતો છે. અમેરિકન સ્વાતંત્ર્યની ઘોષણા કુદરતી કાયદાની વિચારસરણી પર આધારિત છે. કુદરતી કાયદામાં નોંધપાત્ર કામ સંત થોમસે કર્યું છે. સંત થોમસે કુદરતી કાયદાને ઈશ્વરની ભેટ તરીકે વર્ણવ્યો છે. પાછળથી આ વિચારસરણીમાં એવો સુધારો થયો કે દરેક વ્યક્તિનું વ્યક્તિત્વ રાજ્ય કરતા સ્વતંત્ર છે. કુદરતી અથવા સ્વાભાવિક અધિકારોના મૂળ આપણને આમાં જોવા મળે છે.

આંતરરાષ્ટ્રીય કાયદાના પિતા તરીકે ઓળખાતા ગ્રોટિયસે એવો મત રજૂ કર્યો હતો કે કુદરતી કાયદાને તર્કબદ્ધ (Rational) બનાવવો જોઈએ. ગ્રોટિયસની આ વિચાસરણીએ નવજાગૃતિકાળ પછીના વિદ્વાનો પર અસર કરી હતી. 17મી સદી દરમિયાન ગ્રોટિયસે રજૂ કરેલ વિચારસરણીમાં પણ જહોન લોક અને બીજાં વિદ્વાનોએ સુધારાઓ કર્યા હતા. તેનો મત એવો હતો કે દરેક માનવને કુદરત તરફથી જ જીવન, સ્વાતંત્ર્ય અને મિલકતના અધિકારો પ્રાપ્ત થયા છે. આ અધિકારો માનવના પોતાનાં જ છે અને રાજ્ય તેમાં કંઈ દખલગીરી કરી શકે નહિ, કે તેના ઉપર કંઈ નિયંત્રણો મૂકી શકે નહિ. જો કોઈ રાજ્ય આવા કોઈ અધિકારમાં દાખલ કરે, તો પ્રજા તેને દૂર કરવાનો અધિકાર ધરાવે છે. આ વિચાસરણીને સામાજિક કરાર વિચારસરણી (Social Contract Theory) તરીકે ઓળખવામાં આવે છે. રૂસો અને કેન્ટ નામના વિચારકોએ પણ આ વિચારસરણીનું સમર્થન કર્યું.

કુદરતી કાયદો અથવા કુદરતી અધિકારો સામેની એક ટીકા એ છે કે આ અધિકારો વૈજ્ઞાનિક રીતે ચકાસી શકાય તેવા નથી. આ અધિકારોનો સ્ત્રોત, તેનું સ્વરૂપ અને તેની વિગતો જાણવાનું મુશ્કેલ છે. બેન્થામે જણાવ્યું કે અધિકાર કાયદામાંથી આવે છે. કુદરતી કાયદાની વાત કાલ્પનિક છે અને તેથી કુદરતી અધિકારો સંભવી શકે નહિ. કુદરતી કાયદાની વિચારસરણી સામે આ વિરોધ હોવા છતાં, માનવ અધિકારોના પ્રગટને અને તેના વિકાસમાં, કુદરતી કાયદાની વિચારસરણીએ સારી અસર ઉપજાવી છે. અમેરિકન ક્રાંતિ અને ફ્રેન્ચ ક્રાંતિના અધિકારોની ઘોષણાના દસ્તાવેજો આ વિચારસરણી પર આધારિત હતાં. બીજાં વિશ્વયુદ્ધ પહેલાં અને તે દરમિયાન રાજ્ય સત્તાએ લોકો પર

કરેલાં અત્યાચારોના પરિણામે કુદરતી અધિકારોની વિચારસરણીને ફરીથી ટેકો મળ્યો હતો અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માનવ અધિકારો અંગેના દસ્તાવેજો પ્રગટ થયાં હતાં.

**(1) આજ્ઞાત્મક કાયદાની વિચારસરણી :**

આ વિચારસરણી મુજબ કાયદો રાજ્ય તરફથી અપાયેલ આજ્ઞા છે. રાજ્યની દરેક આજ્ઞા પ્રજાની દરેક વ્યક્તિને અમુક રીતે વર્તવાની ફરજ પાડે છે. આ વિચારસરણીનો સ્થાપક ઓસ્ટિન હતો. તેના મતે રાજ્યની આજ્ઞાનું પાલન ફરજિયાત હોય છે. જો પાલન મરજિયાત હોય તો તે કાયદો નથી. દરેક સુસંસ્કૃત રાજ્યમાં આજ્ઞાત્મક કાયદાઓ હોય છે. તેથી મદદથી કાયદો અને વ્યવસ્થા જળવાય છે. સામંડ પણ આ વિચારસરણીનું સમર્થન કરે છે. તેના મતે કાયદાઓનાં મૂળ સંમતિ, રિવાજ અથવા તર્ક કે કુદરતમાં રહેલાં નથી, પરંતુ સત્તા તરફથી અપાયેલ આજ્ઞામાં રહેલાં છે.

માનવજીવન સુખો અને દુઃખોથી ભરપૂર હોય છે. સુખમાં વધારો થાય અને દુઃખનો નાશ થાય, તો માનવજાતનો ઘણો વિકાસ થાય. બેન્થામે આ વિચારસરણી રજૂ કરી હતી. આ વિચારસરણીને ઉપયોગિતાવાદ તરીકે પણ ઓળખવામાં આવે છે. બેન્થામના મત મુજબ જો માનવજાતે સુખી થવું હોય તો, કેટલીક આજ્ઞાઓનું પાલન કરવું જોઈએ.

આ વિચારસરણી સામેની એક ટીકા એ છે કે તેમાં સમાજના નૈતિક મૂલ્યોનો વિચાર કરાયો નથી. રાજ્ય તરફથી આપવામાં આવતી આજ્ઞાઓનો જ વિચાર કરાયો છે. રાજ્યની આજ્ઞા અનૈતિક અને સમાજહિત વિરુદ્ધની હોય તો પણ તેનું પાલન થવું જોઈએ. આ વિચારસરણી મુજબ માનવ અધિકારનું મૂળ કુદરતી કાયદાની વિચારસરણીમાં રહેલું નથી. અધિકારો રાજ્ય તરફથી ઉત્પન્ન કરવામાં આવ્યા છે અને તેથી તેનું પાલન ફરજિયાત છે.

**(2) કાનૂની વાસ્તવવાદની વિચારસરણી :**

રોસ્કો પાઉન્ડ આ વિચારસરણીના સમર્થક હતા. તેમના મતે કાયદો શું કરે છે તેના કરતાં કાયદો શું છે તે વધારે મહત્ત્વનું છે. તેમના મતે અધિકારો રાજ્યની નીતિનો ભાગ છે. અધિકારો ઘડતી વખતે સમાજનાં નૈતિક મૂલ્યો તેમાં વ્યક્ત થાય છે. Yale School of International Law તરફથી એવી વિચારસરણી રજૂ કરાઈ હતી કે માનવ અધિકારો, માનવગૌરવના રક્ષણના મૂલ્ય ઉપર આધારિત છે. માનવ અધિકારો ઉદાત્ત આંતરરાષ્ટ્રીય મૂલ્યોમાંથી ઉત્પન્ન થયાં છે. સામાજિક હિત, આરોગ્ય, કૌશલ્ય, સંતોષ, આદર, સદાચાર, પ્રામાણિકતા વગેરે ઉદાત્ત તત્ત્વોને ધ્યાનમાં રાખીને માનવ અધિકારોની રચના થયેલી છે. આ તમામ તત્ત્વોમાં માનવગૌરવનું મૂલ્ય મુખ્ય છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આ તમામ મૂલ્યો તરફ આદરની નજરે જોવામાં આવે છે અને તેની માનવ અધિકારોનો જન્મ થયો છે.

આ વિચારસરણી સામેની ટીકા એ છે કે માનવ અધિકારોમાં જે તે સમયના સામાજિક મૂલ્યો વ્યક્ત થયા હોય, તો તેનો અર્થ એ છે કે આ અધિકારો પરિવર્તનશીલ છે. આ આપણે જે માનવ અધિકારોની વાત કરીએ છીએ તે સાર્વત્રિક, કુદરતી અને અપરિવર્તનશીલ છે.

**(3) માર્કસવાદની વિચારસરણી :**

માર્ક્સ કુદરતની વિચારસરણીને ઐતિહાસિક આદર્શવાદ ગણીને નકારી કાઢી હતી. માર્ક્સની માન્યતા એવી હતી કે કાયદો શાસક વર્ગને મદદ કરવા માટેનો જ હોય છે. માર્ક્સના મતે ચોક્કસ પ્રકારના અધિકારોની મદદથી સમાજને વિકાસશીલ બનાવી શકાય. મૂડીવાદી સમાજના, માનવની ઇચ્છાની પૂર્તિના સાધનોનું નિયંત્રણ શાસક વર્ગના હાથમાં હોય છે. માનવની શક્તિનો વિકાસ થવાની શર્યતા ત્યારે જ રહે છે કે દરેક માનવને સમાજના એક અંગ તરીકે ગણવામાં આવે અને ઉત્પાદનનાં તમામ સાધનોની માલિકી કોઈ એક વર્ગના હાથમાં નહિ, પરંતુ સહિયારી હોય અને વર્ગ સંઘર્ષનો અભાવ હોય. આ સામ્યવાદી વિચારસરણી છે. માર્ક્સના મતે આવા સમયે રાજ્યે કાયદાનો ઉપયોગ સમાજના પરિવર્તન માટે કરવાનો હોય છે. સમાજના પરિવર્તન માટે રાજ્યે કેટલાંક અધિકારો માન્ય કરવા પડે છે. આ તમામ અધિકારો કાનૂની અધિકારો હોય છે. આ કાનૂની અધિકારો

સામાજિક કે આર્થિક હોઈ શકે છે. કારણ કે ઉત્પાદનનાં સાધનોની માલિકી સહિયારી બનાવવાની હોય છે. આ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી દરેક વ્યક્તિ મુક્ત બને છે અને કોઈ અધિકારોની જરૂર રહેતી નથી. કારણ કે અધિકારો સામાજિક પરિવર્તનનું ચોક્કસ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટેનું હથિયાર છે.

અત્યારે મોટા ભાગના દેશોએ માર્કસવાદનો ત્યાગ કર્યો છે. ચીન અને ઉત્તર કોરિયા આ વિચારસરણીને થોડા પ્રમાણમાં વળગી રહ્યા છે. હંગેરી અને ચેકોસ્લોવેકિયા દેશોએ માનવ અધિકારોનો સ્વીકાર કર્યો છે. આમ છતાં સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક અધિકારો અંગેના આંતરરાષ્ટ્રીય દસ્તાવેજોમાં માર્કસવાદની અસર રહી છે તે આપણે ભૂલવું ના જોઈએ.

**(4) મૂળભૂત અધિકારોની વિચારસરણી :**

એક વિચારસરણી એવી છે કે માનવ અધિકારો મૂળભૂત અધિકારો છે. યુનોના ચાર્ટરમાં મૂળભૂત માનવ અધિકારો વિશે જણાવવામાં આવ્યું છે. આનો અર્થ એ થાય છે કે યુનોના ચાર્ટરના અસ્તિત્વ પહેલાથી જ આ મૂળભૂત માનવ અધિકારો હતા. આ માનવ અધિકારોને મૂળભૂત એટલા માટે ગણવામાં આવે છે કે આ અધિકારો એટલા બધા પ્રાથમિક, ઉચ્ચ અને જરૂરી છે કે રાજ્ય તરફથી સ્વીકૃતિની તેને જરૂર નથી. આંતરરાષ્ટ્રીય સામાજિક વ્યવસ્થા માટે આ અધિકારો જરૂરી છે. માનવ અધિકારોમાં જાતિ અને લિંગભેદ પર પ્રતિબંધ છે. માનવ અધિકારો અંગેના તમામ આંતરરાષ્ટ્રીય દસ્તાવેજોમાં આ પ્રતિબંધ સ્વીકારાયેલ છે.

યુરોપ, અમેરિકા અને આફ્રિકાના માનવ અધિકારો અંગેના કેટલાંક દસ્તાવેજોમાં સ્પષ્ટપણે જાહેર કરાયું છે કે યુદ્ધ અને રાષ્ટ્રીય કટોકટીના સમયે પણ કેટલાંક અધિકારોનો ભંગ કે તેમાં ફેરફાર કરી શકાય નહિ. આવા અધિકારોમાં જીવન સ્વાતંત્ર્ય, અત્યાચાર સામે રક્ષણ, ગુલામીમાંથી મુક્તિ, વિચાર અને ધર્મ સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે.

તે સિવાયના કેટલાંક અધિકારોનો અમલ યુદ્ધ અને કટોકટીના સમય દરમિયાન મોકૂફ રાખી શકાય. આ રીતે જોઈએ તો કેટલાંક માનવ અધિકારો મૂળભૂત અધિકારો છે. ભારતીય બંધારણમાં પણ એવી જોગવાઈ કરવામાં આવી છે કે અનુચ્છેદ 21 હેઠળના જીવન સ્વાતંત્ર્યના મૂળભૂત અધિકારોમાં કટોકટીના સમય દરમિયાન પણ ફેરફાર કરી શકાતો નથી. આવા મૂળભૂત માનવ અધિકારો, રાજ્ય તરફથી સ્વીકૃતિ ના મળી હોય તો પણ રાજ્યને બંધનકર્તા છે.

## 5. 21મી સદી અને માનવ અધિકારોનું શિક્ષણ : (21st Century and Human Rights Education)

**પ્રસ્તાવના :**

વિશ્વ જ્યારે એકવીસમી સદીમાં પ્રવેશ પામી ચૂક્યું છે ત્યારે વિશ્વની માનવજાત સામે અનેકાનેક પડકારો ઊભાં થયાં છે. માનવજાતના ભૌતિક અને વૈજ્ઞાનિક વિકાસ સાથે માનવજાત પર ઝળુંબતો વિનાશનો ઓળો હજી દૂર થયો નથી. માનવ-માનવ વચ્ચે અવિશ્વાસ, દ્વેષ, કપટના જાળાં રચાયેલાં જ રહે છે. કેટલેક સ્થળે માનવોની હાલત પશુઓ કરતાં પણ બદતર છે. માનવ વિકાસના પગથિયે ઊભો છે ખરો, પરંતુ ધીરે ધીરે માનવતાનો ધ્વંસ થઈ રહ્યો છે. માનવની વ્યક્તિ તરીકેની ગરિમા દિન પ્રતિદિન ઓસરતી જાય છે.

પ્રવર્તમાન પરિસ્થિતિમાં માનવ-માનવને ધિક્કારે છે. ક્યાંક ભ્રૂણ હત્યા છે, ક્યાંક સ્ત્રીઓ પરના અમાનુષી અત્યાચારો જોવા મળે છે, ક્યાંક ગરીબો પર શ્રીમંતોના કોરડા વીંઝાય છે. ક્યાંક નિર્દોષ માનવનો જાન આતંકવાદીઓ હરી લે છે, ક્યાંક માનવતા યુદ્ધની અગનજવાળાઓમાં હોમાઈ રહી છે. વિશ્વમાં જન્મેલી પ્રત્યેક વ્યક્તિને તેના અસ્તિત્વને ધારણ કરવાનો અને જીવન જીવવાનો અધિકાર મળવો જ જોઈએ. જેને માનવ અધિકાર કહેવામાં આવે છે. આ માનવ અધિકારને Right To Live And Exit કહે છે. માનવ અધિકારના શિક્ષણ દ્વારા જ નાગરિકોમાં જાગૃતતા લાવી શકાય છે. તેથી જ 21મી સદીમાં માનવ અધિકારો માટેના શિક્ષણની ચર્ચા હવે પછી જોઈશું.

- **માનવ અધિકારો માટેના 21મી સદીમાં શિક્ષણના હેતુઓ :**

- માનવ અધિકારોનું શિક્ષણ વિદ્યાર્થીઓના સામાજિક, આર્થિક અને રાજનૈતિક ઉત્થાન માટે આવશ્યક છે તેવી સમજ આપવી.
- માનવ અધિકારો માટે વિદ્યાર્થીઓમાં જીજ્ઞાસા ઉત્પન્ન કરવી.
- માનવ અધિકારોના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સંગઠનોનું જ્ઞાન આપવું.
- માનવ અધિકારોના ઉલ્લંઘન માટે સંબંધિત બાબતો પર વિદ્યાર્થીઓ સાથે વિચાર વિમર્શ કરવો.
- જે લોકો માનવ અધિકારીઓના ઉલ્લંઘનનો ભોગ બન્યા હોય તેમના પ્રતિ સહૃદયતા દાખવવી.
- વિવિધ દેશના લોકસમુહો, તેમની સંસ્કૃતિ, મૂલ્યો તથા જીવનની રહેણીકરણી વિશે સમજ પેદા કરવી. વિદ્યાર્થીઓની શક્તિઓનો દુરુપયોગ અને હિંસાથી દૂર રહેવા માટેની જાગૃતિ કેળવવી.
- સામાજિક ન્યાયના ધ્યેયને પ્રાપ્ત કરવો.
- વિભિન્ન રાષ્ટ્રોની પરસ્પરાવલંબિતા પ્રત્યે વિદ્યાર્થીઓમાં જાગૃતિ પેદા કરવી.

- **21મી સદીમાં માનવ અધિકારોના શિક્ષણનું મહત્ત્વ :**

- માનવજાતના ગૌરવ અને સન્માનના સંરક્ષણ અને સંવર્ધન માટે માનવ અધિકારોનું શિક્ષણ આવશ્યક છે.
- વ્યક્તિના વ્યક્તિત્વના સર્વદેશીય વિકાસ માટે માનવ અધિકારોનું શિક્ષણ જરૂરી છે.
- નાગરિકોના અધિકારો અને કર્તવ્યો પ્રત્યેની જાગૃતિ માટે આ પ્રકારનું શિક્ષણ આવશ્યક બની ગયું છે.
- લિંગ, જાતિ, ધર્મ કે કોમના ભેદભાવ સિવાય દરેક વ્યક્તિને આર્થિક, સામાજીક અને રાજકીય ન્યાય સમાનતાથી મળે તે માટે માનવ અધિકારોનું શિક્ષણ આપવું જરૂરી છે.
- રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના સંરક્ષણ માટે તેમ જ પ્રજા-પ્રજા યા લોકસમુહો વચ્ચે ભાતૃભાવ અને ભાવાત્મક એકતા સ્થપાય તે માટે માનવ અધિકારોનું શિક્ષણ જરૂરી છે.
- રંગભેદ, બાળકોનું શોષણ, સ્ત્રીઓ અને પછાત વર્ગો પરનું શોષણ તેમજ અત્યાચારોને રોકવા માટે માનવ અધિકારોની સમજનું શિક્ષણ આપવું જરૂરી છે.
- ધાર્મિક, કટ્ટરતાવાદ, આતંકવાદ, અલગતાંવાદ વગેરે મીટાવવા માટે પણ માનવ અધિકારોનું શિક્ષણ અનિવાર્ય બન્યું છે.
- જુલ્મી સરમુખત્યારો અને ક્રૂર શાસકોના ત્રાસ અને અત્યાચારમાંથી પ્રજાઓને બચાવવા માટે પણ આ પ્રકારનું શિક્ષણ જરૂરી મનાયું છે.
- વિશ્વશાંતિના સ્વપ્નને સાકાર કરવા પણ માનવ અધિકારો પ્રત્યે જાગૃતિ જરૂરી છે. આંતર રાષ્ટ્રીય સમજ અને સદભાવ વિકસાવવા આ પ્રકારનું શિક્ષણ અનિવાર્ય બન્યું છે.
- વિશ્વની પ્રજાઓ વચ્ચે સહઅસ્તિત્વ અને પરસ્પરાવલંબનની ભાવના વિકસે તે માટે પણ આ પ્રકારનું શિક્ષણ અનિવાર્ય બન્યું છે.

- **21મી સદીમાં માનવ અધિકારો માટેના શિક્ષણનો અભ્યાસક્રમ :**

- સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO) નું શ્વેતપત્ર (Charter)
- માનવ અધિકારોનું ઘોષણાપત્ર (1948)
- માનવ અધિકારો સંબંધી જોગવાઈઓ

- ભારતીય સંવિધાનમાં સમાવિષ્ટ મૌલિક અધિકારો અને કર્તવ્યો
- નાગરિકોને પ્રાપ્ત બંધારણીય કાનૂની અધિકાર
- રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ
- વૈધિક સાક્ષરતા
- લોકતંત્ર
- અલ્પ સંખ્યકોના અધિકાર
- સાંસ્કૃતિક સમૂહ
- વિભિન્ન રાષ્ટ્રોના મહાપુરુષોના જીવન ચરિત્રો
- વિશ્વની મહત્ત્વપૂર્ણ દાર્શનિક વિચારધારાઓ
- વિભિન્ન સંસ્કૃતિઓના વિકાસની ગાથાઓ
- માનવ અધિકાર આંદોલન
- નાગરિકતા માટેનું શિક્ષણ
- માનવ અધિકારોની સમસ્યાનું અધ્યયન
- લોક માધ્યમોની ભૂમિકા

ઉપરોક્ત બાબતોને પ્રવર્તમાન અભ્યાસક્રમમાં દાખલ કરવી જોઈએ.

- **21મી સદીમાં માનવ અધિકાર શિક્ષણ માટેની પદ્ધતિઓ :**

- જૂથ ચર્ચા
- સેમિનાર
- સિમ્પોઝિયમ
- નાટયીકરણ
- રિપોર્ટીંગ
- માર્ક કોર્ટ
- કેસ સ્ટડી
- વક્તૃત્વ સ્પર્ધાઓ
- સ્વાધ્યાય
- સમૂહ માધ્યમો દ્વારા

ઉપરોક્ત શિક્ષણ પદ્ધતિઓનો પ્રવર્તમાન શિક્ષણ ક્ષેત્રમાં ઉપયોગ કરવો જોઈએ.

- **21મી સદીમાં માનવ અધિકાર માટેના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા :**

(1) માનવ અધિકાર વિશે સમજ આપવી.
(2) માનવ અધિકારમાં વ્યક્તિની ફરજ સમજાવવી.
(3) માનવ અધિકાર દ્વારા વ્યક્તિને મળતા અધિકારો સમજાવવા.
(4) માનવ અધિકાર વિશે સમજ આપવા પ્રવચનો ગોઠવવા.
(5) ભારતનું બંધારણની સમજ આપવી.
(6) ચૂંટણી સમયે મતદાનની જાગૃતિ લાવવી.
(7) માનવ અધિકારને લગતું પ્રદર્શન ગોઠવવું.
(8) માનવ અધિકાર વિશેની માહિતી બુલેટિન બોર્ડ પર મૂકવા.

(9) માનવ અધિકાર સમિતિની રચના કરવી.

(10) જાહેર બાબતોના સંચાલનમાં ભાગ લેવા જાગૃત કરવા.

(11) વ્યક્તિને જીવન જીવવાનો અધિકાર છે તે સમજાવવું.

(12) રેલીનું આયોજન કરવું.

(13) સ્ત્રીઓનું સન્માન જળવાય તેવા કાર્યક્રમો ગોઠવવા.

(14) દહેજ પ્રથાની સમજ આપવી.

(15) સ્ત્રીઓને મળતા અધિકારોની સમજ આપવી.

(16) પાઠ્યપુસ્તકમાં આવતી માહિતી વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવી.

(17) સમાન અધિકારની સમજ આપવી.

(18) માનવ અધિકારના ભંગ અંગે સમજ આપવી.

## 6. માનવ અધિકારોની મર્યાદાઓ, પડકારો તથા પ્રતિરોધો

પ્રકરણનું મથાળું પ્રથમ દૃષ્ટિએ વિસ્મયજનક, વિરોધાભાસવાળું, વિચિત્ર, અસંગત અને કદાચ ગેરકાનૂની જણાશે. કારણ કે માનવ અધિકારો માનવને જન્મ લેતાંની સાથે જ મળેલા મૂળભૂત શાશ્વત અને આવશ્યક લઘુત્તમ અને પૂર્ણ અધિકારો છે અને જેને આંતરરાષ્ટ્રીય ધોરણે સ્વીકૃતિ મળેલી છે. દેશના સર્વોચ્ચ કાનૂન એટલે કે બંધારણમાં પણ સ્વીકારાયેલાં છે જેના બંધારણીય ઉપચારો પ્રાપ્ત છે અને આ પણ ઓછું હોય તેમ માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, માનવ અધિકાર પંચો અસ્તિત્વ ધરાવે છે. વળી વિશેષ જૂથો જેવા કે સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, દલિતો, શરણાર્થીઓ વગેરે માટે એક નિરંતર પ્રક્રિયાની જેમ ઉચ્ચતર હારમાળા ચાલુ રહે છે. તેમ છતાં સમગ્ર પ્રક્રિયાઓની વચ્ચે માનવ અધિકારોની મર્યાદાઓ તથા પડકારોની વાત કરવાની નીચેના મુદ્દાઓ ઉપર અનિવાર્ય જણાય છે.

### (1) માનવ અધિકારો અંગે કાનૂની જાગરૂકતાનો અભાવ :

માનવ અધિકારોની ઘોષણા આંતરરાષ્ટ્રીય ધોરણે ઈ.સ. 1948માં થઈ, જેને લગભગ 60 વર્ષ થયા ગણાય. ભારતના બંધારણની સ્વીકૃતિ બાબતે જોવા મૂળભૂત અધિકારોની પ્રાપ્તિને 58 વર્ષ થયા તથા માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ 1993ને 15 વર્ષ પૂરા થયા. આ પરિસ્થિતિ હોવા છતાં તદ્દન નિરક્ષર નાગરિકોને બાદ કરતાં તથા કાનૂની શાખાના જ્ઞાતાઓ, જેવા કે ન્યાયાધીશો, વકીલો તથા કાયદો ભણાવતા પ્રાધ્યાપકોને બાદ કરતાં તમામ શિક્ષિતો જેમાં ડૉક્ટર્સ, એન્જિનિયર્સ વૈજ્ઞાનિકો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, આર્કિટેક્ટ્સ, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ વગેરે પોતે માનવ હોવા છતાં પોતાના અધિકારો અંગે તેમની પાસે માહિતી નથી તથા પોતે જેઓના માનવ અધિકારોનું સંરક્ષણ કરવાનું છે તેવા તેમના આશ્રિતો એવા બાળકો, વૃદ્ધ મા-બાપ, સહકર્મચારીઓ વગેરેના અધિકારોથી પ્રાથમિક રીતે પણ વાકેફ નથી. તો બીજી બાજુ નિરક્ષર માનવી તો સદંતર અંધકારમાં અટકવાય છે. માનવ અધિકારોનો જાણકાર વર્ગ તેનો અર્થોપાર્જનમાં ઉપયોગ કરવામાં વ્યસ્ત છે. ઘણી ગંભીર અને ગહન બાબત એ છે કે માનવ અધિકારોનો અમલ કરનાર અને અમલ કરાવનાર જેવા કે, પોલીસ કર્મચારીઓ, ન્યાયતંત્રના અધિકારીઓ, વકીલો વગેરે જોઈએ તેટલા પ્રમાણમાં જાણકાર, સભાન કે જાગૃત નથી. આમ કાનૂની પ્રાથમિક જ્ઞાનનો અભાવ નિરંતરપણે માનવ અધિકારોના હનનનું કારણ બન્યા કરે છે અને આ જ અજ્ઞાનતા અને ઉદાસીનતા માનવ અધિકારો સામેના મુખ્ય પડકારો છે.

### (2) સત્તાધીશો/વહીવટકર્તાઓનું નકારાત્મક વલણ :

ફ્રાંસની ક્રાંતિની વાત હોય (ઈ.સ. 1789) ઈંગ્લેન્ડની મૅગ્ના કાર્ટાની વાત હોય (ઈ.સ. 1215) બિલ ઓફ રાઈટ્સની વાત હોય (ઈ.સ. 1689), પવિત્ર કુરાનમાં જણાવેલાં મજૂરોના વેતનની વાત હોય, શુકનીતિમાં લખાયેલા લઘુત્તમ વેતનની વાત હોય, મનુસ્મૃતિમાં લખાયેલાં રાજાઓ અને

સૈનિકોની ફરજની વાત હોય, ચાણક્યના અર્થશાસ્ત્રમાં લખાયેલાં કેદખાનાના નિયમોની વાતો હોય, મહાભારતમાં શાસકોની ફરજો નક્કી કરવાની વાત હોય અથવા પવિત્ર બાઈબલમાં ન્યાયાધીશોની નક્કી કરાયેલી ફરજોની વાત હોય અથવા પ્રભુ ઈસુએ સૈનિકની સત્તાની મર્યાદાની વાત કરી હોય તેવી તમામ વાતો સીધી, આડકતરી રીતે સત્તાધીશો અને વહીવટકર્તાઓની એકહથ્થુ, મનસ્વી, પ્રસ્થાપિત કાર્ય તથા ન્યાય પ્રણાલીના ભંગની બાબતોને પ્રતિબંધિત કરે છે. જેથી સત્તાધીશોની અને વહીવટકર્તાઓને માનવ અધિકારોની બાબતો એક યા બીજી રીતે તેમના સતત લાગ્યા કરે છે અને તેથી તેઓ માનવ અધિકારોના વિરુદ્ધનું નકારાત્મક વલણ ધરાવે છે. ઉદાહરણમાં જોઈએ તો ધરપકડ કરાયેલા તોહમતદારની મનસ્વી રીતે અટકાયત ના કરવી, કાનૂની સહાય મળવા દેવી, ચોવીસ કલાકમાં મેજિસ્ટ્રેટ પાસે રજૂ કરવો વગેરે બાબતો પોલીસ અધિકારીઓને ઘણીવાર અપ્રિય જણાય છે અને તેમની સત્તા ઉપર કોઈ પ્રતિબંધ હોય તેમ તેમને લાગે છે. તેવી જ રીતે ઈકોનોમિક ઝોનના વિસ્થાપિતોના પુનર્વસનની વાતો આંધળા ઔદ્યોગિકરણની વિચારધારાને મનમાં લઈ બેઠેલાં સરકારી તંત્રના અધિકારીઓને અથવા ઉદ્યોગપતિઓને પોતાની સત્તા ઉપર તરાપ લાગે છે, જેથી તેઓ માનવ અધિકારોનો સતત વિરોધ કરતા રહે છે. અલબત્ત આવા સત્તાધીશો અને વહીવટકર્તાઓ પોતાના અંગત અધિકારોના વિરોધી તરીકે જ કામગીરી કરે છે. જે માનવ અધિકારો માટે મોટો અને કાયમી પડકાર છે.

**(3) રાજકીય પક્ષો અને સ્થાપિત હિતો દ્વારા માનવ અધિકારનો દુરુપયોગ :**

દરેક રાજ્યમાં કે શહેરમાં શાસક  પક્ષની ટીકા કરવા માટે વિરોધ પક્ષ દ્વારા નીતિ વિષયક બાબતે, કાયદાકીય બાબતે, વહીવટી બાબતે જાણી જોઈ, સમજી વિચારી સુયોજીત રીતે માનવ અધિકારોના મતનું રાજકારણ ઊભું કરવામાં આવે છે અને શાસક પક્ષને બદનામ કરવા સારું માનવ અધિકારોના નામે ધરણાં, સૂત્રોચ્ચાર, નિવેદનબાજી, આક્ષેપબાજી કરીને પ્રજાનું ધ્યાન ખેંચવાનું અથવા સહાનુભૂતિ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ઘણાખરા કિસ્સામાં અજ્ઞાત પ્રજાજનો છેતરાય છે અથવા માનવ અધિકારોને વગોવે છે. ધાર્મિક બાબતો પ્રાંતવાદની બાબતો, પોલીસ અત્યાચાર અને એન્કાઉન્ટરની બાબતો, ઉભયપક્ષે મત મેળવવાનું સાધન હોય તેવી રીતે 'માનવ અધિકારો' ને ટેનિસ કોર્ટમાં રેકેટ વડે ફંગોળાતા દડાની જેમ ઉછાળવામાં આવે છે અને પછાડવામાં આવે છે આવી બાબતોનો લાભ મેળવીને ખુરશી મેળવનારા અને ગુમાવનારા કામ પત્યા પછી પણ માનવ અધિકારોને વગોવતાં જ રહે છે.

રાજકીય પક્ષોની જેમ સ્થાપિત હિતો, ઉદ્યોગપતિઓ, યુનિયનોના વડાઓ, પત્રકારો, કહેવાતા રાજકીય કાર્યકરો, સમાજના ઉધ્ધારકો પોતાનું ધાર્યું ના થાય તે સમયે માનવ અધિકારોની બાબતોનો દુરુપયોગ કરે છે. જેથી માનવ અધિકાર શબ્દ વગોવાયાં કરે છે.

**(4) માનવ અધિકારોના નામે પીડિતોને થતા નુકસાનો :**

માનવ અધિકારોના કાયદાઓ, સંરક્ષણના નિયમો, અધિનિયમો, ઉચ્ચત્તમ અને ઉચ્ચત્તર ન્યાયાલયોના ચુકાદાઓ વગેરે તમામ પ્રાવધાનોમાં અને પરિણામોમાં તેહોમતદારો, કેદીઓ, અટકાયતીઓના માનવ અધિકારોનો ઘંટારવ ગુંજ્યા કરે છે. જેના ઘોંઘાટમાં પીડિતોના અધિકારો સાંભળતા નથી અને વીસરાઈ જાય છે. પીડિત પક્ષકારને કારણે જ સમગ્ર પોલીસ તંત્ર, ન્યાય તંત્ર, જેલ તંત્ર ગતિશીલ બને છે. કાર્યશીલ થાય છે, તેમ છતાં સમગ્ર પ્રણાલી અને કાર્યપદ્ધતિના કારણે વહીવટી તંત્ર તહોમતદારના લાભમાં વર્તતા હોય તેવું પીડિતજન તથા પ્રજાજનને જણાય છે. ન્યાય માંગનાર ભૂલી જવાય છે, તેની ન્યાયની માંગણી, તેની રજૂઆતો માત્ર સરકારી વકીલ જ કરી શકે છે, ઘણાં કિસ્સામાં અંગત વકીલ રોકવાનું પણ પીડિતને પોસાતું હોતું નથી. ઉદાહરણ તરીકે જોઈએ તો તહોમતદારને જામીન આપવા કે ન આપવા એ બાબતે તહોમતદારને દલીલો કરવાનો અથવા વિગતવાર રજૂઆત કરવાનો હક પ્રાપ્ત નથી અને ખૂબ ગૌરવપૂર્વક જણાવાય છે કે 99 ગુનેગારો છૂટી જાય તો ચાલે પણ એક નિર્દોષને સજા ના થવી જોઈએ. આ અતિરેકોમાં પીડિતો ન્યાય વંચિત રહે છે. બળાત્કારના કેસો દલિતો પરના અત્યાચારના કેસોમાં નામદાર સુપ્રીમ કોર્ટ વારંવાર ચિંતા વ્યક્ત કરે

છે કે ગુનેગાર ઠરાવવા અને સજા કરવાનો દર (Conviction rate) ઘણો ઓછો એટલે કે 4થી 5 ટકા જ હોય છે જે તપાસ કરનાર પોલીસ તંત્ર સામે, ટ્રાયલ ચલાવનાર ન્યાયતંત્ર સામે અને છેલ્લે ફરિયાદ કરનાર પીડિત પક્ષકાર સામે શંકાની સોય ચીંધાય છે, એટલે કે બીજાં શબ્દોમાં કહીએ તો માનવ અધિકારોના નામે કામ કરનારા તમામ લોકોનું લક્ષ્યબિંદુ એક યા બીજી રીતે ગુનેગારો અને તહોમતદારો હોય છે, જેના કારણે પીડિતો અને માનવ અધિકારોના ભંગનો ભોગ બનનારાઓને ઝડપી, સાચો, ખરો, પૂરતો ન્યાય મળતો નથી અને તેથી આવા પીડિતો તેમજ પ્રજાનો પણ માનવ અધિકારો તથા કાયદા ઉપરથી વિશ્વાસ ઊઠી જાય છે. 'વિકટીમો' તથા તેઓને મળતી સહાય (વિક્ટીમોલોજી) વિ. નગણ્યની નાની વાત ગણાય છે અને તે હજી બેદરકારી સેવાતી બાબત છે.

**(5) માનવ અધિકારોના વ્યાવસાયિકો દ્વારા થતો દુરુપયોગ :**

માનવ અધિકારોની બાબતોને પૂર્ણ સમયનો ધંધો-રોજગાર બનાવી દેનારા અને માનવ અધિકારોમાંથી પેટીયું રળીને આજીવિકા કમાનારા એટલે કે માનવ અધિકારોની હાટડી ચલાવનારા વ્યાવસાયિકો આજીવિકા રળી ખાવા માટે માનવ અધિકારોના ભંગની બાબતો અથવા જાળવણીની બાબતોને ઘણી વાર અંગત સ્વાર્થ માટે 'કાગમાંથી વાઘ બનાવી દેવા' અથવા ગમે તે હીન કક્ષાએ જઈને કાર્યવાહી કરે છે, જેના કારણે માનવ અધિકારોને બદનામ કરવામાં આવે છે. આવા માનવ અધિકારોની વાતોના વેપારમાં પડેલા કાર્યશીલોને, મોટા ગુનેગારો, ઓર્ગેનાઈઝ્ડ ક્રિમિનલ્સ, મલ્ટીનેશનલ કંપનીઓ, સંસ્થાનવાદીઓ, ધાર્મિક સંગઠનો, વિદેશી સત્તાધીશો વગેરે દ્વારા સાધનો તરીકે ઉપયોગમાં લેવાય છે. વાતાનુકૂલિત પંચતારક હોટલોમાં 'પારકા પૈસે પરમાનંદ' કરી સમાજના નીચલા વર્ગના અને પીડિતો, દલિતોના ઉદ્ધારક હોવાનો દેખાવ કરનારા માનવ અધિકારોના પ્રચંડ અને પ્રખર દુશ્મનો છે. જે માનવ અધિકારો માટે મોટો પડકારો છે. આવા માનવ અધિકારોના કાર્યશીલો મૂળાની ભાજી વેચવા નીકળેલાં બકાલાના વેપારીની જેમ માનવ અધિકારકોને મૂલવતાં હોય છે. જેઓને માનવ અધિકારોના પ્રાથમિક સંદર્ભ જેવી કે વ્યાખ્યા,સ્વરૂપ, સંદર્ભ, પ્રકારો, નિયમો, વહીવટી તંત્ર વિશે સામાન્ય જ્ઞાન સુધ્ધાં હોતું નથી. તેમ છતાં નિષ્ણાતની જેમ સમાજમાં વર્તતા હોય છે અને માનવ અધિકારની બાબતનું પોતાને અનુકૂળ એવું અર્થઘટન કરાતું હોય છે જે હાનિકારક સાબિત થાય છે. જે માનવ અધિકારો સામે પ્રચંડ પડકાર છે.

**(6) માનવ અધિકારો - એક વિકસતો ખ્યાલ :**

માનવ અધિકારોની ચર્ચા અને તેના સંદર્ભો અને તેના ખ્યાલો વૈદિકકાળથી, પવિત્ર બાઈબલના સમયથી, પવિત્ર કુરાનના સમયથી એક યા બીજાં સ્વરૂપે ધર્મશાસ્ત્રના આદેશોના સ્વરૂપમાં, નીતિશાસ્ત્રના નિયમોના સ્વરૂપમાં, શાસકો અને ન્યાયાધીશોની ફરજોના સ્વરૂપમાં વારંવાર મનુષ્ય જાતિઓ ઉપર લાદવામાં આવેલા છે અને જેને માનવ અધિકારોની આંતરરાષ્ટ્રીય ઘોષણા દ્વારા વિવિધ સંધિઓ દ્વારા, બંધારણની જોગવાઈઓ દ્વારા, માનવ સંરક્ષણ અધિનિયમ દ્વારા, પુનરાવર્તિત રીતે વારંવાર પ્રઘોષિત કરવામાં આવે છે, તેમ છતાં માનવ અધિકારો અંગેની વ્યાખ્યા, તેના સ્વરૂપ, તેના અમલીકરણ બાબતે તેમજ તેના અર્થઘટન બાબતે મતમતાંતરો પ્રવર્તે છે. સમગ્ર હાથીને નહીં જોઈ શકનારા પ્રજ્ઞાચક્ષુઓ જેમ હાથીના અંગ ઉપાંગોનું અલગ અલગ વર્ણન કરે તેમ માનવ અધિકારો અંગે લોકવાયકાઓ પ્રવર્ત્યા કરે છે. ઈંગ્લેન્ડની લોકશાહી આશરે ચારસો પચાસ વર્ષોથી વધુ જૂની હોઈ ત્યાંના નાગરિકોના લોહીમાં વંશપરંપરાગત રીતે આનુવંશિક ગુણ તરીકે તે પ્રવર્તે છે. અમેરિકન નાગરિકોએ કદાચ અઢીસો વર્ષોથી લોકશાહી અમલમાં મૂકી છે, જ્યારે ભારતમાં સાંઈઠ વર્ષ જૂની લોકશાહી નાગરિકો પચાવી સમજી શક્યા નથી અને તેની ઘણી મર્યાદાઓ, ગેરફાયદાઓથી પીડિત છે. આમ, લોકશાહીના ઉદાહરણને માનવ અધિકારોની બાબતના ઉદાહરણોમાં તબદીલ કરીએ તો માનવ અધિકારોની બાબતો એક વિકસતો ખ્યાલ અને સંદર્ભ છે. જે પ્રવર્તમાન પરિસ્થિતિઓમાં અમીબાની જેમ જુદાં જુદાં સ્વરૂપો બદલે તેમ લોકો પોતાના ફાવતા આકારોમાં પરિવર્તિત કરે છે જ્યારે લાભ લેવો હોય ત્યારે તેનું અર્થઘટન જુદું અને જ્યારે લાભ આપવાનો હોય ત્યારે તેનું અર્થઘટન જુદું કરવામાં આવે છે. એટલે કે તળપદી ભાષામાં કહીએ

તો આપવાના બાંટ અને લેવાના બાંટ અને ત્રાજવાં જુદાં જુદાં હોય છે. દા.ત. પુત્રવધૂના અધિકારોની વ્યાખ્યા અને સાસરે પરણાવેલી દીકરીના અધિકારોની વ્યાખ્યા એક જ સમયે એક મા અને સાસુ દ્વારા જુદી જુદી કરવામાં આવે છે. જે પણ એક માનવ અધિકારોના ખ્યાલોની વિડંબના છે. ઉદાહરણમાં જોઈએ તો સેમિનારોમાં અને કાનૂની જાગરૂકતા શિબિરોમાં આતંકવાદીઓને માણસો ગણવા કે ન ગણવા, તેને માનવ અધિકારો આપવા કે ન આપવા, ગુનેગારોના એન્કાઉન્ટરોને સાચા ઠેરવવા કે ન ઠેરવવા, તેવા અત્યંત સંવેદનશીલ પ્રશ્નો ઊંડું જ્ઞાન અને તજ્જ્ઞતા માગી લે તેવા હવાં છતાં તે પ્રશ્નોની ચર્ચા માનવ અધિકારોનું પ્રાથમિક જ્ઞાન ન ધરાવતા માણસો તજજ્ઞની કક્ષાએ પહોંચી કરતાં હોય છે, જે માનવ અધિકારોનો ઉપાલંભ છે. વળી, સમગ્ર વિશ્વની પોલીસ કહેવાતા સંસ્થાનવાદી સમૃદ્ધ દેશોની કાર્યશૈલી તથા કાર્યરીતિ નવી નવી માર્ગદર્શિકાઓ પ્રસિદ્ધ કરે છે. તેને કારણે માનવ અધિકારોના સંદર્ભો અને વ્યાખ્યાઓ બદલાયા કરે છે. આ સમગ્ર બાબત સામાન્ય પ્રજાને માનવ અધિકારોના ખ્યાલો અંગે વિમાસણમાં મૂકી દે છે જે માનવ અધિકારો સામે મોટો પડકાર છે.

**(7) માનવ અધિકારો તથા રાજદંડ અને ન્યાયદંડના વિપરીત પરિણામો :**

દંડ (સજા)ના ડરના કારણે વિશ્વના તમામ પ્રાણીઓ ધર્મ (નિયમન)ની મર્યાદામાં રહે છે. સમય-સંજોગો, ગુનાની ગહનતા, સજા સહન કરવાની ક્ષમતા વગેરે મુદ્દાઓને લક્ષ્યમાં લઈ દંડ થવો જોઈએ. સજા કરવાની સત્તા-દંડ પોતે જ રાજા છે. તે પુરુષ છે, તે નેતા છે, તે શાસક છે અને ચારેય મોટા આશ્રમો જેવા કે બ્રહ્મચર્ય આશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમનું સંરક્ષણ કરે છે. જ્યારે સમગ્ર વિશ્વના પ્રાણીઓ નિંદ્રાધીન હોય છે ત્યારે દંડ હંમેશા જાગૃત હોય છે. જેથી કુશાગ્ર બુદ્ધિવાલા ડાહ્યા માણસો દંડને ધર્મ ગણે છે. તમામ દેવી-દેવતાઓ, ભૂત-પિશાચ, રાક્ષસો, ગંધર્વો, તમામ પ્રકારના પશુઓ અને સરિશૃપ દંડથી ડરતાં હોય છે અને તેથી જ કાયદો અને ન્યાય જળવાઈ રહે છે. દંડનો ગેરવાજબી અને અતુલનાત્મક ઉપયોગ સમાજને, તમામ વર્ગોને, લોકોને દૂષિત કરશે અને સમાજમાં અંધાધૂંધી અને ગેરવ્યવસ્થા ફેલાવશે.

અત્રે દંડને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું. તેના કારણે સમાજ વ્યવસ્થા જળવાઈ રહે હાલની પરિસ્થિતિમાં આ દંડના મુખ્ય બે પ્રકાર પાડી શકાય.

- **ન્યાયદંડ અને રાજદંડ :**

અગાઉ રાજાઓ શાસક તરીકે ખુદ ન્યાય કરતા હતા. કામનો બોજો વધતા અને ગુનાઓ વધતાં આ કામ ન્યાયાધીશોને સોંપવામાં આવ્યું અને અગાઉ દેશના સિપાહીઓ જે કામગીરી કરતાં હતાં તે સિપાહીઓમાં પણ વિભાજન કરી આંતરિક સુરક્ષા માટે પોલીસ દળ અને બાહ્ય સુરક્ષા માટે લશ્કરની વ્યવસ્થા અસ્તિત્વમાં આવી. આ પૈકી રાજ્યની અંદર કાયદો અને વ્યવસ્થા જાળવવાની, ગુનાખોરી અટકાવવાની, ગુનેગારોને ન્યાયતંત્ર સુધી પહોંચાડવાની અને જેલોના નિભાવ કરવાની જવાબદારી પોલીસ તંત્રને સોંપવામાં આવી. પોલીસ તંત્ર માટે જણાવાયું છે કે, ‘‘Police is authorized and monopolized to use the force under the shelter of the law’’ એટલે કે કાયદાના સંરક્ષણ હેઠળ પોલીસ કર્મચારીઓ બળ વાપરવાની ઈજારાશાહીવાળી સત્તા ધરાવે છે. અર્થાત્ પોલીસ અને માત્ર પોલીસે જ બળ વાપરવાનું હોય છે અને કાયદો અને વ્યવસ્થા જાળવવા યોગ્ય, પ્રમાણસરનું વેર કે લોભવૃત્તિ વગરનું બળ જો વાપરવામાં ન આવે તો તે કાયદો અને વ્યવસ્થાના વિકટ પ્રશ્નો સર્જે છે અને જો માનવ અધિકારોના કાલ્પનિક ભયથી રાજદંડ (લાઠી અથવા બંદૂક) ધારણ કરનાર પોલીસ કર્મીઓનું મનોબળ નીચું જશે તો તેના પરિણામ સ્વરૂપે માનવ અધિકારોના વંચિતો અને પીડિતોને જ સરવાળે નુકસાન થવાનું છે. માટે જ પોલીસ કર્મીઓને અપાયેલા રાજદંડનો સાચો, યોગ્ય, વાજબી અને સમયસર ઉપયોગ થવો અનિવાર્ય છે. આ બાબત નિરક્ષીરના વિવેકથી પોલીસ કર્મીઓએ પોતે જાતે જ નભાવવાની છે. માનવ અધિકાર સંરક્ષણ અને રાજદંડનો વાજબી ઉપયોગ તે બંને વચ્ચે માનવ અધિકાર ભંગની બાબતની સુક્ષ્મ અને અતિ પાતળી ભેદ રેખા છે. જે ભૂંસાઈ ન જાય તેનું ધ્યાન દોરડા ઉપર ચાલતા નટ જેવું અને જેટલું વિકટ પોલીસ કર્મીઓ માટે છે અને તેથી કરીને માનવ

અધિકાર માટે આ પ્રકારનો વિવેક રાખવો તે મોટો પડકાર છે, કારણ કે અમાપ સત્તાઓ અને ખુદ શસ્ત્રસજ્જ હોવા છતાં આત્મસમતુલન તથા સંયમ પોતે પોતાના પર લાદવાનો છે. અર્થાત્ પોલીસે બળપ્રયોગમાં પોતાની સત્તા મર્યાદાઓ ઓળખી સમજી સ્વયંશાસિત થવાનું છે જે મોટો પડકાર છે.

## 7. માનવ અધિકારની જાગૃતતા ચકાસવા અંગેની અભિપ્રાયવલિ :

| અ.નં. | વિધાન | સંપૂર્ણ સહમત | સહમત | તટસ્થ | અસહમત | સંપૂર્ણ સહમત |
|---|---|---|---|---|---|---|
| 1. | સ્ત્રી સમાનતાનો કાયદો સ્ત્રીઓને સક્ષમ બનાવી શકે છે. | | | | | |
| 2. | સ્ત્રી ભ્રૂણહત્યા માટે સ્ત્રીઓને પોતાના કુટુંબનો વિરોધ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. | | | | | |
| 3. | હું બધી જ ચીજવસ્તુઓની ખરીદી બિલ લઈને જ કરવાનો આગ્રહ રાખું છું. | | | | | |
| 4. | આપણે વસ્તુની ગુણવત્તાની ખાતરી કરવી ન જોઈએ. | | | | | |
| 5. | સ્ત્રીઓના જાતિય શોષણ માટે સમાજે લડત આપવી જોઈએ નહિ. | | | | | |
| 6. | વહેપારીઓ પાસેથી વસ્તુ કે પેદાશની યોગ્ય માહિતી ગ્રાહકોએ મેળવવી જોઈએ નહિ. | | | | | |
| 7. | સ્ત્રીઓને ઉચ્ચશિક્ષણ લેવાનો અધિકાર નથી. | | | | | |
| 8. | હું દહેજ લઈશ નહિ કે આપીશ નહિ આ વિધાન સાથે હું સહમત છું. | | | | | |
| 9. | વહેપારી કે કોઈ એજન્ટે આર્થિક નુકસાન કર્યું હોય તો તેની ફરિયાદ હું ગ્રાહક સુરક્ષામાં કરીશ. | | | | | |
| 10. | બાળમજૂરીને હું શોષણ ગણતો નથી. | | | | | |
| 11. | સ્ત્રીઓને પણ વારસાઈ મિલકતમાં સમાન અધિકાર મળવો જોઈએ. | | | | | |
| 12. | ખાનગી કે અર્ધસરકારી સંસ્થાઓમાં થઈ રહેલું આર્થિક શોષણ અટકાવવું જોઈએ. | | | | | |
| 13. | શારીરિક શોષણ એ એક સામાજિક પ્રવૃત્તિ છે જેની સામે કાયદાકિય લડત આપવી જોઈએ. | | | | | |
| 14. | વહેપારી યોગ્ય રીતે પોતાનો ઈન્કમટેક્ષ ભરપાઈ કરતો હોય અને કોઈ ઈન્કમટેક્ષ ઓફિસર લાંચ રૂશ્વત માગે તો પોલીસ ફરિયાદ કરવી જોઈએ. | | | | | |
| 15. | વિધવા સ્ત્રીઓને ફરીથી લગ્ન કરવાનો અધિકાર નથી. | | | | | |
| 16. | કોઈપણ ક્ષેત્રમાંથી દરેક વ્યક્તિને પોતાના હિત કે અહિત સંબંધિત માહિતી મળવી જોઈએ. | | | | | |
| 17. | બાળકો બાળમજૂરી કરે એ મારા મતે અન્યાયી વર્તન નથી. | | | | | |
| 18. | મને કોઈ પણ સ્થળે યોગ્ય પ્રવેશ મળવો જોઈએ એવું હું માનું છું. | | | | | |
| 19. | કોઈપણ વાંક વિના મારા પર થતી કાયદેસરની કાર્યવાહી સામે મને કોઈ વાંધો નથી. | | | | | |

| અ.નં. | વિધાન | સંપૂર્ણ સહમત | સહમત | તટસ્થ | અસહમત | સંપૂર્ણ સહમત |
|---|---|---|---|---|---|---|
| 20. | પસંદગીના સ્થળોએ હરવા-ફરવા માટે આપણે સ્વતંત્ર છીએ. | | | | | |
| 21. | આપણા ટુરિઝમ સ્થળોએ પ્રવેશ ફી ન ચૂકવવી જોઈએ. | | | | | |
| 22. | શિક્ષક પાસેથી શિક્ષણની પૂરતી માહિતી મેળવવા વિદ્યાર્થી સ્વતંત્ર છે. | | | | | |
| 23. | કોઈ પણ ક્ષેત્રમાં થતા ભ્રષ્ટાચાર સામે વ્યક્તિએ લડવું જોઈએ. | | | | | |
| 24. | કોઈપણ વ્યક્તિને આપવામાં આવતાં માનસિક ત્રાસ સામે કાયદેસરનાં પગલાં લેવાં જોઈએ એમ હું માનું છું. | | | | | |
| 25. | પરીક્ષાનું પરિણામ દરેકને લેખિત સ્વરૂપે મળવું જ જોઈએ. | | | | | |
| 26. | વારસામાં સ્ત્રીને પણ પૂરતો અધિકાર મળવો જોઈએ. | | | | | |
| 27. | કોઈ પણ ભેદભાવ વિના માતૃભાષામાં શિક્ષણ મેળવવાનો દરેકને અધિકાર છે. | | | | | |
| 28. | નોકરીના સ્થળે પગારમાં થતું શોષણ અન્યાય છે. | | | | | |
| 29. | બેન્ક ખાતું બંધ કરવાનો કોઈ ચાર્જ ના હોઈ શકે. | | | | | |
| 30. | કોઈ વ્યક્તિને સાચી કાર્યવાહી કરતો રોકવો ન જોઈએ. | | | | | |
| 31. | બળજબરીથી કરાવવામાં આવતા કાર્ય સામે વાંધો ઉઠાવી ના શાકય. | | | | | |
| 32. | વેપારી પાસેથી ખરીદી કરતી વખતે વસ્તુની ગુણવત્તાની સાચી માહિતી મેળવવાનો હું આગ્રહ રાખું છું. | | | | | |
| 33. | ખરીદી કરતી વખતે હું બિલ લેવાનો આગ્રહ રાખું છું. | | | | | |
| 34. | વ્યક્તિના રહેઠાણ પર, રહેનારની ઇચ્છા વિરુદ્ધ મોબાઈલ ટાવર લગાડવું ન જોઈએ. | | | | | |
| 35. | વાતાવરણમાં અશુદ્ધિ ફેલાવનાર ફેક્ટરીઓ સામે પગલાં ભરવાં જોઈએ. | | | | | |

## 8. સારાંશ : (Let us sum up)

- જીવન સ્વાતંત્ર્ય, જીવન સુરક્ષા, વિચાર અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, મુક્ત હેરફેરનો અધિકાર, વાજબી અને યોગ્ય ઈન્સાફી કાર્યવાહી, ધાર્મિક સ્વાતંત્ર્ય વગેરેનો આપણા બંધારણમાં પણ સમાવેશ કરાયો છે.
- માનવ અધિકારમાં શિક્ષકની ભૂમિકા મહત્ત્વની છે. ઝૂંપડપટ્ટી વિસ્તારના બાળકોમાં વ્યવસાયલક્ષી કૌશલ્યની તાલીમ આપવી.
- પાઠ્યપુસ્તકને ધ્યાનમાં રાખી માનવ અધિકાર અંગે શિક્ષણ આપવું.

- વિદ્યાર્થીઓને માનવ અધિકારો વિશે સમજ આપવી.
- વિદ્યાર્થીઓની ફરજો પ્રત્યે પણ ધ્યાન દોરવું.
- વિદ્યાર્થીઓને ભેદભાવ વગર શિક્ષણ મળે તેવા પ્રયત્નો કરવા.
- વિદ્યાર્થીઓમાં સારા નાગરિકના ગુણો વિકસે તેવા પ્રયત્નો કરવા.
- વિશ્વશાંતિ સ્થપાય તેવા પ્રયત્ન કરવા.
- રાષ્ટ્રીય એકતાનો વિકાસ થાય તેવા પ્રયત્ન કરવા.
- સમસ્યાના ઉકેલ માટે પ્રયત્નો કરવા.
- શિક્ષણ મેળવવાનો અધિકાર છે તેની સમજ આપવી.
- માનવ અધિકારના મહત્ત્વની સમજ આપવી.

**9. એકમ સ્વાધ્યાય :**

(1) માનવ અધિકારનું વર્ગીકરણ કરો.

(2) માનવ અધિકારના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા જણાવો.

(3) માનવ અધિકારની વિચારસરણી જણાવો.

(4) 21મી સદીમાં માનવ અધિકારના શિક્ષણ જણાવો.

(5) માનવ અધિકારની મર્યાદાઓ જણાવો.

**10. તમારી પ્રગતિ ચકાસો :**

(1) માનવ અધિકારનું વર્ગીકરણ જણાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(2) માનવ અધિકારના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા જણાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(3) માનવ અધિકારની વિચારસરણી જણાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(4) 21મી સદીમાં માનવ અધિકારનું શિક્ષણ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(5) માનવ અધિકારોની મર્યાદાઓ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 11. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : (Answer to check your Progress)

**1. માનવ અધિકારનું વર્ગીકરણ જણાવો.**

(1) દીવાની અને રાજકીય અધિકારો

(2) આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો

(3) ઐક્ય અધિકારો

**2. માનવ અધિકારના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા (ત્રણ)**

(1) પાઠ્યપુસ્તકની કોઈ ભૂલ હોય તો જણાવવી જોઈએ.

(2) લાયબ્રેરીમાં માનવ અધિકારના પુસ્તકો મૂકવાં.

(3) માનવીની ફરજો પ્રત્યે જાગૃત કરવા.

**3. માનવ અધિકારની વિચારસરણી**

(1) આજ્ઞાત્મક કાયદાની વિચારસરણી

(2) મૂળભૂત અધિકારોની વિચારસરણી

(3) માર્કસવાદીની વિચારસરણી

**4. 21મી સદીમાં માનવ અધિકારનું શિક્ષણ (ત્રણ)**

(1) વ્યક્તિત્વના વિકાસ માટે માનવ અધિકારોનું શિક્ષણ આપવું.

(2) ભાવાત્મક એકતા સ્થપાય તેવું શિક્ષણ આપવું.

(3) વિશ્વશાંતિ સ્થપાય તેવું શિક્ષણ આપવું.

**5. માનવ અધિકારની મર્યાદા (ત્રણ)**

(1) માનવ અધિકારો અંગે જાગૃતતાનો અભાવ

(2) વહીવટકર્તાઓનું નકારાત્મક વલણ

(3) રાજકીય પક્ષો દ્વારા માનવ અધિકારોનો ભંગ

## 12. સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)

(1) કારીઆ એ.એન. : માનવ અધિકારો, સી. જમનાદાસની કંપની, અમદાવાદ.

(2) શુક્લ રાજેન્દ્ર આર. : માનવ અધિકારો, શ્રીયોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન, અમદાવાદ.

**એકમ 3**

# કેટલાંક જૂથોના માનવ અધિકારો

**: રૂપરેખા :**

**(1) પ્રસ્તાવના**

**(2) સ્ત્રીઓના માનવ અધિકારો**

**(3) બાળકોના માનવ અધિકારો**

**(4) લઘુમતીઓના માનવ અધિકારો**

**(5) દલિતોના માનવ અધિકારો**

**(6) કેદીઓના માનવ અધિકારો**

**(7) આરોપીના માનવ અધિકારો**

**(8) શરણાર્થીઓના માનવ અધિકારો**

**(9) અપંગોના માનવ અધિકારો**

**(10) સારાંશ**

**(11) એકમ સ્વાધ્યાય**

**(12) તમારી પ્રગતિ ચકાસો**

**(13) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**(14) સૂચિત વાંચન સામગ્રી**

---

- **ઉદ્દેશો : (Objectives)**

  આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે—

(1) સ્ત્રીઓના માનવ અધિકારો સમજી શકશો.

(2) બાળકોના માનવ અધિકારો સમજી શકશો.

(3) લઘુમતીઓના માનવ અધિકારો સમજી શકશો.

(4) દલિતોના માનવ અધિકારો સમજી શકશો.

(5) કેદીઓના માનવ અધિકારો સમજી શકશો.

(6) આરોપીના માનવ અધિકારો સમજી શકશો.

(7) શરણાર્થીઓના માનવ અધિકારો સમજી શકશો.

(8) અપંગોના માનવ અધિકારો સમજી શકશો.

## 1. પ્રસ્તાવના :

- માનવ અધિકારો એટલે માણસના ગૌરવની જાહેરાત અને રક્ષણની વ્યવસ્થા જણાવતાં અધિકારોનો સમૂહ.
- માનવ તરીકે જિંદગી જીવવા માટે માણસને કુદરતે આપેલાં મૂળભૂત આવશ્યક અધિકારોને માનવ અધિકારો ગણવામાં આવે છે. વૈશ્વિક સ્તરે થયેલી ઘોષણાને નજર સમક્ષ રાખીને એવું કહી શકાય કે માનવ અધિકારો એટલે માણસ તરીકે જીવન જીવવા માટે જરૂરી એવાં લઘુતમ અધિકારો.

- માનવ અધિકાર વિના આપણે આપણું જીવન સારી રીતે પસાર કરી શકતાં નથી. માનવ અધિકારો સર્વાંગી વિકાસ માટેની તકો પૂરી પાડે છે.
- માનવ અધિકાર એટલે સર્વાંગી એકતાના અધિકાર પાત્ર
- કેટલાંક જૂથોના માનવ અધિકારો નક્કી કરવામાં આવેલ છે. દરેકને જૂથ પ્રમાણે માનવ અધિકારો નક્કી કરવામાં આવેલ છે. દા.ત. સ્ત્રીઓનાં માનવ અધિકારો કયાં છે, તેને કઈ જગ્યાએ રક્ષણ મળે છે, દરેક જૂથને અલગ-અલગ અધિકારો નક્કી કરેલા છે.

## 2. સ્ત્રીઓના માનવ અધિકારો

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્ત્રી-પુરુષ સમાનતાનો સિદ્ધાંત છે. બંધારણમાં આ ખ્યાલ માનવ અધિકારોની દૃષ્ટિએ સર્વસ્વીકૃત છે. એટલે કે કોઈપણ વ્યક્તિ, માત્ર તે સ્ત્રી હોવાના કારણસર તેની સાથે કોઈપણ પ્રકારનો ભેદભાવયુક્ત વ્યવહાર થવો જોઈએ નહિ. યુનોના ચાર્ટરમાં, યુનોમાં માનવ અધિકારોની ઘોષણા, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોના આંતરરાષ્ટ્રીય સમજૂતી, દીવાની અને રાજકીય અધિકારોના આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં પણ આ સિદ્ધાંત સ્વીકારાયો. ભારતીય બંધારણના અનુચ્છેદ-14માં સમાનતાનો સિદ્ધાંત સ્વીકૃત કરાયો અને અનુચ્છેદ-15માં પણ સ્પષ્ટપણે ઠરાવાયું છે કે ધર્મ, જ્ઞાતિ, જાતિ, જન્મસ્થળ કે લિંગના કારણસર રાજ્ય કોઈની સાથે ભેદભાવ કરશે નહિ. એટલું જ નહિ, પરંતુ સ્ત્રીઓની તરફેણમાં વિશેષ કાયદાઓ ઘડવાની છૂટ પણ આપણા બંધારણમાં આપવામાં આવી.

યુનોના માનવ અધિકારોની ઘોષણામાં જણાવાયું છે કે લગ્ન વખતે બંને પક્ષકારોને મુક્ત અને પૂર્ણ સંમતિ હોવી જોઈએ. આ ઘોષણામાં સ્ત્રીને સમાન વેતન અને તેના માતૃત્વની રક્ષણ માટે જોગવાઈ કરવામાં આવી છે. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં પણ જણાવાયું છે કે સ્ત્રીને પુરુષ કામ કરતાં ઊતરતું કામ આપવામાં આવશે નહિ અને સ્ત્રીને પણ સમાન કામ માટે સમાન વેતનની જોગવાઈ કરાયેલ છે. દીવાની અને રાજકીય અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં ઠરાવાયું છે કે સગર્ભા સ્ત્રીને દેહાન્તદંડની સજા આપી શકાય નહિ. આ સમજૂતીમાં જણાવાયું છે કે લગ્નવિચ્છેદના અધિકારો સ્ત્રી-પુરુષને સમાન હોવાં જોઈએ. વિશેષમાં એવું ઠરાવાયેલ છે કે સ્ત્રીને કોઈ પણ જાતના ભેદભાવ વગર જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો અધિકાર હોવો જોઈએ. ભારતના ફોજદારી કાર્યવાહીનો કાયદો, 1973ની કલમ 316માં પણ સગર્ભા સ્ત્રીને દેહાન્તદંડનો અમલ મોકૂફ રાખવા જણાવવામાં આવ્યું છે.

1993માં વિએનામાં માનવ અધિકારોની વિશ્વપરિષદ યોજાઈ હતી. આ પરિષદમાં જાતિ આધારે ભેદભાવ દૂર કરવાનો ઠરાવ પસાર કરાયો. બે વર્ષ અગાઉ ચીનમાં પણ વિશ્વ મહિલા પરિષદ યોજાઈ હતી. તેમાં પણ સ્ત્રીઓને સમાન દરજ્જો મળવા બાબતના કેટલાંક ઠરાવો પસાર કરાયા હતા. આમ આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ જોવા જઈએ તો સ્ત્રીઓના અધિકારો, માનવ અધિકારો છે.

આપણા બંધારણ મુજબ સમાનતાનો અધિકાર સ્વીકારાયો છે અને તેથી દરેક માનવને મળતાં બંધારણીય માનવ અધિકારો દરેક સ્ત્રીને પણ મળે તે સ્વાભાવિક છે. બંધારણનો સિદ્ધાંત પ્રાપ્ત કરવા માટે કેટલાંક કાયદાઓ પણ ભારતીય સંસદે પસાર કર્યા છે. સ્ત્રીઓને કેટલીક છૂટછાટો પણ કાયદાથી આપવામાં આવી છે.

સમાનતાની બંધારણીય જોગવાઈ હોવાં છતાં, સ્ત્રીઓની બાબતમાં ઘણાબધા માનવ અધિકારોનો ભંગ થઈ રહ્યો છે. ભારતીય સમાજમાં બાળકીનો જન્મ અપ્રિય ઘટના છે. પુત્ર અને પુત્રીના ઉછેરમાં શરૂઆતથી જ ભેદભાવ રાખવામાં આવે છે. પુરુષ જાણે કે ચડિયાતો અને સ્ત્રી જાણે કે ઉતરતી કોટીની હોય તેવો વ્યવહાર આપણા સમાજમાં સર્વત્ર કરાઈ રહ્યો છે. સ્ત્રીઓનું માનસ પણ એ રીતે ઘડવામાં આવે છે કે સ્ત્રીઓ પણ આ પરિસ્થિતિને સાહજીક રીતે સ્વીકારે. બાળકીના જન્મ અને ઉછેરથી જ દાખવવામાં આ ભેદભાવ સમગ્ર સમાજની સમતુલા હલબલાવી નાખે છે અને આ જ કારણથી સ્ત્રીઓની તરફેણમાં થયેલા ખાસ કાયદાઓનો લાભ સ્ત્રીઓને મળતો નથી. કારણ

કે નિયમ એ છે કે માત્ર કાયદાઓ ઘડવાથી સમાજનું સ્તર ઊંચું આવતું નથી. તે માટે સામાજિક વાતાવરણ જાગૃત થવું જોઈએ. સ્ત્રીઓનો ઉછેર જે તેના વાતાવરણમાં કરવામાં આવે કે તેમનું વ્યક્તિત્વ દબાયેલું રહે, સામાજિક રીતે આગળ આવવાની કોઈ તક તેમને પ્રાપ્ત ના થાય અને તેમનું સમગ્ર જીવન ગૃહ કાર્યમાં જ પસાર થાય. આ પરિસ્થિતિમાં જે કંઈ સુધારો દેખાય છે અને સ્ત્રીઓ બહાર હરતીફરતી અને નોકરી કરતી કે પ્રવૃત્તિ કરતી દેખાય છે, તે ફેરફાર પણ બાહ્ય અને ઉપરછલ્લો છે. આ ફેરફાર સ્વયંભૂ કે આંતરિક નથી.

ભારતમાં સ્ત્રીઓના માનવ અધિકારોનો ભંગ, લગ્ન, લગ્નવિચ્છેદ, દત્તક વિધાન અને વારસા અધિકારની બાબતમાં મોટાપાયે થઈ રહ્યો છે. એટલે કે આ બાબતોમાં પુરુષોને કાયદાથી જે અધિકારો અપાયા છે તેના કરતાં સ્ત્રીઓના અધિકારો ઓછા અને મર્યાદિત છે. કારણ કે આ કાયદાઓ પ્રણાલિકાઓ અને ધાર્મિક પરંપરાઓ ઉપર આધારિત છે. હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, આમ દરેક કોમ માટે જુદાં જુદાં અંગત કાયદાઓ પ્રવર્તી રહ્યા છે. દા.ત. હિન્દુ સંયુક્ત કુટુંબની મિલકતમાં સ્ત્રીઓને પુરુષો જેટલા સમાન અધિકારો નથી. તે જ રીતે સ્ત્રીઓ હિન્દુ સમાંશિત સમૂહ (Hindu Copareenary)માં પુરુષોની જેમ મિલકતમાં હક ધરાવી શકતી નથી અને તેથી વડીલોપાર્જીત મિલકતમાં સ્ત્રીઓ પુરુષોની જેમ વિભાજન માંગી શકતી નથી. માનવ અધિકારનો ભંગ થવાની સાથે સ્ત્રીઓને આ બાબતમાં ભયંકર અન્યાય કરાઈ રહ્યો છે.

આપણા દેશમાં બાળકીઓને કુટુંબમાં અને કામ કરતી સ્ત્રીઓને કામના સ્થળે જાતિય સતામણી થાય છે. માનવ અધિકારોનો ભંગ થઈ રહ્યો છે. આવા બનાવ પોલીસ દફતરે નોંધાવતા હોતાં નથી. ભારતીય ફોજદારી ધારાની કલમ 509 સ્ત્રીને હેરાન કરનારને સજા કરવાની જોગવાઈ છે. આ બાબતમાં અત્યાર સુધીમાં એક જ કેસ જાણીતો બન્યો છે. ભારતીય સનદી સેવાના એક અધિકારી શ્રીમતી રૂપાન બજાજે પંજાબના પોલીસ વડા શ્રી કે.પી.એસ. ગીલ સામે જાતિય સતામણી બાબત ફરિયાદ કરી. પંજાબ હાઈકોર્ટે ગીલને સજા ફરમાવેલ. ભારતના કેટલાંક ભાગોમાં જાતિય સતામણી એટલી હદે છે કે 15 કે 16 વર્ષની બાળાઓને દેવદાસી તરીકે મંદિરોમાં અર્પિત કરવામાં આવે છે અને તેમનું જાતિય શોષણ થાય છે. આવી મોટા ભાગની સ્ત્રીઓ વેશ્યાઓ તરીકે પાછળથી કામ કરે છે. દિલ્હી, મુંબઈ, નાગપુર, મદ્રાસ, અમદાવાદ, વડોદરા, સુરત એવા શહેરોમાં શાળા-કૉલેજ ચાલીને કે બસમાં જતી છોકરીઓની થતી જાતિય છેડછાડ આ છોકરીઓ બદનામીના ભયે ચુપચાપ સહી લે છે. આ જ કારણથી કેટલાંક શહેરોમાં મહિલાઓ માટેની ખાસ બસો અને મદ્રાસમાં મહિલાઓ માટેની ખાસ ટ્રેન શરૂ કરાયેલ છે.

સ્ત્રી ઉછેર માટેનો માહોલ ધીરેધીરે બદલાતો જતો હોવા છતાં લગ્ન સ્ત્રીઓ માટે અનિવાર્ય ગણવામાં આવે છે. લગ્નજીવનની સ્ત્રીઓ માટે કરુણતા એ છે કે જે પુરુષ કે કુટુંબ માટે માતૃગૃહ છોડીને જે સ્ત્રી પોતાનું જીવન સમર્પિત કરે છે, સ્ત્રીને તેમના તરફથી મારપીટ કરાય છે અને ક્યાક તો યમસદન પહોંચાડવામાં આવે છે. દહેજ વિરોધી કાયદા અમલમાં હોવા છતાં દહેજને કારણે સ્ત્રીઓની હત્યા અને આત્મહત્યાના બનાવોનો નોંધપાત્ર વધારો થતો રહ્યો છે. સગડી પેટાવતાં, ગેસ ચાલુ કરતાં, ચા બનાવતાં, દાઝી જવાના બનતા બનાવો પણ મોટે ભાગે સ્ત્રીઓની હત્યાના જ બનાવો હોય છે. પરિણીત સ્ત્રીઓને કુટુંબના સભ્ય દ્વારા આચરવામાં આવતી હિંસા, ક્રૂરતા કે મારપીટ, ઘણી વખત સ્ત્રીઓને આત્મહત્યા તરફ દોરી જાય છે. પરંપરાગત સંસ્કારોને લીધે સ્ત્રીઓ મોટા ભાગે કુટુંબના સભ્યો દ્વારા કરવામાં આવતી હિંસા કે મારપીટની ફરિયાદ કરતી નથી. આ પ્રશ્ન માત્ર આપણા દેશમાં નહિ, પરંતુ વિશ્વના ઘણા દેશોમાં છે. વળી નીચલા સ્તરના કુટુંબોમાં જ આવા બનાવો બને છે તેવું નથી ઉચ્ચ કુટુંબોમાં પણ બાળી નાખવાના કે આત્મહત્યાના બનાવો બને છે. દહેજ વિરોધી કાયદો, ભારતીય ફોજદારી ધારાની કલમ 304(એ) કે કલમ 498(એ) હોવા છતાં પણ સ્ત્રીઓને મારપીટ અને બાળી નાખવાના બનાવો કે શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુના બનાવો બેરોકટોક વધતાં જ રહ્યા છે.

બળાત્કારોના બનાવોમાં પણ આખરે સહન કરવાનું સ્ત્રીઓના ભાગે જ આવે છે.

બળાત્કારની કલમોમાં સુધારો કરીને કડક જોગવાઈ દાખલ કરાવી હોવા છતાં, બળાત્કારના બનાવોમાં ઘટાડો નોંધાયો નથી કે બળાત્કારીઓને સજા થતી હોવાનું પ્રમાણ વધ્યું નથી. સ્ત્રીઓ ઉપર ગુંડાઓ દ્વારા જ નહિ પરંતુ સરકારી કર્મચારીઓ દ્વારા અને પોલીસ અધિકારીઓ દ્વારા બળાત્કારના ગુનાઓ થતાં રહે છે. કોઈ ગુનાસર જેલમાં રહેતી સ્ત્રી ગુમ થવાના કિસ્સાઓ પણ ઘણા બને છે. માતાપિતા દ્વારા આયોજીત લગ્ન, ફરજિયાત સગર્ભાવસ્થા, અનિચ્છા હોવા છતાં બાળકનો જન્મ, સ્ત્રીઓના જીવનમાં બનતા આ બધા બનાવો માનવ અધિકારોનો ભંગ કરનારા છે. એટલું જ નહિ, પરંતુ સમગ્ર સમાજની અસ્મિતા ખલાસ કરી નાખે છે. બાળકીને ગર્ભપાતના કિસ્સાઓમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. આવા ગર્ભપાત પર પ્રતિબંધ મુકતો કાયદો સરકારે પસાર કર્યો હોવા છતાં પરિસ્થિતિમાં કોઈ સુધારો નોંધાયો નથી.

સર્વોચ્ચ અદાલતે એક કેસમાં ઠરાવેલ છે કે માનવ અધિકારો માનવ વ્યક્તિત્વ અંતર્ગત માનવીય ગૌરવની જાળવણીમાંથી ઉત્પન્ન થયા છે. સ્ત્રીઓના અધિકારો માનવ અધિકારોનો અપરિવર્તનશીલ અને અંતર્ગત ભાગ છે. જાતિના આધારે કોઈપણ પ્રકારનો ભેદભાવ માનવ અધિકારોનો ભંગ કરે છે. કાયદો સામાજિક પરિવર્તન માટેનું સાધન છે. આ કેસમાં ઠરાવાયું કે Convention of Elimination of All Forms of Discrimination against Women, 1979 ના અનુચ્છેદ 2(ઈ)થી બંધારણમાં નવો પ્રાણ પૂરવામાં આવ્યો છે. આ અનુચ્છેદ તેમ જ માનવ અધિકાર સંરક્ષણ ધારો, 1993થી કોઈપણ પ્રકારનો જાતિ આધારિત ભેદભાવ (Gender based discrimination) દૂર કરવાનો અને સ્ત્રીઓને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક રીતે સશક્ત બનાવવાનો આદેશ અપાયો છે.

આઝાદીના 59 વર્ષે પણ સ્ત્રીઓનું જાતિય શોષણ અટકાવવા માટે આપણે ત્યાં કોઈ કાયદો નથી. વિશાખા વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન કેસમાં સર્વોચ્ચ અદાલતે, સંસદ કાયદો ઘડે નહીં ત્યાં સુધી પોતે નક્કી કરેલાં કેટલાંક માર્ગદર્શક સિદ્ધાંતો કામ કરશે તેમ ઠરાવેલ છે. આઝાદી બાદ આટલાં વર્ષે પણ સ્ત્રીઓના રક્ષણ બાબતે કોઈ કાયદો ન હોવા અંગે સર્વોચ્ચ અદાલતે ચિંતા વ્યક્ત કરી હતી. આ કેસમાં સર્વોચ્ચ અદાલતે દરેક જિલ્લામાં સ્ત્રીઓના અધિકાર અંગે એક સમિતિ રચવા જણાવેલ છે. તેમજ પોતે આ કેસમાં નક્કી કરેલ માર્ગદર્શક સિદ્ધાંતો, થિયેટર, બગીચો, રેલવે સ્ટેશન, કચેરીઓ વગેરે સ્થળે મૂકવા સૂચન કરેલ છે. આ કેસમાં ઠરાવેલ છે કે જ્યારે કોઈ સહકર્મચારી

(1) સ્ત્રીના આંગળાઓ સાથે બિનજરૂરી સ્પર્શ કરે,

(2) ઓળખાણ કે સંપર્ક વધારવાના હેતુથી મુલાકાત કરે,

(3) દ્વિઅર્થી સંવાદો બોલે,

(4) સ્ત્રીને ઉતારી પાડતાં નિવેદનો કરે,

(5) કામની સાથે સુસંગત ન હોય તેવી માગણી મૂકે, ત્યારે તેનાતી સ્ત્રીને હેરાનગતિ થાય છે તેમ સમજવામાં આવશે. આવા પ્રસંગે સ્ત્રીઓને રક્ષણ આપવા બાબતે નિયોજિતા (Employer) ની જવાબદારી ઠરાવવામાં આવેલ છે.

ગુજરાત અને દેશના ઘણા ભાગોમાં સ્ત્રીઓના સમાન દરજ્જા અને માનવ અધિકારોની પ્રાપ્તિ માટે ઘણી સ્ત્રી-સંસ્થાઓ છેલ્લાં કેટલાંય વર્ષોથી લડત ચલાવી રહી છે. ગુજરાતમાં સેવા, અવાજ, સહિયર વગેરે મુખ્ય સંસ્થાઓ છે. ભારત સરકારે પણ રાષ્ટ્રીય મહિલા આયોગની રચના કરી છે. સ્ત્રીઓના માનવ અધિકારોને લાગેવળગે છે ત્યાં સુધી મુખ્ય વાત સ્ત્રીઓ તરફના દૃષ્ટિકોણના બદલવાનો છે. સ્ત્રીને માનવ તરીકે ગણવાને બદલે, હજુ પણ ચીજ કે વસ્તુની નજરે જોવામાં આવે છે. આ પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રી જાણે કે એક વસ્તુ હોય તેવો વ્યવહાર તેની સાથે કરવામાં આવી રહ્યો છે. આ દૃષ્ટિકોણમાં જ્યાં સુધી ફેરફાર નહિ થાય ત્યાં સુધી સ્ત્રીને એક વ્યક્તિત્વ તરીકે સમાજ સ્વીકારશે નહિ. આ સમાજમાં સ્ત્રીને માનવ અધિકારો ત્યારે પ્રાપ્ત થાય કે જ્યારે સ્ત્રીનો વ્યક્તિત્વ તરીકે સ્વીકાર થાય. આવો સ્વીકાર થતાંની સાથે સ્ત્રીઓને થતી હેરાનગતિ,

મારપીટ, જાતિય સતામણી, બળાત્કારના બનાવો, શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુના બનાવોમાં ચોક્કસપણે ઘટાડો થશે, તેમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી.

સર્વોચ્ચ અદાલતે ડી.એસ. ગ્રેવાલ વિ. વીમ્મી જોષીના કેસમાં ઠરાવેલ છે કે વિશાખાના કેસમાં સૂચવાયેલ માર્ગદર્શિકાઓનું પાલન ફરજિયાત છે. આ કેસમાં શાળાએ જાતિય સતામણી અંગે ફરિયાદ સમિતિની રચના કરી ન હતી. તેથી તેને આ સમિતિ રચવા અને સામા પક્ષકારને ખર્ચ (રૂા. 50,000) ચૂકવવા આદેશ કરાયેલ હતો.

દિલ્હી ડોમેસ્ટિક વર્કિંગ વીમેન્સ ફોરમ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા કેસમાં સર્વોચ્ચ અદાલતે બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓના અધિકારો માટે માર્ગદર્શક સૂચનો પ્રગટ કર્યા છે. આ કેસમાં ઘરકામ કરનાર સ્ત્રી પર બળાત્કાર થયેલ હતો. આ કેસમાં સૂચવવામાં આવેલ છે કે,

(1) જાતિય આક્રમણનો ભોગ બનેલ સ્ત્રીઓને કાનૂની પ્રતિનિધિત્વ મળવાની વ્યવસ્થા થવી જોઈએ. આવા પ્રસંગે તેને તબીબી મદદ તેમજ સાંત્વના અને કાનૂની સલાહ મળવી જોઈએ.

(2) આવા પ્રસંગે ફરિયાદીની માનસિક સ્થિતિ બગડેલી હોય છે. તેથી તેને કાયદાકીય સલાહ મળવી જરૂરી બને છે.

(3) બળાત્કારનો ભોગ બનેલ સ્ત્રીને કાનૂની સલાહનો અધિકાર હોવાનું પોલીસે જણાવવું જોઈએ અને પોલીસ અહેવાલમાં આ બાબતની જાણ કરેલ હોવાનો ઉલ્લેખ કરવો જોઈએ.

(4) પોલીસ સ્ટેશનમાં કાનૂની મદદ કરનાર વકીલોની યાદી રાખવી જોઈએ.

(5) બને ત્યાં સુધી બળાત્કારનો ભોગ બનનારી સ્ત્રીની ઓળખ જાહેર થવી જોઈએ નહીં.

(6) બંધારણ અનુચ્છેદ 38(1) ધ્યાનમાં લેતાં Criminal Injuries Compensation Boardની રચના થવી જોઈએ.

(7) આરોપી દોષિત ઠરે ત્યારે આવા બોર્ડમાંથી બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીને વળતર અપાવવું જોઈએ.

મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હી વિ. ફિમેલ વર્કર્સ (મસ્ટર રોલ)ના કેસમાં દિલ્હી કોર્પોરેશનની સ્ત્રી કામદારોએ પ્રસૂતિ લાભ ધારાનો લાભ મળવા માગણી કરી હતી. આ કેસમાં એવો બચાવ લેવાયો હતો કે નિયમિત સ્ત્રી કામદારોને જ આ લાભ મળી શકે. પ્રાસંગિક (Casual) સ્ત્રી કામદારોને આ લાભ મળી શકે નહીં. સર્વોચ્ચ અદાલતે સ્ત્રી કામદારોની તરફેણમાં ચુકાદો આપતાં ઠરાવ્યું કે સ્ત્રી કામદારને પૂર્ણ સગર્ભાવસ્થા સમયે સખત મજૂરીનું કામ કરાવવાની ફરજ પાડી શકાય નહીં. ચેરમેન રેલવે બોર્ડ વિ. ચંદ્રિમા દાસના કેસમાં રેલવે કર્મચારીએ બંગલા દેશની સ્ત્રી પર બળાત્કાર કરેલ હતો. આ સામૂહિક બળાત્કારનો કેસ હતો. એક વકીલે જાહેર હિતની અરજી કરતાં સર્વોચ્ચ અદાલતે વળતરનો હુકમ કર્યો હતો. આ કેસમાં સર્વોચ્ચ અદાલતે સ્ત્રીઓના અધિકારો સંબંધે વિવિધ આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ ધ્યાનમાં લીધી હતી.

ગુજરાતમાં 2002માં થયેલ રમખાણો દરમિયાન દાહોદ જિલ્લાની બિલ્કીસબાનુ નામની સ્ત્રીના સગાંઓની હત્યા અને તેના પર સામૂહિક બળાત્કારનો કેસ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે હાથ ધર્યો હતો. સર્વોચ્ચ અદાલતના આદેશથી આ કેસ ગુજરાત બહાર મહારાષ્ટ્રમાં ચલાવાયો હતો અને તેમાં આરોપીઓને સજાનો ફેંસલો મહારાષ્ટ્રની ખાસ અદાલતે જાહેર કર્યો છે.

- **જાતિના સમાનતા અંગે બંધારણીય જોગવાઈઓ : (Constitutional Provisions with regard to gender equality) :**

સ્ત્રીઓનો અસમાન દરજ્જો ભારતીય સમાજની કરુણ અને વરવી વાસ્તવિકતા છે. આપણા શાસ્ત્રોમાં સ્ત્રીઓને ખૂબ સન્માન અપાયું છે. જેમ કે વિદ્યાની દેવી સરસ્વતી, સંપત્તિની દેવી લક્ષ્મી, શક્તિની દેવી દુર્ગા વગેરે, પરંતુ વ્યવહારમાં તેમનાં ગૌરવ માટે કે તેમને સમાન દરજ્જો પ્રાપ્ત થવા માટે આપણે કોઈ ચિંતા સેવતાં નથી. ઘણાં વર્ષો અગાઉ સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, ‘‘પક્ષી જેમ

એક પાંખથી ઊડી શકે નહીં, તે જ રીતે સ્ત્રીઓને પાછળ રાખીને કોઈ રાષ્ટ્ર પ્રગતિ કરી શકે નહીં.'' જસ્ટીસ રામસ્વામીએ મધુ વિ. સ્ટેટ ઓફ બિહારના કેસમાં કહ્યું છે, ''ભારતીય સ્ત્રીઓએ દુઃખ સહન કરેલ છે અને શાંતિથી ભેદભાવ સહન કરી રહેલ છે. પોતાની જાતનું બલિદાન અને પોતાના અસ્તિત્વનો ઈન્કાર તેમની ઉદારતા અને ધૈર્ય છે અને આમ છતાં તેમને તમામ અસમાનતાઓ, અપમાનો, અસમાનતા અને પક્ષપાતને આધીન બનાવવામાં આવે છે.'' (Indian Women have suffered and are suffering discrimination in silence. Self sacrific and self denial are their nobility and fortitude and yet they have been subject to all inequalities, indignities nobility and discrimination).

સામાજિક અને નીતિમત્તાનાં મૂલ્યોમાં ઘટાડો થઈ રહેલ હોવા છતાં અને સ્ત્રીઓના અધિકારો બાબત વાસ્તવમાં અંધકારમય સ્થિતિ હોવા છતાં, ભારતીય ન્યાયતંત્રે બંધારણીય જોગવાઈઓનું ઉદાર અર્થઘટન કરી સકારાત્મક ભૂમિકા ભજવી છે. સર્વોચ્ચ અદાલતે એક કેસમાં નોંધ્યું છે કે લોકશાહી, વિકાસ અને માનવ અધિકારો તેમ જ મૂળભૂત સ્વાતંત્ર્યો પરત્વે આદર આંતર નિર્ભર છે. બાળકી સહિતના સ્ત્રીઓના માનવ અધિકારો વૈશ્વિક માનવ અધિકારોનો અંતર્ગત ભાગ છે. જાતિના કારણસર (on the ground of gender) ભેદભાવનાં તમામ સ્વરૂપો મૂળભૂત સ્વાતંત્ર્યો કે માનવ અધિકારોનો ભંગ કરે છે.

- **આમુખ (Preamble) :**

દુનિયાના મોટાભાગના દેશોમાં સ્ત્રીઓની ભૂમિકા ગૌણ રહી છે. તેમને સમાન પ્રવાહમાં લાવવા માટે પુરુષો સાથે દરજ્જો આપણે પ્રદાન કરવો જોઈએ. તેથી આ અંગેના કાયદાઓમાં જોગવાઈઓ હોવી ઘટે, આપણા બંધારણમાં પણ આવી જોગવાઈઓ રહેલી છે. શરૂઆત આમુખથી કરીએ.

સર અલ્લાડી ક્રિશ્નસ્વામીએ બંધારણ સભામાં પ્રવચન કરતાં કહેલ કે ભારતના લોકો પોતાના નાગરિકો માટે જે અધિકારો અને સ્વાતંત્ર્યો સિદ્ધ કરવા ચાહે છે તે આમુખમાં જાહેર કરવામાં આવ્યા છે. બંધારણની શરૂઆતના શબ્દો 'અમે ભારતના લોકો...' (We, the people of India) એમ છે. તેમાં તમામ જાતિ, જ્ઞાતિ, ધર્મના પુરુષો અને સ્ત્રીઓનો સમાવેશ થાય છે. આમુખમાં દરેક સમાન દરજ્જા અને તકની ખાતરી આપવામાં આવી છે. આમુખમાં દરેક વ્યક્તિને તેના ગૌરવ જાળવવાની પણ બાંયધરી આપવામાં આવી છે. તેમાં સ્ત્રીઓના દરજ્જાનો પણ સમાવેશ થાય છે. આમુખમાં અપાયેલ આ બાંયધરીઓના આધારે સ્ત્રીઓ તરફી કેટલાંક કાયદાઓ પણ ઘડવામાં આવ્યા છે. જેમ કે ભરતપોષણ, વાલીપણું, વારસાધિકાર વગેરે બાબતોમાં કાયદાઓ ઘડાયા છે.

- **મૂળભૂત અધિકારો (Fundamental Rights) :**

બંધારણ અનુચ્છેદો 12થી 35માં મૂળભૂત અધિકારોની જોગવાઈઓ છે. અનુ. 14થી કાયદા સમક્ષ સમાનતા (equality before law) અને કાયદાના સમાન રક્ષણ (equal protection) માન્ય છે. પરંતુ ચિત્રા ઘોષ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા કેસમાં ઠરાવાયા મુજબ, લિંગ (sex) આધારિત વર્ગીકરણ અમાન્ય છે. એર ઈન્ડિયા વિ. નરગીસ મીરઝાના કેસમાં લગ્ન બાદ નોકરીના 4 વર્ષમાં એર હોસ્ટેસ માટે નિવૃત્તિની જોગવાઈ કાયદેસર ઠરવી હતી, પરંતુ પ્રથમ સગર્ભાવસ્થા બાદ ફરજિયાત નિવૃત્તિની જોગવાઈ અનુ. 14 અને અનુ. 16 વિરુદ્ધ હોવાનું ઠરાવી ગેરકાયદેસર જાહેર કરેલ. મેકીનન મેકેન્ઝી એન્ડ કં. લી. વિ. આન્દ્રેના કેસમાં પુરુષ સ્ટેનોગ્રાફર અને સ્ત્રી સ્ટેનોગ્રાફર સમાન વેતન ન મળતું હોવાના કારણસર આ પક્ષપાતી જોગવાઈ રદ કરી હતી. મધુ વિ. સ્ટેટ ઓફ બિહારના કેસમાં Chhotanagpur Tenancy Act, 1908 એ કારણસર પડકારવામાં આવેલ હતો કે તેનાથી અનુસૂચિત જાતિની સ્ત્રીઓને ખેતીની જમીનનો વારસો મેળવવામાંથી બાકાત (exclude) કરવામાં આવેલ હોવાથી અનુ. 14, અનુ. 15 અને અનુ. 21નો ભંગ થાય છે. સર્વોચ્ચ અદાલતે આ કાયદાની સંબંધિત પક્ષપાતી જોગવાઈ રદ કરી સ્ત્રીને પણ પુરુષની જેમ જ વારસો મેળવવા હક્કદાર બનાવી હતી.

અનુ. 15ની જોગવાઈઓ આગળ આપણે જોઈ ગયા હોવાથી તેનું અત્રે પુનરાવર્તન જરૂરી નથી. ટૂંકમાં રાજ્ય કોઈ વ્યક્તિ સાથે, જાતિ, જ્ઞાતિ, લીંગ, જન્મસ્થાન કે તે પૈકીના કોઈ કારણસર ભેદભાવ કરી શકે નહીં. આમ અનુ. 15(1)થી રાજ્યને ઉપર્યુક્ત કોઈ કારણસર કોઈ વ્યક્તિ સાથે ભેદભાવ કે પક્ષપાત (discrimination) કરવા માટે મનાઈ ફરમાવવામાં આવી છે. અનુ. 15(3)થી રાજ્યને સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ કાયદાઓ ઘડવાની છૂટ આપવામાં આવી છે. તેથી જાહેર મનોરંજનનાં સ્થળો માત્ર સ્ત્રીઓ કે બાળકો માટે અનામત રાખવામાં આવે, તો અનુ. 15નો ભંગ થતો નથી. જેમ કે ગૌરીવ્રતના દિવસોમાં બગીચાઓમાં ફક્ત સ્ત્રીઓ અને બાળકોને પ્રવેશ મળે છે તે જ રીતે, કેટલાંક થિયેટરોમાં રાત્રે 9થી 12 અને 12થી 3નો શો ફક્ત મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. દત્તાત્રેય વિ. સ્ટેટ ઓફ બોમ્બેના કેસમાં ફક્ત મહિલાઓ માટે શિક્ષણ સંસ્થાઓ કાયદેસર ઠરાવવામાં આવી હતી. યુસુફ અબ્દુલ અઝીઝ વિ. સ્ટેટ ઓફ બોમ્બેના કેસમાં ભારતીય ફોજદારી ધારા (Indian Penal Code) ની ક. 497 અનુ. 14 અને 15(1) હેઠળ પડકારવામાં આવી હતી. ક. 497માં વ્યભિચાર (adultery) બદલ પુરુષને જ સજા કરવાની જોગવાઈ છે. સહાયક (abetor) તરીકે સ્ત્રી દોષિત હોય તો પણ તેને સજા (Punishment) માંથી મુક્તિ (exemption) અપાયેલ છે. સર્વોચ્ચ અદાલતે આ કલમ કાયદેસર ઠરાવેલ છે, કારણ કે આ મુક્તિ માત્ર લીંગ પર આધારિત નથી, પરંતુ અનુ. 15(3) હેઠળ રાજ્યને સ્ત્રીઓ-બાળકો માટે ખાસ કાયદાઓ ઘડવાની છૂટ આપવામાં આવી છે. તે જ રીતે, ભારતીય ફોજદારી ધારાની ક. 354, કે જેનાથી માત્ર સ્ત્રીની લજ્જા (modesty of a woman) ની જોગવાઈ છે, સર્વોચ્ચ અદાલતે એક કેસ-98પીમાં કાયદેસર ઠરાવેલ છે.

સર્વોચ્ચ અદાલતે ગીતા હરિહરન વિ. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના કેસમાં આપેલ નિર્ણય બાદ માતાને કુદરતી વાલી તરીકેનો અધિકાર પ્રાપ્ત થયો છે. આ કેસમાં ઠરાવાયું છે કે માતાનું સ્થાન પિતા પછીના સ્થાને મૂકેલ હોવાથી અનુ. 14 અને અનુ. 15નો ભંગ થાય છે. આ કેસમાં વધુમાં ઠરાવાયેલ છે કે પિતા એવો હકદાવો (claim) ન કરી શકે કે તે જ માત્ર કુદરતી વાલી (natural guardian) છે. ગાયત્રીદેવી પનસારી વિ. સ્ટેટ ઓફ ઓરિસ્સાના કેસમાં 24 કલાક ચાલુ રહેતી દવાની દુકાનોમાં સ્ત્રીઓ માટે 30% અનામતની ઓરિસ્સા રાજ્યની જોગવાઈ કાયદેસર ઠરાવી હતી.

અનુ. 16 જાહેર રોજગારી (Public employment) ની બાબતમાં તકની સમાનતા (Equality or Opportunity) ની ખાતરી આપે છે. કુ. સી. બી. મુથમ્મા વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં Indian Foreign Service (Conduct and Discipline) Rules, 1961 નો Rule 8(2) તેમજ Indian Foreign Service (Recruitment, Cadre, Seniority and Promotion) Rules, 1961 નો Rule 18(4) પડકારવામાં આવેલ. Rule 8(2) મુજબ વિદેશી સેવા (Foreign Service) ના સ્ત્રી સભ્યે લગ્ન પૂર્વે સરકારની લેખિત મંજૂરી લેવા જણાવવામાં આવેલ છે. જ્યારે 18(4)માં એવી જોગવાઈ છે કે કોઈ સ્ત્રી હક્કની રુએ સેવામાં નિમણૂક મેળવવા હકદાર બનશે નહીં. સર્વોચ્ચ અદાલતે આ બંને નિયમો અનુ. 14, અનુ. 16 અને અનુ. 21નો ભંગ કરતા હોવાનું ઠરાવેલ છે. જસ્ટીસ કૃષ્ણઆયરે નોંધ્યું કે અનુ. 14 અને અનુ. 16ની આટલી કરુણ ઉપેક્ષા બંધારણ પુસ્તક અને કાર્યરત કાયદા વચ્ચેનો તફાવત દર્શાવે છે. તેમના શબ્દો છે : That, our founding faith enshrined in Articles 14 and 16 should have been tragically ignored vis-a-vis half of India's reflection on the distance between the constitution in the book and the law in action.

એસોસીએટ બેંક્સ ઓફિસર્સ એસોસિએશન વિ. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે સ્ત્રીઓ પુરુષ કામદારો કરતાં સહેજ પણ ઓછી ઉતરતી નથી અને તેથી લિંગના આધારે કોઈ ભેદભાવ થવો જોઈએ નહીં. વિજયલક્ષ્મી વિ. પંજાબ યુનિવર્સિટીના કેસમાં મહિલા કૉલેજ માટે મહિલા આચાર્ય (Lady Pricipal) ની નિમણૂક માટેની જોગવાઈ કાયદેસર ઠરાવેલ છે, કારણ કે આ વાજબી વર્ગીકરણ છે અને કાયદાથી જે હેતુ સાધવાનું લક્ષ્ય છે તેની સાથે તેને સંબંધ છે.

અનુ. 19(1)(g) હેઠળ દરેક નાગરિકને કોઈપણ ધંધો, વેપાર કે વ્યવસાય કરવાનું સ્વાતંત્ર્ય છે. કામના સ્થાને કોઈ સ્ત્રીની જાતિય સતામણી (Sexual harassment) થાય તો તેનાથી આ મૂળભૂત અધિકારનો ભંગ થાય છે. આ અંગેના દિલ્હી ડોમેસ્ટિક વર્કિંગ વિમેન ફોરમ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને વિશાખાના કેસો આપણે જોઈ ગયા છીએ. વિશાખાના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે કામના સ્થળે સ્ત્રીની જાતિય સતામણીનો દરેક બનાવ જાતિ સમાનતા (gender equality) ના અને જીવન અને સ્વાતંત્ર્યના મૂળભૂત અધિકારોનો ભંગ કરે છે. (Each incident of sexual harassment of women at workplace results in violation of faundamental rights of Gender Equality and the Right to life and liberty).

અનુ. 21થી જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્યની ખાતરી અપાયેલ છે. જીવન એટલે માત્ર પશુ માફક જીવન નહીં, પરંતુ ગૌરવપૂર્વક જીવન. તેથી સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. મધુકર નારાયણના કેસમાં ઠરાવેલ છે કે હલકા ચારિત્ર્યની સ્ત્રી પણ ગુપ્તતાના અધિકાર (Right of Privacy) માટે હકદાર છે. ગૌરવ જૈન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા કેસમાં વેશ્યાઓ માટે તાલીમ, શિક્ષણ અને પુનઃસ્થાપન માટે ભાર મુકાયેલ છે. વિશાખાના કેસમાં જીવનનો અધિકાર મૂળભૂત માનવ અધિકાર તરીકે ગણાવાયેલ છે અને ઠરાવાયેલ છે કે આ અધિકારને Universal Declaration of Human Rights, 1948, Declaration on the Elimination of Violence Against Women, Covenant on Civil and Political Rights, 1966 તેમજ Covenant on Economic, Social and Cultural Rights, 1966 ની સાથે વાંચવાનો છે. ચેરમેન, રેલવે બોર્ડ વિ. ચંદ્રિમાદાસના કેસમાં ઠરાવાયું છે કે બળાત્કારથી ગૌરવપૂર્વક જીવન જીવવાના અધિકારનો ભંગ થાય છે.

સ્ત્રીઓના શોષણ સામે રક્ષણ આપવા માટે અનુ. 23(1)થી માનવ વેપારની મનાઈ ફરમાવવામાં આવેલ છે. વેશ્યાવૃત્તિને ડામવા માટે સંસદે The Immoral Traffic (Prevention) Act, 1956 પસાર કરેલ છે. વિશાલ જીત વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે માનવ વેપારમાં દેવદાસીનો સમાવેશ થાય છે. બાળકોને દત્તક આપવાના બહાને તેમનું શોષણ થતું હોય છે. લક્ષ્મીકાંત પાંડે વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં સર્વોચ્ચ અદાલતે વિદેશમાં બાળકોને દત્તક આપી તેમને ગુલામો અને ભિખારીઓ તરીકે કામ કરવાની ફરજ પાડવામાં આવેલ હોવા વિશે સારો પ્રકાશ પાથરેલ છે. આંતરદેશીય દત્તકવિધાન અંગે કોઈ કાનૂન ન હોવાથી સર્વોચ્ચ અદાલતે તે બાબતે કેટલાંક માર્ગદર્શક સૂચનો જારી કરેલ હતાં અને સંસદને તે બાબતે કાયદો ઘડવાની એમ જણાવીને સૂચના આપી હતી કે અનુ. 15(3), અનુ. 23, 24, 39(c) અને (f) હેઠળ આવો કાયદો ઘડવાની રાજ્યની બંધારણીય ફરજ છે.

- **સ્ત્રીઓના અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો :**

બંધારણના અનુચ્છેદો 37થી 51માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો (Directive Principles of the State Policy) સમાવિષ્ટ છે. આ સિદ્ધાંતો કલ્યાણ રાજ્ય (Welfare State) ના આદર્શો છે. અનુ. 39(a) માં પુરુષ અને સ્ત્રી નાગરિકોને આજીવિકાનું પૂરતું સાધન મેળવવાના અધિકાર વિશે જોગવાઈ કરાયેલ છે. અનુ. 39(d) માં સ્ત્રી-પુરુષોને સરખા કામ માટે સરખું વેતન મળવાની જોગવાઈ છે. આના અનુસંધાને આપણે સમાન વેતન ધારો, 1976 (Equal Remuneration Act, 1976) પસાર કરાયેલ છે. સ્ટેટ ઓફ એમ.પી. વિ. પ્રમોદ ભારતીયના કેસમાં સર્વોચ્ચ અદાલતે આ અધિકાર માન્ય કરેલ છે.

અનુ. 42માં સ્ત્રીઓ માટે એક મહત્ત્વના અધિકારની જોગવાઈ કરાયેલ છે. તે મુજબ રાજ્ય, કામ અંગેની ન્યાયી અને માનવીય શરતો અને પ્રસૂતિ સહાય માટે જોગવાઈ કરશે. આના અનુસંધાને આપણે ત્યાં જે કેટલાંક કાયદાઓ અમલમાં છે તેની યાદી સૌ પ્રથમ જોઈએ :-

- કામદાર વળતર ધારો, 1923
- કામદાર રાજ્ય વીમા ધારો, 1948
- લઘુતમ વેતન ધારો, 1948

- પ્રસુતિ લાભ ધારો, 1961
- બોનસ ચુકવણી ધારો, 1966
- ગ્રેજ્યુઈટી ચુકવણી ધારો, 1972

સર્વોચ્ચ અદાલતે દત્તાત્રેય વિ. સ્ટેટ ઓફ બોમ્બેના કેસમાં ઠરાવેલ છે કે અનુ. 42 હેઠળ પ્રસૂતિ રાહતની જોગવાઈથી અનુ. 15(1)નો ભંગ થતો નથી. સર્વોચ્ચ અદાલતે મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હીના કેસમાં ઠરાવેલ છે કે રોજમદાર કામદારો (Daily wages employees) પણ પ્રસૂતિ લાભ ધારાનો લાભ મેળવવા હકદાર છે. અનુ. 44માં સમાન નાગરિક ધારો (Daily Civil Code) ઘડવાની જોગવાઈ છે. શાહબાનુ કેસમાં સર્વોચ્ચ અદાલતે સમાન નાગરિક ધારો ઘડવા પર ભાર મૂક્યો હતો. ત્યાર બાદ સરલા મુદ્ગલ કેસમાં પણ સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને સમાન નાગરિક ધારો ઘડવા સૂચના આપી હતી. ડેનિયલ લતિફ વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં પણ આ પ્રશ્નની ચર્ચા કરવામાં આવેલ છે.

- **સ્ત્રીઓ તરફ બંધારણીય ફરજો :**

બંધારણમાં 42મા બંધારણીય સુધારાથી અનુચ્છેદ 51A નવો ઉમેરીને નાગરિકોની ફરજો નિયત કરવામાં આવી છે. તેમાં ક્લોઝ (ઈ)માં સ્ત્રીઓના ગૌરવને હાનિકારક વ્યવહારોનો ત્યાગ કરવા જણાવાયેલ છે. સ્ત્રીઓના ગૌરવને હાનિકારક ઘણી બાબતો સમાજમાં પ્રચલિત છે. જેમ કે છોકરીઓ, સ્ત્રીઓને (પરિણીત હોય તો પણ) તુંકારે બોલાવવામાં આવે છે. કોઈ સમારંભમાં પુરુષોને આગળ અને સ્ત્રીઓને પાછળ સ્થાન (બેઠક) આપવામાં આવે છે. કોઈપણ બાબતનો ત્યાગ કરવાનો હોય તો સૌ પ્રથમ સ્ત્રીઓને આગળ ધરવામાં આવે છે. લાજ અથવા બુરખો સ્ત્રીઓના ગૌરવને હાનિકારક બાબત છે. તેથી તેનો ત્યાગ કરવો જોઈએ. તે જ રીતે ભોજન કાર્યક્રમમાં સ્ત્રીઓને છેલ્લે ભોજન લેવાનો વારો આવતો હોય છે. આવી પ્રથાઓ ત્યજવી જોઈએ. કેટલીક કહેવતો પણ સ્ત્રીઓને ઉતારી પાડનાર હોય છે.

જેમ કે 'દીકરીને ગાય, દોરે ત્યાં જાય', 'ગરીબની વહુ સૌની ભાભી', 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ' વગેરે. વાર્તાઓ, ચલચિત્રો, જાહેરાતોમાં પણ સ્ત્રીઓને ઉતરતી દર્શાવવામાં આવે છે. તેનાથી આ મૂળભૂત ફરજનો ભંગ થાય છે, પરંતુ આ ફરજો ન્યાયક્ષમ (justiceable) ન હોવાથી કાનૂની રીતે આપણે લાચાર છીએ. સામાજિક જાગૃતિ તેનો ઉપાય છે.

- **પંચાયતોમાં સ્ત્રીઓ માટે અનામત :**

બંધારણના 73 અને 74મા સુધારાઓથી અનુચ્છેદો 243A થી 243ZG સુધી નવા ઉમેરાયેલ છે. અનુ. 243D અને અનુ. 243T થી પંચાયતો અને શહેર સુધરાઈઓમાં સ્ત્રીઓ માટે 1/3 અનામત રાખવાની જોગવાઈ કરાયેલ છે. સંસદ અને વિધાનસભામાં 33% અનામત ખરડો હજુ સુધી પસાર કરી શકાયેલ નથી.

- **ભારતમાં સ્ત્રીઓના માનવીય અધિકારો પર તરાપ :**

1948માં સંયુક્ત રાષ્ટ્રસંઘે માનવીય અધિકારો વિશે જે વૈશ્વિક ઢંઢેરો સ્વીકાર્યો છે તે ગતિ, વર્ણ, લિંગ, ભાષા કે અન્ય દરજ્જાના ભેદ વિના સર્વનું રક્ષણ કરે છે (અનુચ્છેદ 2). તેમાં જાહેરાત કરવામાં આવી છે કે, 'દરેકને જિંદગીનો, સ્વાતંત્ર્યનો અને અંગત સલામતીનો અધિકાર છે.' (અનુચ્છેદ 3) અને કોઈ વ્યક્તિ પર અત્યાચાર નહીં કરવામાં આવે કે તેની પરત્વે ક્રૂર, અમાનવીય અથવા અપમાનિત કરે તેવો વ્યવહાર નહીં કરવામાં આવે. તદુપરાંત 1993ની વિયેનાની માનવીય હક્કોની વૈશ્વિક પરિષદનો ઢંઢેરો જાહેર કરે છે કે છોકરીઓના અને સ્ત્રીઓના માનવીય અધિકારી વૈશ્વિક માનવીય અધિકારોનું અભિન્ન, અંતગતિ અને અવિભાજ્ય અંગ છે.

સ્ત્રીઓ પર જાહેરમાં અથવા ખાનગીમાં થતા અત્યાચાર નાબૂદ કરવા માટે વિયેનાની, માનવીય અધિકારો પર મળેલી વૈશ્વિક પરિષદમાં થયેલા સમર્થન છતાં સમગ્ર દુનિયામાં સ્ત્રીઓ પર શારીરિક અને માનસિક અત્યાચાર કરવામાં આવે છે. તેમજ જાતિય દુર્વ્યવહાર આચરવામાં આવે

છે. તેમને મારઝુડ કરવામાં આવે છે, તેમની પર બળાત્કાર થાય છે અને તેમને ભૂમિવિહીનતા, દરિદ્રતા અને ભૂખમરા તરફ ધકેલવામાં આવે છે. ભારતમાં ઘણી સ્ત્રીઓ પર દહેજ પ્રથા અભિશાપ બની ગઈ છે. સામાજિક-આર્થિક અને રાજકીય રચનાના સર્વ પ્રદેશોમાં સ્ત્રીઓ વિરુદ્ધ વ્યાપકપણે ભેદભાવ પ્રવર્તે છે. તેમને ન્યાય મળતો નથી અને નીતિ ઘડતરમાં તેમનું કંઈ ઉપજવા દેવામાં આવતું નથી. લોક માધ્યમોમાં તેમને વારંવાર જાતિય રમકડાં તરીકે અને દ્વિતીય દરજ્જાના નાગરિક તરીકે પ્રયોજીને તેમનો દુરુપયોગ કરે છે.

બાળલગ્નો કિશોરીઓને નાની વયમાં સગર્ભા બનાવે છે તેથી તેમનું સ્વાસ્થ્ય જોખમાય છે અને ઘણી કિશોરીઓ મૃત્યુ પામે છે. શિક્ષણ અને સ્વાસ્થ્યના હકોથી છોકરીઓ કે સ્ત્રીઓ વંચિત રહે છે. સરખા કામ માટે સરખા વેતનનો હક તેમને પ્રાપ્ત થયો નથી. ઘરની ચાર દીવાલોમાં તેમને ગોંધી રાખીને અને ઘણાં દાખલાઓમાં પરદો પળાવીને કે ઘૂમટો કઢાવીને પિતૃસત્તાક સમાજ તેમને તેમના મુક્ત વક્તવ્યના મૂળભૂત અધિકારથી વંચિત રાખે છે.

યુદ્ધના સમય દરમિયાન સ્ત્રીઓએ જાતિય દુર્વ્યવહાર, જૂથમાં બળાત્કાર અને પરાણે ગર્ભધારણના અત્યાચાર સહેવા પડે છે. ભારતમાં વર્ણ કે કોમને અનુલક્ષીને થતાં તોફાનો જેવી અશાંત નાગરિક પરિસ્થિતિમાં તેવાં જ અત્યાચારો થાય છે.

સ્ત્રીઓ સામાન્ય રીતે તેમના ઘરોમાં, વસ્તીમાં અને ગામોમાં દુર્વ્યવહાર સહન કરે છે અને આવા દુર્વ્યવહારો સ્ત્રીઓ પર થતા હોય છે તેથી તે વૈશ્વિક માનવીય અધિકારોનો ભાગ નથી એવું માની લેવું ખોટું છે, પણ માનવીય અધિકારોનો સંઘર્ષ આપણા જીવનની રોજિંદી વાસ્તવિકતાઓ અને આપણે માનવપ્રાણીઓ છીએ તેમાંથી ફલિત થાય છે અને પુરુષો તેમજ સ્ત્રીઓ સ્વાતંત્ર્ય, સમાનતા અને સન્માનપૂર્વક જીવવા ઇચ્છે છે તેથી માનવીય અધિકારોના વૃદ્ધિ અને વિકાસ માનવ સ્વભાવના પાયામાં છે.

સ્ત્રીઓના અધિકાર માનવ અધિકાર છે - વિયેના જાહેરનામું વિ. 2, 3, - 36 થી 44

- **સ્ત્રીઓનો સમાન દરજ્જો અને માનવ અધિકાર :**

માનવ અધિકાર વિશેની આ વૈશ્વિક પરિષદ આગ્રહ રાખે છે કે સ્ત્રીઓ સમાનતાપૂર્વક સંપૂર્ણપણે સર્વ માનવ અધિકાર માણે અને દેશોની સરકારોમાં અને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં તેને અગ્રતા અપાય. માનવ અધિકાર પરની આ વૈશ્વિક પરિષદ સ્ત્રીઓ વિકાસની પ્રક્રિયામાં વિકાસ કરનાર અને લાભાર્થી તરીકે પૂરેપૂરી જોડાય તેમજ સંપૂર્ણ ભાગીદારી કરે તેની અગત્યતા પર ભાર મૂકે છે અને વધુમાં સંયુક્ત રાષ્ટ્રસંઘે પર્યાવરણ અને વિકાસ પરિષદમાં (રિયો ડી જીનેરો, બ્રાઝિલ, 3-14 જૂન 1992) સ્વીકારેલા એજન્ડા-21 પર્યાવરણ અને વિકાસ અંગેના રિયો જાહેરનામામાં તેમજ એજન્ડા-21ના પ્રકરણ-24માં જણાવ્યા પ્રમાણે સ્ત્રીઓ માટે સમાનતાભરી અને દીર્ઘકાલક્ષમ વૈશ્વિક પ્રક્રિયા માટે નિશ્ચિત કરેલા ઉદ્દેશોનું પુનરુચ્ચારણ કરે છે.

સ્ત્રીઓનો સમાન દરજ્જો અને સ્ત્રીઓના માનવ અધિકાર સંયુક્ત રાષ્ટ્રસંઘના સંસ્થાકીય માળખાના મુખ્યપ્રવાહમાં સમરસ થવા જોઈએ. સંયુક્ત રાષ્ટ્રસંઘના પ્રસ્તુત શાખા અને તંત્રોમાં નિયમિતપણે અને પદ્ધતિસર આ મુદ્દાઓ પર વિચારણા થવી જોઈએ. સવિશેષપણે, સ્ત્રીઓના દરજ્જાવિષયક કમિશન, માનવ અધિકાર વિષયક કમિશન, સ્ત્રીઓ પરત્વેના ભેદભાવ દૂર કરવા અંગેની સમિતિ, સંયુક્ત રાષ્ટ્રસંઘનું સ્ત્રીવિષયક ફંડ (યુનિફેમ) સંયુક્ત રાષ્ટ્રસંઘનો વિકાસાત્મક કાર્યક્રમ (યુએનડીપી) અને સંયુક્ત રાષ્ટ્રસંઘની કાર્યકારી સમિતિઓ વચ્ચે પરસ્પર સહકાર વધે અને ઉદ્દેશો તેમજ છેવટનાં પરિણામો વિશે વધુ એકત્વ સધાય તેવાં પગલાં લેવાં જોઈએ. આ સંદર્ભે માનવ અધિકાર વિષયક કેન્દ્ર અને સ્ત્રીઓની પ્રગતિવિષયક વિભાગ વચ્ચે સહકાર અને સંયોજન બળવત્તર બનાવવાં જોઈએ.

ખાસ કરીને અધિકારીની આ વૈશ્વિક પરિષદ આગ્રહ રાખે છે કે જાહેર અને ખાનગીમાં સ્ત્રી પર આચરાતી હિંસા નાબૂદી, દરેક પ્રકારની જાતિય સતામણીની નાબૂદી, સ્ત્રીના શોષણ તેમજ વેચાણ, ન્યાયની પ્રક્રિયામાં સ્ત્રી વિરુદ્ધ પૂર્વગ્રહો, સ્ત્રીઓના અધિકાર અને કેટલીક રુઢિગત રીતિઓમાં,

સાંસ્કૃતિક પૂર્વગ્રહો અને ધાર્મિક આત્યંતિકતાઓ વચ્ચે થતા સંઘર્ષો વિશે કાર્ય થવું જોઈએ. માનવ અધિકાર પરની આ વૈશ્વિક પરિષદ સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાને હાકલ કરે છે કે સ્ત્રીઓ વિરુદ્ધ આચરાતી હિંસા વિશેના જાહેરનામાના ખરડાને સ્વીકારે અને દેશોની સરકારને આગ્રહપૂર્વક જણાવે છે કે તેની કલમો પ્રમાણે સ્ત્રીઓ વિરુદ્ધ આચરાતી હિંસાનો સામનો કરે. સશસ્ત્ર સંઘર્ષો દરમિયાન સ્ત્રીઓના માનવ અધિકાર પર પડતી તરાપ તે આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના મૂળગત સિદ્ધાંતો અને માનવિયતાના કાનૂન પર પડતી તરાપ છે. આ પ્રકારના અત્યાચારો તેમાં ખાસ કરીને ખૂન, ચોક્કસ હેતુપૂર્વકના બળાત્કાર, જાતિય ગુલામી, બળપૂર્વક લાદેલી સગર્ભાવસ્થા સવિશેષ અસરકારક પ્રતિભાવની અપેક્ષા રાખે છે.

માનવ અધિકારવિષયક આ વૈશ્વિક પરિષદ આગ્રહ રાખે છે કે સ્ત્રીઓ પરત્વેના પ્રત્યક્ષ કે પરોક્ષ સર્વ પ્રકારના ભેદભાવ નાબૂદ થાય. 2000ના વર્ષ સુધીમાં સર્વ દેશો સ્ત્રીઓ પ્રત્યેના સર્વ પ્રકારના ભેદભાવ નાબૂદી સંધિ (સીડો)ને સ્વીકારે તેમ સંયુક્ત રાષ્ટ્રસંઘે પ્રોત્સાહિત કરવા જોઈએ. આ સંધિમાં જે વિગતો પર અભિપ્રાયો અનામત રખાયા છે તેમને દૂર કરવાના પગલાં વિચારી લેવા જોઈએ. સાથે સાથે સ્ત્રીઓ પરત્વેના ભેદભાવ દૂર કરવા નિમાયેલી સમિતિએ આવા સંધિ પ્રત્યેના અનામત રખાયેલા મુદ્દાઓ પર પુનર્વિચારણા કરવી જોઈએ. દેશોને વિનંતી કરીએ કે સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય સુલેહના કાયદાનો ભંગ ન થતો હોય તેવા સંધિના ઉદ્દેશ અને હેતુથી વિરુદ્ધ જતાં મુદ્દાઓ પર રાખેલી અનામત પાછી ખેંચે.

જે માળખાઓ દ્વારા આંતરદેશીય સુલેહો પર નજર રાખવામાં આવે છે તેમણે સ્ત્રીઓ પોતાના માનવ અધિકારો સંપૂર્ણપણે અને સમાનતાપૂર્વક માણી શકે તે માટે ચાલુ અમલીકરણની પ્રક્રિયાઓનો અસરકારક ઉપયોગ કરવા સ્ત્રીઓને જરૂરી માહિતી પહોંચાડવી જોઈએ. સ્ત્રીઓની સમાનતા અને તેમના માનવ અધિકાર પરત્વે પ્રતિબદ્ધતાનું અમલીકરણ બળવત્તર બને તે માટે નવી પ્રક્રિયાઓ પણ સ્વીકારવી જોઈએ. સ્ત્રીઓના દરજ્જાવિષયક સમિતિ અને સ્ત્રીઓ પ્રત્યે આચરાતો ભેદભાવ નાબૂદી સમિતિએ સ્ત્રીઓ પ્રત્યે આચરાતા સર્વ પ્રકારના ભેદભાવ નાબૂદી સંધિ (સીડો)ના વિકલ્પે નિયમાવલિ દ્વારા અરજી કરવાના અધિકારને દાખલ કરવાની શક્યતા જલદી તપાસવી જોઈએ. માનવ અધિકાર પરની આ વૈશ્વિક પરિષદ માનવ અધિકાર કમિશને પોતાની પચાસમી બેઠકમાં સ્ત્રીઓ વિરુદ્ધ આચરાતી હિંસા અંગે એક સવિશેષ અહેવાલ લેખકની નિમણૂક અંગે વિચારણા કરવા લીધેલાં નિર્ણયને આવકારે છે.

પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન સ્ત્રીઓ ઊંચા ધોરણનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માણે તેની અગત્યતા માનવ અધિકાર પરની આ વૈશ્વિક પરિષદ સ્વીકારે છે. સ્ત્રીઓની વૈશ્વિક પરિષદ, સ્ત્રીઓ પ્રત્યેનાં સર્વ પ્રકારના ભેદભાવ નાબૂદી સંધિ અને તહેરાનના 1968ના જાહેરનામા સંદર્ભે માનવ અધિકાર પરની આ વૈશ્વિક પરિષદ, સ્ત્રી-પુરુષ સમાનતાના ધોરણે પર્યાપ્ત હોય અને સ્ત્રી સહેલાઈથી પ્રાપ્ત કરી શકે તેવી સ્વાસ્થ્ય સારવાર, કુટુંબ નિયોજન વિશે વિસ્તૃત સેવાઓ અને સર્વ સ્તરે શિક્ષણ પામવાનો અધિકાર પુનઃભારપૂર્વક સ્વીકારે છે.

દેશો વચ્ચે સુલેહ કરાવનારી સમિતિઓએ સ્ત્રી-પુરુષ સંબંધો અંગે મળતી જાણકારીને લક્ષ્યમાં લઈને સ્ત્રીઓના દરજ્જા અને તેમના માનવ અધિકારોની ચર્ચા તેમની વિચારણામાં અને નિર્ણયોમાં સામેલ કરવી જોઈએ. સુલેહ કરાવનારી સમિતિઓને દેશો પોતાના અહેવાલ મોકલે ત્યારે કાનૂની પરિસ્થિતિ અને હકીકતે જે પરિસ્થિતિ હોય તેની માહિતી મોકલે તે માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. માનવ અધિકાર પરની આ વૈશ્વિક પરિષદ સંતોષપૂર્વક નોંધે છે કે માનવ અધિકાર કમિશને તેની 49મી બેઠકમાં માનવ અધિકાર ક્ષેત્રમાં કાર્યરત જૂથો અને અહેવાલલેખકોને પણ તેમ કરવા પ્રોત્સાહિત કરતો ઠરાવ 1993/46, 8 માર્ચ 1993એ પસાર કર્યો. સ્ત્રીઓની પ્રગતિવિષયક વિભાગે પણ સંયુક્ત રાષ્ટ્રસંઘના અન્ય માળખાઓ તેમાંયે ખાસ કરીને માનવ અધિકાર કેન્દ્ર સાથે સહકાર કરીને સંયુક્ત રાષ્ટ્રસંઘની માનવ અધિકારની પ્રવૃત્તિઓ નિયમિતપણે સ્ત્રી પર જ આચારાય તેવા અપકૃત્યો અને સ્ત્રીઓના માનવ અધિકારો પર પડતી તરાપ પર ધ્યાન આપે તેવાં પગલાં લેવાં જોઈએ.

માનવ અધિકાર વિશેની આ વૈશ્વિક પરિષદ આગ્રહ રાખે છે કે દેશોની સરકાર અને પ્રાદેશિક તેમજ આંતરરાષ્ટ્રીય સંગઠનો નિર્ણાયક હોદ્દાઓ પર સ્ત્રીઓ પહોંચે અને નિર્ણાયક પ્રક્રિયા વધુ ભાગીદારી કરતી થાય તેવી સરળતા કરી આપે. સંયુક્ત રાષ્ટ્રસંઘના સચિવાલયમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના ખરડામાં ઉલ્લેખ્યા અનુસાર સ્ત્રીઓની નિમણૂકો અને બઢતી થાય તે માટે પ્રોત્સાહિત કરે છે અને સંયુક્ત રાષ્ટ્રસંઘના અન્ય મુખ્ય તેમજ ગૌણ માળખાઓમાં પણ સમાનતાના ધોરણે સ્ત્રીઓની ભાગીદારી ચોક્કસપણે હોય તેમ પ્રોત્સાહિત કરે છે.

માનવ અધિકાર વિશેની આ વૈશ્વિક પરિષદે બેઈજિંગમાં 1995માં ભરાયેલી વિશ્વ નારી પરિષદને આવકારી હતી અને આગ્રહ રાખે છે કે તેની ચર્ચાઓમાં સ્ત્રીઓની વૈશ્વિક પરિષદના અગ્રતાક્રમે સ્વીકારાયેલા સમાનતા, વિકાસ અને શાંતિના વિષયો સાથે સુમેળ સાધીને માનવ અધિકારના મુદ્દાની ભૂમિકા અગત્યની બને.

- **સંયુક્ત રાષ્ટ્રસંઘના જાહેરનામામાં સ્ત્રીઓ વિરુદ્ધના અત્યાચારની વ્યાખ્યા :**

  1993માં સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનાઈટેડ નેશન્સ)ની સામાન્ય સભા દ્વારા સર્વાનુમતે 'સ્ત્રીઓ વિરુદ્ધ થતાં અત્યાચારો'નાં ઉન્મૂલન અંગે એક જાહેરનામું પસાર કરવામાં આવ્યું. જાહેરનામાના આમુખમાં નીચેનાં મુદ્દાઓ છે.

(1) સમાનતા, વિકાસ અને શાંતિની પ્રાપ્તિના માર્ગમાં સ્ત્રીઓ પર કરવામાં આવતા અત્યાચારો એક અવરોધ બની રહે છે.

(2) તેમના પર થતાં અત્યાચારોને કારણે સ્ત્રીઓ માનવીય હકો અને મૂળભૂત સ્વતંત્રતા ભોગવી શકતી નથી અને તેમના આ હકો અને સ્વાતંત્ર્યનું ખંડન થાય છે એટલું જ નહીં પરંતુ તે હકો અને સ્વાતંત્ર્ય તેમને માટે તદ્દન નિરર્થક પુરવાર થઈ જાય છે.

(3) સ્ત્રીઓ પર થતાં અત્યાચો પુરુષ અને સ્ત્રી વચ્ચેના ઐતિહાસિક રીતે ચાલ્યા આવતાં અસમાન સત્તા-સંતુલનનું દ્યોતક છે. આને લીધે જ પુરુષો સ્ત્રીઓ ઉપર આધિપત્ય ભોગવે છે અને સ્ત્રીઓ વિરુદ્ધ ભેદભાવભર્યું વર્તન કરે છે.

(4) સ્ત્રીઓને હલકી સામાજિક સ્થિતિમાં રાખવા માટેની એક યુક્તિ તરીકે જ સ્ત્રીઓ પ્રત્યે અત્યાચાર અને ભેદભાવભર્યા વલણને અપનાવવામાં આવે છે.

(5) આ જાહેરનામું એ બાબતો સ્વીકાર કરે છે કે દરેક વર્ગ અને સંસ્કૃતિમાં કુટુંબ અને સમાજમાં સમગ્ર રીતે સ્ત્રીઓ પ્રત્યે અત્યાચારી વ્યવહાર આચરવામાં આવે જ છે.

**કલમ-1 :** એવો કોઈ પણ પ્રકારનો વ્યવહાર જેનું પરિણામ અથવા સંભવતઃ પરિણામ શારીરિક, જાતિય અથવા માનસિક રૂપે સ્ત્રીઓને પરિપાત અને હાનિ પોંચાડે તેવું હોય અને તેમાં આવો વ્યવહાર કરવાની ખાનગીમાં કે જાહેરમાં ધમકી આપવી, દબાણ લાવવું, તેમની સ્વાતંત્રતાને મનફાવે તે રીતે છીનવી લેવી.

**કલમ-2 :** સ્ત્રીઓ પ્રત્યેના અત્યાચારને નીચે વર્ણવેલા વ્યવહાર તરીકે ગણવામાં આવશે, પરંતુ કેવળ તેટલામાં જ તે સિમિત નહિ ગણાય :

(ક) શારીરિક, જાતિય અને માનસિક ત્રાસ જે કુટુંબમાં પહોંચાડવામાં આવતો હોય, જેમાં મારપીટ, જાતિય શોષણ અને કુટુંબીજનો દ્વારા ઘરની નાની વયની છોકરીઓ પર જાતિય અત્યાચારો, દહેજ સંબંધી ત્રાસ, પરિણિતા પર બળાત્કાર, છોકરીઓના જનનાંગોને વિકૃત કરવાની ચેષ્ટા અને અન્ય પારંપરિક રીતે સ્ત્રીઓને હાનિ પહોંચાડતો વ્યવહાર, પતિ સિવાયના પણ અન્ય કુટુંબીઓ દ્વારા અત્યાચાર અને શોષણ સંબંધી અન્ય અત્યાચારો.

(ખ) સામાન્ય જનસમૂહોના થતાં શારીરિક, જાતિય અને માનસિક અત્યાચારો જેમાં બળાત્કાર, જાતિય દુરુપયોગ, જાતિય શોષણ, શૈક્ષણિક સંસ્થા કે અન્યત્ર કામ કરતી વખતે સ્ત્રીઓને અપાતો ત્રાસ, સ્ત્રીઓને ક્રય-વિક્રય અને ફરજિયાત વેશ્યાવૃત્તિ વગેરે.

(ગ) રાજ્ય તરફથી થતાં કે તેના દ્વારા અવગણના પામતા દરેક વ્યવહારો જ્યાં થતા હોય ત્યાં અને જેના થકી સ્ત્રીઓની વિરુદ્ધ શારીરિક, જાતિય અને માનસિક સ્તરે આચરવામાં આવતાં અત્યાચારો.

**કલમ-3 :** દરેક રાષ્ટ્ર પ્રત્યે આ જાહેરનામા દ્વારા અપેક્ષા :

(1) સ્ત્રીઓને સુરક્ષા આપતાં યોગ્ય કાયદાઓ અને વિધિઓની રચના કરવી.

(2) સ્ત્રીઓ વિરુદ્ધ થતા અત્યાચારોના ઉન્મૂલન માટે રાષ્ટ્રીય સ્તરે યોજનાઓ કરવી.

(3) સ્ત્રીઓ વિરુદ્ધ થતા અત્યાચારો અંગેની સમસ્યાઓ વિશે પોલીસો, વકીલો અને ન્યાયાધીશોને તાલીમ આપવી.

(4) અત્યાચારનો ભોગ બનેલી સ્ત્રીઓને સહાયતા થવા માટે સવિશેષ કેન્દ્રો, સલાહકેન્દ્રો અને અન્ય સામાજિક સેવાઓની સ્થાપના કરવી.

(5) સ્ત્રીઓ પ્રત્યેના અત્યાચારોના મૂળમાં રહેલા સ્ત્રીઓ વિશેના પૂર્વગ્રહોના નિરસનના હેતુથી એ મુજબનું શૈક્ષણિક માળખું ઊભું કરવું.

(6) સ્ત્રીઓ વિરુદ્ધ થતાં અત્યાચારોની સમસ્યાને વધુ ને વધુ ચર્ચામાં અને જાહેરમાં લાવવાનાં હેતુથી અને તેથી તેની જાગરૂકતાના વિકાસના હેતુથી આ અત્યાચારો વિશે આંકડાકીય માહિતી એકઠી કરી તેનું વિશ્લેષણ કરતાં રહેવું.

સમાજમાં સ્ત્રીઓ વિરુદ્ધ થતાં અત્યાચારપૂર્ણ વ્યવહારના કારણો કયા કયા છે ? સંયુક્ત રાષ્ટ્રસંઘનું જાહેરનામું સમાજમાં રહેલા ઐતિહાસિક સત્તાસંતુલનનો અભાવ સ્ત્રીઓના દમનનું કારણ છે તેમ જણાવે છે.

સ્ત્રીઓ વિરુદ્ધના તમામ પ્રકારના ભેદભાવો માટે એક આંતરરાષ્ટ્રીય સમજૂતી થયેલ છે. (Convention on the Elimination of All Forms of Discrimination against Women). ટૂંકમાં તેને CEADAW તરીકે ઓળખવામાં આવે છે. આ સમજૂતીમાં ગ્રામ વિસ્તારની સ્ત્રીઓની ઉન્નતિ માટે કેટલીક જોગવાઈઓ મૂકવામાં આવેલ છે. આર્થિક ક્ષેત્ર તેમજ કુટુંબના વિકાસમાં સ્ત્રીઓએ આપેલ યોગદાનને ધ્યાનમાં રાખી આ સમજૂતીથી સ્ત્રીઓ માટે નીચેના અધિકારોની જોગવાઈ કરવામાં આવી છે.

**અનુચ્છેદ-9 :**

(એ) તમામ સ્તરોએ વિકાસ પ્રક્રિયાના અમલમાં ભાગ લેવાનો,

(બી) આરોગ્ય સવલતો, કુટુંબ નિયોજન વિશે માહિતી, સલાહ અને સેવાઓ મેળવવાનો,

(સી) સામાજિક સલામતી કાર્યક્રમોનો સીધો લાભ મેળવાનો,

(ડી) સાક્ષરતા સહિત, ઔપચારિક કે અનૌપચારિક શિક્ષણ, તાલીમ મેળવવાનો, પોતાની ટેક્નિકલ કાર્યક્ષમતા વધારવા માટે વિસ્તરણ સેવાઓનો લાભ લેવાનો.

(ઇ) રોજગારી અથવા સ્વરોજગારી મારફત આર્થિક તકોમાં સ્વમદદ જૂથો અને સહકારી મંડળીઓ સ્થાપવાનો,

(એફ) તમામ સામૂહિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો,

(જી) ખેતી ધિરાણ, લોન, વેચાણ સવલતો, ટેક્નોલોજી, જમીન સુધારાઓ અને જમીન પુનર્વસવાટ યોજનામાં ભાગ લેવાનો, અને

(એચ) મકાન, આરોગ્ય, વીજળી, પાણી પુરવઠો, પરિવહન અને સંદેશાવ્યવહાર સંબંધમાં પૂરતી યોગ્ય સવલતો પ્રાપ્ત કરવાનો.

આ સમજૂતીનો અનુચ્છેદ 11 પણ મહત્ત્વનો છે. તેનો સંબંધિત ભાગ નીચે આપેલ છે.

**અનુચ્છેદ-11 :**

(1) પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે સમાનતા સિદ્ધ કરવા માટે રોજગારીના ક્ષેત્રમાં સ્ત્રીઓ વિરુદ્ધના તમામ ભેદભાવોની નાબૂદી માટે રાજ્ય પક્ષકારો યોગ્ય પગલાં લેશે અને ખાસ કરીને,

(એ) કામનો અધિકાર તમામ માનવીઓનો અપરિવર્તનીય અધિકાર રહેશે,

(એફ) પ્રજોત્પાદકતાના કાર્યની સલામતી સહિત આરોગ્ય રક્ષણનો અને કામકાજની સ્થિતિમાં સલામતીનો અધિકાર.

## 2. બાળકોના માનવ અધિકારો :

બાળકોના માનવ અધિકારોનો પ્રશ્ન, સ્ત્રીઓના માનવ અધિકારના પ્રશ્ન જેવો જ ઉગ્ર અને કરુણ છે. ભારતીય બંધારણમાં સ્ત્રીઓ અને બાળકોની ઉન્નતિ માટે વિશેષ કાયદાઓ કરવાની છૂટ આપવામાં આવી છે. જો સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ કાયદાઓ ઘડવામાં આવે, તો તેનાથી સમાનતાના બંધારણીય માનવ અધિકારનો ભંગ થતો નથી. આવા કેટલાય એક કાયદાઓ ઘડવામાં પણ આવ્યા છે. દા.ત. બાળકોને ભારે કામમાં મજૂરી કરાવવા પણ કાયદાથી પ્રતિબંધ છે. તે જ રીતે, કાયદાથી બાળલગ્ન પર પણ પ્રતિબંધ છે.

ભારતીય બંધારણના અનુ. 15(3)માં બાળ કલ્યાણની વાત કરવામાં આવેલ છે. અનુ. 24માં બાળકોને ભયકારક કામોમાં મજૂરીએ રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અનુ. 45થી રાજ્યને 14 વર્ષથી નીચેનાં બાળકો માટે મફત, સાર્વજનિક અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવાનો આદેશ અપાયો છે કે જેથી બાળકોને તંદુરસ્ત રીતે વિકાસ કરવાની તક મળે અને બાળકોને શોષણ સામે રક્ષણ મળે. આ સંદર્ભમાં આપણે બાળકોની સ્થિતિ તપાસીએ તો તે ઘણી નિરાશાજનક છે. ભારતે છેક 1994માં બાળકો માટેની રાષ્ટ્રીય નીતિ જાહેર કરી છે. આનો અર્થ જ એ થાય છે કે બાળકલ્યાણ માટેની આપણી ચિંતા કૃત્રિમ છે. 1992માં બાળક અધિકારો પરની સમજૂતી પર ભારતે સહીસિક્કા કર્યા છે. આ સમજૂતી પર સહીસિક્કા કરનાર દરેક દેશે બાળકો માટે નીચેના અધિકારોનું પાલન કરવા જણાવવામાં આવેલ છે. 1990માં ન્યૂયોર્કમાં બાળકોના અધિકારો અંગેનું વિશ્વ શિખર સંમેલન યોજાયું હતું. આ અંગેનાં જાહેરનામામાં નીચેના અધિકારો સમાવિષ્ટ કરાયા છે.

**(1) જીવનનો અધિકાર (Right to Survival) :**

બાળકના આ અધિકારમાં સર્વોચ્ચ આરોગ્ય ધોરણ, પોષણ અને પૂરતાં જીવનધોરણનો તેમજ નામ અને રાષ્ટ્રીયતાનો સમાવેશ થાય છે.

**(2) રક્ષણનો અધિકાર (Right to Protection) :**

બાળકના આ અધિકારમાં શોષણના તમામ સ્વરૂપો, અત્યાચાર, અમાનવીય અને અપમાનકારક વ્યવહાર અને ઉપેક્ષા સામે રક્ષણના અધિકારનો સમાવેશ થાય છે. કટોકટી અને સશસ્ત્ર સંઘર્ષમાં ખાસ રક્ષણ મેળવવાનો પણ દરેક બાળકનો અધિકાર છે.

**(3) વિકાસનો અધિકાર (Right to Development) :**

બાળકના આ અધિકારમાં શિક્ષણ, કાળજી અને બાળપણના વિકાસ માટે અવલંબન, સામાજિક સુરક્ષા, ફુરસદ, મનોરંજન તેમજ સાંસ્કૃતિક અધિકારોનો સમાવેશ થાય છે.

**(4) સહભાગી થવાનો અધિકાર (Right to Participation) :**

બાળકના આ અધિકારમાં બાળકોના અભિપ્રાયો માટે આદર, અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, યોગ્ય માહિતી, વિચાર તથા વિવેકબુદ્ધિ અને ધર્મ સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે.

સર્વોચ્ચ અદાલતે શીલા બારસેના કેસમાં ઠરાવેલ છે કે આ સમજૂતીનું પાલન કરવાનું અને તેના અમલ માટે મશીનરી કાર્યરત કરવાનું ભારત માટે ફરજિયાત છે.

ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુને બાળકો ઘણાં પ્રિય હતા. બાળકો પણ તેમને ચાચા નહેરુ કહીને સંબોધતા હતાં. શ્રી નહેરુના જન્મ દિવસ તા. 14 નવેમ્બર,

દેશભરમાં દર વર્ષે બાળદિન તરીકે ઉજવાય છે. શ્રી નહેરુને બાળકોના ઉજ્જવળ ભવિષ્યમાં દેશનું ઉજ્જવળ ભાવિ દેખાતું હતું. આજનું બાળક ભવિષ્યના ભારતનો જવાબદાર નાગરિક છે, તેમ તેઓ કહેતા, પરંતુ હાલના સમયમાં ઉચ્ચ મધ્યમ વર્ગ અને શ્રીમંત વર્ગના કુટુંબોને બાદ કરતાં, આપણા દેશમાં બાળકોની સ્થિતિ અત્યંત દયનીય અને કંપાવનારી છે. કારણ કે જે ઉંમરે બાળકોમાં શિક્ષણ અને સંસ્કારોનું સિંચન થવું જોઈએ, તેમને ખેલકૂદ, જ્ઞાન અને ગમ્મત સાથે વિકાસની તકો ઉપલબ્ધ થવી જોઈએ, તે ઉંમરે આપણા દેશના 6 કરોડ જેટલાં બાળકો રેલવે સ્ટેશન ઉપર ભીખ માગે છે, બૂટ-પૉલીશ કરે છે, ચાની રેકડી પર કે હોટલમાં અથવા અલીગઢના તાળાં કારખાના કે શિવાકાશીના દારૂખાનું બનાવવાના કારખાનાઓમાં કામ કરે છે. બાકીનાં બાળકો પોતાની ઉંમર જેટલા વજન બરાબર દફતરનો ભાર લઈને પરંપરાગત શિક્ષણ મેળવવા શાળાએ જાય છે. આપણા બંધારણના અનુ. 45માં 14 વર્ષથી નીચેના દરેક બાળક માટે બંધારણના અમલથી 10 વર્ષમાં ફરજિયાત સાર્વત્રિક શિક્ષણ મફત બનાવવાનો આદેશ આપેલ છે. બંધારણ અમલના 48મા વર્ષે પણ આ જોગવાઈનો અમલ કરાવી શકાયો નથી. વિશ્વમાં સૌથી વધારે પુખ્તવયના નિરક્ષરો આપણા દેશમાં છે. બાળ અધિકારો પરની સમજૂતીનાં અનુ. 28માં દરેક બાળકના બુનિયાદી શિક્ષણનો અધિકાર સ્વીકારાયો છે. ઉન્નિ ક્રિશ્નના કેસમાં સર્વોચ્ચ અદાલતે બંધારણ અમલના 44 વર્ષ પછી પણ અનુ. 45નો અમલ ન થવા બદલ નિરાશા વ્યક્ત કરી હતી અને દરેક બાળકને શિક્ષણનો અધિકાર મૂળભૂત અધિકાર હોવાનું ઠરાવેલ છે.

શહેરો કરતાં ગામડાંઓમાં બાળકોની સ્થિતિ બદતર છે. શિક્ષણ, આરોગ્ય સેવા વગેરે બાળકોના માનવ અધિકારો ગામડાંઓમાં પ્રાથમિક શાળાઓનાં ઠેકાણાં હોતાં નથી, પ્રાથમિક શાળાઓમાં પણ ભણતાં બાળકોમાંથી લગભગ 65 ટકા બાળકોને શાળાએથી ઉઠાડી લેવામાં આવે છે. કારણ કે ઘરના બે છેડા ભેગા કરવા માટે મા-બાપો પોતાનાં બાળકોને વેચી નાખે છે. આવી કથળેલી પરિસ્થિતિમાં બાળકોના માનવ અધિકારની વાત ક્યાં કરવી ?

બાળમજૂરીનો પ્રશ્ન ઘણો ગંભીર છે. તે અંગેનો કાયદો હોવા છતાં કેટલાંક અંશે ગરીબાઈના કારણે, શિક્ષણના અભાવે, કેટલાંક અંશે સરકારની નિષ્ક્રિયતાને લીધે બાળમજૂરીના પ્રશ્ને ગંભીર સમસ્યાનું રૂપ ધારણ કરેલ છે. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે બાળમજૂર રાખનાર દરેક માલિકે બાળકલ્યાણ માટે રૂપિયા 20,000 જમા કરાવવાં જોઈએ. સર્વોચ્ચ અદાલતે સૂચન કરેલ છે કે બાળમજૂરના સ્થાને તેના કુટુંબના પુખ્ત વયના સભ્યને કામ મળવું જોઈએ.

આ સમસ્યાના પાયામાં મુખ્ય પ્રશ્ન આર્થિક અને તે કારણે દેશના લગભગ 65 ટકા બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. આ પ્રશ્ન માત્ર માનવ અધિકારની દૃષ્ટિથી જોવાના બદલે તેમાં દેશના સુનિયોજીત વિકાસની દૃષ્ટિનો અભાવ રહેલો છે, તેમ આપણે સ્વીકારવું જોઈએ.

તાળાં બનાવવાનાં, ફટાકડાં બનાવવાના, અગરબત્તી કે ગાલીચા બનાવવાના કારખાનામાં કે મકાન બાંધકામ કે પુલ બાંધકામમાં રોકાયેલ હજારો બાળકોના માનવ અધિકારોનો ભંગ તો થઈ જ રહ્યો છે, પરંતુ તે સાથે આ પરિસ્થિતિ ચલાવી લઈને તેમાં ફેરફાર કે સુધારો નહીં કરીને આપણે આપણા દેશને પણ તેમની શક્તિઓ અને સેવાથી વંચિત કરીએ છીએ. સર્વોચ્ચ અદાલતે એક કેસમાં ઠરાવેલ છે કે ભયજનક કામોમાં 14 વર્ષથી નીચેની વયનાં બાળકને કામે રાખવા પર, તે અંગે કોઈ કાયદો ન હોય તો પણ પ્રતિબંધ મૂકી શકાય છે. એમ.સી. મહેતાના કેસમાં ઠરાવેલ છે કે શિવાકાશી ફટાકડાના કારખાનાઓમાં બાળકોને ઉત્પાદન પ્રક્રિયામાં નહીં, પરંતુ પેકિંગના કામમાં જ રોકવા જોઈએ. દેશમાં બાળ અપરાધીઓનો પ્રશ્ન પણ ઘણો મોટો છે. એમ કહવાય છે કે બાળ અપરાધી તરીકે કેદમાં રહેલ મોટા ભાગના બાળકો નિર્દોષ છે. તેઓ નિર્દોષ હોવા છતાં વિના કારણ અને કાયદાના વિલંબને કારણે કેદમાં સબડી રહ્યાં છે. વચ્ચે ઘણાં વર્ષો અગાઉ પુષ્પા હિંગોરાની નામનાં એક સ્ત્રી વકીલે બાળ અપરાધીઓનો પ્રશ્ન સર્વોચ્ચ અદાલતમાં અરજી કરતાં સર્વોચ્ચ અદાલતના હુકમથી વિના કારણે કેદમાં રહેલ

બાળકોનો છૂટકારો થયો હતો. આ એક બનાવને બાદ કરતાં કેદમાં બાળક અપરાધી તરીકે રહેલ નિર્દોષ બાળકોની સંખ્યામાં કંઈ ફેર પડ્યો નથી. કમલાદેવીના કેસમાં વિના કારણે કેદમાં રખાયેલ બાળકોને મુક્ત કરવાનો સર્વોચ્ચ અદાલતે હુકમ કરેલ છે.

દેશમાં પરિસ્થિતિ એવી છે કે ખેતરમાં કામ કરવા માણસની જરૂર હોય એટલે દીકરાનું બાળલગ્ન થાય. લગ્ન થયાને ટૂંક સમયમાં જ બાળકનો જન્મ થાય. બાળકોની સંખ્યા ઉપર કોઈ મર્યાદા નથી. પરિણામે નાની ઉંમરમાં જ સ્ત્રી ચાર-પાંચ બાળકોની માતા બની જાય છે અને તેનું આરોગ્ય કથળે છે. ગ્રામ વિસ્તારમાં પૂરતી આરોગ્ય સેવાઓના અભાવે 1 વર્ષ સુધીના 20 ટકા બાળકો મરણ પામે છે. તેમજ ઉપરાછાપરી પ્રસૂતિ અને આરોગ્ય સેવાના અભાવે તેમજ પાણીજન્ય રોગોથી 1થી 5 વર્ષના 15 ટકા બાળકો મરણ પામે છે. બે છેડા ભેગા કરવા માટે નાની ઉંમરમાં બાળકોને કામે મોકલી દેવામાં આવે અને તેમનું શિક્ષણ તેમ જ તેમના વિકાસની તકો ઝૂંટવાઈ જાય છે. આમ બાળલગ્ન, ગરીબાઈ, બાળમજૂરી, અંધશ્રદ્ધા, વહેમ, શિક્ષણનો અભાવ, અજાગૃત માનસ વગેરેનું વિષચક્ર ચાલ્યા જ કરે છે અને રાષ્ટ્રના વિકાસમાં કાંઈ પણ પ્રદાન કર્યા સિવાય, બાળકોની આવી અનેક પેઢીઓનું અસ્તિત્વ લુપ્ત થયું. આમ સમાન પ્રેમ, શિક્ષણ, આરોગ્ય જેવા અનેકાધિક માનવ અધિકારો બાળકોને મળેલ હોવા છતાં ઘણાં ખરાં બાળકો તેનાથી વંચિત રહ્યાં છે, તે આપણે ભૂલવું ના જોઈએ.

- **કાયદાની મુખ્ય જોગવાઈઓ :**

  આ કાયદો જમ્મુ અને કાશ્મીન રાજય સિવાય સમગ્ર ભારતમાં લાગુ પડે છે. આ કાયદામાં બાળ અધિકારોમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ કરારનામામાં આપવામાં આવેલ અને ભારતે સ્વીકાર કરેલ બાળ અધિકારોનો સમાવેશ થાય છે.

- **બાળ અધિકારોના રક્ષણ માટે રાષ્ટ્રીય પંચ (ક. 3) (National Commission for Protection of Child Rights) :**

  કેન્દ્ર સરકારે આ પંચની રચના કરવાની હોય છે. તેમાં અધ્યક્ષ ઉપરાંત 6 સભ્યો હોવાં જોઈએ. અધ્યક્ષ તરીકે એવી વ્યક્તિની પસંદગી થવી જોઈએ કે જેણે બાળ કલ્યાણની ઉન્નતિ માટે નોંધપાત્ર કામ કરેલ હોય. 6 સભ્યોમાંથી 2 સ્ત્રીઓ હોવી જોઈએ. સભ્યોની પસંદગી કેન્દ્ર સરકાર નીચેના ક્ષેત્રોમાંથી જાણીતી, કુશળ, પ્રમાણિક અને અનુભવી વ્યક્તિઓની કરશે :

  (i) શિક્ષણ,

  (ii) બાળ આરોગ્ય, કલ્યાણ અથવા બાળ વિકાસ,

  (iii) બાળ ન્યાય અથવા ઉપેક્ષિત અથવા અસમર્થ બાળકોની કાળજી,

  (iv) બાળ મજૂરી નાબૂદી,

  (v) બાળ માનસશાસ્ત્ર અથવા સમાજશાસ્ત્ર,

  (vi) બાળકોને લગતાં કાયદાઓ.

  પંચનું વડુ મથક દિલ્હી ખાતે રહેશે.

- **પંચના અધ્યક્ષ અને રાજ્યોની નિમણૂક (ક. 4) :**

  માનવ સંસાધન વિકાસ મંત્રાલયનો હવાલો ધરાવતાં પ્રધાનના અધ્યક્ષપણા હેઠળ રચાયેલ ત્રણ સભ્યોની બનેલ પસંદગી સમિતિએ કરેલ ભલામણના આધારે કેન્દ્ર સરકાર અધ્યક્ષની પસંદગી કરશે.

- **પંચના અધ્યક્ષ અને સભ્યોનો કાર્યકાળ અને સેવાની શરતો (ક. 5) :**

  અધ્યક્ષ અને સભ્ય, હોદ્દો સંભાળે ત્યારથી ત્રણ વર્ષ માટે હોદ્દો ધારણ કરશે, પરંતુ પંચના અધ્યક્ષ કે કોઈ સભ્ય બે મુદત કરતાં વધારે સમય માટે હોદ્દા પર રહી શકશે નહીં. અધ્યક્ષ 65

વર્ષ સુધી અને સભ્ય 60 વર્ષ સુધી હોદ્દો ધારણ કરી શકે. ત્યારબાદ તે હોદ્દો ધારણ કરી શકે નહીં. અધ્યક્ષ કે સભ્ય કેન્દ્ર સરકારને રાજીનામું પાઠવીને છૂટા થઈ શકે છે.

- **હોદ્દા પરતી રૂખસદ (ક. 7) :**

  કેન્દ્ર સરકાર, પુરવાર થયેલ ગેરવર્તન અથવા અક્ષમતા (Proved Misbehaviour or Incapacity) નાં કારણસર, અધ્યક્ષને હોદ્દા પરથી દૂર કરી શકે, તે ઉપરાંત કેન્દ્ર સરકાર પંચના અધ્યક્ષ અથવા સભ્ય–

(એ) જાહેર કરાયેલ નાદાર હોય, અથવા

(બી) પોતાની હોદ્દાની ફરજોની બહાર પોતાના હોદ્દાના કાર્યકાળ દરમિયાન જો તે વેતન સાથેની કોઈ કામગીરીમાં રોકાય, અથવા

(સી) કાર્ય કરવાનો ઈન્કાર કરે અથવા કાર્ય કરવાને અસમર્થ બને,

(ડી) અસ્થિર માનસનો હોય અને સક્ષમ અદાલતે તેમ જાહેર કરેલ હોય, અથવા

(ઈ) પોતાના હોદ્દાનો એવો દુરુપયોગ કરેલ હોય કે હોદ્દા પર તેનું ચાલુ રહેવાનું જાહેર હિત માટે નુકસાનકારક હોય, અથવા

(એફ) કેન્દ્ર સરકારના મતે નૈતિક અધઃપતન સંડોવતા કોઈ ગુના માટે તેને સજા કરાયેલ હોય, અથવા

(જી) પંચની રજા મેળવ્યા સિવાય, પંચની સતત 3 સભાઓમાં ગેરહાજર રહેલ હોય,

- તો તેને હોદ્દા પરથી દૂર કરી શકે.

- **કામકાજની કાર્યવાહી (ક. 10) :**

  પંચના અધ્યક્ષ નક્કી કરે તે સમયે તેની સભા નિયમિત રીતે કચેરીએ મળશે, પરંતુ બે સભાઓ એનો સમય ત્રણ માસથી વધવો જોઈએ નહીં. સભામાં તમામ નિર્ણયો બહુમતીથી લેવાશે. જો સરખા મતો થાય તો પંચના અધ્યક્ષ અથવા તેમની ગેરહાજરીમાં અધ્યક્ષસ્થાન સંભાળનાર વ્યક્તિ નિર્ણાયક મત આપી શકે. અધ્યક્ષ કોઈ કારણસર હાજર રહી શકે તેમ ન હોય, તો હાજર સભ્યો પોતાનામાંથી એકને અધ્યક્ષ તરીકે પસંદ કરશે અને તે સભાનું અધ્યક્ષસ્થાન સંભાળશે. કેન્દ્ર સરકાર નિયત કરે એવા નિયમો (કોરમ, સભાની કાર્યવાહી વગેરે) પંચ પાળશે.

- **પંચના કાર્યો (ક. 13) (Functions of Commission) :**

  પંચ નીચે મુજબનાં કાર્યો કરશે :

(એ) બાળ અધિકારોના રક્ષણ માટે પ્રવર્તમાન કાયદાથી જોગવાઈ કરાયેલ સુરક્ષાઓની તપાસ અને સમીક્ષા અને તેના અસરકારક અમલ માટે ભલામણ.

(બી) આ સુરક્ષાઓ સંબંધમાં કેન્દ્ર સરકારને વાર્ષિક અથવા પંચ નક્કી કરે તેવા સમયાંતરે અહેવાલ રજૂ કરશે.

(સી) બાળ અધિકારોના ભંગના કિસ્સાઓમાં તપાસ અને તેમાં કાર્યવાહીની ભલામણ.

(ડી) આતંકવાદ, કોમી હિંસા, એઈડ્સ, માનવ વેપાર, કુદરતી આપત્તિ, ગૃહ હિંસા, અત્યાચાર, શોષણ, વેશ્યાગીરીના કારણે અવરોધાયેલ બાળ અધિકારોનાં તમામ પાસાંઓની ચકાસણી અને ઉપચારાત્મક પગલાંઓની ભલામણ.

(ઈ) ખાસ કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળાં બાળકો, આપત્તિમાં ફસાયેલ બાળકો, કાયદા સાથે સંઘર્ષમાં બાળકો, કુટુંબ વગરનાં બાળકો, કેદીઓનાં બાળકોની બાબતો તરફ ધ્યાન આપવું તેમજ ઉપચારાત્મક પગલાંઓની ભલામણ કરવી.

(એફ) બાળ અધિકારો સંબંધમાં આંતરરાષ્ટ્રીય સંધિઓ અને દસ્તાવેજોનો અભ્યાસ તેમજ નીતિઓ, કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની સમીક્ષા અને તેના અસરકારક અમલ માટે ભલામણ.

(જી) બાળ અધિકારોની બાબતમાં સંશોધનને ઉત્તેજન.

(એચ) સમાજના વિવિધ વર્ગોમાં બાળ અધિકારોનું શિક્ષણ અને પ્રકાશન, પ્રચાર માધ્યમો, પરિસંવાદો મારફતે બાળ અધિકારોની જાગૃતિ.

(આઈ) બાળકોને સારવાર, સુધારણા અથવા રક્ષણ માટે જ્યાં રાખવામાં આવતાં હોય તેવા કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે અન્ય કોઈ સંસ્થા હેઠળના ગૃહની મુલાકાત, નિરીક્ષણ અને જરૂર જણાય ત્યાં ઉપચારની ભલામણ.

(જે) (i) બાળ અધિકારોના ભંગ,

(ii) બાળકોના રક્ષણ અને વિકાસ માટેના કાયદાના બિનઅમલ,

(iii) બાળકોના કલ્યાણ માટે નીતિનિર્ણયો, માર્ગદર્શિકાઓ કે સૂચનાઓનો ના અમલની ફરિયાદોમાં તપાસ અથવા પોતાની મેળે ધ્યાન પર લેવું.

(કે) બાળ અધિકારોના ઉત્તેજન માટે જરૂરી અને સંબંધિત અન્ય કાર્યો.

- **તપાસો સંબંધમાં સત્તાઓ (ક. 14) (Power relating to inquiries) :**

ક. 13(1) ક્લોઝ (જે)માં નિર્દિષ્ટ કરેલ કોઈ બાબતમાં તપાસ કરતી વખતે પંચને દીવાની કાર્યવાહીનો કાયદો, 1908 હેઠળ ઈન્સાફી કાર્યવાહી કરતી અદાલત જેવી અને ખાસ કરીને,

(એ) કોઈપણ વ્યક્તિને સમન્સતી તેને હાજર રહેવાની ફરજ પાડવાની અને સોગંદ પર તેને તપાસવાની,

(બી) કોઈ દસ્તાવેજની શોધ અને રજૂઆત,

(સી) સોગંદનામા પર પુરાવો સ્વીકારવાની,

(ડી) કોઈપણ અદાલત કે કચેરીમાંથી કોઈ જાહેર દસ્તાવેજ અથવા તેની નકલ મેળવવાની, અને

(ઈ) સાક્ષીઓ કે દસ્તાવેજો તપાસવા માટે કમિશન નીમવાની સત્તાઓ રહેશે.

પંચને કોઈ કેસ સક્ષમ હકૂમત ધરાવતાં મેજિસ્ટ્રેટને મોકલવાની સત્તા છે. આવા મેજિસ્ટ્રેટ આરોપી વિરુદ્ધ ફરિયાદની સુનાવણી, જાણે તેમને ફોજદારી કાર્યવાહીનો કાયદો, 1973ની ક. 346 હેઠળ કેસ મોકલવામાં આવેલ હોય, તેમ સુનાવણી કરશે.

- **તપાસ પછીનાં પગલાંઓ (ક. 15) (Steps after inquiry) :**

આ કાયદા હેઠળ યોજાયેલ તપાસ પૂરી થયા બાદ પંચ નીચેનામાંથી કોઈપણ એક પગલું ભરી શકે :

(i) જ્યારે તપાસથી બાળ અધિકારોનો ગંભીર પ્રકારનો ગુનો અથવા પ્રવર્તમાન કાયદાનો ભંગ થતો હોવાનું જણાતું હોય, ત્યારે પંચ સંબંધિત વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહીની સંબંધિત સરકારને ભલામણ કરી શકે,

(ii) આદેશો, હુકમો અથવા રીટ માટે અદાલત કે સર્વોચ્ચ અદાલતનો સંપર્ક કરી શકે,

(iii) ભોગ બનેલી વ્યક્તિ કે તેના કુટુંબના સભ્યોને વચગાળાની રાહત માટે સંબંધિત સરકાર કે સત્તાધિકારીને ભલામણ કરી શકે.

- **પંચના વાર્ષિક અને ખાસ અહેવાલો (ક. 16) (Annual and special report of Commission) :**

કેન્દ્ર સરકાર અને સંબંધિત સરકારને વાર્ષિક અહેવાલ આપવાની પંચની ફરજ છે. કોઈ બાબતનું મહત્ત્વ કે ગંભીરતા જોતાં તે વચ્ચેના કોઈપણ સમયે ખાસ અહેવાલ પણ આપી શકે. આવો અહેવાલ મળ્યા બાદ, એક વર્ષની અંદર, કેન્દ્ર સરકાર અથવા યથા પ્રસંગ, સંબંધિત રાજ્ય સરકાર, સંસદ કે રાજ્ય વિધાનસભામાં અહેવાલ રજૂ કરશે અને તેની સાથે લેવાયેલ કે

લેવાનાર પગલાંનો અહેવાલ પણ રજૂ કરશે અને જો ભલામણોનો અસ્વીકાર કરેલ હોય, તો તેનાં કારણો જણાવશે.

- **રાજ્ય પંચની રચના (ક. 17) :**

  રાજ્ય સરકારને બાળ અધિકારોના રક્ષણ માટે પંચ નીમવાની સત્તા આપવામાં આવેલ છે. રાજ્ય પંચના અધ્યક્ષ અને સભ્ય માટેની લાયકાતો કલમ-3માં નિર્દિષ્ટ કર્યા મુજબની જ છે. પંચના અધ્યક્ષ ઉપરાંત સભ્યસંખ્યા 6 રાખવામાં આવી છે.

- **બાળઅદાલતો (ક. 25) (Children's Courts) :**

  બાળકો વિરુદ્ધના ગુનાઓ અથવા બાળ અધિકારોના ભંગના પ્રસંગે ઝડપી ઈન્સાફી કાર્યવાહી કરવાના હેતુથી, રાજ્ય સરકાર, વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિથી, દરેક જિલ્લા માટે સેશન્સ અદાલતને બાળ અદાલત તરીકે જાહેર કરી શકે.

  પરંતુ પ્રવર્તમાન કાયદા હેઠળ આવા ગુનાઓ માટે જ્યારે

(એ) સેશન્સ અદાલત ખાસ અદાલત તરીકે જાહેર કરાયેલ હોય અથવા

(બી) ખાસ અદાલતની રચના કરવામાં આવી હોય, ત્યારે આ કલમ લાગુ પડશે નહીં.

## 3. લઘુમતીઓના માનવ અધિકારો :

યુનોએ ઘોષિત કરેલા માનવ અધિકારો પુરુષ અને સ્ત્રી એમ બંનેને લાગુ પડે છે. યુનોના માનવ અધિકારોમાં લઘુમતીઓના માનવ અધિકારો વિષે કોઈ જોગવાઈ નહિ. દીવાની અને રાજકીય અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતીના અનુચ્છેદ 27 લઘુમતીઓના માનવ અધિકારો વિષે જોગવાઈ કરેલ છે. અનુચ્છેદ 27માં જણાવાયું છે કે જે રાજ્યોમાં જાતિય, ધાર્મિક અથવા ભાષાકીય લઘુમતીઓનું અસ્તિત્વ હોય, ત્યારે આવી લઘુમતીઓની વ્યક્તિઓને, પોતાના જૂથોના સભ્યોની સાથે રહીને, પોતાની સંસ્કૃતિ, પોતાના ધર્મનું પાલન અને પ્રચાર કરવાના તેમજ કે પોતાના ભાષા પ્રયોજવાના અધિકારોનો ઈન્કાર કરવામાં આવશે નહીં.

લઘુમતીના અસ્તિત્વની સ્વીકૃતિનો અર્થ એ થાય કે લઘુમતીઓના આત્મ-નિર્ણય (Self-determination) નો અધિકાર માન્ય રાખવામાં આવે છે. આત્મ-નિર્ણયના અધિકારમાં કોઈ પણ રાજ્યમાં રહેવું કે કેમ, તે નક્કી કરવાના અધિકારનો સમાવેશ થાય છે. યુનોએ ઘોષિત કરેલ માનવ અધિકારના દસ્તાવેજમાં જો કે લઘુમતીઓનો માનવ અધિકાર વિષે કાંઈ વાત કરવામાં આવી નથી, પરંતુ દીવાની અને રાજકીય અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં લઘુમતીઓના માનવ અધિકારો વિશે જોગવાઈ કરવામાં આવે છે. લઘુમતીઓના માનવ અધિકારોમાં તેમના સાંસ્કૃતિક અધિકારોનો પણ સમાવેશ કરવામાં આવે છે. અનુચ્છેદ 22 જણાવે છે કે દરેક વ્યક્તિનો સમાજના સભ્ય તરીકે સામાજિક સુરક્ષાનો અધિકાર છે અને રાષ્ટ્રીય પ્રયત્ન અને આંતરરાષ્ટ્રીય સહાયથી દરેક રાજ્યને સંગઠન અને સંસાધનોને અનુરૂપ, પોતાના ગૌરવ અને વ્યક્તિત્વના મુક્ત વિકાસ માટે અનિવાર્ય આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો માટે હકદાર છે. આ ઘોષણાના અનુચ્છેદ 27(1)માં જણાવાયું છે કે દરેક વ્યક્તિને, સમૂહના સાંસ્કૃતિક જીવનમાં મુક્ત રીતે ભાગ લેવાનો, કલા માણવાનો અને વૈજ્ઞાનિક પ્રગતિ અને તેના લાભોનો હિસ્સો પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતીના અનુચ્છેદ-3માં જોગવાઈ છે કે સમજૂતીમાં સહી કરનાર દરેક રાજ્ય એવી ખાતરી આપે છે કે આ સમજૂતીમાં નિર્દિષ્ટ કરાયેલા, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોના ઉપભોગ માટે પુરુષો અને સ્ત્રીઓને સમાન અધિકારો રહેશે. આ સમજૂતીના અનુ. 15માં પણ જોગવાઈઓ છે કે આ સમજૂતીમાં સહી કરનાર દરેક રાજ્ય સાંસ્કૃતિક જીવનમાં ભાગ લેવાનો દરેક વ્યક્તિઓ અધિકાર માન્ય રાખે છે. તે જ રીતે, અનુ. 15માં વૈજ્ઞાનિક પ્રગતિ અને તેના લાભનો આનંદ માણવાનો અધિકાર પણ માન્ય રખાયેલો છે. આ અનુસાર, પોતે જેનો કર્તા હોય કે વૈજ્ઞાનિક, સાહિત્યિક અથવા કલાત્મક કૃતિમાંથી

પરિણમતા નૈતિક અને ભૌતિક હિતોના રક્ષણનો દરેક વ્યક્તિને અધિકાર છે. આ સમજૂતીના અનુ. (101)માં તમામ લોકોના આત્મ-નિર્ણયનો અધિકાર માન્ય રખાવેલો છે. આ અધિકારમાં પોતાનો રાજકીય દરજ્જો મુક્ત રીતે નક્કી કરવાનો તેમજ પોતાના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ માર્ગ પસંદ કરવાના અધિકારનો સમાવેશ થાય છે.

આપણે જોયું કે દીવાની અને રાજકીય અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં અનુચ્છેદ-27માં જાતિય, ધાર્મિક અથવા ભાષાકીય લઘુમતીના સભ્યોની પોતાની રીતે પોતાનું સાંસ્કૃતિક જીવન ગાળવાનો અધિકાર માન્ય કરાયેલો છે. તે જ રીતે તેઓ પોતાના ધર્મનું પાલન અને પ્રચાર કરી શકે છે. તેમજ પોતાની ભાષા પ્રયોજી શકે છે. એ ધ્યાનપાત્ર છે કે આ અધિકારો લઘુમતી જૂથને આપવામાં આવ્યા નથી, પરંતુ લઘુમતી જૂથોના સભ્યોને આપવામાં આવ્યા છે.

એક સર્વે પ્રમાણે દુનિયામાં એવી 261 જાતિઓ છે કે જેની સંખ્યા મહત્ત્વની છે, પરંતુ તેમની સાથે ભેદભાવયુક્ત વ્યવહાર કરવામાં આવી રહ્યો છે. આમાંની કેટલીય જાતિઓ વિજય અને દમનનો ભોગ બની છે. બહુમતી ધરાવતાં વિરોધી જૂથોએ તેમના પર અત્યાચારો ચાલુ રાખ્યાં છે. આપણે જાણીએ છીએ કે આ માનવ અધિકારો વ્યક્તિઓને અપાયા છે, કારણ કે તે માનવો છે. સામાજિક સુરક્ષા, સલામતી, શાંતિ અને સુખની બાંહેધરી આપતા આ અધિકારો છે. તમામ માનવ અધિકારોને દીવાની, રાજકીય સાંસ્કૃતિક અને આર્થિક અધિકારોમાં વર્ગીકૃત કરી શકાય છે. દીવાની અધિકારોમાં જીવન, સલામતી, હરવાફરવાનું, સમાનતા અને ક્રૂરતા અને અત્યાચાર સામે રક્ષણના અધિકારનો સમાવેશ થાય છે. રાજકીય અધિકારોમાં વાણી સ્વાતંત્ર્ય, સંગઠન સ્વાતંત્ર્ય અને મતદાન કરવાના અધિકારનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાંસ્કૃતિક અધિકારમાં શિક્ષણ, ધર્મ, કુટુંબ જીવન અને સાંસ્કૃતિક ભિન્નતા જાળવી રાખવાના અધિકારનો સમાવેશ થાય છે. આર્થિક અધિકારોમાં રોટી, કપડાં, મકાન, આરોગ્ય સેવા અને ઓછામાં ઓછી અમુક આવક મેળવવાના અધિકારનો સમાવેશ થાય છે.

ઉપરના તમામ અધિકારોમાં જીવન સલામતીનો અધિકાર મુખ્ય છે. જીવન સલામત હોય તો જ જીવન ઘડાવવાના અધિકારોનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. કેટલાંક દેશોમાં લઘુમતીઓનું જીવન સલામત નથી. દાખલા તરીકે કાશ્મિરમાં હિન્દુઓનું જીવન સલામત નથી અને તેથી કરીને ઘણા હિન્દુઓને કાશ્મિરમાંથી હિજરત કરી છે. કેટલાંક આરબી દેશોમાં ક્યાંક સુન્ની, તો ક્યાંક સીયા, સલામત નથી. કેટલાંક દેશોમાં યહૂદીઓ સલામત નથી. કેટલાંક દેશોમાં રંગભેદની નીતિ અપનાવવામાં આવેલ હોવાથી અમુક જૂથના વ્યક્તિઓ સાથે ભેદભાવયુક્ત વ્યવહાર થઈ રહ્યો છે. લઘુમતીઓ તરફ દર્શાવવામાં આવતી ભેદભાવયુક્ત વ્યવહારના કારણોમાં જોઈએ તો સામાજિક પરંપરાઓ, સરકારી નીતિ કે બંને હોઈ શકે. દાખલા તરીકે દક્ષિણ આફ્રિકામાં બન્ટુ ભાષા બોલતા કાળા આફ્રિકનોને કેટલાંક રાજકીય અધિકારો આપવામાં આવતા નથી. તેમ કેટલાંક કારણો ઐતિહાસિક પણ હોઈ શકે છે. સાંસ્કૃતિક રીતે અલગ ઓળખ ધરાવતા જૂથના માનવ અધિકારોનો ભંગ થવાનું જોખમ રહેલું હોય છે. આનો અર્થ નથી કે આવા લઘુમતીના જૂથોના માનવ અધિકારનો સદાય માટે ભંગ થઈ રહેલો હોય છે. ફ્રેન્ચ, રોમન અને ઈટાલીયન લોકો વરસો સુધી અરસપરસ સદ્ભાવથી રહે છે. તેમની વચ્ચે કોઈ તનાવ કે કોઈ ભેદભાવયુક્ત વ્યવહાર થયો નથી. ભવિષ્ય અંગે કાંઈ કહી શકાય નહીં. કેટલાંક લઘુમતી જૂથોને રાજકીય અધિકાર આપવામાં આવ્યા નથી. દાખલા તરીકે ઈઝરાયેલમાં આરબ જાતિના લોકો લઘુમતીમાં છે. તેમને જોર્ડનના સામાન્ય નાગરિક કરતાં રાજકીય અધિકારો ઓછા પ્રાપ્ત થયા છે. 1960 પહેલા દક્ષિમ અમેરિકામાં કાળાઓને રાજકીય અધિકારો ઓછા હતાં. બીજી બાજુ કેટલાંક લઘુમતી જૂથો સાથે આર્થિક ભેદભાવ પણ દાખવવામાં આવતો હોય છે. આવા આર્થિક ભેદભાવ વર્ષોથી ચાલી આવતી સામાજિક પ્રણાલિકાઓ હોઈ શકે. દાખલા તરીકે સાઉદી અરેબિયામાં સુન્ની લોકોની બહુમતી છે. તેથી આ દેશમાં સીયા લોકોને સુન્ની લોકો જેટલી આર્થિક વિકાસની તકો પ્રાપ્ત થતી નથી.

લઘુમતીઓની સારસંભાળ અને કાળજી માટે ખાસ કાયદાઓ હોય છે અને થાય છે. કારણ કે લઘુમતીઓનો દરજ્જો પણ સચવાવો જોઈએ. આ લઘુમતીઓનો દરજ્જો સાચવવાની વાત એટલે તેમની સાથે માનવીય વ્યવહાર થવો જોઈએ. બંધારણમાં પણ લઘુમતીઓના માટે કેટલાંક મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે.

લઘુમતીઓનો સૌથી મુખ્ય પ્રશ્ન સમાનતાનો છે. તેમની સાથે બહુમતી જેવો જ સમાન વ્યવહાર થવો જોઈએ. યુનોના માનવ અધિકારોના અનુ. 1માં જણાવાયું છે કે તમામ માનવીઓ મુક્ત જન્મે છે અને તેઓ ગૌરવ અને અધિકારોમાં સમાન છે. આ અનુચ્છેદમાં વધુમાં જણાવાયું છે કે દરેકે બીજાં તરફ ભ્રાતૃભાવથી વર્તવું જોઈએ. અનુ. 2માં જણાવાયું છે કે દરેક માનવ કોઈપણ જાતના ભેદભાવ, જેવા કે જાતિ, રંગ, ભાષા, લિંગ, ધર્મ, રાજકીય અભિપ્રાય, જન્મ, મિલકત વગેરે અધિકારો અને સ્વાતંત્ર્યો માટે હકદાર છે. યુનોના અનુ. 18માં વિચાર સ્વાતંત્ર્ય અને ધર્મ સ્વાતંત્ર્યની જોગવાઈ કરાયેલ છે. આપણા બંધારણમાં અનુ. 19 અને 25થી અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય અને ધર્મ સ્વાતંત્ર્યની જોગવાઈ છે. લઘુમતીઓને આપણા દેશમાં પૂરતું વિચાર સ્વાતંત્ર્ય અને ધર્મ સ્વાતંત્ર્ય છે. તેમને પોતાના વિચાર પ્રમાણે પોતાની મિલકતની વ્યવસ્થા કરવાનો પણ અધિકાર છે.

લઘુમતીઓને પોતાની સંસ્કૃતિ અને ઓળખ જાળવી રાખવાનો અધિકાર છે. આપણે ત્યાં મુખ્ય લઘુમતીઓ 3 છે. મુસ્લિમ, ખ્રિસ્તી અને પારસીઓ. આ લઘુમતીઓ પોતાની સંસ્કૃતિ મુજબ રહે છે, તથા પોતાની ઓળખ જાળવે છે. અન્ય મૂળભૂત અધિકારો ભોગવી શકવામાં પણ તેમને કોઈ તકલીફ નથી. નરીમાન કામા, સોલી સોરાબજી, જમશેદજી ટાટા, રફી અહમદ કિડવાઈ, ડૉ. ઝાકીરહુસેન, શ્રી હિદયતુલ્લા, શ્રી નજમા બેગમ, શયદા, નૌશાદ, શેખ અબ્દુલ્લા, ફારૂક અબ્દુલ્લા વગેરે નેતાઓએ પોતપોતાના ક્ષેત્રમાં નામના પ્રાપ્ત કરેલ છે.

આમ આપણા દેશમાં લઘુમતીઓનો માનવ અધિકારોનું રક્ષણ સારી રીતે થઈ રહ્યું છે. તેમ છતાં, વ્યવહારમાં મુસ્લિમો તરફ ભેદભાવ રખાતો હોવાની ફરિયાદો છે. આપણા દેશમાં અન્ય લઘુમતીઓ સાથે કોઈ પ્રશ્ન છે નહીં, માત્ર મુસ્લિમો સાથે સંઘર્ષ થયા કરે છે. જોકે તેનાં મૂળ વર્ષો જૂનાં અને ઘણાં ઊંડા છે, પરંતુ તેની અસરો બંને પક્ષને નુકસાન કરી રહી છે. જ્યારે બહુમતી પક્ષ મુસ્લિમોમાં વધુ પ્રમાણમાં રક્ષણ અને આળપંપાળ થતી હોવાની ફરિયાદ કરે છે. એક વાત ખરી છે અને તે મુસ્લિમો પણ કબૂલે છે કે ભારત જેવું સુખ અને સલામતી પાકિસ્તાનમાં પણ નથી, પરંતુ મુસ્લિમોમાં ધાર્મિકતાના નાતે સ્ત્રીઓના માનવ અધિકારોનો ભંગ કરાઈ રહ્યો છે તે તરફ આંખ મીંચામણાં કરવા જેવું નથી. જોકે બહુમતી પક્ષમાં પણ સ્ત્રીઓની સ્થિતિ બહુ સારી હોવાનો દાવો કરી શકાય તેમ નથી. આમ છતાં, મુસ્લિમ સ્ત્રીઓને તો ઘણો અન્યાય થઈ રહ્યો છે. મુસ્લિમ પુરુષને પોતાની પત્નીને ગમે ત્યારે, વગર વાંકે અને વગર કારણે, તલાક આપવાના એકપક્ષીય અધિકારથી, પરિણીત મુસ્લિમ મહિલાઓની સ્થિતિ ઘણી કફોડી બની છે. મુસ્લિમ સ્ત્રીને તલાકનો આવો અધિકાર અપાયો નથી. તેનાથી સમાનતાના માનવ અને બંધારણીય અધિકારનો ભંગ થાય છે. એમ તો મુસ્લિમ પુરુષને એકી સાથે 4 પત્નીઓ કરવાની છૂટ છે, પરંતુ આવા કિસ્સાઓ મુસ્લિમ સમાજમાં ઓછા છે. મુસ્લિમ સ્ત્રીઓએ પાળવાની ઈદત, તલાકનો મર્યાદિત અધિકાર તથા નીચો સામાજિક દરજ્જો હોવાના કારણે મુસ્લિમ સમાજમાં જ સ્ત્રીઓના માનવ અધિકારોનો ભંગ થઈ રહ્યો છે. સમાન નાગરિક ધારો (Uniform Civil Code) (જુઓ ભારતીય બંધારણ અનુ. 44)આનો શ્રેષ્ઠ ઉપાય છે, પરંતુ દરેક શાસક પક્ષ (પછી તે કોંગ્રેસ હોય કે ભાજપ) માત્ર રાજકીય કારણોસર, આ કાયદો ઘડવાથી દૂર રહીને માનવ અધિકારોના ભંગમાં પોતાનું પ્રદાન કરી રહેલ છે.

## 4. દલિતોના માનવ અધિકારો :

આપણે જોયું કે યુનોના માનવ અધિકારોમાં અને ભારતીય બંધારણમાં પણ સમાનતા (Equality) નો માનવ અધિકાર સ્વીકારાયેલ છે. દલિતો પણ માનવ સમાજનો જ એક ભાગ છે. તે રીતે તેઓ સમાનતા માટે હકદાર છે. દલિતોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોનો સમાવેશ થાય છે. અન્ય લોકોને લાગુ પડતા માનવ અધિકારો દલિતોને પણ લાગુ પડે, પરંતુ આર્થિક,

સામાજિક અને શૈક્ષણિક રીતે દલિતોની સ્થિતિ ઘણી નબળી છે. આપણા બંધારણમાં દલિતોના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે અનામતો (Reservations) ની જોગવાઈ કરાયેલ છે. આ જોગવાઈ જો કે શરૂઆતમાં 10 વર્ષ માટે કરાયેલ હતી, પરંતુ તેમનો વિકાસ બરાબર ન થયેલ હોવાના કારણસર અને કેટલાંક રાજકીય કારણોસર આ અનામતો આજની તારીખે પણ ચાલુ રાખવામાં આવેલ છે.

દલિતોની સ્થિતિ અગાઉ એવી હતી કે તેમને માનવ અધિકારો જેવું કાંઈ હતું નહીં. ભારતીય સમાજરચનામાં રહેલ વિષમતા અને અન્યાયભર્યા શોષણનો અંત આણવા માટે આપણા બંધારણના ઘડવૈયાઓએ અનામત બેઠકો અને સવલતોનો ખ્યાલ અપનાવ્યો હતો. ખ્યાલ એવો હતો કે 10 વર્ષમાં સામાજિક અસમાનતા નિર્મૂળ કરી શકાશે અને તેથી અનામતની જોગવાઈ બિનજરૂરી બની જશે, પરંતુ કમનસીબે તેમ થયું નથી. સામાજિક વિષમતા અને અન્યાયને નેસ્તનાબૂદ કરીને તમામ નાગરિકોને સમાન કક્ષાએ આણવાની જહેમત ઉઠાવવાના બદલે વધારે ને વધારે જૂથોને અનામત આપવાનો રસ્તો આપણે પસંદ કર્યો છે. આ રસ્તો લાંબા ગાળે જોખમી અને નુકસાનકારક છે. અનામતના ફેલાવાના કારણે લોકશાહી વધારે ને વધારે અસમાન અને અસમતોલ બની જાય છે. દલિતો અને આદિવાસીઓ માટે અત્યંત ઉપયોગી બનેલી અનામત પ્રણાલીનો લાભ પછાત વર્ગો માગવા લાગ્યા. પછાત વર્ણોના વિકાસ માટે જરૂરી જોગવાઈ કરી શકાશે તેવી બંધારણની કલમનો દુરુપયોગ કરીને પછાત વર્ણોને પણ અનામત બેઠકો અને નોકરી-શિક્ષણ માટેની સવલતોનો લાભ અપાવા લાગ્યો. આ સવલતોની માગણી એવા કારણસર કરવામાં આવતી હતી કે ઊંચ-નીચ ભેદ પર આધારિત હિંદુ સમાજે કરેલા અન્યાય નિવારણ માટે કોઈ રસ્તો ન હતો.

અન્ય વર્ગો અને દલિતો વચ્ચે હજુ સુધી સમાનતા સિદ્ધ કરી શકાઈ નથી. દલિત વર્ગને અન્યાય અને અપમાનનો ભોગ બનવું પડે છે. તેથી તે અંગે અત્યાચાર નિવારણ ધારો, 1989માં અસ્તિત્વમાં લાવવામાં આવ્યો. જોકે આ કાયદાના દુરુપયોગ વિશે પણ ઘણી ફરિયાદો છે. અનામત આપણે નાબૂદ કરી શક્યા નથી. કારણ કે દલિતો સાથે સમાન વ્યવહાર થતો નથી. હવે ખ્રિસ્તીઓ પણ દલિત ખ્રિસ્તીઓ માટે અનામતની માગણી કરવા લાગ્યા છે. માત્ર કાયદાથી સમાનતા સિદ્ધ થતી નથી. સ્ત્રીઓની બાબતમાં પણ હજુ સુધી આવું જ છે. બંધારણીય રીતે સ્ત્રી-પુરુષ સમાન હોવા છતાં સ્ત્રીઓ સાથેનો સામાજિક વ્યવહાર અસમાન જ છે. એટલે કોઈપણ વર્ગને માનવ અધિકારો સહિત કોઈપણ અધિકાર આપવાથી તેનો હેતુ સિદ્ધ થતો નથી. તે માટેનું માળખું અને સામાજિક વાતાવરણ પણ હોવું જરૂરી છે. એક ઉદાહરણ લઈએ. ભાવનગર જિલ્લાના રાણપુર ગામમાં 'વાલ્મિકી'ના માથે મેલું ઉપાડતા હતા. કાયદાની બંધી હોવા છતાં, આ પ્રથા ચાલુ હોવાથી એક જાહેર હિતની અરજી ગુજરાત વડી અદાલતમાં કરાઈ હતી. આ કેસમાં વડી અદાલતે આ પ્રથા બંધ કરવા આદેશ આપ્યો હતો.

બંધારણથી ચાલુ રખાયેલ અનામતો બાબતે મોટો વિવાદ ચાલી રહ્યો છે. તેને બંધ કરવાનો વિચાર જોર પકડતો જાય છે. આવો વિચાર ખોટો પણ નથી, પરંતુ દલિતોની સાથે સમાન વ્યવહાર સિદ્ધ થવો જોઈએ અને તેઓ કોઈપણ અન્યાયના ભોગ ન બને તેવી વ્યવસ્થા પણ હોવી જોઈએ.

### 5. કેદીઓના માનવ અધિકારો :

માનવ અધિકારોની બાબતમાં સૌથી વધુ દયનીય સ્થિતિ જો કોઈની હોય તો તે કેદીઓની છે. માનવ અધિકારોનો ભંગ એટલે જે તે પરિસ્થિતિમાં વ્યક્તિત્વનું વિકાસ માટેની તકોનો અભાવ. આપણા દેશમાં ગુનાશોધન, ગુનેગાર સાથે કામ પાડવાની પદ્ધતિ અને પોલીસને તાલીમનો અભાવ છે. કેટલીકવાર પોલીસ ગુનો બન્યાની નોંધ લેવા માટે જ નિર્દોષ વ્યક્તિઓની ધરપકડ કરે છે. કોઈવાર રાજકીય દબાણથી ભળતી જ વ્યક્તિને ધરપકડ કરીને કેદમાં મૂકી દે છે. એમ કહેવાય છે કે ગુનેગાર પૈકી પચાસ ટકા ગુનેગારો નિર્દોષ હોય છે. સર્વોચ્ચ અદાલતના એક વકીલ શ્રી પુષ્પ હિંગોરાનીએ નિર્દોષ બાળ ગુનેગારોને કેદમાંથી છોડાવવા માટે અરજી કરી હતી. તેના પરિણામે ઘણા નિર્દોષ બાળ અપરાધીઓને મુક્ત કરવામાં આવ્યા હતાં.

આપણા દેશમાં જેલોની પરિસ્થિતિ અત્યંત ખરાબ છે. દેશની સૌથી મોટી તિહાર જેલમાં તેની ક્ષમતા કરતા ત્રણ ગણી સંખ્યામાં કેદીઓ સમાવાય છે. માત્ર તિહાર જેલની બાબતમાં સાચું નથી. પોલીસ લોકઅપ અને જેલોમાં સ્ટેશનના પ્લેટફોર્મ પર ઊભરાતાં માણસોની જેમ કદીઓને રાખવામાં આવે છે. તેમને પ્રાથમિક સવલતોનો પણ અભાવ હોય છે. ભંગાર કક્ષાનો ખોરાક આપવામાં આવે છે. ગુનાની કબૂલાત માટે ઢોરમાર અને અનેક પ્રકારની પીડાઓ સહન કરવામાં આવે છે. તેના પરિણામે પોલીસ લોક-અપ અને જેલમાં કેદીઓના મૃત્યુ બનવાના બનાવો વધતા જાય છે. આવા બનાવોમાં મહારાષ્ટ્ર, આસામ, ત્રિપુરા, દિલ્હી, કાશ્મીર, બિહાર, કેરાલા વગેરે રાજ્યો મુખ્ય છે. વર્ષો અગાઉ બિહારની ભાગલપુર જેલમાં માર મારીને કેદીઓને અંધ બનાવી દેવામાં આવ્યા હતા. ગયા વર્ષે રાજકોટમાં પણ પોલીસે કેટલાંક કેદીઓની આંખમાં બામ લગાવ્યું હતું. આવા અનેક કિસ્સાઓ અખબારના પાને ચમકતાં રહે છે.

કેદીઓ નિર્દોષ છે કે દોષિત તે પ્રશ્ન આપણે વચ્ચે ન લાવીએ અને કેદીઓને જેલમાં સારી સવલતો આપવા અંગે કાંઈ ન કહીએ, તો પણ જેલમાં પ્રાથમિક સુવિધાનો અભાવ ચિંતાજનક છે. કેટલીક જેલમાં એ જ રૂમમાં પીવાનું પાણી, સંડાસ, મૂતરડી અને બાથરૂમની જોગવાઈ હોય છે. આવી પરિસ્થિતિમાં કેદીઓ બીમાર પડે તો, પૂરતી આરોગ્ય-સેવા હોતી નથી. પોલીસના અત્યાચારથી નહિ, પરંતુ આવી પ્રાથમિક સુવિધાના અભાવે માંદગીના કારણે મૃત્યુ પામતા કેદીઓની સંખ્યા નાનીસૂની નથી. બે વર્ષ અગાઉ સમયસર સારવાર ન મળતા શ્રી પિલ્લાઈ તિહાર જેલમાં મૃત્યુ પામ્યા હતા. આ બનાવે દેશમાં ઘણો ઉહાપોહ થતાં ભારત સરકારે શ્રીમતી લીલા શેઠના અધ્યક્ષપદે તપાસ પંચની નિમણૂક કરી છે. એ ઉઘાડી હકીકત છે કે કેદીઓ સાથે પોલીસ માત્ર અત્યાચારો નહિ, પરંતુ અમાનવીય વ્યવહાર પણ કરે છે. કેદીઓ જાણે કે ગુલામો હોય તે જાતનું વર્તન અને મારપીટ કરવામાં આવે છે.

વર્ષો અગાઉ સર્વોચ્ચ અદાલતે શીલા બાર્સેના કેસમાં કેદીઓને પણ સગાં વહાલાંઓ અને મિત્રો સાથે મુલાકાત, અખબાર વાંચવાનો તેમજ ડાયરી લખવાના અને તેના પ્રકાશના અધિકારો હોવાનું ઠરાવાયેલ છે. સર્વોચ્ચ અદાલતે બીજાં એક કેસમાં કોઈપણ કેદીને જેલમાં મુદતના દિવસે અદાલતમાં લઈ જતી વખતે હાથકડી નહિ પરોવવા અંગે કેટલીક સૂચનાઓ આપેલ છે. આમ છતાં, આ સૂચનાઓનો ઉઘાડેછોગ ભંગ કરાઈ રહ્યો છે.

કેદીને અટકાયતના કારણો જણાવવાની વહીવટીતંત્રની ફરજ છે. કેદી (અટકાયતી) જે ભાષા જાણતો હોય તે ભાષામાં તેને કારણો જણાવવા જોઈએ. એક કેસમાં વહીવટીતંત્રને દસ્તાવેજો હિન્દીમાં પૂરા પાડવાની રજૂઆત કરીને વિનંતી કરવામાં આવી હતી. આમ છતાં કેદીને હિંદીમાં દસ્તાવેજો આપવામાં આવેલા ન હતા. આ કેસમાં ઠરાવાયું કે અટકાયતીના અધિકારનો ઈન્કાર કરવામાં આવ્યો છે.

જેલો કાયદો બ્રિટિશ સરકારે કરેલા એક સદી જેટલો જૂનો છે. તેને સુધારવાની વાતો વર્ષોથી થાય છે. રાષ્ટ્રીય માનવ અધિકાર અંગે તેનો મુસદ્દો પણ તૈયાર કર્યો છે. આપણી કાયદાપ્રથા અનુસાર દરેક આરોપી નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે, પરંતુ આ અનુમાનનું વ્યવહારમાં પાલન બિલકુલ થઈ શકતું નથી. દરેક આરોપી જાણે ગુનેગાર હોય અને પોલીસ જ જાણે કે અદાલત હોય તેવો વ્યવહાર કેદીઓ સાથે આપણા દેશમાં થઈ રહ્યો છે.

માનવ અધિકારોની બાબતમાં સ્ત્રીઓ અને બાળકોની સાથે જો કેદીઓની સ્થિતિની સરખામણી કરીએ તો કેદીઓની હાલત અત્યંત બદજનક અને ખરાબ છે. આપણે જાણીએ છીએ કે બાળકો અને સ્ત્રીઓ પર પણ અત્યાચારો થાય છે અને તેમના પણ કમોત થાય છે, પરંતુ કેદીઓ કરતાં સ્ત્રીઓ અને બાળકોની આઝાદી વધારે છે. સ્ત્રીઓ અને બાળકો કામ કરે છે અને વળતર પણ મેળવે છે. તેમના કલ્યાણ માટેની અનેક યોજનાઓ હોય છે અને તેમના સંબંધમાં જો કોઈ ગુનો બને, તો કાયદા હેઠળ પગલાં પણ લેવાય છે. જ્યારે કેદીઓ સતત તનાવ, અત્યાચાર અને અદાલતી સજાના ડર વચ્ચે જીવન ગુજારી રહ્યાં હોય છે. તેમના કલ્યાણ માટે કોઈ યોજના હોતી નથી. જૂનો

કાયદો બદલવામાં આવે, તેમની સાથે માનવતાપૂર્ણ વ્યવહાર પોલીસને તાલીમ અને શિક્ષણ આપવામાં આવે, તેમના માટે કલ્યાણકારી યોજના બનાવવામાં આવે અને તેમના પરના અત્યાચારો બંધ થાય, તે આજના સમયની માંગ છે. રાજ્યને પોલીસ તંત્ર સાથેના ઘણા પ્રશ્નો હશે તે સમજી શકાય, પરંતુ કેદીઓ સાથે માનવીય વ્યવહાર થાય તે સૌથી અગત્યનું છે. કેદીઓ જો ગુનેગારો પુરવાર થાય, તો કાયદો અને અદાલત તેમનું કામ કરશે, પરંતુ કેદીઓ કેદમાં હોય તે દરમિયાન તેમના માનવ અધિકારોનું જતન થવું જોઈએ. વધુ વિગત માટે જુઓ આરોપીના માનવ અધિકારો.

એ સ્પષ્ટ છે કે રાજ્ય તરફથી હવાલાતમાં રખાયેલ કેદીને પણ અનુ. 21 હેઠળ ખાતરી અપાયેલા અધિકારો લાગુ પડે છે. જો કોઈપણ કેદીનું રક્ષણ કરવામાં પોલીસના પક્ષે ફરજ નિષ્કાળજી પુરવાર થાય તો રાજ્ય તે માટે જવાબદાર બને છે.

લોકો પ્રતિનિધિત્વ ધારો, 1951માં ચોક્કસ પ્રકારની ગુનાહિત ભૂમિકા ધરાવતાં ઉમેદવારોને ચૂંટણી લડવામાંથી બાકાત (exclude) કરવાની જોગવાઈ છે. તે જ રીતે આવી વ્યક્તિઓને મત આપતા બાકાત કરવાની જોગવાઈ પણ છે. તેનો ઉકેલ રાજકારણનું અપરાધીકરણ થતું રોકવાનો છે. આથી કેદીને ઉમેદવાર તરીકે ચૂંટણી લડતા અટકાવવાનું કાયદેસર છે. લોકશાહીમાં મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ થવી જોઈએ.

## 6. આરોપીના માનવ અધિકારો :

આરોપીના ઘણાં ખરાં અધિકારો માનવ અધિકારો જ છે. જેમ કે અમુક દેશોની ન્યાયપ્રથાઓને બાદ કરતાં દુનિયાના તમામ દેશોની ન્યાય પ્રથાઓમાં આરોપીની નિર્દોષતાનું અનુમાન (Presumption as to the innocence of the accused) કરવામાં આવે છે. ભારતમાં પણ જ્યાં સુધી નિઃશંકપણે પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે.

દરેક આરોપીને બંધારણના અનુ. 14 હેઠળ 'કાયદાની સમાનતા' અને 'કાયદાના સમાન રક્ષણ'નો બંધારણીય અધિકાર છે. અનુચ્છેદ 14 હેઠળ કોઈપણ કાયદા હેઠળ ભેદભાવયુક્ત વર્ગીકરણ કરી શકાતું નથી. આરોપીને એક અન્ય પણ બંધારણીય રક્ષણ મળે છે અને તે એ કે આરોપીને પશ્ચાદવર્તી અસર (Restrospective effect) થી સજા કરી શકાતી નથી. એટલે કે આરોપીને જે સમયે ગુનો કરેલ હોવાનો તેના પર આરોપ હોય તે સમયે પ્રવર્તમાન કાયદા મુજબ તેની સામે ઈન્સાફી કાર્યવાહી (Trial) ચાલવી જોઈએ. બીજાં શબ્દોમાં કહીએ તો કોઈપણ આરોપીને તેણે જે સમયે ગુનો કરેલ હોય તે સમયે પ્રવર્તમાન ન હોય તેવા કોઈ કાયદા હેઠળ સજા કરી શકાતી નથી. એટલે કે કોઈપણ નવો કાયદો ભૂતલક્ષી પ્રભાવ કે પશ્ચાદ્વર્તી અસરથી ગુનાની સજા નિયત કરી શકે નહીં. ભારતીય બંધારણના અનુ. 20(1)માં આ જોગવાઈ કરાયેલ છે.

બંધારણના અનુ. 20(2) હેઠળ આરોપીને બીજું એક રક્ષણ પણ પૂરું પાડવામાં આવેલ છે. એટલે કે કોઈપણ આરોપીને પોતાની વિરુદ્ધ નિવેદન આપવાની ફરજ પાડી શકાતી નથી. તેમ જ કોઈ આરોપી સામે એક જ ગુના બદલ બે વખત ઈન્સાફી કાર્યવાહી કરી શકાતી નથી. આ રક્ષણ બંધારણના અનુ. 20(2) ઉપરાંત General Clauses Act, 1897, ક. 26, ફોજદારીનો કાયદો, 1973, ક. 300 હેઠળ પણ આરોપીને મળી શકે છે.

દરેક આરોપીને પોતાની ધરપકડનાં કારણો જાણવાનો અધિકાર છે. જો કોઈ વ્યક્તિની વિનાકારણ ધરપકડ કરાય, તો તેનાથી તેના માનવ અધિકારનો ભંગ થાય છે. બંધારણના અનુ. 21માં જણાવાયું છે કે કાયદાની સ્થાપિત પ્રક્રિયા સિવાય, કોઈપણ વ્યક્તિને તેનાં જીવન કે મિલકતથી વંચિત કરવામાં આવશે નહીં. અનુ. 21નો આ માનવ અધિકાર આરોપી સહિત દરેકને લાગુ પડે છે. તે જ રીતે, આરોપીને ધરપકડના 24 કલાકમાં મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરાવવાનો પોતાને અધિકાર છે. આ જો કે કાનૂની અધિકાર (Statutory Right) છે, પરંતુ તે માનવ અધિકાર પણ છે. તે જ રીતે, દરેક આરોપીને ફોજદારી કાર્યવાહીનો કાયદો, 1973ની ક. 327 હેઠળ ખુલ્લી ઈન્સાફી કાર્યવાહી (Open Trial) નો માનવ અધિકાર છે. દરેક આરોપીને પોતાની પસંદગીના વકીલ મારફત રજૂઆત કરવાનો અધિકાર છે.

જ્યારે આરોપીને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે, ત્યારે આરોપીને તેમ પૂછવાની ફરજ છે કે તેને ધરપકડનાં કારણોથી માહિતગાર કરવામાં આવેલ છે કે કેમ ! બંધારણના અનુ. 22 હેઠળ આરોપીને આ અધિકાર અપાયો છે. જો આરોપીને તેની ધરપકડનાં કારણો જણાવવામાં આવેલ ન હોય, તો તે બંદી પ્રત્યક્ષીકરણ રીટ અરજી કરી શકે છે.

દરેક આરોપીને ઝડપી ઈન્સાફી કાર્યવાહી (Speedy Trial) નો અધિકાર છે. તેમાં અદાલતી કાર્યવાહી નહીં, પરંતુ પોલીસ અન્વેષણનો પણ સમાવેશ થાય છે. બંધારણના અનુ. 21 હેઠળ આ અધિકારનો સમાવેશ થાય છે.

રામાનંદ ચૌધરી વિ. સ્ટેટ ઓફ બિહારના કેસમાં વર્ષોથી ચાલી આવતી ફોજદારી કાર્યવાહી રદ કરવાનો હુકમ કરાયો હતો. ઝડપી ઈન્સાફી કાર્યવાહી માત્ર આરોપીનો માનવ અધિકાર છે તે પૂરતું નથી. ઝડપી ઈન્સાફી કાર્યવાહી સમાજના હિતમાં પણ છે. જો ઈન્સાફી કાર્યવાહી લાંબી ચાલે, તો આરોપીનું દરમિયાન મૃત્યુ થવાની શક્યતા છે અને તેમ થાય, તો આરોપી ન્યાયથી વંચિત રહી જાય. આવા પ્રસંગે સાક્ષીઓની હાજરી મેળવવાનું પણ ક્યારેક મુશ્કેલ બની જાય. જો ઈન્સાફી કાર્યવાહી લાંબી ચાલે તો તેનાથી આરોપીના ચિત્તની શાંતિનો પણ ભંગ થાય છે. આથી કૈલાસચંદ ગુપ્તા વિ. સ્ટેટના કેસમાં સર્વોચ્ચ અદાલતે 20 વર્ષથી ચાલી આવતી આરોપી સામેની ફોજદારી કાર્યવાહી રદ કરવાનો હુકમ કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે હુસેનઆરા ખાતૂન કેસમાં જસ્ટીસ ભગવતીએ ઠરાવેલ છે કે ઝડપી ઈન્સાફી કાર્યવાહી થાય તે જોવાની રાજ્યની ફરજ છે. ભીમસીંગ વિ. સ્ટેટના કેસમાં આરોપીની ગેરહાજરીમાં રીમાન્ડ હુકમ કરવાની નીચેની અદાલતની પદ્ધતિની ટીકા કરી હતી. ડી.કે. બાસુના કેસમાં અદાલતની પરવાનગી વિના કેદીને હાથકડી પહેરાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે.

બંધારણના અનુ. 20 હેઠળ આરોપીને અન્ય એક માનવ અધિકાર અપાયો છે, તે મુજબ કોઈપણ આરોપીને તેની પોતાની વિરુદ્ધ સાક્ષી બનવાની ફરજ પાડી શકાતી નથી. બીજાં શબ્દોમાં કહીએ તો દરેક આરોપીને મૌન રાખવાનો અધિકાર છે. આરોપીને ફરિયાદ પક્ષનાં કાગળો મેળવવાનો અધિકાર છે. ફોજદારી કાર્યવાહીનો કાયદો 1973ની ક. 436થી 440ને આધીન, આરોપીને જામીન પર મુક્ત થવાનો પણ અધિકાર છે. બંધારણના અનુ. 20(2)માં અન્ય એક માનવ અધિકારનો પણ સમાવેશ કરાયો છે. એટલે કે કોઈપણ વ્યક્તિને એક જ ગુના બદલ બે વખત ઈન્સાફી કાર્યવાહી અને શિક્ષા કરી શકાતી નથી. આરોપીને પોતાના બચાવ માટે પણ રજૂઆત કરવાનો અધિકાર છે, એટલે કે તેને બચાવની યોગ્ય, વ્યાજબી અને પૂરતી તક મળવી જોઈએ.

અનુ. 21માં ગૌરવપૂર્વક જીવન જીવવાના માનવ અધિકારનો સમાવેશ થાય છે. તેથી આરોપી સાથે અમાનવીય કે ક્રૂર વર્તાવ કરી શકાતો નથી. જેલમાં પણ આરોપીને તેનાં સગાંઓને મળવા, યોગ્ય કારણ સિવાય ઈન્કાર કરી શકાય નહીં. આરોપીને રાજ્યના ખર્ચે કાનૂની મદદ મળવાનો અધિકાર પણ છે.

સંક્ષિપ્તમાં, આરોપીને નીચે મુજબના માનવ અધિકારો મળે છે :

(1) કાયદાનું સમાન રક્ષણ અને કાયદાની સમાનતા,

(2) કાયદાના પશ્ચાદ્‌વર્તી અસર સામે રક્ષણ,

(3) પોતાની જાત વિરુદ્ધ નિવેદન આપવાની ફરજ સામે રક્ષણ,

(4) એક જ ગુનાસર બે વખત ઈન્સાફી કાર્યવાહી સામે રક્ષણ,

(5) કારણો જાણવાનો અધિકાર,

(6) વકીલ રોકવાનો અને બચાવ કરવાનો અધિકાર,

(7) મફત કાનૂની સહાયનો અધિકાર,

(8) ઝડપી ઈન્સાફી કાર્યવાહીનો અધિકાર.

## 7. શરણાર્થીઓના માનવ અધિકારો :

ચોક્કસ વર્ગનો સામૂહિક હત્યાકાંડ (genocide), રાજ્યઆશ્રિત રાજકીય સંઘર્ષો વગેરેના કારણે સમગ્ર વિશ્વમાં લોકો વિસ્થાપિત થાય છે. 1980માં 6 કરોડ નિરાશ્રિતો હતા અને 2 કરોડ લોકો આંતરિક રીતે નિરાશ્રિત બનેલા હતા. વર્ષ 1995ના અંતે આ આંકડો વધીને 13 કરોડ લોકો નિરાશ્રિત થયા હતા અને આંતરિક રીતે વિસ્થાપિત થયેલ લોકોનો આંકડો 3 કરોડ ઉપર પહોંચ્યો હતો.

- **'શરણાર્થી'ની વ્યાખ્યા :**

દ્વિતીય વિશ્વયુદ્ધ પછી પણ ચાલુ રહેલ શીતયુદ્ધ (Cold war) ના કારણે યુરોપના કેટલાંક દેશોમાં શરણાર્થીઓનો ધસારો ખૂબ વધ્યો હતો. શરણાર્થી અંગેની આંતરરાષ્ટ્રીય ચિંતા માનવ અધિકારોના સંરક્ષણ સંબંધમાં છે. Convention Relating to Refufees, 1951 માં 'શરણાર્થી'ની વ્યાખ્યા નીચે મુજબ છે :

'જે કોઈ વ્યક્તિ, જાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા, કોઈ ચોક્કસ સામાજિક જૂથમાં સભ્યપદના કારણે અથવા રાજકીય અભિપ્રાયનાં કારણોસર, સતામણી થવાના સુનિશ્ચિત ભયતી પોતાની રાષ્ટ્રીયતાના દેશની બહાર હોય અને આવા ભયના કારણસર, તે દેશનું રક્ષણ મેળવવા માટે ઇચ્છુક ન હોય અથવા અસમર્થ હોય.

(Any person, who, owing to a well-founded fear of being persecuted for reasons of race, religion nationality, membership of a particular social group or political opinion, is outside the country of his nationality and is unable or owing to such fear, is unwilling to avail himself of the protection of that country.)

સામાન્ય રીતે એમ કહી શકાય કે શરણાર્થી એવી વ્યક્તિ છે કે જે પોતાના વતન દેશની સરહદો છોડીને અન્ય સ્થળે આશ્રય લેવા નાસી ગયેલ હોય, અને જેને શરણાર્થી તરીકેનો દરજ્જો પ્રાપ્ત થયેથી, અન્ય આંતરરાષ્ટ્રીય સ્થળાંતરકારીઓ (other international migrants) ને ન મળતા ચોક્કસ અધિકારો મેળવે છે. આવા અધિકારોમાં પુનઃસ્થાપન, હદપારી અથવા પોતાના વતન દેશમાં ફરજિયાત મોકલવા સામે રક્ષણનો સમાવેશ થાય છે. પોતાના દેશમાંથી નાસી છૂટીને જે પ્રથમ દેશમાં તેઓ આશ્રય માગે તેમને આશ્રય માગનારાઓ (asylum seekers) તરીકે ઓળખવામાં આવે છે.

Convention Relating to States of Refugees મુજબ શરણાર્થીઓના પુનઃ સ્થાપન અને તેમના અન્ય અધિકારોના રક્ષણની દેખરેખ United Nations High Commissioner for Refugeesની કચેરી કરે છે.

આ વ્યાખ્યા ઉપરાંત વિવિધ પરિસ્થિતિઓમાં મૂકાયેલા અને મદદ તેમ જ રક્ષણની જરૂરવાળા લોકોનો પણ શરણાર્થીની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવ્યો છે. Organisation of African Unity, 1969ના દસ્તાવેજમાં બાહ્ય આક્રમણ, આંતરિક ગૃહ અશાંતિ કે સંઘર્ષના કારણે નાસી છૂટેલાં વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. The Cartegena Declaration of 1984માં જીવન, સલામતી અથવા સ્વાતંત્ર્યની ધમકી કે હિંસા, વિદેશી આક્રમણ, આંતરિક સંઘર્ષો, માનવ અધિકારોનો મોટા પાયે ભંગ અથવા જાહેર વ્યવસ્થાને ગંભીર અસર કરતા અન્ય સંજોગોના કારણે પોતાના દેશમાંથી નાસી છૂટેલ વ્યક્તિઓનો શરણાર્થીની વ્યાખ્યામાં સમાવેશ કરાયો છે.

શરણાર્થીની કાનૂની વ્યાખ્યા ઉપરાંત એવા કેટલાંક સમૂહો છે કે જેઓ લશ્કરી સંઘર્ષ, આંતરિક અશાંતિ, વંશીય નિકંદનના કારમે નિરાશ્રિતો બન્યા હોય. અફઘાનિસ્તાન, એંગોલાં, કમ્બોડીઆ અથવા ગુટેમાલામાં ગૃહયુદ્ધ સ્થિતિનાં કારણે કેટલાંય લોકો પોતાનું ઘર છોડવા મજબૂર બન્યાં છે. ઈથોપીયા, સોમાલીયા, સુદાન, સોવિયેટ રશિયાના બાલ્કાન્સ રાજ્યમાં વંશીય લડાઈના કારણે અનેક લોકો તેનો ભોગ બનીને વિસ્થાપિત થયા છે. આવા લોકો પોતાના દેશ છોડી શકતાં નથી. તેથી શરણાર્થી (Refugee) તરીકેનું રક્ષણ તેમને મળતું નથી. શરણાર્થીઓની જેમ આ રીતે પોતાના જ

દેશમાં નિરાશ્રિત બનેલાં લોકોની વહારે ધાતું કોઈ આંતરરાષ્ટ્રીય સંગઠન નથી. તેમના રક્ષણ અને મદદ માટે આંતરરાષ્ટ્રીય કાયદામાં પણ જોગવાઈનો અભાવ છે.

કેટલાંક લોકો આર્થિક પરિબળોના કારણે પોતાના દેશમાંથી સ્થળાંતર કરે છે. આવા લોકો United Nations High Commissioner for Refugees (UNHCR) ની મદદ કે રક્ષણ મેળવવા હકદાર નથી.

જ્યારે યુદ્ધ, દુષ્કાળ કે કામની શોધમાં કેટલાંકને પોતાનો દેશ છોડીને અન્ય દેશમાં આશ્રય લેવા દોડવું પડે છે ત્યારે તે શરણાર્થી છે. આવા લોકોને આશ્રય મળે તે હેતુથી કેટલીક આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ થયેલ છે. યુનોએ ઘોષિત કરેલ માનવ અધિકારોના અનુ. 14(1)માં જણાવાયું છે કે જ્યારે કોઈપણ વ્યક્તિ પોતાના દેશમાં જુલમ કે ત્રાસનો ભોગ બને ત્યારે તેનાથી બચવા તે વ્યક્તિને બીજાં દેશમાં આશ્રય કે શરણ મેળવવાનો અધિકાર છે.

દીવાની, રાજકીય, આર્થિક તેમજ સામાજિક અને સાંસ્કૃતિક આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં શરણાર્થીઓને રક્ષણ આપવાનું સૂચવાયું છે. વ્યક્તિના જીવનનો અધિકાર અને અત્યાચાર કે અમાનવીય વ્યવહાર સામે રક્ષણ આંતરરાષ્ટ્રીય કાયદાનો સિદ્ધાંત છે. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન કેટલાંયે દેશોમાં હત્યાકાંડો અને અત્યાચારો થયા. માનવ અધિકારોનો મોટા પાયે અને સરેઆમ ભંગ થયો. 1920માં રાષ્ટ્રસંઘ (League of Nations) ની સ્થાપના થઈ. પ્રથમ વિશ્વયુદ્ધની સમાપ્તિ થયે લગભગ 2 કરોડ જેટલા નિરાશ્રિતો બન્યા. રાષ્ટ્રસંઘે તેમના હિત અને માનવ અધિકારોની જાળવણી માટે પ્રયાસો કર્યા. રાષ્ટ્રસંઘમાં શરણાર્થીઓના પ્રથમ કમિશનર તરીકે ફ્રિડજોફ નાનસેનની નિમણૂક કરવામાં આવી. નાનસેને ઘણી મહેનતને અંતે 26 દેશોમાં શરણાર્થીઓને સ્વદેશ પણ મોકલવામાં સફળતા મેળવી હતી. 1921માં રશિયામાં દુષ્કાળની પરિસ્થિતિમાં 3 કરોડ લોકોને રાહત આપવા કામો શરૂ કરાયાં હતાં. રાષ્ટ્રસંઘે શરણાર્થીઓની વ્યાખ્યા આપતાં ઠરાવ્યું કે શરણાર્થીઓ એ એક એવા લોકોનો સમૂહ છે જે પોતાના દેશની બહાર છે અને તેઓ સ્વદેશ પાછા ફરે તો તેમના માટે ભય છે.

યુનોની સ્થાપના 1945માં થતાં જ યુનોએ મહાસભાના પ્રથમ સત્રની બેઠકમાં જ ઠરાવ પસાર કર્યો. 'કોઈપણ શરણાર્થી કે સ્થળાંતરિત વ્યક્તિને પોતાના દેશમાં પાછા ફરવા સામે ઊભા થતાં ભયના વજૂદવાળા અને માની શકાય તેવા યોગ્ય કારણો હશે તો તેને સ્વદેશ પાછા ફરવાની ફરજ પાડવામાં આવશે નહીં.' યુનોએ International Refugee Organization સંસ્થાની રચના કરી અને શરણાર્થીઓને સ્થાયી કરવાની દિશામાં કાર્યક્રમો થવા લાગ્યા. ત્યારબાદ યુનોએ UN High Commissioner for Regugeeની કચેરીની સ્થાપના કરી. આ કચેરી યુનોની મહાસભા તેમજ Economic and Social Organizationની સાથે મળીને કામ કરે છે. તસ્લીમા નસરીન સામે જેહાદ જગાવતાં તેને અન્ય દેશમાં આશ્રય લેવાની ફરજ પડી હતી. થોડા મહિના અગાઉ તિબેટથી એક લામા બાળક પણ તિબેટ છોડી ભારત આવ્યા છે.

1951માં શરણાર્થીઓના દરજ્જા અંગે એક આંતરરાષ્ટ્રીય સમજૂતી થયેલ છે. તેમાં ઠરાવાયેલ છે કે, 'કોઈપણ રાષ્ટ્ર કોઈ વ્યક્તિને તેની ઇચ્છા વિરુદ્ધ એવા પ્રદેશમાં મોકલી શકે નહીં કે જ્યાં તેના પર જુલમ ગુજારવામાં આવી શકે. આને અંગ્રેજીમાં Non refoulment તરીકે ઓળખવામાં આવે છે. 1967માં એક Protocol તૈયાર કરાયો. 1994 સુધીમાં આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં અને Protocolમાં 118 રાષ્ટ્રોએ સહી કરેલ છે. જોકે ભારતે હજી સુધી સહી કરેલ નથી. આફ્રિકાની ખાસ પરિસ્થિતિના કારણે આફ્રિકા ખંડના દેશો વચ્ચે (Organization of African Unity) એક સમજૂતી થઈ. તેમાં બાહ્ય હુમલાઓ, પ્રદેશનો કબજો કે યુદ્ધ જેવા બનાવોના કારણે છોડી જતાં લોકોને શરણાર્થીઓ તરીકે ઓળખવામાં આવ્યા છે. જુદી જુદી આંતરરાષ્ટ્રીય સમજૂતીઓથી શરણાર્થીઓની વ્યાખ્યા વિસ્તૃત થઈ હતી. UN High Commissioner of Refugee કચેરીએ આવી વ્યક્તિઓને પોતાના કાર્યક્ષેત્રમાં આવરી લીધી. તેની એક કચેરી દિલ્હીમાં છે. આ કચેરીમાં અફઘાનિસ્તાન કે બંગલા દેશથી આવેલાં લોકોની આશ્રય માટેની અરજીઓ ચકાસવાનું અને શરણાર્થીઓનો દરજ્જો નક્કી કરવાનું કાર્ય રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની સાથે રહીને કરવામાં આવે છે. બંગલા દેશમાંથી

લાખોની સંખ્યામાં ચકમા શરણાર્થીઓ ભારતમાં આવ્યા હતા. કેટલાંક વિદ્યાર્થીજૂથોએ તેમને અમુક સમયમાં ભારત છોડી જવાની મહેતલ આપી હતી. અન્યથા તેમણે બળનો ઉપયોગ કરવાની ધમકી આપી હતી. તેની સામે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે સર્વોચ્ચ અદાલતમાં ફરિયાદ કરતાં રક્ષણનો આદેશ અપાયો હતો. આવો જ બીજોં એક કેસ માલવિકા કારલેકર વિ. યુનિયન ઓફ ઈન્ડિયાનો છે. આ કેસમાં બર્માથી આવેલ શરણાર્થીઓને આંદામાન ટાપુઓ છોડવાની ફરજ પાડવામાં આવી રહી હતી. અદાલતે તેના પર રોક લગાવી હતી અને શરણાર્થી તરીકેનો દરજ્જો નક્કી કરવા માટે UN High Commissioner for Refugeeનો સંપર્ક કરવા જણાવાયું હતું.

- **શરણાર્થીઓ અને માનવ અધિકારો :**

આલ્બેનીઆ, બોસ્નીઆ, હઈતી, રવાન્ડા અને અન્યત્ર બનતા માનવ અધિકારો ભંગના કારણે શરણાર્થીઓનો પ્રવાહ સતત વહેતો રહે છે. શરણાર્થીઓની સમસ્યાઓનો નિકાલ માનવ અધિકારની પ્રવૃત્તિઓ પર આધારિત છે. યુનોનું માનવ અધિકાર તંત્ર પણ મજબૂત બનાવવાની જરૂર છે. UNHCR એ માનવ અધિકાર ભંગના બનાવોની હમણા સુધી ગંભીરતાથી નોંધ લીધી ન હતી. તેનું કારણ પણ છે કે પોતાના દેશમાં થયેલ માનવ અધિકારના ભંગના કારણે લોકો પોતાના દેશ છોડીને અન્યત્ર આશ્રય મેળવવા જાય, ત્યારે જ UNHCRની કચેરી કાર્યરત બને છે.

શરણાર્થીઓને જ્યાં આશ્રય (asylum) અપાયો હોય, ત્યાં UNHCRની મુખ્ય કામગીરી તેમને ભૌતિક મદદ (material assistance) પહોંચાડવાની હોય છે. UNHCR આંતરરાષ્ટ્રીય કાયદાના અમલ માટે રાજકીય દબાણ રાજ્યોને કરે છે. આંતરરાષ્ટ્રીય શરણાર્થી કાયદાના અમલ માટે કોઈ તંત્ર અસ્તિત્વ ધરાવતું નથી. યુનોનું માનવ અધિકાર તંત્ર શરણાર્થીના તંત્ર કરતાં અલગ છે. Convention Relating to Status of Refugeesમાં પક્ષકાર બનેલાં રાજ્યોના સંબંધમાં અમલ માટે કોઈ વ્યવસ્થા તંત્રની જોગવાઈ કરવામાં આવી નથી. આશ્રય આપનાર રાજ્યો પર જ શરણાર્થીઓનો આધાર છે. રાજ્યોની કામગીરીની સમીક્ષા (Review) કરવાની પણ કોઈ જોગવાઈ છે નહીં.

UNHCR માનવ અધિકાર ભંગના પ્રશ્નો હાથ ધરતાં ડર એ કારણે અનુભવે છે કે શરણાર્થીઓનાં હિતોને તેનાથી કદાચ અવળી અસર થાય. રાહત કામગીરી માટે આશ્રય આપનાર દેશની તેણે પરવાનગી મેળવવાની હોય છે. તેમ જ વસ્તુઓ માટે રાજ્યો પાસેથી દાનની રકમ પણ મેળવવાની હોય છે. આ કારણો UNHCR મનવ અધિકાર ભંગના પ્રશ્નો સાથે સીધો સંપર્ક રાખવાનું ટાળે છે.

## 8. અપંગોના માનવાધિકારો (Rights of Disabled Persons) :

યુનો મહાસભાએ આ સંબંધમાં નીચેની બે ઘોષણાઓ પ્રગટ કરેલ છે :

1. મંદબુદ્ધિ વ્યક્તિઓ માટેના અધિકારો, 1971 (The 1971 Declaration on the Rights of Mentally Retarded Persons) :

   યુનો મહાસત્તાએ 20 ડિસેમ્બર, 1971ના રોજ આ ઘોષણાનો સ્વીકાર કરેલ છે. અપંગોની ઉન્નતિ માટે આ ઘોષણામાં નીચે મુજબ સિદ્ધાંતો સ્વીકારાયાં છે :

(1) મંદબુદ્ધિની વ્યક્તિઓને શક્ય હોય ત્યાં સુધી અન્ય વ્યક્તિઓ જેવાં જ અધિકારો રહેશે.

(2) મંદબુદ્ધિની વ્યક્તિને યોગ્ય તબીબી કાળજી અને શારીરિક સારવારનો તેમજ જેનાથી તેની શક્તિઓનો મહત્તમ વિકાસ થાય તેવા શિક્ષણ, તાલીમ, પુનર્વસવાટ અને માર્ગદર્શનનો અધિકાર રહેશે.

(3) મંદબુદ્ધિની વ્યક્તિને આર્થિક સલામતી અને સારા જીવનધોરણનો અધિકાર છે. તેની શક્તિઓની મહત્તમ મર્યાદામાં રહીને તેને કોઈ ઉત્પાદક કાર્ય અથવા કોઈ અર્થપૂર્ણ વ્યવસાયમાં જોડાવાનો અધિકાર રહેશે.

(4) મંદબુદ્ધિની વ્યક્તિને શક્ય હોય ત્યાં સુધી તેના કુટુંબ સાથે અથવા તેના પાલક માતા-પિતા સાથે રહેવાનો અને સમૂહ જીવનમાં ભાગ લેવાનો અધિકાર છે. તે જે કુટુંબ સાથે રહેતો હોય તેને મદદ મળવી જોઈએ.

(5) ત્યારે મંદબુદ્ધિની વ્યક્તિને અંગત હિતોના રક્ષણની જરૂર હોય તો લાયકાત ધરાવતી વ્યક્તિની સેવા મેળવવાનો અધિકાર છે.

(6) મંદબુદ્ધિની વ્યક્તિને શોષણ અને ગેરવર્તન સામે રક્ષણનો અધિકાર છે. જો કોઈ ગુના બદલ તેની સામે ફરિયાદ કરાયેલ હોય, તો તેની માનસિક અવસ્થા ધ્યાનમાં લેવાવી જોઈએ.

(7) જ્યારે માનસિક અવસ્થાને કારણે મંદબુદ્ધિની વ્યક્તિ પોતાના અધિકારોનો અસરકારક ઉપયોગ કરી શકે તેમ ન હોય, અથવા તેના કોઈ અધિકાર પર નિયંત્રણ મૂકવાનું જરૂરી હોય, ત્યારે તેના દુરુપયોગ સામે યોગ્ય કાળજી લેવાવી જોઈએ. તે માટે નિષ્ણાતોની સહાય લેવી જોઈએ.

## 2. અપંગ વ્યક્તિઓના અધિકારોની ઘોષણા, 1975 (The 1975 Declaration on the Rights of Disabled Persons) :

અપંગ વ્યક્તિઓની ઉન્નતિ માટે યુનો મહાસભાએ તા. 9 ડિસેમ્બર, 1975ના રોજ આ ઘોષણાપત્ર સ્વીકારેલ છે. તેમાં અપાયેલ વ્યાખ્યા મુજબ ‘અપંગ વ્યક્તિ’ એટલે એવી વ્યક્તિ કે જે પોતાની શારીરિક કે માનસિક શક્તિઓમાં રહેલ કોઈ જન્મજાત  કે અન્ય ક્ષતિના કારણે સામાન્ય વ્યક્તિ અને / અથવા સામાજિક જીવનની જરૂરિયાતો પૂર્ણતઃ કે અંશતઃ પોતાની જાતે પૂરી કરી શકે તેમ ન હોય.

આ ઘોષણાપત્રમાં નીચે મુજબના સિદ્ધાંતો જણાવાયાં છે :

(1) અપંગ વ્યક્તિ આ ઘોષણાપત્રમાં જણાવેલ તમામ અધિકારો જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ, રાજકીય કે અન્ય અભિપ્રાયો, રાષ્ટ્રીય કે સામાજિક કૂળ, આરોગ્ય, જન્મ અથવા અન્ય કોઈપણ પરિસ્થિતિ કે જે અપંગ વ્યક્તિ કે તેના કુટુંબને લાગુ પડતી હોય, તેના ભેદભાવ વગર ભોગવશે.

(2) અપંગ વ્યક્તિઓને પોતાના માનવીય ગૌરવ માટે પોતાની અપંગતાની ઉત્પત્તિ, પ્રકૃતિ કે ગંભીરતાને લક્ષમાં લીધા સિવાય માન મેળવવાનો અંતર્ગત અધિકાર અને તેની વય ધરાવતાં અન્ય નાગરિકોની જેમ શક્ય તેટલી સામાન્ય રીતે મૂળભૂત અધિકારો ધરાવશે.

(3) અપંગ વ્યક્તિઓ અન્ય માનવોની જેમ જ દીવાની અને રાજકીય અધિકારો ધરાવે છે.

(4) પોતાના સ્વનિર્ભર બનાવવા માટેના પગલાંઓ માટે  હકદાર છે.

(5) અપંગ વ્યક્તિઓ તબીબી, માનસિક અને કાર્યશીલ સારવાર, ઓર્થોપેડિક સાધનો, તબીબી અને સામાજિક પુનરુત્થાન, શિક્ષણ, ધંધાકીય તાલીમ, મદદ, સલાહ અને પુનર્વસવાટની કામગીરી પણ ઝડપી થાય.

(6) અપંગ વ્યક્તિઓને સામાજિક અને આર્થિક સલામતી, રોજગારી, ઉપયોગી કે ઉત્પાદક કાર્ય કરવાનો મજદૂર સંઘમાં જોડાવાનો અધિકાર રહેશે.

(7) આર્થિક અને સામાજિક આયોજન વખતે અપંગ વ્યક્તિઓ પોતાની ખાસ જરૂરિયાતો લક્ષમાં લેવરાવવા હકદાર છે.

(8) અપંગ વ્યક્તિઓ પોતાના કુટુંબ કે પાલક માતા-પિતા સાથે રહેવાનો અને તમામ સામાજિક, સર્જનાત્મક અથવા મનોરંજન પ્રવૃત્તિઓમાં ભાગ લેવા હકદાર છે.

(9) અપંગ વ્યક્તિઓને શોષણ અને પક્ષપાતભરી કે તેમનું માન હણનારી પ્રવૃત્તિઓ સામે રક્ષણ મેળવવાનો અધિકાર રહેશે.

(10) જ્યારે અપંગ વ્યક્તિઓને પોતાની જાત અને મિલકતના રક્ષણ માટે કાનૂની સહાય અનિવાર્ય હોય ત્યારે યોગ્ય કાનૂની સલાહ માટે હકદાર રહેશે. જો તેમની સામે કોઈ કાનૂની કાર્યવાહી દાખલ કરાયેલ હોય, તો તેમાં તેમની શારીરિક અને માનસિક સ્થિતિનો પૂરો ખ્યાલ કરવામાં આવશે.

પ્રથમ કાયદાના આમુખ બાબતે સર્વોચ્ચ અદાલતે યુનિયન ઓફ ઈન્ડિયા વિ. દેવેન્દ્રકુમાર પંતના કેસમાં ઠરાવેલ છે કે આ કાયદાનો હેતુ અશક્ત વ્યક્તિઓને મદદ કરવાનો છે કે જેથી તેઓ પોતાનું જીવન ગૌરવપૂર્વક અને સ્વાતંત્ર્યથી ગુજારી શકે. સર્વોચ્ચ અદાલતે સુચિતા શ્રીવાસ્તવ વિ. ચંદીગઢ એડમિનિસ્ટ્રેશન કેસમાં ઠરાવેલ છે કે 'માનસિક રીતે બિમાર' (Mentally ill person) અને 'મંદ બુદ્ધિની વ્યક્તિ' (Mentally Retarded Person) વચ્ચે તફાવત છે. જ્યારે આવી વ્યક્તિઓને લાભ આપવાનો હોય ત્યારે આ તફાવત રહેતો નથી. પરંતુ ત્યારે તેમના વિરુદ્ધની કોઈ વાત હોય ત્યારે આ તફાવત રહે છે. યુનિયન ઓફ ઈન્ડિયા વિ. દેવેન્દ્રકુમાર પંતના કેસમાં ઠરાવાયેલ છે કે પ્રથમ કાયદો તમામ અશક્ત વ્યક્તિઓને સમાન ધોરણે લાગુ પડતો નથી. આ કાયદા હેઠળનું રક્ષણ અશક્તિ એ અસમર્થતાના પ્રકાર તેમજ રક્ષણની જરૂરિયાત પર આધારિત છે. આ કાયદાની જોગવાઈઓ યાંત્રિક રીતે લાગુ પાડવાની નથી. આ કાયદાની જોગવાઈઓ લાગુ પડતી વખતે કાયદાનો હેતુ અને ખાસ લાભ માટે નિર્દિષ્ટ કરાયેલ વ્યક્તિઓના પ્રકાર ધ્યાનમાં લેવા જોઈએ. આ કેસમાં વધુમાં ઠરાવાયેલ છે કે ક. 47(2)થી બઢતી માટે નિયત કરાયેલ તબીબી ધોરણો માત્ર અશક્તિનાં કારણોસર બઢતીનો ઈન્કાર ગણાશે નહીં. પ્રજવલા વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં પ્રથમ કાયદાની કલમો 43 અને 62ના અમલ માટે જાહેર હિતની વાદની અરજી કરવામાં આવી હતી. રાજ્ય સરકારો તરફથી મળેલ જવાબો એમ સૂચવતાં હતાં કે કલમ 43નો કાં તો બિલકુલ અમલ કરાયો ન હતો અથવા અંશતઃ અમલ કરાયો હતો. આથી આ કેસમાં અશક્ત વ્યક્તિઓને રાહત દરે જમીન આપવાની રાજ્ય સરકારો/સ્થાનિક સત્તામંડળોને આદેશો કરવામાં આવ્યાં હતાં. તમામ રાજ્યોમાં ક. 62 મુજબ મુખ્ય કમિશ્નર નીમવાના આદેશો પણ કરવામાં આવ્યા હતા.

## 10. સારાંશ : (Let us sum up) :

- કેટલાંક જૂથોના માનવ અધિકારોની વાત કરવામાં આવેલ છે. દરેકને વ્યક્તિગત રીતે અલગ અલગ અધિકારો આપવામાં આવેલ છે.




### (1) સ્ત્રીઓ :

સ્ત્રીઓને અલગ રીતે અધિકારો આપવામાં આવેલ છે. ખાસ કરીને સ્ત્રીનું રક્ષણ થાય, તેનું શોષણ ન થાય, તેના ઉપર બળાત્કાર ન થાય, મારપીટ ન થાય, સમાનવેતન મળે, હત્યા ન થાય વગેરેમાંથી સંપૂર્ણ રક્ષણ મળે તે બાબત ધ્યાનમાં રાખી અધિકારો આપવામાં આવેલ છે.

**(2) બાળકો :**

- બાળકનો સર્વાંગી વિકાસ થાય તેમજ સારું શિક્ષણ મેળવી શકે તે માટે કેટલાંક અધિકારો આપવામાં આવેલ છે.
- ભેદભાવમાંથી મુક્તિ, વિચારોની મુક્ત અભિવ્યક્તિ, માહિતી મેળવવાનો, શિક્ષણ મેળવવાનો, સંગઠનની સ્વતંત્રતા, અપંગ બાળકોની સંભાળ, જીવનધોરણ મેળવવાનો, જાતિય શોષણ સામે રક્ષણ વગેરે અધિકારો આપેલ છે.

**(3) લઘુમતીઓ :**

- ધાર્મિક કે ભાષાકીય લઘુમતીઓનું અસ્તિત્વ હોય ત્યારે આવી લઘુમતીઓની વ્યક્તિઓને પોતાના જૂથોના સભ્યોની સાથે રહીને પોતાની સંસ્કૃતિ, પોતાના ધર્મનું પાલન અને પ્રચાર કરવાના તેમજ પોતાની ભાષા પ્રયોજવાના અધિકારોનો ઈન્કાર કરવામાં આવશે નહીં.
- લઘુમતીઓના આત્મ-નિર્ણયનો અધિકાર માન્ય રાખવામાં આવે છે.

**(4) દલિતો :**

- દલિતો પણ સમાજનો એક ભાગ છે. તેઓ સમાનતા માટે હકદાર છે. દલિતોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોનો સમાવેશ થાય છે. અન્ય લોકોને લાગુ પડતા માનવ અધિકારો દલિતોને પણ લાગુ પડે. અનામતની જોગવાઈનો લાભ આપવો.

**(5) કેદીઓ :**

- માનવ અધિકારોની બાબતમાં સૌથી વધુ દયનીય સ્થિતિ જો કોઈની હોય તો તે કેદીઓની છે. માનવ અધિકારોનો ભંગ એટલે જે તે પરિસ્થિતિમાં વ્યક્તિત્વનું વિકાસ માટેની તકોનો અભાવ.
- કેદી જે ભાષા જાણતો હોય તે ભાષામાં રજૂઆત કરવી.
- કેદીઓનું રક્ષણ થાય અને તેમની સાથે યોગ્ય વ્યવહાર કરવો.

**(6) આરોપી :**

- આરોપીના ઘણાં ખરાં અધિકારો માન્ય અધિકારો જ છે.
- ભારતમાં પણ જ્યાં સુધી નિઃશંકપણે પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે.
- કાયદાની સમાનતા અને કાયદાના સમાન રક્ષણનો બંધારણીય આરોપીને બંધારણીય અધિકાર છે.
- આરોપીનું રક્ષણ કરવું, ધરપકડનાં કારણો જાણવાનો અધિકાર છે.

**(7) શરણાર્થી :**

- 'જે કોઈ વ્યક્તિ, જાતિ, ધર્મ, રાષ્ટ્રીય, કોઈ ચોક્કસ સામાજિક જૂથમાં સભ્યપદના કારણે કે રાજકીય અભિપ્રાયનાં કારણોસર સતામણી થવાના સુનિશ્ચિત ભયથી પોતાની રાષ્ટ્રીયતાના દેશની બહાર હોય અને આવા ભયના કારણસર તે દેશનું રક્ષણ મેળવવા માટે ઈચ્છુક ન હોય કે અસમર્થ હોય.'

**(8) અપંગો :**

(1) મંદબુદ્ધિની વ્યક્તિને અન્ય વ્યક્તિઓની જેમ અધિકારો આપવાં.

(2) મંદબુદ્ધિની વ્યક્તિને અંગત હિતોના રક્ષણની જરૂર હોય તો લાયકાત ધરાવતી વ્યક્તિની સેવા મેળવવાનો અધિકાર છે.

(3) મંદબુદ્ધિની વ્યક્તિને શોષણ અને ગેરવર્તન સામે રક્ષણનો અધિકાર છે.

## 11. એકમ સ્વાધ્યાય

(1) સ્ત્રીઓના માનવ અધિકારો વિશે વિસ્તૃત નોંધ લખો.

(2) બાળકોના માનવ અધિકારો વિશે સમજૂતી આપો.

(3) કેદીઓના માનવ અધિકારો વિશે ઉદાહરણો સહિત સમજાવો.

(4) લઘુમતીઓના માનવ અધિકારો વિશે વિસ્તૃત નોંધ લખો.

(5) વૃદ્ધ વ્યક્તિઓ, અસમર્થ વ્યક્તિઓ અને અપંગ વ્યક્તિઓના માનવ અધિકારોની ચર્ચા કરો.

(6) સ્ત્રીઓના માનવ અધિકારો અંગે સમજાવો. તે અંગે વિએના જાહેરનામા સંદર્ભે ચર્ચા કરો.

(7) આરોપીઓના અધિકારો અને જોગવાઈઓ ટૂંકમાં સમજાવો.

(8) સ્ત્રીઓ અને બાળકોના માનવ અધિકારો દર્શાવો અને ચર્ચા કરો.

(9) કચડાયેલા વર્ગોના માનવ અધિકારના રક્ષણ માટે બંધારણમાં સમાવિષ્ટ જોગવાઈઓ તથા સર્વોચ્ચ અદાલતનું પ્રદાન વિવિધ કેસો દ્વારા સમજાવો.

**(10) કોયડા ઉકેલો :**

(1) એક વ્યક્તિ આજીવન માટે કેદમાં હતો. તેણે જેલમાં રહી બી.એ.નો અભ્યાસ કરવાની માગણી કરી હતી, પરંતુ તેની માગણી નામંજૂર કરવામાં આવી હતી. તેના કયા અધિકારનો ભંગ કરવામાં આવ્યો હતો ?

(2) એક શૈક્ષણિક સંસ્થામાં એક સ્ત્રી અને પુરુષને ક્લાર્કની જગ્યાઓ ઉપર એક દિવસે નિમણૂક આપી હતી, પુરુષને સરકારના ધારાધોરણ મુજબ વેતન આપવામાં આવતું હતું, પરંતુ સ્ત્રીને તેના રૂા. 5,000 ઓછા આપવામાં આવતા હતા. બંનેની કામગીરી સમાન હતી. આવો ભેદભાવ રાખી શકાય ? શા માટે ?

(3) અ, બ, ક અને ડ એ એક ખાનગી શૈક્ષણિક સંસ્થાની સ્થાપના કરી હતી અને રાજ્ય સરકાર પાસે માન્યતા માટે અરજી કરતાં રાજ્ય સરકારે ફી અને પ્રવેશની બાબતમાં યોગ્ય ધોરણો જાળવવા માટે કેટલીક શરતો મૂકી હતી. આવી શરતો મૂકી શકાય ? શા માટે ?

(4) એક પહાડી વિસ્તારના લોકોએ તેમના માટે રસ્તાની માગણી કરી હતી. સરકારે તેનો ઈન્કાર કર્યો હતો. તેમને યોગ્ય સલાહ આપો.

(5) ગુજરનાર સરકારી નોકરના આશ્રિતને અન્ય કોઈપણ કરતાં પ્રથમ પસંદગી આપવાનો સરકારી નિયમ હતો. સરકારી નોકરના અવસાન બાદ 17 વર્ષે આશ્રિતે નોકરી માટે અરજી કરી હતી. તો તે નોકરી મેળવવા હકદાર બનશે ? શા માટે ?

(6) એક શાળામાં એક એવો નિયમ હતો કે ભણવાની શરૂઆત પહેલા બધા જ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રગીત ગાવાનું ફરજિયાત રહેશે. ત્રણ વિદ્યાર્થીઓને રાષ્ટ્રગીત નહિ ગાવા બદલ બરતરફ કરવામાં આવ્યા હતા. આ કાયદેસર છે ? શા માટે ?

(7) ગુજરાત સરકાર દ્વારા અધ્યાપક સહાયકને માસિક વેતન રૂા. 7,500/- ચૂકવવામાં આવે છે. યુ.જી.સી.ના નિયમ પ્રમાણે ચૂકવવાનો ઈન્કાર કરે છે. શું આ માનવ અધિકારનો ભંગ છે ?

(8) 'અ' નામના આરોપીની આંગળાની છાપ લેવામાં આવે છે. શું આ માનવ અધિકારનો ભંગ ગણાય ?

(9) ફિલ્મ સ્ટાર શાહરૂખખાનનું ન્યૂયોર્ક એરપોર્ટ પર સઘન ચેકિંગ કરવામાં આવે છે ? શું આ માનવ અધિકારનો ભંગ છે ?

## 12. તમારી પ્રગતિ ચકાસો :

(1) સ્ત્રીઓને મળતા માનવ અધિકારો જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(2) બાળકોના માનવ અધિકારો જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(3) લઘુમતીઓના માનવ અધિકારો જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(4) દલિતોના માનવ અધિકારો જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(5) કેદીઓના માનવ અધિકારો જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(6) આરોપીના માનવ અધિકારો જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

(7) શરણાર્થીઓના માનવ અધિકારો જણાવો.

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

(8) અપંગોના માનવ અધિકારો જણાવો.

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

## 13. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : (Answer to Check your Progress) :

**(1) સ્ત્રીઓના માનવ અધિકારો : (ત્રણ)**

(1) સ્ત્રીઓના શોષણ સામે રક્ષણ મેળવવાનો અધિકાર

(2) આજીવિકાનું પૂરતું સાધન મેળવવાનો અધિકાર

(3) સરખું વેતન મેળવવાનો અધિકાર

**(2) બાળકોના માનવ અધિકારો : (ત્રણ)**

(1) ભેદભાવમાંથી મુક્તિ

(2) બાળકના હિત સંબંધી લાભ માટે

(3) વિચારોની મુક્ત અભિવ્યક્તિ

**(3) લઘુમતીઓના માનવ અધિકારો : (ત્રણ)**

(1) લઘુમતીઓને આપણા દેશમાં પૂરતું વિચાર સ્વાતંત્ર્ય અને ધર્મ સ્વાતંત્ર્ય છે.

(2) પોતાના વિચાર પ્રમાણે પોતાની મિલકતની વ્યવસ્થા કરવાનો પણ અધિકાર છે.

(3) લઘુમતીઓને પોતાની સંસ્કૃતિ અને ઓળખ જાળવી રાખવાનો અધિકાર છે.

**(4) દલિતોના માનવ અધિકારો : (બે)**

(1) સમાનતાનો અધિકાર

(2) દલિતોને અનામતનો લાભ આપવો

**(5) કેદીઓના માનવ અધિકારો : (બે)**

(1) કેદીનું રક્ષણ કરવું

(2) કેદી જે ભાષા જાણતો હોય તે ભાષામાં તેને કારણો જણાવવાં જોઈએ.

**(6) આરોપીના માનવ અધિકારો : (ત્રણ)**

(1) કારણો જાણવાનો અધિકાર

(2) વકીલ રોકવાનો અને બચાવ કરવાનો અધિકાર

(3) મફત કાનૂની સહાયનો અધિકાર

**(7) શરણાર્થીઓના માનવ અધિકારો : (બે)**

- વિવિધ પરિસ્થિતિઓમાં મૂકાયેલ અને મદદ તેમજ રક્ષણની જરૂરવાળાં લોકોનો પણ શરણાર્થીની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

(1) કોઈપણ વ્યક્તિને પોતાના દેશમાં ત્રાસનો ભોગ બનેલ હોય તો બીજાં દેશમાં શરણ મેળવવાનો અધિકાર છે.

(2) અમાનવીય વ્યવહાર સામે રક્ષણ આંતરરાષ્ટ્રીય કાયદાનો સિદ્ધાંત છે.

**(8) અપંગોના માનવ અધિકારો : (ત્રણ)**

(1) મંદબુદ્ધિની વ્યક્તિઓને શક્ય હોય ત્યાં સુધી અન્ય વ્યક્તિઓ જેવા જ અધિકારો રહેશે.

(2) મંદબુદ્ધિની વ્યક્તિને આર્થિક સલામતી અને સારા જીવન ધોરણનો અધિકાર છે.

(3) મંદબુદ્ધિની વ્યક્તિનો શક્ય હોય ત્યાં સુધી તેના કુટુંબ સાથે રહેવાનો અધિકાર છે.

## 14. સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings) :


(1) કારીઆ એ. એન. : માનવ અધિકારો, સી. જમનાદાસની કંપની, અમદાવાદ

(2) મેવાડા સોનલ ડી. : સ્ત્રીઓના અધિકારો, શ્રીયોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન, અમદાવાદ

(3) માસ્તર જીવરામભાઈ : બાળકોના અધિકાર, શ્રીયોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન, અમદાવાદ

**એકમ 4**

# ભારતમાં માનવ અધિકારોનો કાયદો

## : રૂપરેખા :

**(1) પ્રસ્તાવ**

**(2) ભારતમાં માનવ અધિકારોનો અમલ**

**(3) ભારતમાં માનવ અધિકારોનો ભંગ**

**(4) માનવ અધિકાર ભંગના ઉપાયો**

**(1) યુનોમાં ફરિયાદ**

**(2) ભારતમાં માનવ અધિકાર પંચને ફરિયાદ**

**(3) સર્વોચ્ચ અદાલત કે વડી અદાલતમાં કાર્યવાહી**

**(4) જાહેરહિતની અરજી અને અન્ય કેસોમાં સ્વૈચ્છિક સંસ્થાઓનું પ્રદાન**

**(5) જાહેરહિતની અરજી અને ન્યાયિક સક્રિયતા**

**(6) પોલીસ અત્યાચાર, હવાલાત હિંસા અને મૃત્યુ**

**(7) રાષ્ટ્રીય લઘુમતી પંચ ધારો-1992**

**(8) રાષ્ટ્રીય મહિલા પંચ-1990**

**(5) ભારતમાં માનવ અધિકારોને લગતાં કાયદાનો સારાંશ**

**(6) એકમ સ્વાધ્યાય**

**(7) તમારી પ્રગતિ ચકાસો**

**(8) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**(9) સૂચિત વાંચન સામગ્રી**

**ઉદ્દેશો (Objective) :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) ભારતમાં માનવ અધિકારોનો અમલ સમજી શકશો.

(2) ભારતમાં માનવ અધિકારોનો ભંગ સમજી શકશો.

(3) માનવ અધિકાર ભંગના ઉપાયો સમજી શકશો.

(4) ભારતમાં માનવ અધિકારોને લગતાં કાયદાનો સારાંશ સમજી શકશો.

## 1. પ્રસ્તાવના :

ભારતમાં કેન્દ્ર સરકારે માનવ અધિકાર પંચની સ્થાપના કરી છે. આ પંચને માનવ અધિકારભંગ અંગેની દરરોજની સરેરાશ 400 ફરિયાદો મળી રહી છે. એમનેસ્ટી ઈન્ટરનેશનલના અહેવાલ પ્રમાણે ભારતમાં પોલીસ અત્યાચારો તેમજ અર્ધલશ્કરી અને લશ્કરી દળોના સભ્યો દ્વારા સરહદી વિસ્તારોમાં કરાતી લૂંટફાટ તથા બળાત્કારના બનાવોમાં માનવ અધિકારભંગની સંખ્યા ઘણી મોટી છે. આ પ્રકરણમાં આપણે માનવ અધિકારોનો અમલ, ભંગ, ઉપાયો તથા કાયદાકીય જોગવાઈ અંગે જોઈશું.

- ભારતમાં માનવ અધિકારોના નબળા અમલ વિશે ભારત અને પરદેશમાં ખૂબજ ચર્ચા ચાલી. ભારતમાં પોલીસ દમન, અત્યાચારો, વિના કારણ પોલીસ ગોળીબાર અને તેનાથી નિર્દોષ

લોકોનાં થતાં મૃત્યુ, પોલીસ દમનથી જેમ પાસ દરમિયાન આરોપીઓનાં થતાં મૃત્યુના વધતાં જતાં બનાવો.

- જેલ વાસમાં બળાત્કાર ના વધતાં જતાં બનાવો, ગૃહકલેશના કારણે આત્મહત્યા કરતી સ્ત્રીઓ વગેરે અનેક બનાવોથી માનવ અધિકારોના અમલની બાબતમાં આપણી સ્થિતિ ખૂબ ખૂબ નબળી દેખાય છે.
- કાશ્મીર રાજ્યમાં પોલીસ, અર્ધ લશ્કરીદળો દ્વારા નિર્દોષ વ્યક્તિઓનાં અપહરણ, હત્યા, મારપીટ, લૂંટફાટના અહેવાલોએ ખળભળાટ મચાવેલ છે.
- સમાજમાં પોલીસ દ્વારા નેતાઓ દ્વારા શોષણ હત્યાચાર, દમન,દયતાની ઉઘરાણી, ગુંડાઓનો રાજકીયનેતાઓ સાતે સીધો સંપર્ક, નીચાં પગાર ધોરણો વગેરે કારણોસર પોલીસમાં પણ ભ્રષ્ટાચાર સારા પ્રમાણમાં છે.
- માનવ અધિકારો માટે જેમ જેમ જાગૃતિ આવતી જાય છે તેમ તેમ પોલીસ પણ હવે ડરતી થઈ છે. જો કે તેનાતી પોલીસના પ્રજા તરફના વર્તનમાં સહેજે સુધારો થયો નથી.

**(2) ભારતમાં માનવ અધિકારોનો અમલ**

ભારતમાં માનવ અધિકારોના નબળા અમલ વિશે દેશમાં તેમજ પરદેશમાં કાગારોળ આવી રહી છે. ભારતમાં પોલીસ અત્યાચારો, વિના કારણ પોલીસી ગોળીબાર અને તેનાથી નિર્દોષ લોકોનાં થતાં મૃત્યુ, પોલીસના મારતી પોલીસ કસ્ટડીમાં કે જેલવાસ દરમિયાન આરોપીઓનાં થતાં મૃત્યુના વધતાં જતાં બનાવો. જેલોની અમાનવીય અને બદતર સ્થિતિ, દેશમાં આશરે 7 કરોડ જેટલાં મજૂરી કરી રહેલાં બાળમજૂરો, બળાત્કારના વધતા જતા બનાવો, ગૃહક્લેશના કારણે આત્મહત્યા કરતી સ્ત્રીઓ વગેરે અનેક બનાવોથી માનવ અધિકારોના અમલની બાબતમાં આપણી સ્થિતિ ખૂબ ખૂબ નબળી દેખાય છે.

ભારતમાં માનવ અધિકારોના અમલમાં પોલીસ અત્યાચારો પર ઠીકઠીક પસ્તાળ પડી રહી છે. પોલીસ અત્યાચારો, પોલીસ ગોળીબારથી નિર્દોષ વ્યક્તિઓનાં મૃત્યુ, પોલીસના મારથી કસ્ટડીમાં આરોપીનું મૃત્યુ,પોલીસ કર્મચારીઓ દ્વારા બળાત્કાર વગેરે બનાવોના કારણે ભારતમાં માનવ અધિકારોનો ભંગ થઈ રહ્યો છે, તે વાત સાચી છે.પંજાબ પોલીસના વડા તરીકે શ્રી. કે.પી. એસ.ગીલ હતા ત્યારે ત્રાસવાદનો સફાયો થયો હોવાનું સત્તાવાર રીતે નોંધાયું છે, પરંતુ સમય વહેવાની સાથે તે સમય દરમિયાન પોલીસે કરેલ અત્યાચારોની કથની કંપાવનારી છે. તે જ રીતે, કાશ્મીર રાજ્યમાં પણ પોલીસ, અર્ધ લશ્કરીદળો કે લશ્કરીદળોના સભ્યો દ્વારા નિર્દોષ વ્યક્તિઓનાં અપહરણ,હત્યા, મારપીટ કે લૂંટફાટના અહેવાલોએ ખળભળાટ મચાવેલ છે. તાજેતરમાં જ પ્રગટ થયેલા શ્રીકૃષ્ણ પંચના અહેવાલમાં પણ 1993માં મુંબઈમાં થયેલા કોમી તોફાની દરમિયાન પોલીસે ભજવેલ ભૂમિકાની આકરી ટીકા કરવામાં આવેલી છે.

આ તમામ હકીકતો સત્ય હોવા છતાં, તેની પાછળનાં કારણોની જો આપણે ઊંડા ઊતરીને તપાસ કરીએ, તો ભારતમાં માનવ અધિકારોના અમલ કરવામાં શી મુશ્કેલીઓ છે તેનો આપણને ખ્યાલ આવશે. સૌથી પ્રથમ તો પોલીસને ફરિયાદી કે આરોપી સાથે સૌજન્યપૂર્વક વર્તન કરવાની કોઈ તાલીમ અપાતી નથી. પોલીસના તેમજ પોલીસના કામના કલાકો નક્કી હોતા નથી. પોલીસના પગારનાં ધોરણો પર નીચાં છે. કાયદાઓનો કડકાઈથી અણલ કરાવાતો નથી અને પ્રધાનો અને ટોચના અધિકારીઓ પોલીસ મારફત દર મહિને લાખો રૂપિયા કમાય છે. તોફાનો કે આપત્તિ વખતે કે ગુનાની તપાસ કરતી વખતે, અન્વેષણ કરતી વખતે પોલીસને અપાતી તાલીસ તદ્દન જૂનીપુરાણી થઈ ગઈ છે. ખરેખર પોલીસને છેલ્લામાં છેલ્લી ઢબની તાલીમ મળવી જોઈએ. પોલીસ દળ અદ્યતન શસ્ત્રોથી સજ્જ હોવું જોઈએ અને કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવાની તાલીમ મળવી જોઈએ. આ તમામ બાબતોનો આપણે ત્યાં અભાવ છે.

પોલીસના કામમાં સામાજિક, રાજકીય કે ધાર્મિક નેતાઓ ઠીકઠીક પ્રમાણમાં દખલ કરે છે.

નેતાઓ સરઘસો અને દેખાવોના બંદોબસ્તમાં અને બાકીના સમયમાં કનડગત, હપ્તાની ઉઘરાણી કરવામાં પોલીસનો સમય પૂરો થઈ જાય છે. કોઈ પણ દખલગીરીથી મુક્ત રહીને સ્વતંત્ર રીતે કાયદેસર કાર્યવાહી કરવાની પોલીસને પૂર્ણ સત્તા હોવી જોઈએ. કાયદાના અમલમાં ઢીલાશ, ગુંડાઓનો રાજકીય નેતાઓ સાથે સીધો સંપર્ક, નીચાં પગારધોરણો વગેરે કારણોસર પોલીસમાં પણ ભ્રષ્ટાચાર સારા પ્રમાણમાં છે. માનવ અધિકારો માટે જેમ જેમ જાગૃતિ આવતી જાય છે તેમ તેમ પોલીસ પણ હવે ડરતી થઈ છે. જોકે તેનાથી પોલીસના પ્રજા તરફના વર્તનમાં સહેજે સુધારો થયો નથી. આખો સવાલ એ થયો કે વહીવટી તંત્ર ખોડંગાતું રહ્યું અને પોલીસ તંત્ર પણ તેનો જ એક ભાગ છે. તેથી અને ઉપર જણાવેલ કારણોસર પોલીસ તંત્ર પ્રજાના જાનમાલનું રક્ષણ કરવા જવાબદાર હોવા છતાં, પોલીસની કામગીરી નબળી રહી છે. ફોજદારી કાર્યવાહીનો કાયદો, 1973, કલમ-176માં પોલીસ કસ્ટડીમાં આરોપીના થયેલ મૃત્યુ અંગે તપાસ કરવાનું મેજિસ્ટ્રેટ માટે ફરજિયાત છે. 1995ના વર્ષમાં ભારતમાં પોલીસ કસ્ટડીમાં 415 આરોપીનાં મૃત્યુ થયા હતા. એમનેસ્ટી ઈન્ટરનેશનલના અહેવાલ પ્રમાણે ફક્ત 42 કેસોમાં મેજિસ્ટ્રેટે તપાસ કરી હતી.

માનવ અધિકારો આર્થિક, ન્યાયિક, સામાજિક, નૈતિક છે. આ તમામ અધિકારોનો સમૂહ તેવી પરિસ્થિતિ કે વાતાવરણનું સર્જન કરવા ચાહે છે કે માનવનું ગૌરવ જળવાય. માનવ અધિકારોના ખ્યાલે આપણી સંસ્કૃતિના વિકાસમાં ફાળો આપ્યો છે. પરંતુ મુદ્દાનો સવાલ એ છે કે આપણા દેશમાં પ્રજાનો નોંધપાત્ર સમૂહ ખોરાક, કપડાં અને મકાન વિહોણા છે. આ પરિસ્થિતિમાં માનવ તરીકે રહેવાના તેમના અધિકારથી તેઓ વંચિત રહે છે. જે દેશમાં માનવ અધિકારોનું વાજબી રીતે મહત્ત્વ હોય, તે દેશમાં એવી પરિસ્થિતિ હોવી ના જોઈએ કે પ્રજાનો નોંધપાત્ર સમૂહ પોતાની પ્રાથમિક જરૂરિયાતોથી પણ વંચિત રહેતો હોય. માનવ અધિકારોના ખ્યાલમાં એ ગર્ભિત છે કે જૈવિક અસ્તિત્વને એવું ગૌરવ પ્રાપ્ત થવું જોઈએ કે જેને માનવ કહી શકાય. કોઈ પણ વ્યક્તિને માનવ ત્યારે જ કહી શકાય કે જ્યારે ખોરાક, કપડાં કે મકાન જેવી પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવાની રાજ્ય તરફથી ફરજ પાડવામાં આવે. આપણા બંધારણમાં અનુચ્છેદ-21માં જીવન સ્વાતંત્ર્યનો અધિકાર સમાવિષ્ટ કરાયો છે. આ અધિકારમાં સ્વચ્છ પાણી, ખોરાક, કામ કરવાનો અધિકાર, પ્રદૂષણમુક્ત વાતાવરણ, પર્યાપ્ત શિક્ષણ અને આરોગ્ય સેવા અને વૃદ્ધાવસ્થાના અને શારીરિક અપંગતાના લાભોનો સમાવેશ થાય છે. એટલે કે માણસને મકાન કે ખોરાક કે કપડાં મળે તે પૂરતું નથી. પરંતુ માનવ તરીકે પોતાના વ્યક્તિત્વના વિકાસ માટેની પૂરતી તકો તેને પ્રાપ્ત થાય તે વિશેષ મહત્ત્વનું છે.

આપણે જોયું કે માનવની રોટી, કપડાં અને મકાન જેવી પ્રાથમિક જરૂરિયાતો જ્યાં સુધી પૂર્ણ થતી નથી ત્યાં સુધી માનવ અધિકારો નકામા છે. કમનસીબે પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ કરવાનો અધિકાર આપણા બંધારણમાં મૂળભૂત અધિકાર છે નહિ. પ્રાથમિક જરૂરિયાતો અંગેની જોગવાઈ માર્ગદર્શન સિદ્ધાંતો હેઠળ અનુચ્છેદ 38, 39, 41, 42, 43 અને 48માં કરવામાં આવી છે. આ પ્રાથમિક જરૂરિયાતોને જીવન સ્વાતંત્ર્યના ભાગ તરીકે ગણીને માનવ અધિકારો તરીકે તેને સ્થાન આપવું જોઈએ. ભારતમાં જગ્યાની તંત્રી અને અપૂરતી આરોગ્ય સેવા, ચોખ્ખાઈ પછાતના વગેરે ઘણા પ્રશ્નો તીવ્ર છે. એક સૂચન એવું છે કે ગ્રામવિસ્તારોમાં જો મોટા પાયા ઉપર મકાન બાંધકામની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે તો બેકારી અને રોજગારીના પ્રશ્નો હલ થઈ શકે.

આર્થિક અસમાનતાના કારણે આપણા દેશમાં શ્રીમંત અને ગરીબો વધુ ગરીબ બનતાં ગયાં છે. જેમ ગરીબાઈની ખાઈ વધતી જાય છે. તેમ તેમ માનવ અધિકારોના ભંગનો પ્રશ્ન વ્યાપક બનતો જાય છે. કારણ કે મુખ્ય સવાલ માત્ર ગરીબાઈનો નહિ, પરંતુ તેની સાથે બેકારી, આરોગ્ય, વસ્તીવધારો, પછાતતા, નિરક્ષરતા વગેરે બાબતો પણ આવે છે. આ બાબતોના અભાવથી એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે કે વધુ ને વધુ માનવીઓ માનવ અધિકારોના હક્કથી વંચિત થતા રહે છે. તેથી સૌ પ્રથમ આર્થિક અસમાનતાનો ગાળો નાબૂદ થાય તે જરૂરી છે. આ જાતના અભાવની પરિસ્થિતિમાં માનવ અધિકારોનો અમલ શક્ય જ નથી. તેથી ગરીબાઈ અને તેના જેવા અન્ય રોગોથી પીડાતી આ પ્રજાની તેની પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ થાય તે સૌ પ્રથમ અગત્યનું ગણાય.

## (3) ભારતમાં માનવ અધિકારોનો ભંગ

આપણે જોયું કે આપણા દેશમાં માનવ અધિકારોના ભંગની ફરિયાદો વ્યાપક પ્રમાણમાં છે. માનવ અધિકારોના ભંગની ફરિયાદો સપાટી ઉપર તરી આવતા કિસ્સાઓમાં પોલીસ અત્યાચાર, સ્ત્રીઓનું જાતીય શોષણ, ધાર્મિક અત્યાચારો વગેરે છે. બાળમજૂરી દ્વારા બાળકોનુ ંશોષણ, બાળલગ્ન, સતીપ્રથા, ફરજિયાત ધર્માન્તર, સગીર બાળકોને દીક્ષા વગેરે અનેક બનાવો આપણા દેશમાં માનવ અધિકારોના ભંગનાં ઉદાહરણો છે. આ તો અખબારો કે સામયિકોમાં પ્રગટ થતી ઘટનાઓથી આપણે વાકેફ થઈએ છીએ. બાકી આપણા રાજકીય કે સામાજિક કે આર્થિક જીવનમાં માનવ અધિકારભંગના અસંખ્ય બનાવો બનતા રહ્યાં છે. કુટુંબના સગાંવહાલાંઓ દ્વારા કે બજાર, શાળા કે કૉલેજ કે હૉસ્ટેલમાં કે કામ કરવાના સ્થળોમાં કુમારિકાઓ કે સ્ત્રીઓને કરવામાં આવતી પરેશાની અને તથા બળાત્કારના કિસ્સાઓ ચિંતાનો વિષય છે. નવાઈની વાત તો એ છે કે આપણા દેશમાં લગભગ 16,000 જેટલા કાયદાઓ છે, પરંતુ સ્ત્રીઓનું જાતીય શોષણ અટકાવવાનો કોઈ કાયદો છે નહિ, 13 ઓગસ્ટ, 1996ના રોજ વિશાકાના કેસમાં સર્વોચ્ચ અદાલતે સ્ત્રીઓનું જાતીય શોષણ અટકાવવા પાંચ માર્ગદર્શક સિદ્ધાંતો ઠરાવ્યા છે. તે સાથે સર્વોચ્ચ અદાલતે એમ પણ જાહેર કર્યું છે કે જ્યાં સુધી આ બાબતમા સંસદ કાયદો ન ઘડે, ત્યાં સુધી આ સિદ્ધાંતો કાયદો ગણાશે. સ્ત્રીઓને સમાજમાં થતી પરેશાની, ત્રાસ અને ક્રૂરતા, કાયદાની નજરે માનવ અધિકારોનો ભંગ છે, પરંતુ વાસ્તવમાં સમગ્ર સમાજમાં સ્ત્રીઓની થઈ રહેલી ઉપેક્ષા અને સ્ત્રીઓનો ગૌણ દરજ્જો, એ પણ માનવ અધિકારોનો જ ભંગ છે. તેનાથી બંધારણીય સમાનતાનો પણ ભંગ થાય જ છે. આ પ્રશ્ન માત્ર માનવ અધિકારોના ભંગનો નથી, પરંતુ દેશની સ્થિરતા, વિકાસ અને પ્રગતિનો છે. દેશની લગભગ અડધોઅડધ વસ્તીની આપણે જ્યાં સુધી ઉપેક્ષા કરતા રહીશું ત્યાં સુધી આ દેશની વિકાસની દિશા હાથ લાગવાની નથી. સ્ત્રીઓને મિલકતમાં સમાન અદિકારનો અભાવ, હિન્દુ સ્ત્રીને વિભાજન માગવાની અસમર્થતા, જુદી જુદી જ્ઞાતિની સ્ત્રીઓનો લગ્ન, લગ્નવિચ્છેદ દત્તક વિધાન અને વારસા અધિકારની બાબતમાં લાગુ પડતા અંગત કાયદાઓ, ફરજિયાત માતૃત્વ વગેરે અનક બનાવો સ્ત્રીઓની બાબતમાં માનવ અધિકારના ભંગ ઉદાહરણ તરીકે વર્ણવી શકાય. આવા માનવ અધિકારોના ભંગ થતો અટકાવવાની કેટલીક જોગવાઈઓ બંધારણમાં માર્ગદર્શક સિદ્ધાંતો આપવામાં આવે છે, પરંતુ રાજકીય કારણોસર સત્તાધારી પક્ષો તેનો અમલ કરવાથી દૂર કરહે છે. દા.ત. કોંગ્રેસ અને ભા.જ.પે. પોતાની ચૂંટણી ઢંઢેરામાં સમાન નાગરિક ધારાનું વચન આપેલ. માત્ર મુસ્લિમ મતબેંકને નજરમાં રાખીને સમાન નાગરિક ધારો ઘડવાનો કોઈ પ્રયાસ એકેય પક્ષે કર્યો નથી.

માનવ અધિકારોનો ભંગ ક્યારે થયો કહેવાય તે અંગે સર્વોચ્ચ અદાલતે એક કેસમાં ઠરાવેલ છે કે પોલીસ અત્યાચાર સિવાય પણ માનવ અધિકારોનો વિવિધ રીતે ભંગ થઈ શકે. જેમ કે સ્ત્રીઓ તરફ અસમાન વર્તન, પ્રદૂષણ, પર્યાવરણ બગાડ, કુપોષણ, દલિતોનો સામાજિક બહિષ્હાર, લઘુમતીઓ પર અત્યાચારો, બાળકો સાથે દુર્વ્યવહાર વગેરે. ગ્રામ વિસ્તારોમાં તબીબી સવલતોના અભાવે પ્રસૂતા સ્ત્રીઓનાં થતાં મૃત્યુ, કુપોષણના કારણે મોતમાં ધકેલાતાં બાળકો, રમખાણોમાં એક જ જાતિના લોકોની હત્યાઓ, કૌટુંબિક હિંસાનો ભોગ બનતી સ્ત્રીઓ, વગેરે માનવ અધિકાર ભંગનાં ઉદાહરણો છે. એક કેસમાં એક ખૂન કેસમાં એક વ્યક્તિની આરોપી તરીકે ધરપકડ કરવામાં આવી હતી. લોકઅપમાં પોલીસે તેના પર લાકડીઓથી હુમલો કર્યો હતો. ત્રાસથી આરોપીએ પોલીસ સ્ટેશનમાં જ આપઘાત કર્યો હતો. માનવ અધિકાર ભંગના કારણસર અને પોલીસ અત્યાચાર બદલ આ કેસમાં પાંચ કોન્સ્ટેબલોને સજા ફરમાવવામાં આવી હતી.

સ્વચ્છ હવા-પાણી મેળવવાનો દરેકને અધિકાર છે. આથી પ્રદૂષણ યુક્ત હવા-પાણીથી માનવ અધિકારનો ભંગ થાય છે. ફોજદાર કાર્યવાહીમાં ઝડપી ઈન્સાફી કાર્યવાહી (speedy trial) અનુ. 21 હેઠળ મૂળભૂત અધિકાર અને માનવ અધિકાર છે. વિલંબયુક્ત ઈન્સાફી કાર્યવાહીથી પણ માનવ અધિકારનો ભંગ થાય છે. સ્ત્રીઓ તરફ ક્રૂરતા (Curelty) આચરવામાં આવે તો તેનાથી પણ માનવ અધિકારોનો ભંગ થાય છે.

ભારતીય બંધારણના અનુચ્છેદ- 13માં એવી જોગવાઈ છે કે બંધારણ પૂર્વના જ કાયદામાં બંધારણથી અસંગત કોઈ જોગવાઈ, જેટલા પ્રમાણમાં અસંગત હશે, એટલા પ્રમાણમાં, આ અસંગત જોગવાઈ વ્યર્થ ગણાશે. બંધારણની આ સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં તેનો ભંગ કરતી જોગવાઈ કેટલાંક કાયદાઓમાં આજની તારીખે પણ ચાલુ રહી છે. દા.ત. હિન્દુ કાયદામાં સ્ત્રીઓને વિભાજન માંગવાનો અધિકાર નથી. તે જ રીતે તેમને હિન્દુ સંયુક્ત કુટુંબની મિલકતમાં સમાન અધિકાર પણ છે નહિ. મુસ્લિમ કાયદામાં પુરુષને 4 પત્નીઓ કરવાની છૂટ અને સ્ત્રીને પણ કારણ વિના તલ્લાક આપવાનો અધિકાર, મુસ્લિમ કાયદાઓમાં આવો જ સમાન અધિકાર પત્નીને અપાયો નથી. માનવ અધિકારભંગના આવાં અનેક ઉદાહરણો આપી શકાય.

માનવ અધિકારોનો ભંગ એટલે જે તે પરિસ્થિતિમાં વ્યક્તિત્વના વિકાસ માટેની પૂર્ણ તકોની ઉપલબ્ધિનો અભાવ. જ્યાં માનવ અધિકારોનો ભંગ થાય છે તે પરિસ્થિતિમાં રહેતા માનવોનું જીવન બંધિયાર, એકતરફી એ અવિકસિત રહે છે. બાળલગ્ન પ્રતિબંધનો કાયદો હોવા છતાં બાળલગ્ન થાય એટલે સ્ત્રીને વહેલું માતૃત્વ ધારણ કરવાની ફરજ પડે, જરૂર કરતાં વધારે સંખ્યામાં બાળકોનો જન્મ થાય, સ્ત્રીના આરોગ્યને ખતરો પેદા થાય, ગરીબાઈના કારણે ભણવાની ઉંમરે બાળકોને મજૂરીએ મોકલવાની ફરજ પડે. આ વિષચક્ર ચાલુ જ રહે. આ પરિસ્થિતિમાં માનવ અધિકારોનો સતત ભંગ થઈ રહ્યો છે. તેની પાછળનાં કારણો કેટલાંક રાજકીય આર્થિક કે સામાજિક પણ છે. વંશવેલો આગળ વધારવા માટે પુત્રજન્મનો આગ્રહ ઘણીબધી મુશ્કેલી નોતરે છે.પુત્રજન્મ માટે ભગવાન ભરોસે બેસી રહેવાથી કાં તો પુત્રોની સંખ્યામાં વધારો થાય છે કે ભ્રૂણ હત્યાનો આશરો લેવો પડે છે. ખીલતી કળી જેવી બાળકીની ગર્ભમાં જ હત્યા થાય તેમાં કદાચ માતાની અનિચ્છા પણ હોય, આ બધું આપણી નજર સામે બની રહ્યું છે. બાળકીને જન્મ ના લેવા દઈ, માતાની ઈચ્છાને મારી નાખીને અને માતાના આરોગ્ય ઉપર ખતરો પેદા કરીને આપણા દેશમાં સર્વત્ર માનવ અધિકારોનો ભંગ થઈ રહ્યો છે.

ફરજિયાત ધર્માન્તર કે સગીરને દીક્ષા આપવાથી માનવના અધિકારોનો ભંગ થાય છે. સામાન્ય રીતે ધર્માન્તર ફરજિયાત હોતું નથી. તેની પાછળ કોઈ મજબૂરી હોઈ શકે, પરંતુ તે હોય છે મોટે ભાગે સ્વૈચ્છિક, આર્થિક મદદના કારણે કેટલાંક લોકો એક ધર્મમાંથી બીજાં ધર્મમાં પસંદ કરતા હોય છે. જ્યાં સુધી આ બધું સ્વૈચ્છિક હોય ત્યાં સુધી માનવ અધિકારના ભંગનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ સગીરને દીક્ષા આપવાનો પ્રશ્ન ખરેખર માનવ અધિકારોનો ભંગ સમાન છે. એકાદ વર્ષ પહેલાં સુરતમાં આવો પ્રસંગ બન્યો હતો. સત્યશોધક સભાની મદદથી કાનૂની રાહે સગીરને દીક્ષા આપતા અટકાવવામાં આવેલ.

રાજ્ય સરકારના કર્મચારીઓને પગાર ચૂકવવા રાજ્ય સરકાર બંધાયેલ છે. જાહેર ક્ષેત્ર સાહસો (Public Sector Undertakings) ના કર્મચારીઓનો પગાર રાજ્ય સરકાર ચૂકવવા બંધાયેલ નથી, પરંતુ જ્યારે જાહેર ક્ષેત્ર સાહસોના કર્મચારીઓને પગાર ન ચૂકવાયાના કારણે ભૂખમરાથી કર્મચારીઓનાં મૃત્યુ થાય ત્યારે માનવ અધિકારના મુદ્દા પર તેમનું રક્ષણ કરવા રાજ્ય સરકા બંધાયેલ છે. સર્વોચ્ચ અદાલતે એકકેસ માં તા.9-5-2003ના રોજ આ બાબતે કેટલાંક હુકમો કર્યા હતા. આમ છતાં તેનું પાલન ન થતા એક કેસમાં સર્વોચ્ચ અદાલતે માનવ અધિકારોનો ભંગ થતો અટકાવવા પુનઃ હુકમો કર્યા હતા.

આ રાજ્યનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં અમુક વર્ગના લોકોને પોતાનો વિકાસ કરવાની ભરપૂર તકો ઉપલબ્ધ હોય છે. જ્યારે અન્યવર્ગના લોકોને તેનો બિલકુલ અભવ હોય છે. તેનાથી આર્થિક અસમાનતાનો ગાળો અને સામાજિક વિસંવાદિતાનો વધારો જ થાય છે. અમુક વર્ગના લોકોને ઠેકઠેકાણે કારખાના નાખવાની તક હોય છે. જ્યારે બીજાં વર્ગના લોકોને રસ્તાના એક ખૂણે બેસી મોચીકામ કરવાની કે રેલવે સ્ટેશને બૂટપોલિશ કરવાની મહેનતનું કામ કરીને રોજીરોટી રળવાની તક મળતી નથી. સત્તાધારી પક્ષના માણસો કોઈની જમીનમાં ગેરકાયદેસર કબજો લઈને મકાન કે કારખાનું ઊભું કરી શકે છે. ગેરકાયદેસર લાઈટ કનેક્શન લઈ શકે છે. બેંકનું કરજ ડૂબાડી શકે છે, રાજકીય મદદથી પોતાનાં પુત્ર-પુત્રી માટે પરીક્ષામાં ઊંચી ટકાવારી મેળવી શકે છે, જ્યારે સામાન્ય

વર્ગના લોકો માટે આ બધું દિવાસ્વપ્ન જેવું છે. બાળકોનું અપહરણ કરી ફરજિયાત ભીખ મંગાવવી, બાળકની નામરજી હોવા છતાં માત્ર પિતાની ઈચ્છા મુજબનું શિક્ષણ પ્રાપ્ત કરવા માટે બાળકને ફરજ પાડવી, બાળકીના ગર્ભપાત માટે માતાને મજબૂર કરવી વગેરે પણ માનવ અધિકારભંગના ઉદાહરણ છે. પંજાબ, કાશ્મીર અને બિહારમાં પોલીસના અત્યાચારોથી થઈ રહેલ માનવ અધિકારોના ભંગ વિશે આપણે હમણાં જ વાત કરી ગયા છીએ તેથી તેનું પુનરાવર્તન કરતાં નથી.

**(4) માનવ અધિકારભંગના ઉપાયો**

એ સુવિદિત છે કે દુનિયાના મોટા ભાગના દેશોમાં છડે ચોક અને વ્યાપકપણે માનવ અધિકારોનો ભંગ થઈ રહ્યો છે. તેની પાછળ વિવિધ કારણો રહેલ હોય છે. આપણે તેની ચર્ચા કરવા માંગતા નથી. અહીં આપણે માનવ અધિકારભંગના પ્રસંગે તેના ઉપાયો જાણવા માગીએ છીએ. આ ઉપાયો નીચે મુજબ વર્ણવી શકાય.

**(1) યુનોમાં ફરિયાદ :**

યુનોના ચાર્ટરમાં જણાવાયું છે કે આંતરરાષ્ટ્રીય શાંતિ તેમજ સલામતી અને માનવ અધિકારોની જાળવણીને આંતરસંબંધ છે. યુનોનું એક મુખ્ય ધ્યેય માનવ અધિકારોનાં રક્ષણનું છે અને તેથી જ યુનોની સ્થાપનાના 2 વર્ષ બાદ યુનો તરફથી 10 ડિસે.,1948ના રોજ માનવ અધિકારોની ઘોષણા કરવામાં આવેલ છે. ત્યાર બાદ દીવાની અને રાજકીય અધિકારો અને તેના Optional Protocol પ્રગટ થયેલ છે. તદુપરાંત આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોની સંધિ-સમજૂતી પ્રગટ થયેલ છે. સંધિ-સમજૂતી યુનો મહાસભાએ 17 ડિસે., 1966ના રોજ 105ની સર્વોનુમતિથી સ્વીકારેલ છે. દીવાની અને રાજકીય અધિકારો અંગેની આંતરરાષ્ટ્રીય સમજૂતી અને તેની સાથેનો Optional Protocol 23 માર્ચ, 1976ના રોજ યુનો મહાસભાએ સ્વીકારેલ છે.

આ બંને સંધિ-સમજૂતીઓ હેઠળ સભ્ય દેશોમાં આ સમજૂતી અમલમાં આવ્યાની તારીખથી એક વર્ષમાં પોતાના દેશની સ્થિતિનો અહેવાલ ફરજિયાત આપવાનો હોય છે. આ તમામ અહેવાલો માનવ અધિકાર સમિતિની વિચારણા માટે મોકલવામાં આવે છે. સમિતિ તેના પર વિચારણા કરી પોતાની નોંધ સાથે સભ્ય દેશોને તે પરત મોકલશે.

આ બંને સમજૂતીઓ હેઠળ આંતરરાજ્ય ફરિયાદ પ્રથા (Inter-state Complainsts System) પણ છે. એટલે કે એક દેશ પોતાના દેશના નાગરિકોના બીજાં દેશમાં માનવ અધિકારોના થઈ રહેલ ભંગ વિશે યુનોને ફરિયાદ કરી શકે છે. આ પદ્ધતિ બહુ સફળ નીવડી નથી. તેનું કારણ એ છે કે દરેક દેશ એવો બચાવ રજૂ કરે છે કે અમારી પ્રથમ ફરજ અમારા દેશના નાગરિકોના માનવ અધિકારોનું રક્ષણ કરવાનો છે. એક દેશ બીજાં સામે યુનોમાં ફરિયાદ કરવાનું પણ ટાળે છે. કેમ કે તેનાથી બે દેશના મૈત્રીભર્યા સંબંધોમાં તનાવ પેદા થાય છે. આમ છતાં આવી ફરિયાદો યુનો સમક્ષ આવે છે. આ પ્રથા હેઠળ કોઈ પણ દેશ બીજાં દેશ સામે ફરિયાદ કરી શકે છે. આવી ફરિયાદ મળ્યેથી યુનોની માનવ અધિકાર સમિતિ બંને દેશો વચ્ચે વિવાદનો ઉકેલ લાવવા પોતાની શુભેચ્છાઓ વાપરે છે. સમિતિ જે તે દેશ પાસેથી વિગતો મંગાવી શકે છે. જે તે દેશને સમિતિ સમક્ષ રજૂઆત કરવાનો અધિકાર પણ છે. પોતાને ફરિયાદ થયાની તારીખથી આ સમિતિએ 12 માસમાં પોતાનો અહેવાલ આપવાનો હોય છે. આ અહેવલ પક્ષકારોને મોકલાવવામાં આવે છે.

એક માન્યતા એવી છે કે માનવ અધિકાર આંતરરાષ્ટ્રીય કાયદાનો વિષય છે અને તેથી કોઈ વ્યક્તિ (Individual) માનવ અધિકારભંગની ફરિયાદ યુનો સમક્ષ કરી શકે નહીં. જે વ્યક્તિના માનવ અધિકારનો ભંગ થયેલ હોય, તે વ્યક્તિ તે બાબતે યુનોની માનવ અધિકાર સમિતિ સમક્ષ પોતાની ફરિયાદ રજૂ કરી શકે છે. આવી ફરિયાદ વ્યક્તિ, બિનસરકારી, સંગઠન કે વ્યક્તિઓનો સમૂહ કરી શકે છે. આવી ફરિયાદ મળ્યેથી જે તે રાજ્યને તેની વિગત મોકલવામાં આવે છે અને રાજ્યે બનાવવી, તેમજ ઉપાયની વિગત મોકલવાની હોય છે. બંને પક્ષકારોને રજૂઆતની તક અપાય છે.

માનવ અધિકાર-ભંગના પ્રસંગે દેશ કે વ્યક્તિને યુનોની માનવ અધિકાર સમિતિ ફરિયાદ રજૂ

કરવાની જોગવાઈ હોવા છતાં તે ખાસ અસરકારક નથી. કારણ કે સમિતિ જે તે દેશને પોતાનો અહેવાલ મોકલવા સિવાય કાંઈ કરી શકતી નથી. જે દેશની સામે માનવ અધિકારભંગની ફરિયાદ થયેલ હોય, તે દેશને યુનોની માનવ અધિકાર સમિતિએ જરૂરી પગલાં લેવા જણાવેલ હોવા છતાં, જો કોઈ કાર્યવાહી તે દેશ ન કરે, તો આ તમામ કસરત નિષ્ફળ જાય છે.

**(2) ભારતમાં માનવ અધિકાર પંચને ફરિયાદ :**

આપણા દેશમાં માનવ અધિકાર સંરક્ષણ ધારો, 1993 (The Protection of Human Right Act, 1993) અમલમાં છે. આ કાયદા હેઠળ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (National Human Rights Commission) ની રચના કરાયેલ છે. આ પંચનું મુખ્ય કામ માનવ અધિકારોના રક્ષણનું છે. માનવ અધિકાર-ભંગની ફરિયાદ, ભોગ બનેલ વ્યક્તિ અથવા તેની વતી કોઈ પણ વ્યક્તિ માનવ અધિકાર પંચને કરી શકે છે. માનવ અધિકાર પંચ, પોતાની મેળે (Suo moto) પણ માનવ અધિકાર ભંગની તપાસ કરી શકે છે. જો કોઈ જાહેર સેવકે (Public Servant) માનવ અધિકાર-ભંગ રોકવામાં ઉપેક્ષા દાખવે તો તેની સામે પણ ફરિયાદ કરી શકાય છે. આમ માનવ અધિકાર-ભંગ કરનાર વ્યક્તિ સામે જ નહિ, પરંતુ આવો ભંગ રોકવામાં જો કોઈ જાહેર સેવક ઉપેક્ષા દાખવે તો તેની સામે પણ ફરિયાદ કરી શકાય છે.

માનવ અધિકાર-ભંગ અંગે કોઈ અદાલતમાં કાર્યવાહી ચાલુ હોય તો અદાલતની પરવાનગીથી આવી કાર્યવાહીમાં માનવ અધિકાર પંચ દાખલ થઈ શકે છે. પંચને ફરિયાદ કરવાથી, પંચને તપાસ કરવાની સત્તા છે. ફરિયાદની તપાસ કરી વખતે, પંચને દાવાની ઈન્સાફી કાર્યવાહી કરી રહેલ દીવાની અદાલ જેવી જ સત્તાઓ પ્રાપ્ત થાય છે. માનવ અધિકાર પંચ, કોઈ પણ વ્યક્તિને માહિતી માટે કે રેકર્ડ રજૂ કરવા બોલાવી શકે છે. પંચ આ હેતુ માટે કોઈ દસ્તાવેજ જપ્ત કરી શકે છે. પંચ સમક્ષની કાર્યવાહી ભારતીય ફોજદારી ધારાના કલમો 193 અને 228 અનેક. 196ના અર્થમાં ન્યાયિક કાર્યવાહી (Judicial Proceding) ગણાય છે. ફોજદારી કાર્યવાહીનો કાયદો, 1973ની ક. 195 અને પ્રકરણ 16ના હેતુઓ માટે પંચ દીવાની અદાલત ગણાશે. તપાસના હેતુ માટે પંચ અન્વેષણ (Investigation) પણ કરી શકે છે.

બની કાંતા દાસ વિ. સ્ટેટ ઓફ આસામના કેસમાં આરોપીને ફાંસીની સજા ફરમાવવામાં આવી હતી. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની ભલામણના આધારે ફાંસીની સજાના બદલે અન્ય સજાનો હુકમ કરાયો હતો. આ કેસમાં ઠરાવેલ કે અદાલતે કરેલ ફાંસીની સજાના હુકમથી આરોપીના કોઈ માનવ અધિકારોનો ભંગ થતો નથી. વળી કાયદા મુજબ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચને આવી ભલામણ કરવાની સત્તા નથી.

માનવ અધિકાર-ભંગની ફરિયાદની તપાસ કરતી વખતે પંચ કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર કે કોઈ પણ સત્તાધિકારી કે સંસ્થા પાસેથી અહેવાલ મંગાવી શકે. જો નિયત સમયમાં પંચને અહેવાલ ન મળે તો પંચ પોતાની મેળે તપાસ કરી શકે. અહેવાલ મળ્યા પછી જો પંચને એમ ખાતરી થાય કે સંબંધિત સરકાર કે સત્તાધિકારીએ જરૂરી પગલાં લીધાં છે, અથવા વિશેષ તપાસની જરૂર નથી, તો પંચ ફરિયાદ બાબતમાં આગળ કાર્યવાહી કરશે નહીં અને ફરિયાદીને તેની જાણ કરશે. ફરિયાદમાં તપાસ કર્યા બાદ પંચ નીચેની કોઈ પણ કાર્યવાહી કરી શકે.

(1) જો તપાસમાં માનવ અધિકારભંગ કે ભંગ રોકવામાં કોઈ જાહેર સેવકની ઉપેક્ષા પ્રગટ થતી હોય તો પંચ સંબંધિત સરકારને ભંગ કરનાર વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી, અથવા તે અનેય કોઈ પગલાં સૂચવે તે પગલાં લેવા જણાવી શકે.

(2) જરૂરી આદેશો માટે સર્વોચ્ચ અદાલત કે વડી અદાલતમાં કાર્યવાહી કરી શકે.

(3) ભોગ બનનાર કે તેના કુટુંબને વચગાળાની રાહત માટે સંબંધિત સરકારને ભલામણ કરી શકે.

પંચ પોતાની તપાસના અહેવાલની નકલ, પોતાની ભલામણો સાથે સંબંધિત સરકાર કે સત્તાધિકારીને મોકલશે. સંબંધિત સરકાર કે સત્તાધિકારી આ અહેવાલ પર એક માસમાં

અથવા પંચે લંબાવી આપેલ સમય સુધીમાં પોતાનાં વલણની સ્પષ્ટતા કરશે અને પોતે લીધેલ કે લેવાનાર પગલાંની જાણ કરશે.પંચ પોતાના અહેવાલની નકલ અરજદારને પણ મોકલાવશે.

રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ ધિ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં ગોધરા કાંડ બાદ ગુજરાતમાં ફાટી નીકળેલ કોમી રમખાણોમાં પોલીસ તપાસમાં થયેલ બેદરકારીના કિસ્સાઓમાં અન્વેષણ કરવા માટે સર્વોચ્ચ અદાલતે ખાસ અન્વેષણ જૂથ (Special Investigation Team) રચનાનો હુકમ કર્યો હતો. અન્વેષણ બાબત પોતાની કાર્યપદ્ધતિ નક્કી કરવાની SIT ને છૂટ આપવામાં આવી હતી.

રાજેશ દાસ વિ. તામિલનાડુ રાજ્ય માનવ અધિકાર પંચ કેસમાં ઠરાવેલ છે કે માનવ અધિકાર પંચનું કાર્ય રાજ્ય સરકારને માત્ર ભલામણો કરવાનું છે. માનવ અધિકાર પંચ વળતર ચૂકવવાનો કે અન્ય કોઈ હુકમ કરી શકે નહીં. આ કેસમાં ઠરાવેલ છે કે પંચ તકરારી બાબતોના નિર્ણય માટે ન્યાયિક કે અર્ધન્યાયિક પંચ નથી. ક. 18 હેઠળ પંચે કરેલ ભલામણ ચુકાદો ગણાય નહીં. આ કેસમાં પંચે ભોગ બનેલાંઓને વળતર ચૂકવવાની ભલામણ કરી હતી. વધુમાં પંચે વળતરની રકમ જવાબદાર જાહેર નોકર/અધિકારી પાસેથી વસૂલ કરવા ભલામણ કરી હતી.

આ કેસમાં ઠરાવાયેલ કે રાજ્ય સરકાર પંચની આવી ભલામણ જાહેર નોકરને લાગુ પડતાં સેવા નિયમોના સંદર્ભમાં જ વિચારી શકે.

**(3) સર્વોચ્ચ અદાલત અથવા વડી અદાલતમાં કાર્યવાહી :**

ભારતીય બંધારણના અનુચ્છેદ-21માં જીવન અને અંગત સ્વાતંત્ર્યની ખાતરી આપવામાં આવેલ છે. જો કે બંધારણમાં અત્યાચાર અંગે કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી. પરંતુ સર્વોચ્ચ અદાલતે કેટલાંક કેસોમાં ઠરાવેલ છે કે અનુ. 21 હેઠળના સ્વાતંત્ર્યમાં અત્યાચાર સામે રક્ષણ મેળવવાના અધિકારનો સમાવેશ થાય છે. ભારતીય ફોજદારી ધારાની કલમો 330 અને 331 તેમજ ભારતીય પોલીસ ધારાની કલમ-29માં અત્યાચાર સામે સ્પષ્ટ પ્રતિબંધ છે.

**પોલીસ અત્યાચારના કેસો :**

માનવ અધિકારના ભંગ બદલ બંધારણના અનુ. 32 હેઠળ સર્વોચ્ચ અદાલત (Supreme Court) માં અથવા અનુ. 226 હેઠળ વડી અદાલત (High Court) માં કાનૂની કાર્યવાહી કરી શકાય છે. બિહારના ભાગલપુરમાં જેલોના કેદીઓને પોલીસ અત્યાચારોથી અંધ બનાવી દેવાયા હતા. આ મામલામાં સર્વોચ્ચ અદાલતે આરોપીઓને સજાનો હુકમ કર્યો હતો. ભરૂચ જિલ્લાના ડેડીયાપાડા વિસ્તારની કોઈ આદિવાસી સ્ત્રી પર થયેલ બળાત્કારના પ્રશ્ને સર્વોચ્ચ અદાલતે સજા ફરમાવી હતી. ફોજદારી કાર્યવાહીનો કાયદો 1973 (Code of Criminal Procedure 1973) ની કલમ 16 (1) મુજબ પંદર વર્ષથી નીચેની ઉંમરના છોકરાની તેમજ સ્ત્રીની પૂછપરછ તેમના ઘરે જઈને કરવી જોઈએ. નંદિની સત્પથીના કેસમાં સર્વોચ્ચ અદાલતે અન્વેષણ માટે સ્ત્રીઓને પોલીસ સ્ટેશને બોલાવવાની પોલીસની વર્તણૂકની સખત ટીકા કરી હતી. શીલા બારસેના કેસમાં સર્વોચ્ચ અદાલતે મહારાષ્ટ્ર સરકારને ધરપકડ કરાયેલ વ્યક્તિઓના અધિકારો અંગે સ્થાનિક ભાષામાં માહિતી આપતા હેન્ડબિલો પ્રગટ કરવાનો આદેશ આપ્યો હતો. આ કેસમાં કોઈ વ્યક્તિની ધરપકડ થાય કે તરત જ કાનૂની સહાય સમિતિને ખબર આપવાની તેમજ તે વ્યક્તિઓનાં સગાંઓને ખબર પહોંચાડવાની પોલીસને સૂચના આપવામાં આવી હતી. આ કેસમાં મેજિસ્ટ્રેટોને પણ એવી સૂચના આપવામાં આવી હતી કે તેમણે આરોપીને પૂછવું જોઈએ કે પોલીસે આ કેસમાં મેજિસ્ટ્રેટોને પણ એવી સૂચના આપવામાં આવી હતી કે તેમણે આરોપીને પૂછવું જોઈએ કે પોલીસે તેના પર અત્યાચાર કરેલ છે કે કેમ ! જો પોલીસ અત્યાચારનો કેસ હોય, તો ફોજદારી કાર્યવાહીનો કાયદો, 1973, ક. 54 હેઠળ આરોપીને તબીબી તપાસ (Medical Examination) નો અધિકાર મળતો હોવાથી મેજિસ્ટ્રેટે આરોપીને જાણ કરવી જોઈએ. વાસ્તવમાં પોલીસ,અધિકારીઓ અને મેજિસ્ટ્રેટો દ્વારા સર્વોચ્ચ અદાલતની આ સૂચનાઓનું પાલન કરાઈ રહ્યું નથી.

માર્ચ, 1988માં આસામ પોલીસના કેટલાંક અધિકારીઓએ તરૂણવયની કેટલીક કિશોરીઓ પર સામૂહિક બળાત્કાર કરેલ હોવાનો આરોપ કરાયો હતો, પરંતુ સરકારે આ આરોપોનો ઈન્કાર

કર્યો હતો, પરંતુ લોકદબાણ થતાં, આસામ સરકારે ઉચ્ચ સ્તરીય તપાસનો આદેશ કર્યો હતો. આ કેસમાં આસામમાં ગૌહત્તી વડી અદાલતે પોતે જ અખબારી અહેવાલોના આધારે જાહેર હિત (Public Interest) ની કાર્યવાહી કરીને આસામ સરકારને ન્યાયિક અદાલતનો આદેશ આપ્યો હતો. એક સબ-ઈન્સ્પેટકર સહિત 9 પોલીસ અધિકારીઓ સસ્પેન્ડ કરાયાં હતાં અને તેમની સામે ચાર્જશીટ મૂકવામાં આવ્યાં હતાં. 10 માર્ચના રોજ તે પૈકી 8 પોલીસ અધિકારઓની ધરપકડ કરવામાં આવી. ગૌહત્તી વડી અદાલતે ભોગ બનેલ મહિલાઓને અન્વેષણ પૂરું થતાં સુધી આસામ સરકારે ex-gratia વળતર ચૂકવવાનો આદેશ કર્યો હતો. માર્ચ, 1991માં ગૌહત્તી વડી અદાલતે હુકમ કર્યો હતો કે કોઈ પણ સ્ત્રીને અન્વેષણ માટે લશ્કરે પોતાના કેમ્પમાં લઈ જવી નહિ. આમ લશ્કરના માણસો દ્વારા સ્ત્રીઓ પર મિલિટરી કેમ્પમાં રહેલ તમામ કેદીઓને વિનાવિલંબે નજીકના પોલીસ સ્ટેશન તરફ મોકલવાનો આદેશ આપ્યો હતો. ભાવનગર જિલ્લાના દડવા ગામે નીતાબહેન ગોસ્વામી પર થયેલ બળાત્કારના પ્રશ્ને એક સંસ્થાએ જાહેર હિતની અસરજી કરતાં ગુજરાત વડી અદાલતે (High Court) તાજેતરમાં જ આરોપીઓની સજા ફરમાવવાનો હુકમ કરે છે. જો કે જાહેર હિતની અરજી બાબત સર્વોચ્ચ અદાલત તેમજ વડી અદાલતોએ તેનો દુરુપયોગ થતો અટકાવવાના હેતુથી હમણાં કડક નિયંત્રણો મૂક્યાં છે.

માનવ અધિકારોના ભંગના ઘણાં કિસ્સાઓમાં ભોગ બનેલાંઓને વળતર (Compensation) ચૂકવવાના કિસ્સાઓ પણ બન્યા છે. તામિલનાડુના એક ગામમાં 26 વર્ષની કલ્પના સુમથી નામની યુવતી 16 દિવસથી ગુમ થયેલી હતી. 17માં દિવસે તેણી અર્ધનગ્ન, ઈજા પામેલી અને બેભાન હાલતમાં, તેણીના ગામના જ પોલીસ સ્ટેશન નજીક મળી આવી હતી. ભાનમાં આવતાં તે યુવતીએ બયાન આપ્યું કે 4 પોલીસ અધિકારીઓએ તેના પર સામૂહિક બળાત્કાર કર્યો છે અને પોતે તેનો વિરોધ કરવા જતાં તેણીને ઈજાઓ કરાઈ હતી. મેજિસ્ટ્રેટ તપાસ અહેવાલના આધારે તામિલનાડુ સરકારે તે પોલીસ અધિકારીઓ સામે ફોજદારી કાર્યવાહી કરી હતી. તેમને અદાલતે જામીન મંજૂર કર્યા હતા. અખબારી અહેવાલોના આધારે મદ્રાસના એક વકીલે કલ્પના માટે વળતર મેળવવા સર્વોચ્ચ અદાલતમાં તા. 18 સપ્ટે. 1988ના રોજ અરજી કરી રૂ. એક લાખની માગણી સામે સર્વોચ્ચ અદાલતમાં રૂ.20,000.00 મંજૂર કર્યા હતા. કલ્પનાને સારવારમાં જ રૂ. 40,000.00 ખર્ચ થયો હતો. તેમજ હાથોને ઈજા થયેલ હોવાથી કામ કરી શકાતું ન હતું. આથી તેણીએ 1990માં વળતરની રકમમાં વધારો થવા માટે સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી હતી. આ અરજીનું શું થયું ? તેની કોઈ માહિતી નથી. ભાગલપુર અંધ કેદીઓના કેસમાં સર્વોચ્ચ અદાલતે વળતરનો અધિકાર સ્વીકાર્યો છે. જમ્મુ-કાશ્મીર રાજયના એક ધારાસભ્યની ગેરકાયદેસર અટકાયત બદલ સર્વોચ્ચ અદાલતે સરકાર સામે 50,000.00 વળતરનો હુકમ કર્યો હતો. 1989માં પોલીસ અધિકારીઓના મારથી 9 વર્ષના બાળકનું મોત નિપજાવવા બદલ દિલ્હીનાં શ્રીમતી કમલેશકુમાર (બાળકની માતા)ને રૂ.75,000.00નું વળતર ચૂકવવા સર્વોચ્ચ અદાલતે આદેશ કરેલ છે.

એક કેસમાં, એક ખૂન કેસમાં એક વ્યક્તિની આરોપી તરીકે ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે તેના પર લોકઅપમાં લાકડીઓ વડે હુમલો કર્યો હતો. આથી આરોપીએ પોલીસ સ્ટેશનમાં જ આત્મહત્યા કરી હતી. આ કેસમાં પાંચ કોન્સ્ટેબલોને સજા કરવામાં આવી હતી.

રાજસ્થાનમાં મોહનસિંગ નામના, પત્ની અને 2 બાળકોને પોલીસના મારથી પોલીસ સ્ટેશનમાં અવસાન થયેલ. રાજસ્થાન વડી અદાલતે રૂ.2,000.00 વળતરનો હુકમ કર્યો હતો. પરંતુ રાજસ્થાનના એક ધારાસભ્યે આ બાબતે પત્ર લખીને સર્વોચ્ચ અદાલતમાં રજૂઆત કરી હતી. રાજસ્થાન સરકારે સાર્વભૌમત્વનાં કારણસર મુક્તિની માગણી રજૂ કરી, રૂ.30,000.00 વળતર ચૂકવવાની રજૂઆત કરી હતી. સર્વોચ્ચ અદાલતે આ કેસમાં રૂ. એક લાખ વળતરનો હુકમ કર્યો હતો. કેરાલા વડી અદાલતે 7 વર્ષ પહેલાં કસ્ટડીમાં અવસાન પામેલ 26 વર્ષના યુવકનાં માતા-પિતાને વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો.

એમનેસ્ટી ઈન્ટરનેશનલના એક અહેવાલ પ્રમાણે 415 કેસોમાંથી 12 કેસોમાં વળતરનો હુકમ કરાયો હતો અને તેમાંથી 6 કેસોમાં વળતરની રકમ ચૂકવાઈ હતી.

દલબીરસિંહ વિ. સ્ટેટ ઑફ યુ.પી.ના કેસમાં અરજદારના પુત્રે પોલીસ લોક-અપમાં આત્મહત્યા કરી હતી. પ્રથમ માહિતી અહેવાલ નોંધવામાં આવ્યો હતો. સંબંધિત પોલીસ અધિકારીઓની ધરપકડ કરાઈ હતી. તેમની સામે ભારતીય ફોજદારી ધારાની કલમો 330, 342, 306 હેઠળ ગુનાની ફરિયાદ દાખલ થઈ હતી તેમની જામીન અરજી નકારાઈ હતી. કથિત પોલીસ અત્યાચારના આ કેસમાં વળતર માટેની માંગણીના આ કેસમાં ઠરાવેલ કે જ્યાં સુધી આરોપીને ગુનો કર્યાનું પુરવાર ન થાય ત્યાં સુધી વળતરનો હુકમ કરી શકાય નહીં.

**(4) જાહેર હિતની અરજી અને અન્ય કેસોમાં સ્વૈચ્છિક સંસ્થાઓનું પ્રદાન :**

અનુ. 21 હેઠળ જીવનના અધિકારમાં ગૌરવપૂર્વક જીવન જીવવાના અધિકારનો સમાવેશ કરાયો છે. તેમાં પ્રદૂષણમુક્ત સ્વચ્છ હવા, પાણી તબીબી સારવાર તથા શિક્ષણના અધિકારોનો પણ સમાવેશ કરાયો છે. આ માનવ અધિકારોની જાળવણી માટે મોટા બાગે સ્વૈચ્છિક સંસ્થાઓ (Voluntary Organization) એ જાહેર હિતની અરજી (Punlic Imterest Litigation) કરેલ છે. આવા કેટલાંક કેસો આપણે જોઈએ.

જાહેર હિતની અરજીઓમાંથી જેલોની સુધારણા કરવાના, વેઠ પ્રથા બંધ કરવાના, કાનૂની મદદનો અધિકાર માન્ય કરવાના, પ્રદૂષણમુક્ત હવા પાણી મેળવવાનો અધિકાર તેમજ ગૌરવપૂર્વક જીવન જીવવાના અધિકારને અદાલતે માન્ય કરેલ છે. જેમ કે બંધુ મુક્ત મોરચાના કેસમાં આ સ્વૈચ્છિક સંસ્થાઓ એશિયાડ રમતોત્સવ માટે બંધાતા એશિયન નગર માટે બાળકો પાસેથી કરાવાતી વેઠપ્રથા અટકાવવા જાહેર હિતની અરજી સર્વોચ્ચ અદાલતમાં કરી હતી. તેમાં બાળકોના માનવ અધિકારોનો પણ પ્રશ્ન હતો. જાહેર હિતની અરજીના કારણે પ્રક્રિયાના ઘણા નિયમો ન્યાયતંત્રે બદલી નાખ્યાહતા. એક સમય એવો હતો કે જ્યારે સામાન્ય પોસ્ટકાર્ડ પર અરજી કરી શકાતી હતી અને તેના પરથી ન્યાયતંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવાતાં હતાં. હુસનેઆરા ખાતૂન વિ. સ્ટેટ ઓફ બિહારના કેસમાં આરોપી માટે ઝડપી ઈન્સાફી કાર્યવાહીના અધિકારનો સ્વીકાર કરાયો છે. કારણ કે, કોઈ આરોપીને લાંબા સમય સુધી ઈન્સાફી કાર્યવાહી થયા વિના જેલમાં રાખવાથી કેદીના માનવ અધિકારનો ભંગ થાય છે. બંધારણના અનુચ્છેદ 39-એ માં માર્ગદર્શક સિદ્ધાંત (Directive Principle) તરીકે વર્ણવવામાં આવેલ છે. શીલા બાર્સેના કેસમાં તેને મૂળભૂત અધિકાર (Fundamental Right) તરીકે (એટલે કે સાચા અર્થમાં માનવ અધિકાર તરીકે) માન્ય કરવામાં આવેલ છે. આપણા બંધારણમાં અનુ.21માં જીવનના અધિકારને મૂળભૂત અધિકાર તરીકેનું સ્થાન છે. પર્યાવરણના મૂળભૂત ફરજોના તથા માર્ગદર્શક સિદ્ધાંતોના પ્રકરણમાં ઉલ્લેખ છે. જ્યારે રૂરલ લીટીગેશન એન્ડ એન્ટાઈટલમેન્ટ, દહેરાદૂની સંસ્થાએ કરેલ જાહેર હિતની અરજીના કેસમાં સર્વોચ્ચ અદાલતે પર્યાવરણને મૂળભૂત અધિકાર (એટલે કે માનવ અધિકાર) તરીકે ગણેલ છે.

ધીમે ધીમે જાહેર હિતની અરજીના સાધનનો બહુ છૂટથી ઉપયોગ અને ક્યારેક દુરુપયોગ થતો હોવાનું ધ્યાનમાં આવતાં, અદાલતે તેના પર કેટલાંક નિયંત્રણો મૂક્યાં હતાં. એસ.પાંડે વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલના કેસમાં ઠરાવાયું કે જાહેર હિતની અરજીનાં નામથી સ્થાપિત હિત (Vested Interest) ને ઉત્તેજન મળવું જોઈએ નહીં. આ કેસમાં ઠરાવાયું કે જ્યારે મૂળભૂત અધિકારોનો ઉઘાડો ભંગ અથવા માનવ અધિકારો પર આક્રમણ થયેલ હોય અને જેનાથી અદાલતનો ન્યાયિક આત્મા (Judicial Conscioiusness) કકળી ઊઠે, તેવા કેસો જ અદાલત હાથ ધરશે. એમ.સી. મહેતા અને ક્ષેત્રીય પ્રદૂષણ મુક્તિ સંઘર્ષ સમિતિ ના કેસમાં ઠરાવાયેલ છે કે સમાજના હિતના રક્ષણ માટે કરાયેલ જાહેર હિતની અરજી પર જ અદાલત ધ્યાનમાં આપશે.

એક કેસમાં જાહેર ઉપયોગ માટેની જમીનમાં ગામના લોકો મૃતદેહ બાળતાં હતાં. તેની સામે જાહેર હિતની અરજી કરવામાં આવી. બેંગ્લોર શહેર સુધરાઈએ રજૂઆત કરી કે તે ખરાબાની જમીન હતી અને વર્ષોથી ગામના લોકો તેનો ઉપયોગ કરી રહ્યાં હતાં. હાઈકોર્ટ ઠરાવ્યું કે હકીકતના પ્રશ્નનો તે નિર્ણય કરી શકે નહીં. પરંતુ ગ્રામજનો માટે અન્ય કોઈ વિકલ્પ ન હોવાથી 2 માસમાં અન્ય જગ્યા પૂરી પાડવાનો આ કેસમાં આદેશ કરાયો હતો. એક કેસમાં બગીચા માટેની જમીનમાં કોમી તનાવ ટાળવા માટે મંદિર બાંધવામાં આવ્યું. અદાલતે ઠરાવ્યું કે આ બરાબર નથી.

**(5) જાહેર હિતની અરજી અને ન્યાયિક સક્રિયતા (Public Interest Litigation and Judicial Activion) :**

હૂસેનઆરા ખાતૂન વિ. સ્ટેટ ઑફ બિહારના કેસમાં સર્વોચ્ચ અદાલતે વચગાળાના (Interior) ચાર હુકમો કર્યાં હતાં. આ કેસમાં સજા થઈ શકે તેના કરતા વધારે સમય કેદમાં રહેલ કેદીઓની મુક્તિ માટે હુકમ કરવામાં આવ્યો હતો. તેમજ ઝડપી ઈન્સાફી કાર્યવાહી (Speedy Trial) અને કાનૂની મદદ (Legal Aid) ને બંધારણીય અધિકારો તરીકે ગણાવાયા હતા. ખત્રી વિ. સ્ટેટ ઓફ બિહારના કેસમાં સર્વોચ્ચ અદાલતે પોલીસના મારથી અંધ બનેલાં કેદીઓને તબીબી સહાય અને પુનર્વસવાટ માટેના હુકમો કર્યા હતાં. એક કેસમાં સર્વોચ્ચ અદાલતે મુંબઈમાં જાહેર રસ્તા પર ફૂટપાથ પર રહેનારાઓ અને ઝૂંપડીઓ હટાવવા સામે 4 વર્ષ સુધી મનાઈહુકમ આપેલ હતો. એમ.સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં સર્વોચ્ચ અદાલતે ગેસ વળતર (Gas Leakage) ના 10 અઠવાડિયામાં પ્લાન્ટ બંધ કરવાનો તેમજ વળતર યોજના ઘટનાનો હુકમ કર્યો હતો. ઉપર્યુક્ત તમામ કેસોમાં અદાલતે અધિકારના પ્રશ્ને નિર્ણય આવ્યા વિના રાહતના હુકમો કરેલ હતાં.

શીલા બાર્સેના કેસમાં કેસમાં આ અરજદાર પત્રકારે મુંબઈ સેન્ટ્રલ જેલોમાં 5 સ્ત્રીઓ તરફ ખરાબ વર્તાવ થતો હોવાની જાહેર હિતની અરજી કરી હતી. સર્વોચ્ચ અદાલતે હકીકતોની સત્યતતા તપાસ્યા વગર જ સમગ્ર મહારાષ્ટ્ર રાજ્ય માટે કેટલીક સૂચનાઓ જારી કરી હતી. મુકેશ અડવાણી વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશના કેસમાં વેઠિયા મજૂરોની મુક્તિ માટે જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. તપાસ માટે સર્વોચ્ચ અદાલતે પંચ (Commission) ની રચના કરી હતી, પરંતુ પંચ તપાસ કરે તે પહેલાં આ મજૂરોને મુક્ત કરી દેવાયા હતા. પંચે પોતાના અહેવાલમાં કેટલાંક મજૂર કાયદાઓનો ખાસ કરીને લઘુતમ વેતન ધારાનો ભંગ થતો હોવાનું જણાવેલ હતું. રાજ્ય સરકારે બચાવમાં એવી રજૂઆત કરી કે તે ખાણો (Flagstone Querries) માટે કેન્દ્ર સરકારે લઘુતમ વેતન ધારો લાગુ પાડ્યો ન હતો. આથી સર્વોચ્ચ અદાલતે આ ખાણોને લઘુતમ વેતન ધારો લાગુ પાડવા જરૂરી જાહેરનામું પ્રગટ કરવા કેન્દ્ર સરકારને આદેશ આપેલ હતો. આ કેસમાં આવી કોઈ દાદ માંગવામાં ન આવેલ હોવા છતાં, સર્વોચ્ચ અદાલતે આ દાદનો હુકમ કર્યો હતો.

લક્ષીકાંત પાંડતે વિ. યુનિયમ ઓફ ઈન્ડિયાના કેસમાં એક વકીલે એક મેગેઝિનમાં પ્રગટ થયેલા સમાચાર તરફ અદાલતનું ધ્યાન ખેંચતો પત્ર લખેલ. સમાચાર એવાં હતાં કે ભારતમાંથી બાળકોને દત્તક લેવા માટે પરદેશ મોકલાતા હતાં અને ત્યાં તેમને ભિખારી બનાવી દેવાતા હતા. આથી આ વકીલે આ રીતે બાળકોને પરદેશ મોકલવા પ્રતિબંધ મૂકવાની માંગણી કરી હતી. સર્વોચ્ચ અદાલતે તરત જ કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી અને બે અગ્રણી બાળ-સંસ્થાઓની સહાય મેળવી અને પરદેશમાં બાળકો દત્તક આપવા બાબત માર્ગદર્શક સૂચનાઓ ઘડી કાઢી હતી. આમ આ કેસમાં અદાલતે એક અર્થમાં વિધાનસભાનું કાર્ય કર્યું હતું, એટલે કે અરજદારે માગેલ દાદ કરતાં વધારાની દાદ મંજૂર કરતો હુકમ અદાલતે આ કેસમાં કર્યો હતો.

Indian Express માં આગ્રા રક્ષણ ગૃહ (Agra Protective Home) માં સ્ત્રીઓની અમાનવીય સ્થિતિ વિષે અહેવાલ પ્રગટ થયો હતો. તેના પરથી પ્રો.ઉપેન્દ્ર બક્ષીએ જાહેર હિતની અરજી કરી હતી. આ કેસમાં યોગ્ય હુકમો પણ કરાયા હતા. જગતસિંહ વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશનના કેસમાં અરજદારે એવી રજૂઆતકરી હતી કે All India Institute of Medical Science માં જુનિયર બિનઅનુભવી ડૉકટરો મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરતાં હતાં. આ કેસમાં અદાલતે અનુભવી ડૉકટરોથી પોસ્ટમોર્ટમ કરવાનો આદેશ જારી કર્યો હતો.

રીટ પીટીશન 89/1982માં સર્વોચ્ચ અદાલતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને શાક વેચનારીઓને તેમના કામમાં અને માણેકચોક વિસ્તારમાં શાકભાજી વેચી ધંધો કરવામાં દખલ ન કરવા તેમજ તેમને લાયસન્સ આપવાનો આદેશ આપેલ. આ કેસમાં સર્વોચ્ચ અદાલતે અમદાવાદ પોલીસ કમિશ્નરને પણ માણેકચોકમાં શાકભાજી વેચવાની પ્રવૃત્તિમાં દખલ કરતાં અટકાવેલ. આમ છતાં તેમને હેરાનગતિ ચાલુ રહેતા, સેલ્ફ એમ્પ્લોઈડ વુમન્સ એસોસિએસન (સેવા) તરફથી ગુજરાત

હાઈકોર્ટમાં રીટ અરજી કરવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતના હુકમ છતાં, શાકભાજી વેચનારી સ્ત્રીઓને હેરાન કરવામાં આવતી હતી અને તેમની વિરુદ્ધ ફોજદારી ફરિયાદો કરાઈ હતી. આ કેસમાં ફોજદારી કેસો પડતાં મૂકવામાં આવ્યાં. પોલીસ અને મ્યુનિસિપાલિટી દ્વારા કરાતી હેરાનગતિ અટકાવવા યોગ્ય હુકમો આપવામાં આવ્યા હતા.

સીટીઝન્સ ફોર ડેમોક્રેસી વિ. સ્ટેટ ઓફ આસામના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે હાથકડી પહેરાવવાથી અનુ.21નો ભંગ થાય છે, કારણ કે પ્રથમ દર્શનીય રીતે હાથકડી અમાનવીય, મનસ્વી અને ગેરવાજબી છે. આ કેસમાં ઠરાવાયું કે આરોપી હિંસક હોય કે ભાગી જવાની શક્યતા હોય ત્યારે મેજિસ્ટ્રેટની પરવાનગીથી જ હાથકડી પહેરાવી શકાય. લોક અધિકાર સંઘ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં નીતાબેન અને તેના પતિ દિનેશ ગોસ્વામીને હાથકડી તેમજ ચંપલનો હાર પહેરાવીને ગામમાં ફેરવવામાં આવ્યાં હતાં. આ કેસમાં અનુ. 14, 19 અને 21નો ભંગ થતો હોવાનું ઠરાવી રૂ. 20,000નું વળતર પોલીસ સત્તા દ્વારા અપાવવાનો આદેશ થયેલ.

એક કેસમાં ઠરાવાયેલ છે કે શાળા બસમાં ગીચ સંખ્યામાં વિદ્યાર્થીઓ બેસાડવામાં આવે તો તેનાથી સલામત રીતે શાળાબસમાં પ્રવાસ કરવાના બાળકોના અધિકારનો અનુ. 21 હેઠળ ભંગ થાય છે.

જંગલોમાં ગેરકાયદે વૃક્ષ છેદન તથા સો મિલ ચલાવાતી અટકાવવા માટે જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. આ કેસમાં સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારની પરવાનગી સિવાય આવી કોઈ પણ પ્રવૃત્તિ અટકાવવાનો હુકમ કર્યો હતો. એમ.સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં તાજમહાલના નજીકના વિસ્તારમાં આવેલ કેટલાંક કારખાનાઓમાં કોલસો વપરાવાનાં કારણે થતાં પ્રદૂષણથી તાજમહાલ તેમજ લોકોને થતું નુકસાન રોકવા માટે જાહેર હિતની અરજી થયેલ હતી. અદાલતે તાજમહેલ રાષ્ટ્રીય સ્મારક હોવાથી બચાવવાતી જરૂરિયાત તથા ઉદ્યોગોના વિકાસની જરૂરિયાત ધ્યાનમાં લીધી હતી અને "Sustainable Development" અને "Precautionary Principle" ના સિદ્ધાંતો ઘડી કાઢ્યા હતા. અદાલતે કોલસાના બદલે અન્ય કુદરતી ગેસ વાપરવા સૂચન કરેલ હતું. જો કુદરતી ગેસ ન મળે, તો કારખાના બંધ કરવાનો આદેશ આપવામાં આવેલ હતો.

ન્યાયતંત્રની ન્યાયિક સક્રિયતાનાં (Judicial Activism) નાં કારણે અનુ.21 હેઠળ પર્યાવરણ, તબીબી સેવા, કાનૂની મદદ,ગૌરવપૂર્વક કામ કરવાનો અધિકાર તથા ગુપ્તતાના અધિકારોનો સમાવેશ કરાયો છે. વિશાખા વિ. સ્ટેટ ઓફ રાજસ્થાનના કેસમાં ઠરાવાયું છે કે કામ કરતી સ્ત્રીઓ (Working Women) ને ગૌરવપૂર્વક કામ કરવાનો અધિકાર છે. કામ કરવાનાં સ્થળે જાતીય સતામણી (Sexual Harrassement) થી તેમનું રક્ષણ થવું જોઈએ. એટલું જ નહિં. આ કેસમાં આ બાબતમાં સંસદ કાયદો ઘડે નહીં ત્યાં સુધી,કામ કરતી સ્ત્રીઓને જાતીય સતામણી સામે રક્ષણ આપવા માટે કેટલાંક માર્ગદર્શક સિદ્ધાંતો ઘડી કાઢવામાં આવ્યાં.

દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966 (International Covenant on Civil and Political Rights 1966) ના અનુ. 17માં ગુપ્તતાના અધિકાર (Right of Privacy) વિશે જોગવાઈ કરાયેલ છે. PUCL તરફથી કરાયેલ એક જાહેર હિત અરજીના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે અનુ.21નું અર્થઘટન તે અનુરૂપ થવું જોઈએ. વળી યુનોએ ઘોષિત કરેલ માનવ અધિકારોના અનુ.12માં પણ ગુપ્તતાના અધિકારની વાત કરવામાં આવેલ છે. આ ધ્યાનમાં રાખીને સર્વોચ્ચ અદાલતે ભારતીય બંધારણના અનુ. 21માં ગુપ્તતાના અધિકારનો સમાવેશ થતો હોવાનું ઠરાવેલ છે.

તામિલનાડુના 5 બાળકોને બાળમજૂરી માટે લઈ જવામાં આવ્યાં હતાં. તેમનું શોષણ કરવામાં આવતું હતું. તેમાંના એકનું મરણ થયું અને અને 4 બાળકો ગુમ થયેલ જણાયાં હતાં. આ કેસમાં PUCL તરફથી જાહેર હિતની અરજી કરવામાં આવતાં, મહારાષ્ટ્ર પોલીસે, સર્વોચ્ચ અદાલતના આદેશથી ત્રણ બાળકોનો પત્તો મેળવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે મૃત બાળક અને અન્ય બાળકોને વળતર ચૂકવવા હુકમ કર્યો હતો.

સર્વોચ્ચ અદાલતે જાહેર હિત અરજીના વ્યાપ અંગે એક કેસમાં ઠરાવેલ છે કે તાજ હેરીટેજ કોરીડોર પ્રોજેક્ટમાં સી.બી. આઈ. એ યોગ્ય તપાસ કર્યા બાદ અદાલત આગળ વધીને મેજિસ્ટ્રેટની કામગીરી હાથ ધરી શકે નહીં.

2002ના વર્ષમાં ગુજરાત રાજ્યમાં થયેલ કોમી રમખાણોમાં બેસ્ટ બેકરી કેસ ઘણો પ્રખ્યાત થયો. 2002ના વર્ષમાં જ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે બેસ્ટ બેકરી સહિત અન્ય 4 કેસોની તપાસ સી.બી.આઈને સોંપવા ભલામણ કરી હતી, પરંતુ સરકારે તે ભલામણ તરફ કાંઈ ધ્યાન આપ્યું ન હતું. બેસ્ટ બેકરી કેસની ટૂંક વિગત એવી છે કે વડોદરામાં તા. ૧-૩-૦૨ના રાત્રે ૮.૩૦ કલાકે બેસ્ટ બેકરી પર એક ટોળાએ હુમલો કર્યો હતો અને તેને આગ ચાંપી હતી. આ ઘટનામાં 14 માણસો જીવતા ભૂંજાયા હતા. વડોદરાની ફાસ્ટ ટ્રેક કોર્ટમાં તે કેસ ચાલતાં પૂરતા પુરાવાના અભાવે તમામ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો તા. 29.06.2003ના રોજ હુકમ કરાયો હતો. આ કેસમાં બનાવ નજરે જોનાર  સાક્ષી ઝહીરાએ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ સમક્ષ રૂબર હાજર થઈને રજૂઆત કરી કે રાજકીય નેતાઓના દબાણના કારણે પોતાને તેમજ અન્ય સાક્ષીઓને ફરી જવાની ફરજ પડી હતી. આ કેસમાં અસંખ્ય સાક્ષીઓ હોસ્ટાઈલ જાહેર કરાયા હતા. વડોદરાની ફાસ્ટ ટ્રેક કોર્ટના ચુકાદા સામે ગુજરાત સરકારે તા. 7.8.03ના રોજ તદ્દન મોળી અને નબળી કહી શકાય તેવી અપીલ ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરી. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે સીધી સર્વોચ્ચ અદાલતમાં જ અરજી કરી અને સર્વોચ્ચ અદાલતે તેને અનુ.32 હેઠળની અરજી તરીકે લેખવાનો હુકમ કર્યો. ઝહીરા અને Citizens for Justice and peace તરફથી અનુ. 136 હેઠળ અરજી નં. 3770 of 2003 રજૂ કરવામાં આવી.

આ કેસમાં અરજદાર પક્ષોએ એવી રજૂઆત કરી હતી કે અનેક સાક્ષીઓ ફરી ગયા હોવા છતાં, પબ્લિક પ્રોસીક્યુટરે કેસ બંધ બારણે ચલાવવાની માગણી કરી નહતી. નજરે જોનાર કેટલાંક સાક્ષીઓને બોલાવવામાં આવ્યાં ન હતાં. આરોપીઓનાં સગાંને આરોપીઓને મદદ કરવાના હેતુથી તપાસવામાં આવ્યાં હતાં. અરજદાર ઝહિરાની એવી રજૂઆત હતી કે સમગ્ર ઈન્સાફી કાર્યવાહી યોગ્ય ઈન્સાફી કાર્યવાહી (Fair trial) હતી નહીં અને આરોપીઓને નિર્દોષ ઠરાવવાના હેતુથી ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવી હતી. બંને પક્ષોની રજૂઆત સાંભળી ઝહિરા વિ. સ્ટેટ ઓફ ગુજરાતના આ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઐતિહાસિક  નિર્ણય 12 એપ્રિસ 2004ના રોજ જાહેર કર્યો હતો.

યોગ્ય ઈન્સાફી કાર્યવાહી વિશે આ કેસમાં સર્વોચ્ચ અદાલતે યોગ્ય ઈન્સાફી કાર્યવાહીની સિદ્ધાંતમાં કાયદાની ઘણી બાબતોનો સમાવેશ થાય છે. કાયદાના અસંખ્ય નિયમો અને વ્યવહારોમાં તે વ્યક્ત થાય છે. તે સતત ચાલુ રહેતાં બદલાતાં જતાં સંજોગો અને પરિસ્થિતિને અનુકૂળ થતી, ગુનાના સમય સાથે સંબંધિત બાબતો અને વ્યક્તિઓ સાથે સંબંધિત બાબતો, સામાજિક અસર, સામાજિક વલણો અને ફોજદારી ન્યાય વહીવટમાં આવતાં અનેક પરિબળોનો સમાવેશ કરતી વિકાસ પ્રક્રિયા છે.

આ કેસમાં ઠરાવાયું કે કાયદાનું શાસન અને કાયદાની યોગ્ય પ્રક્રિયાને માનવ અધિકારોના રક્ષણ સાથે સંબંધ છે. માનવ અધિકારોનું અસરકારક રીતે રક્ષણ ત્યારે જ થાય કે જ્યારે નાગરિક કાયદાનો આશ્રય લઈ શકવાનું સ્વાતંત્ર્ય ધરાવતો હોય. ઈન્સાફી કાર્યવાહી એટલે નિઃશંક રીતે એમ સમજવાનું છે કે તેનો પ્રાથમિક ઉદ્દેશ સત્ય જાણવાનો છે અને સંબંધિત તમામ પક્ષકારો માટે તે યોગ્ય હોવો જોઈએ. યોગ્ય ઈન્સાફી કાર્યવાહીની કોઈ ચોક્કસ વ્યાખ્યા કદાચ આપી શકાય નહીં. કેટલીકવાર વાસ્તવિક પરિસ્થિતિઓ પર તે નિર્ભર છે. તેની એક કસોટી એ છે કે ઈન્સાફી કાર્યવાહી પૂર્વે કે સમયે જે કાંઈ કરવામાં કે કહેવામાં આવેલ હોય તેનાથી યોગ્યતાની ગુણવત્તાથી કાર્યવાહી વંચિત થઈ હોય અને ન્યાય નિષ્ફળ થયેલ છે કે કેમ તે જોવાનું છે. એમ કહેવું બરાબર નથી કે આરોપીઓ સાથે જ યોગ્ય વ્યવહાર થવો જોઈએ. ફોજદારી કાર્યવાહીમાં યોગ્ય કાર્યવાહીનો દરેકને અધિકાર છે. યોગ્ય કાર્યવાહીનો ઈન્કાર (Denial of a fair trial) આરોપી, ગુનાનો ભોગ બનનાર

અને સમાજ માટે ન્યાયનો ઈન્કાર છે. યોગ્ય ઈન્સાફી કાર્યવાહી એટલે દેખીતી રીતે નિષ્પક્ષ ન્યાયાધીશ સમક્ષની ઈન્સાફી કાર્યવાહી,યોગ્ય પ્રોસિક્યુટર અને ન્યાયિક શાંતિનું વાતાવરણ. યોગ્ય ઈન્સાફી કાર્યવાહી એટલે એવી કાર્યવાહી કે જેમાં આરોપી કે સાક્ષીઓ તરફી કે વિરુદ્ધમાં કોઈ પૂર્વગ્રહ હોય નહીં. જો સાક્ષીઓને ધમકી આપવામાં આવે અથવા તેમને ખોટી જુબાની માટે દબાણ કરવામાં આવે, તો તેને યોગ્ય ઈન્સાફી કાર્યવાહી કહેવાય નહીં. મહત્ત્વના સાક્ષીઓને સાંભળવામાં નિષ્ફળતા, યોગ્ય ઈન્સાફી કાર્યવાહીનો ઈન્કાર છે.

સર્વોચ્ચ અદાલતે આ કારણસર આ કેસ નવેસરથી ગુજરાતની બહાર મહારાષ્ટ્રમાં ચલાવવા આદેશ કરેલ છે. એટલું જ નહીં,પબ્લિક પ્રોસિક્યુટરની પસંદગીમાં પણ અરજદારોનો અવાજ રહેવાની સૂચના આપી છે.અદાલતે ઠરાવ્યું કે કાયદાના સ્વરૂપનું ટેકનિકલ પાલન કરવાથી યોગ્ય કાર્યવાહી થઈ ગણાય નહીં. સત્ય શોધવા માટે અને ન્યાય નિષ્ફળ થતો અટકાવવા માટે કાર્યવાહી થવી જોઈએ. સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે ઈન્સાફી કાર્યવાહીમાં અદાલતે ભાગીદાર થવું જોઈએ. કાર્યવાહીમાં સાક્ષીઓ જે કાંઈ કહે તેને ટેપરેકોર્ડ માફક રેકર્ડ કરવાથી જવાબદારી પૂરી થઈ જતી નથી, જ્યારે પ્રોસિક્યુટર પોતાની ફરજ બરાબર બજાવતો ન હોય અને આરોપીઓને મદદ કરી રહેલ હોવાનું જણાતું હોય ત્યારે અદાલતે હાથ જોડીને બેસી રહેવું જોઈએ નહીં.

આ કેસમાં ગુજરાત હાઈકોર્ટ વડોદરાની ફાસ્ટ ટ્રેકનો ચુકાદો માન્ય રાખ્યો હતો. સર્વોચ્ચ અદાલતે ગુજરાત હાઈકોર્ટમાં અમુક વલણની ટીકા કરી હતી અને રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ અંગે ગુજરાત હાઈકોર્ટ કરેલ કેટલાંક નિવેદનો રેકર્ડ પરથી દૂર કરવાનો હુકમ પણ સર્વોચ્ચ અદાલતે કરેલ હતો. છેલ્લાં સમાચાર પ્રમાણે સર્વોચ્ચ અદાલતના હુકમ સામે ગુજરાત સરકારે કરેલ રીન્યુ અરજી સર્વોચ્ચ અદાલતે ગુજરાત સરકારની નરી ઉદ્ધતાઈ હોવાનું જણાવી તા. 6.5.04 રોજ રદ કરી હતી.

**(6) પોલીસ અત્યાચાર, હવાલાત હિંસા અને મૃત્યુ**

**(Police Atrocities, Custodial Violence and Death) :**

આ વિષયની શરૂઆત કરીએ, તે પહેલાં તા.7.9.99ના ''સમભાવ'' દૈનિકમાં પ્રગટ થયેલાં આ જ વિષય પરના તંત્રી લેખના કેટલાંક અવતરણો ટાંકવાની લાલચ રોકી શકાતી નથી.

''આઝાદી પહેલાં આ દેશ આંતરિક રીતે સામંતશાહી માનસની અને બાહ્ય રીતે સંસ્થાનવાદી ચુંગાલમાં હતો. એથી ખરેખર તો આ બંને આયામ પરિવર્તન માગતા હતાં, પરંતુ એવું થયું નથી. એનું એક સૌથી ઉત્તમ અથવા કહો કે સૌથી વરવું ઉદાહરણ સ્વતંત્ર દેશમાં હજુ પણ ચાલી રહેલ પોલીસ અત્યાચારોની પાપાચારલીલા પૂરું પાડે છે. દેશના પોલીસ તંત્રમાં બહુધા સામંતશાહી માનસ અને સંસ્થાનવાદી માનસના ઘાતક સંયોજનનું પ્રતિબિંબ પડે છે. આ માનસ એટલું બધું ઊંડે સુધી ઉતરી ગયું છે કે સરેરાશ પોલીસને મન નાગરિક જીવન તુચ્છ અને સાવ સસ્તું બની ગયું છે. પોલીસ રક્ષક બનીને ફરજ નિભાવતી હોય તેવા કિસ્સા જૂજ સાંભળવા મળે છે, પરંતુ એ ભક્ષક બનીને અત્યાચાર જ કરતી હોય એવા કિસ્સાની અછત નથી. પચાસ વર્ષે પણ આપણે આ મહત્ત્વના પ્રશ્ને ગભીંર ચિંતન કરીને એનો કારગત ઉપાય શોધી શક્યા નથી કે આ રોગનો મૂળગામી ઈલાજ કરી શક્યા નથી. એ માત્ર દુ:ખદ નહીં, એટલું જ શરમજનક પણ છે.

સરકારી આંકડા ખુદ કહે છે કે 1996-97ના વર્ષ દરમિયાન દેશભરમાંથી પોલીસ કસ્ટડીમાં 700 જેટલાં મૃત્યુ થયાં હતાં. આ બધા જ અકુદરતી મૃત્યુ હતાં એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે. 1997-98ના વર્ષમાં આ આંકડો વધીને 819 થયો હતો. આ વર્ષ (એટલે કે 1999)ની જ વાત કરીએ તો માત્ર ઓગસ્ટ મહિનામાં પ્રથમ બે સપ્તાહ દરમિયાન જ આવા પાંચેક બનાવો નોંધાયા હતા. જેમાંના બે તો પાટનગર દિલ્હીમાં બન્યા હતા. દિલ્હીમાં તા. 4 ઓગસ્ટે અનિસ ઉર્ફે યુનુસ નામના એક નામચીન કહેવાતા આરોપીનું પોલીસ કસ્ટડીમાં મોત થયું હતું. પોલીસ જો કે એવું કહે છેકે એનું મોત હૃદયરોગના હુમલાના લીધે થયું હતું.પરંતુ અનિસના કુટુંબીજનો એ વાત સ્વીકારતા નથી. એનિસના મૃતદેહ પર છાતીના ભાગે કાળા અને ભૂરા ચકામાં કહી જાય છે કે પોલીસ નરી વાર્તા કરી રહી છે. દસ જ દિવસ પછી બનાવટી ચલણનો ધંધો કરતો હોવાનો આરોપી મોહિન્દરસિંહ પોલીસ

કસ્ટડીમાં મૃત્યુ પામ્યો હતો. એના કુટુંબીજનોએ મોહિન્દરના શરીર પર રીતસર 39 જેટલાં ઘા અંગેની નોંધ લીધી હતી. લગભગ એજ અરસામાં પોલીસે પકડેલાં અને બે શકમંદ આરોપીઓ સતબીરસિંહ અને સુધીર રાઠી મોતને હાથતાળી આપી બચી ગયા છે અને એમનું બયાન એવું છે કે અમેજે ગુના નથી કર્યા એની બળજબરીથી કબૂલાત કરાવવા માટે અમને પોલીસે ઢોર માર માર્યો હતો. અમે જીવતા રહ્યા એની અમને જ ખુદ નવાઈ લાગે છે. આવા દરેક કિસ્સામાં ઘાતકીપણાની અને બેરહમીની કરુણ કથા કાચાપોચા માણસના હૃદયને હચમાવી મૂકે તેવી હોય છે.

દિલ્હી જેવા મોટા શહેરોમાં દેશના શાસકો અને ટોચના આગેવાનોના નાકની દાંડી નીચે આવી ઘટનાઓ બનતી હોય તો અંતરિયાળ ગ્રામ વિસ્તારોમાં શું નહીં બનતું હોય તેની કલ્પના જ કરવી રહી. કદાચ આ જ કારણે દેશમાં પોલીસ અત્યાચારોનો ભોગ બનનારાઓમાં બહુસંખ્ય લોકો ગરીબો, લઘુમતીઓ અને મહિલાઓ હોય છે. પોલીસ અત્યાચારનાં કારણે બિહારની ભાગલપુર જેલમાં કેટલાંક કેદીઓ અંધ થઈ ગયાં હતાં. જેલમાં કેદીઓ પર થતાં અત્યાચારો અંગે સુનિલ બાત્રાનો કેસ વિખ્યાત છે. ડી.કે. બસુ વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલના કેસમાં ઠરાવાયું છે કે પોલીસ હવાલાતમાં અત્યાચાર, બળાત્કાર, મૃત્યુથી બંધારણના અનુ. 21,22નો ભંગ થાય છે. તેનાથી માનવ અધિકારોનો ભંગ થાય છે અને કાયદાના શાસનના મૂળમાં તે ઘા કરે છે. અત્યાચાર માત્ર શારીરિક હોતો નથી. તેનાથી માનસિક ત્રાસ પણ થાય છે. માનવ ગૌરવ (Human Dignity) નો તે ઉઘાડો ભંગ છે. હવાલાત મૃત્યુ કાયદાથી શાસિત સભ્ય સમાજમાં કદાચ સૌથી વધારે ખરાબ એક ગુનો છે. (Custodial death is perhaps one of the worst crimes in a civilised society governed by the rule of law) અનુ. 21માં જીવન સ્વાતંત્ર્યના અધિકારમાં ગૌરવપૂર્વક જીવન જીવવાના અધિકારનો સમાવેશ થાય છે અને કેદીઓને તેનો ઈન્કાર કરી શકાય નહીં. પોલીસ અત્યાચારો અટકાવવા માટે આ કેસમાં 11 માર્ગદર્શક સિદ્ધાંતો નિર્ણિત કરાયા છે. હવાલાત મૃત્યુ (Custodial Death) બદલ રાજ્ય સામે વળતરનો હુકમ થઈ શકે છે.

જેલમાં કાચા કામના કેદી પર થયેલાં હુમલામાં આ કેદીનું મૃત્યુ થયું. આ કેસમાં જેલ સત્તાવાળાઓને રક્ષણ આપવાની નિષ્ફળતા બદલ જવાબદાર ઠરાવીને, ગુજરનારની માતાને 6 માસમાં રૂ. 2,50,000.00 ચૂકવવા રાજ્ય સરકાર સામે હુકમ કરાયો હતો. તાજેતરમાં સર્વોચ્ચ અદાલતે એક કેસમાં ઠરાવેલ છે કે કાયદાથી અધિકૃત સખત મજૂરીની સજાનાં કારણે ગુનેગાર કેદીઓ પાસેથી સખત મજૂરી કરાવવામાં આવે, તો તેનાથી કાયદાનો ભંગ થતો નથી, પરંતુ જેમની પાસે મજૂરી કરાવવામાં આવે છે તેમને યોગ્ય અને સમન્યાયી વેતન મળવું જોઈએ. આ જ કેસમાં જસ્ટીસશ્રી થોમસે ઠરાવેલ છે કે સખત મજૂરીનું કામ અવેતન હોય કે સવેતન પરંતુ જો તે કાયદાએ નિયત કરેલા લઘુતમ વેતનના ધોરણથી નીચેનું હશે તો તે વેઠ કે મજૂરી ગણાય. આ કેસમાં જસ્ટીશ્રી વાધવાએ જણાવેલ છે કે કોઈની ઈચ્છા વિરુદ્ધ જો કોઈ વ્યક્તિ પાસે કાર્ય કરાવાય તો તેનાથી બંધારણના અનુ. 23નો ભંગ થાય છે. પરંતુ ગુનેગાર કેદી પાસે આ રીતે કામ કરાવાય. તો તેનાથી અનુ. 23નો ભંગ થતો નથી. આ કેસમાં ''પ્રીઝન ફંડ'' રચનાનું સૂચન કરાયું હતું.

પોલીસ અત્યાચારથી નહીં, પરંતુ જેલોમાં પ્રાથમિક સુવિધાના અભાવે માંદગીના કારણે મૃત્યુ પામતા કેદીઓની સંખ્યા પણ નાનીસૂની નથી. 4 વર્ષ અગાઉ સારવારના અભાવે શ્રી પિલ્લાઈનું તિહાર જેલમાં મૃત્યુ થયું હતું. તેનાથી દેશમાં ઊહાપોહ થતાં, ભારત સરકારે શ્રી લીલા શેઠાના અધ્યક્ષપદે તપાસ પંચની નિમણૂક કરી હતી. એ ઉઘાડી હકીકત છે કે પોલીસો કેદીઓ સાથે માત્ર અત્યાચારો નહીં, અમાનવીય વ્યવહાર પણ કરે છે. શીલા બાર્સેના કેસમાં મુંબઈ સેન્ટ્રલ જેલમાં સ્ત્રી પર થતાં અત્યાચારો રોકવાની માગણી કરવામાં આવી હતી. અન્ય એક કેસમાં સર્વોચ્ચ અદાલતે કેદીને જેલમાંથી અદાલતમાં લઈ જતી વખતે હથકડી ન બાંધવાની સૂચના આપેલ છે. આલ્બામા જેલમાં કેદીઓને અમાનવીય સ્થિતિમાં રાખવામાં આવતા હતા. અતિ ગીચતા, દુર્ગંધ મારતા ટોઈલેટો, મચ્છરો, વાંદાઓના ત્રાસને અદાલતે ક્રૂર અને અમાનવીય ઠરાવીને આ જેલને ગેરબંધારણીય જાહેર કરી જેલ સુધારણાનો હુકમ કર્યો હતો.

**તપાસ (Inquiry)**

માનવ અધિકાર-ભંગની ફરિયાદ થાય, ત્યારે સૌ પ્રથમ તેની તપાસ યોજાવી જોઈએ. જો રાષ્ટ્રીય માનવ અધિકાર પંચને ફરિયાદ કરાય તો પંચ તેની તપાસ કરે છે. અત્યાર સુધીમાં 9 રાજ્યોમાં માનવ અધિકાર પંચ રચાયાના અહેવાલો છે. ગુજરાતમાં પણ ટૂંક સમયમાં માનવ અધિકાર પંચ રચાવાની શક્યતા છે. માનવ અધિકાર ભંગની ફરિયાદમાં વિવિધ અંગો તપાસ કરી શકે છે. પોલીસ તપાસ કરી શકે છે. લશ્કર પણ તપાસ કરી શકે છે, પરંતુ પોલીસ તપાસ સ્વતંત્ર તથા નિષ્પક્ષ ન થતી હોવાની વ્યાપક છાપ છે. પોલીસ અત્યાચારો વિરુદ્ધ 68.275 ફરિયાદોમાં પોલીસ તપાસમાં 7 ટકા કિસ્સાઓ જ સત્ય હોવાનું પ્રકાશમાં આવેલ છે.

પોલીસ કસ્ટડીમાં આરોપીના મોતનો બનાવ બને ત્યારે કાર્યવાહીનો કાયદો, 1973ની કલમ-176 હેઠળ મેજિસ્ટ્રેટ દ્વારા તપાસ ફરજિયાત છે. આવા પ્રસંગે તપાસ ફરજિયાત હોવા છતાં ઘણા કિસ્સાઓમાં તપાસ યોજાતી નથી. એક અહેવાલ પ્રમાણે પોલીસ કસ્ટડીમાં 1987 પછી આરોપીઓના થયેલ મૃત્યુના 415 કિસ્સાઓમાંથી 42 કેસોમાં જ તપાસ યોજાઈ હતી. આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળનાં રાજ્યોએ સૌથી વધારે તપાસો યોજેલ છે. પરંતુ આ આંકડાઓ પૂર્ણ સત્ય હોતાં નથી. એમનેસ્ટી ઈન્ટરનેશનલના એક અહેવાલ પછી પશ્ચિમ બંગાળમાં 1985 પછી 43 કિસ્સાઓમાંથી 5 કિસ્સાઓમાં મેજિસ્ટ્રેટ દ્વારા તપાસનો અને એક કેસમાં ન્યાયિક (Judicial Inquiry) નો હુકમ થયેલ હતો. દિલ્હીમાં 1985 થી 1991 દરમિયાન પોલીસ કસ્ટડીમાં 30 આરોપીઓનાં મૃત્યુ થયેલ કિસ્સાઓમાંથી 18 કેસોમાં જ મેજિસ્ટ્રેટે તપાસનો હુકમ કર્યો હતો. તિહાર જેલમાં 1988 થી 1991 સુધીમાં 106 કેદીઓનાં મોત થયાં હતાં. તેમાંથી 48 કેસોમાં મેજિસ્ટ્રેટ યોજાઈ હતી. તેના અહેવાલમાં મોટા ભાગના મૃત્યુ માંદગી તેમજ આત્મહત્યાના કારણે બનેલ હોવાનું જણાવાયેલ છે. મેજિસ્ટ્રેટ તપાસ ફરજિયાત હોવા છતાં યોજાતી નથી. આવી પરિસ્થિતિમાં ન્યાયિક તપાસ ફરજિયાત હોવા છતાં યોજાતી નથી. આવી પરિસ્થિતિમાં ન્યાયિક તપાસ તો ઘણાં ઓછા કેસોમાં અપાય છે. આંધ્ર પ્રદેશમાં 1985માં કેદમાં 31 કેદીઓના મૃત્યુ થયેલ કિસ્સાઓમાં 8 કેસોમાં ન્યાયિક તપાસનો આદેશ થયો હતો. મેજિસ્ટ્રેટ દ્વારા યોજાતી તપાસના અહેવાલમાં મોટા ભાગે પોલીસને દોષિત ઠરાવવામાં આવતી નથી. તેથી જ એક સૂચન એવું છે કે પોલીસ કસ્ટડીમાં બળાત્કાર અને મારથી મૃત્યુ પામેલ કિસ્સાઓમાં ન્યાયિક તપાસ (Judicial Inquiry) યોજનાનું ફરજિયાત હોવું જોઈએ.

**પોલીસ દ્વારા બનાવટી લડાઈ (Encounter by Police) :**

પોલીસ દળ પ્રજાના જાન-માલનું રક્ષણ કરવા સોગંદથી બંધાયેલ હોય છે, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી પોલીસ દળને કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપરાંત શાસકો અને રાજકીય નેતાઓ (VIP) ના બંદોબસ્ત માટે પોલીસની કામગીરી ઘણી વધી ગઈ છે. તેના કારણે પ્રજાની સલામતી તેમ જ કાયદો અને વ્યવસ્થાનાં પ્રશ્ને પોલીસ પૂરતું ધ્યાન આપી શકતી નથી તેમ બને છે. રાષ્ટ્રીય પોલીસ પંચે તેના 4 થા અહેવાલ (1980)માં જણાવેલ છે કે પોલીસને કાયદો-વ્યવસ્થા અને VIP બંદોબસ્તના કારણે ખૂબ વ્યસ્ત રહેવું પડતું હોવાથી ગુનાના અન્વેષણ (investigation) માટે તેને ખૂબ ઓછો સમય મળે છે. આંતકવાદ (terrirism) સામેની લડાઈમાં ઘણી વખત નિર્દોષ વ્યક્તિઓના જાનનો ભોગ લેવાય છે.

બનાવટી લડાઈઓ (encounters) નું પ્રમાણ દિલ્હી, મુંબઈ અને ગુજરાતમાં વધી રહ્યું છે. તેના એક કારણ તરીકે આરોપીઓની ઈન્સાફી કાર્યવાહી અને તેમને થતી સજામાં થતો અત્યંત વિલંબ ગણાવી શકાય. ગુનાનો ભોગ બનેલાંઓ તેમજ પોતાના ઉચ્ચ અધિકારીઓના દબાણના કારણે પોલીસ દળ ત્વરિત અને ગેરબંધારણીય ન્યાય પદ્ધતિ (એટલે કે બનાવટી લડાઈ)નો આશ્રય લે છે. એટલે ઈન્સાફી કાર્યવાહી થાય નહીં ત્યાં સુધી બનાવટી લડાઈનું દૂષણ ચાલતું રહેશે તેમ સમજાય છે.

મુંબઈ જેવા શહેરમાં અંધારી આલમના ગુંડાઓ સાથે પોલીસને ક્યારેક ઘર્ષણ થાય છે. બનાવટી લડાઈના બદલે ખરેખર એમ પણ બનેલ હોય કે આરોપીને પકડવા પોલીસે કોઈ મકાન પર છાપો મારેલ હોય અથવા તે ઘેરી લીધેલ હોય. આવા વખતે સામસામાં ગોળીબારમાં આરોપી ઘવાય અથવા તેનું મૃત્યુ થાય તેમ બને. આવી ઘટનાને બનાવટી લડાઈ કહેવાય નહીં, પરંતુ પોલીસ ઈરાદાપૂર્વક કોઈને રસ્તા વચ્ચે આંતરીને ગોળીથી ઉડાવી દે છે તેવા ઘણા અખબારી અહેવાલો પ્રગટ થતાં હોય છે.આવા પ્રસંગે પોલીસની કામગીરી શંકાસ્પદ હોય છે. પોલીસ પણ પોતાનો પક્ષ રજૂ કરે છે, પરંતુ તે શંકાથી પર હોતું નથી. આવા કિસ્સાઓ બનાવટી લડાઈ તરીકે ઓળખાય. એમ કહેવાય છે કે મુંબઈમાં અનેક ગુંડાઓને આ રીતે મોતને ઘાટ ઉતારી દેવાયા છે. ગુજરાતમાં રાજુ રિસાલદાર, અબ્દુલ લતીફ વગેરેને આ રીતે બનાવટી લડાઈમાં ખપાવી દેવાયા હોવાનું પ્રજામાં છૂટથી ચર્ચાય છે.

ગુનાની ગંભીરતા ગમે તેટલી હોય તો પણ પોલીસ થર્ડ ડિગ્રીનો આશ્રય લઈ શકે નહીં. બીજાં શબ્દોમાં કહીએ તો પોલીસ પોતે કાયદો પોતાના હાથમાં લઈ શકે નહીં. પોલીસે મારપીટ કર્યાના બે બનાવટી લડાઈ કર્યાના આક્ષેપો પોલીસ દળ સામે થાય છે, પરંતુ તે સાથે જ પોલીસ પણ નાની કુરબાની કરે તેવી અપેક્ષા રાખવામાં આવતી નથી. સાથે એ પણ કહેવું જોઈએ કે પોલીસ ખાતાની કામગીરી અન્ય ખાતાઓ કરતાં વધારે જવાબદારીવાળી તેમજ જોખમી (risky) પણ છે. વંદના વિકાસ વાઘમારે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના કેસમાં પોલીસ સામે 3 ભંયકર ગુંડાઓને બનાવટી લડાઈથી મોતને ઘાટ ઉતારેલ હોવાનો આરોપ હતો. કેસની હકીકતનાં તમામ પાસાંઓની છણાવટ કર્યા બાદ, અદાલતે ઠરાવ્યું કે પોલીસે કાયદાનો ભંગ કર્યો ન હતો. IPC ની ક. 100 અનુસાર પોલીસે સ્વ-બચાવમાં કૃત્ય કરેલ હતું. આ કેસમાં પોલીસ અધિકારીઓએ સોગંદ પર કરેલ કથનો પર અદાલતે વિશ્વાસ મૂક્યો હતો. મૃતક આરોપીઓ અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલાં હતા. ઉપરાંત આ કેસમાં તપાસનો હુકમ કરવા માટે પણ અદલતને કોઈ કારણ જણાયું ન હતું. બનાવટી લડાઈનો આરોપ પ્રથમ દૃષ્ટિએ (Prima Facie) જ અદાલતે નકારી કાઢ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે બનાવટી લડાઈ અંગે પીપલ્સ યુનિયન ફોર સિવિલ લીબર્ટીઝ વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં કરેલ નિરીક્ષણો (observation) આવકાર્ય છે. આ કેસમાં અદાલતે જણાવેલ છે કે આતંકવાદ સામે લડવા માટે પોલીસ દળને કેટલીક ખાસ સત્તાઓ હોવી અનિવાર્ય છે. કારણ કે આતંકવાદ સખત હાથે ડામવાની જરૂર છે. આંતકવાદ સામે લડતી વખતે પોલીસે આતંકવાદીઓના ગોળીબારનો ભોગ બનવું જોઈએ તેમ કહી શકાય નહીં. સ્થળ પર પોલીસે કયા પ્રકારનાં પગલાં લેવા તે નિર્ણય કરવા તેઓ મુક્ત છે. આતંકવાદીઓ સામે લડાઈ કેમ લડવી તે બાબત અદાલત કાંઈ કહી શકે નહીં. દેશમાં ચાલતી અલગતાંવદી પ્રવૃત્તિઓને અંકુશમાં રાખવાની જરૂર છે. આતંકવાદની લડાઈ રાજકીય રીતે લડવી કે પોલીસ દળ દ્વારા તેનો સામનો કરવો તે સરકારી નીતિનો વિષય છે. અદાલત આવા પ્રશ્નો નક્કી કરી શકે નહીં.

સર્વોચ્ચ અદાલતે એક કેસમાં ઠરાવેલ છે કે પોલીસ દ્વારા બનાવટી લડાઈ સામેની અરજી સૌ પ્રથમ રાજ્ય સરકારને કરવી જોઈએ. આ કેસમાં નોંધવામાં આવ્યું છે કે કાયદાના રક્ષકોએ તેમની પાસેથી અપેક્ષિત શિસ્ત મુજબ કામગીરી કરવી જોઈએ. નિર્દોષ નાગરિકોનું તેમણે રક્ષણ કરવું જોઈએ.

સર્વોચ્ચ અદાલતે PUCL વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર કેસમાં પોલીસ મુઠભેડના કેસોમાં અનુસરવાની જરૂરિયાતો વિશે વિગતો આપેલ છે. તેમાં જણાવેલ છે કે -

(એ) પીડિતની ઓળખ માટે પીડિતના રંગીન ફોટા લેવા,

(બી) જગ્યાની ઓળખ માટે સાક્ષીઓનાં પૂરા નામ,સરનામાં, અને ટેલિફોન નંબરો અને તેમનાં નિવેદનો (સંકળાયેલાં પોલીસ કર્મચારીઓનાં નિવેદનો સહિત) મેળવવાં જોઈએ.

(સી) લોહીવાળી માટી, વાળ, કપડું અને દોરી વગેરે સહિતની મૃત્યુને લગતી પુરાવાની સામગ્રી એકત્ર કરવી.

(ડી) પોલીસને ગંભીર ગુનો બનવા બાબતે ગુપ્ત માહિતી મળે ત્યારે તેની કોઈ સ્વરૂપે (બને ત્યાં સુધી કેસ ડાયરીમાં) અથવા કોઈક ઈલેક્ટ્રોનિક સ્વરૂપે લેખિત નોંધ કરવી જોઈએ.

(ઈ) જો પોલીસે કરેલ ગોળીબારના પરિણામે મૃત્યુ નીપજેલ હોય તો F.I.R. નોંધવામાં આવશે.

(એફ) સી.આઈ.ડી. અથવા અન્ય પોલીસ ટીમે સિનિયર અધિકારીની દેખરેખ હેઠળ મુઠભેડના બનાવમાં સ્વતંત્ર તપાસ કરવી.

(જી) જેનાથી મૃત્યુ થયેલ હોય તેનું કારણ, રીત, સ્થળ, નકશો, વીડિયો વગેરે એકત્ર કરવું.

(એચ) જિલ્લા હૉસ્પિટલના વડા મારફતે P.M.(પોર્ટમોર્ટમ) કરાવવું.

(આઈ) હથિયારો, ગોળી, કારતૂસનો પુરાવો સાચવવો.

(જે) બનાવની જાણ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ અથવા રાજ્ય માનવ અધિકાર પંચને કરવી.

(કે) પોલીસ ગોળીબારમાં મૃત્યુ થયેલ હોય તેવા કેસમાં દર છ માસે ડી.જી.પી.એ.રાષ્ટ્રીય માનવ અધિકાર પંચને નિવેદન મોકલવું.

(એલ) પોલીસ મુઠભેડમાં મૃત્યુ પામેલ ના આશ્રિતોને વળતર માટે ક્રિ.પ્રો.કોડની ક. 347A હેઠળની યોજના લાગુ કરવી.

(એમ) સંબંધિત અધિકારીઓને બનાવ બાદ તરત જ ક્રમ બહાર બઢતી અથવા તાત્કાલિક બહાદુરીના ઈનામ આપવા ન જોઈએ.

(એન) પીડિતને કોઈ પણ અધિકારીની નિષ્પક્ષપાતનો અભાવ જણાય, તો સેન્સર જજને ફરિયાદ કરવાનો અધિકાર.

**(7) રાષ્ટ્રીય લઘુમતી પંચ ધારો, 1992 (National Commission for Minority Act, 1992) :**

લઘુમતીઓના હિતનાં રક્ષણ માટે સંસદે આ કાયદો પસાર કરેલ છે. આ કાયદાની ક. 3માં રાષ્ટ્રીય લઘુતમી પંચ (National Commission for Minorities) ની રચનાની જોગવાઈ કરાયેલ છે. આ પંચનાં કાર્યો (Functions) વિશે ક.9માં જોગવાઈ કરાયેલ છે.

આ પંચે સંઘ અને રાજ્યોમાં લઘુમતીઓના વિકાસની પ્રગતિનું મૂલ્યાંકન કરવાનું હોય છે તેમજ બંધારણ અને કેન્દ્રિય કે રાજ્યના કાયદાઓ હેઠળનાં હિતોની કામગીરીની દેખરેખ કરવાની હોય છે. જરૂર જણાય ત્યાં આ પંચ કેન્દ્ર અને રાજ્ય સરકારોને આ બાબતે ભલામણો કરી શકે છે. ક.9 (ડી)ની જોગવાઈ પ્રમાણે પંચે લઘુમતીઓના અધિકારો અને સલામતીઓથી વંચિત કર્યાની ચોક્કસ ફરિયાદો તપાસવાની હોય છે અને તે માટે આવી બાબતો ઉચિત સત્તાધીશો સાથે પંચ હાથ ધરી શકે છે.

કોઈ પણ લઘુમતી વર્ગને તેના અધિકારો કે સલામતીઓથી વંચિત કર્યાની ફરિયાદ વાસ્તવમાં તેમના માનવ અધિકાર ભંગની ફરિયાદ ગણાય ચે. આવી કોઈ પણ ફરિયાદ પંચે હાથ ધરવાની હોય છે. તપાસ કર્યા બાદ યોગ્ય પગલાં લેવાની પંચ ભલામણ કરી શકે છે. ગુજરાતનાં ડાંગ તેમજ પંચમહાલ જિલ્લાઓની મુલાકાત લીધી હતી તેમજ અસરકર્તા પક્ષોને સાંભળ્યાં હતાં.

આ કામગીરી કરતી વખતે આ પંચને નીચેની બાબતોની દીવાની અદાલત જેવી જ સત્તાઓ છે એટલે કે :-

(એ) ભારતના કોઈ ભાગમાં વ્યક્તિને સમન્સ મોકલીને તેની હાજરીની ફરજ પાડવાની અને સોગંદ પર તેને તપાસવાની સત્તા,

(બી) કોઈ દસ્તાવેજની શોધ અને રજૂઆતની ફરજ પાડવાની સત્તા,

(સી) સોગંદનામા પર પુરાવો સ્વીકારવાની સત્તા,

(ડી) કોઈ પણ અદાલત અથવા કચેરીમાંથી કોઈ પણ જાહેર દફતર કે તેની નકલ મેળવવાની સત્તા,

(ઈ) સાક્ષીઓ અને દસ્તાવેજો માટે કમિશન નીમવાની સત્તા,

(એફ) નિયત કરવામાં આવે તેની અન્ય કોઈ પણ બાબત,

પંરતુ કોઈ લઘુમતી વર્ગના માનવ અધિકારોના ભંગની આ પંચને ફરિયાદ કરવામાં આવે ત્યારે આ પંચને તપાસ કરી ભલામણ કરવા સિવાય અન્ય કોઈ પગલાં લેવાની સત્તા નથી.

**(8) રાષ્ટ્રીય મહિલા પંચ, 1990 (National Commission for women, 1990) :**

મહિલાઓ સાથે અસમાનતા અને અત્યાચારો વધતાં જતાં હોવાથી રાષ્ટ્રવ્યાપી ફરિયાદોનાં પગલે, સંસદે આ કાયદો પસાર કરેલ છે. ક.3માં રાષ્ટ્રીય મહિલા પંચ નીમવાની જોગવાઈ છે. આ પંચમાં અધ્યક્ષ ઉપરાંત અન્ય 5 સભ્યો નીમવાની જોગવાઈ કરાયેલ છે. ક.10માં આ પંચમાં કાર્યો. (Function) વિશે જણાવવામાં આવેલ છે. આ પંચે બંધારણ તેમજ અન્ય કાયદાઓ હેઠળ મહિલાઓ માટે જોગવાઈ કરાયેલ રક્ષણો (Safeguards) સંબંધી તમામ બાબતોનું અન્વેષણ અને તપાસ કરવાની હોય છે. ક. 20(ઈ)માં જણાવ્યા મુજબ, મહિલાઓ સંબંધમાં બંધારણ તેમજ અન્ય કાયદાઓની જોગવાઈઓ બંધના કેસો આ પંચે હાથ ધરવાના હોય છે. મહિલા અધિકારોના ભંગની ફરિયાદ એટલે વાસ્તવમાં તે માનવ અધિકારના ભંગની ફરિયાદ બને છે. કારણ કે સ્ત્રીના અધિકારો માનવ અધિકારો જ છે.

**ક. 10 (એફ) મુજબ, આ પંચ નીચેની ફરિયદોમાં પોતાની મેળે (Suo moto) ધ્યાન આપી શકે :**

(1) મહિલા અધિકારોથી વંચિત કર્યાની,

(2) સ્ત્રીઓને રક્ષણ આપવાના હેતુથી ઘડાયેલ કાયદાઓનો અને સમાનતા અને વિકાસના હેતુઓ સિદ્ધ કરવામાં બિનઅમલીકરણ,

(3) સ્ત્રીઓની તકલીફ ઘટાડવાના અને તેમના કલ્યાણ અને રાહત માટેના નીતિવિષયક નિર્ણયો, માર્ગદર્શનો અથવા સૂચનાઓનું બિનઅમલીકરણ.

ઉપર્યુકત ત્રણ બાબતોમાંથી કોઈ પણ એક બાબતની ફરિયાદ થાય, તો પંચ તે હાથ ધરી શકે છે. રાજસ્થાનમાં ભંવરીબાઈના કેસમાં બળાત્કારના ગુનાના આરોપીઓને અદાલતે નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો ત્યારે આ પંચે જયપુર અને દિલ્હીમાં તપાસ હાથ ધરી હતી. આ પંચ મહિલા કાયદાઓ અને તેની જોગવાઈઓના અમલમાં ભલામણો પણ કરે છે. કેટલાંક રાજ્યોમાં Family Courts Act, 1984 નો હજુ સુધી અમલ કરાયો નથી. પંચે આ બાબત હાથ ધરેલ છે. કારણ કે આ નીતિવિષયક નિર્ણયનો ઈન્કાર છે. જયપુરની એક કૉલેજ હૉસ્ટેલમાં એક યુવતી પર થયેલ સામૂહિક બળાત્કારનો કિસ્સો પણ આ પંચ તરફથી હાથ ધરાયો હતો. કોમી તોફાનો વખતે સ્ત્રીઓ પર તથા અત્યાચારોની તપાસ પણ આ પંચ તરફથી હાથ ધરવામાં આવે છે.

ઉપર્યુકત બાબતો હાથ ધરતી વખતે, આ પંચને નીચેની બાબતોમાં દીવાની અદાલત જેવી જ અને જેટલી જ સત્તાઓ છે. એટલે કે :

(એ) ભારતના કોઈપણ ભાગમાં વ્યક્તિને સમન્સ મોકલીને તેની હાજરીની ફરજ પાડવાની અને સોંગંદ પર તેને તપાસવાની સત્તા,

(બી) કોઈ દસ્તાવેજની શોધ અને રજૂઆતની ફરજ પાડવાની સત્તા,

(સી) સોગંદનામા પર પુરાવો સ્વીકારવાની સત્તા,

(ડી) કોઈપણ અદાલત અથવા કચેરીમાંથી કોઈપણ જાહેર દફતર કે તેની નકલ મેળવવાની સત્તા,

(ઈ) સાક્ષીઓ અને દસ્તાવેજો તપાસ માટે કમિશન નીમવાની સત્તા,

(એફ) નિયત કરવામાં આવે તેવી અન્ય કોઈ બાબત.

પરંતુ કોઈપણ મહિલાઓના અધિકારોના ભંગની આ પંચની ફરિયાદ કરવામાં આવે, ત્યારે આ પંચને તપાસ કરી ભલામણ કરવા સિવાય, અન્ય કોઈ પગલાં લેવાની સત્તા નથી.

## (5) ભારતમાં માનવ અધિકારને લગતાં કાયદાઓનો સારાંશ

ભારતમાં માનવ અધિકાર સંરક્ષણ ધારો, તા. 28 સપ્ટેમ્બર, 93ના રોજની અમલમાં આવ્યો છે. યુનોએ 10 ડિસેમ્બર, 1948ના રોજ માનવ અધિકારો ઘોષિત કર્યા બાદ, યુનો મહાસભાએ

દીવાની અને રાજકીય અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતી (International covenant on civil and political rights) અને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતી (International convenant of Economic, Social and Cultural Rights) નો તા. 16 ડિસેમ્બર, 1966ના રોજ સ્વીકાર કર્યો છે. આ પૈકીના મોટા ભાગના અધિકારો બંધારણમાં સ્વીકૃતિ પામ્યાં છે.

પરંતુ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માનવ અધિકારો અંગેની સભાનતા અને ચિંતામાં તેમજ ગુનાખોરીમાં વધારો થતો રહેલ હોવાથી માનવ અધિકારો અંગે મુખ્ય પ્રધાનોની પરિષદ યોજનામાં આવી હતી. દેશના ઘણા ભાગોમાં આ અંગેની સભાઓનું પણ આયોજન થયું હતું. 14 મે '93ના રોજ આ અંગેનો ખરડો લોકસભામાં રજૂ કરાયો હતો. લોકસભા અધ્યક્ષે આ ખરડો પ્રવર સમિતિને મોકલ્યો હતો. પ્રવર સમિતિમાં થયેલ ચર્ચાઓ ધ્યાનમાં લઈને થોડા સુધારાઓ સાથે રાષ્ટ્રપ્રમુખે 28 સપ્ટેમ્બર, 1993ના રોજ વટહુકમ પ્રસિદ્ધ કર્યો હતો. ત્યાર બાદ આ ખરડો સંસદના બંને ગૃહોએ પસાર કરતાં અને રાષ્ટ્રપ્રમુખની અનુમતિ મળતાં આ ખરડો કાયદો બન્યો છે.

આપણે જોયું કે ભારતીય બંધારણ હેઠળ કેટલાંક માનવ અધિકારો માન્ય રખાયા છે. આમાં અનુચ્છેદ-21 હેઠળ જીવન સ્વાતંત્ર્યનો અધિકાર સૌથી વધારે અગત્યનો માનવ અધિકાર છે. સર્વોચ્ચ અદાલતે જીવન સ્વાતંત્ર્યના અધિકાર હેઠળ અન્ય કેટલાયે માનવ અધિકારોનો સમાવેશ કરેલ છે. દા.ત. તંદુરસ્તીનો અધિકાર સર્વોચ્ચ અદાલતે માનવ અધિકાર ગણેલ છ. કારણ કે તંદુરસ્તી એટલે સંપૂર્ણ શારીરિક, માનસિક, અને સામાજિક મૂળભૂત માનવ અધિકાર છે. માનવ અધિકારોએ નોંધપાત્ર મહત્ત્વ ધારણ કરેલ છે. અને તેથી તેને માત્ર બંધારણયી માન્યતા નહીં, પરંતુ આ કાયદાથી તેને રક્ષણ પણ પ્રાપ્ત થાય છે.

આ કાયદાની કલમ 2 (1)(ડી)માં ''માનવ અધિકારો''ની વ્યાખ્યા અપાયેલ છે. આ વ્યાખ્યા મુજબ, ''માનવ અધિકારો'' એટલે બંધારણથી બાંહેધરી અપાયેલ અથવા આંતરરાષ્ટ્રીય સમજૂતીઓનાં સમાવિષ્ટ કરાયેલ અને ભારતમાં અદાલતોથી અમલપાત્ર વ્યક્તિના જીવન સ્વાતંત્ર્ય, સમાનતા અને ગૌરવને લગતાં અધિકારો. આમ વ્યક્તિના જીવન સ્વાતંત્ર્ય, સમાનતા તથા ગૌરવને લગતાં તમામ અધિકારો માનવ અધિકારો છે. સ્ત્રી સમાનતાનો ભંગ કરતો સ્વાતંત્ર્ય, સમાનતા તથા ગૌરવને લગતાં તમામ અધિકારો માનવ અધિકારો છે. સ્ત્રી સમાનતાનો ભંગ કરતો કાયદો માનવ અધિકારોનો પણ ભંગ કરે છે. એક દાખલો જાણવા જેવો છે. એર ઈન્ડિયામાં એવો નિયમ હતો કે કોઈ હોસ્ટેસ સ્ત્રી લગ્ન કર્યા બાદ નોકરીમાં ચાલુ રહેવાનો અધિકાર ન હતો, કોઈ એક એર હોસ્ટેસે આશરે 10-12 વર્ષ અગાઉ આ નિયમને મુંબઈની વડી અદાલત (Bombay High Court) માં પડકારતાં, મુંબઈ વડી અદાલતે આ નિયમ ગેરબંધારણીય ઠરાવેલ છે.

માનવ અધિકારોની વ્યાખ્યામાં કામ કરવાની અધિકાર (Right to work) નો સમાવેશ થાય છે કે કેમ તેનો વિચાર મુંબઈ વડી અદાલતે તાજેતરમાં એક કેસમાં કરેલ છે. આ કેસમાં ઠરાવાયું છે કે કામ કરવાનો અધિકાર મૂળભૂત અધિકાર છે. એમ ત્યારે જ કહેવાય કે જ્યારે કાયદાથી તેની ખાતરી (Statutory guaranttee) આપવામાં આવી હોય. આ કેસમાં વધુમાં ઠરાવાયું કે કામ કરવાનો અધિકાર મૂળભૂત અધિકાર ન હોવાથી બંધારણ અનુ. 21 હેઠળ તેનો સમાવેશ થાય નહીં.

સર્વોચ્ચ અદાલતે એક કેસ[૯૭]માં આ કાયદાની ક.2(6) હેઠળ મિલકત અધિકાર (right to property) ને માનવ અધિકાર તરીકે ઠરાવેલ છે.

આપણે આગળ જોયું કે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ માનવ અધિકાર ભંગની ફરિયાદ સર્વોચ્ચ અદાલત કે વડી અદાલતમાં કરી શકે છે. આવો જ એક કેસ ચકમા હિજરતીઓ બાબતમાં 3 વર્ષ અગાઉ બન્યો હતો. બંગલા દેશમાંથી લાખોની સંખ્યામાં ચકમાઓ અરુણાચલ પ્રદેશમાં આવીને વસ્યાં હતાં. કેટલાંક વિદ્યાર્થીજૂથોએ ચકમાઓને અમુક સમયમાં ભારત છોડી જવા મહેતલ આપી હતી. જો તેમ નહીં થાય તો તેઓ બળપૂર્વક તેમને ભારત છોડવાની ફરજ પાડશે તેવી તેમણે ધમકી આપી હતી. તેની સામે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે સર્વોચ્ચ અદાલતમાં ફરિયાદ કરતાં સર્વોચ્ચ

અદાલતે રાજ્ય સરકારને ચકમાઓનું આ ધમકીઓથી રક્ષણ કરવા આદેશ આપ્યો હતો. અનુ. 21 હેઠળ જીવન સ્વાતંત્ર્યના અધિકાર અંતર્ગત સર્વોચ્ચ અદાલતે કેદીઓને પોતાનાં સગાંઓ તથા મિત્રો સાથે મુલાકાતને ગૌરવપૂર્વક જીવવાના અધિકારના ભાગ તરીકે ગણાવેલ છે. કોઈ કેદી આત્મકથા પ્રસિદ્ધ કરાવવા ચાહે તો રાજ્ય તેના પર પ્રતિબંધ મૂકી શકે નહીં. ઝડપી ઈન્સાફી કાર્યવાહી (Speedy trial) ને સર્વોચ્ચ અદાલતે અનુ. 21 હેઠળ મૂળભૂત અધિકાર તરીકે ગણેલ છે. જો આ અધિકારનો ભંગ થાય તો કોઈ પણ આરોપી સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી શકે છે.

આરોગ્ય સેવા રાજ્યની બંધારણીય જવાબદારી છે. આર્થિક કારણોસર રાજ્ય આ જવાબદારીમાંથી છટકી શકે નહીં. બેદરકારીને કારણે આરોગ્ય સેવા ન મળવાથી કેદીનું જેલમાં મૃત્યુ થાય તો રાજ્ય સરકાર વળતર ચૂકવવા જવાબદાર છે. જેલની બહાર પોલીસ ગાર્ડ અને જેલની દીવાલો પર જીવંત ઇલે. વાયરો મૂકવામાં આવે તો તેનાથી અંગત સ્વાતંત્ર્યનો ભંગ થયો નથી. કાયદાની યોગ્ય પ્રક્રિયા સિવાય, અંગત સ્વાતંત્ર્યનો ભંગ કરી શકાય નહીં. બેસ્ટ બેકરી તરીકે જાણીતા થયેલ ઝહિરા વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે કાયદાનું શાસન અને કાયદાની યોગ્ય પ્રક્રિયાને માનવ અધિકારોના રક્ષણ માટે સંબંધ છે. આ કેસમાં વડોદરાની ફાસ્ટ ટ્રેક અદાલતે આરોપીઓને નિર્દોષ છોડવાનો હુકમ કરેલ હતો. આ કેસમાં મોટા ભાગના સાક્ષીઓ હોસ્ટાઈલ જાહેર થયેલાં હતાં. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ સમક્ષ એવી રજૂઆત કરાઈ હતી કે સાક્ષીઓને ફરી જવા માટે ધમકીઓ આપવામાં આવી હતી. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ સમક્ષ એવી રજૂઆત કરાઈ હતી કે સાક્ષીઓને ફરી જવા માટે ધમકીઓ આપવામાં આવી હતી. રાષ્ટ્રીય માનવ અધિકર પંચે સીધી સર્વોચ્ચ અદાલતને આ કેસમાં યોગ્ય પ્રક્રિયા થયેલ ન હોવાથી રજૂઆત કરી હતી. સર્વોચ્ચ અદાલતે આ રજૂઆત સ્વીકારી આ કેસની ફેર સુનાવણી મહારાષ્ટ્રમાં કરવાનો હુકમ કર્યો હતો.

આ કેસ પરની વિશેષ ચર્ચા માટે જુઓ ''જાહેર હિતની અરજી અને સ્વૈચ્છિક સંસ્થાઓનું પ્રદાન'' હેઠળ. રાજ્યનાં અપકૃત્યથી કોઈના મૂળભૂત અધિકારનો ભંગ થાય તો વડી અદાલત હુકમ કરી શકે છે.

આ કાયદાની માનવ અધિકારોની વ્યાખ્યામાં આંતરરાષ્ટ્રીય પંચની સ્થાપનાની જોગવાઈ કરાયેલ છે. તે અનુસાર આપણે ત્યાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ કાર્યરત છે. આ પંચ નીચેના સભ્યોનું બનેલું હોય છે.

(1) અધ્યક્ષ, જેઓ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે રહેલ હોય,

(2) સભ્ય, જેઓ સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ હોય કે રહેલ હોય,

(3) સભ્ય, જેઓ વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ હોય કે રહેલ હોય,

(4) 2 સભ્યો, માનવ અધિકારોના ક્ષેત્રમાં જ્ઞાન કે વ્યાવહારિક અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી જેમની નિમણૂક કરવામાં આવશે.

(5) રાષ્ટ્રીય લઘુમતી પંચ, અનુસૂચિત જાતિ અને જનજાતિ પંચ તેમજ રાષ્ટ્રીય મહિલા પંચ, આ દરેકના અધ્યક્ષ ક. 12 (બી) થી (જે)માં નિર્દિષ્ટ કરાયેલા કાર્યો બજાવવા માટે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના સભ્યો ગણાશે.

આ પંચના અધ્યક્ષ અને અન્ય સભ્યોની નિમણૂક, રાષ્ટ્રપ્રમુખ કરે છે, પરંતુ આ આવી દરેક નિમણૂક, વડાપ્રધાન, લોકસભા અધ્યક્ષ, ગૃહપ્રધાન, લોકસભામાં વિરોધ પક્ષના અધ્યક્ષ, રાજ્યસભામાં વિરોધ પક્ષના અધ્યક્ષ અને રાજ્યસભાના ઉપાધ્યક્ષની બનેલ સમિતિએ કરેલ ભલામણ પરથી કરવાની હોય છે. અધ્યક્ષની મુદત 5 વર્ષ અથવા 70 વર્ષ, બેમાંથી જે વહેલી હોય ત્યાં સુધીની ગણાશે. સભ્યની મુદત 5 વર્ષની હોય છે, પરંતુ 65 વર્ષ પછી હોદ્દો ધારણ કરી શકે નહીં.

રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના સભ્ય તરીકે પોલીસ દળના એક અધિકારની નિમણૂક કરવામાં આવતા, પીયુસીએલ (People Union for Civil Liberties) તરફથી સર્વોચ્ચ અદાલતમાં આ

નિમણૂક પડકારવામાં આવી હતી. તેમાં કારણ એવું રજૂ કરાયું હતું કે પોલીસની છાપ-અભિપ્રાય લોકમાનસ પર બહુ ખરાબ છે. માનવ અધિકાર ભંગના કિસ્સાઓ પોલીસ દળમાં ઘણાં બને છે તેમજ તેના કરતાં વધારે સારી વ્યક્તિની નિમણૂંક કરી શકાઈ હોત, વગેરે વગેરે. આ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે કાયદાની ક.3 (2) (d) હેઠળ ક. 4 હેઠળ રચાયેલ પસંદગી સમિતિને માન્ય અધિકારોની બાબતમાં જ્ઞાન અને વ્યવહારુ અનુભવ ધરાવતી કોઈ પણ વ્યક્તિને પસંદ કરવાની સત્તા છે. જસ્ટીસ ધર્માધિકારીએ કહ્યું કે અદાલતને નિમણૂકની કાયદેસરતા (Ligality) સાથે સંબંધ છે, પસંદગી સમિતિના ડહાપણ (wisdom) સાથે નહીં. જે કાયદા હેઠળ પસંદગી સમિતિની રચના કરવામાં આવી છે તે કાયદાનો ભંગ થયો હોવાની કારણ સિવાય, અદાલત નિમણૂકમાં દરમ્યાનગીરી કરી શકે નહીં. વધારે સારી વ્યક્તિની નિમણૂક થઈ શકી હોત માત્ર તે કારણસર, અદાલત કોઈ વ્યક્તિની સભ્ય તરીકે થયેલ નિમણૂક, જે અન્યથા કાયદેસર હોય, તેને ગેરકાયદેસર કરાવી શકે નહીં.

**રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યો :**

ક. 12માં આ અંગે કરાયેલી જોગવાઈ નીચે મુજબ છે. એટલે કે પંચ નીચેનાં તમામ અથવા કોઈ પણ એક કાર્ય કરશે, એટલે કે :

(એ) (1) માનવ અધિકારભંગ અથવા મદદગારી, અથવા

(2) જાહેર સેવકે આવો ભંગ રોકવામાં દાખવેલી ઉપેક્ષાની ભોગ બનેલ વ્યક્તિ, અથવા તેના વતી કોઈ વ્યક્તિએ પોતાને કરાયેલ ફરિયાદ અરજીમાં, અથવા પોતાની મેળે, તપાસ કરવાનું,

(બી) અદાલત સમક્ષ પડતર (Pending) રહેલ માનવ અધિકારભંગના આરોપીવાળી કોઈ કાર્યવાહીમાં, અદાલતની પરવાનગીથી દરમિયાનગીરી કરવાનું,

(સી) રાજ્ય સરકારને જાણ કરીને, વ્યક્તિઓની જીવંત સ્થિતિનો અભ્યાસ કરીને તેના પર ભલામણો કરવાના હેતુથી, કોઈ પણ જેલ અથવા સંસ્થા કે જેવાં વ્યક્તિઓને સારવાર, સુધારણા અથવા રક્ષણ માટે રાખવામાં આવેલ હોય, તેની મુલાકાત લેશે.

(ડી) બંધારણ અથવા પ્રવર્તમાન કાયદા હેઠળ માનવ અધિકારોના રક્ષણ માટે જોગવાઈ કરાયેલ પગલાંની સમીક્ષા કરીને તેના અસરકારક અમલ માટે પગલાંઓની ભલામણ કરશે.

(ઈ) ત્રાસવાદનાં કૃત્યો સહિત, માનવ અધિકારોના ઉપયોગમાં અવરોધક પરિબળોની સમીક્ષા અને ઉપચારાત્મક પગલાંઓની ભલામણ કરશે.

(એફ) માનવ અધિકાર પરની સંધિઓ અને અન્ય આંતરરાષ્ટ્રીય સમજૂતીઓનો અભ્યાસ કરવો અને તેના અસરકારક અમલ માટે ભલામણો કરશે.

(જી) માનવ અધિકારોના ક્ષેત્રમાં સંશોધન હાથ ધરશે અને તેને ઉત્તેજન આપશે.

(એચ) સમાજના વિવિધ વર્ગોના પ્રકાશનો, માધ્યમો, પરિસંવાદો અને અન્ય પ્રાપ્ય સાધનો દ્વારા માનવ અધિકારો શિક્ષણ અને આ અધિકારોના અમલ માટે સભ્ય સાવચેતીઓના જાગૃતિના પ્રસારનું કાર્ય કરશે.

(આઈ) માનવ અધિકારોના ક્ષેત્રમાં કામ કરતી બિનસરકારી સંગઠનો અને સંસ્થાઓના પ્રયત્નોને પ્રોત્સાહન આપશે.

(જે) માનવ અધિકારોના સંરક્ષણ માટે અન્ય યોગ્ય લાગે તે કામો કરશે.

આ કાયદાની કલમ 3 હેઠળ રચાયેલ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચનાં કાર્યો ઉપર મુજબ છે. આ કાયદા હેઠળ માનવ અધિકારભંગની ફરિયાદની તપાસ કરતી વખતે તેને દીવાની કાર્યવાહીનો કાયદો, 1908 હેઠળ દાવાની ઈન્સાફી કાર્યવાહી કરી રહેલ દીવાની અદાલત જેવી જ સત્તાઓ છે. માનવ અધિકાર ભંગની ફરિયાદની તપાસ કરતી વખતે, પંચ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર

કે કોઈ પણ સંસ્થા પાસેથી માહિતી મંગાવી શકે. જો પંચે નિયત કરેલ સમયમર્યાદામાં માહિતી ન મળે, તો પંચ પોતાની મેળે તપાસ કરી શકે છે અને માહિતી કે અહેવાલ પરથી વધુ તપાસ કરવાનું જરૂરી ન જણાય તો આગળ કાંઈ કાર્યવાહી કરશે નહીં અને તેની જાણ ફરિયાદીને કરશે. જરૂર જણાય તો તપાસ કરી પણ શકે. ફરિયાદમાં તપાસ કર્યા બાદ પંચ નીચેની કોઈ પણ કાર્યવાહી કરી શકે.

(1) જો તપાસમાં માનવ અધિકારભંગ કે ભંગ રોકવામાં કોઈ જાહેર સેવકની ઉપેક્ષા પ્રગટ થતી હોય, તો પંચ સંબંધિત સરકારને ભંગ કરનાર વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી, અથવા તે અન્ય કોઈ પગલાં સૂચવે, તે પગલાં લેવા જણાવી શકે.

(2) જરૂરી આદેશો માટે સર્વોચ્ચ અદાલતને વડી અદાલતમાં કાર્યવાહી કરી શકે.

(3) ભોગ બનનાર કે તેના કુટુંબને વચગાળાની રાહત માટે સંબંધિત સરકારને ભલામણ કરી શકે.

પંચ પોતાની તપાસના અહેવાલની નકલ, પોતાની ભલામણો, સાથે સંબંધિત સરકારે કે સત્તાધિકારી (Authority) ને મોકલશે. સંબંધિત સરકાર કે સત્તાધિકારી આ અહેવાલ પર એક માસમાં અથવા પંચે લંબાવી આપેલ સમય સુધીમાં, પોતાનાં વલણની સ્પષ્ટતા કરશે અને પોતે લીધેલ કે લેવાનાર પગલાંની પણ જાણ કરશે. પંચ પોતાની અહેવાલની નકલ અરજદારને પણ મોકલાવશે.

લશ્કરી દળોના કોઈ સભ્ય દ્વારા માનવ અધિકાર ભંગની ફરિયાદ હોય, તો તેના માટે કલમ 19માં અલગ જોગવાઈ કરાયેલ છે. કલમ 21માં રાજ્ય માનવ અધિકાર પંચની રચનાની જોગવાઈ કરાયેલ છે. અત્યાર સુધીમાં 9 રાજ્યોમાં માનવ અધિકાર પંચની રચના થયેલ છે. ગુજરાતમાં પણ ટૂંક સમયમાં માનવ અધિકાર પંચની રચના થવા સંભવ છે.

## (6) એકમ સ્વાધ્યાય (Unit Exercises)

(1) ભારતમાં માનવ અધિકારોનો અમલ કેમ થયો ?

(2) ભારતમાં માનવ અધિકારોનો ભંગ ક્યારે થાય છે ?

(3) યુનોમાં ફરિયાદ કયારે થાય છે ?

(4) ભારતમાં માનવ અધિકાર પંચને ક્યારે ફરિયાદ થાય છે ?

(5) જાહેર હિતની અરજી અને અન્ય કેસોમાં સ્વૈચ્છિક સંસ્થાઓનું પ્રદાન ટૂંકમાં જણાવો.

(6) રાષ્ટ્રીય લઘુમતી પંચ શું કાર્ય કરે છે ?

(7) રાષ્ટ્રીય મહિલા પંચ શું કાર્ય કરે છે ?

(8) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યો જણાવો.

## (7) તમારી પ્રગતિ ચકાસો :

(1) ભારતમાં માનવ અધિકારોનો અમલ ક્યારે થયો ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) ભારતમાં માનવ અધિકારોનો ભંગ ક્યારે થયો ગણાય ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) માનવ અધિકાર ભંગના ઉપાયો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) રાષ્ટ્રીય લઘુમતી પંચ ધારો ક્યારે અમલમાં આવ્યો ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(5) રાષ્ટ્રીય મહિલા પંચ ક્યારે અમલમાં આવ્યો ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(6) રાષ્ટ્રીય મહિલા પંચ શું કાર્ય કરે છે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Anser to check yur progress) :**

**(1) ભારતમાં માનવ અધિકારોનો અમલ કયારે થયો ?**

- ભારતમાં માનવ અધિકારોનો અમલની ઘોષણા 1948માં કરવામાં આવી. તા. 28-09-1993થી સંરક્ષણ ધારો અમલમાં આવ્યો.

- ભારતમાં માનવ અધિકારોના અમલમાં પોલીસ અત્યાચારો પોલીસ ગોળીબારથી નિર્દોષ વ્યક્તિઓનાં મૃત્યુ, પોલીસના મારથી કસ્ટડીમાં આરોપીનું મૃત્યુ, પોલીસ દ્વારા બળાત્કાર વગેરે.

**(2) ભારતમાં માનવ અધિકારોનો ભંગ ક્યારે થયો ગણાય ?**

- પોલીસ અત્યાચાર, સ્ત્રીઓ તરફ અસમાન વર્તન પ્રદૂષણ, પર્યાવરણ બગાડ, કુપોષણ, દલિતોનો સામાજિક બહિષ્કાર, લઘુમતીઓ પર અત્યાચારો, બાળકો સાથે દુર્વ્યવહાર વગેરે.

**(3) માનવ અધિકાર ભંગના ઉપાયો જણાવો. (ત્રણ)**

1. યુનોમાં ફરિયાદો
2. ભારતમાં માનવ અધિકાર પંચને ફરિયાદ
3. રાષ્ટ્રીય લઘુમતી પંચ ધારો, 1992

**(4) રાષ્ટ્રીય મહિલા પંચ ધારો ક્યારે અમલમાં આવ્યો ?**

- રાષ્ટ્રીય લઘુમતી પંચ ધારો, 1992માં અમલમાં આવ્યો.

**(5) રાષ્ટ્રીય મહિલા પંચ કયારે અમલમાં આવ્યો ?**

- રાષ્ટ્રીય મહિલા પંચ ધારો 1990માં અમલમાં આવ્યો.

**(6) રાષ્ટ્રીય મહિલા પંચ શું કાર્ય કરે છે ?**

1. કોઈ દસ્તાવેજની શોધ અને રજૂઆતની ફરજ પાડવાની સત્તા
2. સોગંદનામા પર પુરાવો સ્વીકારવાની સત્તા
3. કોઈ પણ અદાલત કે કચેરીમાંથી કોઈ પણ જાહેર દફતર કે તેની નકલ મેળવવાની સત્તા

## (9) સૂચિત વાંચન સામગ્રી : (Suggested Reading)

(1) કારીઆ એ.એન : માનવ અધિકારો, સી. જમનાદાસની કંપની, અમદાવાદ

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-132
# માનવ અધિકારો અને સમુદાય વિકાસ

વિભાગ

# 2

## બંધારણીય માનવ અધિકારો

એકમ-5 ભારત બંધારણ અને માનવ અધિકારો

એકમ-6 યુનોએ ઘોષિત કરેલા માનવ અધિકારો

એકમ-7 બાળકોના અધિકાર

એકમ-8 શિક્ષણ મેળવવાનો અધિકાર

## ES-132, માનવ અધિકારો અને સમુદાય વિકાસ (વિભાગ-2)


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 500
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 500

**ISBN : 978-93-5598-161-5**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-132 માનવ અધિકારો અને સમુદાય વિકાસ

**વિભાગ-1 માનવ અધિકારો અને કાયદો**

1. માનવ અધિકાર-1
2. માનવ અધિકાર-2
3. કેટલાંક જૂથોના માનવ અધિકારો
4. ભારતમાં માનવ અધિકારોનો કાયદો

**વિભાગ-2 બંધારણીય માનવ અધિકારો**

5. ભારત બંધારણ અને માનવ અધિકારો
6. યુનોએ ઘોષિત કરેલા માનવ અધિકારો
7. બાળકોના અધિકાર
8. શિક્ષણ મેળવવાનો અધિકાર

**વિભાગ-3 કાનૂની માનવ અધિકારો**

9. માહિતીનો અધિકાર
10. સ્ત્રી અને માનવ અધિકારો
11. બાળ અપરાધ
12. બાળકોને લગતાં કાયદાઓ

**વિભાગ-4 વિકાસકીય યોજનાઓ**

13. સમુદાય વિકાસ યોજના
14. ભારતમાં પંચાયત રાજ
15. સહકારી પ્રવૃત્તિ
16. કુટુંબ-નિયોજન કાર્યક્રમ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 1

# ભારત બંધારણ અને માનવ અધિકારો
# Constitution of India and Human Rights

## : રૂપરેખા :

(1) ભારતીય બંધારણ (Indian Constitution)

(1) પ્રસ્તાવના

(2) બંધારણ એટલે શું ?

(3) બંધારણની જરૂરિયાત

(4) ભારતના બંધારણમાં સમાવિષ્ટ બાબતોનો ઉલ્લેખ

(5) ભારતના બંધારણનાં મૂખ્ય લક્ષણો

(6) ભારતના બંધારણનું આમુખ

(7) ભારતના બંધારણના આમુખનું મહત્ત્વ

(8) બંધારણીય મૂલ્યો

(2) ભારતીય નાગરિકોના અધિકારો (હક્કો) અને ફરજો

(1) મૂળભૂત હક્કો - અધિકારો

(2) ભારતના બંધારણમાં નાગરિકોની ફરજો

(3) શિક્ષણ હક (Right ot Education)

(1) શિક્ષણ વિધેયક

(2) વિધેયકની જોગવાઈઓ

(4) ભારતના બંધારણમાં કારોબારી તંત્ર વિશેની વ્યવસ્થા

(5) સારાંશ

(6) એકમ સ્વાધ્યાય

(7) તમારી પ્રગતિ ચકાસો

(8) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(9) સૂચિત વાંચન સામગ્રી

---

- **ઉદ્દેશો : (Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...........

(1) ભારતીય બંધારણનો અર્થ સમજી શકશો

(2) ભારતીય બંધારણની જરૂરિયાત સમજી શકશો.

(3) ભારતના બંધારણમાં સમાવિષ્ટ બાબતોનો ઉલ્લેખ સમજી શકશો.

(4) ભારતના બંધારણનાં મુખ્ય લક્ષણો સમજી શકશો.

(5) ભારતના બંધારણનું આમુખ સમજી શકશો.

(6) ભારતના બંધારણના આમુખનું મહત્ત્વ સમજી શકશો.

(7) ભારતના બંધારણીય મૂલ્યો સમજી શકશો.

(8) ભારતીય નાગરિકોના અધિકારો સમજી શકશો.

(9) ભારતીયના બંધારણમાં નાગરિકોની ફરજો સમજી શકશો.

(10) ભારતમાં શિક્ષણ હક વિશે સમજી શકશો.

(11) ભારતના બંધારણમાં કારોબારી તંત્ર વિશેની વ્યવસ્થા સમજી શકશો.

## (1) ભારતીય બંધારણ (Indian constitution) :

### (1) પ્રસ્તાવના (Introduction) :

- કોઈપણ સંસ્થા ચલાવવી હોય તો તેની પાસે સ્પષ્ટ નીતિ નિયમો હોવા જોઈએ. સ્પષ્ટ નીતિ નિયમો હોય તો જ સંસ્થા ચલાવી શકે છે.
- કુટુંબમાં વજીલ વ્યક્તિ ઘરનું સંચાલન કરે છે. ઘરના નીતિ નિયમો નક્કી કરે છે. રહેણીકરણી, રીત રિવાજ, ધર્મ માન્યતાઓ, લગ્ન પ્રસંગનો વ્યવહાર વગેરે બાબતો એક કુટુંબને પોતાની જ્ઞાતિ પ્રમાણે કરવું પડે છે. જ્ઞાતિ પ્રમાણે લગ્ન વ્યવસ્થા ગોઠવાઈ છે. કુટુંબ કે જ્ઞાતિની મર્યાદા બહાર વ્યક્તિ જઈ શકતી નથી. જાય તો તેને કુટુંબ કે જ્ઞાતિમાંથી દૂર કરવામાં આવે છે.
- કુટુંબન વહીવટની જેમ પંચાયતનો, તાલુકાનો, જિલ્લાનો,રાજયનો અને રાષ્ટ્રનો વહીવટ ચલાવવો પડે છે. દરેક તબક્કે નીતિ નિયમો નક્કી કરેલ છે. નીતિ નિયમો પ્રમાણે કાર્યવાહી થતી હોય છે. નીતિ-નિયમો જે નક્કી કરેલા છે તે એક જાતનું બંધારણ છે.
- કોઈપણ રાષ્ટ્ર પોતાની દેશનું રાજ્યતંત્ર ચલાવવા માગતું હોયતો તેની પાસે પોતાનું બંધારણ કરવું જરૂરી છે.
- સારૂં શાસન વ્યવસ્થા, વ્યવસ્થિત સંચાલન કરવા માટે કોઈપણ રાષ્ટ્રનું બંધારણ હોય છે. બંધારણ એ કોઈ પણ રાષ્ટ્રની પ્રજાની આકાંક્ષાઓ અને અપેક્ષાઓનું પ્રતિબિંબ છે.
- રાષ્ટ્રની કાનૂની ઈચ્છાશક્તિ (Will Power) એટલે જ કોઈપણ રાષ્ટ્રનું બંધારણ. દેશને યોગ્ય માર્ગે (Right Track) પર લઈ જનાર એ દિશા સૂચન પાટિયું છે. (Sign Board) રાષ્ટ્રની દીવાદાંડી છે.
- બંધારણ વિના કોઈપણ રાષ્ટ્ર પોતાની શાસન અંગેની નીતિનો અમલ કરી શકતી નથી. બંધારણની ગેરહાજરીમાં રાષ્ટ્રમાં અવ્યવસ્થા અને અરાજકતા ફેલાય છે. ભારત જેવા વિશાળ લોકશાહી દેશમાં બંધારણ અત્યંત મહત્ત્વનું બની જાય છે.
- બંધારણ ડ્રાફ્ટિંગ સમિતિના ચેરમેન ડૉ. બાબા સાહેબ આંબેડકર હતા અને બંધારણના પ્રમુખ પદે ડૉ. રાજેન્દ્રપ્રસાદની વરણી કરવામાં આવી હતી.
- બંધારણ ઘડવાનું કામ 26 નવેમ્બર 1949માં પૂરૂં થયું હતું. તે દિવસે બંધારણ સભાએ ભારતના બંધારણનો સ્વીકાર કર્યો હતો. તેને સ્વીકૃતિ આપી હતી અને 26 જાન્યુઆરી 1950ના રોજ ભારતનું બંધારણ અમલમાં આવ્યું હતું.
- 15 મી ઓગસ્ટ 1947 ના રોજ ભારત આઝાદ થયું હતું. 26 મી જાન્યુઆરી, 1950ના રોજ ભારતના બંધારણનો અમલ થવાથી ભાત સાર્વભૌમ પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યુ છે. બંધારણ સભાના કુલ 389 સભ્યો હતાં.
- ભારતના બંધારણમાં 12 પરિશિષ્ટો અને 410 જેટલી કલમો છે. બંધારણ ઘડવાનો સૌ પ્રથમ વિચાર એમ. એન. રોયને આવ્યો હતો.
- ભારતના બંધારણનું આમુખ જવાહરલાલ નહેરુએ તૈયાર કર્યું છે. જ્યારે આમુખનો વિચાર યુ.એસ.એ. ના બંધારણમાંથી લેવામાં આવ્યો છે.
- મૂળભૂત અધિકારો અને મૂળભૂત ફરજોનો વિચાર અનુક્રમે યુ.એસ.એ. અને રશિયાના બંધારણમાંથી લેવામાં આવ્યો છે.
- રાજનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોનો આર્યલેન્ડના બંધારણમાંથી, સંસદીય પ્રકારની

લોકશાહીનો વિચાર બ્રિટનના બંધારણમાંથી અને સમવાયી તંત્રનો વિચાર કેનેડાના બંધારણમાંથી લેવામાં ાળ્યો છે.

- કટોકટીની વ્યવસ્થા જર્મનીમાંથી, ગણતંત્રનો વિચાર ફ્રાન્સમાંથી અને સમવર્તી સૂચિનો વિચાર ઓસ્ટ્રલિયાના બંધારણમાંતી લેવામાં આવ્યો છે.

**(2) બંધારણ એટલે શું ?(Meaning of Constitution) :**

- તે એક વિશિષ્ટ સ્વરૂપની કાનૂની પવિત્રતા ધરાવતો દસ્તાવેજ છે.
- તેમાં જે તે રાજ્યની સરકાર, શાસનતંત્રનાં વિવિધ અંગોની મુખ્ય કામગીરીઓ તથા તે માટેનાં માળખાં વિશે જોગવાઈ હોય છે, તેમાં આવા અંગોના સંચાલનને લગતા સિધ્ધાંતોનો ઉલ્લેખ કરાયો હોય છે.
- બંધારણમાં જે તે દેશના ભૂતકાળનો વારસો અને તેના ભવિષ્ય કાળનો નકશો જોવા મળે છે.
- ''બંધારણમાં એ સરકારની રચના કરવા અને સરકારને માર્ગદર્શન આપવાના નિયમોની શ્રેણી છે.''

  "Constitution is the fundamental law of a country which reflects the fundamental principals on which the government of the country is based"

**બંધારણ (સંવિધાન)નો અર્થ :**

'કોઈ પણ દેશનું શાસન ચલાવવા માટે ઘડવામાં આવેલા નિયમોના વ્યવસ્થિત સંગ્રહને દેશનું બંધારણ કહેવામાં આવે છે.'

**મહત્ત્વ**

બંધારણ એ દેશનો પાયાનો અને મહત્ત્વનો દસ્તાવેજ છે.બંધારણની જોગવાઈઓના આધારે દેશમાં કાયદાઓ ઘડવામાં આવે છે. દેશના કાયદાઓ બંધારણને સુસંગત અને બંધારણીય જોગવાઈઓ આધીન જ હોવા જોઈએ.બંધારણ કાયદાઓથી સર્વોપરી છે.બંધારણમાં સમયાંતરે બદલાતી જતી લોકોની જરૂરિયાતો, અપેક્ષાઓ, આકાંક્ષાઓ, ઈચ્છાઓ અને લોકોની ઉચ્ચ ભાવનાઓનો પડઘો હોય છે, તેથી જ બંધારણને જીવંત અને મૂળભૂત દસ્તાવેજ કહેવાય છે.

**બંધારણની ઘડતર પ્રક્રિયા**

આઝાદી પહેલાં બ્રિટિશ સરકાર દ્વારા 25મી માર્ચ, 1946ના રોજ ત્રણ સભ્યોના કેબિનેટ મિશનને ભારતની આઝાદીનો ઉકેલ શોધવાનું કાર્ય સોંપવામાં આવ્યું. તેમણે બંધારણના ઘડતર અંગેનું માળખું ઘડવા માટે બંધારણ સભાની રચના કરી.

બંધારણ સભામાં કુલ 385 સભ્યો હતા જેમાં જુદી-જુદી કોમ, ધર્મ, જાતિ, લિંગ અને ભૌગોલિક પ્રદેશોની વ્યક્તિઓ, રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ તેમજ વિવિધ ક્ષેત્રોની તજ્જ્ઞ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તદ્નુસાર મહત્ત્વના સભ્યોમાં જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, મૌલાના અબુલ કલાલ આઝાદ, શ્યામાપ્રસાદ મુખરજી, એચ.પી. મોદી. એચ.વી. કામથ, ફ્રેન્ક એન્થની, કનૈયાલાલ મુનશી, એન. ગોપાલ સ્વામી, આયંગર કૃષ્ણ સ્વામી અય્યર, બલદેવસિંઘ તથા મહિલા પ્રતિનિધિઓમાં સરોજિની નાયડુ, વિજ્યાલક્ષ્મી પંડિત વગેરે વ્યક્તિઓનો સમાવેશ થયો હતો. બંધારણ સભાના અધ્યક્ષ તરીકે ડૉ. રાજેન્દ્ર પ્રસાદ હતા, જ્યારે બંધારણની ખરડા સમિતિના અધ્યક્ષ તરીકે ડૉ. ભીમરાવ આંબેડકર હતા.

આ બંધારણ સભાએ તેમની કામગીરી નવમી ડિસેમ્બર 1946થી શરૂ કરી હતી. બંધારણ સભાએ બે વર્ષ, અગિયાર માસ અને અઢાર દિવસોમાં મળેલી કુલ 166 બેઠકોમાં કામગીરી પૂર્ણ કરી હતી. આ પ્રક્રિયામાં તેઓએ દુનિયાના જુદાં જુદાં દેશોના બંધારણનાં મહત્ત્વનાં લક્ષણોનો અભ્યાસ કરીને અને વિગત-પૂર્ણ ચર્ચા-વિચારણા કરીને બંધારણને આખરી સ્વરૂપ આપ્યું હતું. બંધારણમાં પ્રથમ 395 અનુચ્છેદ (આર્ટિકલ્સ) અને 8 પરિસ્થિતિ હતાં, ત્યાર બાદ સુધારા વધારા સાથે 461

અનુચ્છેદો (આર્ટિકલ્સ) અને 12 વિશિષ્ટ થયાં. 26મી નવેમ્બર 1949ના રોજ બંધારણ સભામાં બંધારણ સર્વોનુમતે પસાર થયું, અને કાયદાનું સ્વરૂપ અપાયું. 26મી જાન્યુઆરી 1950થી ભારતમાં બંધારણ અમલમાં આવ્યું અને ભારત 'પ્રજાસત્તાક' ઘોષિત થયું તેથી આપણે 26મી જાન્યુઆરીને 'પ્રજાસત્તાક દિન' તરીકે શાનદાર રીતે ઊજવીએ છીએ. બંધારણસભામાં રાષ્ટ્રચિન્હ તરીકે 'ચાર સિંહોની મુખાકૃતિ' અને રાષ્ટ્રસૂત્ર તરીકે 'સત્વમેવ જયતે' ઘોષિત કરવામાં આવ્યાં છે. આપણા બંધારણમાં લોકોના મૂળભૂત હકો, ફરજો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, સરકારનાં અંગો અને કાર્યો તથા વહીવટી કેટલીક સૂચનાઓ, ન્યાયંત્રની વ્યવસ્થા જેવી અનેક મહત્ત્વની બાબતોનો સમાવેશ થયો છે. આથી ભારતનું બંધારણ વિશ્વમાં સૌથી મોટું, વિસ્તૃત અને વિશદ લેખિત દસ્તોજ ગણાય છે.

**(3) બંધારણની જરૂરિયાત (Need of Constitution)**

- બંધારણ કોઈપણ રાષ્ટ્ર માટે અત્યંત જરૂરિયાત છે જે નીચે બાબતો પરથી સ્પષ્ટ થાય છે.

**(1) રાષ્ટ્રના કલ્યાણ માટે :-**

બંધારણમાં પ્રજાની અપેક્ષાઓનું પ્રતિબિંબ પડે છે. આથી રાષ્ટ્રના કલ્યાણ માટેની ભાવિ યોજનાઓના ઘડતરમાં મદદરૂપ થાય છે.

**(2) રાષ્ટ્રનું ચાલક બળ :-**

કોઈપણ રાષ્ટ્ર ચલાવવા માટે બંધારણ એ તેની ચાલક બળ છે. કાયદામાં રહીને કાર્યો કરવા પડે છે.

**(3) કાયદા પ્રમાણે વર્તવાની ફરજ :**

રાષ્ટ્રનું સંચાલન કરનાર અને પ્રજાને કાયદા પ્રમાણે વર્તવાની ફરજ પાડે છે. કાયદા પ્રમાણે બંને પક્ષ વર્તન કરે છે. કાયદા બહાર વર્તન થઈ શકે નહીં.

**(4) શાસન સરળતાથી ચલાવવું :**

રાષ્ટ્રનું સંચાલન કરવું મુશ્કેલરૂપ છે. સંચાલન કેવી રીતે કરવું તેની માહિતી બંધારણમાં સ્પષ્ટ રીતે આપવમાં આવેલ છે, તેથી બંધારણ શાસન સરળતાથી ચલાવવા મદદરૂપ થાય છે.

**(5) માર્ગદર્શન મેળવવા :**

જ્યારે રાષ્ટ્રનું સંચાલન કરવા માટે સમસ્યા ઊભી થાય ત્યારે બંધારણ જરૂરી માર્ગદર્શન પૂરુ પાડે છે.

**(6) અધિકારની મર્યાદા નક્કી થાય :**

શાસન ચલાવનાર અને પ્રજાને ક્યાં ક્યાં અધિકારો મળેલ છે તે અધિકારની મર્યાદામાં રહીને જ સંચાલન કરવાનું હોય છે. બંનેને મળતા અધિકારની મર્યાદાઓની લક્ષ્મણરેખા અંકિત થઈજાય છે.

**(7) જવાબદારીનો ખ્યાલ :**

બંધારણ પ્રમાણે ક્યા ક્યા હોદ્દાઓ આપવા તે નક્કી કરવામાં આવેલ છે. એટલે કોની કઈ જવાબદારી છે તે નક્કી કરી દેવામાં આવેલ છે. શાસન ચલાવનારે શું કરવાનું છે તે અંગેની જવાબદારી સ્પષ્ટ કરી દેવામાં આવે છે. એટલે બંધારણથી જવાબદારીનો ખ્યાલ મળે છે.

**(8) વ્યવસ્થા તંત્રની રચના સરળ બનાવા :**

બંધારણ મુજબ નક્કી થયેલ વ્યવસ્થા પ્રમાણે રાષ્ટ્રપતિ, મંત્રી મંડળ, ન્યાયપાલિકા અન્ય સત્તા મંડળોને પોતાને અધિકારો અને ફરજોનું ભાન થાય છે.

**(9) લોકશાહી શાસન વ્યવસ્થા ચલાવવા :**

બંધારણને કારણે લોકશાહી શાસન વ્યવસ્થા બરાબર ચાલે છે. લોકશાહી શાસન વ્યવસ્થાને મજબૂત કરી શકાય છે, તેમજ કાયદા અનુસાર શાસન ચાલે છે.

**(10) સત્તાનું વિકેન્દ્રીકરણ :**

બંધારણમાં સત્તાના વિકેન્દ્રીકરણની જોગવાઈ છે. આથી, સત્તાનું કેન્દ્રીકરણ થતું નથી. નીચલા સ્તરથી માંડીને ઉપલા સ્તર સુધીનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે.

**(11) પ્રજાના હાથમાં સત્તા :**

- બંધારણમાં પ્રજાના હાથમાં અંતિમ સત્તા સોંપવામાં આવી છે. આથી પ્રજા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શાસકોની વરણી કરી શકે છે.
- આમ, આપણા રાષ્ટ્રનું બંધારણ એ પ્રજાનો આત્મનો અવાજ છે. પ્રજાની ઈચ્છાશક્તિ (Will Power) નો વિજય છે.પ્રજાની આ ભાવિ આકાંક્ષાઓ અને અપેક્ષાઓનું પ્રતિબિંબ છે.
- શાસક અને શાસિત ને માર્ગદર્શન આપનાર દીપમિનાર છે. રાષ્ટ્રને કલ્યાણ રાજ્યના પથ પર વિકાસ યાત્રા કરવા દિશા દેખાડનાર દિશાદર્શક સંકેત ચિહ્ન છે.
- જે શાસન તંત્રમાં બંધારણ હોય ત્યાં આપખુદી કે જુલમને કોઈ સ્થાન હોતું નથી.
- આઝાદી પછી ભારતનું શાસન ભારતના લોકોના હાથમાં આવ્યું. લોકતંત્રમાં લોકોની સંમતિથી જ શાસન થઈ શકે, જે રાજકીય પ્રજા હેઠળ લોકોનું સાસન થવાનું હોય તે રાજકીય પ્રથાનું પાયાનું માળખું બંધારણમાં જણાવવાનું હોય છે.
- ભારતનું બંધારણના 24.11.1949ના રોજ તૈયાર થયું અને 26.01.1950 થી અમલમાં આવ્યું તેમાં 395 આર્ટિકલ્સ અને 12 અનુસૂચિઓ છે.

**(4) ભારતના બંધારણમાં સમાવિષ્ટ બાબતોનો ઉલ્લેખ**

- તેમાં શાસન વ્યવસ્થાનાં ત્રણે તંત્રો એટલે કે કારોબારી તંત્ર, વિધાન તંત્ર અને ન્યાય તંત્રની રચના, સભ્યો, કાર્યક્ષેત્ર, જવાબદારી અને તેમના પરસ્પર સંબંધો, સંઘ અને રાજયોનાં શાસન તંત્રો, નાગરિકતા, વહીવટીતંત્રો, પંચાયતો, લોકસેવા આયોગ, ચૂંટણીપંચ, હિસાબી તંત્ર, નાણાં વેપાર, વાણિજ્ય, કટોકટીની જોગવાઈઓ, રાજ્યભાષા, સંસદ, રાષ્ટ્રપતિ, રાજ્યપાલ, ચૂંટણીઓ વગેરે બાબતોની વિસ્તૃત જોગવાઈઓ છે.

**(5) ભારતના બંધારણનાં મુખ્ય લક્ષણો (Characteristic of the Constitution) :**

26 મી જાન્યુઆરી, 1950ના રોજ અમલમાં આવેલ ભારતના આ બંધારણનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો છે. જો કે બીજા દેશોનાં બંધારણો ઉપરથી ભારતના બંધારણમાં ઘણું જ લેવામાં આવ્યું છે, તેમ છતાં તેમાં પોતાનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો પણ છે, જે નીચે પ્રમાણે જણાવવામાં આવ્યા છે.

**(1) બંધારણનું કદ :**

- અન્ય દેશોની સરખામણી ભારતનું બંધારણ સૌથી મોટું માનવામાં આવે છે. બંધારણની શરૂઆત એકંદરે 295 અનુચ્છેદો એ 8 અનુસૂચિઓ હતી. પણ હાલમાં તેમાં કુલ 383 અનુચ્છેદો એ 9 અનુસૂચિઓનો સમાવેશ થાય છે.
- આપણું બંધારણ મોટું હોવા માટે અન્ય દેશોનાં બંધારણની ખામીઓ ટાળવા, રાજયોના બંધારણનો સમાવેશ, મૂળભૂત હક્કોની માહિતી દેશની વિશાળતા, વિવિધતા અને તેમના પ્રશ્નોની વિવિધતાને કારણે વગેરેને કારણે કદમાં વધારો જોવા મળે છે.

**(2) બંધારણનું સ્વરૂપ :**

- બંધારણ તેના સ્વરૂપ પ્રત્યે સમજાવી અને સંઘ તથા તેનાં એકમો વચ્ચે સત્તઓના વિભાજન અંગે જોગવાઈ કરે છે. અલબત્ત એમાંની કેટલીક જોગવાઈઓ એકતંત્રલક્ષી છે.

**(3) બંધારણમાં પરિવર્તનની જોગવાઈ :**

- ભારતીય બંધારણની જોગવાઈઓ અંગે સંસદ (Parliament) સુધારા કરી શકે છે. માત્ર અમુક બાબતોમાં રાજ્યોનું અનુમોદન મેળવવાનું આવશ્યક છે.

- કોઈપણ બંધારણની માફક આપણા બંધારણમાં પણ પરિવર્તન કે સુધારા માટેની જોગવાઈ છે. પંરતુ અન્ય સમવાયી બંધારણોની માફક આપણું બંધારણ જડ પરિવર્તનશીલ નથી.
- બંધારણમાં સુધારા અંગે બંધારણમાં એક કરતાં વધારે જોગવાઈઓ છે તેમાં મુખ્યત્વે અનુચ્છેદો 383 છે.
- બંધારણ સુધારાનો ખરડો સંસદના કોઈપણ ગૃહમાં દાખલ કરી શકાય. ખરડો બંને ગૃહોની કુલ બહુમતિથી તેમજ મતદાન કરનાર સભ્યો ની 2/3 બહુમતીથી પસાર થવો જોઈએ અને રાષ્ટ્રપતિની અનુમતિ મળે એટલે તેનાથી બંધારણમાં સુધારો થાય છે.
- કેન્દ્ર-રાજય વચ્ચેના સંબંધો કે ઉચ્ચ ન્યાયતંત્રના માળખામાં સુધારો કરવાનો હોય ત્યારે કુલ રાજ્યોના ઓછામાં ઓછા અર્ધા રાજ્યોની સંપતિ પણ આવા બંધારણીય સુધારા ખરડાને મળવી જોઈએ.
- કેટલીક વાર ન્યાયિક ચુકાદાઓના કારણે પણ બંધારણમાં ફેરફાર થાય છે.
- દા.ત. સાલિયાણાં રદ કરવાનું કેન્દ્ર સરકારનું પગલું સર્વોચ્ચ અદાલતે ગેર બંધારણીય ઠરાવ્યા બાદ સંસદે બંધારણમાં સુધારો કર્યો હતો.
- ગોલકનાથ કેસના નિર્ણય બાદ બંધારણમાં 24 મો સુધારો થયો.

**(4) સર્વોપરીતા :**

- બંધારણની સર્વોપરીતાનો ખ્યાલ અમેરિકન બંધારણની ઉપજ છે. એ સિધ્ધાંત પ્રમાણે ધારાગૃહ બંધારણનું સર્જન હોઈ એ પોતાની મર્યાદા વટાવી બંધારણની ઉપરવટ જઈ શકે નહીં. આમ, સર્વોપરીતા ધારાગૃહની નહીં પણ બંધારણની છે.

**(5) મૂળભૂત હક્કો અને ફરજો**

- બંધારણના આમુખમાં લોકો માટે સ્વાતંત્ર્યના નિર્માણનો દઢ સંકલ્પ કરવામાં આવ્યો છે. આ સંકલ્પનું સાકર સ્વરૂપ એટલે બંધારણના ભાગ 3માં જુદા જુદા મૂળભૂત હક્કોની જોગવાઈ. ભારતના લોકો એક સ્વતંત્ર રાષ્ટ્રના નાગરિક તરકીકે ગૌરવ પૂર્ણ જીવન જીવી શકે તે માટે બંધારણમાં મૂળભૂત હકો આપવામાં આવ્યા છે. સર્વાંગી વિકાસની સાથે રાષ્ટ્રના વિકાસ માટે જરૂરી સ્વતંત્રતાની ખાતરી સાથે હકો અને ફરજોએ લોકશાહી સમાજની મહામૂલી મૂડી છે.
- ભારતીય બંધારણમાં લોકશાહી સમાજને જરૂરી એવા તમામ હક્કોનો એમાં સમાવેશ કરવામાં આવેલ છે.
- અસ્પૃશ્યતા નિવારવા મૂળભૂત હક્ક તરીકે સ્વીકારવામાં આવ્યા છે.

**(6) એક નાગરિકતા :**

- ભારતીય બંધારણમાં એકજ નાગરિકતાની જોગવાઈ કરે છે. રાજ્યની નાગરિકતા જેવું તેમાં કઈ નથી. આમાં ભારતની એકતાને મહત્ત્વ આપવાનો ઈરાદો જણાય છે.
- નાગરિક ગમે તે રાજયમાંહોય તો પણ તેનું નાગરિકત્વ જે તે રાજયનું નહીં પરંતુ ભારતનું નાગરિકત્વ જ ગણાય છે. વિદેશમાં રહેતા ભારતીયો માટે ભારતનું નાગરિકતા આપવાની જોગવાઈ હમણાંથી થયેલ છે, પરંતુ નાગરિકત્વતો ભારતનું જ પ્રાપ્ત થાય છે.

**(7) પુખ્યમતાધિકાર :**

- બંધારણે ધર્મ, શિક્ષણ, આવક વગેરે કે એવા કોઈ કારણસર ભેદભાવયુક્ત મતાધિકારની જોગવાઈ કરી છે. જો અસ્થિર મગજ કે એવી કોઈ ગેરલાયકાત ન ધરાવતો હોય તો 21 વર્ષ (તાજેતરના સુધારા મુજબ 18 વર્ષ)ની વય વટાવેલ ભારતના દરેક નાગરિકને પોતાની પસંદગીના પ્રતિનિધિઓને મત આપવાનો અને તે દ્વારા લોકશાહીમાં ભાગ લેવાનો અધિકાર છે.

**(8) બિન સાંપ્રદાયિકતા :**

- રાજ્ય દ્વારા કોઈ ધર્મને ઉત્તેજન નહીં અને રાજ્યને પોતાનો કોઈ ધર્મ હોતો નથી. એવી આપણી બંધારણની ભાવનાને કારણે ભારતને બિન સાંપ્રદાયિક રાજય બનાવવાની જોગવાઈ થઈ છે.
- ધાર્મિક અગર કોમી પક્ષપાતી વલણથી બંધારણ સંપૂર્ણપણે પર છે. રાજ્યના ધર્મ જેવું કંઈ જ નથી.વળી, આમુખમાં શ્રધ્ધા, માન્યતા અને પૂજાના સ્વાતંત્ર્યતા સંકલ્પને મૂળભૂત હક્કોમાં સાકાર કરવામાં આવ્યો છે.

**(9) ન્યાયતંત્રને અપાયેલ સત્તા :**

- આપણા બંધાકરણમાં સ્વતંત્ર ન્યાય તંત્રની જોગવાઈ કરવામાં આવી છે. વળી દરેક સત્તા પોતાની બંધારણીય ક્ષેત્રમાં જ રહીને કામ કરે એ જોવાની ફરજ પણ અદાલતને સોંપવામાં આવી છે. આમ છતાં સંસદની સર્વોપરીતાને પણ અવગણવામાં આવી નથી.
- ન્યાયતંત્રને ન્યાયના હિતમાં સર્વોત્તમ સત્તા અપાયેલ છે. બંધારણની કોઈ જોગવાઈનો ભંગ થાય તે જોવાની ફરજ ન્યાયતંત્રની છે.

**(10) સંસદીય પધ્ધતિની સરકાર :**

- ભારતીય બંધારણમાં રાજ્યો અને કેન્દ્ર એ સ્તરે સંસદીય પધ્ધતિની લોકશાહી અપનાવવામાં આવી છે.
- આપણા બંધારણના ઘડવૈયાઓ સમક્ષ લોકશાહી સરકારની પધ્ધતિના બંને નમૂનાઓ હાજર હતા. એક તબક્કે તો એવી વિચારણા થઈ હતી કે કેન્દ્ર ખાતે સંસદીય પધ્ધતિની સરકારનો આદર્શ સ્વીકારવો પરંતુ વધુ વિચારણા પછી બંધારણના ઘડવૈયાઓને લાગ્યુ છે કે બ્રિટિશ અમલથી ટેવાયેલી પ્રજાને સંસદીય પધ્ધતિ વધુ અનુકૂળ રહેશે.
- આથી કેન્દ્ર અને રાજ્યો એ બંને સ્તરે સંસદીય પધ્ધતિની લોકશાહી અપનાવવામાં આવી છે.

**(11) એક સૂત્રી ન્યાયતંત્ર :**

- અમેરિકામાં છે તેમ સંઘ અને રાજ્યો માટે જુદી ન્યાયતંત્ર વ્યવસ્થાને બદલે આપણા બંધારણો સમગ્ર ભારત માટે એકસૂત્રી ન્યાયતંત્રની જોગવાઈ કરી છે.
- બંધારણતી ન્યાયતંત્રને બંધારણના રખેવાળ અને વાલી તરીકેની જવાબદારી અદા કરવાની ભૂમિકા સોંપવામાં આવી છે.
- ન્યાયતંત્ર કેન્દ્ર સરકાર કે રાજયનું કોઈપણ કૃત્ય ગેરકાયદેસર ઠરાવવાની સત્તા ધરાવે છે. તે જ રીતે કોઈ કાયદાથી બંધારણીય સીમાઓનું ઉલ્લંઘન થતું હોય, તો તેવા કાયદા વ્યર્થ અને ગેર બંધારણીય ઠરાવવાની પણ ન્યાયતંત્રને સત્તા છે.

**(12) રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો :**

- રાજ્યે ભજવવાના કલ્યાણકારી પાઠનો સિધ્ધાંત આપણી ભારતીય લોકશાહીએ પણ સ્વીકાર્યો જ છે અને ભારતના કલ્યાણમાં રાજયમાં એક્યે આંખમાં એકપણ આંસુનું ટીપું ન રહે એ તો આપણા રાષ્ટ્રપતિ પૂ. ગાંધીજીનું સ્વપ્ન હતું.
- બંધારણના ભાગ 4માં રાજયનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોની જોગવાઈ કરીને પૂ. ગાંધીજીનું આ સ્વપ્ન સાકાર કરવાનો પ્રયાસ થયા છે.

**(13) લિખિત દસ્તાવેજ :**

- બ્રિટન અને ઈઝરાયલના અપવાદ સિવાય ભારત સહિત દુનિયાના બધા જ લોકશાહી દેશોનાં બંધારણ લિખિત સ્વરૂપે છે. ભારતની સામાજિક, ભૌગોલિક બહુવિધ પરિસ્થિતિ અને પૂર્વ ઈતિહાસને ધ્યાનમાં લઈને બંધારણ સભાએ બંધારણ લિખિત સ્વરૂપે રાખવાનું મુનાસિબ માન્યું હતું.

**(14) મજબૂત કેન્દ્રવાળું સમવાયતંત્ર :**

- ભારતના બંધારણમાં ક્યાંય સમવાય (ફેડરલ) શબ્દનો ઉપયોગ થયો નથી. બંધારણ ભારતને 'રાજ્યનો સંઘ' (યુનિયન ઓફ સ્ટેટ્સ) તરીકે જ વર્ણવે છે.
- આમ, ભારત સંઘીય રાજ્ય છે. સંઘ શબ્દ દ્વારા ભારતમાં સંઘ (કેન્દ્ર) અને એકમ રાજ્યો વચ્ચે ક્યારેય પણ બદલી શકાય નહીં તેવા કાયમી સંબંધોની લેખિક સ્વરૂપે બંધારણમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. એકમ રાજ્યોને કેન્દ્રથી છૂટા પાડવાનો અધિકાર નથી. સંઘ સરકારને કેટલીક વિશેષ અને ચડિયાતી સત્તાઓ આપવામાં આવી છે. કેન્દ્ર સરકાર અને પ્રાદેશિક રાજ્ય સરકારો વચ્ચે સત્તાની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવી છે, જેથી રાજ્ય સરકાર પોતાના જ પ્રદેશ ઉપર પોતાનાં કાર્યક્ષેત્રોના અનુસંધાને પોતાના કાયદાઓ ઘડી શકે છે. કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સત્તાના વિભાજન થકી બંધારણમાં બક્ષવામાં આવેલ સત્તા ભોગવે છે.
- સમવાયીતંત્રમાં તટસ્થ, નિષ્પક્ષ અને સ્વતંત્ર ન્યાયતંત્ર છે જે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાના અને કાર્યોના વિભાજનના સંદર્ભે કોઈ મહાગાંઠ ઊભી થાય તો તે બંધારણનું અર્થઘટન કરી તેનું નિરાકરણ લાવવાની કામગીરી કરે છે.

  ભારતમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાનું સ્પષ્ટ અને વિશદ વિભાજન કરવામાં આવ્યું છે. જે માટે ત્રણ યાદીઓ બંધારણમાં મૂકવામાં આવી છે :

1. **કેન્દ્ર (સંઘ) યાદી :** સંઘ યાદીમાં કુલ 97 જેટલા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં કાયદો ઘડવાની સંપૂર્ણ સત્તા સંસદ ધરાવે છે. સંરક્ષણ, વિદેશી બાબતો, અણુશક્તિ, નાણું, વમો, બેન્કીંગ, તાર-ટપાલ, રેલ્વે જેવાં રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતાં ક્ષેત્રોમાં કેન્દ્ર સર્વોપરી સત્તા ધરાવે છે.

2 **રાજ્યોની યાદી :** જેમાં 66 વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમના પર કાયદો ઘડવાની સંપૂર્ણ સત્તા રાજ્યોની ધારાસભાઓ (વિધાનસભા ગૃહો) ધરાવે છે. કાયદો અને વ્યવસ્થા, શિક્ષણ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, કૃષિ, સિંચાઈ, આરોગ્ય, ભૂમિ, રાજ્યોનો આંતરિક વેપાર-વાણિજ્ય વિષયક સેવાઓનો સમાવેશ થાય છે. જો કેન્દ્રને લાગે કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા પડી ભાંગ્યા છે, તો રાજ્યની સંમતિ સાથે કે રાજ્યની મરજી વિરુદ્ધ જઈને કેન્દ્ર તે રાજ્યમાં કેન્દ્રિય અનામત પોલીસદળોને મોકલી શકે છે.

3. **સંયુક્ત યાદી :** સંયુક્ત યાદીમાં 47 જેટલા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમના પર કાયદો ઘડવાની સત્તા કેન્દ્ર અને રાજ્યો બંને ધરાવે છે, પરંતુ જ્યારે રાજ્યોના કાયદામાં વિવાદ કે સંઘર્ષ ઊભો થાય ત્યારે ત્યાં કેન્દ્રનો કાયદો ચડિયાતો અને સર્વોપરી ગણાય છે. આમ, સમવાયતંત્રમાં કેન્દ્રને સંયુક્ત યાદીમાં પણ વિશેષ સત્તાઓ આપી છે. આ યાદમાં દીવાની અને ફોજદારી બાબતો, લગ્ન, છૂટાછેડા અને ભરણપોષણ, શિક્ષણ, આર્થિક આયોજન, વ્યાપારી સંઘો વગેરેનો સમાવેશ થાય છે.

**શેષ સત્તાઓ**

જે વિષયોમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાની સ્પષ્ટ વહેંચણી થઈ શકી ન હોય તે વિષયોનો સમાવેશ શેષ સત્તાઓમાં કરવામાં આવ્યો છે. આ વધારાના વિષયો કે શેષ સત્તાઓમાં કાયદો ઘડવાની કે તેમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા કેન્દ્ર સરકારમાં (સંસદ) છે.

ભારતમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે નાણાંકીય સાધનોની પણ વહેંચણી કરવામાં આવી છે. આબકારી જકાત, આયાત-નિકાસ જકાત, આવકવેરો વગેરે વધુ આવકો આપતા કરવેરા કેન્દ્રને ફાળવવામાં આવ્યા છે જ્યારે વેચાણવેરો, મનોરંજન વેરો, મહેસૂલ શિક્ષણવેરો જેવી ઓછી આવકો ધરાવતા સાધનો રાજ્યોને ફાળવવામાં આવ્યા છે. તેથી રાજ્યોએ કેન્દ્ર પાસેથી ગ્રાન્ટ સ્વરૂપે આર્થિક સહાયનો આધાર રાખવો પડે છે.

**(15) પછાત વર્ગો અને આદિજાતિઓ માટેની જોગવાઈઓ :**

સમાજના પછાત વર્ગો કે પછાત જાતિઓ કે વંચિત સમુદાયોના ઉત્કર્ષ અને તેઓને સામાન્ય પ્રવાહમાં મેળવવા માટે સક્ષમ બનાવવા માટે ભારતના બંધારણમાં વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે.

**(16) રાજનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો :**

લોકોનાં રક્ષણ, સલામતીની સાથે કલ્યાણ સાધવાનો પ્રયાસ રાજ્યે કરવાનો છે.

**(6) ભારતના બંધારણનું આમુખ (Preamble of india's Constitution) :**

- આમુખમાં બંધારણનાં મૂળ તત્ત્વો અને ફિલસૂફી તથા તેનાં મુખ્ય લક્ષણોનો સાર અભિવ્યક્ત થયો છે.
- તેમાં ભારતનાં લોકોની આકાંક્ષાઓ અને અરમાનો વ્યક્ત થયાં છે. તે ભવિષ્ય માટેનો નકશો અને હોકાયંત્ર સમાન છે. તે સમગ્ર બંધારણને ખોલવાની ચાવી સમાન છે.
- આમતો ભારતીય બંધારણનુ આમુખ એ બંધારણનો અંતર્ગત ભાગ નથી. તે બંધારણનો કાયદો કે કોઈ કલમ પણ નથી, પરંતુ આમુખ એ ભારતીય પ્રજાની આકાંક્ષાઓ, અપેક્ષાઓનું પ્રતિબિંત છે. તે લોકશાહીની અભિવ્યક્તિ છે.
- સમગ્ર ભારતીય પ્રજાજનોના આત્માનો અવાજ છે. તે ભારતીય બંધારણનો અસરીસો છે. કે જેમાં બંધારણની રૂપરેખાનું સ્પષ્ટ દર્શન શક્ય બને.
- આમતો આમુખ સમગ્ર બંધારણનું હાર્દ છે. તેનો આત્મા છે, તે બંધારણનું શ્વસનતંત્ર છે.
- તેમાં નીચેના મુદ્દાનો ઉલ્લેખ છે

  ભારતના રાજ્યનું સ્વરૂપ : સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકતાંત્રિક અને પ્રજાસત્તાક
- **બધા નાગરિકોને નીચેનાની ખાતરી :**

  1. ન્યાય : સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય

  2. સ્વાતંત્ર્ય : વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રધ્ધા અને ઉપાસનાનું સ્વાતંત્ર્ય

  3. સમાનતા : દરજ્જા અને તકની સમાનતા
- બધા ભારતવાસીઓમાં

  1. વ્યક્તિના ગૌરવની અને

  2. રાષ્ટ્રની એકતા અને અખંડિતતાની ખાતરી આપીને તેમનામાં ભ્રાતૃભાવ દઢ બનાવવો.
- અમે ભારતના પ્રજાજનો આથી ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરીએ છીએ કે ભારતએ સાર્વભૌમ, સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકશાહી રાષ્ટ્ર બને.
- આવા દઢ સંકલ્પ કરીને અમારી બંધારણ સભામાં આજે 26 નવેમ્બર 1949ના દિવસે અમે આ બંધારણ અપનાવીએ છીએ, તેનો અમલ કરીએ છીએ અને અમારી જાતને સમર્પિત કરીએ છીએ.

**આમુખ - Preamle**

- ભારતીય બંધારણ તા. 26 નવેમ્બર 1949ના રોજ સ્વીકૃત થયુ અને 26 જાન્યુ 1950ના રોજથી તેનો અમલ શરૂ થયો.
- ભારતીય બંધારણની શરૂઆતમાં આમુખ આવે છે. આમ જોઈએ તો આમુખ તે આપણા બંધારણનો ભાગ નથી. આમ છતાં બંધારણમાં તેનું વિશિષ્ટ સ્થાન છે.

- આપણે આમુખનું સ્થાન સમજીએ તે પહેલાં આમુખના શબ્દો જોઈએ. આપણા બંધારણનું આમુખ નીચે પ્રમાણે છે.

  ''અમે, ભારતના લોકો, બારતને સાર્વભૌમ, સમાજવાદી, બિન સાંપ્રદાયિક, લોકશાહી, પ્રજાસત્તાક સંસ્થાપિત કરવાનું અને તેના તમામ નાગિરકો માટે : સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, દરજ્જા અને તકની સમાનતા, નિશ્ચિત કરવાનો અને તેમનામાં વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતાની ખાતરી આપતી બંધુતા વિકસાવવાનો ગંભીરતાપૂર્વક નિર્ણય કરીને આજે તા. 26 નવે. 1949ના અમારી બંધારણ સભામાં આ બંધારણ અપનાવીને તેને કાયદાનું રૂપ આપીને અમે અમારી જાતને સમર્પિત કરીએ છીએ.

- 42માં બંધારણીય સુધારા (1976) થી બંધારણના આમુખમાં સુધારો કરવામાં આવ્યો છે.
- આમુખમાં મૂળ શબ્દ ''સાર્વભૌમ' પછી 'સમાજવાદી' અને 'બિનસાંપ્રદાયિક' આ બંને શબ્દોને નવા ઉમેરવામાં આવ્યા છે. અને આ રીતે આમુખમાં ભારતને સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી, પ્રજાસત્તાક રાજ્ય તરીકે વર્ણવામાં આવેલ છે.
- આમુખ આપણા બંધારણ ઘડવૈયાઓનું માનસ સમજવાની ચાવી છે. અર્થઘટનના હેતુઓ માટે, કાયદાનું અર્થઘટન કરવા માટેના નિયમો જ બંધારણના આમુખના અર્થઘટન કરવા માટેના નિયમો જ બંધારણના આમુખના અર્થઘટનને પણ લાગુ પડે છે.
- એક ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે આમુખને બંધારણના મૂળભૂત તત્ત્વ તરીકે ઠરાવેલ છે.
- આપણા બંધારણનું આમુખ અમેરિકાના બંધારણના આમુખ કરતાં American Declaration of Independence(1976) ને વિશેષ મળતું આવે છે.
- આપણા બંધારણના ત્રીજા અને ચોથા ભાગની જોગવાઈ આમુખમાં વ્યક્ત કરાયેલ ધ્યેયો અને આદર્શોનું પ્રતિબિંબ છે.
- આપણા બંધારણથી 'ભારતમાં કલ્યાણ રાજ્ય' સ્થાપવાનો હેતુ સ્પષ્ટ કરાવેલ છે. મૂળભૂત અધિકારો, માર્ગદર્શક સિધ્ધાંતો તેમજ અન્ય બંધારણીય જોગવાઈઓ સ્પષ્ટ કરે છે કે બંધારણ ઘડવેયાઓનો આદર્શ ભારતના 'કલ્યાણ રાજ્ય' સ્થાપવાનો હતો.

**ભારતનું સંવિધાન**

આમુખ

અમે ભારતના લોકો, ભારતને

સાર્વભોમ, સમાજવાદી

બિનસાંપ્રદાયકિ, લોકશાહી,

પ્રજાસત્તાક તરીકે સંસ્થાપતિ કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય **ન્યાય**

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની **સ્વતંત્રતા**

દરજ્જા અને તકની **સમાનતા,**

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વેમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી **બંધુતા**

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં

26 નવેમ્બર, 1949 (માગસર સુદ 7,

વિક્રમ સંવત બે હજાર છ)ના રોજ

આથી આ સંવિધાન અપનાવી,

તેને અધિનિયમિત કરી

અમને, પોતાની જાતને

અર્પિત કરીએ છીએ.

**(7) ભારતના બંધારણના આમુખનું મહત્ત્વ (Importance of Indian Constitution preample) :**

- આમ તો આમુખ બંધારણનો ભાગ નથી, તે કાયદો પણ નથી. આમ છતાં આમુખ અત્યંત આવશ્યક છે. કારણકે....

(1) બંધારણ સર્વ સામાન્ય લોકોની ઈચ્છાઓ અને ભાવિ અપેક્ષાઓનું પ્રતિબિંબ પાડે છે.

(2) બંધારણમાં રહેલી ખામી આમુખથી દૂર થાય છે.

(3) બંધારણના આમુખમાં વાણી, વિચાર, લેખન, અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય બક્ષવામાં આવ્યું છે.

(4) કોઈપણ ભોગે રાષ્ટ્રની એકતા અને અખંડિતતાની જાળવણી પર ભાર મૂકવામાં આવ્યો છે.

(5) ભારતમાં નિવાસ કરતી દરેક વ્યક્તિના હોદ્દો અને ગૌરવનું સન્માન જાળવવાની બાંયેધરી આપવામાં આવી છે.

(6) આમુખમાં લઘુમતીઓ, પછાત જાતિઓ અને પછાત પ્રદેશોના ઝડપથી વિકાસ માટે વ્યવસ્થા કરવા તથા તેમને પૂરતું રક્ષણ આપવાની બાંયધરી આપવામાં આવી છે.

(7) બંધારણના આમુખમાં સમાન રીતે લોકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય આપવાની વાત કરવામાં આવે છે.

(8) બંધારણ ભારતના લોકોએ જ ઘડેલું છે અને લોકોએ જ તેનો અમલ કરવાનો છે. સરકારતો તેમાં માત્ર નિમિત્ત છે.

- આમ, બંધારણના આમુખમાં પ્રજાસતાક ભારતની બહુદ્રમ, બહુમતીય પ્રજામાં બિન સાંપ્રદાયિક્તાની ભાવના કેળવી રાષ્ટ્રની લોક કલ્યાણની ભાવના ઉજાગર કરવામાં આવી છે.
- રાષ્ટ્રીય એક્તા અને અખંડિતતા માટે સમાનતા, સ્વાતંત્ર્ય, ન્યાય, ભાઈચારો અને સમાજવાદી સમાજરચના અત્યંત આવશ્યક છે.
- આથી આમુખમાં દર્શાવ્યા પ્રમાણે પ્રજાસત્તાક લોકતાંત્રિક ભારતમાં પ્રજા સર્વોપરી છે. તેના હાથમાં અંતિમ સત્તા છે તેમ We the people દ્વારા દર્શાવવામાં આવ્યું છે.
- કોઈપણ કાયદાને પૂરી રીતે સમજવા માટે તેના આમુખ પર ધ્યાન આપવું જરૂરી છે. જે સંજોગોના કારણે કાયદાની રચના કરવાની જરૂર ઉપસ્થિત થઈ હોય, તેનો ઉલ્લેખ આમુખમાંથી મળે છે.
- કાયદાનો હેતુ, તેના આદર્શ, કાયદાની રચના કરવા પાછળ સંસદની નીતિ અને કયા પ્રકારની મુશ્કેલીઓના નિવારણ માટે કાયદાને જન્મ આપવામાં આવે છ તેનો નિર્દેશ આપણને આમુખમાંતી સ્પષ્ટ થાય છે.
- જ્યારે કોઈ કાયદાની કલમો અસ્પષ્ટ જણાય, કાયદા પાછળનો હેતુ સ્પષ્ટ થતો ન હોય ત્યારે કાયદાનું આમુખ તે કાયદો સમજવા મદદરૂપ બને છે.

- આમુખને બંધારણનો આત્મ કહ્યો છે કે રીતે તેનું મહત્ત્વ સવિશેષ છે. કોઈ પણ કાયદાના ઘડતરમાં તથા તેને પૂરી રીતે સમજવામાં કે અર્થઘટનમાં માર્ગદર્શન મળે છે. કાયદાના હેતુ તથા તેનો આદર્શ કાયદો ઘડવા પાછળ સંસદની નીતિ શું છે કે જાણવામાં આમુખ મદદરૂપ થાય છે. કયા પ્રકારની મુશ્કેલીઓના નિવારણ અર્થે કાયદાને ઘડવામાં આવે છે તેનો નિર્દેશ આપણને આમુખમાંથી સ્પષ્ટ થાય છે. આમ, આમુખ બંધારણનો અર્ક છે.
- કાયદાની કોઈ કલમમાં કે વિગતોમાં કોઈ અસ્પષ્ટા કે વિસંવાદિતા ઊભી થાય, કાયદાનો હેતુ સ્પષ્ટ થતો ન હોય ત્યારે આમુખ કાયદાની કલમને સમજવામાં, તેનું અર્થઘટન કરવામાં મદદરૂપ બને છે. આમ, આમુખ બંધારણની જોગવાઈઓને સમજવામાં હોકાયંત્રની ગરજ સારે છે.
- આમુખ રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને નાગરિકો વચ્ચેની બંધુત્વની ઉમદા ભાવનાઓનો અને આદર્શોનો પડઘો છે. આમુખને ઉચ્ચ આદર્શો તથા ધ્યેયોનું પીઠબળ છે.

**આમુખના આધારસ્તંભો**

- ભારતીય બંધારણના આમુખમાં વ્યક્ત થયેલા આધારરૂપ શબ્દો જેવા કે, અમે ભારતના લોકો, સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી, પ્રજાસત્તાક, બંધુતા, ન્યાય, સમાનતા, સ્વાતંત્ર્ય એકતા અને અખંડિતતા વગેરે છે. જે પૈકી મુખ્યત્વે નીચે દર્શાવેલાં ત્રણ આધારસ્તંભો વિશે આપણે વિગતે અભ્યાસ કરીશું.

**(1)** **લોકશાહી :** ભારતના બંધારણમાં ભારતના લોકોને આખરી સાર્વભૌમ સત્તા આપવામાં આવી છે. કોઈ એક વ્યક્તિ કે વર્ગનું શાસન અહીં નથી, પંરતુ સત્તાની અંતિમ બાગડોર લોકો હસ્તક છે.

- લોકશાહી (Democracy) શબ્દ મૂળ ગ્રીક શબ્દ 'Demos' (લોકો) અને 'kratos' (સત્તા) માંથી ઊતરી આવ્યો છે. 'રાજ્ય સત્તા અમુક વ્યક્તિઓના હાથમાં નિરકુંશ રીતે સ્થાપિત થયેલી નથી, પરંતુ લોકોના હાથમાં છે. લોકશાહી એવી રાજ્યવ્યવસ્થા છે કે જેમાં દેશમાં લોકો સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય મેળવી શકતાં હોય અને રાજ્યવ્યવસ્થામાં ભાગ લેવાનો અધિકાર ધરાવતા હોય.
- ભારતના બંધારણમાં સાર્વત્રિક પુખ્યવય મતાધિકારના ધોરણે મતદારોએ ચૂંટેલ પોતાના પ્રતિનિધિઓ દ્વારા રચાતી સંસદ (લોકસભા)ને કારોબારી (પ્રધાનમંડળ અને વહીવટીતંત્ર)ને જવાબદાર હોય છે. કારોબારીને અબાધિત સત્તા નથી. તેને નિયત સમયમર્યાદા સુધી જ સત્તાનું સુકાન સોંપાય છે. તે જ પ્રમાણે રાજ્ય અને સ્થાનિક કક્ષાએ મતદારો સરકારને ચૂંટી કાઢે છે. આમ લોકશાહી રાજ્ય એટલે લોકોનું, લોકો વડે અને લોકમાટે ચાલતું રાજ્ય.' સાચી સત્તા લોકોના પ્રતિનિધિઓમાંથી બનેલા પ્રધાનમંડળમાં જ સ્થાપિત થયેલી હોય છે, પ્રધાનમંડળની રચના સંસદમાંથી જ કરવામાં આવે છે. પ્રધાનમંડળ સંસદને જવાબદાર હોય છે. ભારત પ્રજાસત્કા રાજ્ય એટલા માટે છે કે ભારતનો કોઈ પણ નાગરિક બંધારણમાં નિર્ધારિત કરેલી લાયકાતો ધરાવતો હોય અને તે વ્યક્તિ સાર્વત્રિત પુખ્યવય મતાધિકારથી ચૂંટાઈ આવે છે. તે કોઈ પણ વંશપરંપરાગત વારસાને આધીન આ પદ પ્રાપ્ત કરી શકતો નથી. પાંચ વર્ષ સુધી જ તે સામાન્યત : સત્તા ઉપર રહી શકે છે. સંસદીય સરકાર સંયુક્ત જવાબદારીના સિદ્ધાંત પર કામ કરે છે તેથી તેને 'જવાબદાર સરકાર' પણ કહેવાય છે. ભારતની લોકશાહી સરકાર સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાની ભાવનાને સ્વીકારે છે અને તે હેતુઓને પૂર્ણ કરવા માટે પ્રયત્નશીલ રહેશે એવી સ્પષ્ટતા આમુખમાં કરવામાં આવી છે. બંધારણના ઘડવૈયાઓએ ભારતના લોકોને સાર્વત્રિક પુખ્યવય મતાધિકારનો હક આપીને હિંમતપૂર્વકની શ્રદ્ધા મૂકી છે.
- લોકશાહીમાં ભારતીય બંધારણમાં મૂળભૂત હકો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, સંસદ,

ધારાસભા, સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર અને ચૂંટણીપંચની રચના અને કાર્યો વગેરે જોગવાઈઓ ભારતને લોકશાહી રાજ્ય તરીકે ઘોષિત કરે છે.

- સાર્વત્રિક પુખ્યવય મતાધિકાર એટલે કોઈપણ જાતિ, જ્ઞાતિ, ધર્મ, ભાષા લિંગ, શિક્ષણ, આવક કે જન્મસ્થાનના ભેદભાવ કર્યા વિના, 18 વર્ષ કે તેથી વધારે ઉંમરના ભારતના કોઈ પણ નાગરિકને મત આપવાનો અધિકાર છે. જોકે મતદાર યાદીમાં નાગરિકના નામની નોંધણી આવશ્યક છે.

**(2) સમાજવાદી :** ભારતમાં 1976માં કટોકટી શાસન દરમિયાન બંધારણના 42મા સુધારા દ્વારા આમુખમાં 'સમાજવાદી' શબ્દ ઉમેરવામાં આવ્યો છે. ભારતીય બંધારણની મોટા ભાગની જોગવાઈઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે 'સામાજિક ક્રાંતિ' દ્વારા સામાજિક અને આર્થિક સમાનતા સાધીને 'કલ્યાણ રાજ' સ્થાપવાનો મૂળ ઉદ્દેશ છે.

- આમુખમાં તમામ નાગરિકોને સામાજિક, રાજકીય તેમજ આર્થિક ન્યાય એ સમાનતા પ્રાપ્ત થાય તેવી સમાજવાદી વિચારસરણી ધરાવતી સમાજ-રચનાની સ્થાપનાનું ધ્યેય રાજ્યનીતિની માર્ગદર્શક સિદ્ધાંતોમાં રાખવામાં આવ્યું છે.

- સમાજવાદી સમાજરચનામાં રાષ્ટ્રીય સંસાધનોની ન્યાયયુક્ત વહેંચણી, ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થા રાજ્ય હસ્તક હોય, રાજ્યમાં વિવિધ વિસ્તારો અને વ્યવસાયોમાં કાર્ય કરતાં લોકો વચ્ચે આવકની અસમાનતા ઓછી કરવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય, કોઈ વ્યક્તિ કે સમૂહોના હાથમાં સંપતિ કેન્દ્રિત થયેલી ન હોય, સૌને સ્વસ્થ અને ગૌરવપૂર્વક વિકાસની તકો અને સગવડો પ્રાપ્ત થાય જે દ્વારા સામાજિક કલ્યાણ સાધવાનો અને ગરીબ-તવંગરના ભેદોને નાબૂદ કરીને લોકોનું જીવનધોરણ ઊંચું લાવીને તેઓમાં સામાજિક અને આર્થિક કલ્યાણ સાધવાો પ્રયત્ન કરવા બંધારણમાં રાજ્યોને માર્ગદર્શન આપેલ છે. તેથી ભારતીય બંધારણ એક સામાજિક દસ્તાવેજ છે.

**(3) બિનસાંપ્રદાયિકતા :** 1976ના 42મા બંધારણીય સુધારાથી આમુખમાં 'બિનસાંપ્રદાયિક' શબ્દ ઉમેરવામાં આવ્યો છે. ભારત એક ધર્મનિરપેક્ષ કે બિનસાંપ્રદાયિક (સેક્યુલર) રાજ્ય છે. બંધારણીય જોગવાઈ મુજબ ભારત ધાર્મિક રાજ્ય બની શકે નહીં. ભારતના રાજ્યને પોતાનો કોઈ ધર્મ નથી. તેથી ધર્મની બાબતમાં રાજ્ય કોઈ દખલગીરી કરશે નહિ. તેથી રાજ્ય કોઈ પણ ધાર્મિક પ્રવૃત્તિને ટેકો આપી શકે નહિ. રાજ્ય કોઈ પણ બિનસાંપ્રદાયિક (ધર્મનિરપેક્ષ) પ્રવૃત્તિઓ સાથે ધર્મને જોડી શકશે નહિ. દેશના કોઈ પણ નાગરિકને પોતાની ઈચ્છા અનુસાર ગમે તે ધર્મ પાળવાની સ્વતંત્રતા છે. રાજ્ય ધર્મ કે સંપ્રદાયના નામે કોઈ પણ નાગરિક પ્રત્યે પક્ષપાત કે ભેદભાવ રાખી શકશે નહિ. તેને જાહેર નોકરી તેમજ રાજકીય અધિકારો ભોગવવાની સમાન તક પૂરી પાડવામાં આવે છે. આમ, બિનસાંપ્રદાયિકતા એ બંધારણનું મૂળતત્ત્વ અને લોકશાહીનું અનિવાર્ય લક્ષણ ગણાય છે.

- 'સર્વ ધર્મ સમદષ્ટિ' તથા 'સર્વ ધર્મ સમભાવ'ના સિદ્ધાંતને વરેલ ભારતીય બંધારણમાં કોઈ ધર્મને રાજ્યમાં ઉત્તેજન આપવામાં નહિ આવે. વ્યક્તિને પોતાની ધાર્મિક માન્યતા, આસ્થા, શ્રદ્ધા રાખવા સાથે તેના પ્રચાર- પસાર કરવાના નાગરિકના અધિકારને રાજ્યનો કોઈ પ્રતિબંધ કે અવરોધ નથી.

- આમુખ શું છે ?

- આમુખ બંધારણનું પ્રારંભિક હાર્દરૂપ અને વિશિષ્ટ સ્થાન ધરાવતું તત્ત્વ છે. બંધારણની શરૂઆત આમુખથી થાય છે. આમુખમાં દર્શાવેલા શબ્દો પરથી આમુખ બંધારણનો આત્મ હોવાની પ્રતીતિ થાય છે.

- 1976ના 42મા બંધારણીય સુધારાની આમુખથી સાર્વભૌમ શબ્દ પછી ''સમાજવાદી'' બિનસાંપ્રદાયિક શબ્દો ઉમેરવામાં આવ્યા તેમજ ''રાષ્ટ્રીય એકતા'' અને 'રાષ્ટ્રની અખંડિતતા' નો પણ સમાવેશ કરવામાં આવ્યો.

- આમુખ બંધારણના મૂળભૂત હેતુઓ, ધ્યેયો, આદર્શો તેમજ સિધ્ધાંતોને વાચા આપે છે. આમુખ બંધારણના ઉદ્દેશો થકી ભારતમાં 'કલ્યાણરાજ' સ્થાપવાની ઉચ્ચ ભાવનાઓ અને આદર્શોને સિધ્ધ કરવા ઈચ્છે છે એવું સ્પષ્ટ કરે છે આમ, આમુખ દ્વારા બંધારણના ઘડવૈયાઓના માનસનો પરિચય થાય છે.

**(8) બંધારણીય મૂલ્યો :**

બંધારણ ભારતના લોકોએ જ ઘડેલું છે અને લોકોએ જ તેનો અમલ કરવાનો છે. સરકારતો તેનું માત્ર નિમિત્ત છે.

- આમ, બંધારણના આમુખમાં પ્રજાસત્તાક ભારતની બહુધર્મી, બહુજાતીય પ્રજામાં બિન સાંપ્રદાયિકત્તાની ભાવના મેળવી રાષ્ટ્રની લોકકલ્યાણની ભાવના ઉજાગર કરવામાં આવી છે.
- રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે સમાનતા, સ્વાતંત્ર્ય, ન્યાય, ભાઈચારો અને સમાજવાદી સમાજરચના અત્યંત આવશ્યક છે.
- આથી આમુખમાં દર્શાવ્યા પ્રમાણએ પ્રજાસત્તાક લોકતાંત્રિક ભારતમાં પ્રજા સર્વોપરી છે, તેના હાથમાં અંતિમ સત્તા છે તેમ We the people દ્વારા દર્શાવવામાં આવ્યું છે.
- કોઈપણ કાયદાને પૂરી રીતે સમજવા માટે તેના આમુખ પર ધ્યાન આપવું જરૂરી છે, જે સંજોગોના કારણે કાયદાની રચના કરવાની જરૂર ઉપસ્થિત થઈ હોય તેવો ઉલ્લેખ આમુખમાંથી મળે છે.
- કાયદાનો હેતુ, તેનો આદર્શ, કાયદાની રચના કરવા પાછળ સંસદની નીતિ અને કયા પ્રકારની મુશ્કેલીઓનો નિવારણ માટે કાયદાને જન્મ આપવામાં આવે છે તેનો નિર્દેશ આપણને આમુખમાંથી સ્પષ્ટ થાય છે.
- જ્યારે કોઈ કાયદાની કલમો અસ્પષ્ટ જણાય, કાયદા પાછળ હેતુ સ્પષ્ટ થતો ન હોય ત્યારે કાયદાનું આમુખ તે કાયદો સમજવા મદદરૂપ બને છે.

**(2) ભારતીય નાગરિકોના અધિકારો અને ફરજો :**

- બંધારણમાં મૂળભૂત અધિકારોનું વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. તેમના રહેવા માટેની યોજનાઓ પણ તેમાં સમાવિષ્ટ છે. વ્યક્તિનું ગૌરવ જળવાય તેવા અધિકારો તેને આપવામાં આવ્યા છે. સંપતિનો અધિકાર બંધારણના 44મા સુધારા દ્વારા 1978માં રદ કરવામાં આવ્યો છે. આ મૂળભૂત અધિકારોની સમજ આપવામાં આવી છે.

**(1) ભારતીય નાગરિકોના મૂળભૂત હક્કો : અધિકાર**

ભારતીય નાગરિકોના મૂળભૂત અધિકારો નીચે મુજબ છે.

**(1) સમાનતાનો અધિકાર :**

- રાજ્ય ભારતના પ્રાદેશિક વિસ્તારમાં કોઈપણ વ્યક્તિને કાયદા સમક્ષ સમાનતા કે કાયદાના સમાન રક્ષણનો ઈન્કાર કરશે નહીં. આ અધિકાર નાગરિકો સહિત સૌ 'વ્યક્તિઓ'ને અપાયો છે.
- ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મ સ્થળમાં કારણોસર ભેદભાવ ઉપર પ્રતિબંધ છે. દુકાનો, જાહેર રેસ્ટોરન્ટ, હોટલો અને જાહેર મનોરંજનનાં સ્થળોમાં પ્રવેશ. દરેકને સમાનતાનો અધિકાર આપેલ છે.
- જાહેર નોકરીઓમાં સમાનતા, અસ્પૃશ્યતાની નાબુદી
- ભારતમાં કોઈ નાગરિક કોઈ વિદેશી રાજ્યે આપેલો કોઈ ખિતાબ સ્વીકારી શકતો નથી. વ્યક્તિ ગમે તે હોદ્દો ધરાવતો હોય તો પણ સમાન અધિકાર છે.

**(2) સ્વાતંત્ર્યતાનો અધિકાર :**

- દરેક નાગરિક બોલવા લખવા, પ્રકાશન કરવાનું સ્વાતંત્ર્ય ધરાવે છે. તેમાં અખબારી સ્વાતંત્ર્ય આવી જાય છે. નાટકો, ફિલ્મો, ટી.વી. કાર્યક્રમો, સમાચાર, ચિત્રકળા, નૃત્યકળા, અભિનય વગેરે પણ અભિવ્યક્તિનાં સ્વરૂપો ગણાયાં છે.
- એકઠા થવાનું, મંડળો રચવાનું, હરવા ફરવાનું, નિવાસ સ્વાતંત્ર્ય, વ્યવસાય અને વેપાર કરવાનું સ્વાતંત્ર્ય વગેરે અધિકારો દરેક નાગરિકને આપેલ છે.

**(3) ગુના માટે દોષિત ઠરવા સંબંધી રક્ષણનો અધિકાર :**

- કોઈ વ્યક્તિ ઉપર જે કૃત્ય કરવા માટે ગુનાનું તહોમત મુકાયું હોય તે કૃત્ય કરતી વખતે જે કાયદો અમલમાં હોય તેવાજ કાયદાના ભંગ માટે તેને સજા કરી શકાય, અન્ય કોઈ કાયદાના ભંગ માટે નહીં, તેનો ગુનો થયો તે વખતે અમલમાં હોય તે કાયદા અનુસાર કરી શકાતી સજાથી વધુ સજા તેને કરી શકાય નહીં.
- અહીં કોઈ પ્રવૃત્તિને ભૂતકાલીન અસરથી ગુનાહિત બનાવતા અને શિક્ષાપાત્ર બનાવતા ધારા ઘડવાની સત્તા નકારાઈ છે.
- આવું રોકાણ માત્ર ફોજદારી કેસોમાં દોષિત ઠરાવવાના કેસોમાં લાગુ પડે છે. દીવાની કેસોની જવાબદારીમાં તે રક્ષણ મળી શકતું નથી.
- એકજ ગુના માટે કોઈપણ વ્યક્તિ ઉપર એકથી વધુ વાર કામ ચલાવી શકાય નહીં અને તેને સજા કરી શકાતી નથી.

**(4) જીવન અને વૈયક્તિક સ્વાતંત્ર્યનો અધિકાર :**

- કોઈપણ વ્યક્તિને કાયદા વડે પ્રસ્થાપિત કરાયેલી કાર્યવાહી અનુસર્યા સિવાય તેના જીવન કે વૈયક્તિક સ્વાતંત્ર્યથી વંચિત કરી શકાય નહી.
- આ અધિકાર એટલે માત્ર શારીરિક અસ્તિત્ત્વ એવો સંકુચિત અર્થ નથી. તેમાં માત્ર પ્રાણી જેવું જીવન નહીં પણ એક માણસના ગૌરવ સાથેનું જીવન એવો વ્યાપક અર્થ કરાયો છે.

  દા.ત. આજીવિકા રળવી, શુધ્ધ હવા, પાણી, ખોરાક મેળવવો, પર્યાવરણ રક્ષણ, આરામ, આરોગ્ય, પ્રાથમિક સારવાર, બાળમજૂરી સામે રક્ષણ, અધિકાર ભંગ માટે નુકસાન, વળતર મેળવવું.

**(5) ધરપકડ અને અટકાયત સામે રક્ષણનો અધિકાર :**

- ધરપકડ કરાયેલી કોઈપણ વ્યક્તિને તેની અટકાયતનાં કારણો જણાવ્યા સિવાય અટકાયતમાં રાખી શકાય નહીં. તેને તેની અટકાયતનાં કારણો જેટલા બની શકે તેટલા વહેલા જણાવવાનાં હોય છે.
- તેને પોતાની પસંદગીના વકીલની સલાહ મેળવવાનો અને તેના વડે પોતાનો બચાવ કરાવડાવવાનો અધિકાર છે. આવી વ્યક્તિને તેના ધરપકડના 24 કલામાં નજીકમાં નજીકના મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કરી તે અંગે યોગ્ય હુકમ મેળવી લેવાનો હોય છે.
- મેજિસ્ટ્રેટનો આવો હુકમ મેળવ્યા સિવાય કોઈપણ ધરપકડ કરાયેલી વ્યક્તિને 24 કલાકથી વધુ સમય માટે જાપ્તામાં રાખી શકાય નહીં. દા.ત. વિદેશી દુશ્મન વ્યક્તિઓને આવું રક્ષણ મળતું નથી.

**(6) શોષણ વિરુધ્ધ અધિકાર :**

- માણસોના ખરીદ વેચાણ, વેઠ, મજૂરી તથા અન્ય પ્રકારની બળજબરીપૂર્વક કરાવાતી મજૂરીની પ્રથાઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તે માટે અલગ ધારા ઘડી તેમના ભંગને સજાપાત્ર બનાવાયા છે.

- કોઈપણ વ્યક્તિને તેની ઈચ્છા વિરુધ્ધ શ્રમ કરવાની કે માનવદેહનો દૂરઉપયોગ કરવાની કોઈ વ્યક્તિ કે રાજ્યને છૂટ નથી.
- કારખાનાં, ખાણો કે અન્ય જોખમી કામગીરીમાં 14 વર્ષથી નીચેની ઉંમરના બાળકોને નોકરીએ રાખવા ઉપર પ્રતિબંધ મૂકાયો છે.

**(7) ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર :**

- આપણે ત્યાં રાજ્યનો કોઈ ધર્મ નથી. આપણે ત્યાં બધા જ ધર્મો માટે સમાન આદર અને રક્ષણ છે.
- ધર્મના કારણોસર કોઈની વિરુધ્ધ ભેદભાવ આચરી શકાતો નથી.
- માત્ર નાગરિકો જ નહીં પણ બધીજ વ્યક્તિઓને અંતઃકરણના સ્વાતંત્ર્યનો તથા મુક્તપણે ધર્મમાં માનવનો, પાળવાનો અને તેનો પ્રચાર કરવાનો અધિકાર અપાયો છે.
- અપવાદ :
- રાજ્ય કોઈ ધાર્મિક વ્યવહાર સાથે જોડાયેલી કોઈપણ આર્થિક નાણાંકીય રાજકીય કે અન્ય કોઈ ધર્મ નિરપેક્ષ પ્રવૃત્તિનું નિયમન કે નિયંત્રણ કરતો ધારો ઘડી શકે છે.
- ધર્મનો પ્રચાર કરવાના સ્વાતંત્ર્યના બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવવાના કોઈ અધિકારનો સમાવેશ થતો હોતો નથી. ધાર્મિક બાબતોનો વહીવટ કરવાનું સ્વાતંત્ર્ય છે.

**(8) શિક્ષણ અને સાંસ્કૃતિક અધિકારો :**

- ભારતમાં કોઈપણ સ્થળે વસવાટ કરતા અને પોતાની આગવી ભાષા, લિપિ કે સંસ્કાર ધરાવતાં નાગરિકોના દરેક જૂથને આ બધાનું જતન/જાળવણી કરવાનો અધિકાર અપાયો છે.
- કોઈપણ વ્યક્તિને ધર્મ, જાતિ, જ્ઞાતિ કે ભાષાના એક માત્ર કારણસર પ્રવેશનો ઈન્કાર કરી શકાય નહીં.
- લઘુમતિઓના આ અધિકારમાં શિક્ષણનું માધ્યમ, અભ્યાસક્રમો શીખવવાનો વિષયો વગેરે નક્કી કરવાના અધિકારનો પણ સમાવેશ થઈ જાય છે.

**(9) બંધારણીય ઈલાજોના અધિકાર :**

- જ્યારે મૂળભૂત અધિકારનો ભંગ થાય ત્યારે તે માટે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ સમક્ષ સીધા ઘા નાખવાનો એક સ્વતંત્ર મૂળભૂત અધિકાર અપાયો છે.
- માનવ અધિકારોના અમલ માટે સંઘર્ષ કરતાં બિનસરકારી સેવાસંગઠનો, સમાજ સેવા સંસ્થાઓ, મજૂર મંડળો, ગ્રાહક સુરક્ષા મંડળો, પર્યાવરણ સુરક્ષા મંડળો વગેરે જાહેર હિતમાં અરજી કરી અન્યાય નિવારણ માટે આ રીટ હુકમનો બહોળો ઉપયોગ કરે છે.
- દરેક વ્યક્તિને ઈલાજ કરવાનો અધિકાર છે તેને કોઈ રોકી શકે નહીં.

**(10) જીવન જીવવાનો અધિકાર :**

- સરકાર અને જાહેર વહીવટી તંત્રોએ જીવન જીવવાના અધિકારનું સંરક્ષણ કરવું જોઈએ. એનો એક અર્થ એવો હોઈ શકે કોઈને જીવ તાત્કાલિક જોખમમાં હોય તો પોલીસે તેને રક્ષણ આપવું જોઈએ. એવો પણ અર્થ થાય કે દર્દીને પોતાનો જીવ બચાવવા જરૂરી સારવાર મળી રહેવી જોઈએ.
- ત્રણ પરિસ્થિતિઓ એવી છે કે જ્યાં સરકાર કે જાહેર વહીવટી તંત્ર કોઈનો જીવ લઈ લે તો તે વ્યાજબી ગણાશે. એ છે....
- ગેરકાયદેસર હિંસાનો ભોગ બનતી કોઈ અન્ય વ્યક્તિને બચાવી રહ્યાં હોય.
- કોઈની ધરપકડ કરી રહ્યા હોય કે કોઈ અટકાયતી છટકવા જાય તો તેને રોકવાનો પ્રયત્ન કરી રહ્યા હોય અથવા રમખાણો રોકવાનો પ્રયાસ કરી રહ્યા હોય.

- આવી પરિસ્થિતિમાં કોઈનું મરણ થાય તો સરકાર અથવા જાહેર વહીવટીતંત્રને (સામાન્યપણે પોલીસ) બતાવવું પડશે કે એકદમ જરૂરી હોય તેનાથી વધારે બળનો પ્રયોગ નથી કરાયો. જો આમ ન બતાવી શકે તો તેણે કલમ 2નો ભંગ કર્યો ગણાશે.

**(11) જુલમનો પ્રતિબંધ :**

- આ કલમ કહે છેકે કોઈની ઉપર જુલમ ન થવો જોઈએ. તેમજ કોઈનું માનભંગ કરે કે અમાનુષી હોય તેવી સજા આપવાની કે તેવું વર્તન કરવાની મનાઈ ફરમાવે છે. માનવ અધિકારો માટેની યુરોપિયન કોર્ટ એમ કહે છે કે માનવભંગ કરે કે અમાનુષી હોય તેવી વર્તણૂક અથવા સજા જો અતિ ગંભીર હોય તો જ કલમ 2 નો ભંગ કર્યો ગણાય.

**(12) વિવાહ કરવાનો અને પરિવાર રચનાનો અધિકાર :**

- ઉંમરલાયક સ્ત્રીઓ અને પુરુષોને પરણવાનો અધિકાર આપે છે. પરંપરા એવી રહી છે કે આમાં સમાન લિંગના યુગલો અને લિંગ-પરિવર્તન લોકો (જેમણે લિંગ પરિવર્તન કરાવ્યું હોય તેવા લોકો) નો સમાવેશ થતો નથી.
- જે કે, સ્ટ્રા સ્વર્ગની જેમ ઈંગ્લેન્ડ અને વેલ્સનની એ બંને કોર્ટમાં તાજેતરમાં સ્થાપિત કર્યુ છે કે લિંગ પરિવર્તન લોકો તેમની નવી લિંગ-જાતિ (પરિવર્તનવાદની જાતિ) ને અનુરૂપ લગ્ન કરવાનો અધિકાર ધરાવે છે.

**(13) ભેદભાવ પર પ્રતિબંધ :**

- માત્ર ધર્મ, જ્ઞાતિ, જાતિ,લિંગ કે જન્મ સ્થાનનાં કારણોસર કે તે પૈકીના કોઈ કારણસર ભેદભાવ કોઈ નાગરિક સામે રાખી શકાય નહીં.
- જાહેર જનતાના કોઈપણ પ્રકારના ભેદભાવ વગર પ્રવેશવાનો અધિકાર છે.

---

**(2) ભારતના બંધારણમાં નાગરિકોની ફરજો (Duties)**

---

- અગાઉ આવી ફરજોનો ઉલ્લેખ ન હતો. પણ 1976માં આવી ફરજો ઉમેરવામાં આવી હતી (આર્ટિ 51(અ))
- નાગરિકોની આવી ફરજો નીચે મુજબ છે.

(1) ભારતને વફાદર રહેવાની અને તેના આદર્શો, સંસ્થાઓ, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવાની.

(2) આઝાદી માટેની આપણી લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની.

(3) ભારતનું સાર્વભૌમત્વ,એક્તા અને અખંડિતતાનું સમર્થન અને રક્ષણ કરવાની.

(4) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં તેમ કરવાની.

(5) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી વૃદ્ધિ કરવાની અને સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની.

(6) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવા રાખવાની.

(7) જંગલો, તળાવો, નદીઓ અને અન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની, તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે દયા રાખવાની.

(8) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની.

(9) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની.

(10) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સ્થાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાનો.

- આ ફરજોનો અમલ માટે વિધાનતંત્રને ઘડેલાં કોઈ ધારાની જરૂર હોય છે. તેમ છતાં કોર્ટો ન્યાયતંત્રીય અર્થઘટન કરતી વખતે આ ફરજોનું ઉલ્લંઘન ન થાય પણ તેમનું પાલન થાય તેવું અર્થઘટન કરતી હોય છે.

**(3) શિક્ષણ હક (Right to Education) :**

- શાળામાં આવતાં બાળકોમાં વ્યક્તિગત તફાવત જોવા મળે છે. તેમજ વિવિધ પ્રકારના બાળકો શાળામાં આવે છે. શાળામાં પ્રવેશ માટે કોઈપણ વ્યક્તિને ના પાડી શકે નહીં. કોઈપણ નાગરિકને રાજ્ય વડે નિભાવતી કે સહાય કરતી શિક્ષણ સંસ્થાઓમાં તેના ધર્મ, જાતિ, જ્ઞાતિ કે ભાષાના એક માત્ર કારણસર પ્રવેશનો ઈન્કાર કરી શકાય નહીં.
- ધર્મલક્ષી કે ભાષાલક્ષી એવી બધીજ લઘુમતીઓને પોતાની પસંદગી મુજબની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેમનો વહીવટ કરવાનો અધિકાર અપાયો છે.
- દરેક નાગરિકને શિક્ષણ મેળવવાનો હક આપવામાં આવેલ છે. નાગિરકને પોતાની ઈચ્છા થાય ત્યાં સુધી શિક્ષણ મેળવી શકે છે. તેને શિક્ષણ મેળવવા રોકી શકે નહીં.

**(1) શિક્ષણ વિધેયક (Right to Education Bill) :**

(1) કોઈપણ નાગરિકને રાજ્ય વડે નિભાવતી કે સહાય કરાતી શિક્ષણ સંસ્થાઓમાં તેના ધર્મ, જાતિ, જ્ઞાતિ કે ભાષાના એક માત્ર કારણસર પ્રવેશવાનો ઈન્કાર કરી શકાય નહીં.

(2) ધર્મલક્ષી કે ભાષાલક્ષી એવી બધીજ લઘુમતીઓને પોતાની પસંદગી મુજબની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેમનો વહીવટ કરવાનો અધિકાર અપાયો છે.

(3) જો આવી કોઈ લઘુમતી વહીવટવાળી મિલકતનું રાજ્ય માટે સંપાદન કરાય તો તેમના ઉપરોક્ત અધિકારમાં બાધક ન બને તેટલું યોગ્ય અને પૂરતું વળતર આપવું જોઈએ.

(4) રાજ્યની સહાય આપતી વખતે લઘુમતી સંસ્થાઓ પ્રત્યે ભેદભાવ આચરી શકાતો નથી.

(5) લઘુમતીઓના આ વહીવટ કરવાના અધિકારમાં ગેરવહીવટ કરવાનો અધિકાર સમાવિષ્ટ નથી.

(6) બંધારણમાં 'લઘુમતી'ની કોઈ વ્યાખ્યા અપાઈ નથી, તેથી સામાન્ય રીતે આવા જૂથની સંખ્યા રાજ્યની વસ્તીના પચાસ ટકાથી ઓછી હોવી જોઈએ.

(7) લઘુમતીઓના આ અધિકારમાં શિક્ષણનું માધ્યમ, અભ્યાસક્રમો, શીખવવાના વિષયો વગેરે નક્કી કરવાનો અધિકાર પણ સમાવેશ થઈ જાય છે.

(8) લઘુમતીઓના વહીવટ કરવાના અધિકારમાં ગેરવહીવટ કરવાનો અધિકાર સમાવિષ્ટ નથી.

**(2) વિધેયકની જોગવાઈ (Provisions Bill) :**

- ભારતના બંધારણમાં ભારતની રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જરૂરિયાતો અનુસાર કેટલીક બંધારણીય જોગવાઈઓ કરવામાં આવી છે.
- શિક્ષણના પ્રબળ અને સબળ માધ્યમ દ્વારા આ જોગવાઈઓનો અમલ કરીને ભારતની રાજકીય, સાંસ્કૃતિક અને શૈક્ષણિક તેમજ આર્થિક જરૂરિયાતો પરિપૂર્ણ કરવામાં આવે છે.
- શિક્ષણના વિકાસ અને કલ્યાણ રાજ્યના આદર્શો અને મૂલ્યોને અનુલક્ષીને આ જોગવાઈઓ કરવામાં આવી છે.
- સ્વાતંત્ર્યોત્તર ભારતમાં શિક્ષણને લગતી આ જોગવાઈઓને લીધે ભારતનો શૈક્ષણિક વિકાસ સારા પ્રમાણમાં થયો છે.
- શિક્ષણના જુદાં જુદાં ક્ષેત્રને લગતી જોગવાઈઓ નીચે મુજબ છે. નીચેની માહિતી પરથી તેનો ખ્યાલ આવી શકશે.

જોગવાઈ **(Provision) :**

- 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ.
- શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને વહીવટ કરવાનો લઘુમતીઓનો અધિકાર.
- માતૃભાષા દ્વારા શિક્ષણની પ્રાથમિક કક્ષાએ સુવિધા.
- હિંદી ભાષાને પ્રોત્સાહન.
- શૈક્ષણિક સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક પૂજા- અર્ચનાની જોગવાઈ.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના નાગરિકો માટે શિક્ષણ.
- સ્ત્રીઓનું શિક્ષણ

**(6) એકમ સ્વાધ્યાય :**

**બહુ વિકલ્પ :**

આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

**(1) ભારતનું બંધારણ ક્યારે અમલમાં આવ્યું ?**

(1) 26-11-1949 (2) 15-8-1947

(3) 15-7-1950 (4) 26-1-1950

**(2) ભારત આઝાદ કયારે થયું ?**

(1) 15-8-1947 (2) 26-1-1950

(3) 15-7-1950 (4) 15-8-1950

**(3) ભારતીય બંધારણમાં કઈ બાબતો જોવા મળે છે ?**

(1) ભવિષ્યના કાળનો નકશો. (2) વર્તમાન અને ભવિષ્યના કામનો નકશો

(3) વર્તમાન કાળનો નકશો (4) ત્રણેય માંથી એકેય નહીં

**(4) ભારતીય બંધારણની કેમ જરૂરિયાત છે ?**

(1) રાષ્ટ્રના કલ્યાણ માટે (2) શાળાની જરૂરિયાત સંતોષવા

(3) નાગરિકની જરૂરિયાત સંતોષવા (4) શિક્ષણની જરૂરિયાત સંતોષવા

**(5) ભારતીય બંધારણની નીચેનામાંથી કઈ છે ?**

(1) સત્તાનું વિકેન્દ્રીકરણ (2) આપખુદ વ્યવસ્થા

(3) સત્તાનું કેન્દ્રીકરણ (4) સમાજની બાબત

**(6) ભારતના બંધારણમાં કઈ બાબત સમાવિષ્ટ થયેલ છ ?**

(1) રાષ્ટ્રપતિની ચૂંટણીની બાબત (2) મુખ્યમંત્રની બાબત

(3) શાળાની બાબત (4) સમાજની બાબત

**(7) ભારતીય બંધારણની નોંધપાત્ર લક્ષણની બાબત કઈ છે ?**

(1) સર્વગ્રાહી લેખિત બંધારણ (2) પ્રધાનમંડળની વ્યક્તિગત જવાબદારી

(3) સર્વગ્રાહી મૌખિક બંધારણ (4) એક વ્યક્તિનો બે જાતનો સ્વીકાર

**(8) ભારતીય નાગરિકનો મૂળભૂત અધિકાર કર્યો છે ?**

(1) સમાનતાનો અધિકાર (2) શોષણનો સ્વીકાર અધિકાર

(3) અસમાનતાનો અધિકાર (4) કોઈ અધિકાર નહીં.

**(9) ભારતના બંધારણમાં નાગરિકની કઈ ફરજ છે ?**

(1) જાહેર મિલકતનું રક્ષણ કરવું (2) શાળાની મિલકતનું રક્ષણ કરવું.

(3) પોતાની મિલકતનું રક્ષણ કરવું (4) પાડોશીની મિલકતનું રક્ષણ કરવું

**(10) ભારતના બંધારણમાં નાગરિકની ફરજમાં સમાવેશ થતો નથી ?**

(1) જોહર મિલકત રક્ષણ (2) રાષ્ટ્રીય એકતા

(3) ભારતને વફાદાર (4) પોતાની મિલકતનું રક્ષણ

**(11) ભારતીય શિક્ષણ અંગેના વિધેયકમાં કઈ બાબતની જોગવાઈ છે ?**

(1) 6 થી 12 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ

(2) 7 થી 12 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ

(3) 12 થી 19 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ

(4) 1 થી 7 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ

**સાચા જવાબો :**

1. 26-1-1950
2. 15-5-1947
3. ભવિષ્યના કામનો નકશો
4. રાષ્ટ્રના કલ્યાણ માટે
5. સત્તાનું વિકેન્દ્રીકરણ
6. રાષ્ટ્રપતિની ચૂંટણીની બાબત
7. સર્વગ્રાહી લેખિત બંધારણ
8. સમાનતાનો અધિકાર
9. જાહેર મિલકતનું રક્ષણ કરવું.
10. પોતાની મિલકતનું રક્ષણ
11. 6 થી 12 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ

**(બી) મુદ્દાસર જવાબ આપો.**

(1) બંધારણ એટલે શું ?

(2) બંધારણની જરૂરિયાત જણાવો.

(3) ભારતના બંધારણમાં સમાવિષ્ટ બાબતોનો ઉલ્લેખ જણાવો.

(4) ભારતના બંધારણનાં મુખ્ય લક્ષણો જણાવો.

(5) ભારતના બંધારણનું આમુખ જણાવો.

(6) ભારતના બંધરણના આમુખનું મહત્ત્વ જણાવો.

(7) ભારતીય નાગરિકોના મૂળભૂત અધિકારો જણાવો.

(8) ભારતના બંધારણમાં નાગરિકોની ફરજો જણાવો.

(4) ભારતના બંધારણમાં કારોબારીતંત્ર વિશેની વ્યવસ્થા

- બંધારણમાં સંઘ કક્ષાએ અને રાજ્યોની કક્ષાએ કારોબારીતંત્ર વિશ જોગવાઈઓ છે. સંઘીય કક્ષાએ રાષ્ટ્રપતિ અને રાજ્યોમાં રાજ્યપાલ કારોબારી તંત્રના વડા ગણાય છે.
- સંઘ અને રાજ્યો એમ બે કક્ષાએ ખરેખરો વહીવટ મંત્રીમંડળના હાથમાં હોય છે. સંઘીય

મંત્રીમંડળના આગેવાન પ્રધાનમંત્રી કહેવાય છે અને રાજ્યના મંત્રીમંડળના આગેવાન મુખ્યમંત્રી કહેવાય છે. આ મંત્રીમંડળો વહીવટીતંત્રોના સભ્યોની મદદથી સમગ્ર વહીવટ સંભાળે છે.

- ટૂંકમાં :

**કારોબારી તંત્ર**

| સંઘ | રાજ્યો |
|---|---|
| રાષ્ટ્રપતિ | રાજ્યપાલ |
| પ્રધાન મંત્રી | મુખ્ય મંત્રી |
| કેબિનેટ | કેબિનેટ |
| મંત્રી મંડળ | મંત્ર મંડળ |
| સંઘનું વહીવટી તંત્ર | રાજ્યોનાં વહીવટીતંત્રો |

- કેટલાંક મંત્રીઓને કેબિનેટ કક્ષા અપાતી હોય છે અને તેથી તેઓ કેબિનેટની બેઠકોમાં હાજર રહી શકે છે.
- મોટા ભાગના નિર્ણયો કેબિનેટ જ લેતી હોય છે.
- સમસ્ત મંત્રી મંડળની બેઠક જવલ્લે જ મળતી હોય છે.

**ભારતના રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ**

- ભારતમાં રાષ્ટ્રપતિ ઉપરાંત ઉપરાષ્ટ્રપતિ પણ હોય છે. તેમને સંસદનાં બંને ગૃહોના સભ્યો અને રાજ્યોની વિધાનસભાઓના સભ્યો ચૂંટે છે. તેમની ચૂંટણી સંબંધી અલગ ધારો છે.
- જે વ્યક્તિ (ક) ભારતનો નાગરિક હોય, (ખ) 35 વર્ષથી વધુ વયનો હોય અને (ગ) લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર થવાને લાયક હોય, તે વ્યક્તિ આ બંને પદ માટેનો ઉમેદવાર બની શકે છે.
- આ બંને હોદ્દાની મુદત પાંચ વર્ષની હોય છે.તેમની સામે ખાસ કાર્યવાહી કરીને તેમને આ મુદત અગાઉ તેમના પદેથી દૂર કરી શકાય છે.

**ભારતના રાષ્ટ્રપતિની સત્તાઓ**

- આમ તો તેઓ પ્રજાસત્તાક રાજ્યના વડા અને પ્રતીક સમાન છે.તેથી સંઘની બધી જ કારોબારી સત્તાઓ તેમનાં નિહિત હોય છે. તેથી ભારત સરકારનું દરેક કારોબારી તંત્રીય કૃત્ય તેમના નામે થાય છે. (આર્ટિ. 53).
- તેઓ સશસ્ત્રદળોના સર્વોચ્ચ સેનાપતિ છે.
- ભારતના રાષ્ટ્રપતિએ પોતાના ''હોદ્દાની કામગીરી વફાદારીથી અદા કરવાના'' અને ''બંધારણ તેમજ કાયદાનું જતન, રક્ષણ અને બચાવ કરવાના'' તથા ''ભારતના લોકોના કલ્યાણ અને તેમની સેવા માટે સમર્પિત થવાના'' સોગંદ લેવા પડે છે (આર્ટિ.60).
- ભારતના ઉપરાષ્ટ્રપતિએ ''કાયા વડે પ્રસ્થાપિત એવા ભારતના બંધારણ પ્રત્યે સાચી શ્રદ્ધા અને વફાદારી ધરાવવાના'' અને પોતાના ''હોદ્દાની ફરજ વફાદારીથી અદા કરવાના'' સોગંદ લેવા પડે છે (આર્ટિ.69).
- રાષ્ટ્રપતિની મુખ્ય સત્તાઓ નીચે પ્રમાણે છે.
- તેઓ સંસદના અંતર્ગત ભાગ છે (આર્ટિ.79). તેઓ સંસદની બેઠકો બોલાવે, તેમનું સત્રાવસાન કરે છે અને વિસર્જન કરે છે (આર્ટિ.85)

- તેઓ સંસદને સંબોધન કરે છે અને પ્રસંગોપાત્ત સંદેશા મોકલે છે. (આર્ટિ. 87).
- સંસદનાં બંને ગૃહોએ પસાર કરેલો ખરડો તેમની સહી થયા પછી જ ધારો બને છે. (આર્ટિ.111).
- જ્યારે સંસદનાં બંને ગૃહોની બેઠક ચાલુ ન હોય, અને તાત્કાલિક પગલું ભરવું જરૂરી હોય ત્યારે, તેઓ વટહુકમ જાહેર કરી શકે છે. (આર્ટિ.123).
- તેઓ ન્યાયમૂર્તિઓ અને રાજ્યપાલો સહિત ભારતના અન્ય ઉચ્ચ પદાધિકારીઓને નીમે છે.
- તેઓ શિક્ષા મોકૂફ, અમલ મોકૂફ, તેમાં મહેતલ કે મુક્ત કે મુલતવી રાખવાની સત્તા ધરાવે છે. (આર્ટિય 72).
- જ્યારે સશસ્ત્ર બળવો, બાહ્ય આક્રમણ કે યુદ્ધની ધમકીથી સલામતી જોખવાઈ હોય ત્યારે કટોકટી જાહેર કરી શકે છે (આર્ટિ.352).
- ભારતના એલચીઓ નીમવા અને વિદેશી રાજયદ્વારી પ્રતિનિધિઓનાં ઓળખપત્રો સ્વીકારવાં.
- કોઈ રાજયમાં બંધારણીય તંત્ર નિષ્ફળ ગયું હોય તે વખતે તેનું જાહેરનામું બહાર પાડવું. (આર્ટિ.353).
- પ્રધાનમંત્રીની નિમણૂંક કરવી અને મત્રીમંડળને બરતરફ કરવું (આર્ટિ.75).

**ભારતના પ્રધાનમંત્રી અને તેમના મંત્રીમંડળની કામગીરી**

- રાષ્ટ્રપતિને ''સહાય અને સલાહ'' માટે પ્રધાનમંત્રીના વડપણ હેઠળ મંત્રીમંડળ રચાય છે. રાષ્ટ્રપતિ મંત્રીમંડળની સલાહ અનુસાર વર્તવા બંધાયેલાં હોય છે (આર્ટિ.74).
- રાષ્ટ્રપતિ પ્રધાનમંત્રીને અને તેમની સલાહ મુજબ અન્ય મંત્રીઓને નીમે છે. આવું મંત્રીમંડળ સામૂહિક રીતે લોકસભાને ઉત્તરદાયી હોય છે. સરકારનાં બધા કાર્યો માટે આવું સામૂહિક ઉત્તરદાયયિત્વ હોય છે. (આર્ટિ. 75(3)).
- આ મંત્રીમંડળ બધા નીતિવિષયક નિર્ણયો લઈ રાષ્ટ્રપતિને સલાહ આપે છે.
- પ્રધાનમંત્રી સંસદ અને કારોબારીતંત્ર બંને ઉપર અંકુશ ધરાવતાં સૌથી વધુ સત્તાવાન પદાધિકારી તરીકે અનન્ય સ્થાન ધરાવે છે.
- તેઓ લોકસભામાં તેમના બહુતમી ધરાવતી પક્ષના, અને તેથી સમસ્ત ગૃહના, નેતા હોય છે. બરતરફી અને તેમના કામની ફાળવણી કરે છે.
- પ્રધાનમંત્રી રાષ્ટ્રપતિ અને મંત્રીમંડળ તથા રાષ્ટ્રપતિ અને સંસદ વચ્ચેની સંપર્ક કડી હોય છે.

**ભારત સરકારને કાયદાકીય સલાહ**

- ભારતના રાષ્ટ્રપતિ આ માટે સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ થવાની લાયકાત ધરાવતી વ્યક્તિને બધી કાયદાકીય બાબતોમાં સલાહ આપવા, એટર્ની જનરલ તરીકે નીમે છે. (આર્ટિ.76).
- તેઓ ભારત સરકારના મુખ્ય કાયદા અધિકારી છે. તેઓ ભારતભરની બધી કોર્ટોમાં રજૂઆત કરવાનો પ્રથમ અધિકાર ધરાવે છે.
- તેમને સંસદનાં બંને ગૃહોમાં બોલાવવાનો અને કાર્યવાહીમાં ભાગ લેવાનો અધિકાર હોય છે. જોકે તે મતાધિકાર ધરાવતા હોતાં નથી.

**ભારતના બંધારણમાં વિધાનતંત્ર વિશેની વ્યવસ્થા**

- બંધારણમાં સંઘ કક્ષાએ સંસદ અને રાજ્યકક્ષાએ વિધાનસભાઓ છે.
- બંધારણમાં સંઘ અને રાજ્યો વચ્ચે ધારા ઘડવાની વૈધાનિક સત્તાની વહેંચણી કરતી યાદી આપવામાં આવી છે.

- સંસદ સમગ્ર ભારત કે તેના કોઈ ભાગ માટે ધારા ઘડી શકે છે. (આર્ટિ.245).
- રાજ્યની વિધાનસભા પણ જે તે સમગ્ર રાજ્ય કે તેના કોઈ ભાગ માટે ધારા ઘડી શકે છે (આર્ટિ.245).
- બંધારણની સાતમી અનુસૂચિમાં ત્રણ યાદી આ પ્રમાણે આપી છે.

(ક) 97 બાબતોનો ઉલ્લેખ ધરાવતી સંઘ સૂચિ,

(ખ) 66 બાબતો ધરાવતી રાજ્ય સૂચિ અને

(ગ) 47 બાબતો વાળી સહવર્તી સૂચિ.

- સંસદ સંઘ સૂચિમાં જણાવેલી બાબતો પરત્વે ધારા ઘડવાની સત્તા ધરાવે છે, રાજ્યની વિધાનસભા રાજ્ય સૂચિમાં જણાવેલી બાબતો પરત્વ ધારા ઘડવાની સત્તા ધરાવે છે. સંસદ અને રાજ્યની વિધાનસભા બંને સહવર્તી સૂચિમાં જણાવેલી બાબતો પરત્વે ધારા ઘડવાની સત્તા ધરાવે છે. (આર્ટિ. 246).
- જ્યારે સહવર્તી સૂચિમાં જણાવેલી કોઈ બાબત પરત્વે સંસદે ઘડેલાં ધારા અને રાજ્યની વિધાનસભાએ ઘડેલા ધારા વચ્ચે કોઈ વિસંગતતા હોય ત્યારે સંસદનો ધારો અમલી રહે છે. (આર્ટિ. 251).
- ઉપરોક્ત ત્રણેય સૂચિમાં આવી જદી ન હોય તેવી કોઈ બાબત પરત્વે ધારા ઘડવાની અવશેષરૂપ સત્તા સંસદને અપાઈ છે (આર્ટિ.248).

**ભારતની સંસદ, તેની રચના, તેનાં કાર્યો અને તેની અગત્ય**

- ભારતના સંઘના સર્વોચ્ચ વિધાનતંત્રને સંસદ કહેવાયું છે. સંસદીય લોકતાંત્રિક શાસન વ્યવસ્થામાં તે લોકોના પ્રતિનિધિઓ વડે શાસન કરનારૂં તંત્ર છે.
- ભારતની સંસદ રાષ્ટ્રપતિ, રાજ્ય સભા અને લોક સભાની બનેલી છે.
- રાષ્ટ્રપતિ સંસદના એક ઘટક હોવા છતાં તેઓ સંસદના એકે ગૃહમાં બેસતા નથી કે તેની ચર્ચામાં ભાગ લેતા નથી. તેઓ અમુક ખાસ પ્રસંગોને સંસદને બોલાવે, વિસર્જન કરે, મોકૂફ રાખે અને સંબોધન કરે છે.
- રાજ્યસભા ભારત સંઘના રાજ્યોની બનેલી સભા છે. તેમાં પ્રજાનું પરોક્ષ પ્રતિનિધિત્વ હોય છે. દરેક રાજ્યની વસતીના પ્રમાણમાં જે તે રાજ્યના પ્રતિનિધિ તેના સભ્ય તરીકે ચૂંટાય છે.
- રાજ્યસભા કાયમી અસ્તિત્ત્વ ધરાવતું ગૃહ છે. તેનું વિસર્જન કરી શકાતું નથી.
- તેના વ્યક્તિગત સભ્યની મુદત છ વર્ષની હોય છે. પણ તેના એક તૃતીયાંશ જેટલા સભ્યો દર બે વર્ષના અંતે નિવૃત્ત થાય છે.
- ભારતના ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના અધ્યક્ષ હોય છે.
- લોકસભા પ્રજાના પ્રત્યક્ષ ચૂંટાયેલા સભ્યોથી પાંચ વર્ષની મુદત માટે રચાય છે.
- સંસદ સભ્ય ભારતનો નાગરિક હોવો જોઈએ. રાજ્યસભાના સભ્યપદ માટે 30 વર્ષથી ઓછી ન હોય તેટલી ઉંમર જરૂરી છે.
- લોકસભા માટે અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ રાજ્યસભા માટે સભાપતિ અને ઉપસભાપતિની જોગવાઈ છે. તેઓ જે તે ગૃહની કાર્યવાહીનું સંચાલન કે છે. તેમને તેમના હોદ્દા ઉપરથી દૂર કરવા માટે ખાસ કાર્યવાહી કરવી પડે છે.
- નાણાં વિધેયકો સિવાય કોઈ પણ વિષયને લગતું વિધેયક કોઈ પણ ગૃહમાં લાવી શકાય છે.
- બંને ગૃહોમાં પસાર થાય પછી રાષ્ટ્રપતિની અનુમતિ મળેથી તે વિધેયક ધારો બને છે.
- નાણાં વિષયક વિધેયક માત્ર રાષ્ટ્રપતિની ભલામણથી ફક્ત લોકસભામાં જ રજૂ કરી શકાય છે.

- રાષ્ટ્રપતિ એ સંસદનાં બંને ગૃહો સમક્ષ દરેક નાણાંકીય વર્ષ સંબંધી સરકારની અંદાજીત આવક અને ખર્ચ અંગેનું નિવેદન એટલે કે અંદાજપત્ર રજૂ કરવાનું હોય છે.
- સંસદ સભ્યોને ખાસ વિશેષાધિકારો મળે છે. તેઓને વાણી સ્વાતંત્ર્ય ઉપરાંત મતનું સ્વાતંત્ર્ય હોય છે. તેઓ પોતે આપેલા મતદાન કે પ્રવચન માટે કોઈ કોર્ટ કાર્યવાહીને જવાબદાર નથી.

**સંસદ અને સંઘીય મંત્રીમંડળ વચ્ચેનો સંબંધ**

- લોકસભાની ચૂંટણી પછી રાષ્ટ્રપતિ તેમાં બહુમતી ધરાવતા પક્ષ કે પક્ષોના નેતાને મંત્રીમંડળ રચવાનું આમંત્રણ આપે છે.
- આવા નેતા સામાન્યતઃ લોકસભાના સભ્ય હોય છે. તે બંને ગૃહોના સભ્યો પૈકી, અને સંસદ સભ્ય ન હોય તેવી વ્યક્તિને, પસંદ કરેલી વ્યક્તિઓથી મંત્રીમંડળ રચે છે.
- સંસદ વિશાળ સત્તાતંત્ર હોવાથી જાતે શાસન કરી શકતી નથી. તેથી મંત્રીમંડળ તેના વતી શાસનની લગામ સંભાળે છે.
- મંત્રીમંડળ પોતાના નિર્ણયો માટે સંસદને ઉત્તર આપવા બંધાયેલું હોય છે. સંસદ મંત્રીમંડળ અને તેના મારફતે સમગ્ર કારોબારીતંત્ર તથા વહીવટીતંત્ર ઉપર નાણાંકીય અને રાજકીય અંકુશ રાખે ચે.
- જો પ્રધાનમંત્રી કે કોઈ મંત્રી લોકસભાનો વિશ્વાસ ન ધરાવતા હોય તો તેમણે પદત્યાગ કરવો પડે છે.

**સંસદ અને ન્યાયતંત્ર વચ્ચેનો સંબંધ**

- સંસદ કોર્ટોની રચના, સંગઠન, હકૂમત અને તેમની સત્તાઓનું નિયમન કરતા ધારા ઘડે છે.
- ન્યાયમૂર્તિને હોદ્દા ઉપરથી દૂર કરવાની ખાસ કાર્યવાહી સંસદ જ કરી શકે છે.
- સંસદે ઘડેલો કોઈ ધારો જો (ક) તેની સત્તાની સીમામાં આવતો ન હોય, અગર (ખ) તે બંધારણની કોઈ જગોવાઈની વિરૂદ્ધ હોય, અગર (ગ) તે નાગરિકના કોઈ મૂળભૂત અધિકાર ઉપર તરાપ મારતો હોય તો, ન્યાયતંત્ર તેને રદબાતલ ઠેરવી શકે છે.
- સંસદ સંઘ સૂચિ અને સહવર્તી સૂચિમાં જણાવેલી બાબતો પરત્વે ધારા ઘડી શકે છે.
- સંસદનો ધારો બંધારણના પાયાગત માળખાનો ભંગ કરતો ન હોવો જોઈએ. આવો ધારો બંધારણ વિરૂદ્ધ હોવાતી કાયદો જ નથી.

**સંઘીય ન્યાયતંત્ર**

- સંઘ કક્ષાએ સુપ્રિમ કોર્ટ હોય છે. તેના દરેક ન્યાયમૂર્તિએ સોગંદ લેવાં પડે છે.
- સુપ્રિમ કોર્ટ ત્રણ પ્રકારની હકૂમત ધરાવે છે :

(ક) મૂળ હકૂમત

(ખ) અપીલ હકૂમત અને

(હ) સલાહકારક હકૂમત

(ક) મૂળ હકૂમતમાં નીચેનાનો સમાવેશ થાય છે.

- ભારત સરકાર અને એક કે વધુ રાજ્ય વચ્ચેની તકરાર
- બે કે વધુ રાજ્યો વચ્ચેની તકરાર
- ભારત સરકાર + એક કે વધુ રાજ્યો અને એક કે વધુ રાજ્યો વચ્ચેની તકરાર
- વ્યક્તિઓના મૂળભૂત અધિકારોના ભંગની તકરારો

(ખ) અપીલ હકૂમતમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- દીવાની, ફોજદારી અને બંધારણીય બાબતો અંગેની અપીલો
- કોઈ કોર્ટ કે ટ્રિબ્યુનસે કોઈ ખટલો કે તકરારમાં આપેલા ચૂકાદો, હુકમ, નિર્ણય, સજા કે હુકમનામા સામેની અપીલો

(ગ) સલાહકારક હકૂમતમાં નીચેના બાબતો આવે છે.

- રાષ્ટ્રપતિને જે પ્રસ્ને ઉપર આવો અભિપ્રાય મેળવવાનું જરૂરી જણાય તેવો હકીકતનો કે કાયદાનો જાહેર અગત્ય ધરાવતો કોઈ પણ પ્રશ્ન
- બંધારણનો અમલ થયા અગાઉ થયેલી અને પછી અમલમાં ચાલુ રહેલી કોઈ સમજૂતી, કરાર, કબૂલાત, સનદ કે એવો અન્ય લેખ

**ન્યાયતંત્રીય સમીક્ષાનો અર્થ શો છે ?**

- ભારતમાં સુપ્રીમ કોર્ટ તથા રાજ્યોની હાઈકોર્ટોની આ ખાસ પ્રકારની સત્તા છે.
- તેનો અર્થ આ પ્રમાણે છે : કોઈ પણ વિધાનતંત્રનું કોઈ પણ વૈધાનિક કૃત્ય ભારતના બંધારણની જોગવાઈઓ સાથે બંધબેસતું છે કે નહિ, તે દૃષ્ટિએ તેની કાયદેસરતા કે ગેરકાયતેસરતા અંગે અંતિમ ચૂકાદો આપવાની ન્યાયતંત્રની સત્તા, તેથી સંઘનો કે રાજ્યનો દરેક ધારો બંધારણ સાથે સુસંગત હોવો જોઈએ. આવી સત્તા કારોબારી તંત્રીય કાર્યો માટે પણ હોય છે.

**જાહેર હિતમાં કરાતી અરજીઓ અને તેમની અગત્ય**

- રાજ્ય કે કોઈ વ્યક્તિના કોઈ કૃત્યથી જે વ્યક્તિના કોઈ અધિકાર ઉપર તરાપ આવી હોય તેજ વ્યક્તિ યોગ્ય ઉપાય માટે અરજદારબની કોર્ટ સમક્ષ ધા નાખી શકે, એવો નિયમ છે. તેની વતી અન્ય કોઈ વ્યક્તિ અરજદાર બની શકે નહિ.
- જાહેર હિતમાં કરાતી અરજીઓ ઉપરના સામાન્ય નિયમનો ખાસ અપવાદ છે.
- જાહેર જનતાની કોઈ પણ સેવાભાવી વ્યક્તિ કે સંગઠન કે સંસ્થા, પોતાને પ્રત્યક્ષપણે કોઈ અધિકારના ભંગના ભોગ ન બનવું પડ્યું હોય તો પણ, પોતાને તેમાં જાહેર જનતાના લાભાર્થે ''પૂરતું હિત'' છે તેવું દર્શાવી, હાઈ કોર્ટ સમક્ષ ધા નાખતી અરજી કરી શકે છે.
- ઘણી વ્યક્તઓ ''ગરીબી, નિઃસહાયતા, નિર્યોગ્યતા કે આર્થિક કે સામાજિક રીતે ગેરલાભયુક્ત સ્થિતિ'' ને કારણે જ્યારે પોતાના મૂળભૂત અધિકારોના ભંગ માટે જાતે કોર્ટ સમક્ષ ધા નાખી શકતી ન હોય ત્યારે, તેમના વતી સેવાભાવનાથી આવી અરજી સુપ્રીમ કોર્ટને કરી શકાય છે.
- એક સામાન્ય પત્ર / અરજી કે પોસ્ટ કાર્ડના સ્વરૂપમાં પણ તે કરી શકાય છે.

**ન્યાયતંત્રની સ્વતંત્રતાનો અર્થ**

- લોકતંત્રમાં પણ નાગરિકોના અધિકારોને રક્ષવા જરૂરી હોય છે. કારોબારીતંત્ર કે વિધાનતંત્ર તરફથી આવા અધિકારોમાં દખલગીરી થવાનો સંભવ હોય છે.
- તે માટે ન્યાયતંત્ર આવા આક્રમણ સામે રક્ષણ પૂરૂં પાડે છે.
- ન્યાયતંત્રને પણ વિધાનતંત્ર અને કારોબારીતંત્રની દખલગીરીથી બચાવવા માટે અંકુશો અને સંતુલનોની જટિલ નિયમ રચના જોવા મળે છે.
- સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર સંઘ સરકાર અને રાજ્યોની સરકારો વચ્ચેની સત્તાઓની અને વહેંચણી, તેમજ ન્યાયતંત્ર, વિધાનતંત્ર અને કારોબારીતંત્ર વચ્ચેની સત્તાઓની ફાળવણી અને તદનુસાર તેમના ઉપયોગ ઉપર દેખરેખ રાખે છે.
- આવું સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર જ નાગરિકોના અધિકારોના સંત્રી અને બંધારણના વાલી તરીકે કામગીરી બજાવી શકે છે.

**હાઈકોર્ટોની કામગીરી અને સત્તાઓ**

- ભારતના દરેક રાજ્ય માટે એક હાઈકોર્ટની જોગવાઈ છે.સુપ્રીમ કોર્ટની માફક હાઈકોર્ટ પણ રેકર્ડ કોર્ટ હોવાથી પોતાના તિરસ્કાર માટે સજા ફરમાવવાની સત્તા ધરાવે છે.
- રાષ્ટ્રપતિ હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ નીમે છે.
- દરેક હાઈ કોર્ટની માફક હાઈકોર્ટોને પણ અમુક ક્સેમાં રિટ જારી કરવાની સત્તા આપવામાં આવી છે.જ્યારે મૂળભૂત અધિકારોનો ભંગ થયો હોય, ત્યારે વિગતોમાં ઊતર્યા વિના, જો ત્વરિત ઉપાય આપવામાં ન આવે તો વળતર ન મળે તેટલું સહન કરવાનું આવતું હોય ત્યારે, ઝડપી અને તત્ક્ષણ ન્યાય આપવા માટે આ રિટ હકૂમત અપાઈ છે.
- આ રિટ હકૂમત અન્વયે નીચેની પાંચ રિટ એટલે કે હુકમો જારી કરી શકાય છે.

**(1)** **હેબિયસ કોર્પસ :** (બંદી પ્રત્યક્ષીકરણ) જ્યારે કોઈ વ્યક્તિને ગેરકાયદે અટકાયતમાં પૂરી દેવાઈ હોય ત્યારે તેનું શરીર કોર્ટ સમક્ષ પ્રત્યક્ષ હાજર કરવા માટે આ હુકમ કરાય છે. તે પછી કોર્ટ આવી અટકાયતની કાયદેસરતા નક્કી કરી યોગ્ય હુકમ કરે છે.

**(2)** **મેન્ડેમસ :** (પરમાદેશ) તેનાથી કોઈ વ્યક્તિને કાયદા અનુસાર વર્તવાનો અને કોઈ કાયદા વિરોધી કૃત્ય કરતા થોભી જવાનો હુકમ કરાય છે.

**(3)** **પ્રોહિબિશન :** (પ્રતિબંધ) એક ઉપલી કોર્ટ કોઈ નીચેલી કોર્ટ કે ટ્રિબ્યૂનલને તેની હકૂમતની બહાર જતી રોકવા આપે છે.

**(4)** **સર્શિઓરરિ :** (ઉત્પ્રેષણ) તેનાથી કોર્ટો અને ટ્રિબ્યૂનલો પાસેથી માહિતી મેળવાય છે.

- જુદાં જુદાં હેતુઓને અનુલક્ષીને કાયદાના વિવિધ પ્રકાર પાડવામાં આવ્યા છે. તેમાં જે તે કાયદાના મુખ્ય હેતુને ધ્યાનમાં લેવાયા હોય છે. જેમ કે : દીવાની કાયદો, ફોજદારી કાયદો, મજૂર કાયદો, કંપનીનો કાયદો, ભાગીદારીનો કાયદો, ટ્રસ્ટનો કાયદો, રૂઢિગત કાયદો, હિંદુ કાયદો, મુસ્લિમોનો કાયદો, ચૂંટણીનો કાયદો, કરવેરાનો કાયદો, પર્યાવરણનો કાયદો, પ્રોસીજરનો કાયદો, પુરાવાનો કાયદો, ઈંગ્લેન્ડનો કાયદો, વગેરે
- જ્યારે કાયદો ધારાના સ્વરૂપમાં હોય ત્યારે તે ધારાની વિગતોના આધારે તેમનું નામઅને પ્રકાર બને છે. આવી કેટલીક વિગતો આ પ્રમાણે છે : માલવેચાણ, સ્થાવર મિલકતની હેરફેર, ગ્રાહક સુરક્ષા, ખોરાકમાં ભેળસેળ, દવા અને સૌંદર્ય પ્રસાધનો, હવા, પાણી, પર્યાવરણ સુરક્ષા, લગ્ને, જન્મ, મૃત્યુ, વસિયતનામું, સહકારી મંડળીઓ, છૂટાછેડા, ભરણપોષણ,ભાડાનિયમન, મ્યુનિસિપાલિટીઓ, પંચાયતો, જુગાર, દહેજ, વેશ્યાવૃત્તિ પ્રતિબંધ, બાળમજૂરી, બાળકોનો ન્યાય, અકસ્માત વળતર, શિક્ષકો, ડૉકટરો, ફાર્મસી, વકીલમંડળ, આવકવેરો, વેચાણવેરો, આયાતશૂલ્ક, ઉત્પાદનશૂલ્ક,પાસપોર્ટ,બેંકો, વીમો, યુનિવર્સિટીઓ, નાણાં સંસ્થાઓ, ત્રાસવાદ, નિવારક અટકાયત, કારખાનાં, ઔદ્યોગિક વિકાસ, નગર આયોજન, જેલો, પોલીસ.

**ન્યાય માંગવા જનાર અરજદારને કાયદા દ્વારા પ્રાપ્ત ઉપાયો**

- અન્યાયથી પીડિત કોઈ અરજદાર કોર્ટમાં અરજી કરી પોતાના અન્યાયના નિવારણ માટે પોતાને મળી શકતા એક કે વધુ ઉપાયો માગવાની અરજ કરે છે.
- અરજદારને જે બાબત પરત્વે અન્યાય થયો હોય તે બાબતને લગતા ખાસ ધારામાં આવા ઉપાયોની જોગવાઈઓ જણાવી હોય છે :
- આવા ઉપાયો બે પ્રકારના હોઈ શકે છે : (ક) બંધારણ અન્વયે મળી શકતા અને (ખ) કાયદા/ધારા અન્વયે મળી શકતા.
- બંધારણ અન્વયે અરજદારને પાંચ રિટો પૈકી જે તે રિટના સ્વરૂપમાં કોર્ટનો હુકમ મળી શકે છે. તે ઉપરાંત સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટો યોગ્ય હુકમો કરે છે.

- કાનૂની ઉપાયો આ પ્રમાણે છે : નુકસાન વળતર, મનાઈ હુકમ, મિલકતના કબજાની પુનઃપ્રાપ્તિ, નાણાં ચૂકવણી, માલિકી હકની જાહેરાત, માલસામાન બદલવો, વગેરે.
- તે ઉપરાંત ફોજદારી રાહે પણ જેલવાસ, નાણાંકીય દંડ, મિલકતની જપ્તી/નાશ, લાઈસન્સ ની મોકૂફી કે રદ, વગેરે હુકમો મળી શકે છે.

**લોકતાંત્રિક વિકાસોન્મુખ સમાજમાં કાયદાની ભૂમિકા**

- ભારત જેવા વિકાસોન્મુખ લોકતાંત્રિક સમાજમાં કાયદો જડ નિયમોનો સમૂહ નથી પણ તે સમાજના અંકુશ અને પરિવર્તન માટેનું એક મહત્ત્વનું સાધન છે.

## (5) સારાંશ : (Let us sum up)

- બંધારણમાં જે તે દેશના ભૂતકાળનો વારસો અને તેના ભવિષ્ય કાળનો નકશો જોવા મળે છે.
- ''બંધારણમાં એ સરકારની રચના કરવા અને સરકારને માર્ગદર્સન આપવાના નિયમોની શ્રેણી છે.''
- બંધારણની ખાસ જરૂર છે, બંધારણ વગર દેશનો વહીવટ ચલાવવો મુશ્કેલરૂપ છે.
- રાષ્ટ્રના કલ્યાણ માટેની ભાવિ યોજનાઓના ઘડતરમાં મદદરૂપ થાય છે. કોઈ પણ રાષ્ટ્ર ચલાવવા માટે બંધારણ એ તેનું ચાલક બળ છે. કાયદામાં રહીને કાર્યો કરવા પડે છે.
- રાષ્ટ્રનું સંચાલન કરનાર અને પ્રજાને કાયદા પ્રમાણે વર્તવાની ફરજ પાડે છે. કાયદા પ્રમાણે બંને પક્ષ વર્તન કરે છે. કાયદા બહાર વર્તન થઈ શકે નહીં.
- જ્યારે રાષ્ટ્રનું સંચાલન કરવા માટે સમસ્યા ઉભી થાય ત્યારે બંધારણ જરૂરી માર્ગદર્શન પૂરું પાડે છે.
- બંધારણ પ્રમાણે કયાં કયાં હોદ્દોઓ આપવા તે નક્કી કરવામાં આવેલ છે, એટલે કોની કઈ જવાબદારી છે તે નક્કી કરી દેવામાં આવેલ છે. બંધારણથી જવાબદારીનો ખ્યાલ આવે છે. બંધારણને કારણે લોકશાહી શાસન વ્યવસ્તા બરાબર ચાલે છે.
- ભારતીય નાગરિકોના અધિકારો :
- રાજ્ય ભારતના પ્રાદેશિક વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિને કાયદા સમક્ષ સમાનતા કે કાયદાના સમાન રક્ષણનો ઈન્કાર કરશે નહીં.
- ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મ સ્થળમાં કારણોસર ભેદભાવ ઉપર પ્રતિબંધ છે. દરેકને સમાનતાનો અધિકાર આપેલ છે.
- એકઠા થવાનું, મંડળો રચનાનું હરવા ફરવાનું નિવાસ સ્વાતંત્ર્ય વ્યવસાય અને વેપાર કરવાનું સ્વાતંત્ર્ય વગેરે અધિકારો દરેક નાગરિકને આપેલ છે.

**ભારતીય નાગરિકોની બંધારણમાં ફરજો :**

- મિલકતનું રક્ષણ કરવું, દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં તેમ કરવાનું
- ભારતને વફાદાર રહેવાની અને તેના આદર્શો સંસ્થાઓ, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

## (7) તમારી પ્રગતિ ચકાસો :

(1) બંધારણ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(2) બંધારણની જરૂરિયાત ત્રણ જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(3) ભારતના બંધારણનાં મુખ્ય ત્રણ લક્ષણ જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(4) ભારતના બંધારણના આમુખનું ત્રણ મહત્ત્વ જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(5) ભારતીય નાગરિકોના મૂળભૂત અધિકારો ત્રણ જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(6) ભારતના બંધારણમાં નાગરિકોની ફરજો ત્રણ જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(7) ભારતના રાષ્ટ્રપતિની ત્રણ સત્તા જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(8) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Anser to check your Progress)**

**(1) બંધારણ એટલે શું ?**

- બંધારણમાં જે તે દેશના ભૂતકાળનો વારસો અને તેના ભવિષ્ય કાળનો નકશો જોવા મળે છે.

**(2) બંધારણની ત્રણ જરૂરિયાતો જણાવો.**

1. રાષ્ટ્રના કલ્યાણ માટે
2. રાષ્ટ્રના ચાલક બળ
3. બંધારણમાં પરિવર્તનની જોગવાઈ

**(3) ભારતના બંધરાણના ત્રણ લક્ષણો જણાવો.**

1. બંધારણનું કદ
2.બંધારણનું સ્વરૂપ
3. બંધારણમાં પરિવર્તનની જોગવાઈ

**(4) ભારતના બંધારણના આમુખનું ત્રણ મહત્ત્વ જણાવો.**

1. બંધારણમાં રહેલી ખામી આમુખથી દૂર થાય છે.
2. બંધારણના આમુખમાં વાણી, વિચાર, લેખન, અભિવ્યક્તનું સ્વાતંત્ર્ય બક્ષવામાં આવ્યું છે.
3. કોઈપણ ભોગે રાષ્ટ્રની એકતા અને અખંડિતતાની જાળવણી પર ભાર મૂકવામાં આવ્યો છે.

**(5) ભારતના નાગરિકોના મૂળભૂત ત્રણ અધિકારો જણાવો.**

1. સમાનતાનો અધિકાર
2. સ્વાતંત્ર્યનો અધિકાર
3. ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર

**(6) ભારતના નાગરિકોની ત્રણ ફરજો જણાવો.**

1. જાહેર મિલકતનું રક્ષણ કરવું.
2. રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.
3. દેશનું રક્ષણ કરવું.

**(7) ભારતના રાષ્ટ્રપતિના ત્રણ સત્તાઓ જણાવો.**

1. રાષ્ટ્રપતિ સશસ્ત્રદળના સેનાપતિ છે.
2. મંત્રી મંડળના બદા નીતિ વિષયક નિર્ણયો લઈ સલાહ આપે છે.
3. પ્રધાનમંત્રી અને કારોબારી તંત્ર બંને ઉપર અંકુશ ધરાવતા સૌથી વધુ સત્તાવાન પદાધિકારી તરીકે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

**(9) સૂચિત વાચન સામગ્રી : (Suggested Readings)**

(1) બારૈયા વી.વી. તથા અન્ય : સમકાલીન ભારત અને શિક્ષણ પ્રતીક પ્રકાશન આણંદ

(2) કારીઆ એ. એન. : માનવ અધિકારો, સી. જમનાદાસની કંપની, અમદાવાદ

(3) શુક્લ રાજેન્દ્ર આર. : ભારતનું બંધારણ અને કાયદો શ્રી યોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન, અમદાવાદ.

એકમ 6

# યુનો એ ઘોષિત કરેલાં માનવ અધિકારો

## : રૂપરેખા :

(1) પ્રસ્તાવના

(2) માનવ અધિકારો જાળવવામાં યુનોની ભૂમિકા

(3) યુનોના માનવઅધિકારો

(4) યુનોના માનવ અધિકારનું મૂલ્યાંકન

(5) માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા અને ભારતીય બંધારણ હેઠળના માનવ અધિકારોની સરખામણી

(6) આર.ટી.આઈ

(7) રાઈટ ટુ એજ્યુકેસન

1. પ્રસ્તાવના

2. રાઈટ ટુ એજ્યુકેશનનું અમલીકરણ

3. રાઈટ ટુ એજ્યુકેશનનો ઈતિહાસ

4. રાઈટ ટુ એજ્યુકેશનના મુદ્દાઓ

5. રાઈટ ટુ એજ્યુકેશનના ધારા ધોરણો

6. કાયદા સમક્ષ પડકારો

7. રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ સ્કૂલ માટેના નિયમો

8. સારાંશ

9. એકમ સ્વાધ્યાય

10. તમારી પ્રગતિ ચકાસો

11. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

12. સૂચિત વાંચન સામગ્રી

ઉદ્દેશો : (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે........

(1) માનવ અધિકારો જાળવવામાં યુનોની ભૂમિકા સમજી શકશો.

(2) યુનોના માનવ અધિકારો સમજી શકશો.

(3) યુનોના માનવ અધિકારનું મૂલ્યાંકન સમજી શકશો.

(4) માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા અને ભારતીય બંધારણ હેઠળના માનવ અધિકારોની સરખામણી

6. યુનોએ ઘોષિત કરેલા માનવ અધિકારો

(1) પ્રાસ્તાવિક

(2) માનવ અધિકારોની જાળવણીમાં યુનોની ભૂમિકા

(3) યુનોના માનવ અધિકારો

(4) યુનોના માનવ અધિકારનું મૂલ્યાંકન

(5) માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા અને ભારતીય બંધારણ હેઠળના માનવ અધિકારોની સરખામણી

- **સ્વાધ્યાય**

**(1) પ્રાસ્તવિક**

માનવ અધિકારો અંગે આમ તો યુનો અગાઉની સંસ્થા લીગ ઓફ નેશન્સે પણ સારું કાર્ય કર્યું હતું. યુનોના ચાર્ટરમાં માનવ ગૌરવ જાળવવા પગલાં લેવા જણાવાયું છે. માનવ અધિકારોના મુસદ્દો ઘડવા માટે શ્રીમતી રૂઝલવેલ્ટના અધ્યક્ષપદે સમિતિ રચવામાં આવી હતી. આ સમિતિના અહેવાલમાં થોડા સુધારાઓ સાથે 10 ડિસેમ્બર, 1948ના રોજ યુનો મહાસભાએ તેનો સ્વીકાર કરી જાહેર કરેલ છે. ત્યારથી દર વર્ષે 10 ડિસેમ્બરના રોજ માનવ અધિકાર દિન ઊજવવામાં આવે છે. યુનોના જાહેર કરાયેલા માનવ અધિકારો 30 છે. આ પ્રકરણમાં આપણે યુનોના આ માનવ અધિકારો વિશે જોઈને તેનું મૂલ્યાંકન પણ કરીશું.

**(2) માનવ અધિકારોની જાળવણીમાં યુનોની ભૂમિકા**

માનવ અધિકારોની બાબતને આંતરરાષ્ટ્રીય મુદ્દો સૌ પ્રથમ મોશિયસે બનાવ્યો હતો. પરંતુ તે સમયે આંતરરાષ્ટ્રીય કક્ષો માનવ અધિકારોનો મુદ્દો બહુ મહત્ત્વનો ન હતો. કારણ કે માનવ અધિકાર ભંગની બાબતને જે તે રાષ્ટ્રની આંતરિક સમસ્યા ગણવામાં આવી હતી,પરંતુ પ્રતમ વિશ્વયુદ્ધે ચિત્ર પલટી નાંખ્યું. પ્રથમ વિશ્વયુદ્ધમાં સૈનિકો ઉપરાંત હજારોની સંખ્યામાં નિર્દોષની કતલ થઈ. લાખો લોકો ''ઉપર આભ નીચે ધરતી''ની સ્થિતિમાં મૂકાઈ ગયાં. માનવ-સન્માન જ નહીં, માનવ અસ્તિત્ત્વ જ ભયમાં મૂકાયું હતું. યુદ્ધના ભયંકર પરિણામોથી વ્યથિત થયેલાં કેટલાં રાષ્ટ્રોએ રાષ્ટ્રસંઘ (League of Nations)ની 1919માં સ્થાપના કરી. નાગરિકોના જીવન અને સ્વાતંત્ર્યના અધિકારો વિશે સમજૂતી થઈ હતી. આ ચાર્ટરમાં માનવ અધિકારો તરફ વિશ્વાસ વ્યક્ત કરાયો છે.તેમાં માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓ તરફ કોઈ પણ પ્રકારના લિંગ, જાતિ, ભાષા કે ધર્મનાં કારણોસર ભેદભાવતી દૂર રહેવાનો નિશ્ચય વ્યક્ત કરાયો છે.

યુનોના ચાર્ટરમાં માનવ અધિકારોના આદર્શ તરફ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવેલ છે. યુનોની મહાસભાએ 1948 માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા (Universal Declaration of Human Rights) પ્રગટ કરી. આ ઘોષણામાં મોટા ભાગના સભ્યો જોડાયા અને સમજૂતીમાં સહી-સિક્કા થયા. આ ઘોષણામાં કુલ 30 અનુચ્છેદો છે અને તેની વિગતવાર જોગવાઈઓ આ પ્રકરણમાં હવે પછી પ્રગટ કરાયેલ છે.આ ઘોષણામાં જીવન, સામાજિક સુરક્ષાનો સલામતીના અધિકારો, ગુલામી પર પ્રતિબંધ, કાયદાના સમાન રક્ષણ, ધાર્મિક સ્વાતંત્ર્ય, સામાજિક સુરક્ષાનો અધિકાર, લગ્ન સ્વાતંત્ર્ય, સ્વદેશમાં સ્થળાંતર અને નિવાસનો અધિકાર, વિચાર-અવિભક્તિનું સ્વાતંત્ર્ય, શિક્ષણનો અધિકાર વગેરે માનવ અધિકારો વિશે જોગવાઈ કરાયેલ છે. આમ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સૌ પ્રથમ માનવ અધિકારોનું ગૌરવ પ્રગટ કરવામાં આવ્યું અને તેની જાળવણી પણ કરવામાં આવી. માનવ અધિકારોની યુનોની આ વૈશ્વિક ઘોષણા પછી નીચે મુજબની સંધિઓ પણ થઈ :

(1) દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966.

(2) આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966.

(3) જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966.

(4) સ્ત્રીઓના રાજકીય અધિકારો પરની સમજૂતી, મહાસભા, તા. 29 જાન્યુ., 1957.

(5) સશસ્ત્ર અથડામણમાં સ્ત્રીઓ અને બાળકોના અધિકારોના રક્ષણ અંગેની સમજૂતી.

(6) સ્ત્રીઓ વિરુદ્ધના તમામ ભેદભાવોની નાબૂદી પરની સમજૂતી, 1979.

(7) માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણાના પાલન માટે 1950માં યુરોપના 18 રાષ્ટ્રોએ મળીને યુરોપિયન સંધિ કરી હતી.

(8) 1969ની અમેરિકન સમજૂતી, લેટિન અમેરિકાનાં રાષ્ટ્રોએ માનવ અધિકારો તરફ આદર વ્યક્ત કરવા માટે અમેરિકન મંચની સ્થાપના કરી હતી.

(9) સિંગાપુર જાહેરનામું, 1971, માનવ અધિકારોના ઉત્થાન માટે વંશ કે જાતિના આધારે ભેદભાવનો પૂર્વગ્રહ દૂર કરવા માટે આ જાહેરનામું પ્રગટ કરાયું હતું.

(10) લુસાકા જાહેરનામું, 1979, રાષ્ટ્રસમૂહના સભ્યોની આ પરિષદે માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓને રક્ષણ આપવા માટે આ જાહેરનામું પ્રગટ કરાયું હતું.

રાજ્યો વચ્ચેની તકરારોમાં યુનોએ અનેક વખત શાંતિદૂતની ભૂમિકા ભજવેલ છે. હમણાં જ યુનો અને તેના મહામંત્રીશ્રી કેફીનને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક જાહેર કરાયું છે. આમ માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા કરવામાં પહેલ કરી છે અને વિવિધ આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ યુનોના આશ્રયે થયેલ છે. આમ માનવ અધિકારોની જાળવણીમાં યુનોની ભૂમિકા મહત્ત્વની રહી છે.

## (3) યુનોના માનવ અધિકારો

માનવ અધિકારોનો ખ્યાલ (The Concept of Human Rights) ઈતિહાસના ઘણાં તબક્કાઓમાંથી પસાર થયેલ છે. મૂલતઃ અને વસ્તુતઃ રાજ્યની આપખુદશાહીના વિરોધમાંથી આ ખ્યાલ જન્મ્યો છે. શરૂઆતમાં માત્ર ઉચ્ચવર્ગના લોકો માટે માનવ અધિકારો હતાં. પાછળથી ધીમે ધીમે તમામ વ્યક્તિઓને કોઈ પણ જાતના ભેદભાવ વગર લાગુ પડવા લાગ્યા. 1213માં મેગ્નાકાર્ટા, પછી 1689માં હક્કપત્ર (Bill of Rights) અને ત્યારબાદ 1779માં અમેરિકન સ્વાતંત્ર્યની ઘોષણામાં માનવ અધિકારોના સ્ત્રોત જોવા મળે છે. ફ્રેન્ચ ક્રાંતિ બાદ નાગરિકના અધિકારો ઘોષિત કરાયા હતા. માનવ અધિકારોનો ખ્યાલ ક્રાંતિકારી છે. પાછળથી આ ખ્યાલ એવા વિચારમાં પરિવર્તિત થયો કે માનવ અધિકારોનું રક્ષણ વિશ્વના તમામ ભાગોમાં થવું જોઈએ. તેને પ્રદેશ, જાતિ, જ્ઞાતિ, ધર્મ, જન્મસ્થળ કે લિંગભેદના બંધનો નડવા જોઈએ નહિ.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભલે યુનોએ માનવ અધિકારો જાહેર કરેલ છે, પરંતુ તે અગાઉ લીગ ઑફ નેશન્સે માનવ અધિકારોના ક્ષેત્રે પ્રશસ્ગ કામગીરી કરી છે. સ્ત્રીઓ અને બાળકલ્યાણ અને હિજરતીઓના પ્રશ્ને તેમના પુનઃવસવાટનું કાર્ય હાથ ધર્યું હતું. લીગ ઑફ નેશન્સે માનવ અધિકારોના ક્ષેત્રે સારી કામગીરી આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (International Labour Organization) મારફત કરી હતી. બે વિશ્વયુદ્ધો વચ્ચેના સમય દરમિયાન મજૂરોના કામના કલાકોમાં ઘટાડો, સલામતી અને આરોગ્ય માટે કારખાનાંઓમાં વ્યવસ્થા અને રાજ્યોને મજૂરી તરફી ઉદાર નીતિ અપનાવવામાં તેની કામગીરી સારી હતી. બે વિશ્વયુદ્ધો દરમિયાન ઈટાલી અને જર્મનીમાં ઉદય પામેલા ફાસીવાદથી લોકશાહીના અસ્તિત્ત્વને ખતરો પેદા થયો હતો. આ બંને દેશમાં માનવ અધિકારો જેવું કાંઈ રહ્યું ન હતું. તેમજ અન્ય દેશોમાં પણ માનવ અધિકારો તરફ કોઈ આદર ન રહે તેવી સ્થિતિ સર્જાઈ હતી. 1944માં ફાસીવાદ બળોનો પરાજય થયો. આ ગાળામાં એશિયા અને આફ્રિકા ખંડમાં ભારત સહિત કેટલાંક દેશો આઝાદ થયાં. 1941 જાન્યુઆરીમાં અમેરિકન પ્રમુખ શ્રી રૂઝલવેલ્ટે જાહેર કર્યું કે શાંતિની અનિવાર્યતા માટે વાણીસ્વાતંત્ર્ય, ધર્મસ્વાતંત્ર્ય, ભય અને ભૂખથી મુક્તિ જરૂરી છે. 1944માં ચીન, અમેરિકા, બ્રિટન અને રશિયાની વચ્ચે થયેલ સમજૂતીતી યુનોનો 24 ઓક્ટોબર 1945માં જન્મ થયો. તે વખતની સમજૂતીમાં એમ નક્કી કરાયું હતું કે આ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો એક હેતુ માનવ અધિકારોનાં રક્ષણનો હોવો જોઈએ.

બીજા વિશ્વયુદ્ધ બાદ સન ફ્રાંસિસકો પરિષદ દરમિયાન યુનો ચાર્ટરનો સ્વીકાર થયો હતો. ચાર્ટરના આમુખમાં મૂળભૂત માનવ અધિકારો અને ગૌરવ પ્રત્યે આદર વ્યક્ત કરાયેલ છે. 1946માં શ્રીમતી રૂઝવેલ્ટના અધ્યક્ષપદે માનવ અધિકાર પંચની રચના કરવામાં આવી બની. આ પંચ સપ્ટેમ્બર

46માં યુનો મહાસભાને પોતાનો મુસદ્દો સુપરત કર્યો. થોડા સુધારા-વધારા સાથે યુનો મહાસભાએ 10 ડિસેમ્બર, 1948ના રોજ આ મહાસભાએ સ્વીકારેલ અને જાહેર કરેલ માનવ અધિકારો નીચે મુજબ છે :

1. તમામ માનવીઓ મુક્ત જન્મે છે. ગૌરવ અને અધિકારોમાં સમાન છે. તેમનામાં તર્ક અને વિવેકબુદ્ધિના ગુણો છે અને એકબીજા તરફ ભ્રાતૃભાવથી વર્તવું જોઈએ.

2. આ ઘોષણામાં નિર્દિષ્ટ કરાયેલ તમામ અધિકારો અને સ્વાતંત્ર્યો માટે દરેક વ્યક્તિ, કોઈપણ જાતના ભેદભાવ, જેવા કે જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ, રાજકીય કે અન્ય અભિપ્રાય, રાષ્ટ્રીય કે સામાજિક મૂળ, મિલકત, જન્મ અથવા અન્ય દરજ્જો સિવાય હક્કદાર છે.

   વિશેષમાં, વ્યક્તિ જેમાં રહેતી હોય કે તે દેશ કે વિસ્તારના રાજકીય, હકૂમતી અથવા આંતરરાષ્ટ્રીય દરજ્જાના આધારે કોઈ ભેદભાવ કરવામાં આવશે નહીં. ભલે પછી સ્વાતંત્ર્ય ટ્રસ્ટ, બિન-સ્વશાસિત અથવા અન્ય કોઈ પણ સાર્વભૌમત્વની મર્યાદા હેઠળ હોય.

3. દરેકને વ્યક્તિના જીવન, સ્વાતંત્ર્ય અને સલામતી માટે અધિકાર છે.

4. કોઈપણ વ્યક્તિને ગુલામી કે દાસત્વમાં રાખવામાં આવશે નહિ, ગુલામી અને ગુલામનો વ્યાપાર તેનાં તમામ સ્વરૂપોમાં પ્રતિબંધિત રહેશે.

5. કોઈપણ વ્યક્તિને અત્યાચાર અથવા ક્રૂર અમાનવીય કે અપમાનજનક વ્યવહાર કે શિક્ષાને આધીન બનાવાશે નહીં.

6. દરેક વ્યક્તિને, કાયદા સમક્ષ, કોઈપણ જગ્યાએ વ્યક્તિ તરીકેની માન્યતાઓનો અધિકાર છે.

7. તમામ વ્યક્તિઓ કાયદા સમક્ષ સમાન છે અને કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર કાયદા સમક્ષની સમાનતા માટે હક્કદાર છે. તમામ વ્યક્તિઓ, આ ઘોષણાના અનાદરમાં ભેદભાવ અથવા આવા ભેદભાવની ઉશ્કેરણી વિરુદ્ધ કાયદાના સમાન રક્ષણ માટે હક્કદાર છે.

8. દરેક વ્યક્તિને બંધારણ અથવા કાયદાથી પોતાને આપવામાં આવેલ મૂળભૂત અધિકારોના ભંગ કરતાં કૃત્યો માટે સક્ષમ રાષ્ટ્રીય ન્યાયપંચ દ્વારા અસરકારક ઉપચારનો અધિકાર રહેશે.

9. કોઈ પણ વ્યક્તિને મનસ્વી ધરપકડ, અટકાયત કે દેશનિકાલને આધીન બનાવાશે નહીં.

10. દરેક વ્યક્તિ, પોતાના અધિકારોના નિર્ણય અને પોતાની સામેના કોઈ પણ ફોજદારી આરોપમાં, સ્વતંત્ર અને તટસ્થ ન્યાયપંચ દ્વારા યોગ્ય અને જાહેર સુનાવણી માટે પૂર્ણ સમાનતામાં હક્કદાર છે.

11. (1) ફોજદારી ગુનાનો આરોપ મુકાયેલ વ્યક્તિ, પોતાના બચાવ માટે જેને તમામ બાંયધરીઓ હોય તેવી જાહેર ઈન્સાફી કાર્યવાહીમાં, કાયદા મુજબ ગુનેગાર પુરવાર ન થાય, ત્યાં સુધી, નિર્દોષતાના અનુમાન માટે હક્કદાર છે.

    (2) કોઈપણ વ્યક્તિને એવાં કૃત્ય કે કાર્યલોપ બદલ ફોજદારી ગુનાના ગુનેગાર ઠરાવવામાં આવશે નહીં, કે જે તે કાર્યના સમયે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કાયદા પ્રમાણે ગુનો ન બનતો હોય. જે સમયે ફોજદારી ગુનો બન્યો હોય તે સમયે લાગુ પડતા કાયદા કરતાં વધારે શિક્ષા કરી શકાશે નહીં.

12. કોઈપણ વ્યક્તિને તેની અંગતતા, કુટુંબ, ઘર કે પત્રવ્યવહાર સાથે દખલગીરી કે તેના માન અને પ્રતિષ્ઠા પરના હુમલાઓને આધીન બનાવવામાં આવશે નહીં. દરેક વ્યક્તિને આવી દખલગીરી અને હુમલાઓને આધીન બનાવવામાં આવે નહીં. દરેક વ્યક્તિને આવી દખલગીરી અને હુમલાઓ સામે કાયદાના રક્ષણનો અધિકાર છે.

13. (1) દરેક વ્યક્તિને રાજ્યની હદમાં હરવા-ફરવા અને નિવાસનું સ્વાતંત્ર્ય રહેશે.

    (2) દરેક વ્યક્તિને પોતાના સહિત કોઈપણ દેશ છોડવાનો અને પોતાના દેશમાં પાછા ફરવાનો અધિકાર છે.

15. (1) દરેક વ્યક્તિને રાષ્ટ્રીયતાનો અધિકાર છે.

(2) કોઈપણ વ્યક્તિને મનસ્વી રીતે તેની રાષ્ટ્રીયતાથી વંચિત કરી શકાશે નહીં અથવા તેને રાષ્ટ્રીયતા બદલવાના અધિકારનો ઈન્કાર કરાશે નહીં.

16. (1) પૂર્ણ ઉંમરના પુરુષો અને સ્ત્રીઓને, જાતિ, રાષ્ટ્રીયતા કે ધર્મના કોઈપણ જાતનાં નિયંત્રણ વિના લગ્ન કરવાનો અને કુટુંબ રચવાનો અધિકાર છે. લગ્ન દરમિયાન અને તેનાં વિસર્જન બાબતો તેઓ સમાન અધિકારો માટે હક્કદાર છે.

(2) લગ્ન કરવાનો ઈરાદો ધરાવતા પતિ કે પત્નીની મુક્ત અને પૂર્ણ સંમતિથી જ લગ્ન કરી શકાશે.

17. (1) દરેક વ્યક્તિને પોતાની મિલકતમાં તેને એકલાને જ, અથવા અન્યની સાથે સહયોગમાં, અધિકાર છે.

(2) કોઈપણ વ્યક્તિને મનસ્વી રીતે તેની મિલકતથી વંચિત કરી શકાશે નહીં.

18. દરેક વ્યક્તિને વિચાર, વિવેકબુદ્ધિ અને ધર્મનો અધિકાર છે. આ અધિકારમાં પોતાના ધર્મ કે માન્યતા બદલવાના સ્વાતંત્ર્યનો અને તેમાં પોતાને એકલા કે અન્યોના સાથમાં રહીને, ખાનગી કે જાહેરમાં, પોતાના ધર્મ કે માન્યતા, શિક્ષણ, વ્યવહાર, પૂજા અથવા પાલનમાં પ્રદર્શિત કરવાના સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે.

19. દરેક વ્યક્તિને અભિપ્રાય અને અભિવ્યક્તિનો અધિકાર છે. આ અધિકારમાં કોઈપણ જાતની દખલગીરી વગર અભિપ્રાયો ધરાવવાનો અને સરહદો ઓળંગીને કોઈપણ માધ્યમ મારફત માહિતી અને વિચારો શોધવા, મેળવવા અને આપવાનાં સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે.

20. (1) દરેક વ્યક્તિને શાંતિપૂર્ણ સભા અને સંગઠનનો અધિકાર છે.

(2) કોઈપણ વ્યક્તિને કોઈ સંગઠનમાં રહેવા ફરજ પાડી શકાશે નહીં.

21. (1) દરેક વ્યક્તિને પોતાના દેશના શાસનમાં સીધી રીતે અથવા મુક્ત રીતે પસંદ કરાયેલ પ્રતિનિધિઓ મારફત ભાગ લેવાનો અધિકાર છે.

(2) દરેક વ્યક્તિને પોતાના દેશની જાહેર સેવા વાપરવાનો સમાન અધિકાર છે.

(3) સરકારની સત્તાનો આધાર લોકોની ઈચ્છા રહેશે : આ ઈચ્છા સમયાંતરે યોજાતી અને યથાર્થ ચૂંટણીમાં વ્યક્ત થશે, કે જે સાર્વત્રિક અને સમાન મતાધિકારવાળી હશે અને જે ખાનગી મતદાન અથવા સમાન મુક્ત પ્રક્રિયાઓથી યોજાશે.

22. દરેક વ્યક્તિને, સમાજના સભ્ય તરીકે, સામાજિક સુરક્ષાનો અધિકાર છે અને રાષ્ટ્રીય પ્રયત્ને અને આંતરરાષ્ટ્રીય સહકારથી અને દરેક રાજ્યનો સંગઠન અને સંશોધનને અનુરૂપ, પોતાના ગૌરવ અને પોતાના વ્યક્તિત્ત્વના મુક્ત વિકાસ માટે અનિવાર્ય આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો માટે હક્કદાર છે.

23. (1) દરેક વ્યક્તિને કામ, રોજગારીની મુક્ત પસંદગી, કામની ન્યાયી અને અનુકૂળ શરતો અને બેરોજગારી સામે રક્ષણનો અધિકાર છે.

(2) દરેક વ્યક્તિને,કોઈ પણ ભેદભાવ વગર, સમાન કામ માટે સમાન વેતનનો અધિકાર છે.

(3) જે કામ કરે છે તે દરેક વ્યક્તિને પોતાના અને પોતાના કુટુંબના માનવ ગૌરવને યોગ્ય એવાં અસ્તિત્ત્વ માટે ન્યાયી અન્ અનુકૂળ મહેનતાણાનો અધિકાર છે, અને જરૂર પડ્યે, અન્ય સાધનો અને સામાજિક સુરક્ષાથી તેની પુરવણી થવી જોઈએ.

(4) દરેક વ્યક્તિને પોતાનાં હિતોનાં રક્ષણ માટે મજૂર મંડળો રચવાનો અને તેમાં જોડાવાનો અધિકાર છે.

24. દરેક વ્યક્તિને, કામના કલાકો પર વાજબી નિયંત્રણ અને સમયાંતરે પગાર સાથે રજાઓ સાથે, આરામ અને ફુરસદનો અધિકાર છે.

25. (1) દરેક વ્યક્તિને, ખોરાક, કપડાં, રહેઠાણ અને તબીબી કાળજી અને જરૂરી સામાજિક સેવાઓ સહિત, પોતાનાં અને પોતાના કુટુંબના આરોગ્ય અને કલ્યાણ માટે પૂરતા જીવનધોરણ માટે અધિકાર છે અને તેને બેકારી, માંદગી, અસમર્થતા, વિધવાસ્થિતિ, વૃદ્ધાવસ્થા અથવા પોતાના અંકુશ બહાર જીવનનિર્વાહ અભાવના પ્રસંગે સુરક્ષાનો અધિકાર છે.

(2) માતૃત્વ અને બાળપણ ખાસ કાળજી અને મદદ માટે હક્કદાર છે. લગ્નથી કે લગ્ન બહાર જન્મ પામેલાં તમામ બાળકો એક જ પ્રકારનું સામાજિક સંરક્ષણ ભોગવશે.

26. (1) દરેકને શિક્ષણનો અધિકાર છે. ઓછામાં ઓછું પ્રાથમિક અને મૂળભૂત તબક્કાઓમાં શિક્ષણ નિઃશુલ્ક હોવું જોઈએ. પ્રાથમિક શિક્ષણ ફરજિયાત હોવું જોઈએ.

(2) શિક્ષણ માનવ વ્યક્તિત્ત્વના પૂર્ણ વિકાસ અને માનવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યો માટેનો આદર મજબૂત બનાવવા તરફ નિર્ધારિલ હશે.તે તમામ રાષ્ટ્રો, જાતીય અથવા ધાર્મિક જૂથો વચ્ચે સમાજ, સહનશીલતા અને મિત્રતાને ઉત્તેજન આપશે અને શાંતિની જાળવણી માટે યુનોની પ્રવૃત્તિઓ આગળ ધપાવશે.

(3) પોતાનાં બાળકોને કયા પ્રકારનું શિક્ષણ આપવામાં આવશે, તે પસંદ કરવાનો અગ્ર અધિકાર મા-બાપને રહેશે.

27. (1) દરેક વ્યક્તિને, સમૂહના સાંસ્કૃતિક જીવનમાં મુક્ત રીતે ભાગ લેવાનો, કલા માણવાનો અને વૈજ્ઞાનિક પ્રગતિ અને તેના લાભોનો હિસ્સો લેવાનો અધિકાર છે.

(2) પોતે જેનો કર્તા હોય તે વૈજ્ઞાનિક, સાહિત્યિક અથવા કલાત્મક કૃતિમાંથી પરિણમતા નૈતિક ભૌતિક હિતોના રક્ષણનો દરેક વ્યક્તિને અધિકાર છે.

28. દરેક વ્યક્તિ એવી સામાજિક અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા માટે હક્કદાર છે કે જેમાં આ ઘોષણામાં નિર્દિષ્ટ કરાયેલ અધિકારો અને સ્વાતંત્ર્યો પૂર્ણતઃ પ્રાપ્ત કરી શકાય.

29. (1) જે સમાજમાં જ માત્ર પોતાના વ્યક્તિત્ત્વનો મુક્ત અને પૂર્ણ વિકાસ શક્ય છે તેના તરફ દરેક વ્યક્તની ફરજો છે.

(2) પોતાના અધિકારો અને સ્વાતંત્ર્યોના ઉપભોગમાં દરેક વ્યક્તિ, એવા નિયંત્રણને આધીન રહેશે કે જે બીજાના અધિકારો અને સ્વાતંત્ર્યોના આદરની યોગ્ય સ્વીકૃતિ મેળવવાના એકમાત્ર હેતુથી અને લોકશાહી સમાજમાં નૈતિકતા, જાહેર વ્યવસ્થા અને સામાન્ય કલ્યાણની ન્યાયી જરૂરિયાતોને પહોંચી વળવા માટે કાયદાથી નક્કી કરાયેલ હોય.

(3) આ અધિકારો અને સ્વાતંત્ર્યો, કોઈપણ પ્રસંગે, યુનોના હેતુઓ અને સિદ્ધાંતો વિરુદ્ધ વાપરી શકાશે નહીં.

30. આ ઘોષણામાંની કોઈ જોગવાઈઓમાં એમ ગર્ભિત હોવાનું અર્થઘટન કરી શકાશે નહીં કે જેનાથી કોઈ રાજ્ય, જૂથ અથવા વ્યક્તિને, અહીં નિર્દિષ્ટ કરાયેલ અધિકારો અને સ્વાતંત્ર્યનો નાશના હેતુથી કોઈ પ્રવૃત્તમાં સંમિલિત થવાનો, કે કૃત્ય કરવાનો અધિકાર મળતો.

### (4) યુનોના માનવ અધિકારનું મૂલ્યાંકન

યુનોએ ઘોષિત કરેલ માનવ અધિકારોનો દસ્તાવેજ આપણા યુગનો શ્રેષ્ઠ દસ્તાવેજ છે. યુનોની સમિતિઓમાં જ નહીં, પરંતુ જુદાં જુદાં દેશોનાં બંધારણો અને સંગઠનોમાં અવાર-નવાર અચૂક તેનો ઉલ્લેખ થાય છે. 50 વર્ષ અગાઉ જાહેર કરાયેલ આ માનવ અધિકારો વર્તમાન યુગની તમામ જરૂરિયાતો માટે યોગ્ય અને સાનુકૂળ જણાયાં છે. સમયની ચકાસણીમાંથી સફળ રીતે પસાર થયેલ

છે. તેમાં કોઈ ગંભીર ભૂલ તારવી શકાય તેમ નથી. આ માનવ અધિકારો કોઈ પણ એક વર્ગ, જેમ કે ખેડૂતો, કામદારો, સનદી નોકરો કે પત્રકારો માટેના નહીં, પરંતુ દરેક માનવ માટે છે. માનવ અસ્તિત્ત્વ માટે આ અધિકારો એટલા બધા જરૂરી છે કે તેના અભાવે સારું જીવન પસાર કરવાનો રસ્તો નજરે પડતો નથી.

આ ઘોષણાના પ્રથમ ભાગ (અનુચ્છેદ 3 થી 21)માં પરંપરગાગત માનવ અધિકારો (Traditional Human Rights) વિશે જોગવાઈ કરાયેલ છે. અનુચ્છેદ 21માં શાસનમાં હિસ્સેદારી કરવાના લોકશાહી અધિકારોની વાત કરાયેલ છે. બીજા વિભાગ (અનુચ્છેદો 22 થી 28)માં આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો નિર્દિષ્ટ કરાયા છે. યુનોએ ઘોષિત કરેલ તમામ અધિકારો કોઈ પણ જાતના જાતીય ભેદભાવ (Sexual Discrimination) વગર દરેક માનવને લાગુ પાડવામાં આવ્યા છે. આમ આ દસ્તાવેજમાં કોઈની એકપક્ષીય તરફેણ ન કરીને, માનવ અધિકારોના ક્ષેત્રમાં, યુનોએ મોટી સિદ્ધિ હાંસલ કરેલ છે. માનવ પુરુષ હોય કે સ્ત્રી, આ તમામ માનવ અધિકારો તેને લાગુ પડે છે.

આ ઘોષણામાં અનુચ્છેદ 25(1)માં માત્ર 'તબીબી કાળજી' (Medical care) ની કરવામાં આવેલ છે. જ્યારે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોની સમજૂતી (Covenant on Economic, Social and Cultural Rights) માં શારીરિક અને માનસિક આરોગ્યનાં શ્રેષ્ઠ મળી શકતાં ધોરણ વિશે જણાવાયું છે. અલબત્ત અને માનસિક આરોગ્યનાં શ્રેષ્ઠ મળી શકતાં ધોરણ વિશે જણાવાયું છે. અલબત્ત, માનવ જીવનમાં આરોગ્ય સૌથી અગત્યની (પહેલું સુખ તે જાતે નર્યા) બાબત છે અને આરોગ્યમાં માનસિક તેમજ શારીરિક આરોગ્યનો પણ સમાવેશ થાય છે. આ કારણે અનુ. 25(1) અધૂરો હોવાનું કહી શકાય નહીં, અનુચ્છેદ 28માં વાસ્તવિકતાથી અવગણના કહીને માત્ર આદર્શ વ્યક્ત કરાયેલ હોવાનું કહેવાય છે. અનુચ્છેદ 28 જણાવે છે કે દરેક વ્યક્તિ એવી સામાજિક અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા માટે હક્કદાર છે કે જેમાં આ ઘોષણામાં નિર્દિષ્ટ કરાયેલ અધિકારો અને સ્વાતંત્ર્યો પૂર્ણતઃ પ્રાપ્ત કરી શકાય. વાસ્તવિકતા એ છે કે વર્તમાન સમયમાં કોઈ પણ સરકાર કે યુનો પણ આવી વ્યવસ્થા સર્જી શકવા સમર્થ નથી. શાંતિ અને ન્યાયપૂર્વકની સમાજરચના ત્યારે જ સ્થાપી શકાય કે જ્યારે લોકો અને રાષ્ટ્ર પણ તે માટે પ્રયત્નશીલ બને. આ વ્યવસ્થા સર્જવામાં ઘણાં બધાં અવરોધો છે. તેથી અનુચ્છેદ 28 આદર્શ સિવાય બીજું કોઈ જ નથી.

યુનોની આ ઘોષણામાં આત્મનિર્ણય (Self determination)ના અધિકારોનો ક્યાંયે ઉલ્લેખ છે નહીં. જો કે 1948ના સમયમાં આત્મનિર્ણયનો અધિકાર રાજકીય સિદ્ધાંત જ ગણાતો હતો. યુનો મહાસભાએ સ્વીકારેલ ઠરાવ નંબર 1514થી જ આત્મનિર્ણયના અધિકારને 1962માં મહત્ત્વ મળ્યું. કેટલાંક લોકો આત્મનિર્ણય અધિકારને માનવ અધિકાર તરીકે ગણતા નથી. જ્યારે કેટલાંક વિચારકોના મતે તે માનવ અધિકાર છે અને તેથી યુનો ઘોષણામાં તેને સ્થાન મળવું જોઈએ. તે જ રીતે યુનો માનવ અધિકારોના દસ્તાવેજમાં લઘુમતીઓ (Minoritites) ના કોઈ અધિકારને સ્થાન અપાયું નથી. દીવાની અને રાજકીય અધિકારીની સમજૂતી (Covenant on Civil nand Political Rights) માં લઘુમતીઓના અધિકારો નિર્દિષ્ટ કરાયા છે. લઘુમતીઓના અધિકારોને સ્થાન આપ્યા વગર માનવ અધિકાર દસ્તાવેજ પૂર્ણ ગણાય નહીં.

આ ઘોષણાના અનુચ્છેદ 29માં ફરજો વિશે પણ જણાવવામાં આવેલ છે. એ સ્પષ્ટ છે કે માનવ અધિકારો લોકશાહી, સ્વાતંત્ર્ય અને કાયદાના શાસનની વ્યવસ્થા પર આધારિત છે. માનવ અધિકારોનું મુખ્ય ધ્યેય માનવ કલ્યાણ છે અને ઘોષણામાં એ ગર્ભિત છે કે માનવ પોતે જ પોતાના ભાગ્યનો ઘડવૈયો છે. આમ છતાં, માનવે અન્ય માનવોના અધિકારોનો પણ આદર કરવો જોઈએ. તેમજ સાથે કુદરતી સંપત્તિની પણ જાળવણી કરવી જોઈએ. ભૌતિક સુખ મેળવવામાં માનવજાતે કુદરતી સંપત્તિનો ઘણો વિનાશ કર્યો છે. આથી એમ જણાય છે કે ઘોષણામાં પર્યાવરણ જાળવવાની ફરજનો પણ ઉલ્લેખ હોવો જોઈતો હતો.

યુનોએ ઘોષિત કરેલ માનવ અધિકારોની મોટામાં મોટી ખામી હોય તો તેના અમલની છે.જો કે અનુચ્છેદ 8માં જણાવાયું છે કે આ અધિકારભંગના પ્રસંગે ન્યાયિક ઉપાય (Judicial remedy)

મેળવવાનો દરેક માનવને અધિકાર છે. જે તે દેશના બંધારણ કે કાયદાથી માનવ અધિકારભંગના ઉપાયોની જોગવાઈ કરવામાં ન આવે, ત્યાં સુધી આ અધિકારોના અમલ શક્ય નથી. આ ઘોષણાપત્રમાં સહી કરનાર સભ્ય દેશમાં માનવ અધિકારોનો ભંગ થાય, તો પણ યુનો તે દેશ સામે કોઈ સીધાં પગલાં લઈ શકતું નથી. માનવ અધિકાર ભંગ બદલ યુનોમાં ફરિયાદ કરી શકાય છે. આ માનવ અધિકારોનો અમલ તો જે તે દેશની શુભનિષ્ઠા પર આધારિત છે. સરમુખત્યારશાહી દેશોમાં જ નહીં, લોકશાહી દેશો, જેવાં કે ભારત, અમેરિકા, શ્રીલંકા જેવા દેશમાં પણ માનવ અધિકારોનો ભંગ કરાઈ રહ્યો છે. દરેક સભ્ય દેશે પોતાના દેશમાં માનવ અધિકારોના અમલ વિશે અહેવાલ યુનોને મોકલવાનો હોય છે. માનવ અધિકાર ભંગના પ્રસંગે, યુનોને ભલામણ કરવા સિવાય, અન્ય કોઈ સત્તા નથી. આથી આવા પ્રસંગે, કોઈ અસરકારક ઉપાય યુનો લઈ શકે તેવી વ્યવસ્થા વિચારવી જોઈએ, હોવી જોઈએ. જે કારણોસર માનવ અધિકારોનો ભંગ થતો હોય, તે કારણોનું નિદાન થવું જોઈએ તે મહત્ત્વની વાત છે. આ કારણો દૂર કરવાના ઉપાયો શોધવાં જોઈએ. જે તે દેશના આર્થિક કે સામાજિક કારણો માનવ અધિકાર ભંગ બદલ જવાબદાર હોઈ શકે છે. આ મૂળ પરિસ્થિતિ દૂર થવી જોઈએ. તેમજ લોકોમાં આ અધિકારો વિશે અજ્ઞાનતા છે. વસ્તીની મોટા ભાગની પ્રજા આ અધિકારોથી અજ્ઞાત છે. તેથી આ લોકોમાં આ અધિકારોનું શિક્ષણ પણ અપાવું જોઈએ. યુનોએ ઘોષિત કરેલ માનવ અધિકારોનું રક્ષણ જે તે દેશે અપનાવેલી વ્યવસ્થા પર આધારિત છે. મોટા ભાગના લોકશાહી દેશોનો બંધારણમાં આ માનવ અધિકારો સ્વીકૃત કરાયા હોવાં છતાં, તેનો ભંગ થઈ રહ્યો છે. તેથી યુનો એ ભંગ થતો અટકાવવા કાંઈ વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

## (5) માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા અને ભારતીય બંધારણ હેઠળના માનવ અધિકારોની સરખામણી

માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા (Universal Declaration of Human Rights) ના માનવ અધિકારો અને ભારતીય બંધારણ હેઠળના માનવ અધિકારોની સરખામણી નીચેના કોઠામાં આપેલ છે.

**<u>સમાનતાનો અધિકાર</u>**

| મા.અ. વૈ.ઘો. | ભારતીય બંધારણ |
|---|---|
| અનુ.7 | કાયદા સમક્ષ સમાનતા અને કાયદાની સમાનતા અનુ.14 |
| અનુ.7 | ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મસ્તાનના કારણે ભેદભાવ પર પ્રતિબંધ (અનુ. 15) |
| અનુ.21 | જાહેર રોજગારીમાં તકની સમાનતા (અનુ. 16) |
| | **<u>સ્વાતંત્ર્યનો અધિકાર</u>** |
| અનું.19 અને 23 | વાણી, અભિવ્યક્તિ, સભા, સરઘસ, હરવા-ફરવા, ધંધા-વેપારનું સ્વાતંત્ર્ય (અનુ. 19) |
| અનું.11 | ગુના બાબતો દોષસિદ્ધિ સામે રક્ષણ (અનુ. 20) |
| અનું. 2 અને 3 | જીવન અને વ્યક્તિ સ્વાતંત્ર્યનું રક્ષણ (અનુ. 21) |
| | **<u>શોષણ વિરુદ્ધનો અધિકાર</u>** |
| અનુ. 4 | ગુલામોના વેપાર અને વેઠપ્રથા પર પ્રતિબંધ (અનુ. 23) |
| | **<u>ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર</u>** |
| અનુ. 18 | ધર્મના પ્રચાર અને માન્યતાનું સ્વાતંત્ર્ય (અનુ. 25) |
| અનુ. 18 | ધર્મ બાબતમાં વહીવટનું સ્વાતંત્ર્ય (અનુ. 26) |

**<u>લઘુમતીઓના શૈક્ષણિક અને સાંસ્કૃતિક અધિકારો</u>**

લઘુમતીઓની ભાષા, લિપિ કે સંસ્કૃતિનું રક્ષણ (અનુ. 29)

શૈક્ષણિક સંસ્થાઓ રચવાનો અધિકાર (અનુ. 30)

**<u>ઉપચારનો અધિકાર</u>**

અનુ. 8 મૂળભૂત અધિકારોના ભંગ માટે કે અન્ય બંધારણીય અધિકારોના ભંગ માટે ઉપચારો (અનુ. 32 અને 226)

(6) આર.ટી.આઈ. એક્ટ/રૂલ્સ હેઠળની અરજીઓ પરત્વે

Do's &Don'ts અંગે માર્ગદર્શક સૂચનાઓ બાબત.

ગુજરાત સરકાર,

સામાન્ય વહીવટ વિભાગ,

પરિપત્ર ક્રમાંક : વહસ-2005-(5) આર.ટી.આઈ. સેલ,

સચિવાલય, ગાંધીનગર

તારીખ. 22-07-2008

વંચાણે લીધો --

સામાન્ય વહીવટ વિભાગનો તા. 14-11-2005નો સમાનાંકી પરિપત્ર.

**પરિપત્ર :**

માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 અંતર્ગત સંબંધિત જાહેર સત્તામંડળની ફાઈલોમાં થયેલ નોટીસ અંગે, કર્મચારી/અધિકારીઓના તાર, કે ખાનગી અહેવાલ અંગે ટપાલ સેવા વિષયક કેટલીક અન્ય બાબતો અંગે ઉપર વંચાણમાં લીધેલ તા. 14-11-2005ના પરિપત્રિત કેટલીક માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવી હતી. જેની સરકારશ્રીએ સમીક્ષા કરી છે અને તદ્અનુસાર વિચારણાના અંતે સદરહુ તા. 14-11-200ના સમાનાંકી પરિપત્ર આથી રદ કરવામાં આવે છે.

2. માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 અંતર્ગત અરજદારો તરફથી જ્યારે સંબંધિત જાહેર સત્તામંડળ પાસેથી માહિતી માંગવામાં આવે છે. ત્યારે કેટલીકવાર આવી માહિતી આપવા ન આપવા અંગે જે તે જાહેર માહિતી અધિકારી/એપેલેટ ઓથોરીટી દ્વિધા અનુભવે છે. આથી આવા મુંઝવતા જનરલ પ્રકારના પ્રશ્નોના સંદર્ભમાં કાયદાની જોગવાઈના હાર્દને ધ્યાને લઈને તે બાબતમાં શું કરવું અને શું ન કરવું (Do's & Don'ts) તે અંગે નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

**Do's :**

(1) માહિતીનો અધિકાર કાયદાનો હેતુ ધ્યાનમાં લેતાં જાહેર માહિતી અધિકારીએ (ડીમ પીઆઈઓ સહિત) અરજદારો પ્રત્યે મિત્રભાવ દાખવીને તેમના માર્ગદર્શક બનવાનું છે તેમજ તેઓના પ્રત્યે સૌજન્યપૂર્ણ અને વ્યવહારૂ અભિગમ દાખવવામાં આવે.

(2) આ કાયદા નીચે મળેલ અરજીઓની તુરત જ પહોંચ આપવી.

(3) આવી અરજીઓ પરત્વે વધુમાં વધુ 30 દિવસમાં પ્રતિભાવ-જવાબ (માહિતી આપવા કે નહીં આપવા અંગે) આપવો જરૂરી છે.

(4) કોઈપણ વ્યક્તિના જીવન કે સ્વાતંત્ર્યને લગતી બાબત હોય તો તે અંગેની મર્યાદા 48 કલાકની છે.

(5) અરજદારને જે જવાબ આપવામાં આવે તેમાં તે કોને પ્રથમ અપીલ કરી શકશે તે અપીલ

અધિકારીનું નામ, હોદ્દો, કચેરીનું સરનામું, ટેલીફોન નંબર તથા આવી અપીલ દિન-30માં કરી શકશે તે પણ જણાવવું.

(6) અપીલ અધિકારીએ તેમની સમક્ષ થયેલ અપીલનો 30 દિવસમાં (ખાસ સંજોગોમાં 45 દિવસ) નિકાલ કરવો. અપીલ નિકાલના હુકમમાં અરજદાર રાજ્ય માહિતી આયોગને દિન-90માં અપીલ કરી શકશે તે પણ જણાવવું. આયોગની કચેરીનું સરનામું તથા ટેલીફોન નંબર પણ દર્શાવવા.

(7) નાગરિક સાદા કાગળમાં અરજી કરે તો પણ સ્વીકારવી.

(8) ગરીબી રેખાની નીચે જીવતી વ્યક્તિએ અરજી સાથે તેઓ બી.પી.એલ. હોવા અંગેના પુરાવાની નકલ બીડેલ છે કે કેમ તેની ખાતરી કરવી.

(9) નાગરિકે માંગેલ માહિતી આપવા પાત્ર થતી હોય તો નાગરિકે નકલ ચાર્જ કેટલો ભરવાનો રહે છે તેની જાણ અરજી મળ્યેથી શક્ય તેટલી સત્વરે કરવી. વધુમાં વધુ 30 દિવસની અંદર નકલ ચાર્જ ભરવા અંગેનો પત્ર લખાઇ જવો જોઈએ.

(10) માહિતી સમયમર્યાદા પછી આપવામાં આવે તો તે વિનામૂલ્યે આપવી.

(11) જાહેર સત્તામંડળને અરજી મળી હોય પરંતુ માંગેલ માહિતી અન્ય જાહેર સત્તામંડળને લગતી હોય તો આવી અરજી સંબંધિત જાહેર સત્તામંડળને પાંચ દિવસ તબદિલ કરવી.

(12) આ કાયદાની કલમ -8 અને કલમ-9 વગેરેની જોગવાઈ ધ્યાને લેતાં માહિતી આપવાની થતી ન હોય તો તે નકારવા માટેના કારણો આપવા.

(13) અરજીની ફી રૂા.20/-ની છે.નિયમોની હાલની જોગવાઈ મુજબ અરજી ફી નાગરિક રોકડેથી અથવા ડીમાન્ડ ડ્રાફટથી અથવા બેંકના પે ઓર્ડરથી અથવા નોન જ્યુડિશીયલ સ્ટેમ્પ અરજી ઉપર લગાવીને ભરી શકે છે. આથી આ પ્રકારની અરજીઓનો સ્વીકાર કરવો.

(14) નકલ ફી માટે પૃષ્ઠ દીઠ રૂા.2/- લેવાના રહે. જ્યારે ફલોપી કે ડીસ્કમાં માહિતી સંગ્રહવામાં આવી હોય અને તેવી ફલોપી કે ડીસ્કમાં માહિતી પૂરી પાડવાની થતી હોય તો રૂા.50/-નો ચાર્જ લેવો. (પરંતુ જે ખાતામાં આ અંગેના અલગ રીતે દરો નક્કી કરવામાં આવ્યા હશે ત્યાં આ ફીના ધોરણો લાગુ પડશે નહિ).

(15) રેકર્ડની તપાસણી માટે પ્રથમ અડધો કલાક માટે કોઈ ચાર્જ નહિ, ત્યાર પછી દરેક અડધા કલાક માટે રૂા.20/- લેવાના થાય છે.

(16) નાગરિક દ્વારા માંગવામાં આવેલ માહિતી કાયદાની કલમ-8(1) અને કલમ-9ના વ્યાપમાં આવતી ન હોય તો કાયદાકીય જોગવાઈ પ્રમાણે સમયમર્યાદામાં આપવી. ખાનગી અહેવાલ અંગે, ખાતાકીય તપાસ અંગે, ફાઈલ નોટીંગ અંગે વગેરે સહિત વિવિધ પ્રકારની માહિતી જ્યારે માંગવામાં આવે ત્યારે કાયદાની ઉપરોક્ત કલમોમાં બાધ ન આવતી માહિતી સમયમર્યાદમાં આવવી.

**Don'ts :**

(1) નાગરિક જ્યારે રૂબરૂમાં અરજી આપે ત્યારે અથવા તેણે પોસ્ટથી મોકલેલ અરજીમાં માંગેલ માહિતી પોતાની કચેરી જાહેર સત્તામંડળની ન હોય તો પણ તે સ્વીકારવા માટેનો ઈન્કાર કરવો નહિ અને આવી અરજી મળ્યાથી નિયત સમયમર્યાદામાં જે જાહેર સત્તામંડળને હસ્તાંતરિત કરવી.

(2) માહિતી ક્યા હેતુ માટે જોઈએ છે તે અંગે પૂછાણ કરવું નહિ.

(3) અરજદાર નિયત નમુનામાં જ અરજી કરે તેવો આગ્રહ રાખવો નહિ.

(4) ગરીબી રેખાથી નીચેની વ્યક્તિ (બીપીએલ) પાસેથી અરજી ફી તથા નકલ ચાર્જ લેવો નહિ.

(5) માહિતી સમયમર્યાદા પછી આપવામાં આવે તો તે વખતે નકલ ચાર્જ વસુલવો નહિ.

(6) માંગવામાં આવેલ માહિતી કાયદાની કલમ-8(1)ના વ્યાપમાં આવતી હોય અને તે ન આપવા માટેનું વાજબીપણું પ્રસ્થાપિત કરી શકાતું હોય તો તે માહિતી આપવાનો ઈન્કાર કરી શકાય, પરંતુ કઈ કલમ નીચે આ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે તે અરજદારને જણાવવાનું રહે.

(7) અરજદાર નકલ ફી રૂબરૂમાં જ ભરે અને રૂબરૂમાં જ નકલ મેળવી લે તેવો આગ્રહ રાખવો નહિ.

(8) જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થઈને જ્યારે કોઈ અરજદાર કાયદાની કલમ-19(1) તથા નિયમ-6(1) મુજબ એપેલેટ ઓથોરીટીને ફર્સ્ટ અપીલ કરે ત્યારે કોઈપણ પ્રકારની અપીલ ફી લેવાની રહેતી નથી.

ઉપર મુજબ Do's & Don'ts ને ફક્ત માર્ગદર્શક સૂચના તરીકે ગણવાની છે. અલબત્ત માહિતીનો અધિકાર અધિનિયમ નીચે ભારતના નાગરિક દ્વારા જે કંઈ માહિતી માંગવામાં આવે તે આપવી નહીં આપવા અંગેની આખરી નિર્ણય સંબંધિત જાહેર માહિતી અધિકાર એપેલેટ ઓથોરીટીએ કાયદાની જોગવાઈઓને આધિન સ્વતંત્ર રીતે લેવાનો રહે છે. આથી જાહેર માહિતી અધિકારી એપેલેટ ઓથોરીટીએ દરેક કેસની હકીકત, સંજોગો, તેની સંવેદનશીલતા વિગેરે ધ્યાનમાં લઈને તથા લાગુ પડતી બાબતોમાં જાહેર હિત વિરૂધ્ધ આપવા યોગ્ય છે કે કેમ, તે અંગે પુખ્ત વિચારણા કરી પોતે application of mind કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહે છે અને કાયદાની જે તે જોગવાઈનો ઉલ્લેખ કરીને જવાબ આપવાનો રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સી.એસ. ઉપાધ્યાય,

સરકારના નાયબ સચિવ,

સામાન્ય વહીવટ વિભાગ

## (7) રાઈટ ટુ એજ્યુકેશન Right to Education RTE) :

### (1) પ્રસ્તાવના :

- વ્યક્તિના જન્મથી લઈને મૃત્યુ સુધી વિવિધ ક્રિયાઓ હાથ ધરવામાં આવતી હોય છે.જે ચોક્કસ સમયગાળામાં બંધાયેલ હોય છે. જેમ કે પ્રવૃત્તિ કરવા માટે ચોક્કસ સમય મર્યાદા હોય છે. આર્થિક, રાજકીય, સામાજિક પ્રવૃત્તિઓની સમય મર્યાદા હોય છે. સમયને ધ્યાનમાં રાખી દકેર પ્રવૃત્તિ થતી હોય છે. શીખવાની ક્રિયા પણ ચોક્કસ ઉંમરે થતી હોય છે.
- માનવીના જીવનની કેટલીક પ્રવૃત્તિઓ એવી છે કે જે નિરંતર ચાલ્યા કરે છે. માનવીની શીખવાની ક્રિયા નાનપણથી શરૂ થાય છે.
- જીવનના દરેક તબક્કામાં વ્યક્તિ કંઈકને કંઈક શીખે છે જેને ઉંમરનું કોઈ બંધન નથી તેમ છતાં આપણા શિક્ષણ માળખામાં શિક્ષણની પાત્રતા મેળવવાના વયને ધ્યાનમાં લીધેલ છે, જે અનુસાર બાળક 6 વર્ષની ઉંમરનું થાય પછી તેના વિચારોને ગતિવંત બનાવાનું કાર્ય શિક્ષણ કરશે.
- બાળકની કુમળીવય અને કુમળા માનસપટને જે દિશામાં વાળીશું એમ વળશે અને આ બાબતને આપણી સરકારશ્રીએ ધ્યાનમાં લીધી અને સર્વ શિક્ષા અભિયાન અને રાઈટ ટુ એજ્યુકેશન (RTE) ની જાહેરાત કરી.

### (2) રાઈટ ટુ એજ્યુકેશનનું અમલીકરણ :

- શિક્ષા મેળવવાનો અધિકાર દરેક વ્યક્તિને હોય છે આથી કેન્દ્ર સરકારે 6 થી 14 વર્ષના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પ્રાપ્ત થાય એ માટે "The right to children to free and compulsory education act, 2009" ને માન્યતા આપીને બાળકોના ભાવિને ઉજાસમય બનાવવાનો પ્રયત્ન કરેલ છે.

- આ કાયદાના અમલમાં અનેક અવરોધો આવ્યા અને ખૂબ લાંબા સમયગાળાની વિચારણાને અંતે આ એકટ સંસદમાં પસાર કરાયો. આ કાયદામાં અનેક જોગવાઈઓ કરવામાં આવી છે.

**(3) રાઈટ ટુ એજ્યુકેશનનો ઈતિહાસ :**

- ભારતના બંધારણમાં શિક્ષણ વિશેની જોગવાઈ છે જે મુજબ નીચે દર્શાવેલ પગલાંઓ સમયાંતરે લેવામાં આવ્યા છે.

1. 1950 ભારતીય બંધારણના આર્ટીકલ 45 મુજબ દરેક રાજ્યો એ બાળકોને 14 વર્ષની ઉંમર સુધી મફત અને ફરજિયાત શિક્ષણ આપવું.
2. 1968 પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણ કમિશને ડૉ.કોઠારીના અધ્યક્ષ સ્થાને રિપોર્ટ રજૂ કર્યો જેમાં ગણિત અને વિજ્ઞાનને ફરજિયાત વિષય બનાવવા અને કોમન સ્કૂલ સિસ્ટમ જેવી વિવિધ ભલામણો કરી.
3. 1976- બંધારણીય સુધારા મુજબ શિક્ષણને રાજ્ય-કેન્દ્રની સંયુક્ત જવાબદારી તરીકે સ્વીકાર્યા.
4. 1986- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ CSS (Common School System) ની તરફેણ કરી પણ અમલ ન થયો.
5. 2002-86 નો બંધારણીય સુધારો શિક્ષણને લઈ કરાયો જેમાં આર્ટીકલ 21એ ઉમેરવામાં આવ્યો.
6. 2005- CABE (Central Advisory Borad Education) કમિટીએ રાઈટ ટુ એજ્યુકેશન ડ્રાફ્ટ ઘડ્યો એ ડ્રાફ્ટ માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયને સોંપવામાં આવ્યો. માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયે તેને NAC (National Advisory Council) ને સુપ્રત કર્યો. નેક આ ખરડાને મંજૂરી માટે વડાપ્રધાન અને સંસદમાં મોકલાવ્યો.
7. 2006- કેન્દ્ર સરકારે દરેક રાજ્યને આ મૉડેલ ડ્રાફ્ટ અભ્યાસ અને જરૂરી જોગવાઈ કરે એ માટે મોકલ્યું.
8. 2009- કાચું ડ્રાફ્ટિંગ 2005માં તૈયાર થઈ ગયું પરંતુ તેની મંજૂરી 2 જુલાઈ 2009માં મળી. રાજ્યસભા અને લોકસભામાં મજૂરી મળ્યા બાદ 3 સપ્ટેમ્બર 2009ના રોજ ચોક્કસ સ્વરૂપની માન્યતા પ્રાપ્ત થઈ.

- એક કાયદાને માન્યતા મળવામાં ખૂબ લાંબો સમય નીકળી ગયો એ આપણી ધીમી સરકારી નીતિનું સૂચન કરે છે. એક ખરડાને કાયદામાં પરિવર્તન કરવા માટે 2005 થી 2009નો સમયગાળો એ સરકારની નીતિઓ સામે પ્રશ્નાર્થ ઊભો કરે છે.

**(4) રાઈટ ટુ એજ્યુકેસનના મુદ્દાઓ :**

- રાઈટ ટૂ એજ્યુકેશન એકટ- 2009 હેઠળ ધોરણ 1 થી 8 ધરાવતી તમામ શાળાઓને લાગુ પડે છે. સુપ્રિમ કોર્ટ દ્વારા આ એક્ટને માન્યતા આપવામાં આવી. આ માટે નીચે મુજબના નિયમો નક્કી કરાયા.

1. શાળામાં બાળકોને પ્રવેશ આપતી વખતે શાળા સંચાલકો કોઈ પણ પ્રકારની પીટેશન ફી ડિપોઝીટ કે દાન વસુલ કરી શકશે નહીં.
2. શાળા પ્રવેશ પ્રક્રિયા સમયે બાળક એ એના માતા પિતા સહિત કોઈ વાલની ઈન્ટરવ્યુ લઈ શકશે નહીં.
3. તમામ સરકારી, બિનસરકારી, અનુદાનિત શાળા જિલ્લા શિક્ષણ સમિતિ, સંચાલન શાળા કે કોઈપણ બોર્ડ સાથે સંકળાયેલ કોઈપણ પ્રકારના માધ્યમની તમામ પ્રાથમિક શાળાઓના સંચાલકે આ જોગવાઈઓનું પાલન કરવું પડશે.
4. RTE નું ઉલ્લંઘન કરનાર શાળાને 25000 સુધીનો દંડ અને ત્યાર પછીના પ્રત્યેક ઉલ્લંઘન માટે 50000ના દંડની જોગવાઈ છે.

5. પ્રશિક્ષિત શિક્ષકોની જ ભરતી કરવી.
6. ખાનગી ટ્યુશન પર સંપૂર્ણ રોક તેમજ બાળકોને શારીરિક સજા આપી શકાશે નહીં.
7. આ એક્ટ હેઠળ મધ્યમ વર્ગના તેમજ ગરીબ વર્ગના બાળકો માટે શાળાઓમાં 25% રિઝર્વ સીટ રાખવી પડશે.

**(5) રાઈટ ટુ એજ્યુકેશનના ધારા ધોરણો :**

- રાઈટ ટુ એજ્યુકેશનમાં શિક્ષણ સંબંધિત નિયમો, શિક્ષકોની લાયકાત જેવી બાબતોનો સમાવેશ થાય છે જેને જોઈએ તો....

1. શૈક્ષણિક સંસ્થાઓની માહિતી મોકલવી. રાઈટ ટુ એજ્યુકેસન મુજબ બધી જ સ્કૂલોએ માહિતી જીલ્લા શિક્ષણ અધિકારીને આપવી પડશે અને એ માટે Form -1, ભરવાનું રહેશે. આધાર મુજબ સ્કૂલ નફાના ધોરણે નહીં પણ શિક્ષણના હેતુથી ચાલવી જોઈએ ફોર્મ -1માં નીચે મુજબની બાબતોનો સમાવેશ થાય છે.

- છેલ્લા 3 વર્ષની આવક અને ખર્ચ તેમજ ખાદ્ય અને પુરાંતની સ્થિતિ
- શાળાનો કુલ વિસ્તાર
- એનરોલમેન્ટનું પ્રમાણ
- પુસ્તકાલયના પુસ્તકોની યાદી, પાક્ષિકો અને મેગેઝિન તેમજ વર્તમાન પત્રની યાદી.
- શૌચાલયોની સંખ્યા અને પ્રકાર (છોકરા અને છોકરીઓના સંદર્ભમાં પ્રકાર)
- શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગત
- અભ્યાસક્રમ અનુસરણ કઈ રીતે થાય છે તેની વિગત

- આ રીતે ફોર્મમાં વિગતો ભરી જમા કરાવ્યા બાદ ત્રણ મહિનાની અંદર DEO દ્વારા શાળાનું નિરીક્ષણ થાય છે અને ત્રણ વર્ષ માટેનું કામચલાઉ ઓળખ પ્રમાણપત્ર આપવામાં આવે છે. જે સ્કૂલોએ RTE ના નિયમોનું પાલન કરી ફોર્મ ભરીને મોકલ્યું હોય તેની સામે કાયદેસરના પગલાં લેવાશે.
- RTE 18(5) અનુસાર દરેક સ્કૂલ ચલાવનારે “certification of recognition” મેળવવું પડશે તે ન મેળવનાર માટે આકરા દંડની જોગવાઈ છે.
- શિક્ષકોની લાયકાત :
- શિક્ષકોની ભરતી કરવામાં આવે ત્યારે શૈક્ષણિક લાયકાતનાં ધારાધોરણો જળવાયેલાં જોઈએ. RTE નાં સેકસન 23(3) મુજબ પાંચ વર્ષના સમયગાળામાં જરૂરી લાયકાત મેળવી લેવાની રહેશે.
- શિક્ષકોએ બાળકોને માતૃભાષામાં જ શિક્ષણ આપવું પડશે એવી જોગવાઈ છે, જેનો ઉલ્લેખ RTE સેકશન 24(1સી)માં કરવામાં આવ્યો છે.

**સ્કુલ બિલ્ડીંગ :**

- આર.ટી.ઈ. મુજબ સારા શિક્ષણ માટે શિક્ષણનું સારું વાતાવરણ સર્જવું જરૂરી છે.જે માટે સ્કૂલની માળખાકીય સગવડો સારી હોવી જોઈએ. શાળામાં રમતનું મેદાન, શૌચાલયો, પૂરતાં વર્ગ ખંડો, લાયબ્રેરી જેવી સગવડો જરૂરી છે. જેના પર આ કાયદામાં ભાર મૂકવામાં આવ્યો છે.
- આર.ટી.ઈ.માં જણાવ્યા પ્રમાણએ ભૌતિક માળખું ઊભું થશે કે કેમ તે એક પ્રશ્ન છે. ગ્રામ્ય વિસ્તારમાં આ માળખું ઊભું કરવાનું મુશ્કેલરૂપ છે. ગ્રામ્ય વિસ્તારમાં પૂરતી સગવડો જોવા મળતી નથી.

**(6) કાયદા સમક્ષનો પડકાર :**

1. દેશની પ્રાથમિક શાળાઓમાં 40% મળશે, શિક્ષકોની અછત છે, તો નક્કી કરેલ રેશિયા પ્રમાણે 30% અને 35%ના રેશિયાનું પાલન કઈ રીતે થશે ?
2. 33% શાળાઓમાં કન્યાઓ માટે શૌચાલયો નથી.
3. 39% શાળાઓમાં વિકલાંગ બાળકો માટે જરૂરી સુવિધા નથી.
4. સમગ્ર દેશમાં 11 લાખ શિક્ષકોની અછત છે.
5. 8 લાખથી વધુ શિક્ષકોને તાલીમની જરૂર છે.
6. શિક્ષકોને ફિક્સ વેતનમાં સારી કામગીરીની આશા સરકાર સેવી રહી છે તે શું શક્ય છે ?
7. ખાનગી શાળાઓમાં આ કાયદાનું પાલન નહીં થાય તો ઊંચી ફી વસુલીને શાળાઓ વિદ્યાર્થીનું શોષણ કરશે જ.
8. ગ્રામીણ વિસ્તારોની શાળામાં અપૂરતી સુવિધાઓ જોવા મળે છે એથી RTE નાં ધોરણો જળવાશે નહીં.
9. જો શાળાઓ આ નિયમનું પાલન નહીં કરે તો દંડની જોગવાઈ છે પણ શું સરકારશ્રી સરકારી શાળાઓને દંડ કરશે ખરા? દંડ ન કરવામાં આવે તો તેનું પરિણામ વિદ્યાર્થીઓએ ભોગવવું પડશે.
10. કાયદા વિષે લોકો અજાણ છે, કાયદા અંગેની વર્તમાન પેપરમાં ખાસ કોઈ જાહેરાત આપવામાં આવતી નથી.
11. ગ્રામીણ વિસ્તારના અને શહેરી વિસ્તારના વાલીઓ જે અશિક્ષિત છે તેમને આ કાયદાની જાણ નથી, તેથી શાળા સંચાલકો તેનો ગેરલાભ ઉઠાવશે.

**(7) રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ સ્કૂલ માટેના નિયમો :**

| **વિગતો** | **નિયમો એ ધોરણો** |
|---|---|
| ● શિક્ષકોની સંખ્યા | 30 :1 ( 1 થી 5 ધોરણ માટે) |
| | 35 : 1 (6 થી 8 ધોરણો માટે) |
| | ઓછામાં ઓછા ત્રણ વિષય શિક્ષકો (6થી 8 ધોરણ માટે) |
| ● બિલ્ડીંગ સુવિધા | 1 શિક્ષક દીઠ એક કલાસરૂમની સુવિધા |
| | 1 ઓફિસ કમ સ્ટોર (હે. માસ્તર માટે) |
| | સેપરેટ ટૉયલેટ બાથરૂમ |
| | (છોકરા-છોકરીઓ માટે) |
| | પીવાનું પાણી |
| | મધ્યાહ્ન ભોજન યોજના માટે રસોડું |
| | મેદાન |
| | બાઉન્ડ્રી વોલ |
| ● શૈક્ષણિક વર્ષના ન્યૂનતમ | 200 દિવસ (વર્ગ 1 થી 5 માટે) |
| કામના કલાકો | 200 દિવસ (વર્ગ 6 થી 8 માટે) |

## (8) સારાંશ Let us sumup)

- **યુનાએ જાહેર કરેલ માનવ અધિકારો :**

- દરેક વ્યક્તિને જીવન, સ્વાતંત્ર્ય અને સલામતી માટે અધિકાર છે.
- કોઈપણ વ્યક્તિને ગુલામી કે દાસત્સમાં રાખવામાં આવશે નહીં, ગુલામી અને ગુલામનો વ્યાપાર તેનાં તમામ સ્વરૂપોમાં પ્રતિબંધિત રહેશે.
- દરેક વ્યક્તિને કાયદા સમક્ષ, કોઈપણ જગ્યાએ વ્યક્તિ તરીકેની માન્યતાઓ અધિકાર છે.
- કોઈપણ વ્યક્તિને મનસ્વી ધરપકડ, અટકાયત કે દેશ નિકાલને આધીન બનાવાશે નહીં.

- **રાઈટ ટુ એજ્યુકેશન :**

- દરેક રાજ્યોએ બાળકોને 14 વર્ષની ઉંમર સુધી મફત અને ફરજિયાત શિક્ષણ આપવું.
- 2009માં રાઈટ ટુ એજ્યુકેસન અમલમાં આવ્યો.
- શાળામાં બાળકોને પ્રવેસ આપતી વખતે શાળા સંચાલકો કોઈપણ પ્રકારની કેપિટેશન ફી ડિપોઝીટ કે દાન વસુલ કરી શકશે નહીં.
- પ્રવેશ સમયે બાળકનું કે માતા પિતાનું ઈન્ટરવ્યુ લઈ શકશે નહીં.

## (9) એકમ સ્વાધ્યાય (Unit Eercises)

1. યુનોએ જાહેર કરેલાં માનવ અધિકારો વિશે નોંધ લખો.
   (સૌ.યુ. એપ્રિલ 2003, 2006, 2009, ગુ.યુ.એ. 2000, 2001, 2007 સ.પ.યુ. એપ્રિલ 2009, દ.ગુ.યુ. એપ્રિલ 2012)
2. ટૂંકનોંધ લાખો - માનવ અધિકારોનું વૈશ્વિક ઘોષણાપત્ર. (દ.ગુ.યુ.મે. 2000, 2004)
3. માનવ અધિકારોના રક્ષણ અને ઉત્તેજનમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના ફાળાની ચર્ચા કરો.
   (સૌ. યુ. એપ્રિલ 2000, 2013, દ.ગુ.યુ. એપ્રિલ 2000,2001, 2002, 2004, 2007, 2011, ઉ.ગુ.યુ. એપ્રિલ 2003, 2007, 2009)
4. માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા 1948ની જોગવાઈઓ ટૂંકમાં સમજાવો અને તેનું મૂલ્યાંકન કરો. (ઉ.ગુ.યુ. ઓક્ટો. 2009)
5. માનવ અધિકારોનો અર્થ સમજાવી, માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા 1948ની જોગવાઈઓની વિગતો સમજાવો. (ગુ.યુ. એપ્રિલ 2011, 2012)

## (10) તમારી પ્રગતિ ચકાસો :

(1) યુનાના માનવ અધિકારો (કોઈપણ બે) જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) આર.ટી.આઈ. હેઠળ માહિતી જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

......................................................................
......................................................................
......................................................................

(3) રાઈટ ટુ એજ્યુકેશનનો અમલ ક્યારે થયો ?

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

(4) રાઈટ ટુ એજ્યુકેશનના (કોઈપણ બે) મુદ્દાઓ જણાવો.

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

(5) રાઈટ ટુ એજ્યુકેશનના ધારા ધોરણોના (કોઈપણ બે) મુદ્દાઓ જણાવો.

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

(6) કાયદા પ્રમાણે રાઈટ ટુ એજ્યુકેશનના પડકારો (કોઈપણ બે) જણાવો.

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

## (11) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer to check your progress)

**(1) યુનોના માનવ અધિકારો (કોઈપણ બે) જણાવો.**

- દરેકને વ્યક્તિના જીવન, સ્વાતંત્ર્ય અને સલામતી માટે અધિકાર છે.
- દરેક વ્યક્તિને કાયદા સમક્ષ કોઈપણ જગ્યાએ વ્યક્તિ તરીકેની માન્યતાઓનો અધિકાર છે.

**(2) આર.ટી.આઈ.ની માહિતી જણાવો.**

1. આ કાયદા પ્રમાણે મળેલ અરજીની તરત જ પહોંચ આપવી.

2. 30 દિવસમાં જવાબ આપવો જરૂરી છે.

**(3) રાઈટ ટુ એજ્યુકેશનનો અમલ ક્યારે થયો ?**

- 2 જુલાઈ 2009માં અમલમાં આવ્યો.

**(4) રાઈટ ટુ એજ્યુકેશનના (કોઈપણ બે) મુદ્દાઓ જણાવો.**

1. શાળામાં બાળકોને પ્રવેશ આપતી સમયે શાળા સંચાલકો કોઈપણ પ્રકારની કેપિટેશન ફી ડિપોઝીટ કે દાન વસૂલ કરી શકશે નહીં.
2. શાળા પ્રવેશ પ્રક્રિયા સમયે બાળક કે એના માતાપિતા સહિત કોઈ વાલીને ઈન્ટરવ્યુ લઈ શકશે નહીં.

**(5) રાઈટ ટુ એજ્યુકેશનના ધારાધોરણોના (કોઈપણ બે) મુદ્દા જણાવો.**

1. શૈક્ષણિક સંસ્થાઓની માહિતી મોકલવી.

2. શિક્ષકોની ભરતી કરવામાં આવે ત્યારે શૈક્ષણિક લાયકાતોના ધારાધોરણો જાળવવા જોઈએ.

(6) રાઈટ ટુ એજ્યુકેશન સામેના પડકારો (કોઈપણ ત્રણ) **જણાવો.**

1. શિક્ષકોને તાલીમની જરૂર.
2. જો શાળાઓ નિયમનું પાલન ન કરે તો દંડની જોગવાઈ છે પણ સરકારશ્રી સરકારી શાળાઓને દંડ કરશે ખરા ?
3. લોકો રાઈટ ટુ એજ્યુકેશનના કાયદાથી અથવા છે.
4. શાળાઓમાં પૂરતા પ્રમાણમાં શૌચાલયો નથી.

**(12) સૂચિત વાંચન સામગ્રી :**


(1) કારીઆ એ.એન. : માનવ અધિકારો, સી. જમનાદાસની કંપની, અમદાવાદ

(2) પરમાર અર્ચના : યોજના, સપ્ટેમ્બર-2013, અમદાવાદ

(3) પટેલ હર્ષદ : શિક્ષણનો અધિકાર, ક્ષિતિ પબ્લિકેશન, અમદાવાદ

એકમ 7

# બાળકોના અધિકાર (Child rights)

## : રૂપરેખા :

(1) પ્રસ્તાવના
(2) બાળકની વ્યાખ્યા
(3) બાળકોના અધિકાર એટલે શું ?
(4) બાળકોના અધિકારો
(5) બાળકોની સમસ્યાઓ
(6) બાળકોના માનવ અધિકારોના રક્ષણની આંતરરાષ્ટ્રીય ભૂમિકા
(7) ભારતનું બંધારણ અને બાળકો
(8) બાળકનો કબજો
(9) મજૂર કાયદો
(10) બાળ અધિકારો
(10) સારાંશ
(11) એકમ સ્વાધ્યાય
(12) તમારી પ્રગતિ ચકાસો
(13) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
(14) સૂચિત વાંચન સામગ્રી

## (1) પ્રસ્તાવના :

**બાળકોના અધિકારો :**

- આપણા સમાજમાં સૌથી વધુ અસુરક્ષિત વર્ગ બાળકો છે. કોઈપણ રાષ્ટ્રના વિકાસનો આધાર તેનાં બાળકોની સુરક્ષિતતા. તેનાં શિક્ષણ, સંસ્કાર અને તેને પૂરી પાડેલ વિકાસની તકો પર નિર્ભર છે. જો બાળક શિક્ષિત, રક્ષિત અને સંસ્કારોથી દિક્ષિત હશે તો તે સારો નાગરિક બનીને કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં યથાશક્તિ યોગદાન આપી શકશે અને રાષ્ટ્ર માટે આવા નાગરિકો આશીર્વાદરૂપ બનશે, તેથી જ બાળવિકાસ અને બાળકલ્યાણ સાધવું એ સામાજિક વિકાસની પૂર્વશરત છે. જો બાળકો રાષ્ટ્રની સંપત્તિરૂપ હોય તો તેનો ઉછેર, સારસંભાળ અને વિકાસ ખૂબ જ કાળજીપૂર્વક અને સારી રીતે, જવાબદારીપૂર્વક કરવો જ રહ્યો. બાળકો શારીરિક દૃષ્ટિએ સ્વસ્થ અને સક્ષમ બને, માનસિક રીતે તે ચેતનવંત બને, તેમની બૌદ્ધિક શક્તિઓનો વિકાસ કરે, તેનામાં ભૌતિક મૂલ્યોનાં સંવર્ધન દ્વારા તે સ્વસ્થ, સમજદાર અને જવાબદાર, નાગરિક બને તે જોવાની આપણી પ્રાથમિક ફરજ બની રહે છે.
- બાળકોને ભગવાનનું રૂપ ગણવામાં આવે છે. ઘણીવાર તેઓને પ્રેમ, નિર્દોષતા અને શાંતિના પ્રતીકરૂપે ઓળખવામાં આવે છે, તેઓ શારીરિક રીતે પુખ્ય વયની વ્યક્તિઓ કરતાં નબળા હોવાને કારણે તથા સમાજના એક નબળા વર્ગ તરીકે ગણતા હોવાને કારણે જુદી જુદી રીતે તેમનું વિવિધ પ્રકારે શોષણ થતું હોય છે, જેમાં બાળ મજૂરી અને જાતીય દુરુપયોગ સૌથી અગત્યના છે, દરેક સમયે મોટે ભાગે બાળકોનું શોષણ થતું આવ્યું છે. છેલ્લા કેટલાંક સમયથી બાળકોની આ પરિસ્થિતિની ગંભીરતાપૂર્વક નોંધ લેવામાં આવી છે અને તેના પરિણામે

આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે બાળકો માટે અનેકવિધ કલ્યાણકારી તથા રક્ષણાત્મક જોગવાઈઓ કરવામાં આવી છે.

- બાળકોને લગતી મુખ્ય સમસ્યાઓમાં બાળકો સાથેનો દુર્વ્યવહાર, બાળમજૂરી, બાળકોનું જાતિય શોષણ, બાળકોનો અવૈદ્ય વેપાર, નિરક્ષરપણું, શિક્ષણ અધૂરું છોડી દેવું તથા ભટકવું અને ભીખ માંગવી એ છે.

**(2) બાળકની વ્યાખ્યા :**

- કરારનામાના હેતુઓના સંબંધે 18 વર્ષથી ઓછી ઉંમર વાળા દરેક વ્યક્તિ બાળક છે, સિવાય કે બાળકને લગતા કાયદા અનુસાર તે અગાઉ પુખ્યતા પ્રાપ્ત થતી હોય.
- બાળકોને ભગવાનનું રૂપ ગણવામાં આવે છે. તેઓને પ્રેમ, નિર્દોષતા અને શાંતિના પ્રતીકરૂપે ઓળખવામાં આવે છે.

**(3) બાળકોના અધિકાર એટલે શું ?**

- શારીરિક રીતે પુખ્ય વયની વ્યક્તિઓ કરતા નબળા હોવાને કારણે તથા સમાજના એક નબળા વર્ગ તરીકે ગણાતા હોવાને કારણે જુદી જુદી રીતે તેમનું વિવિધ પ્રકારે શોષણ થતું હોય છે, જેમાં બાળ મજૂરી અને જાતીય દૂર ઉપયોગ સૌથી અગત્યના છે.દરેક સમયે મોટે ભાગે બાળકોનું શોષણ થતું આવ્યું છે, છેલ્લાં કેટલાંક સમયથી બાળકોની આ પરિસ્થિતિની ગંભીરતા પૂર્વક નોંધ લેવામાં આવી છે અને તેના પરિણામે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે બાળકો માટે અનેકવિધ કલ્યાણકારી તથા રક્ષણાત્મક જોગવાઈઓ કરવામાં આવી છે.
- બાળકો માટે કલ્યાણકારી અને રક્ષણાત્મક જોગવાઈ કરવા માટે જે અધિકારો નક્કી કરેલાં છે તેને બાળકોના અધિકારો કહેવામાં આવે છે.
- બાળકના રક્ષણ માટેની જોગવાઈ કરવાની વ્યવસ્થા કરવા માટે જે અધિકારો નક્કી કરવામાં આવેલ છે તેને બાળકોના અધિકાર કહેવામાં આવે છે.
- બાળકોના રક્ષણ અને કલ્યાણ માટેની જોગવાઈ કરતાં અધિકારોને બાળકોના અધિકાર કહેવામાં આવે છે.

**(4) બાળકોના અધિકારો :**

- બાળકોનું શોષણ થઈ રહ્યું છે, બાળક પાસે મજૂરી કામ કરાવવામાં આવે છે. બાળકોને મારપીટ કરવામાં આવે છે, શાળાએ મોકલવામાં આવતાં નથી. મજૂરી કામ કરાવીને તેનું શોષણ કરવામાં આવે છે. પૂરતી રોજગારી પણ આપવામાં આવતી નથી, બાળકો અપમાનજનક પરિસ્થિતિમાં જીવી રહ્યાં છે. બાળકો હવે ધીમે ધીમે વ્યસન તરફ વળી રહ્યાં છે. ગુનાહિત કાર્યો કરે છે. આવા સમયે બાળકોનું રક્ષણ કરવું જરૂરી છે.
- બાળકોના માનવ અધિકારોનો પ્રશ્ન સ્ત્રીઓના માનવ અધિકારના પ્રશ્ન જેવો જ ઉગ્ર અને કરુણ છે. ભારતીય બંધારણમાં સ્ત્રીઓ અને બાળકોના વિકાસ માટે વિશેષ કાયદાઓ કરવાની છૂટ આપવામાં આવી છે. જો સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ કાયદાઓ ઘડવામાં આવે, તો તેનાથી સમાનતાના બંધારણીય માનવ અધિકારનો ભંગ થતો નથી. આવા કેટલાય કાયદાઓ ઘડવામાં આવ્યાં છે.

  દા.ત. બાળકોને ભારે કામમાં મજૂરી કરાવવા પર કાયદામાં પ્રતિબંધ છે, તે જ રીતે કાયદાથી બાળલગ્ન પર પણ પ્રતિબંધ છે.

**1. જીવન જીવવાનો અધિકાર :**

- દરેક બાળકને પોતાની રીતે જીવન જીવવાનો અધિકાર છે, તેમાં કોઈ પણ જાતની દખલગીરી કરવામાં ન આવે. બાળકના આ અધિકારમાં સર્વોચ્ચ આરોગ્ય ધોરણ, પોષણ અને પૂરતાં જીવન ધોરણનો તેમજ નામ અને રાષ્ટ્રીયતાઓ સમાવેશ થાય છે.

**2. રક્ષણનો અધિકાર :**

- બાળકના આ અધિકારમાં શોષણના તમામ સ્વરૂપો, અત્યાચાર, અમાનવીય અને અપમાનકારક વ્યવહાર અને ઉપેક્ષા સામે રક્ષણના અધિકારનો સમાવેશ થાય છે. કટોકટી જેવી પરિસ્થિતિમાં રક્ષણ મેળવવાનો પણ દરેક બાળકનો અધિકાર છે.

**3. વિકાસનો અધિકાર :**

- બાળકના અધિકારમાં શિક્ષણ, કાળજી અને બાળપણના વિકાસ માટે અવલંબન, સામાજિક સુરક્ષા, ફુરસદ, મનોરંજન તેમજ સાંસ્કૃતિક અધિકારોનો સમાવેશ થાય છે.

**4. સહભાગી થવાનો અધિકાર :**

- બાળકના આ અધિકારમાં બાળકોના અભિપ્રાયો માટે આદર, અભિવ્યક્તિની સ્વતંત્રતા, યોગ્ય માહિતી વિચાર અને વિવેક બુદ્ધિ અને ધર્મ સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે.

**5. કુટુંબમાં ફરીથી મિલાપ કરવાનો અધિકાર :**

- બાળકોને માતાપિતાને મળવા માટે કોઈપણ દેશમાં દાખલ થવાનો કે છોડીને જવાનો અધિકાર છે. કુટુંબમાં ફરીથી મિલાપ કરવાનો અધિકાર છે.

**6. વિચારોની મુક્ત અભિવ્યક્તિ :**

- પોતાનાં જીવનની સંબંધિત મુદ્દાઓ વિશે પોતાનાં અભિપ્રાયને અભિવ્યક્ત કરવાનો અને સાંભળવવાનો અધિકાર દરેક બાળકને છે. પોતાના વિચારો યોગ્ય રીતે અભિવ્યક્ત કરી શકે છે.

**7. માહિતી પ્રાપ્ત કરવાની સ્વતંત્રતા :**

- બાળક કોઈપણ માધ્યમ દ્વારા માહિતી મેળવવાનો સ્વીકાર કરવાનો અને આપવાનો અધિકાર દરેક બાળકને છે.

**8. સંગઠનની સ્વતંત્રતા -**

- દરેક બાળકને સંગઠન બનાવવાની અને શાંત સભા બનાવવાની સ્વતંત્રતાનો અધિકાર છે. દરેક બાળક પોતાની ઈચ્છા પ્રમાણે સંગઠન ઊભું કરી શકે છે, સંગઠનમાં પોતાના વિચારોની આપ-લે કરી શકે છે.

**9. અંગત વાતોનું રક્ષણ :**

- કોઈપણ બાળકની અંગત, કૌટુંબિક, ઘરેલું બાબતોમાં કે પત્ર વ્યવહારમાં મનસ્વી કે ગેરકાનૂની દખલ કરી શકાશે નહીં અને તેના સ્વમાન અને પ્રતિષ્ઠા ઉપર ગેરકાનૂની આક્રમણ કરી શકાશે નહીં.

**10. ભેદભાવમાંથી મુક્તિ :**

- કરારનામા મુજબ આ અધિકારો કોઈ પણ દરેક ભેદભાવ વિના બાળકને લાગુ પડે છે. કોઈપણ પ્રકારનાં ભેદબાવ અને કૌટુંબિક દરજ્જો, માન્યતાઓ પ્રવૃત્તિના આધારે કોઈપણ પ્રકારની સજા કે દંડથી દરેક બાળકનું રાષ્ટ્રે સંરક્ષણ કરવું પડે છે.

**11. બાળકના હિત સંબંધી રક્ષણ :**

- બાળકને લગતા દરેક કાયદાકીય અને વ્યવસ્થાપક નિર્ણયો માટે રાષ્ટ્રે દરેક બાળકની સંભાળ અને રક્ષણની જવાબદારી નિભાવવી.

**12. નામ અને રાષ્ટ્રીયતા :**

- દરેક બાળકને નામ ધારણ કરવાનો, રાષ્ટ્રીયતા મેળવવાનો અને શક્ય એટલી તમામ જાણકારી મેળવવાનો તેમજ તેના માતાપિતાની માવજત મેળવવાનો અધિકાર છે. પક્ષકાર રાજ્યો તેમનાં અધિકારોનું સંરક્ષણ કરશે.

**13. આરોગ્યની સંભાળ :**

- બાળકોનો બિમારીનાં સંજોગોમાં ઉપચારો, ચિકિત્સા માટેના સેવાઓ મેળવવા તથા આરોગ્યની પુનઃ પ્રાપ્તિના અધિકારને પક્ષકાર રાજ્યોએ સ્વીકાર કરવાના રહેશે. આરોગ્યની સંભાળ લેવાની જવાબદારી રાજ્યની રહેશે.

**14. શિક્ષણ મેળવવાનો અધિકાર :**

- દરેક બાળકને શિક્ષણનો અધિકાર છે અને પક્ષકાર રાજ્યોએ પ્રાથમિક શિક્ષણને ફરજિયાત તથા વિના મૂલ્યે કરવાની રહેશે, માધ્યમિક અને ઉચ્ચતમ શિક્ષણની પણ જોગવાઈ કરવાની રહેશે.

**15. જાતીય શોષણ સામે રક્ષણ :**

- પક્ષકાર રાજ્યો બાળકને તમામ પ્રકારનાં જાતીય શોષણ, જાતીય અત્યાચાર, જાતીય પ્રવૃત્તિઓ માટે બાળકને અપાતા પ્રલોભનો કે તેના પર થતું દબાણ અશ્લિલ પ્રદર્શનો તથા બાળકોનાં શોષણયુક્ત ઉપયોગ સામે રક્ષણ પૂરું પાડશે.

**16. મનોરંજનમાં ભાગ લેવાનો અધિકાર :**

- દરેક બાળકને પોતાની ઈચ્છા પ્રાણે ખેલવા-કૂદવાના અને મનોરંજન પ્રવૃત્તિઓ કરવાના તેમજ મુક્તપણે સાંસ્કૃતિક અને કલા અભિવ્યક્તિના કાર્યક્રમોમાં ભાગ લેવાનાં અધિકારને પક્ષકાર રાજ્યોએ સ્વીકારવાના રહેશે.

**17. કેફી પદાર્થોનું સેવન :**

- પક્ષકાર રાજ્યોએ, બાળકને આંતર રાષ્ટ્રીય સમજૂતીઓ પ્રમાણે, નશીલી દવાઓ તથા કેફી પદાર્થોના ગેરકાનૂની સેવનથી દૂર રાખવા માટે કાનૂની, વહીવટી, સામાજિક અને શૈક્ષણિક સહિતના તમામ આવશ્યક કદમો ઉઠાવવાનું તેમજ તેને તેવી દવાઓ કે પદાર્થોના ગેરકાનૂની ઉત્પાદન અને હેરાફેરીમાં સંડોવતાં અટકાવશે.

**(5) બાળકોની સમસ્યાઓ :**

ભારતની લગભગ 55 ટકા વસ્તી બાળકો અને યુવાનોની છે. આમ છતાં જાણે અજાણે તેઓ તેમની સાથે દુર્વ્યવહાર, બળાત્કાર, અપહરણ અને જાતીય શોષણનો ભોગ બનતાં રહે છે. 18 વર્ષથી નીચેના વયના બાળકો પ્રત્યેના અપરાધનો દર, ગત વર્ષની સરખામણીએ 4 ટકા વધ્યો હોવાનો નેશનલ હ્યુમન રાઈટ્સ કમીશને તેના અહેવાલમાં નોંધ્યું છે. બાળકો પ્રત્યેના બળાત્કાર અને જાતીય શોષણમાં 14 ટકાનો વધારો અને અપહરણ અને અપનયન જેવાં કિસ્સાઓનો 10 ટકાનો વધારો નોંધાયો છે. આ ઉપરાંત બાળકો ગુમ થઈ જવાની ફરિયાદો પણ અત્યંત બહોળા પ્રમાણમાં આવવા માંડી છે. જુવેનાઈલ જસ્ટીલ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2000ની જોગવાઈઓ હોવા છતાં ઘણાં રાજ્યો દ્વારા હજુ આ અંગેના નિયમો ઘડવામાં આવ્યા નથી. ઉપરાંત ખાસ બાળ પોલીસ એકમની રચના પણ થઈ નથી.

ભારતીય સમાજમાં બાળકોમાં પણ ખાસ કરીને સ્ત્રી બાળકો સાથે અત્યંત ભેદભાવ ભર્યો વ્યવહાર જોવામાં આવે છે તેઓના ઉજ્જવળ ભવિષ્ય, તંદુરસ્તી, શિક્ષણ તથા સ્વાતંત્ર્યની બાબતમાં કરાતો ભેદભાવ નોંધપાત્ર છે. જે અંગેના કારણોમાં પિતૃપ્રધાન સમાજ ઉપરાંત દહેજનું દૂષણ તેમજ આર્થિક સમસ્યા મુખ્ય છે. ચાર વર્ષ સુધીની બાળકીઓનો મૃત્યુ દર પુરુષ બાળકની સરખામણીએ 107 ટકા છે. પુરુષ-સ્ત્રી વચ્ચેનું વસ્તીનું પ્રમાણે પણ 1000/927 જેટલું જોવા મળે છે.

બાળકોને લગતી મુખ્ય સમસ્યાઓમાં :

1. બાળકો સાથેનો દુર્વ્યવહાર

2. બાળમજૂરી

3. બાળકોનું જાતિય શોષણ

4. બાળકોનો અવૈદ્ય (અનૈતિક) વેપાર

5. નિરક્ષરપણું, શિક્ષણ અધૂરું છોડી દેવું, તથા

6. ભટકવું અને ભીખ માંગવી એ છે.

**(1) બાળકો સાથેનો દુર્વ્યવહાર :**

મોટેભાગે ગરીબ વસ્તી કે મધ્યમ વર્ગમાં રહેનાર બાળક સાથે તેમના વડીલો કે બીજી વ્યક્તિઓ દ્વારા અનેક પ્રકારે દુર્વ્યવહાર જોવા મળે છે. જેના કારણે તેમનામાં ભવિષ્યની મનોદૈહિક અસરો જોવા મળે છે.

**(2) બાળ મજૂરી :**

બાળ મજૂરી એ ભારતની સળગતી સમસ્યા છે. બાળકો કે જે સમગ્ર વિશ્વની વસ્તી 35 ટકા હિસ્સો ધરાવે છે. તેમાંના 40 ટકા બાળકો બાળ મજૂરીના દૂષણ સાથે જોડાયેલાં છે. દુનિયામાં સૌથી વધુ બાળ મજૂરો ભારતમાં છે. એવું કહેવાય છે કે, ભારતમાં દર ત્રણમાંથી એક ઘરમાં બાળક કામ કરે છે. બાળ મજૂરોને એક વસ્તુની જેમ ખરીદવા તેમજ વેચવામાં આવે છે. બાળ મજૂરીએ સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ ઉપર આધારિત હોવા છતાં તેના મુખ્ય કારણોમાં ગરીબી, સામાજિક માળખું, સામાજિક બહિષ્કાર, શિક્ષણનો અભાવ, મોટી વ્યક્તિઓ કરતાં બાળકોમાં અજ્ઞાનતા હોવાને કારણે આ દૂષણ વધુ જોવા મળે છે. બાળકોને તેમના કામકાજની જગ્યાએ પૂરતું મહેનતાણું પણ ચૂકવવામાં આવતું નથી. આ ઉપરાંત તેમને ભયજનક અને બિન આરોગ્યપ્રદ જગ્યાએ પણ મજૂરી તરફ ધકેલવામાં આવે છે. મોટાભાગના બાળકો કચરો વીણવાના, ફટાકડા વીણવાના, પશુઓની સાર સંભાળ રાખવાવાળા, રંગ અને વણાટ કામમાં, બાળ વેશ્યાવૃત્તિમાં ઘરકામના વ્યવસાયમાં જોવા મળે છે.

અદાલત દ્વારા નીચે જણાવેલ ઉદ્યોગોને જોખમી ઉદ્યોગ તરીકે જણાવવામાં આવ્યાં હતાં.

(1) દિવાસળી બનાવવી (2) હીરાનું પૉલિસિંગ (3) પથ્થર પોલીશ (4) કાચના કારખાના (5) બ્રાસના કારખાના (6) હાથ બનાવટની કારપેટ (7) તાળા ચાવીના કારખાના

**(3) બાળકોનું જાતિય શોષણ અને દુરુપયોગ :**

1. બાળકોના માતા-પિતાની નબળી આર્થિક પરિસ્થિતિ.

2. બાળકોના માતા-પિતા દ્વારા જ પૈસા માટે તેમના સંતાનોને આવા હેતુઓ માટે વેચવા. તેમાં ખાસ કરીને કુમળી બાળાઓ.

3. વિઘટિત કુટુંબો, ગામડામાંથી અવિરતપણે શહેર તરફ થતું સ્થળાંતર, આધુનિક જીવન પ્રણાલી, બાળકોની તેમના જ ઘર પરિવારમાં થતી ઉપેક્ષા વગેરે ઉપરાંત

4. સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓ આ માટે જવાબદાર છે. કેટલાંક નવા કારણોમાં ડીમાન્ડ એન્ડ સપ્લાય પધ્ધતિ.

5. સેક્સ ટુરીઝમ ત્યારબાદ આધુનિક ટેકનલોજી જેવી કે કમ્પ્યુટર, ઈન્ટરનેટ, એસ.એમ.એસ., મોબાઈલ ફોન વગેરે.

6. ડ્રગ એડીક્શન, નસાના બંધાણી

7. અપરાધિક જૂથો સાથેનો સંપર્ક

8. બાળકોના જાતિય શોષણના બે મુખ્ય પ્રકારો છે. જેમાં (અ) બાળ વેશ્યા (બ) બાળકોનું પોનોગ્રાફી (અશ્લીલ દશ્યશ્રાવ્ય નિરુપણ) જો કે આ પશ્ચિમના દેશોમાં વધુ જોવા મળે છે.

9. બાળકોના કબજા અંગેની જોગવાઈ (વિવિધ ધર્મ અનુસાર) જ્યારે કોઈપણ ધર્મ અનુસાર લગ્ન કરનારના લગ્ન વિચ્છેદ,છૂટાછેટા કે લગ્નનો અંત આવે છે ત્યારે તેવા બાળકોના કબજા અને ભરણ-પોષણ અંગે.

10. હિન્દુ લગ્ન ધારા હેઠળ અદાલત શક્ય હોય ત્યાં સુધી આવા સગીર બાળકોની ઈચ્છાઓને ધ્યાનમાં રાખીને તેમના કબજા-ભરણ સંબંધમાં પોતાને યોગ્ય લાગે તેવા વચગાળાના હુકમો કરી શકશે.

ભારતીય દંડ સંહિતામાં કેટલાંક અપવાદો જણાવેલ છે, જે મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ 82 અને 83માં બાળકો અંગેની ખાસ જોગવાઈઓ કરેલી છે, જે મુજબ સાત વર્ષથી નીચેની વય ધરાવતું કોઈપણ બાળક કોઈ કૃત્ય કરે તો તે ગુનો ગણાય નહીં કારણ કે આવા બાળકમાં પોતે કરેલ કાર્યનો પ્રકાર સમજવાની સમજ હોતી નથી એટલે કે તેનામાં આ ઉંમર સુધી ગુનાહિત માનસનો અભાવ હોવાનું માની લેવામાં આવે છે અને એટલા માટે ભારતીય દંડ સંહિતાની ઉપરોક્ત વ્યવસ્થા અને સ્થાનિક કાનૂન અંતર્ગત સાત વર્ષથી નીચેની વયના બાળકને ગુનાહિત જવાબદારીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે.જો કે આવા બાળકને ચઢવણી કરીને કે મદદગારી દ્વારા કોઈ આ બાળક પાસે ગુનો કરાવે તો મદદગારી કરનારની ગુનાહિત જવાબદારી આવે છે.

સમગ્ર ભારતમાં, કેન્દ્ર સરકાર દ્વારા બાળ- મજૂરી પ્રથા પર પ્રતિબંધ મૂક્તો કાયદો ઘડવામાં આવ્યો છે.જે મુજબ 10 ઓકટોબર 2006 થી 14 વર્ષની ઉંમર સુધીના બાળકોને મજૂરી પર રાખવા પર પ્રતિબંધ મૂકતો કાયદો અમલમાં આવ્યો છે. જે મુજબ ઘરકામ કરતાં બાળકો- કિશોરીઓ અને મનોરંજન કેન્દ્રમાં કામ કરાવવા પર પ્રતિબંધ અમલમાં આવશે. જે મુજબ 14 વર્ષની ઉંમર પૂરી ન કરી હોય તેવા બાળકોને કોઈપણ દુકાન, વાણિજ્ય સંસ્થા, વર્કશોપ, ફાર્મ નિવાસી હોટલ, રેસ્ટોરન્ટ, ભોજનગૃહ, થિયેટર, જાહેર આનંદ-પ્રમોદનું સ્થળ, ઉપરાંત મનોરંજન કેન્દ્રોમાં કામે રાખી શકાશે નહિ. આવા કાર્યો કરાવનારને સજા ઉપરાંત દંડની પણ જોગવાઈઓ કરવામાં આવે છે.

**(4) બાળકોનો અવૈદ્ય (અનૈતિક) વેપાર )**

બાળકો એ સમાજનો સૌથી કુમળો તેમજ નબળો વર્ગ છે. બાળકો સાથે બળજબરીપૂર્વક વેશ્યાવૃત્તિ કરાવવા માટે તેમજ વેઠ અને મજૂરી કરાવવા માટે તેમનો નિષેધ વેપાર એટલે કે ગેરકાયદેસર ખરીદ વેચાણ કરવામાં આવે છે. બાળકો સાથે તેમાં પણ ખાસ કરીને સ્ત્રી બાળકો સાથે અમુક ગેરમાન્યતાઓને આધીન તેમની સાથે બળજબરીપૂર્વક જાતીય સંભોગ કરાવવામાં આવે છે.

**(5) નિરક્ષરપણું તથા શિક્ષણ અધૂરુ છોડી દેવું :**

સમાજમાં અત્યંત ગરીબી હોવાને કારણે તેમજ સામાજીક પરિસ્થિતિ વિષમ હોવાને કારણે ઉપરાંત કેટલીક જગ્યાઓએ શિક્ષણની સુવિધા નજીકમાં પ્રાપ્ત ન હોવાના કારણે મોટાભાગના ગરીબ તેમજ મધ્યમ વર્ગમાં નિરક્ષરપણાની સમસ્યા નજરે પડે છે. જો કે હવે રાજ્યના પ્રયત્નો ઉપરાંત કેટલાંક બિનસરકારી સંગઠનોના સહયોગથી શિક્ષણની સુવિધાઓ પ્રાપ્ત થવાને કારણે શાળામાં દાખલ થવાનું પ્રમાણ સારી એવી માત્રામાં વધ્યું છે, પરંતુ ગરીબી તથા બેરોજગારીની સમસ્યાઓને કારણે આવા બાળકોને તેમના જ માતા-પિતા દ્વારા શિક્ષણમાંથી અધવચ્ચે ઉઠાવી લેવાના બનાવો જોવા મળે છે. ગરીબ વિસ્તારોમાં તેમજ અત્યંત દૂરના વિસ્તારોમાં આ પ્રકારનો ડ્રોપ-આઉટનું પ્રમાણ વધારે જોવા મળે છે.

**(6) ભટકવું અને ભીખ માંગવી :**

આજે આપણને મોટી સંખ્યામાં ભીખ માંગતા બાળકો નજરે પડે છે, જેમાંના કેટલાંક શારીરિક રીતે અપંગ, માનસિક રીતે અપંગ, ધર્મ સ્થાનોની આજુબાજુ, પ્રસંગોપાત ભીખ માંગનારા, ધંધાકીય રીતે ભીખ માંગનારા અને બીજા બાળકોનું શોષણ કરીને અને કરાવીને ભીખ માંગનારાઓ જોવા મળે છે. જેમાં મુખ્યત્વે આર્થિક, સામાજિક, ધાર્મિક અને શારીરિક કારણો સૌથી અગત્યના છે. ભીખ માંગવાનો વિષય ભારતીય બંધારણના-7મી અનુસૂચિના બીજા લિસ્ટમાં 7મા નંબરમાં વર્ણવેલો છે, જે અનુસાર આ દૂર કરવાની રાજ્યની જવાબદારી આવે છે. જોકે બંધારણમાં આ અંગે કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં નથી આવ્યો.

**(6) બાળકોના માનવ અધિકારોના રક્ષણની આંતરરાષ્ટ્રીય ભૂમિકા :**

- દરમિયાનમાં યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભામાં તા. 20-11-1989ના રોજ 'કન્વેન્શન ઑન ધી રાઈટ્સ ઑફ ધ ચાઈલ્ડ' પસાર કરવામાં આવ્યું હતું.
- તેમાં સભ્ય રાજ્યોએ બાળકનાં સર્વોત્તમ હિતોની જાળવણી માટે પાળવાનાં ધોરણોનો ઉલ્લેખ હતો.
- તેમાં જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી કોઈપણ જાતની કોર્ટ/ન્યાયતંત્રીય કાર્યવાહીનો આશરો લીધા વિના પીડિત બાળકોના સામાજિક એકીકરણ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.
- તે ઉપરાંત બાળકોના સંરક્ષણને લગતા અન્ય આંતરરાષ્ટ્રીય દસ્તાવેજોમાં આવા બાળકો પ્રત્યે કરવાના વ્યવહારને લગતાં લઘુત્તમ ધોરણો જણાવવામાં આવ્યાં હતાં.
- ભારત સરકારે તા. 11-12-1992ના રોજ ઉપરોક્ત કન્વેન્શનને અનુમોદન આપ્યું હતું.
- આ બધા નવા વિચારોને કારણે ઉપરોક્ત 1986ના ધારાની ફેરવિચારણા કરવાની જરૂર પડી હતી.

**1. યુનિવર્સલ ડેકલેરેશન ઓફ હ્યુમન રાઈટ્સ, 1948.**

યુનિવર્સલ ડેકલેરેશન ઓફ હ્યુમન રાઈટ્સના અનુચ્છેદ 25(2)માં જણાવ્યા મુજબ માતૃત્વ અને બાળઅવસ્થા એ ખાસ કાળજી અને મદદ અંગેનો અધિકાર છે. તમામ બાળકો ભલે પછી તે લગ્નથી કે બીજી કોઈ રીતે જન્મ્યાં હોય, તેમને એક સરખા સામાજિક રક્ષણના લાભ અંગેનો અધિકાર છે. દરેકને શિક્ષણનો અધિકાર છે, ઓછામાં ઓછું પાયાના તબક્કાનું (પ્રાથમિક) શિક્ષણ ફરજિયાત રહેશે. ટેક્નિકલ અને વ્યાવસાયિક શિક્ષણ સામાન્ય રીતે મળી રહે તેમ કરવામાં આવશે અને ઉચ્ચ શિક્ષણ ગુણ-દોષના આધારે સમાનતાથી પ્રાપ્ત કરાવવામાં આવશે.

**2. સિવિલ એન્ડ પોલિટીકલ કોવેનન્ટ, 1966**

દીવાની અને રાજકીય અધિકારો અંગેના આંતરરાષ્ટ્રીય ખતપત્રની કલમ 24માં બાળકો અંગેની વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે, જે મુજબ :

(અ) જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ, રાષ્ટ્રીયતા કે સામાજિક ઉદ્ભવ, મિલકત કે જન્મના ભેદભાવ વિના દરેક બાળકને તેની સગીર અવસ્થા દરમિયાન કુટુંબ, સમાજ અને રાજ્ય તરફથી રક્ષણાત્મક પગલાંનો અધિકાર રહેશે.

(બ) જન્મ બાદ તુરત જ દરેક બાળકની નોંધણી કરવામાં આવશે અને તેને નામ આપવામાં આવશે.

(ક) દરેક બાળકને રાષ્ટ્રીયતા પ્રાપ્ત કરવાનો અધિકાર રહેશે.

**3. ઈકોનોમિક, સોશિયલ એન્ડ કલ્ચરલ કોન્વેન્ટ, 1966**

આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો અંગેના આંતરરાષ્ટ્રીય ખતપત્રની કલમ 10(3) મુજબ તમામ બાળકો અને યુવાનોને તેમના મા-બાપ કોણ છે તે બાબત અથવા અન્ય કોઈપણ પરિસ્થિતિને કારણે કોઈપણ પ્રકારના ભેદભાવ વિના પૂરતું રક્ષણ અને સહાય મળે તેવા પગલાં લેવાં જોઈએ. બાળકો અને યુવાનોને આર્થિક અને સામાજિક શોષણ સામે રક્ષણ મળવું જોઈએ. તેમની નીતિમત્તા તથા આરોગ્યને નુકસાન પહોંચાડે, જિંદગી માટે જોખમી હોય અથવા તેમના વિકાસને રૂંધે તેવી કામગીરીમાં કામે રાખવાનું કાર્ય કાયદા દ્વારા સજાપાત્ર ગુનો ગણાવવો જોઈએ. બાળકોને સવેતન મજૂરીએ રાખવા માટેની ન્યૂનતમ વય રાજ્ય દ્વારા નક્કી કરવી જોઈએ અને તે વયથી નીચેના બાળકોને નોકરીએ રાખવા માટે પ્રતિબંધ રહે તે માટે કાયદા માટે સજાની વ્યવસ્થા કરવી જોઈએ.

**4. ડેક્લેરેશન ઓન રાઈટ્સ ઑફ ચાઈલ્ડ, 1959**

**5. કન્વેન્શન ઓન ધ રાઈટ્સ ઑફ ચાઈલ્ડ.**

સપ્ટેમ્બર-1966ના રોજ યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભાએ તેને સ્વીકાર્યા હતાં જેમાં બાળકોના નીચે જણાવ્યા મુજબના હક્કને આ કન્વેન્શન દ્વારા માન્યતા આપવામાં આવી છે.

1. જીવન જીવવાનો અધિકાર.
2. નામનો, જાણવાનો અને વાલી દ્વારા સંભાળ પામવાનો અધિકાર.
3. પોતાની ઓળખ સ્થાપિત કરવાનો અધિકાર.
4. તેની કે તેણીની સંમતિ વિના તેના માતા-પિતા પાસેથી અલગ નહીં કરવાનો અધિકાર.
5. શોષણ મુક્ત થવાનો અધિકાર.
6. વિચારો, અંતકરણ અને ધાર્મિક સ્વાતંત્રતાનો અધિકાર.
7. ભેગા થવાનો અને મંડળ રચવાનો અધિકાર.
8. ગુપ્તતાનો અધિકાર.
9. દુરૂપયોગ થવા વિરુદ્ધનો અધિકાર.
10. દત્તકપણું મેળવવાનો અધિકાર.
11. સ્વાસ્થ્યનો અધિકાર.
12. સામાજિક સલામતીનો લાભ મેળવવાનો અધિકાર.
13. શારીરિક, માનસિક, આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક વિકાસનો અધિકાર.
14. શિક્ષણનો અધિકાર.
15. આરામ, ફુરસદ અને પ્રોત્સાહિત પ્રવૃત્તિનો અધિકાર.
16. આર્થિક શોષણ સામેનો અધિકાર.
17. જાતિય દુરુપયોગ સામેનો અધિકાર.
18. ત્રાસ સામેનો અધિકાર.
19. જ્યાં સુધી દોષિત સિદ્ધ ન થાય ત્યાં સુધી નિર્દોષ હોવાનો અનુમાનનો અધિકાર.
20. ઝડપી પ્રક્રિયાનો અધિકાર.
21. સ્વદોષારોપણ સામેનો અધિકાર.

## (7) ભારતનું બંધારણ અને બાળકો :

ભારતીય બંધારણ બાળકો પ્રત્યે ખાસ રક્ષણના અધિકારને માન્ય રાખે છે. આ જોગવાઈઓ બે મુખ્ય ભાગમાં વિભક્ત કરવામાં આવી છે.

**(1) મૂળભૂત અધિકાર અંતર્ગત.**

**(2) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અનુસાર.**

ભારતના બંધારણના અનેક આર્ટીકલ દ્વારા બાળકો અંગેની વિશિષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે, જેમાં સમાનતાનો અધિકાર દર્શાવવામાં આવેલ છે, જેમાં :

સ્ત્રી અને બાળકો માટે ખાસ જોગવાઈઓ કરવામાં આવેલ છે અને આવી જોગવાઈઓ કરતાં રાજ્યને કોઈ અટકાવશે નહીં તેવું જણાવવામાં આવેલ છે.

આ ઉપરાંત બાળકોને તેમના સ્વાતંત્ર્યનો હક્ક અને તેમને જીવન જીવવાનો હક મળેલ છે. સર્વોચ્ચ અદાલત દ્વારા ઉન્ની ક્રિશ્નન વિરુદ્ધ આંધ્રપ્રદેશ રાજ્યના ચુકાદામાં શિક્ષણના અધિકારને અનુચ્છેદ 21ના અંતર્ગત ભાગ રૂપ ગણવામાં આવેલો છે.

ભારતની સંસદ દ્વારા તાજેતરમાં 86માં બંધારણીય સુધારા દ્વારા 2002માં અનુચ્છેદ 21-એ ઉમેરવામાં આવ્યો.

6 ી 14 વર્ષના બાળકને માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત રહેશે તે અંગેનો મૂળભૂત અધિકાર બનાવવામાં આવ્યો છે.

સર્વોચ્ચ અદાલત દ્વારા જાહેર કરાયેલ જુદાં જુદાં ચુકાદાઓમાં એ સ્પષ્ટ થાય છે કે, બાળકોને પણ ગૌરવપૂર્ણ જીવન જીવવાનો અધિકાર છે. ગૌરવ જૈન વિરુદ્ધ ભારત સરકારના કેસમાં સુપ્રીમ કોર્ટે રૂપજીવીનીઓના બાળકોને શિક્ષણ અને હોસ્ટેલની સગવડ આપવા માટે રાજ્યને સૂચના આપી હતી.

બંધારણના આર્ટિકલ 23 અને 24 હેઠળ શોષણ વિરુદ્ધનો અધિકાર આપવામાં આવેલ છે. શોષણ ઉપરાંત માનવોમાં અનૈતિક વેપાર જેમાં સ્ત્રી પુરુષ અને બાળકોને પશુઓની જેમ ખરીદવા અને વેચવા પર, સ્ત્રીઓ અને બાળકોનો અનૈતિક વેપાર અંગે, ગુલામી અંગે અને બળજબરીપૂર્વક વેઠ કરાવવા કે બળજબરીથી કોઈપણ જાતની મજૂરી કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. અનુચ્છેદ 24 અંતર્ગત 14 વર્ષની નીચેની વયના કોઈ બાળકને કારખાના કે ખાણમાં કામે રાખી શકાશે નહીં અને કોઈ જોખમકારક નોકરીમાં પણ કામે રાખી શકાશે નહીં. સુપ્રીમ કોર્ટે સલાલ હાઈડ્રો પ્રોજેક્ટ વિરુદ્ધ જમ્મુ અને કાશ્મીર રાજ્ય (એઆઈઆર 1984 એસસી 177)માં જણાવ્યા મુજબ કન્સ્ટ્રક્શન વર્ક જોખમી ગણાતું હોવાથી તેમાં 14 વર્ષથી નીચેના બાળકોને રાખી શકાશે નહીં. આવી જ રીતે બંધારણના વિભાગ-4માં દર્શાવેલાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પણ બાળકો અંગેની વિશેષ જોગવાઈઓ નીચે મુજબના આર્ટીકલમાં દર્શાવેલી છે.

પુરુષ અને સ્ત્રી કામદારોના આરોગ્ય વિષયક અને શક્તિનો તેમજ બાળકોની કુમળી વયનો દુરુપયોગ ન થાય ઉપરાંત તેમની આર્થિક જરૂરિયાતને કારણે તેમને ઉંમર કે શક્તિને અનુકૂળ ન હોય તેવા રોજગાર કે વ્યવસાયમાં જોડાવવાની ફરજ ન પડે તેવી નીતિને રાજ્ય અનુસરશે.

બાળકોને સ્વસ્થ અને સ્વાતંત્ર્ય અને ગૌરવયુક્ત સ્થિતિમાં તેમને વિકાસની તક સગવડ આપવામાં આવે, ઉપરાંત બાળકો તથા યુવાનોને શોષણ સામે અને તેમની નૈતિક અને આર્થિક ઉપેક્ષાઓ સામે રક્ષણ મળે તેવી નીતિ રાજ્ય ઘડશે.

બાળકોને રાજ્ય તરફથી મફત અને સક્ષમ કાનૂની સહાય મળશે.

બાળકોને તેમની 14 વર્ષની ઉંમર પૂરી થાય ત્યાં સુધી મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઈ રાજ્ય કરશે.

**(2) ભારતીય દંડ સંહિતા :**

ભારતીય દંડ સંહિતામાં કેટલાંક અપવાદો જણાવેલ છે, જે મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ 82 અને 83માં બાળકો અંગેની ખાસ જોગવાઈઓ કરેલી છે, જે મુજબ સાત વર્ષથી નીચેની વય ધરાવતું કોઈપણ બાળક કોઈ કૃત્ય કરે તો તે ગુનો ગણાય નહીં કારણ કે આવા બાળકમાં પોતે કરેલ કાર્યનો પ્રકાર સમજવાની સમજ હોતી નથી એટલે કે તેનામાં આ ઉંમર સુધી ગુનાહિત માનસનો અભાવ હોવાનું માની લેવામાં આવે છે અને કેટલાંક માટે ભારતીય દંડ સંહિતાની ઉપરોક્ત વ્યવસ્થા અને સ્થાનિક કાનૂની અંતર્ગત સાત વર્ષથી નીચેની વયના બાળકને ગુનાહિત જવાબદારીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. જોકે આવા બાળકને ચઢવણી કરીને કે મદદગારી દ્વારા કોઈ આ બાળક પાસે ગુનો કરાવે તો મદદગારી કરનારની ગુનાહિત જવાબદારી આવે છે.

ભારતીય દંડ સંહિતાની કલમ 83 અંતર્ગત સાત વર્ષથી વધારે અને 12 વર્ષ કરતાં ઓછી વય ધરાવતું બાળક હોઈ તેનામાં જો કૃત્ય કરતી વખતે તેના પરિણામોનો ખ્યાલ આવે તેમજ પોતાની વર્તણૂંકનો પ્રકાર સમજવા તે પરિપકવ ન હોય તો તે આ કલમ અંતર્ગત રક્ષણ મેળવી શકે છે એટલે કે 7થી 12 વર્ષ વચ્ચેની વય ધરાવતાં બાળકને આ કલમ અંતર્ગત સંપૂર્ણ મુક્તિ આપવામાં આવતી નથી. 12 વર્ષથી ઉપરની વય ધરાવતાં બાળકને આ કલમ અંતર્ગત મુક્તિ મળી શકે નહીં.

ભારતીય દંડ સંહિતાની કલમ 89 મુજબ 12 વર્ષથી ઓછી વય ધરાવતું બાળક તથા પાગલ વ્યક્તિના તેના હિત માટે તેના વાલી દ્વારા અથવા કાનૂની હવાલો ધરાવતી વ્યક્તિ દ્વારા શુભનિષ્ઠાપૂર્વક કરાયેલા કૃત્યથી કોઈ ગુનો બનતો નથી. 12 વર્ષથી નીચેની વય ધરાવતાં બાળકમાં સમજદારીનો અભાવ હોય છે. તેથી આવી વ્યક્તિનું હિત જળવાય તે માટે તેના માતા-પિતા કે વાલી કે કાનૂની હવાલો ધરાવનારાને આ કલમ હેઠળ રક્ષણ આપવામાં આવ્યું છે.

ભારતીય દંડ સંહિતાની કલમ 90 મુજબ 12 વર્ષથી ઓછી વય ધરાવતી વ્યક્તિએ જો કોઈ બાબતે સંમતિ આપી હોય તો તે સંમતિ, સંમતિ ગણાતી નથી. કારણ કે આવું બાળક જે તે કૃત્યનું સંભવિત પરિણામ સમજી શકે તેટલો પરિપકવ હોતો નથી.

ભારતીય દંડ સંહિતાની કલમ 293 હેઠળ જો કોઈ વ્યક્તિ 20 વર્ષથી ઓછી વય ધરાવતી વ્યક્તિને અશ્લીલ વસ્તુ વેચે, બતાવે, ભાડે આપે કે ફેરવે તો તેની સજા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. 20 વર્ષથી નીચેની વય ધરાવતી વ્યક્તિ અપરિપકવ હોવાથી જાતિય વિકારને લગતી બાબતોમાં ગેરમાર્ગે દોરાઈ જાય છે. આમ આવા બાળકોના રક્ષણ માટે આ જોગવાઈ કરવામાં આવી છે.

ભારતીય દંડ સંહિતાની કલમ 305માં 18 વર્ષથી ઓછી વય ધરાવતી વ્યક્તિને જો કોઈ આત્મહત્યા કરવામાં મદદગારી કરે તો આવી મદદગારી કરનારને દેહાંતદંડની આજીવન કેદ કે 10 વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની સજા તથા દંડ થશે. 18 વર્ષથી ઓછી વય ધરાવતી વ્યક્તિમાં કાનૂની રીતે અસમર્થ ગણાય છે.

ભારતીય દંડ સંહિતાની કલમ 310 મુજબ કોઈપણ વ્યક્તિ આ સંહિતાના અમલ બાદ કોઈપણ સમયે ખૂન કરીને કે ખૂન સાથે લૂંટ કરવાના કે બાળચોરીના હેતુથી આ કોઈ વ્યક્તિ કે વ્યક્તિની સાથે કાયમ સાગરિત બનીને રહેતી હોય તો તે ઠગ છે. આ માટે તેવી વ્યક્તિને આજીવન કેદની સજા તેમજ દંડ પણ કરવામાં આવશે.

ભારતીય દંડ સંહિતાની કલમ 312થી 316માં ગર્ભમાં રહેલ બાળક અંગેની જોગવાઈઓ કરવામાં આવેલ છે, જે મુજબ જો કોઈપણ વ્યક્તિ સ્વેચ્છાપૂર્વક કોઈ ગર્ભવતી સ્ત્રીનો ગર્ભપાત કરાવે અને આ રીતે તેવા ગર્ભમાં રહેલા બાળકનું મૃત્યુ નીપજાવે અથવા તો સ્ત્રીના ગર્ભમાં તે ગર્ભ ફરકતો થયો હોય કે ન થયો હોય તો પણ તે સ્ત્રીની સંમતિ વિના ગર્ભપાત કરાવે ઉપરાંત કોઈ ગર્ભવતી સ્ત્રીનો ગર્ભપાત કરાવવાના ઈરાદાથી તે ગર્ભ ઉપરાંત તે સ્ત્રીનું મૃત્યુ નીપજે તેવું કૃત્ય કરે અથવા તો કોઈ બાળક જીવતું ન જન્મે અથવા જન્મ્યા બાદ મરી જાય તે ઈરાદાથી તે બાળકના જન્મ પહેલાં આવું કોઈ કૃત્ય કરે અને તેવા કૃત્યથી બાળકને જીવતું જ જન્મવા ન દે અથવા તો જન્મ બાદ તેનું મૃત્યુ નીપજાવે અથવા તો ગર્ભમાં ફરકતા થયેલ અજાત બાળકનું મૃત્યુ નીપજાવે તો તે ભારતીય દંડ સંહિતાને આધીન સજા અને અથવા દંડને પાત્ર ઠરશે.

ઉંમર માટે દસ્તાવેજી પુરાવો (જન્મનું પ્રમાણપત્ર, શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર) મૌખિક પુરાવો અથવા તબીબી પુરાવો ગ્રાહ્ય છે.

હરિયાણા રાજ્ય વિરુદ્ધ રાજા રામના કેસમાં નક્કી થયા મુજબ જો સગીર દ્વારા પોતાના વાલીનું વાલીપણું ત્યજવામાં આવ્યું હોય તથા આરોપીએ તેને પોતાની સાથે આવવા જણાવેલ ન હોય ત્યારે આરોપીએ ગુનો ન કર્યો ગણાય.

કિશોરાવસ્થામાં હતી તેવી કિશોરીનું વ્યવસાયિક રીતે શારીરિક સંભોગ કરાવવાના હેતુસર અપહરણ કરવામાં આવ્યું હતું. આવા સંજોગોમાં કોઈપણ પ્રકારે હળવી સજા કરવી જોઈએ નહીં, તેવું સર્વોચ્ચ અદાલત દ્વારા કલા વિરુદ્ધ હરિયાણા રાજ્યમાં નક્કી કરવામાં આવ્યું હતું.

ભારતીય દંડ સંહિતાની કલમ 317 હેઠળ કોઈપણ વ્યક્તિ 12 વર્ષથી ઓછી વયના બાળકને પોતાની સંભાળ હેઠળ હોય તેવા બાળકને સંપૂર્ણપણે ત્યજી દેવાના ઈરાદાથી કોઈ સ્થળે છોડી દે અથવા તો અરક્ષિત મુકી દે તો તેને સાત વરસ અથવા તો સાત વર્ષ સુધીની અને અથવા દંડ બંને કરવામાં આવશે.

ભારતીય દંડ સંહિતાની કલમ 318 અંતર્ગત જન્મ્યા પહેલાં કે ત્યારબાદ કે જન્મ સમયે મૃત્યુ પામેલા કોઈ બાળકના મૃતદેહને છુપી રીતે દાટી દઈને કે તેનો અન્ય રીતે નિકાલ કરીને બાળકનો જન્મ છુપાવે કે છુપાવવાની કોશિષ કરે તે સજાને પાત્ર થશે.

ભારતીય દંડ સંહિતાની કલમ 359થી 373 સુધીની જોગવાઈ જુદી જુદી રીતે કરાયેલ અપહરણ અને અપનયનને સ્પર્શે છે. જે મુજબ કલમ 360 મુજબ કોઈપણ વ્યક્તિને તેની અથવા તેના વતી સંમતિ આપવા માટે કાનૂની અધિકાર ધરાવતી કોઈ વ્યક્તિની સંમતિ મેળવ્યા વગર જો ભારતની સીમા બહાર લઈ જવામાં આવે તો તેવી વ્યક્તિનું ભારતમાંથી અપહરણ થયું છે તેવું કહેવાશે. આમાં બાળકનો પણ સમાવેશ થઈ જાય છે, જ્યારે ભારતીય દંડ સંહિતાની કલમ 361 મુજબ જો પુરુષ હોય તો 16 વરસથી ઓછી વયનો અને સ્ત્રી હોય તો 18 વર્ષથી ઓછી વયની સગીર વ્યક્તિને તેના કાનૂની વાલીપણામાંથી તેવા વાલીની સંમતિ વગર કોઈપણ વ્યક્તિ લઈ જાય કે ફોસલાવીને લઈ જાય તેણે તેવી વ્યક્તિને કાનૂની વાલીપણામાંથી અપહરણ કર્યું કહેવાય. આમ આ કલમ સગીર બાળકના અપહરણને સ્પર્શે છે. આ બાબતે ઉંમર એ બહુ અગત્યનો પુરાવો બની રહે છે. કોઈપણ વ્યક્તિ અન્ય કોઈપણ વ્યક્તિને અમુક સ્થળેથી જવાની બળજબરીપૂર્વક ફરજ પાડે અથવા કોઈ પ્રકારે છેતરીને તેમ કરવા લલચાવે તેણે તે વ્યક્તિનું અપનયન કર્યું છે તેવું કહેવાશે. અપનયન પોતે ગુનો નથી, પરંતુ તેની પાછળ કોઈ વિશિષ્ટ પ્રકારનો ઈરાદો હોવો જરૂરી છે, જે મુજબ કોઈપણ વ્યક્તિ કોઈ સગીર વ્યક્તિને ભીખ માંગવાના કામે લગાડે કે ઉપયોગ કરાવે અથવા ભીખ માંગવાના કામે લગાડાય તે માટે તેને અપંગ બનાવાય તો તે સજાને તથા દંડને પાત્ર ઠરશે. આ ઉપરાંત કોઈપણ વ્યક્તિ 18 વર્ષથી ઓછી વય ધરાવતી કોઈ સગીર બાળકને અન્ય વ્યક્તિ સાથે લગ્ન બાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેવું કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી કોઈ સ્થળેથી જવા માટે કોઈપણ પ્રકારે લલચાવે તે સજાને તથા દંડને પાત્ર ઠરશે. કોઈપણ વ્યક્તિએ 21 વર્ષ કરતાં ઓછી વય ધરાવતી કોઈ બાળાને અન્ય વ્યક્તિ સાથે લગ્ન બાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેવું કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી કોઈ સ્થળેથી જવા માટે કોઈપણ પ્રકારે લલચાવે તે સજાને તથા દંડને પાત્ર ઠરશે. તેમજ બાળાને ભારત બહારના રાષ્ટ્રમાંથી ભારતમાં લાવે એટલે કે વિદેશમાંથી બાળા આયાત કરે તેને 10 વર્ષ સુધીની કેદની સજા કે દંડને પાત્ર ઠરશે.

ભારતીય દંડ સંહિતાની કલમ 369 મુજબ 10 વર્ષથી ઓછી વયના કોઈ બાળકના શરીર ઉપરથી ચોરી કરવાના ઈરાદાથી બાળકનું અપહરણ કે અપનયન કરે કે કાયમ રીતે ગુલામોનો વેપાર કરે ઉપરાંત કલમ 372 મુજબ કોઈપણ વ્યક્તિ 18 વર્ષથી ઓછી વય ધરાવતી કોઈ વ્યક્તિને તેની કોઈપણ ઉંમરે વેશ્યાવૃત્તિના અથવા અન્ય વ્યક્તિ સાથે લગ્ન બાહ્ય સંભોગ કરવાના હેતુ માટે કામે લગાડે કે તેનો ઉપયોગ કરે અથવા ઉપરોક્ત હેતુ માટે તેને વેચે, ભાડે આપે કે અન્યથા તેનો નિકાલ કરે તો તે સજા તથા દંડને પાત્ર ઠરશે. આ ઉપરાંત વેશ્યાવૃત્તિ વગેરેના હેતુ માટે સગીરને ખરીદવામાં આવે તે પણ સજાને પાત્ર ઠરશે.

ભારતીય દંડ સંહિતાની કલમ 371 મુજબ કોઈપણ વ્યક્તિ અન્ય કોઈપણ વ્યક્તિને તેની ઇચ્છા વિરુદ્ધ મજૂરી કરવા ગેરકાનૂની રીતે ફરજ પાડે તેને 1 વર્ષ સુધીની સજા કે દંડ અથવા બંને કરવામાં આવશે.

ભારતીય દંડ સંહિતાની કલમ 375 મુજબ કોઈપણ પુરુષ 16 વર્ષની નીચેની વયની સ્ત્રી સાથે તેની સંમતિથી કે સંમતિ વગર જાતિય સહવાસ કરે તો તે બળાત્કાર કહેવાશે.

ભારતીય દંડ સંહિતાની કલમ 376-ગ મુજબ બાળસંરક્ષણ ગૃહ અથવા કોઈપણ કાનૂન હેઠળ સ્થાપાયેલ વસવાટ હેઠળના તેવી સ્ત્રીઓ કે બાળકોની સંસ્થાની અધિક્ષક કે વ્યવસ્થાપક બાળ સંરક્ષણ ગૃહ, સ્થળ અથવા સંસ્થાની કોઈપણ સ્ત્રીને પોતાની સાથે સંભોગ કરવા લલચાવે કે ફોસલાવે તેને 5 વર્ષ સુધીની, બેમાંથી કોઈપણ વ્યક્તિ કોઈ પુરુષ, સ્ત્રી કે પશુ સાથે સૃષ્ટિના ક્રમ વિરુદ્ધ કૃત્ય કરે તેને આજીવન કેદ અથવા 10 વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની સજા કરવામાં આવશે.

## (4) કૌટુંબિક કાયદાઓ

- **અનૌરસ બાળકો :**

બાળકની અનૌરસતા અંગેનો ખ્યાલ જે લગ્ન પ્રથા અંગેના ખ્યાલમાંથી જન્મ્યો છે. કાયદેસરના લગ્ન સિવાય ઉત્પન્ન થયેલાં બાળક અનૌરસ બાળક ગણાય છે. હિન્દુ માન્યતા પ્રમાણે લગ્ન એક પવિત્ર સંસ્કાર છે. આવા પવિત્ર લગ્ને સંસ્કાર પછી જ ઉત્પન્ન થયેલ બાળક નૈતિક પણ છે અને ઔરસ પણ છે. પવિત્ર સંબંધ વિના જન્મેલું બાળક અનૌરસ ગણાય છે.

રોમન લૉ. ઈંગ્લીશ કોમન લૉ. મુસ્લીમ લૉ એવી માન્યતા ધરાવે છે કે અનૌરસ બાળક કોઈનું જ બાળક નથી. હિન્દુ કાયદા અનુસાર કેટલીક બાબતોમાં અનૌરસ બાળકોને કુટુંબનો સભ્ય ગણવામાં આવે છે. હિન્દુ લગ્ન ધારા 1955 મુજબ તેની કલમ 11 હેઠળનું વ્યર્થ લગ્નના કિસ્સામાં જન્મેલ બાળકો અનૌરસ બાળકો છે. આ સિવાયના વ્યર્થ લગ્ન જેવાં કે યોગ્ય વિધિ કર્યા સિવાયના લગ્નના બાળકો અનૌરસ ગણાય. હિન્દુ વારસા ધારાની કલમ 8 મુજબ પિતાની મિલકતનો વારસ ફક્ત ઔરસ બાળક જ ગણાય છે. હિન્દુ દત્તક વિધાન અને ભરણપોષણના કાયદા અનુસાર દરેક બાળક તેની સગીર અવસ્થા દરમિયાન તેના પિતા તેમજ માતા પાસેથી ભરણપોષણ મેળવવા હકદાર છે. સગીરત્વ અને વાલીપણાના કાયદા હેઠળ અનૌરસ હિન્દુ બાળકના પ્રથમ કુદરતી વાલી તરીકે એની માતા આવે છે, ત્યારબાદ તેના પિતા, મુસ્લીમ કાયદા અનુસાર અનૌરસ બાળકનો કબજો ધરાવવાનો અધિકાર તેની માતાને જ છે. આ કાયદો આવા બાળકોની ભરણપોષણ અંગેની કોઈ જ ફરજ પિતા ઉપર નાંખતો નથી. મુસ્લીમ કાયદા અનુસાર બાળકની ઔરસતા સ્થાપીત કરવાની એક ખાસ પધ્ધતિ નક્કી કરવામાં આવી છે. જેમાં કોઈ વ્યક્તિ સ્પષ્ટ રીતે બાળકને પોતાના કાયદેસરના બાળક તરીકે સ્વીકારે કે તે અંગેનું વર્તન કરે તો તે બાળક તે સ્વીકારનારનું ઔરસ બાળક ગણાય છે. અમેરિકા, યુરોપના કેટલાંક રાજ્યોમાં તેમજ રોમન લૉમાં પણ બાળકને પાછળથી સ્વીકૃતિ આપી ઔરસતા બક્ષી શકાય છે.

## (8) બાળકનો કબજો :

બાળકના કબજા અંગેનો પ્રશ્ન મોટેભાગે લગ્ન વિચ્છેદ થયા હોય ત્યારે જ ઉદ્ભવે છે. અને આ વખતે કે આ સમયે બાળકોના કલ્યાણને લક્ષમાં લઈને તેના બાળકનો કબજો તેની માતા કે પિતાને સોંપવામાં આવે છે.

હિન્દુ લગ્ન ધારો સને 1955ની કલમ 26માં બાળકના કબજા અંગે જણાવવામાં આવ્યું છે તે મુજબ હિન્દુ લગ્ન ધારા હેઠળની કોઈપણ કાર્યવાહીમાં અદાલત મોટેભાગે સગીર બાળકોની ઈચ્છાઓને ધ્યાનમાં રાખીને તેમના કબજા ઉપરાંત ભરણપોષણ સંબંધી ન્યાયી વચગાળાના હુકમો કરી શકે છે. ઉપરાંત હુકમનામામાં પણ આવી જોગવાઈ કરી શકે છે. એકવાર હુકમનામું થયા પછી પણ અદાલતને યોગ્ય લાગે તેવા ન્યાયી હુકમો ફરીથી કરી શકે છે. અથવા તો અગાઉ કરેલાં હુકમ કે જોગવાઈઓ રદ કે તેમાં ફેરફાર કરી શકે. હિન્દુત્વ સગીરત્વ અને વાલીપણાના કાયદા 1956ની કલમ 6 મુજબ હિન્દ ઔરસ બાળકના કુદરતી વાલી તરીકે સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ પ્રથમ પિતા અને પિતાની ગેરહાજરીમાં માતા એવું નહીં પરંતુ બંને કુદરતી વાલી તરીકેના સમાન હક્ક ધરાવે છે. સામાન્ય રીતે અદાલત દ્વારા સગીરનું કલ્યાણ ક્યાં છે તે સૌ પ્રથમ ધ્યાનમાં લેવામાં આવે છે. સગીર જ્યાં સુધી 5 વર્ષનો ન થાય ત્યાં સુધી બાળકનો કબજો માતાની પાસે રહે છે. બાળકના કલ્યાણ માટે કેટલીક વાર 5 વર્ષથી મોટી વયના બાળકનો કબજાને પણ તેની માતાને સોંપવામાં આવે છે.હિન્દુ સગીર પરિણીત છોકરીનો વાલી તેનો પતિ ગણાય છે.

**મુસ્લીમ કાયદો :**

મુસ્લીમ કાયદા અનુસરા પિતા કુદરતી વાલી છે અને જ્યાં સુધી પિતા હયાત હોય અને અદાલતના અભિપ્રાય મુજબ તે વાલી તરીકે ગેરલાયક ન હોય ત્યાં સુધી અદાલત સગીરના વાલીની નિમણૂંક કરી શકે નહીં. શિયા કાયદા મુજબ છોકરો બે વર્ષનો અને છોકરી સાત વર્ષની થાય ત્યાં સુધી

અને અનફી કાયદા મુજબ છોકરો સાત વર્ષ સુધી અને છોકરી પંદર વર્ષની ઉંમર પુરી ન થાય ત્યાં સુધી તેઓના શરીરનો કબજ ધરાવવાનો અધિકાર તેની માતાને મળે છે. આવા બાળકોનો કબજો માતા પાસે હોય તો પણ તેનું ભરણપોષણ કરવા પિતા બંધાયેલા છે. અનૌરસ બાળકનો કબજો ધરાવવાનો અધિકાર બાળકની માતાનો છે. મુસ્લીમ પતિ પોતાની પત્ની કે જેણે યુવા અવસ્થા પ્રાપ્ત કરી હોય તેનો કબજો ધરાવવા અધિકાર છે. પરંતુ જો તેણીએ યુવા અવસ્થા પ્રાપ્ત ન કરી હોય તો તેણીની માતા આ અંગેનો અધિકાર ધરાવે છે. શબાના રોટકીન વિરૂદ્ધ શાહીદા રોટકીનના કેસમાં ગુજરાત હાઈકોર્ટે જણાવેલ છે કે, સગીર બાળકોને તેમની માતાના કબજામાંથી દૂર કરવાનું યોગ્ય નથી કારણ કે આવા બાળકોની તેમની માતા પાસેથી લાગણી અને કાળજીની વિશેષ જરૂરિયાત હોય છે અને આ સમય દરમિયાન માતા દ્વારા જે પ્રકારે બાળકોની કાળજી લેવામાં આવે છે તેને પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

**દત્તક વિધાન :**

હિન્દુ ધાર્મિક માન્યતા પ્રમાણે પુત્ર જ ''પુ'' નામના નર્કમાંથી પિતાને છોડાવે છે. સામાન્ય રીતે દરેક વ્યક્તિ પોતાના પુત્ર દ્વારા વંશ કે પેઢી ચાલુ રહે તેમ ઈચ્છે છે. તે માટે કેટલાંક નિઃસંતાન વ્યક્તિ દ્વારા બીજી કોઈ વ્યક્તિના પુત્રને પોતાના પુત્ર તરીકે સ્વીકૃતિ આપવી, ઉછેરવો અને તે દ્વારા પોતાનો વંશ ચાલે તેવું હિન્દુ ધાર્મિક ગ્રંથોમાં સ્વીકારાયેલું હતું. જેને આપણે દત્તક વિધાન તરીકે ઓળખીએ છીએ. આ પ્રથા મુસ્લીમ, પારસી કે ખ્રિસ્તી કાયદામાં જોવા મળતી નથી. આ પ્રથા હિન્દુ કાયદામાં જ જોવા મળે છે. કાયદેસરના દત્તક વિધાન અંગેની કેટલીક જોગવાઈઓ નીચે મુજબ છે.

(1) દત્તક લેનાર વ્યક્તિને દત્તક લેવાનો અધિકાર હોવો જોઈએ. ઉપરાંત તે સક્ષમ પણ હોવો જોઈએ.જો તેની પત્ની હયાત હોય તો તેની પત્નીની સંમતિ વિના દત્તક લઈ શકાશે નહીં.

(2) દત્તક આપનાર વ્યક્તિ, દત્તક આપવા માટે સક્ષમ હોવો જોઈએ.

(3) દત્તક લેવાયેલ વ્યક્તિ, દત્તક લેવા માટે સક્ષમ હોવી જોઈએ.

(4) જો દત્તક વિધાન પુત્રનું હોય તો દત્તક લેનાર પિતા કે માતાની દત્તક લેતી વખતે ઔરસ રક્ત સંબંધ કે દત્તકની કોઈ હિન્દુ પુત્ર, પૌત્ર કે પ્રપૌત્ર હયાત હોવો જોઈએ નહીં.

(5) જો દત્તક વિધાન પુત્રીનું હોય તો દત્તક લેનાર પિતા કે માતાને દત્તક લેતી વખતે ઔરસ રક્ત સંબંધ કે દત્તકની કોઈ હિન્દુ પુત્રી, પૌત્રી કે પ્રપૌત્રી હયાત હોવી જોઈએ નહીં.

(6) જો પુરુષ દત્તક લેનાર હોય અને દત્તકમાં લેવાનાર વ્યક્તિ જો સ્ત્રી હોય તો દત્તક પિતા દત્તકમાં લેવાનાર વ્યક્ત કરતાં ઓછામાં ઓછા 21 વર્ષ ઉંમરમાં મોટો હોવો જોઈએ.

(7) જો સ્ત્રી દત્તક લેનાર હોય અને દત્તકમાં લેવાનાર વ્યક્ત જો પુરુષ હોય તો દત્તક માતા દત્તક લેવામાં આવનાર વ્યક્તિ કરતાં ઓછામાં ઓછી 21 વર્ષ ઉંમરમાં મોટી હોવી જોઈએ.

(8) બે કે તેથી વધારે વ્યક્તિઓ એક સાથે એક જ બાળકને દત્તક લઈ શકે નહીં.

આવા દત્તક વિધાનને કારણે દત્તક લેવાયેલ બાળક એ દત્તક કુટુંબનું બાળક બને છે અને તેના જન્મના કુંટુંબ સાથેના સંબંધનો અંત આવે છે.

**ભરણપોષણ :**

બાળકનું ભરણપોષણ કરવું એ તેના માતા-પિતાની નૈતિક અને કાનૂની ફરજ બની રહે છે. ભારતમાં વિધિ કૌટુંબિક કાયદા અનુસાર તેમજ ફોજદારી કાર્યવાહી ધારાની કલમ 125માં જે વ્યક્તિ પાસે પૂરતા સાધનો હોય તે વ્યક્તિ પોતાનું ભરણપોષણ કરવા અસમર્થ એવા ઔરસ કે અનૌરસ, પરિણીત કે અપરણીત સગીર બાળક, શારીરિક કે માનસિક રીતે અશક્ત કે ઈજા વગેરેને કારણે પોતાનું ભરણપોષણ કરવા અસમર્થ હોય તેવા પુખ્ત વયના બાળકનું તેમજ જો તે પુત્રી હોય તો અપરિણિત હોય અને પોતાનું ભરણપોષણ કરવા અસમર્થ હોય ત્યાં સુધી ભરણપોષણ કરવાની જવાબદારી મૂકે છે.

**હિન્દુ કાયદો :**

હિન્દુ દત્તક વિધાન અને ભરણપોષણ કાયદા 1956 અનુસાર તેની કલમ 20 મુજબ દરેક હિન્દુ માતા બાળકોનું (ઔરસ કે અનૌરસ) ભરણપોષણ કરવા જવાબદાર છે. જો કે બાળકો અંગેની આ જવાબદારી તેમની સગીર અવસ્થા સુધી ચાલુ રહે છે. અપરિણિત પુત્રી પુખ્ત વયની હોય તો અને પોતાનું ભરણપોષણ કરવા અસમર્થ હોય તો પણ પોતાના માતા-પિતા પાસેથી ભરણપોષણ મેળવી શકે છે.

**મુસ્લીમ કાયદો :**

પોતાના બાળકોનું ભરણપોષણ કરવાની આ કાયદા અનુસાર પિતાની જવાબદારી છે. કોઈપણ મુસ્લીમ પિતા પોતાના પુત્રો કે જેઓ યુવાવસ્થામાં પહોંચે ત્યાં સુધી કે પુત્રીઓનું તેમના લગ્ન થાય ત્યાં સુધી ભરણપોષણ કરવા બંધાયેલ છે. જો બાળક માતાના કબજામાં હોય તો પણ તેનું ભરણપોષણ કરવા પિતા બંધાયેલ છે. મુસ્લીમ કાયદો અનૌરસ બાળકના ભરણપોષણની કોઈ ફરજ પિતા ઉપર નાંખતો નથી.

## (9) મજૂર કાયદાઓ

### 1. દુકાન અને વાણિજ્ય સંસ્થાનો કાયદો, 1948 :

કલમ 2 (2) હેઠળ જે વ્યક્તિએ 14 વર્ષ પુરાં ન કર્યા હોય તે બાળક કહેવાય છે. 14 થી 17 વર્ષની વ્યક્તિ ખૂબ જ અગત્યની છે કારણકે તે એડોલસન્સ એટલે કે કિશોર ગણાય છે.આ કલમો મુજબ કોઈપણ બાળક કામદાર તરીકે કે અન્ય કોઈ પણ રીતે કોઈ પણ સંસ્થામાં કામ પર રાખી શકાશે નહી.જ્યારે કિશોરને કાયદાની અમુક શરતોને આધીન અમુક પ્રકારના કાર્યો માટે કામે રાખી શકાય.

આ જોગવાઈઓમાં માલિકના ફેમિલી મેમ્બરનો સમાવેશ થતો નથી. કોઈ યંગ પર્સન અથવા સ્ત્રીને, કામદાર તરીકે અગર અન્ય રીતે સંસ્થામાં સવારે 6 થી સાંજે 7 સુધીમાં જ કામ આપી શકાશે તથા આખા દિવસમાં 6 કલાકથી વધારે તેઓ કામ લઈ શકશે નહીં. સતત 3 કલાક કામગીરી લઈ અડધો કલાકની રિસેસ આપવાનું ફરજીયાત છે.

આ કાયદાની કલમ 34(એ) ખૂબ અગત્યની છે અને તે મુજબ કોઈ પણ યંગ વ્યક્તિ કે સ્ત્રી જે સંસ્થામાં કામદાર કે અનેય કોઈ રીતે કામ કરતી હશે તેને સરકારે જાહેર કરેલ કે જેમાં જિંદગી માટે જોખમકારક તેમજ સ્વાસ્થ્ય અને નૈતિક્તાની રીતે પણ નુકસાનકારક કામ કે પ્રક્રિયા હોય તેમાં પણ કામે રાખી શકાશે નહિ.

કલમ 52-ડી મુજબ આ પ્રકારની જોગવાઈઓનાં ભંગ બદલ શિક્ષાની જોગવાઈ છે અને તે મુજબ કલમ 32, કલમ 33, કલમ 34 અને કલમ 34(એ)નાં ભંગ બદલ સંસ્થાનાં માલિક અને મેનેજર બંનેને વ્યક્તિગત પણ સજા થઈ શકે છે.

દંડ રૂા. 25/-થી રૂા. 250/-નો થઈ શકે છે. કલમ 34 પ્રમાણે આરોપીએ ઉંમરનો પુરાવો આપવો પડે છે. ક્વોલિફાઈડ, રજિસ્ટર્ડ પ્રેકટીશનરના સર્ટીફીકેટ ઉપરથી ઉંમરનો ખુલાસો થઈ શકે છે. જે ખુલાસો તેનાં પુરાવા તરીકે માન્ય રાખી શકાય છે.

### 2. ડેન્જરસ મસીન (રેગ્યુલેશન એક્ટ) 1943

આ કાયદાની કલમ 3(એ) મુજબ 14 વર્ષ સુધીની ઉંમરની વ્યક્તિ બાળક કહેવાશે. કલમ 3(સી) મુજબ ખેતી અને રૂરલ સેક્ટરનાં ઉપયોગમાં લેવાતા મશીનોમાં ભયજનક મશીનો ક્યા કહી શકાય તેમ જણાવવામાં આવેલ છે.

આ કાયદાની કલમ-20(બી), મુજબ આ પ્રકારના ડેન્જરસ મશીન વાપરનાર તમામે એવી જાહેરાત કરવી ફરજીયાત છે કે, તેમના આ ડેન્જરસ મશીન દ્વારા થતી પ્રક્રિયામાં કોઈપણ બાળકને કામે રાખવામાં આવશે નહીં. આ કાયદાની કલમ-31(બી), મુજબ સદર જોગવાઈઓનાં ભંગ બદલ 6 માસની સજા અથવા રૂા.1000/- સુધીનો દંડ અથવા બંને થઈ શકે છે એ ફરીથી આવો ગુન્હો થયે 3 માસની સજા અને પાંચસોથી એક હજાર રૂપિયા દંડ થઈ શકે છે.

### 3. ફેટલ એક્સીડન્ટ,1855

કોઈ વ્યક્તિનાં વાદયોગ્ય દાવા સામે રોકડા ગણી શકાય તેવા નુકસાનની તેવા રોગના કારણે મૃત્યુ પામેલ વ્યક્તિનાં વારસોમાં બાળકને પણ નુકસાન ભરપાઈ કરવા અંગેની જોગવાઈ છે. કોઈ વ્યક્તિનું કોઈ વ્યક્તિનાં ખોટા કૃત્યને કારણે અગર બેદરકારી અથવા ડિફોલ્ટને કારણે મૃત્યુ થયું હોય જેના સંજોગોને કારણે તેનાં કુટુંબીજનો કે જેમાં તેની પત્ની, પતિ, માતાપિતા, અને બાળકોનો સમાવેશ થાય છે. તેને કોર્ટ યોગ્ય લાગે તે રકમ નુકસાન તરીકે (ડીફેન્ડન્ટ ડુઅર) પાસેથી ખર્ચ સહિત અપાવે છે. જે તેના કુટુંબનાં સભ્યો વચ્ચે વહેંચાય છે.

તેમાં જે તે વ્યક્તિનાં બાળકને પણ સદર ડેમેજીસની રકમ પ્રમાણસર મળે છે.

આ કાયદા હેઠળ બાળક એટલે તે જે તે, મૃત્યુ પામેલ વ્યક્તિનાં પુત્ર કે જેની ઉંમર 18 વર્ષથી અટકી જતી નથી પરંતુ કોઈપણ ઉંમરનાં બાળક તેવો અર્થ થાય છે.

સી.પી.બી. કામદાર વિરૂદ્ધ, થાચ્ચમ્મા

એ.આઈ.આર. 1970, કેરાલા હાઈકોર્ટ, પેઈજ 241

અનૌરસ બાળકને તેનાં પિતાનાં અવસાનને કારણે આ કાયદા હેઠળ વળતર મળી શકે છે.

### 4. વર્કમેન કમ્પનસેશન એક્ટ

આ કાયદાની કલમ 2(ડી)(1) મુજબ આશ્રિતની વ્યાખ્યામાં સગીર બાળક તેમાં ઔરસ અથવા દત્તક લીધેલ પુત્ર અને અપરિણીત ઔરસ અથવા દત્તક લીધેલ પુત્રીનો સમાવેશ થાય છે. તેમજ કામદારના મૃત્યુ સમયે તેનાં કમાણી પર પૂરેપૂરો આશ્રિત હોય તો 18 વર્ષની વયનો અશક્ત પુત્ર અથવા પુત્રી પણ સમાવિષ્ટ છે, જે આશ્રિત ગણાય છે.

આ કાયદાની કલમ 2(એફએફ) પ્રમાણે, સગીર એટલે જેણે 18 વર્ષની ઉંમર પુરી ન કરી હોય તેવી વ્યક્તિ ગણવામાં આવે છે.

આ કાયદા હેઠળ ફેક્ટરીમાં કામ કરતાં કામદારને કામમાં અને કામ દરમ્યાન અકસ્માત થયો હોય, અને મૃત્યુ થયું હોય ત્યારે તેનાં આશ્રિતોને આ કાયદા મુજબ માલિક પાસેથી વળતર આપવાની જોગવાઈ છે અને તે જોગવાઈ મુજબ તે કામદારનાં આશ્રિતને સદર વળતરની રકમ કામદાર વળતર ધારા હેઠળ નિમાયેલાં કામદાર વળતર કમિશ્નરશ્રી, યોગ્ય ચકાસમી કરી આશ્રિતો વચ્ચે વહેંચી આપે છે અને આ વળતરની રકમમાં બાળકને વહેંચાયેલી રકમ તે પુખ્ત ઉંમરનો થાય ત્યાં સુધી કમિશ્નરશ્રી બેંક અથવા અન્ય સિક્યુરીટી ડીપોઝીટ કરે છે. તેમાં બાળકનાં વાલી તરીકે પેરેન્ટસમાંથી કોઈકનું નામ રાખવામાં આવે છે. સદર રકમમાં વ્યાજ મેળવવા અંગેની જોગવાઈઓ છે. તે રકમ કમિશ્નરશ્રીની સૂચના મુજબ પૂરી પાડે છે. કામદારનાં મૃત્યુ બાદ તેને મળતી વળતરની રકમ મેળવવા અંગે તેનાં આશ્રિતો મફત કાનૂની સહાયની વ્યવસ્થાનો લાભ લઈ તેવી અરજી મફત કાનૂની સલાહ સમિતિ દ્વારા પણ કરી શકે છે.

કામદારનાં મૃત્યુના કેસમાં માલિક સદર વળતરની રકમ કામદારનાં કોઈપણ સગાં સંબંધી કે આશ્રિત સાથે ખાનગી કરાર કરી સમાધાન કરી ચૂકવણી કરી શકતાં નથી. અને જો બારોબાર તેના સમાધાન થયા હોય તો પણ તેવા આશ્રિત કે જેમાં બાળકોનો પણ સમવેશ થાય છે. તેને ખાનગીમાં આપેલ રકમ અને કરાર, આ કાયદા હેઠળ રદ્દ ગણાય છે અને તેવી રકમો માત્ર ગીફટ તરીકે ગણી આ કાયદા હેઠળ ચૂકવવા પાત્ર થતી વળતરની રકમ કમિશ્નરશ્રી પાસે જમા કરાવવી પડે છે. અને તે બાદ જ આશ્રિતોને વહેંચી આપવામાં આવે છે.

### 5. કામદાર રાજ્ય વીમા યોજના (ESI)

આ કાયદાની કલમ 6(એ)માં આશ્રિતોની વ્યાખ્યા આપવામાં આવી છે. જેમાં કલમ 6(એ)(1)માં સગીર, ઔરસ અથવા દત્તક પુત્ર તથા અપરિણીત પુત્રી તથા અથવા દત્તક પુત્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે. તથા કામદારનાં મૃત્યુ સમયે તેની આવક પર સંપૂર્ણ આશ્રિત હોય તેવા

ઔરસ અથવા દત્તક પુત્ર અથવા પુત્રી જેમની 18 વર્ષની ઉંમર પુરી કરી ન હોય તેવા બાળક તેમજ સગીર અનૌરસ, અવિવાહિત, અનૌરસ પુત્રી, અથવા દત્તક અથવા અનૌરસ પરિણીત પરંતુ સગીર, અને સગીર પરંતુ વિધવા તેમજ મૃત્યુ પામેલ પુત્રનો સગીર પુત્ર તથા મૃત્યુ પામેલ પુત્રીનો સગીર પુત્ર કે જેના પેરેન્ટસ હયાત ન હોય તે તમામનો સમાવેશ આ કાયદા હેઠળ કરવામાં આવે છે.

આ કાયદામાં ઈન્સ્યોર્ડ કામદારને તથા તેનાં કુટુંબીજનોને આ કાયદા હેઠળની સ્કીમ મુજબનાં વીમાના લાભ મળે છે. અને તેવાં ફેમિલીમાં પણ ઔરસ સગીર અથવા દત્તક સગીર અને જે પુત્ર કે પુત્રી 21 વર્ષની થાય ત્યાં કામદાર પર આશ્રિત હોય અને શિક્ષણ મેળવતી હોય તેવી વ્યક્તિ તથા અપરણિત પુત્રી તથા જે પુત્ર માનસિક અને શારીરિક રીતે અશક્ત હોય તેમજ, ઈજાગ્રસ્ત હોય જે આવી અશકતતાને કે ઈજા જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી કામદારની આવક પર આશ્રિત હોય તેવાં તમામ બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ કાયદાની કલમ-52 હેઠળ કામદારના મૃત્યુને કારણે તેમનાં આશ્રિતોને રોકડ લાભ સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણેનાં દરે આપવામાં આવે છે. આ કાયદાની કલમ-75 મુજબ કામદાર વીમા અદાલતમાં આ કાયદા હેઠળ મળતાં લાભ અને રકમો અંગેની તકરારનો ન્યાય નિર્ણય થાય છે. આશ્રિત લાભનો પણ તેમાં સમાવેશ થાય છે. સગીર બાળકનાં ગાર્ડીયન દ્વારા તેના પિતા તેના સભ્ય પિતા કે માતાના અવસાન બાદ લાભ મેળવવા માટે ક્લેઈમ કરી શકે છે. કલમ-86 મુજબ રીજીયોનલ ઓફિસને સંતોષ થાય તો, જે વાલીને કારણે બાળકને આશ્રિતોનાં લાભ આપવામાં બેદરકારી વર્તાતી હોય તો અન્ય વ્યક્તિને નિયત કરેલ શરતોએ તેવા બાળકની સાર સંભાળ માટે તે રકમ તેને આપવાનું જાહેર કરી શકશે. આ કાયદા હેઠળ ઈન્સોર્ડ કામદારને મળતાં મેડિકલ લાભ તે તમામ તેનાં કુટુંબીજનોને પણ મળે છે જેમાં બાળકનો સમાવેશ થાય છે.

**6. પ્રોવિડન્ડ ફંડ એક્ટ :**

આ કાયદાની જોગવાઈ મુજબ જે કામદાર પ્રોવિડન્ડ ફંડનો મેમ્બર બને તેમજ પેન્શન ફંડનો મેમ્બર બને તેને કરેલ નોમિનેશન મુજબ અગર તો વારસદાર તરીકે તેનાં કુટુંબીજનોને તે મેમ્બરના મૃત્યુ બાદ લાભ મળે છે તે જણાવવામાં આવ્યા છે. તેમાં સ્કીમ મુજબ ઔરસ બાળક અને તેમાં દત્તક પુત્ર જેને કાયદાથી દત્તક વિધાન થયેલું હોય તેવા પુત્રનો સમાવેશ થાય છે અને કુટુંબની વ્યાખ્યામાં સભ્ય કામદારનાં બાળકો પરણિત કે અપરણિત હોય તથા પરણિત પુત્રની વિધવા અને તેનાં બાળકોનો સમાવેશ થાય છે.

આ કાયદા હેઠળ સભ્ય કામદારનું જમા થયેલ પ્રોવિડન્ડ ફંડ તેના મૃત્યુ બાદ વ્યાજ સહિત તેનાં કુટુંબીજનોને મળે છે અને તેમાં ઉપર જણાવેલ બાળકોનો પણ સમાવેશ થાય છે.

નિયમ-61 મુજબ સભ્ય કામદારનાં કોઈપણ સભ્યનાં એક માસ કરતા વધારે હોસ્પિટલાઈઝેશન કે, મોટી સર્જરી કે, ગંભીર રોગની સારવાર માટે ફંડમાં જમા થયેલ રકમમાંથી પરત કરવા ન પડે તેવી એડવાન્સની રકમ મળી શકે છે.

આ યોજના મુજબ બાળકના મેટ્રીક પછીનાં અભ્યાસ માટે તથા મેરેજ માટે તેમજ અસાધારણ સંજોગો માટે એડવાન્સ મળી શકે છે. પ્રોવિડન્ડ ફંડની સાથે ફેમિલી પેન્શન સ્કીમમાં મેમ્બર સભ્યના કામદાર મૃત્યુ બાદ તેનાં પુત્ર અને પુત્રીને નિયમ પેન્શનની રકમ મળી શકે છે.

આ સ્કીમનાં નિયમ મુજબ સભ્ય કામદારના મૃત્યુ થવાથી નિયમ મુજબ (માસિક) બાળકોનું પેન્સન પણ મળે છે. જે પેન્સન (માસિક) વિધવા પેન્સનની દરેક બાળકને રૂા. 150/- માસિક અથવા વિધવા પેન્સનનાં 25% જેટલી રકમ પેન્સન તરીકે આપવામાં આવે છે. આ પેન્સન બાળક 25 વર્ષની ઉંમરનું થાય ત્યાં સુધી મળે છે. ખોડખાંપણવાળા બાળકને અનાથ પેન્સન કે (માસિક) બાળક પેન્સન તેમની ઉંમરના બાળકોની સંખ્યા વગેરે ધ્યાનમાં લઈ આપવામાં આવે છે અને જો તેની માતા પણ હયાત ન હોય તો બાળકને વિધવા પેન્સનની 75% જેટલી રકમ રૂા. 250/- માસિક સુધીની મળે છે.

પ્રોવિડન્ડ ફંડના કાયદાની સાથે ડીપોઝીટ લિન્કડ ઈન્સ્યોરન્સ મુજબ પણ સભ્ય કામદારનાં કુટુંબને લાભ મળે છે. આ ઈન્સ્યોરન્સ સ્કીમ મુજબ સભ્ય કામદારના મૃત્યુ બાદ તેના પ્રોવિડન્ડ ફંડ ખાતામાં બચેલી રકમની સાથે વિન્કડ કરી વીમા લાભ સભ્ય કામદારનાં મૃત્યુનાં કેસમાં તેનાં કુટુંબીજનોને મળે છે.

સભ્યએ પ્રોવિડન્ડ ફંડમાં કરેલ નોમિનેશન પ્રમાણેનાં નોમિનીને આપવામાં આવે છે, પરંતુ જે પુત્ર પુખ્ત ઉંમરનો થયો હોય તેમજ પૌત્ર કે જે પુખ્ત ઉંમરનાં થયા હોય તે તથા વિવાહિત પુત્રી કે જેનો પતિ હયાત છે તે તથા મૃત્યુ પામેલ પુત્ર, વિવાહિત પુત્રી જેનો પતિ હયાત છે તેઓને સરખા હિસ્સે આ સ્કીમ મુજબ વીમા લાભ આપવામાં આવે છે.

સગીર અથવા ગાંડા બાળકને પણ પ્રોવિડન્ડ ફંડની જોગવાઈ મુજબ પેમેન્ટ કરવામાં આવે છે.

**7. લઘુત્તમ વેતન ધારો :**

આ કાયદા હેઠળ તરૂણ વ્યક્તિ અને બાળક કે જે અનુક્રમે 14થી 16 વર્ષની વ્યક્તિને તરૂણ અને 14 વર્ષથી નાની વયની વ્યક્તિને બાળક તરીકે ગણવામાં આવે છે.

આ કાયદા હેઠળ અનુસૂચિમાં દર્શાવેલ ઉદ્યોગમાં કામે રાખેલાં કામદારને મિનિમમ વેતન આપવાની જોગવાઈ છે અને તે મુજબ જે તે વિસ્તારમાં જે તે ઉદ્યોગમાં કામે રાખેલ વ્યક્તિને અનુક્રમે કલાક કે દિવસ કે મહિના પ્રમાણે વેતન આપવાની જોગવાઈ છે અને સરકારે નક્કી કરેલ મૂળ દર અને નિર્વાહભથ્થાંથી ઓછું વેતન કોઈ પણ કામદારને આપી શકાતું નથી.

અઠવાડિયાના તમામ દિવસોએ કામ કરેલ હોય અને દુકાન અને વાણિજ્ય હેઠળ સંસ્થા આવરી લેવામાં આવી હોય, તેવા કામદારને આરામનાં દિવસ માટે પણ વેતન આપવાની જોગવાઈ છે. ઓછું વેતન આપવા બદલ તેમજ આ કાયદા હેઠળની જોગવાઈનાં ભંગ કરનાર માલિકને સજા અને દંડ બંને થઈ શકે છે. લેણી નીકળતી રકમ મેળવવા માટે કામદાર સીધેસીધો કોર્ટમાં માલિક વિરુદ્ધ કેસ કરી શકે છે. આ અધિનિયમ હેઠળ બાળકની વ્યાખ્યામાં સમાવિષ્ટ કામદારના સાડાચાર કલાકથી વધુ કામ લઈ શકાતું નથી અને બાળકામદારનો કુલ સમય 5 કલાક કરતાં વધારે જોઈએ નહિ તેવી જોગવાઈ કરવામાં આવી છે. તરૂણ વયનાં કામદારની બાબતમાં કામના કલાકની સંખ્યા સરકારે જાહેર કરેલ રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનર દ્વારા પુખ્ત વયની વ્યક્તિ અથવા બાળ તરીકે કામ કરવાનું પ્રમાણપત્ર આપ્યું હોય તે જ વ્યક્તિને બાળકામદારનાં કામનાં કલાકો જેટલું જ કામ આપી શકશે. બાળકામદાર પાસે રાત્રિના સમયે કામ લઈ શકાતું નથી.

બાળમજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, 1986 અને ગુજરાત રૂલ્સ, 1994 અધિનિયમની કલમ-3 મુજબ બાળકામદારોને નોકરીમાં રાખવાનો પ્રતિબંધ છે. કલમ-7(3) અને નિયમ-3(1) મુજબ નિયમ મર્યાદા મુજબની ઉંમરવાળા બાળકામદારોના કામનો કુલ સમય 6 કલાકથી વધુ હોઈ શકે નહિ.

બાળકામદારોના કામનો સતત સમય 3 કલાકથી વધુ હોઈ શકે નહિ અને એક કલાકની રિસેસ ઓછામાં ઓછી આપવી પડે.

બાળકામદારો પાસે રાત્રે 7-00થી સવારે 8-00 વચ્ચે કામ કરાવી શકાય નહિ તેમજ ઓવરટાઈમ કામ કરાવાય નહિ. અઠવાડિક રજા આપવી ફરજિયાત છે. તેમજ તેમની ઉંમરનું નિયત નમુનાનું પ્રમાણપત્ર રાખવું ફરજિયાત છે. 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકને કામ પર રાખી શકાય નહિ અને જો રાખેલ હોય તો નામદાર સુપ્રિમકોર્ટના રીટપીટીશનનાં 465/86માં આપેલ ચુકાદા મુજબ રૂપિયા વીસ હજાર આવા બાળકામદાર દીઠ બાળકામદારોનાં પુનઃર્વસન અને કલ્યાણનિધિ સોસાયટીમાં જિલ્લા કલેક્ટર પાસે ફાળો જમા કરાવવો ફરજિયાત છે. જો આ પૈસા જમા કરાવવામાં ન આવે તો તેની વસુલાત જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવામાં આવે છે.

આ તમામ બાબતોનું સંચાલન મદદનીશ શ્રમઆયુક્ત બાળમજૂર કલ્યાણનિધિ અને સંચાલન દ્વારા કરવામાં આવે છે.

ભારતીય બંધારણનાં આર્ટિકલ-141 મુજબ સુપ્રિમ કોર્ટે આપેલ સદર જજમેન્ટ કાયદો બની જાય છે.

બાળકામદારને રોકેલ હોય તો સંસ્થાનાં માલિકે દરરોજ કામનાં કલાક સિવાય બે કલાક તેમનાં ખર્ચે બાળકોને શિક્ષણ આપવું ફરજિયાત છે.

રૂા. 20,000/-નું વળતર આપવાનો ઈન્કાર કરતાં માલિક વિરુદ્ધ સરકાર દ્વારા સોગંદનામા સહિત કોર્ટમાં ફરિયાદ કરી સદર નાણાં રેવન્યુ રાહે તે ગુન્હેગાર માલિક પાસે વસુલ લેવા અંગેની પણ જોગવાઈ છે.

રૂા. 20,000/- માલિકની અશક્તતા હોય તો પણ ચુકવવું ફરજિયાત છે. કાયદા મુજબની મર્યાદાને બાજુ પર રાખી બાળકામદાર રાખવામાં આવેલાં હશે તો તેને તાત્કાલિક છૂટા કરવા પડશે.

જોખમી વ્યવસાયમાં બાળ કામદારોને રાખી શકાય નહિ અને બિનજોખમી વ્યવસાયમાં નિયત ધોરણ મુજબ બાળકામદાર રાખી શકાય છે. (14 વર્ષથી ઓછી ઉંમરવાળા નહિ)

માઈન્સ એક્ટ, 1952

મોટર ટ્રાન્સપોર્ટ વર્કર્સ એક્ટ, 1961

એપ્રેન્ટિસ એક્ટ, 1961

બીડી અને સિગાર વર્કસ (કન્ડિશન ઑફ એનવેલમેન એક્ટ) 1966

દુકાન અને વાણિજ્ય સંસ્થાઓનાં કાયદા

સંસ્થાના માલિક કે જેઓએ બાળકામદારોને કામે રાખતાં હોય અને જો તેઓ 14 વર્ષથી ઉપરની ઉંમરના હોય તો તે માલિકે સાબિત કરવું પડશે. તે બાળકામદાર 14 વર્ષથી ઓછી ઉંમરનો નથી તેનું જન્મ મરણ નોંધણીનું રજિસ્ટ્રારનું, જન્મ સર્ટિફિકેટ ચોક્કસ પુરાવા તરીકે ગણવામાં આવશે.

કાયદાની કલમ 14(1)(2)માં પીનલ પ્રોવિઝન આપવામાં આવેલ છે.

કલમ-14(1) મુજબ 1 વર્ષની સજા જે 3 વર્ષ વધી શકે છે અને રૂા. 20,000/- જે રૂા. 50,000/- સુધી વધી શકે અથવા બંને

કલમ-14(2) મુજબ બે વર્ષ સુધી સજા જે પાંચ વર્ષ સુધી વધી શકે છે અને રૂા. 50,000/- સુધીના દંડ સાથે

કલમ-14(3) મુજબ 3 વર્ષની સજા જે રૂા. 20,000/- સુધીનાં દંડ સાથે

ભારતીય બંધારણનાં આર્ટિકલ 21(એ) પ્રમાણે

- 6 થી 14 વર્ષનાં બાળકોને મફત ફરજિયાત શિક્ષણ આપવાનું છે. કોઈપણ ફેક્ટરી, ખાણ અથવા ભયજનક નોકરીમાં 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકને રાખી શકાય નહિ (આર્ટિકલ 24)
- 6થી 14 વર્ષનાં બાળકને શિક્ષણની વ્યવસ્થા અને સંભાળ લેવાની જવાબદારી દરેક માતા-પિતા અને વાલીની રહેશે. (આર્ટિકલ-51એ) નેશનલ પૉલિસી ફોર ચિલ્ડ્રન 1974 પ્રમાણે
- જન્મ પહેલા અને જન્મ પછી તેનો સંપૂર્ણ ઉછેર ન થાય ત્યાં સુધી રાજ્યએ બાળકને શારીરિક, માનસિક અને સામાજિક વિકાસની તમામ તક પૂરી પાડવી પડશે.
- બાળકો માટે યુનાઈટેડ નેશન્સ 1946માં જે હક માન્ય કર્યા છે તેમાં અગત્યનાં, કુટુંબનાં વાતાવરણના હકો, તંદુરસ્તીનાં હકો, શોષણ સામેના હકો અને સાંસ્કૃતિક હકો તેમજ આર્ટિકલ-32 પ્રમાણે બંધારણીય ઉપાય મેળવવાનાં હકો.
- ભારતમાં માચીસ, ફટાકડા, દારૂગોળો, કારપેટ,હીરા વિગેરે ઉદ્યોગમાં 8 કરોડથી વધારે બાળકો જાનના જોખમે મજૂરી કરે છે.

સુપ્રિમ કોર્ટે ભારતમાંથી બાળમજૂરી સદંતર નાબુદ કરવા આદેશ આપ્યો છે.

ધી પર્સનલ વિથ ડિસેબીલીટીઝ (ઈક્વલ ઓપર્ચ્યુનિટી, પ્રોટેક્શન, ઑફ ચાઈલ્ડ એન્ડ ફૂલ પાર્ટીસિપેશન એક્ટ, 1955ના ચેપ્ટર-5ની કલમ 26 મુજબ 18 વર્ષથી ઓછા ખોડખાંપણવાળા અને અપંગ બાળકને મફત શિક્ષણ અને યોગ્ય વાતાવરણ પૂરું પાડવામાં આવશે.

આ કાયદાની કલમ-69 મુજબ આવા ખોડ-ખાંપણવાળા કે અપંગ બાળક પાસેથી કોઈ ફાયદો મેળવવાનો પ્રયત્ન કરતાં હશે તેવી કોઈ વ્યક્તિને બે વર્ષ સુધી અથવા વીસ હજાર ઉપર દંડ અથવા બંને થઈ શકે.

## (10) સારાંશ : (Let us sum up)

- કરારમાં 18 વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિને બાળક કહેવામાં આવે છે. બાળકનું શોષણ થઈ રહ્યું છે તેથી વિવિધ સમસ્યાઓ જોવા મળે છે. બાળકો સાથે અયોગ્ય વ્યવહાર, જાતિય શોષણ, ભીખ માંગવી, શિક્ષણ છોડી દેવું, મજૂરી કરાવવી વગેરે સમસ્યાઓ જોવા મળે છે.
- બાળમજૂરી એ વૈશ્વિક સમસ્યા છે અને પ્રત્યેક દેશમાં વણથંભી ચાલે છે. જેના પર સત્વરે કાબુ પામવો જ રહ્યો. 14 વર્ષથી ઓછી ઉંમરના શ્રમિકને બાળમજૂર કે બાળશ્રમિક કહેવાય છે.
- સમસ્યાના ઉકેલ માટે બંધારણ બાળકો માટે કેટલાંક અધિકારો આપવામાં આવે છે, આ અધિકારનો અમલ થાય તે માટે કાયદામાં પ્રયત્ન કરવામાં આવે છે.
- બાળકોને અધિકારો મળવાને કારણે તેમને રક્ષણ મળે છે. છોકરા કરતાં છોકરીઓનું શોષણ વધુ થાય છે. બળાત્કાર, તેમના તરફ ભેદભાવ, મજૂરી, શોષણ વગેરે સમસ્યાઓનો સામનો કરવો પડે છે.
- બાળકોની સમસ્યાના નિવારણ માટે બાળકો માટે અધિકારો આપવામાં આવેલ છે.

## (11) તમારી પ્રગતિ ચકાસો :

(1) બાળકની વ્યાખ્યા આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) બાળકોના અધિકાર એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) બાળકોના અધિકારો (કોઇપણ ત્રણ) જણાવો.

..................................................................

..................................................................

..................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

(4) બાળકોની (કોઈપણ ત્રણ) સમસ્યા જણાવો.

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

(5) ભારતનું બંધારણ અને બાળકોને મળતા અધિકારો જણાવો.

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

(6) બાળકનો કબજો કોને મળે ?

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

(7) મજૂર કાયદો જણાવો.

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

## (12) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : (Answer to check your Progress)

**(1) બાળકની વ્યાખ્યા :**

કરાર નામાના હેતુઓના સંબંધે 18 વર્ષથી ઓછી ઉંમરવાળા દરેક વ્યક્તિ બાળક છે. સિવાય કે બાળકને લગતા કાયદા અનુસાર તે અગાઉ પુખ્તતા પ્રાપ્ત થતી હોય.

**(2) બાળકોના અધિકાર એટલે :**

બાળકો માટે કલ્યાણકારી અને રક્ષણાત્મક જોગવાઈ કરવા માટે જે અધિકારો નક્કી કરેલાં છે તેને બાળકોના અધિકારો કહેવામાં આવે છે.

**(3) બાળકોના ત્રણ અધિકારો :**

(1) જીવન જીવવાનો અધિકાર

(2) રક્ષણનો અધિકાર

(3) વિકાસનો અધિકાર

**(4) બાળકોની ત્રણ સમસ્યા :**

(1) બાળમજૂરી

(2) બાળકોનું જાતિય શોષણ

(3) બાળકો સાથે અયોગ્ય વ્યવહાર

**(5) ભારતનું બંધારણ અને બાળકોને મળતા અધિકારો (ત્રણ)**

(1) સ્વાતંત્ર્યનો હક

(2) જીવન જીવવાનો અધિકાર

(3) પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત મેળવવાનો અધિકાર

**(6) બાળકનો કબજો કોને મળે :**

- સગીર વ્યક્તિની ઈચ્છા ધ્યાનમાં લેવામાં આવે છે.
- બાળકની ઉંમર 5 વર્ષની ન થાય ત્યાં સુધી માતા પાસે કબજો રહે છે.
- બાળકના કલ્યાણ માટે 5 વર્ષથી મોટી ઉંમરના બાળકનો કબજો માતાને સોંપવામાં આવે છે.

**(7) મજૂર કાયદો :**

- 14 વર્ષ પૂરાં ન કરે ત્યાં સુધી બાળક કહેવાય.
- 14 થી 17 વર્ષ સુધી બાળકને કામ પર રાખી શકાય નહીં.

**(10) બાળઅધિકારો : (Child Rights)**

સંયુક્ત રાષ્ટ્રોએ ઈ.સ. 1992માં તેમના 'અધિકારોના ઘોષણા પત્ર'માં (ચાર્ટર ઑફ રાઈટ્સ) બાળકોના કલ્યાણ અને તેમનો વિકાસ સાધવા માટેના કેટલાંક બાળ અધિકારો જાહેર કર્યા છે. આ બાળઅધિકારોને આપણા બંધારણમાં સ્થાન આપી તેને વ્યવહારમાં ચરિતાર્થ કરવા પ્રયત્નો કર્યા છે :

(1) જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ કે રાષ્ટ્રીયતાના કોઈપણ ભેદભાવ વિના પ્રત્યેક બાળકને જીવન જીવવાનો જન્મજાત અધિકાર છે.

(2) માતા-પિતા દ્વારા બાળકોનું યોગ્ય રીતે પાલન-પોષણ થાય તથા કોઈ ખાસ કારણ વિના બાળકને તેનાં માતા-પિતાથી અલગ કરી શકાય નહિ.

(3) પોતાના વ્યક્તિત્ત્વનો વિકાસ સાધી શકે એ માટે દરેક બાળકને શિક્ષણ મેળવવાનો મૂળભૂત અને હવે કાનૂની અધિકાર છે.

(4) દરેક બાળકને તેની વયકક્ષાને અનુરૂપ રમતગમત અને મનોરંજનની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ તંદુરસ્ત, સ્વસ્થ અને આનંદી જીવન જીવવાનો અધિકાર છે.

(5) દરેક બાળકને તેના અંતઃકરણ મુજબ ધર્મ અને તેના સમુદાયમાં રહેવાનો તથા પોતાની સંસ્કૃતિ જાળવવાનો અધિકાર છે.

(6) દરેક બાળકને પોતાને કોઈપણ પ્રકારે થતાં શારીરિક કે માનસિક શોષણ કે અત્યાચારો સામે, નશીલી દવાઓના ઉપયોગ સામે, અમાનવીય યાતનાઓ સામે, શિક્ષા કે દંડ સામે રક્ષણ અને સલામતી મેળવવાનો અધિકાર છે.

(7) દરેક બાળકને સામાજિક સુરક્ષા દ્વારા સામાજિક વિકાસ સાધીને તંદુરસ્ત જીવન ધોરણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

- **બાળકોના શોષણ કે અત્યાચારો સામે રક્ષણ :**

બાળક ખૂબ જ સંવેદનશીલ હોય છે. બાળક પર જાણી જોઈને કે દુર્ઘટના સ્વરૂપે શારીરિક ઈજા પહોંચાડવી, શારીરિક શિક્ષા કે ધમકીઓ આપવી, કડવાં વેણ કે અપશબ્દોથી તેનું અપમાન કે જાહેરમાં માનહાનિ કરવી, જાતિય સતામણી કે યૌનશોષણ કરવું કે અસહ્ય હદે મારપીટ કરવી વગેરે જેવી વિવિધ પ્રકારે શારીરિક કે માનસિક અથવા બન્ને પ્રકારની હિંસા એ બાળ અત્યાચારો કહેવાય છે.

મોટે ભાગે બાળકોનું શોષણ કે તેના પર અત્યાચારો તેનાં સગાં-સંબંધીઓ, સ્વજનો, નિકટના મિત્રો, પડોશીઓ, નજીકની પરિચિત વ્યક્તિઓ કે માતા-પિતા દ્વારા થતાં હોવાના સમાચારો વર્તમાનપત્રો, ટીવી કે અન્ય સમૂહ માધ્યમો દ્વારા જોવા કે જાણવા મળે છે ત્યારે આપણી ફરજ બને છે કે...

(1) જ્યારે આપણે બાળકના વર્તન-વ્યવહારથી કે શારીરિક ઈજાના ચિહ્નોથી માહિતગાર થઈએ કે તરત જ તેની સમયસર અને યોગ્ય તબીબી સારવાર કરાવવામાં સહાય કરવી.

(2) સામાન્ય રીતે શોષણ પીડિત બાળક ભય, ધમકી કે શરમ સંકોચના કારણે કે સામાજિક પ્રતિષ્ઠા ભંગ થવાના ડરે ઘટનાની જાણ માતા-પિતાને કરતાં સંકોચ કે ખચકાટ અનુભવીને માહિતી છુપાવે છે અને શોષણ સહન કર્યા કરે છે. તેથી આપણે કે માતા-પિતાએ બાળકનો વિશ્વાસ સંપાદન કરીને, સત્ય હકીકતોને આધારે સામાજિક ડરને ગણકાર્યા વિના, જવાબદારોને સજા મળે તે માટે સત્વરે કાનૂની રાહે પગલાં ભરવાં જોઈએ.

(3) આવા શોષણ કે અત્યાચારોનો ભોગ બનેલ બાળકો પ્રત્યે સમાજ અને મિત્રો દ્વારા ઘૃણા કે તિરસ્કાર કે અવગણના કર્યા વિના તેમના પ્રત્યે હૂંફ, પ્રેમ અને આપણી સંવેદના પ્રગટ કરીને સ્વીકૃતિ સાથે સહાનુભૂતિ પાઠવવી જોઈએ.

## (13) સૂચિત વાચન સામગ્રી : (Suggested Readings)


(1) પટેલ ભોળાભાઈ વી. : બાળકોના અધિકાર (સમજુબા ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ)

(2) કારીઆ એ.એન. : માનવ અધિકારો (સી. જમનાદાસની કંપની, અમદાવાદ)

(3) રાવલ કૌશિક સી. : બાળઅપરાધ અને ભારતીય ન્યાય પદ્ધતિ (રાવલ પબ્લિકેશન, અમદાવાદ.)

# એકમ 11 શિક્ષણ મેળવવાનો અધિકાર (Right to Education)

## : રૂપરેખા :

(1) પ્રસ્તાવના
(2) વ્યાખ્યા
(3) શિક્ષણ મેળવવાના અધિકારનું મહત્ત્વ
(4) શિક્ષણ મેળવવાના અધિકાર અંગે શાળા અને શિક્ષકોની જવાબદારીઓ
(5) માધ્યમિક કક્ષાએ શિક્ષક સજ્જતા તાલીમ
(6) ત્રિભાષી સૂત્ર
(7) શિક્ષણના અધિકારની મુખ્ય જોગવાઈઓ
(8) શિક્ષણના અધિકારની મુખ્ય બાબતો
(9) બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના હક્કનો કાયદો- 2009
(10) સારાંશ
(11) એકમ સ્વાધ્યાય
(12) તમારી પ્રગતિ ચકાસો
(13) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
(14) સૂચિત વાંચન સામગ્રી

**ઉદ્દેશો (Objectives) :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે......

(1) શિક્ષણ મેળવવાના અધિકાર સમજી શકશો.
(2) શિક્ષણ મેળવવાના અધિકારનું મહત્ત્વ સમજી શકશો.
(3) શિક્ષણ મેળવવાના અધિકાર અંગે શાળા અને શિક્ષકોની જવાબદારીઓ સમજી શકશો.
(4) શિક્ષણ મેળવવાના અધિકાર અંગે શાળા અને શિક્ષકોની જવાબદારી સમજી શકશો.
(5) માધ્યમિક કક્ષાએ શિક્ષક સજ્જતા તાલીમ સમજી શકશો.
(6) પંચે રજૂ કરેલ ત્રિભાષી સૂત્ર સમજી શકશો.

## (1) પ્રસ્તાવના

- બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009
- 27મી ઓગસ્ટ, 2009ના રોજ મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009 અમલમાં આવ્યો.
- સંસદે પસાર કરેલા નીચેના અધિનિયમનને રાષ્ટ્રપિની બહાલી મળતા,તે સર્વ લોકોની જાણ સારું, આથી પ્રસિદ્ધ કરવામાં આવી છે.
- 6 થી 14 વર્ષની વયના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવા માટેનો અધિનિયમ.
- પ્રજાસત્તાક ભારતના સાઠમાં વર્ષમાં સંસદે ઘડેલ અધિનિયમ નીચે મુજબ છે.

- **વ્યાપ અને પ્રારંભ :**

1. આ અધિનિયમનને, બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમન, 2009 કહેવામાં આવશે.
2. તે જમ્મુ અને કાશ્મીર સિવાય સમગ્ર ભારતને લાગુ પડશે.
3. કેન્દ્ર સરકારી રાજ્યપત્રમાં જાહેરનામું બહાર પાડે તે તારીખથી અમલમાં આવશે.

- સમગ્ર વિશ્વમાં સૌથી પ્રાચીન સંસ્કૃતિ ભારતીય સંસ્કૃતિ છે.ભારતીય સંસ્કૃતિ કેટલાંક આગવા પાસાંઓ ધરાવે છે. દા.ત. રહેણીકરણી, સમાજ જીવન, ધર્મ, આધ્યાત્મિક તથા જીવન વિકાસનો સમાવેશ થાય છે.
- હાલમાં અન્ય દેશોની સરખામણીમાં ભારતનું સ્થાન વિકાસશીલ દેશોમાં થાય છે. આ એ ભારત છે કે જેનો ડંકો સમગ્ર વિશ્વમાં વાગતો હતો, વેપાર વાણિજ્ય માટે સમગ્ર દુનિયાની નજર ભારત તરફ હતી. વેપાર ક્ષેત્રે દુનિયામાં ભારતનું નામ હતું. વેપાર ક્ષેત્રે ખૂબ જ વિકાસ થયેલો હતો. સમૃધ્ધિમાં અન્ય દેશોને ઈર્ષા થાય તેવી આપણી જાહેજલાલી હતી. અસંખ્ય દેશોના જિજ્ઞાસુઓ ભારતમાં અભ્યાસ અર્થે આવતાં હતાં. ભારતની વિદ્યાપીઠો પણ માન્ય હતી. શિક્ષણની ગુણવત્તાની સુવાસથી લોકો ખેંચાઈ આવતાં.
- નાલંદા, તક્ષશિલા, વલ્લભી વિદ્યાપીઠો વગેરેએ શિક્ષણક્ષેત્રે નામના મેળવી હતી. આ વિદ્યાપીઠોએ ભારતમાં નામના મેળવી હતી. આથી વિદેશના લોકો શિક્ષણની નામનાને લીધે મુલાકાત માટે ભારત આવતા.
- સમયના કામચક્રમાં વિદેશી આક્રમણો અને આંતરિક વિખવાદોને પરિણામે ભારતની ભવ્યતા અને દિવ્યતામાં ઝાંખપ આવી. હુમલાખોરો માત્ર આપણો ભૌતિક ખજાનો લૂંટી ગયા એટલું જ નહીં. પરંતુ શૈક્ષણિકને પણ બરબાદ કરતાં ગયા.
- મુસ્લિમ આક્રમણખોરોએ શિક્ષણનું માળખું છિન્ન-ભિન્ન કરી નાખ્યું. શિક્ષણ ધર્મ અને આધ્યાત્મિકના ત્રણેય પાયા ડગમગ્યા. મુસ્લિમ શાસકોનો દોર દેશમાં શરૂ થયો. શિક્ષણ પ્રત્યેનું દુર્લક્ષ્ય તે સમયના ભારતને એવી ગર્તામાં લઈ ગયું કે નાલંદા, તક્ષશિલા, વલ્લભી વિદ્યાપીઠોનો વારસો માત્ર ઈતિહાસના પાનામાં લુપ્ત થઈ ગયો.
- મુસ્લિમ શાસન પછી યુરોપીય પ્રજા એમાંય ખાસ કરીને અંગ્રેજોએ 200 વર્ષ સુધી ભારતમાં ધામા નાખી રાજ કર્યું. આ 200 વર્ષના ગુલામીના કાળખંડમાં અંગ્રેજોએ પોતાનું શાસન કેવી રીતે ટકી રહે તે માટેની વ્યવસ્થાનો અમલી બનાવી, તે વ્યવસ્થામાં જરૂરિયાતના ભાગ જેટલો જ શિક્ષણના ક્ષેત્રનો વિચાર કર્યો.
- આથી શિક્ષણ એ સાર્વત્રિક ન બનતાં સમાજના અમુક લોકો સુધી જ મર્યાદિત રહ્યું. લાખો લોકોને સંઘર્ષ અને બલિદાનના પ્રતાપે અંગ્રેજોને દેશ છોડવો પડ્યો અને ગુલામ ભારતમાંથી આઝાદ ભારત બન્યું.
- ભારત આઝાદ થતાં સમગ્ર વિશ્વમાં આદર થતો હતો. પુનઃ નાલંદા, તક્ષશિલા જેવી વિદ્યાપીઠોના નિર્માણ અને સંચાલન થકી શિક્ષણના સહારે જીવન વિકાસની દિશામાં આગળ વધવાનું સ્વપ્ન દેશના નાગરિકોએ જોયું. ધીમે ધીમે શિક્ષણને વિકાસ થતો ગયો અને આઝાદીના 7 દાયકા પછી શિક્ષણનો અધિકાર એ સાથે આપણે સાર્વત્રિક તરફ આગળ વધ્યા.

**(2) વ્યાખ્યાઓ :**

- આ અધિનિયમમાં, સંદર્ભ અન્ય જરૂરી હોય તે સિવાય....

(1) ''યોગ્ય સરકાર'' એટલે...

કેન્દ્ર સરકારે સ્થાપેલી તેની માલિકીની અથવા તેના નિયંત્રિત કરાતી શાળા બાબતમાં અથવા વિધાન મંડળ ન હોય તેવા સંઘ પ્રદેશના વહીવટકર્તા સંબંધમાં કેન્દ્ર સરકાર.

(2) 'બાળક' એટલે 6 થી 14 વર્ષનો છોકરો અથવા છોકરી.

(3) ''વંચિત જૂથનું બાળક'' એટલે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અથવા યોગ્ય સરકાર જાહેરનામું બહાર પાડીને નિર્દિષ્ટ કરે તેવા સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, ભૌગોલિક, ભાષાકીય, જાતિ અથવા આવા બીજા પરિબળને કારણે વંચિત રહેલાં આવા બીજા જૂથના બાળકો.

(4) ''નબળા વર્ગનું બાળક'' એટલે યોગ્ય સરકારે જાહેરનામું બહાર પાડીને નિર્દિષ્ટ કરેલી લઘુત્તમ મર્યાદા કરતાં જેમનાં માતા-પિતા અથવા વાલીની વાર્ષિક આવક ઓછી હોય તેમનું બાળક.

(5) ''પ્રાથમિક શિક્ષણ'' એટલે પહેલા ધોરણથી આઠમા ધોરણ સુધીનું શિક્ષણ.

(6) 6 વર્ષથી 14 વર્ષ સુધી બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમન, 2009 પ્રમાણે બધાનો શિક્ષણ મેળવવાનો છે.

**(3) શિક્ષણ મેળવવાનો અધિકારનું મહત્ત્વ :**

બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમન-2009નું મહત્ત્વ નીચે મુજબ છે.

**(1) ગરીબ બાળકો શિક્ષણ મેળવી શકે :**

- રાષ્ટ્રમાં ગરીબીનું પ્રમાણ વધુ જોવા મળે, તેથી તેઓ શિક્ષણથી વંચિત રહી જાય છે. દરેકને શિક્ષણ મેળવવાનો અધિકાર મળે તે માટે શિક્ષણનો અધિનિયમન અમલમાં મૂકેલ છે.

**(2) વ્યક્તિગત વિકાસ કરવા :**

- બાળકો શિક્ષણ મેળવે તો તેનો વ્યક્તિગત વિકાસ થાય તે માટે શિક્ષણ જરૂરી છે. શિક્ષણ મેળવી આવક મેળવી શકે. આવક મળવાથી વ્યક્તિગત વિકાસ થાય.

**(3) કુટુંબનો વિકાસ કરવા :**

- બાળક અભ્યાસ કરે તો વ્યક્તિગત વિકાસ થવાથી આપોઆપ આવક મળવાથી કુટુંબનો વિકાસ થઈ શકે, તેથી શિક્ષણના હકની જરૂર છે.

**(4) રાષ્ટ્રનો વિકાસ કરવા :**

- શિક્ષણ મેળળવાથી સારો વ્યવસાય કે સારી નોકરી મળવાથી, સારી આવક મળવાથી અને રાષ્ટ્રનો વિકાસ થાય.
- રાષ્ટ્રની માથાદીઠ આવક પણ વધે. રાષ્ટ્રનો વિકાસ કરવા શિક્ષણ હકની જરૂર છે.

**(5) આપઘાત રોકવા :**

- અભ્યાસ ન કરવાથી વધુ સમસ્યા ઊભી થાય એટલે કે અભણ બાળકોની સમસ્યા વધુ હોય છે. શિક્ષણ મેળવવાથી સમસ્યા ઓછી થશે.

**(6) અપવ્યય અને સ્થગિતતા રોકવા :**

- શિક્ષણ મેળળવાનો અધિકાર 6 ખી 14 વર્ષના બાળકોને આપવામાં આવેલ છે. આ બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવું તેવું નક્કી થયેલ છે, પરંતુ દરેકને શિક્ષણ મેળવવાનો અધિકાર છે.
- આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી બાળક શિક્ષણ છોડી દે છે અથવા આવક મેળવવા માટે કામ કરવું પડે છે. એટલે શાળામાં નિયમિત હાજરી આપી શક્તાં નથી. તેથી બાળક અભ્યાસમાં નાપાસ થાય છે. ફરજિયાત શિક્ષણનો કાયદો ઊભો થવાથી આ પ્રશ્નો ઊભો થશે નહીં.

**(7) વાલીનું ભારણ ઓછું કરવા :**

- ફરજિયાત અને મફત શિક્ષણ થવાથી વાલીનું ભારણ ઓછું થશે, સરકાર દ્વારા મફત શિક્ષણ પૂરું પાડવામાં આવે છે.

## (4) શિક્ષણ મેળવવાનો અધિકાર અંગે શાળા અને શિક્ષકોની જવાબદારીઓ :

- શાળા અને શિક્ષકોની જવાબદારીઓ નીચે મુજબ છે.

**(1) મફત અને ફરજિયાત શિક્ષણ :**

શાળામાં દાખલ થયેલ 6 થી 14 વર્ષના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ આપવું જોઈએ.

**(2) નબળા અને વંચિત બાળકોને શિક્ષણ આપવું :**

નબળા અને વંચિત બાળકો શાળામાં દાખલ થયેલ ધોરણ -1ના કુલ બાળકોના 50% બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં સુધી તે શિક્ષણ પૂરું પાડવું જોઈએ.

**(3) નક્કી કરેલાં ખર્ચથી વધુ ખર્ચ કરશે નહીં :**

રાજ્ય સરકારે બાળક દીઠ ખર્ચ નક્કી કરેલ છે.તેમજ બાળક પાસેથી ચાર્જ કરેલ ખરેખર રકમ એ બેમાંથી ઓછી હોય તેટલી રકમથી વધુ ખર્ચ કરવો નહીં.

**(4) ભૌતિક સગવડતા વિના મૂલ્યે પૂરી પાડવી :**

જમીન, મકાન,સાધનસામગ્રી કે બીજી સગવડો વિના મૂલ્યે બાળકોને પૂરી પાડવી. કોઈપણ ચાર્જ બાળક પાસેથી મેળવી શકશે નહીં.

**(5) જરૂરી યોગ્ય માહિતી પૂરી પાડવી :**

દરેક શાળા યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રને જરૂરી હોય તેવી માહિતી પૂરી પાડશે. જ્યારે જ્યારે માહિતીની સરકારને જરૂર હોય ત્યારે પૂરી પાડવી જોઈએ.

**(6) નેતાગીરી પૂરી પાડવા :**

કોઈપણ માનવી કોઈને કોઈ જૂથમાં સંકળાયેલો હોય છે. જૂથમાં રહેવા માટે નેતાગીરી પૂરી પાડવી પડે છે. શિક્ષણ વિના યોગ્ય નેતાગીરી પૂરી પાડી શકાય નહીં, તેથી શિક્ષણ મેળવવાનો અધિકાર છે.

**(7) જરૂરિયાતો સંતોષવા :**

શિક્ષણ મેળવવાનો અધિકાર મેળવીને જરૂરિયાતો સંતોષવામાં મદદરૂપ થાય છે. શિક્ષણ મેળવીને આવક મેળવી શકાય. આવક દ્વારા જરૂરિયાતો સંતોષવામાં મદદરૂપ થાય છે.

**(8) સમસ્યા ઉકેલવા :**

શિક્ષણ મેળવવાનો અધિકાર મેળવીને સમસ્યા ઉકેલવામાં મદદરૂપ થાય છે. શિક્ષણ જ બૌધ્ધિક વિકાસ કરે છે.

**(9) રોજિંદા જીવનની સમસ્યા ઉકેલવા :**

શિક્ષણ મેળવવાનો અધિકાર રોજિંદા જીવનની સમસ્યા ઉકેલવામાં શિક્ષણ મદદરૂપ થાય છે.

**(10) રોજીરોટી મેળવવા :**

શિક્ષણ મેળવવાનો અધિકાર મેળવી, શિક્ષણ પ્રાપ્ત થવાથી રોજીરોટી મેળવવામાં મદદરૂપ થાય છે. શિક્ષણ જ રોજગારી કે ધંધો કરવામાં મદદરૂપ થાય છે.

## (5) માધ્યમિક કક્ષાએ શિક્ષણ સજ્જતા તાલીમ :

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શિક્ષકો શિક્ષણનું મહત્ત્વનું કેન્દ્રબિંદુ ગણ્યું છે. સમગ્ર શિક્ષણની ગુણવત્તા સુધારવામાં શિક્ષકોની સજ્જતા, ક્ષમતા, નિષ્ઠા તેમજ હકારાત્મક વલણ અનિવાર્ય ગણ્યાં છે.
- વર્તમાન શિક્ષણ- પ્રશિક્ષણ કાર્યક્રમો દ્વારા શિક્ષકોની પૂરતા પ્રમાણમાં વ્યાવસાયિક સજ્જતા અને તેમનામાં વ્યાવસાયિક વલણો કેળવાતાં નથી.

- પ્રો. રામમૂર્તિએ શિક્ષક-પ્રશિક્ષણના પ્રવર્તમાન કાર્યક્રમોનું નિરીક્ષણ કરી તેમની કેટલીક મર્યાદાઓ જણાવી છે તે નીચે મુજબ છે.
- વર્તમાન શિક્ષક તાલીમ કાર્યક્રમમાં મૂળભૂત ફેરફારોની નીચેના કારણોસર જરૂરિયાત જણાય છે.

(1) વર્તમાન અભ્યાસક્રમ પરીક્ષાલક્ષી છે. તે શાળા, કૉલેજ, યુનિવર્સિટી અને સમાજની જરૂરિયાતથી અલગ છે.

(2) શિક્ષકને તાલીમ આપવામાં આવે છે તેનો સમય ગાળો ટૂંકો છે. શાળાની વાસ્તવિક સ્થિતિ સાથે અસંગત છે.

(3) તાલીમ દરમિયાન બધા તાલીમાર્થી પૂરતી કાળજી રાખી તાલીમ લેતાં નથી.

(4) તાલીમ દરમિયાન વિવિધ કૌશલ્યનો વિકાસ થતો નથી.

દા.ત. વ્યવહાર, પ્રેમ, માન, રસ, વલણ, સમાજનો વિકાસ, મૂલ્યોના વિકાસ વગેરે માટે તાલીમાર્થીઓમાં કોઈ અવકાશ નથી.

(5) સેવાકાલીન તાલીમમાં કોઈ વિશાળ આયોજનનો અભાવ જોવા મળે છે.

(6) સેવાકાલીન તાલીમ માટે સંશોધનને કોઈ અવકાશ નથી.

(7) રાજ્ય અને કેન્દ્ર સરકારની માળખાકીય સગવડતાઓ અલ્પ છે.

(8) માત્ર પરીક્ષા પાસ કરવા પૂરતા જ પ્રયત્નો થાય છે. વ્યવસાયી કૌશલ્યોનો વિકાસ તાલીમથી થવો જોઈએ, તે થતો નથી.

(9) કૉલેજને પોતાની આધુનિક શાળા નથી.

ઉપર દર્શાવેલાં કારણો ઉપરથી સ્પષ્ટ થાય છે કે શિક્ષક તાલીમ કાર્યક્રમમાં સુધારો જરૂરી છે.

**(2) શિક્ષણના વ્યવસાય અંગે ભલામણો :**

- શિક્ષણના વ્યવસાય અંગે નીચેની ભલામણો સૂચવેલ છે.

(1) તાલીમાર્થીઓમાં વિવિધ કૌશલ્યો પર ભાર મૂકવો.

દા.ત. વલણો, મૂલ્યોનો વિકાસ, શક્તિ, રસ, વલણ વગેરે

(2) તાલીમના કાર્યક્રમોમાં ભાવિ જરૂરિયાતોનો ખ્યાલ રાખીને આપવો જોઈએ.

(3) તાલીમના કાર્યક્રમમાં યોગ્ય સમયે મૂલ્યાંકન થવું જરૂરી છે.

(4) તાલીમનો કાર્યક્રમ સારો બને તે માટે આયોજન અસરકારક કરવું.

(5) સેવાકાલીન તાલીમની વ્યવસ્થા ફરજિયાત બનાવવી.

(6) શિક્ષકને સમૃધ્ધ બનાવવા પર ભાર મૂકવો.

દા.ત. સંદર્ભ સાહિત્ય, વર્તમાનપત્રો, સામાયિકો વગેરે પૂરાં પાડવાં જેથી શિક્ષકની સમૃધ્ધિમાં વધારો થઈ શકે.

(7) શિક્ષકની જરૂરિયાત પ્રમાણે સેવાકાલીન તાલીમ અને કાર્યક્રમો યોજવાં.

(8) તાલીમનો કાર્યક્રમ વ્યવહારું હોવો જોઈએ.

(3) શિક્ષકની સજ્જતા વધારવા માટે ભલામણો :

શિક્ષકની સજ્જતા વધારવા માટે નીચે મુજબ ભલામણો થઈ શકે.

**(1) વિવિધ કૌશલ્યનો વિકાસ :**

- શિક્ષણમાં વિવિધ કૌશલ્યનો વિકાસ થાય તે બાબત પર ભાર મૂકવો.

દા.ત. વિવિધ પધ્ધતિનો ઉપયોગ કેમ કરવો તેની તાલીમ આપવી.

**(2) બાળ મનોવિજ્ઞાનની માહિતી :**

- શિક્ષકને બાળ મનોવિજ્ઞાનની માહિતી આપી સજ્જ કરવો. જેથી વિદ્યાર્થીઓના પ્રશ્નો, સમસ્યા સમજી શકે, જેથી શાળાકીય વાતાવરણ સારું ઊભું કરી શકે.

**(3) સતત સર્વાંગીણ મૂલ્યાંકન અભિગમ :**

- શિક્ષક દ્વારા સતત સર્વાંગીણ મૂલ્યાંકન થતું રહે તે માટેની તાલીમની વ્યવસ્થા હોવી જોઈએ.

**(4) વિદ્યાર્થીકેન્દ્રી શિક્ષણ :**

- શાળામાં શિક્ષક વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી શિક્ષણ વ્યવસ્થા તેમજ પ્રવૃત્તિઓ કરે માટે સજ્જતા કેળવવા સજ્જ કરવો.

**(5) પ્રવૃત્તિલક્ષી અભિગમ :**

- શિક્ષણકાર્ય પ્રવૃત્તિલક્ષી બને તે પર ભાર મૂકવો જોઈએ. તે માટે શિક્ષકને તૈયાર કરવો.

**(6) સમાજકેન્દ્રી પ્રવૃત્તિ :**

- શાળાને સમાજકેન્દ્રી બનાવી સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ.
- ગ્રામ સફાઈ વગેરે જેવાં કાર્યક્રમો કરવા.

**(7) સમૂહ માધ્યમોનો ઉપયોગ :**

- શિક્ષકની સજ્જતા વધે તે માટે સમૂહ માધ્યમોનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરે તે માટે તાલીમ આપવી જોઈએ.

**(8) સમાજ ઉપયોગી શ્રમકાર્ય :**

- શિક્ષકમાં સમાજ ઉપયોગી શ્રમકાર્ય માટે ક્ષમતા ઊભી કરવી. શ્રમકાર્ય કરવામાં સૂગ ન હોવી જોઈએ.

**(9) શ્રમનું વલણ વિકસાવવું :**

- શિક્ષકમાં શિક્ષણ સાથે શ્રમનું વલણ વિકસે તે માટે તેને સજ્જ કરવાં, તો જ વિદ્યાર્થીઓને તેની સમજ પૂરી પાડી શકશે.

**(10) સ્ત્રી શિક્ષણ પર ભાર :**

- સમાજમાં સ્ત્રીઓને શિક્ષણના ક્ષેત્રમાં તક પૂરી પાડવી.

**(11) બાળકો સાથે યોગ્ય વ્યવહાર :**

- શિક્ષક બાળકો સાથે યોગ્ય વ્યવહાર કરે તે માટે સજ્જ કરવો. બાળકોની જરૂરિયાતો સમજીને કાર્ય કરવું.

**(6) ત્રિભાષી સૂત્ર :**

- પંચે ત્રિભાષી સૂત્રનું રૂપ નીચે પ્રમાણે આપ્યું છે.

(1) માતૃભાષા કે પ્રાદેશિક ભાષા

(2) સંઘની રાજભાષા કે સહરાજ ભાષા

(3) એક આધુનિક ભારતીય અથવા યુરોપિયન ભાષા કે વિદ્યાર્થી દ્વારા પસંદ ન કરાઈ હોય કે શિક્ષણનું માધ્યમ ન હોય.

- કોઠારી પંચે શિક્ષણનું જે નવું માળખું સૂચવ્યું છે, તેમાં પ્રાથમિક શિક્ષણથી માંડીને ડિગ્રી શિક્ષણ સુધી ફેરફારો સૂચવ્યાં છે.
- કોઠારી પંચે શિક્ષણનું માળખું, અભ્યાસક્રમ તથા માધ્યમિક શિક્ષણના ધંધાકીયકરણ અંગે પણ પોતાના નવા વિચારો રજૂ કર્યા છે.

- આઝાદી પછી શિક્ષણના તમામ અંગો (સ્તરો) વિષે તલસ્પર્શી અભ્યાસ કરવા માટે નીમાયેલું તે એક માત્ર શિક્ષણપંચ હતું.
- આ પંચે શિક્ષણના માળખાકીય ફેરફાર વખતે શિક્ષણનાં ધારાધોરણોનો વિકાસ થાય તેના પર ખાસ ધ્યાન રાખ્યું છે.
- કોઠારી પંચે પોતાના વિચારો દ્વારા શિક્ષણને એક નવો અધિકાર આપવાનો પ્રયાસ કર્યો છે.
- કોઠારી શિક્ષણપંચે શાળા કક્ષાએ ભ્યાસક્રમના માળખા અંગે જણાવ્યું છે.

**(1) ત્રણભાષાઓ :**

(1) માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષા

(2) હિન્દી અથવા અંગ્રેજી

(3) આધુનિક ભારતીય અથવા પરદેશી ભાષા જેનો સમાવેશ (A) અને (B) માં ન હોય અને જે શિક્ષણની બોધભાષા ન હોય.

(2) ગણિતશાસ્ત્ર

(3) વિજ્ઞાન

(4) સમાજવિદ્યા- ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર

(5) કલા

(6) કાર્યાનુભવ અને સમાજસેવા

(7) શારીરિક શિક્ષણ

(8) નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું શિક્ષણ

## (7) શિક્ષણના અધિકારની મુખ્ય જોગવાઈઓ :

શિક્ષણનો અધિકાર મેળવવા માટે કેટલીક જોગવાઈઓ નક્કી કરવામાં આવેલ છે. આઝાદી પછી શિક્ષણ ક્ષેત્રે ઘણીબધી સમસ્યા ઊભી થઈ, સમસ્યાના ઉકેલની દિશામાં આગળ વધવા તેમજ શિક્ષણનો વ્યાપ વધારવા માટે નીચે મુજબની કેટલીક જોગવાઈઓ નક્કી કરવામાં આવી.

(1) 6 થી 14 વર્ષની ઉંમરના બાળકને તેની નજીકની શાળામાં પ્રારંભિક શિક્ષણ પૂરું થતાં સુધી મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો હક રહેશે.

(2) મફત અને ફરજિયાત પ્રારંભિક શિક્ષણ મેળવવાનો હક રહેશે. આ શિક્ષણ મેળવવા માટે શાળા સંચાલક કોઈપણ પ્રકારની ફી કે ચાર્જ વસૂલ કરી શકશે નહીં.

(3) પ્રવેશ ન અપાયેલ કે જેમણે પ્રારંભિક શિક્ષણ પૂરું ન કર્યું હોય તેવા બાળકો માટે ખાસ જોગવાઈઓ કરવામાં આવશે.

(4) 6 વર્ષથી વધુ ઉંમરના કોઈ બાળકને કોઈ શાળામાં પ્રવેશ ન આપ્યો હોય કે પ્રવેશ અપાયા છતાં, તે તેનું પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરી શક્યો હોયતો તેની ઉંમરને અનુરૂપ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.

(5) બાળક તેની ઉંમર મુજબના વર્ગમાં પ્રત્યક્ષ પ્રવેશ અપાયો હોય ત્યાં તે બીજા બાળક સાથે સમાન રહી શકે તે માટે, નિયત કરવામાં આવે તેવી અને તેવા સમય મર્યાદાની અંદર ખાસ તાલીમ મેળવવાનો હક રહેશે.

(6) 14 વર્ષ પછી પણ પ્રારંભિક શિક્ષણ પૂરું કરતાં સુધી મફત શિક્ષણ મેળવવાને પાત્ર રહેશે.

## (8) શિક્ષણના અધિકારની મુખ્ય બાબતો :

શિક્ષણના અધિકારની મુખ્ય બાબતો નીચે મુજબ છે.

(1) મફત શિક્ષણ

(2) ફરજિયાત શિક્ષણ (શિક્ષણની જવાબદારી રાજ્યની રહેશે.)

(3) શિક્ષણની ગુણવત્તા

(4) વહીવટી સરળતા

(5) સમાજની ભાગીદારી

(6) મૂલ્યાંકનમાં સુધારા વધારા

(7) બાળકના હકનું રક્ષણ અને બાળમજૂરી પર પ્રતિબંધ

(8) સામાજિક સમરસતાને જાળવવી.

(9) શાળાઓની ગુણવત્તાના ધોરણો નક્કી કરવાં.

(10) બંધારણીય મૂલ્યોને અનુરૂપ અભ્યાસક્રમની રચના

## (9) બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના હક્કનો કાયદો - 2009 (RTE- 2009)

- કેન્દ્ર સરકારે 2009ની સાલમાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારનો કાયદો અમલમાં મૂક્યો, જે કાયદા અનુસાર ગુજરાત સરકારે તા.18 ફેબ્રુઆરી 2012નારોજ ''બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના હક્કના નિયમો 2012'' જાહેર કર્યો છે.
- આ કાયદો શા માટે ?
- ભારતીય બંધરાણના 86માં સુધારા મુજબ 6 થી 14 વર્ષની વય જૂથનાં તમામ બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવવામાં આવ્યું છે. બાળકોની માનવીય ક્ષમતાઓના શારીરિક, માનસિક અને સર્વાંગી વિકાસ અર્થે જરૂરી શિક્ષણની તકો ઊભી કરવાની દિશામાં તથા ગુણવત્તા સભર પ્રાથમિક શિક્ષણની માંગને પહોંચી વળવાની દિશામાં આ કાયદો એ એક આગવું કદમ છે.

(1) આ કાયદામાં બાળકોના શિક્ષણ અને આરોગ્યને ધ્યાનમાં રાખીને શાળાકીય શૈક્ષણિક સવલતો અને ભૌતિક સુવિધાઓના ચોક્કસ માપદંડો નિર્ધારિત કર્યા છે અને તે મુજબના વર્ગખંડ, પ્રયોગખંડ,ચોખ્ખું પીવાનું પાણી, વીજળી, મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા અને ગુણવત્તા, શિક્ષકોની લાયકાત અને નિમણૂંકનાં ધોરણો, શાળાને આર્થિક સહાય રૂપે અપાતા અનુદાનની જોગવાઈઓ નિર્ધારિત કરવામાં આવી છે. જેમાંની કેટલીક નીચે મુજબ છે.

(1) આ કાયદાની 6 થી 14 વર્ષની ઉંમર ધરાવતાં દરેક બાળકને તેના રહેઠાણથી નજીકમાં હોય એવી શાળામાં પ્રવેશ આપવો. ઉંમરના આધાર પુરવારૂપે જન્મનું પ્રમાણપત્ર ન હોવાના કારણોસર કોઈને પ્રવેશ આપવાનો ઈન્કાર કરી શકાતો નથી.

(3) પ્રાથમિક શિક્ષણ પૂરું કરે ત્યાં સુધી એટલે કે 14 વર્ષ પૂરાં થયાં હોય તો પણ તેનું શિક્ષણ ચાલુ રાખીને તેને મફત શિક્ષણ પૂરું પાડવાનું છે.

(4) પ્રવેશ આપતી વખતે બાળકની ઉંમર 6 વર્ષની હોવી જોઈએ અને તેનો જન્મનો દાખલો ન હોય તો પણ હોસ્પિટલનો રેકર્ડ, માબાપની બાળકના ઉંમર સંબંધી સોગંદનામાને આધારે પ્રવેશ આપવાનો છે.

(5) શાળામાં કોઈપણ જાતના ભેદભાવ વગર પ્રવેશ આપવાનો આદેશ છે.

(6) પ્રવેશ સમયે દાન કે કેપિટેશન ફી સ્વરૂપે કે અન્ય ડિપોઝીટરૂપે કે અન્ય ફી પેટે કોઈ પણ રકમ લઈ શકાતી નથી.

(7) પ્રવેશ સમયે બાળક કે માતા-પિાનો ઈન્ટરવ્યુ લઈને પ્રવેશ આપવો કે માતા-પિતાની આવક અને શૈક્ષણિક લાયકાત કે યોગ્યતાના આધારે કે પ્રવેશ પરીક્ષા લઈને પ્રવેશ આપી શકાશે નહીં.

(8) 3 થી 5 વર્ષની વયજૂથનાં બાળકોના શિક્ષણ માટે પ્રિ-સ્કૂલના (બાળમંદિર) શિક્ષણ, અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, મૂલ્યાંકન અને તેમના શિક્ષકો માટે ખાસ તાલીમ અંગેના નિયમો સૌપ્રથમવાર ઘડીને ક્રાંતિકારી પગલું ભરીને નર્સરીને કાયદા હેઠળ આવરી લીધો છે.

(9) નબળા વર્ગો કે પછાત વર્ગો (SC અને ST) માંથી અભ્યાસ અર્થે પ્રવેશવાંચ્છુ બાળકોને તેમની કાયદામાં દર્શાવેલી ઓળખના આધારે બીપીએલ યાદી પરનાં કુટુંબનાં બાળકોને સરકારમાન્ય ખાનગી પ્રાથમિક શાળામાં ધોરણ 1(એક)માં વર્ગની કુલ ક્ષમતાથી 25 ટકાની મર્યાદામાં ફરજિયાત પ્રવેશ આપવાની આદેશાત્મક જોગવાઈ આ કાયદામાં કરવામાં આવી છે.

(10) શાળાના શિક્ષકો ખાનગી ટ્યુશનની પ્રવૃત્તિ કરી શકશે નહિ.

(11) શાળાના લઘુ લાયકાત ધરાવતાં શિક્ષકોએ 5 (પાંચ) વર્ષમાં નિર્ધારિત ધોરણે શૈક્ષણિક લાયકાત મેળવી લેવાની છે.

(12) બાળકને બદલી સિવાયના કારણોસર પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરે ત્યાં સુધી શાળામાંથી હાંકી કાઢી શકાશે નહિ.

(13) ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ પામેલ SC,ST નાં બાળકોની ફીની ચૂકવણી શરતોને આધીન જે તે શાળાને સરકાર ચૂકવી દેશે.

(14) આ કાયદાની જોગવાઈઓના પાલન અર્થે એક અલાયદું વ્યવસ્થાતંત્ર, ટ્રિબ્યુનલ કે રાજ્ય કાઉન્સિલ જેવી જોગવાઈ કરી છે. આ અધિનિયમના ભંગ બદલ શાળા સંચાલકોને દંડ તથા શાળાની માન્યતા પાછી ખેંચવા સુધીની જોગવાઈ કાયદામાં છે.

## (10) સારાંશ (Let us sum up)

- ભારતે રાજકીય આઝાદી પ્રાપ્ત કરી એટલે દેશના નાગરિકોને કેટલાંક હક અને અધિકાર પ્રાપ્ત થાય છતાં સાત-સાત દાયકાઓ સુધી બાળકો શિક્ષણના અધિકારથી વંચિત રહ્યાં.
- સામાન્ય રીતે, બાળકોને અધિકાર આપવામાં સૌ સહમત હોય જ પણ સૌથી અગત્યનો મુદ્દો એ અધિકારના ઉપયોગ માટે જરૂરી વ્યવસ્થા સંસાધનોનો ઉપલબ્ધ કરાવવા.
- જોગવાઈ બધી જ સરકારે કરી પરંતુ આર્થિક વ્યવસ્થા ન ગોઠવી કારણકે બાળકનો અધિકાર છે પણ સરકારની કોઈ જવાબદારી નથી બનતી. જેટલી સંસાધનોની ઉપલબ્ધતા હોય તેટલી દિશામાં કાર્ય કરવું તેવું ચાલ્યું, પરિણામે વર્ષો સુધી આખા દેશનો સાક્ષરતા દર નીચો રહ્યો. પ્રાથમિક શિક્ષણના અભાવે માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ લેનારની સંખ્યા 10 ટકા સુધી પણ ન પહોંચી.
- શિક્ષણ થકી સમાજ વિકાસ કરી શકે છે. આથી શિક્ષણના અધિકારની જરૂરિયાત પાયાની છે અને મૂળભૂત અધિકાર એવું સૌએ સ્વીકાર્યું.

## (11) એકમ સ્વાધ્યાય (Unit Exercises)

(1) શિક્ષણ મેળવવાના અધિકારનું મહત્ત્વ જણાવો.

(2) શિક્ષણ મેળવવાના અધિકાર અંગે શાળા અને શિક્ષકની જવાબદારી જણાવો.

(3) શિક્ષણ મેળવવાના અધિકારની મુખ્ય જોગવાઈઓ જણાવો.

(4) શિક્ષણ મેળવવાના અધિકારની મુખ્ય બાબતો જણાવો.

(5) બહુ વિકલ્પ પ્રશ્નો

**બહુ વિકલ્પ પ્રશ્નો :**

આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર ક્યારે મળે છે ?

(1) 6 થી 14 વર્ષ (2) 12 થી 16 વર્ષ

(3) 12 થી 18 વર્ષ (4) 1 થી 6 વર્ષ

(2) મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર ક્યારે અમલમાં આવ્યો ?

(1) 27-08-2009 (2) 26-06-2009

(3) 27-07-2009 (4) 26-05-2009

(3) શિક્ષણ મેળવવાનો અધિકાર 2009 કયા રાજ્યને લાગુ પડતો નથી ?

(1) જમ્મુ અને કાશ્મીર (2) કેરાલા

(3) ઓરિસ્સા (4) મેઘાલય

(4) શિક્ષણ મેળવવાના અધિકારનું શું મહત્ત્વ છે ?

(1) ગરીબ બાળકોને શિક્ષણ મેળવવા (2) રાષ્ટ્રનો વિકાસ અટકાવવા

(3) પૈસાદાર બાળકોને શિક્ષણ મેળવવા (4) આપઘાત કરવા.

બહુ વિકલ્પ પ્રશ્નોના સાચા ઉત્તરો

(1) 6 થી 14 વર્ષ

(2) 27-08-2009

(3) જમ્મુ અને કાશ્મીર

(4) ગરીબ બાળકોને શિક્ષણ મેળવવા

**(12) તમારી પ્રગતિ ચકાસો :**

(1) શિક્ષણ મેળવવાના અધિકારનું (કોઈપણ ત્રણ) મહત્ત્વ જણાવો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

(2) શિક્ષણ મેળવવાના અધિકારની શિક્ષકની જવાબદારી (કોઈપણ ત્રણ) જણાવો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

(3) શિક્ષણ મેળવવાના અધિકારની મુખ્ય ત્રણ બાબત જણાવો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

(4) શિક્ષણ મેળવવાના અધિકારની (કોઈપણ ત્રણ) જોગવાઈઓ જણાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

## (13) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer to check your progress)

(1) શિક્ષણ મેળવવાના આધિકારનું મહત્ત્વ જણાવો. (કોઈપણ ત્રણ)

(1) ગરીબ બાળકો શિક્ષણ મેળવી શકે.

(2) વ્યક્તિગત વિકાસ કરવો.

(3) અપવ્યય અને સ્થગિતતા રોકવા.

(2) શિક્ષણ મેળવવાના અધિકારની શિક્ષકની જવાબદારી જણાવો. (કોઈપણ ત્રણ)

(1) મફત અને ફરજિયાત શિક્ષણ

(2) નક્કી કરેલ ખર્ચથી વધુ ખર્ચ લઈ શકશે નહીં.

(3) રોજિંદા જીવનની સમસ્યા ઉકેલવી.

(3) શિક્ષણ મેળવવાના અધિકારની મુખ્ય બાબતો. (કોઈપણ ત્રણ)

(1) મફત શિક્ષણ

(2) શિક્ષણની ગુણવત્તા

(3) વહીવટી સરળતા

(4) શિક્ષણ મેળવવાના અધિકારના જોગવાઈઓ જણાવો. (કોઈપણ ત્રણ)

(1) 6 થી 14 વર્ષ સુધીના બાળકોને તેની નજીકની શાળામાં પ્રારંભિક શિક્ષણ પૂરું થાય ત્યાં સુધી મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવું.

(2) મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો હક રહેશે. શાળા સંચાલકો આ અંગે કોઈપણ પ્રકારની ફી લઈ શકશે નહીં.

(3) પ્રવેશ આપવામાં આવેલ ન હોય, જેને પ્રારંભિક શિક્ષણ પૂરું કરવામાં આવેલ ન હોય તેવા બાળકો માટે ખાસ જોગવાઈ કરવી.

## (14) સૂચિત વંચન સામગ્રી : (Suggested Reading)

(1) પટેલ હર્ષદભાઈ : શિક્ષણનો અધિકાર, ક્ષિતિ પબ્લિકેશન, અમદાવાદ

(2) બારૈયા વી.વી. તથા અન્ય : સમકાલીન ભારત અને શિક્ષણ, પ્રતીક પ્રકાશન, આણંદ

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-132

# માનવ અધિકારો અને સમુદાય વિકાસ

વિભાગ

# 3

## માનવ અધિકારો અને સમુદાય વિકાસ


એકમ-9 માહિતીનો અધિકાર

એકમ-10 સ્ત્રી અને માનવ અધિકારો

એકમ-11 બાળ અપરાધ

એકમ-12 બાળકોને લગતા કાયદાઓ

## ES-132, માનવ અધિકારો અને સમુદાય વિકાસ (વિભાગ-3)


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 500
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 500

**ISBN : 978-93-5598-162-2**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-132 માનવ અધિકારો અને સમુદાય વિકાસ

**વિભાગ-1 માનવ અધિકારો અને કાયદો**

1. માનવ અધિકાર-1
2. માનવ અધિકાર-2
3. કેટલાંક જૂથોના માનવ અધિકારો
4. ભારતમાં માનવ અધિકારોનો કાયદો

**વિભાગ-2 બંધારણીય માનવ અધિકારો**

5. ભારત બંધારણ અને માનવ અધિકારો
6. યુનોએ ઘોષિત કરેલાં માનવ અધિકારો
7. બાળકોના અધિકાર
8. શિક્ષણ મેળવવાનો અધિકાર

**વિભાગ-3 કાનૂની માનવ અધિકારો**

9. માહિતીનો અધિકાર
10. સ્ત્રી અને માનવ અધિકારો
11. બાળ અપરાધ
12. બાળકોને લગતાં કાયદાઓ

**વિભાગ-4 વિકાસકીય યોજનાઓ**

13. સમુદાય વિકાસ યોજના
14. ભારતમાં પંચાયત રાજ
15. સહકારી પ્રવૃત્તિ
16. કુટુંબ-નિયોજન કાર્યક્રમ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

**એકમ 9**

# માહિતીનો અધિકાર
# (Right to information)

## : રૂપરેખા :

**(1) પ્રસ્તાવના**

**(2) માહિતીનો અર્થ**

**(3) માહિતી અધિકારનો અર્થ**

**(4) માહિતી અધિકારનો કાયદો - મુખ્ય લક્ષણો**

**(5) માહિતી અધિકારનું મહત્ત્વ**

**(6) માહિતીના અધિકારના આંતરરાષ્ટ્રીય ધોરણો**

**(7) માનવ અધિકાર અને માહિતીના અધિકારનો પૂર્વાપર સંબંધ**

**(8) માહિતના અધિકારો- વ્યવહારિક ઉપયોગ**

**(9) માહિતી માગવા માટેની અરજીનો નમૂનો**

**(10) અરજદારને માહિતી પૂરી પાડવાનો નમૂનો**

**(11) જરૂરી માંગોની માહિતી ના ચાર્જ બાબતની જાણનો નમૂનો**

**(12) અરજદારને માહિતી આપવા અસ્વીકાર કરવા બાબત**

**(13) સારાંશ**

**(14) એકમ સ્વાધ્યાય**

**(15) તમારી પ્રગતિ ચકાસો**

**(16) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**(17) સૂચિત વાંચન સામગ્રી**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ....

**ઉદ્દેશો :**

(1) માહિતીનો અર્થ સમજી શકશો.

(2) માહિતી અધિકારનો અર્થ સમજી શકશો.

(3) માહિતી અધિકારનો ફાયદો મુખ્ય લક્ષણો સમજી શકશો.

(4) માહિતી અધિકારનું મહત્ત્વ સમજી શકશો.

(5) માહિતીના અધિકારના આંતરરાષ્ટ્રીય ધોરણો સમજી શકશો.

(6) માનવ અધિકાર અને માહિતીના અધિકારનો પૂર્વાપર સંબંધ સમજી શકશો.

(7) માહિતીના અધિકારોનો વ્યવહારિક ઉપયોગ સમજી શકશો.

(8) માહિતી માગવા માટેની અરજીનો નમૂનો સમજી શકશો.

(9) અરજદારને માહિતી પૂરી પાડવાનો નમૂનો સમજી શકશો.

(10) અરજદારને માહિતી આપવા અસ્વીકાર કરવા બાબતનો નમૂનો સમજી શકશો.

**(1) પ્રસ્તાવના :-**

- માહિતી અધિકાર લોકશાહી શાસનનું અગત્યનું તત્ત્વ છે. જો લોકશાહીનો વિકાસ કરવો હોય તો રાજ્યના નાગરિકોને રાજ્યની જાતિઓ અને કામગીરીની માહિતી મળવી જોઈએ. સમગ્ર વિશ્વમાં એ સ્વીકૃત છે કે, રાજ્યની કામગીરી વિશે માહિતી મળવાંનો નાગરિકનો અધિકાર વહીવટની પારદર્શિતા માટે જરૂરી છે.

- માહિતી અધિકારનો ઉદ્ભવ અમેરિકામાં થયો છે. અમેરિકન સરકાર શાસનની દૃષ્ટિએ સૌથી વધુ પારદર્શી હોવાનું કહેવાય છે, પરંતુ માહિતી અધિકારના સૌ પ્રથમ કાયદો સ્વીડનમાં 1766ના વર્ષમાં ઘડાયો છે. અમેરિકાની સર્વોચ્ચ અદાલતે 20મી સદીના છેલ્લા ભાગમાં બંધારણના પ્રથમ સુધારામાં માહિતી અધિકારનો સમાવેશ થતો હોવાનું ઠરાવેલ છે. અમેરિકન બંધારણના પ્રથમ સુધારામાં વાણી સ્વાતંત્ર્ય અને અખબારી સ્વાતંત્ર્યની બાંયધરી આપવામાં આવેલ છે.

- પારદર્શક વહીવટ અને નાગરિકના મૂળભૂત અધિકારને ખરા અર્થમાં સાક્ષાત્કાર બનાવવાના આશયથી આ અધિનિયમ ઘડવામાં આવ્યો હોવાનું અને અધિનિયમની અંદર જ અધિકાર, તેના અમલ માટે વ્યવસ્થાતંત્ર, શિક્ષાત્મક જોગવાઈ અને અપીલકીય સત્તામંડળનો પ્રબંધ કરવાની માહિતી આમુખમાંથી પ્રાપ્ત થાય છે. માહિતીના અધિકાર અધિનિયમ- 2005ના આમુખમાં નીચે મુજબની ઘોષણા કરવામાં આવી છે.

- આ અધિનિયમ નાગરિકોને માહિતીનો અધિકાર ઉપલબ્ધ બનાવવા વ્યવહારું શાસન પધ્ધતિની રચના કરવાની જોગવાઈ કરે છે અને નાગરિકોને જાહેર સત્તામંડળોના અંકુશ હેઠળની માહિતી સુલભતાથી પ્રાપ્ત થાય તેની ખાતરી આપે છે, તેમજ દરેક જાહેર સત્તામંડળની કામગીરીને જવાબદાર બનાવવા તથા પારદર્શકતાને ઉત્તેજન પૂરું પાડવાના હેતુથી કેન્દ્રિય માહિતી પંચ અને રાજ્ય કક્ષાએ રાજ્યનાં માહિતી પંચોની રચના અને તેને સંબંધિત બાબતો અંગે કે તેનો પ્રાસંગિક બાબતો અંગે જોગવાઈ કરે છે.

- ભારતના બંધારણે પ્રજાસત્તાક લોકશાહી પ્રસ્થાપિત કરી છે અને તેને નજર સમક્ષ રાખીને અને લોકશાહીની જરૂરિયાત છે કે માહિતી સંપન્ન નાગરિકતા અને માહિતીની પારદર્શકતાનું લોકશાહીના સંચાલનમાં આગવું મહત્ત્વ હોવાથી તેમજ ભ્રષ્ટાચારને અંકુશમાં રાખવા અને સરકારો તેમજ તેની અંગભૂત અન્ય સંસ્થાઓને શાસનને જવાબદાર બનાવવા.

- માહિતી છતી કરવાથી વાસ્તવિક રીતે વ્યવહારમાં અન્ય જાહેર હિતો વચ્ચે સર્જાતી ટક્કરો, જેમાં સરકારોની કાર્યદક્ષતા પૂર્ણ કામગીરી, મર્યાદિત નાણાંકીય સંસાધનોનો મહત્તમ ઉપયોગ તથા સંવેદનશીલ માહિતીની ગુપ્તતાનો પણ તેમાં સમાવેશ થાય છે અને લોકશાહીના આદર્શોની સર્વોપરિતા જાળવી રાખવાથી વખતે આવા ટકરાતા હિતોની સાથે સંવાદિતતા સાધવાના આશય સાથે, હવે તેથી, જે કોઈ નાગરિકો કેટલીક ચોક્કસ માહિતી મેળવવા ઈચ્છતા હોય, તેઓને તે પૂરી પાડવા યોગ્ય સગવડ કરાશે.

**અધિનિયમનો પ્રાથમિક પરિચય :**

- આ અધિનયમે જન સમુદાયના હાથમાં એક અતિ ઉપયોગી સાધન પૂરું પાડ્યું છે. સામાન્ય માણસ પણ પોતાને જરૂરી માહિતી મેળવી શકે છે. માહિતી આપવાની આનાકાની કે ઈન્કાર અંગે શિક્ષાત્મક પગલાંની જોગવાઈ આ અધિનિયમની સૂચક બાબત છે.

- આ ઉપરાંત આવી આનાકાની અને ઈન્કાર સામે અપીલ કરવા માટેના અલગ તંત્રની વ્યવસ્થા પણ તેની આગવી વિશિષ્ટતા છે. આ અધિનિયમ લોકોને સૌથી મહત્તમ માહિતી આપમેળે ઉપલબ્ધ થાય તેવી જોગવાઈ કરે છે અને લઘુતમ બાબતમાં જ માહિતી પ્રગટીકરણમાંથી મુક્તિ આપવાની જોગવાઈ કરે છે.

- આ અધિનયમ માત્ર સરકાર ને જ નહીં પરતું સરકારની સાથે સંલગ્ન એવાં તમામ તંત્ર વ્યયસ્થાને પણ આવરી લે છે. આ અધિનિયમ કામગીરી દસ્તાવેજો, રેકોર્ડસનું નિરીક્ષણ કરવાનો તેમજ તેમાંથી નોંધ ટપકાવવાનો કે રેકોર્ડ કે દસ્તાવેજોની પ્રમાણિત નકલ મેળવવાનો પણ અધિકાર આપે છે, એવી જ રીતે સામગ્રીના પ્રમાણિત નમૂના મેળવવાનો, ડિસ્ક, ફ્લોપી, ટેપ, વીડિયો, કેસેટ વગેરે સ્વરૂપમાં માહિતી મેળવવાનો પણ અધિકાર આપે છે.
- જાહેર માહિતી અધિકારીને માહિતી માટેની વિનંતી પ્રાપ્ત થાય તે સાથે જ તેણે વહેલામાં વહેલી તકે માહિતી પૂરી પાડવાની રહે છે અને આવી માહિતી 30 દિવસની સમય મર્યાદાની અંદર પૂરી પાડવાની રહે છે. આ અધિનિયમમાં કેટલીક ચોક્કસ વર્ગમાં પડતી માહિતીને પ્રગટ કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે, પરંતુ આવી મુક્તિ સંપૂર્ણપણે અબાધિત સ્વરૂપમાં નથી, જેમ કે કલમ 24(1)ની જોગવાઈ મુજબ ભ્રષ્ટાચારને લગતાં આક્ષેપો કે માનવ અધિકારોના ઉલ્લંઘનના આક્ષેપોને લગતી માહિતી ઉપરોક્ત મુક્તિ અપાયેલાં ચોક્કસ વર્ગના વિભાગોએ પણ પૂરી પાડવાની રહે છે.
- માહિતીના અધિકાર અધિનિયમમાં કેન્દ્ર સ્તરે કેન્દ્રિય માહિતી પંચની રચનાની જોગવાઈ છે, જેમાં મુખ્ય માહિતી કમિશ્નર અને 10 થી વધુ નહીં તેટલાં સભ્યોની નિમણૂંક કરવાની જોગવાઈ સૂચવે છે, આ અધિનિયમની જરૂરિયાત અંગે દર્શાવાયેલાં ઉદ્દેશ અને કારણો અંગેના નિવેદનમાં સ્પષ્ટ રીતે દર્શાવાયું છે કે ભારતના બંધારણમાં અનુચ્છેદ 19માં માનવ ગણાયેલાં માહિતીના અધિકારને અસરકારક રીતે અમલમાં મૂકવા મળે અસરકારક તંત્ર વ્યવસ્થા પૂરી પાડવાના હેતુથી લોકોને વધુ સારી રીતે અને વધુ અસરકારક રીતે માહિતી ઉપલબ્ધ બનાવવા આ અધિનિયમ ઘડવામાં આવ્યો હોવાની જાહેરાત કરે છે.
- દરેક નાગરિકને જાહેર સત્તા મંડળોના અંકુશ હેઠળ રહેલી માહિતી જાહેર હિતના સંબંધમાં ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપતાં અને વહીવટમાં ખુલ્લાપણું, પારદર્શકતા અને જવાબદારને વિકસાવવાના ઉદ્દેશ સાથે આ અગાઉ ઘડાયેલાં માહિતીના સ્વતંત્ર અધિનિયમ, 2002ના સ્થાને 2005નો માહિતીના અધિકારનો અધિનિયમ અમલમાં આવ્યો છે.
- આ અધિનિયમ હેઠળ માહિતી મેળવવાના અધિકાર આપે છે તેમજ તેવી માહિતી નહી આપવાના પરિણામોના સંદર્ભમાં શિક્ષાત્મક જોગવાઈઓ પણ કરે છે.

## (2) માહિતીનો અર્થ (Meaning of Information)

- આ કાયદો માહિતી અધિકારને લગતો હોવાથી માહિતી અને માહિતી અધિકાર વિશે જાણકારી મેળવવી જરૂરી છે, કલમ 2 (F) માં માહિતીની વ્યાખ્યા આપવામાં આવી છે.
- આ વ્યાખ્યા પ્રમાણે માહિતી એટલે દફતર, દસ્તાવેજો, મેમો, ઈમેલ, અભિપ્રાયો, સલાહ અખબારી યાદી, પરિપત્રો હુકમ, લોગબુક, કરાર, અહેવાલ, કાગળો, નમૂનાઓ, રચનાઓ, કોઈપણ ઈલેક્ટ્રોનિક રીતે રાખવામાં આવેલ સામગ્રી અને પ્રવર્તમાન કાયદા હેઠળ જાહેર સત્તામંડળ દ્વારા ઉપયોગમાં લઈ શકાય તેવા કોઈપણ ખાનગી તંત્રને લગતી માહિતી સહિત કોઈપણ પ્રકારની સામગ્રી
- આમ, માહિતીની વ્યાખ્યા આ કાયદા હેઠળ અતિ વિસ્તૃત કરવામાં આવી છે. વ્યાખ્યાનું વિશ્લેષણ કરતાં જોઈ શકાય છે કે માહિતીમાં કરાર, અહેવાલ, ઈમેલ, અખબારી યાદી, હુકમ, અભિપ્રાય નમૂના વગેરેનો સમાવેશ થાય છે.

## (3) માહિતી અધિકારનો અર્થ (Meaning of Right ot Information)

- માહિતી મેળવવાનો અધિકાર એટલે કોઈ સરકારી ખાતા પાસેથી આંકડાકીય વિગતો પ્રાપ્ત કરવાનો અધિકાર એવો સંકુચિત અર્થ થતો નથી.
- આ કાયદા હેઠળ નાગરિકને સરકારી વિભાગ, જાહેર સત્તામંડળ તેમજ સરકાર તરફથી મહત્ત્વની રીતે અનુદાન પાત્ર બિન સરકારી સંગઠન પાસેથી નાગરિકને માહિતીનો અધિકાર

પ્રાપ્ત થાય છે. માહિતી અધિકારમાં નીચેની કોઈપણ રીતોથી માહિતી મેળવવાનો અધિકારનો સમાવેશ થાય છે.

(1) દફતરનું નિરીક્ષણ કરીને

(2) તેમાંથી નોંધ કે ઉતારો લઈને

(3) પ્રમાણિત નકલો મેળવીને

(4) સામગ્રીની પ્રમાણિત નકલ મેળવીને

(5) ફ્લોપી, ટેપ રેકોર્ડર, વિડીયો કેસેટ કે ઈમેલની માહિતી પણ મેળવી શકાય છે. આમ, આ કાયદા હેઠળ માહિતી અધિકારનો અર્થ પણ ઘણો વિસ્તૃત કરાયો છે.

- કઈ માહિતી મેળવી શકાય (What sort of Information can be obtained)
- આ કાયદા હેઠળ કોઈપણ સરકારી વિભાગ, સરકારી સંગઠન કે નિગમ, જાહેર સત્તામંડળ કે સરકાર તરફથી મહત્ત્વની રીતે અનુદાનપાત્ર કોઈપણ બિનસરકારી સંગઠન પાસેથી આ કાયદાની પ્રતિબંધિત કરાયેલ હોય તે સિવાયની કોઈપણ માહિતી મેળવી શકાય છે. કલમ 2 (F) ની વ્યાખ્યા મુજબ માહિતીમાં દફતર, દસ્તાવેજ, ઈમેલ, અભિપ્રાય, સલાહ, અખબારી યાદી, પરિપત્ર, હુકમ, લોકબુક, કરાર, અહેવાલ, કાગળ, નમૂનો વગેરે કોઈપણ માહિતી મેળવી શકાય છે.
- માહિતી કોણ મેળવી શકે ? (Who can obtain the information)
- આ કાયદા હેઠળ ભારતના દરેક નાગરિકને માહિતી અધિકાર આપવામાં આવેલ છે. બંધારણના અનુચ્છેદ-૧૪ હેઠળ દરેક વ્યક્તિ કાયદા સમક્ષ સમાન છે અને તેને કાયદાનું સમાન રક્ષણ મેળવવાનો પણ અધિકાર છે. આ રીતે કોઈપણ વ્યક્તિ (નાગરિક) નાત-જાત, જાતિ, ધર્મ, લિંગ કે જન્મ સ્થાનના ભેદભાવ વગર માહિતી મેળવવાનો અધિકાર ધરાવે છે. આમ આ કાયદા મુજબ કોઈપણ નાગરિકને માહિતી અધિકારનો ઈન્કાર કરી શકાય નહીં.
- જો કોઈ નાગરિકને માહિતી પૂરી પાડવામાં ન આવે કે અધૂરી માહિતી અપાયેલ હોય તો આ કાયદા મુજબ અપીલ થઈ શકે છે.
- કઈ માહિતી મળી ન શકે (What information cannot be obtained)
- આપણે હમણાં જ જોયું કે ભારતના કોઈપણ નાગરિક, કોઈપણ પ્રકારની માહિતી મેળવવાનો અધિકાર ધરાવે છે. આમ છતાં કોઈ નાગિરક નીચેની માહિતી મેળવી શકે નહીં. કલમ- 8માં આ મુજબની જોગવાઈ કરાયેલ છે.

(1) રાષ્ટ્રીય સલામતી અને અખંડિતતાને લગતી માહિતી.

(2) કાયદા કે અદાલત કે ન્યાય પંચે મનાઈ ફરમાવેલ હોય તેવી કોઈપણ માહિતી.

(3) ત્રાહિત વ્યક્તિના ટ્રેડમાર્ક, કોપી રાઈટને લગતી માહિતી.

(4) કોઈપણ વ્યક્તિને ન્યાયિક સંબંધમાં રહેલ માહિતી.

(5) વિદેશી સરકાર પાસેથી પ્રાપ્ત થયેલ કોઈ ગુપ્ત માહિતી.

(6) જેનાથી કોઈ વ્યક્તિના જીવન કે સલામતીને જોખમ ઉત્પન્ન થાય તેવી કોઈપણ પ્રકારની માહિતી.

(7) પ્રધાન મંડળની બેઠકની કાર્યવાહી.

(9) જો માહિતી જાહેર કરવામાં આવે તો જેનાથી અન્વેષણની પ્રક્રિયાને અસર પહોંચે તેમ હોય તેવી કોઈપણ માહિતી.

(1) કોઈ વ્યકિતની અંગત માહિતી કે જે પ્રગટ કરવાથી તેના ગુપ્તતા અધિકારનો ભંગ થતોં હોય.

- લેટીન શબ્દ "Information" તથા "Forma" પરથી Information તથા માહિતી શબ્દનો પ્રાદુર્ભાવ થયો છે. અર્થાત્ કોઈ વસ્તુને, કોઈ બાબતને, કોઈ વાતને ચોક્કસ અને સ્પષ્ટ આકાર આપવો, ભાત આપવી તેવું કહી શકાય.
- માહિતી શબ્દ વ્યક્તિની સભાનતામાં કે વૈચારિક પ્રક્રિયામાં નવી બાબતો સ્પષ્ટપણે ઉમેરવાનો સંકેત આપે છે.
- રાજ્યતંત્રના વિવિધ પ્રકારો પૈકી આપખુદશાહી સરમુખત્યારશાહી પૂર્ણ રાજા શાહી તથા સામ્યવાદ શાસન વ્યવસ્થાઓને બાકાત રાખીએ તો લોકશાહીનો પ્રાથમિક આધાર સ્તંભ એ માહિતીનો અધિકાર છે.
- લોકશાહીની સારી વ્યાખ્યા મુજબ લોકો માટે, લોકો વડે અને લોકો દ્વારા ચાલતી સરકાર અને તેના તંત્રોમાં પારદર્શકતા, ઉત્તરદાયિત્વ અને જવાબ દેયતા જળવાય એ વધે તે માત્ર જરૂરી નહીં પરંતુ અનિવાર્ય પૂર્ણ શરત છે.
- ટૂંકમાં સરકારી વહીવટમાં પારદર્શકતા, ભ્રષ્ટાચાર ઉપર કાબૂ, ખૂલ્લાપણું, સરકારની તથા અધિકારીઓની જવાબદેયતા નક્કી કરવાના ઉમદા હેતુઓ આ કાયદા હેઠળ જળવાય છે.

## (4) માહિતી અધિકારનો કાયદો- મુખ્ય લક્ષણો : (Main charateristics of the right ot Information)

(1) સરકાર અને સત્તામંડળોના અંકુશ હેઠળ જ માહિતી અને દસ્તાવેજો કોઈપણ નાગરિકને, તેની નિયત ફી ચૂકવવામાં આવ્યેથી, ઉપલબ્ધ કરવાની જોગવાઈ આ કાયદામાં કરવામાં આવી છે.

(2) આ કાયદાથી ભ્રષ્ટાચાર ડામવાનો અને લોકશાહી વધુ સુદઢ બનાવવાનો હેતુ પણ રાખવામાં આવ્યો છે.

(3) સરકાર અને જાહેર સત્તામંડળોની કામગીરીમાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વને ઉત્તેજન આપવાનો આ કાયદાનો હેતુ છે.

(4) માહિતી એટલે માત્ર કોઈ વિગત પરંતુ તેમાં દફતર, દસ્તાવેજો, અભિપ્રાય, સલાહ, હુકમ, પરિપત્ર, અહેવાલ, ઈમેલ કરાર વગેરેનો પણ સમાવેશ થાય છે.

(5) આ કાયદો જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય સમગ્ર ભારતમાં તા. 12 ઓકટોબર 2005 થી અમલી બનાવેલ છે.

(6) આ કાયદામાં જાહેર સત્તામંડળની વ્યાખ્યા પણ આપવામાં આવી છે, તે મુજબ બંધારણ સંસદ કે રાજ્ય વિધાનસભા હેઠળ સ્થાપેલ કોઈપણ સતામંડળ જાહેર સતામંડળ છે.

(7) માહિતી અધિકારમાં માત્ર માહિતી મેળવવાનો નહીં, પરંતુ તેમાં દફતર કે દસ્તાવેજોની ચકાસણી કરવાનો, એમાંથી નોંધ ઉતારવાનો તેમજ તેની પ્રમાણિત નકલ મેળવવાના અધિકારનો પણ સમાવેશ થાય છે.

(8) માહિતી મેળવવા માટે કોઈ અરજદારની અરજી મળ્યેથી માહિતી પૂરી પાડવાની તેમજ અપીલ કરવાની સમય મર્યાદા પણ નિયત કરવામાં આવેલ છે.

(9) કેન્દ્રસ્તરે કેન્દ્રીય માહિતી પંચ તેમજ દરેક રાજ્યોમાં રાજ્ય માહિતીપંચની નિમણૂંકની જોગવાઈ આ કાયદામાં કરાયેલ છે.

(10) જો માહિતીનો ઈન્કાર કરવામાં કે અધૂરી માહિતી પૂરી પાડવામાં આવે તો પ્રથમ અપીલ અને દ્વિતીય અપીલની પણ જોગવાઈ કરવામાં આવી છે. માહિતી પૂરી ન પાડવા બદલ દરરોજના રૂા. 250 લેખે પરંતુ વધુમાં વધુ રૂા. 25,000ના દંડની જોગવાઈ કરાયેલ છે.

(11) આ કાયદા હેઠળ નાગરિકને દરેક પ્રકારની માહિતી પ્રાપ્ત કરવાનો અધિકાર છે, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા અખંડિતતા અંગેની કે કાયદાથી પ્રતિબંધિત માહિતી, વિદેશી સરકારની ખાનગી માહિતી કે ત્રાહિત વ્યક્તિના ટ્રેડમાર્ક અંગેની માહિતી મેળવી શકાતી નથી.

(12) ભારતમાં દરેક નાગરિક આ કાયદામાં જોગવાઈ કરાયા મુજબની માહિતી મેળવી શકે છે.

(13) સરકારના તમામ વિભાગો તેમજ સરકાર દ્વારા અનુદાન પાત્ર બિનસરકારી સંગઠનો પણ માહિતી આપવા બંધાયેલ છે. જો માહિતી કોઈ વ્યક્તિના જીવન કે સ્વતંત્ર્ય સંબંધિત હોય તો આવી માહિતી 48 કલાકમાં પૂરી પાડવી જોઈએ.

(14) કલમ 8માં નિર્દિષ્ટ કરાયેલ યાદીમાં સૂચવાયેલ સંગઠનો પાસેથી માહિતી મેળવી શકાતી નથી. આમ છતાં ખાસ સંજોગોમાં કેન્દ્રીય કે યથા પ્રસંગ મુજબ રાજ્ય માહિતી પંચની મંજૂરીથી માહિતી પ્રાપ્ત કરી શકાય છે.

(15) માનવ અધિકારોનો ભંગ, ભ્રષ્ટાચાર, વ્યક્તિના જીવન અને સ્વાતંત્ર્યના અધિકારને લગતી માહિતી પૂરી પાડવામાં કોઈ અવરોધ ન રહે તે ખાસ જોવાયું છે.

(16) જાસૂસી અને સલામતી સાથે સંબંધિત 18 સંગઠનોને આ ધારા માંથી મુક્તિ અપાઈ છે.

(17) માહિતી પૂરી પાડવામાં કસૂરવાર વ્યક્તિને નાણાંકીય દંડ થઈ શકે છે. જો કે અહીં કેદની સજાની કોઈ જોગવાઈ નથી.

(18) માહિતી પૂરી પાડનારાં તંત્રોના નિર્ણય વિરૂધ્ધ અપીલ અને બીજી અપીલ વિશે ખાસ જોગવાઈ છે.

(19) માહિતી માગનારે તે માટેના કારણો આપવાની જરૂર નથી.

(20) માહિતી પૂરી પાડનાર તંત્રો ઉપર અરજદારને બધીજ રીતે મદદ કરવાની ખાસ ફરજ લદાઈ છે.

## (5) માહિતી અધિકારનું મહત્ત્વ (Importance of Infromation Right)

- માહિતી અધિકારનું ખૂબજ મહત્ત્વ રહેલું છે. માહિતી મેળવવાનું સ્વાતંત્ર્ય એ મૂળભૂત માનવ અધિકાર છે અને તમામ અધિકારો મેળવી આપનાર પારસમણિ છે.
- જે સમાજને સંપૂર્ણપણે માહિતીઓ પ્રાપ્ત નથી તે સમાજ સાચી રીતે મુક્ત નથી.
- પાછળ એક દાયકાની સ્થિતિ ઉપર નજર ફેરવીએ, તો માહિતી પ્રાપ્ત કરવાના અધિકારે ભૂતકાળમાં કઠિન બન્યો હોય તેવો જુવાળ સર્જ્યો છે અને સભ્ય નાગરિક સમાજમાં ખાસ કરીને કેટલીક સંસ્થાઓએ સામાજિક પ્રવૃત્તિ કરીને કેટલીક સંસ્થાઓએ સામાજિક પ્રવૃત્તિ તરીકે અને વ્યક્તિગત રીતે આ ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપ્યું છે.
- ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈના શબ્દોમાં કહીઓ તો ''માહિતી એ તાકાત છે અને સરકાર આ તાકાત નમ્રભાવે વહેંચીને નિર્બળને સબળ બનાવવા ઈચ્છે છે. લોકશાહી સમાજ વ્યવસ્થામાં માહિતી એ પ્રાણવાયુ છે.''

**(1) પારદર્શકતાનો ખ્યાલ મેળવવા :-**

કોઈપણ તંત્રમાં જે કાર્ય થાય છે તે બરાબર રીતે થાય છે કે કેમ તેની બરાબર તથા સમજાઈ શકે તે માટે માહિતી અધિકારનું મહત્ત્વ છે. કાર્યમાં પારદર્શકતાનો ખ્યાલ મેળવવા માહિતી અધિકાર જરૂરી છે.

**(2) કાર્યથી સંતોષ મેળવવા :-**

- જે કાર્ય થાય છે તે બરાબર રીતે થયેલ છે, માહિતી માગીએ તો ખ્યાલ આવે કે કાર્ય બરાબર રીતે થયું છે. સમાજને પણ ખ્યાલ આવે કે કાર્ય બરાબર રીતે થયું છે. કોઈ નેતા દ્વારા કે સરકાર દ્વારા થયેલ કાર્યથી સંતોષ પ્રાપ્ત થાય છે.

**(3) યોગ્ય ન્યાય મેળવવા :-**

- કોઈ કાર્ય અંગે આપણને શંકા જાય છે તે શંકાનું સમાધાન કરવું જરૂરી છે. કામમાં ભ્રષ્ટાચાર થયો છે. તેવી ખબર પડે તો માહિતી માગીને તપાસ કરાવી શકાય છે. સમાજને પણ યોગ્ય

ન્યાય મળે છે. માહિતી માગવાથી શંકાનું સમાધાન થતાં યોગ્ય ન્યાય મેળવવામાં મદદરૂપ થાય છે.

**(4) સરકારી માહિતીની જાણકારી મેળવવા :-**

- સરકાર દ્વારા જે કાર્ય થાય છે તે કાર્ય બરાબર રીતે થાય છે કે કેમ તેની જાણકારી મેળવવી જરૂરી છે. કાર્યમાં કોઈ ભ્રષ્ટાચાર થયો છે કેમ તેની પણ માહિતી માગવાથી ખ્યાલ આવે છે.

**(5) ભ્રષ્ટાચાર રોકવા :-**

- સરકારના કાર્યમાં ભ્રષ્ટાચાર થતોં હોય તો માહિતી માગવાથી ભ્રષ્ટાચાર રોકી શકાય છે. કામ કરનારને પણ બીક રહે છે કે કામ બરાબર રીતે ન કરીએ તો સમાજ દ્વારા માહિતી માગવામાં આવશે.

**(6) જવાબદારીપૂર્વક કાર્ય કરવા :-**

- કામ માટે જેને જવાબદારી આપેલ છે તે વ્યક્તિ જવાબદારીપૂર્વક કાર્ય કરે તે જરૂરી છે. કામ બરાબર રીતે ન કરવામાં આવે તો લોકો માહિતી માગશે, તેથી કામ કરનાર વ્યક્તિ જવાબદારીપૂર્વક કામ કરશે. મારા કાર્યની સમાજ દ્વારા માહિતી માગશે તેવો ભય રહે છે. તેથી કામ સારું કરશે.

**(7) માહિતીના અધિકારનો ઉપયોગ કરવા :-**

- મળેલ માહિતીનો યોગ્ય ઉપયોગ કરવા માટે જરૂરી છે. લોકશાહી દેશમાં માહિતી માગવાનો દરેકને અધિકાર છે. તેમાં વ્યક્તિગત રીતે કોઈને અન્યાય થાય તો માહિતી મેળવવાનો અધિકાર મળતોં હોવાથી માહિતી માગી શકે છે.

**(8) જીવન જીવવા અધિકારો પ્રાપ્ત કરવા :-**

- જીવન જીવવાના અધિકારો મુજબ સ્વચ્છ હવા, પાણી, પર્યાવરણ, ખોરાક, રહેઠાણ વગેરે નાગરિકોને પ્રાપ્ત થાય તેમાં પણ માહિતીના અધિકારોનો ઘણો મહત્ત્વનો ગણી શકાય.

**(9) સમાન આર્થિક વિકાસ મેળવવા :-**

- સમાન આર્થિક વિકાસ મેળવવાનો દરેક નાગરિકને હક્કો મળેલ છે તેનો સમાન રીતે વિકાસ થાય તે જરૂરી છે. સમાન આર્થિક વિકાસ થવો જરૂરી છે.

**(10) મીડિયા દ્વારા સાચી માહિતીનો પ્રસાર અને પ્રચાર કરવા :-**

- મીડિયા દ્વારા જે માહિતી આપવામાં આવે છે તે માહિતી સાચી રજૂ કરે તે જરૂરી છે, ખોટી માહિતી આપે તો માહિતી સાચી મેળવવાનો હક છે.

**(11) સમાજમાં શોષણ અટકાવવા :-**

- સમાજમાં સ્ત્રીઓનું, બાળકોનું, ગરીબોનું, લઘુમતીઓનું વગેરેનું શોષણ થતું હોય તો અટકાવવા માટે માહિતીનો મેળવવાનો અધિકાર મળે તે જરૂરી છે.

**(12) લોકશાહીમાં નાગરિકોના હક્કોનું રક્ષણ કરવા :-**

- ઉમેદવારોનો સાચો પરિચય મેળવવાનો તટસ્થ અને ન્યાયી, ચૂંટણીઓ દ્વારા સરકાર નિયુક્ત કરવી, સમાન આર્થિક વિકાસ મેળવવો, સંપત્તિના સાધનોની વહેંચણીમાં સમાન તક અને હક્ક મેળવવો, વર્તમાનપત્રો તથા મીડિયા દ્વારા સાચી માહિતીનો પ્રસાર અને પ્રચાર કરવો સ્ત્રીઓનું, બાળકોનું ગરીબોનું, લઘુમતીઓનું વગેરેનું શોષણ અટકાવવું, માનવ અધિકારોની સાચા અર્થમાં જાળવણી થાય તેવા કાયદા કાનૂનો ઘડાવવા અને લાગુ પાડવા વગેરે હેતુ છે. આ ઉપરાંત જીવન જીવવાના અધિકારો મુજબ સ્વચ્છ હવા, પાણી, પર્યાવરણ, ખોરાક, રહેઠાણ વગેરે નાગરિકોને પ્રાપ્ત થાય તેમાં પણ માહિતીના અધિકારોનો ઘણો મહત્ત્વનો ફાળો ગણી શકાય.

## (6) માહિતીનો અધિકાર

**માહિતીના અધિકારના આંતરરાષ્ટ્રીય ધોરણો :**

''માહિતી મેળવવાનું સ્વાતંત્ર્ય એ મૂળભૂત માનવ અધિકાર છે અને તમામ અધિકારો મેળવી આપનાર પારસમણિ છે કે જે પ્રત્યે યુનાઈટેડ નેશન્સની પ્રતિબદ્ધતા છે.'' (યુનાઈટેડ નેશન્સ)

'' જે સમાજને સંપૂર્ણપણે માહિતીઓ પ્રાપ્ત નથી તે સમાજ સાચી રીતે મુક્ત નથી.'' (ઈન્ટર અમેરીકન કોર્ટ ઓફ હ્યુમન રાઈટ્સ 1985.)

યુનાઈટેડ નેશન્સ દ્વારા નક્કી થયેલાં માહિતી મેળવવાના અધિકારોના નીતિ વિષયક માર્ગદર્શક સિદ્ધાંતો.

**(1) મહત્તમ પ્રગટીકરણ**

સરકારી ખાતાઓની જાહેર સંસ્થાઓના અહેવાલ, કાર્યવાહીની વિગતો, વાર્ષિક અહેવાલો, અન્ય રિપોર્ટસ્ વગેરેનું મહત્તમ પ્રગટીકરણ થવું જોઈએ.

**(2) પ્રકાશનની જવાબદારી**

સરકારી ખાતાના અહેવાલો અને કાર્યવાહીનું પ્રગટીકરણ થયા બાદ તેનું જાહેર હિતમાં પ્રકાશન થવું જોઈએ.

**(3) પારદર્શક / ખુલ્લા વહીવટીતંત્રની પ્રસ્થાપના**

સરકારી તંત્રના વિવિધ ખાતાઓમાં જાહેર શિક્ષણ અને માહિતી મેળવવાના અધિકારોનો અને તેના પ્રશ્નોનું સરળતાપૂર્વક નિરાકરણ થાય તેવી નીતિ અને કાર્યરીતિ હોવાં જોઈએ.

**(4) ખૂબ જ સીમિત અપવાદો અને પ્રતિબંધો**

સરકારી તંત્રમાં રહીને કૌભાંડો કરનારાં, ખોટું કરનારા ઝડપથી ખુલ્લાં ન પડે અને ગેરવ્યાજબી ગુપ્તતાનો લાભ લે તેવી કાર્યશૈલી અટકાવવી જોઈએ અને બહુ જ ઓછા પ્રમાણમાં એવા અપવાદો અને પ્રતિબંધો હોવાં જોઈએ કે જે વિષે પ્રજાને માહિતીનો અધિકાર પ્રાપ્ત ન થાય અર્થાત્ જેની માહિતી નથી આપવાની તેની યાદી ટૂંકી હોવી જોઈએ.

**(5) સરળ અને ઝડપી માહિતી મેળવવાની કાર્ય પધ્ધતિ**

પ્રજાને સરળતાથી અને ઝડપથી સાચી અને ખરી માહિતી મળે અને તેની કાર્યસંહિતા (પ્રોસીજર) તદ્દન સરળ અને સુલભ હોવી જોઈએ.

**(6) જૂજ કિંમત પર માહિતી**

માહિતી મેળવવાની કિંમત સામાન્ય નાગરિકો અથવા ગરીબ નાગરિકો માટે મોંઘી કે ખર્ચાળ પુરવાર ના થવી જોઈએ.

**(7) અમલદારો અને વહીવટીકર્તાઓની જાહેર કાર્યવાહી પધ્ધતિ**

અધિકારીઓ, અમલદારો અને વહીવટીતંત્ર વગેરેની સભાઓ પ્રજા માટે જાણવા, જોવા, બેસવા, સાંભળવા માટે મુક્ત પણે પ્રાપ્ત છે તેવી પધ્ધતિઓ સરકારશ્રી તરફથી સ્થાપિત થવી જોઈએ.

**(8) અન્ય કાનૂનો કરતાં માહિતીના અધિકારની ઉપરવટ/અગ્રેસરની સત્તા**

જે તે દેશમાં પ્રવર્તમાન અન્ય કાયદા કાનૂનો કે જે દીવાની કે ફોજદાર કાર્યરીતિના અથવા અન્ય કોઈ પ્રકારના હોય તે કરતા માહિતીના અધિકારના કાનૂનને અગ્રેસર અને ઉપરવટની સત્તા હોવી જોઈએ.

**(9) માહિતી માગનારાઓનું સંરક્ષણ**

જાહેર હિતમાં આવા સમાજના કલ્યાણ માટે સજાગસંત્રી તરીકે ખોટું કરનાર સામે બ્યુગલ

ફૂંકનાર માહિતી માંગનારાઓનું સંરક્ષણ કરવું એ સરકારની જવાબદારી છે. તેઓ પ્રત્યે કિન્નાખોરી, વેરભાવ, દુશ્મનાવટ રાખવામાં ન આવે તેવી વ્યવસ્થા જે તે સરકારે કરવી જોઈએ.

**(1.3) ઉદ્દેશો :**

આ ધારામાં જણાવ્યા મુજબ તેના ઉદ્દેશો નીચે પ્રમાણે છે :

(1) જાહેર સત્તાતંત્રોના અંકુશ હેઠળ રહેલી માહિતી નાગરિકો માટે ઉપલબ્ધ બની રહે તો માટે વ્યવહારમાં વ્યવસ્થા કરવી.

(2) આમ કરી દરેક સતાતંત્રની કામગીરીમાં પારદર્શકતા અને જવાબદેયતામાં વધારો કરવો.

(3) આ બાબતોમાં કેન્દ્રિય માહિતી પંચ અને રાજ્યોમાં રાજ્યોના માહિતી પંચોની રચના કરવી.

(4) ભારતનું બંધારણ લોકતાંત્રિક પ્રજાસત્તાકની સ્થાપના કરે છે. તેના સંચાલન માટે માહિતીના પારદર્શકતા અને માહિતી સમૃદ્ધ નાગરિકોની ખાસ જરૂર છે.

(5) ભ્રષ્ટાચારને કાબૂમાં રાખવો.

(6) સરકારો અને તેના અંગ ઉપાંગોને શાસિત લોકોને જવાબદેય બનાવવા.

(7) આવી માહિતી પૂરી પાડવાથી બીજા જાહેર હિતો સાથે વ્યવહારમાં સંઘર્ષ થવાનો સંભવ રહે છે. તેમાં સરકારના કાર્યક્ષમતાયુક્ત સંચાલન, મર્યાદિત નાણાંકીય સાધનોનો સમુચિત ઉપયોગ અને નાજુક સ્વરૂપની માહિતીની ગોપનીયતાની જાળવણી વગેરે જેમાં જાહેર હિતો સાથે સંઘર્ષ થઈ શકે છે. આવે વખતે લોકતાંત્રિક આદર્શની સર્વોપરિતાને જાળવીને, આવા સંઘર્ષ પામતાં હિતો વચ્ચે સંવાદિતતા સ્થાપવાની છે.

**(7) માનવ અધિકાર અને માહિતીના અધિકારનો પૂર્વાપર સંબંધ :**

માનવ અધિકારો એટલે વ્યક્તિની સ્વતંત્રતાને લગતા, સમાનતાને લગતા, જીંદગીને લગતા અને ગૌરવને લગતા એવા તમામ અધિકારો કે જેની ખાત્રી ભારતના બંધારણે મૂળભૂત અધિકારો તરીકે પ્રકરણ -3માં આપેલી છે. વળી, એવા અધિકારો જેવી ઘોષણા 10 ડિસેમ્બર, 1948ના રોજ આંતરરાષ્ટ્રીય માનવ અધિકારની ઘોષણા તરીકે કરવામાં આવેલી છે. અને એવા તમામ અધિકાર કે જેનો અમલ ભારતની કોર્ટોમાં કરાવી શકાય. અર્થાત્ કલમ 2 (ડી) (1) માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ 1993માં આવી. વ્યાખ્યા આપવામાં આવેલી છે. ભારતના બંધારણમાં મૂળભૂત અધિકારોના હનનના કિસ્સા નાગરિકોને પાંચ પ્રકારની રીટ કરવા માટે પ્રાથમિક ઉપચાર તરીકે અને તાર્કિક અને માહિતી સભર રીટનું ડ્રાફટીંગ કરવા માટે પણ માહિતીનો અધિકાર એક અનન્ય સાધન છે કે જેના ઉપયોગથી અન્ય અધિકારો પ્રાપ્ત કરી શકાય છે.

જીંદગી જીવવા માટે ખોરાક મેળવવાનો અધિકાર હોય કે પર્યાવરણનો અધિકાર હોય, ગેરકાનૂની ધરપકડ સામે રક્ષણ મેળવવાનો અધિકાર હોય અથવા પોલીસ અધિકારીઓ દ્વારા થયેલી યાતનાઓ અને પીડાઓ સામે રક્ષણ અને ઉપાય મેળવવાનો અધિકાર હોય, બાળકોના શિક્ષણનો અધિકાર હોય કે લઘુમતીઓના હક્કનો પ્રશ્ન હોય, સ્ત્રીઓના અધિકારોની બાબત હોય કે સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના વિસ્થાપિતોના હક્કનો પ્રશ્ન હોય, તે સમયે માનવ અધિકારોના સંરક્ષણનો પ્રાથમિક અધિકાર તરીકે માહિતીનો અધિકાર ઉપયોગમાં આવે છે. આશ્ચર્યજનક અને ચમત્કારિક આ નાનકડો અધિકાર જાતે પૂર્ણપણે અમલી બને તે અગાઉ જ માત્ર માહિતી માંગવાથી ઘણા લોકોના અટવાયેલાં પ્રશ્નોનું નિરાકરણ અમલદારો દ્વારા તાત્કાલિક રીતે કરી નાંખવામાં આવે છે, તેવું ઘણા અનુભવોમાં પ્રસંગોપાત જોવા મળ્યું છે.

ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો ફ્રાંસની ક્રાંતિની વાત હોય (ઈ.સ. 1789), ઈંગ્લેન્ડની મેગ્ના કાર્ટાની વાત હોય (ઈ.સ. 1215), બિલ ઓફ રાઈટ્સની વાત હોય (ઈ.સ. 1689), પવિત્ર કુરાનામાં જણાવેલા મજૂરોના વેતનની ચૂકવણીની વાત હોય, શુકનીતિમાં લખાયેલા લઘુતમ વેતનની

વાત હોય, મનુસ્મૃતિમાં લખાયેલ રાજાઓ અને સૈનિકોની ફરજની વાત હોય, ચાણક્યના અર્થસ્ત્રમાં લખાયેલાં કેદખાનાના નિયમોની વાતો હોય, મહાભારતમાં શાસકોની ફરજો નક્કી કરવાની વાત હોય અથવા પવિત્ર બાઈબલમાં ન્યાયધીશોની નક્કી કરાયેલી ફરજોની વાત હોય અથવા પ્રભુ ઈસુએ સૈનિકની સત્તાની મર્યાદાની વાત કરી હોય તેવી તમામ માનવ અધિકારોની વાતો પ્રગટ અથવા અપ્રગટ સ્વરૂપે સીધી, આડકતરી રીતે સત્તાધીશો અને વહીવટકર્તાઓની એકહથ્થુ, મનસ્વી સત્તાઓને પડકારે છે. પ્રતિબંધિત પ્રસ્થાપિત કાર્યપધ્ધતિઓ તથા વાજબી અને સાચા ખરા ન્યાયની પ્રણાલીને (Rule of Law) સ્વીકારે છે. જેમ કે, ઉદાહરણમાં જોઈએ તો ધરપકડ કરાયેલાં તહોમતદારની મનસ્વી રીતે અટકાયત ના કરવી, કાનૂની સહાય મેળવવા દેવી, ચોવીસ કલાકમાં મેજિસ્ટ્રેટ પાસે રજૂ કરવો વગેરે બાબતો પોલીસ અધિકારીઓને ઘણીવાર અપ્રિય જણાય છે અને તેમની સત્તા ઉપર કોઈ પ્રતિબંધ હોય તેમ તેમને લાગે છે. તેવી જ રીતે સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના વિસ્થાપિતોના પુનર્વસનની વાતો આંધળા ઔદ્યોગિકરણની વિચારધારાને મનમાં લઈ બેઠેલાં સરકારી તંત્રના અધિકારીઓને અથવા ઉદ્યોગપતિઓને પોતાની સત્તા ઉપર તરાપ લાગે છે. અર્થાત્ માનવ અધિકારો હંમેશા એક યા બીજા સ્વરૂપે સત્તાધીશોને, વહીવટકર્તાઓને, અમલદારોને હંમેશા પડકારરૂપ અને નડતરરૂપ લાગે છે. જેથી જાણતા અજાણતા એકઆદત હથોટી તરીકે સહજ રીતે માનવ અધિકારોનું હનન પુનરાવર્તિત રીતે કરતાં હોય છે. તેમના આવા વર્તનો તેમની કાર્યવાહીઓની નોંધો, પત્રવ્યવહારો, આદેશો, હુકમો વગેરેમાં પ્રગટ થતાં હોય છે. જેથી આવી બાબતોને ખુલ્લા પાડવી, જાહેર જીવનમાં પ્રજાસમક્ષ લાવવા માટે માહિતીનો અધિકાર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેથી જ કહી શકાય કે માનવ અધિકારોનું પાલન કરાવનાર પારસમણિ એ માહિતીનો અધિકાર છે.

## (8) માહિતીના અધિકારો/વ્યવહારીક ઉપયોગ

માહિતી મેળવવાના અધિકાર સંબંધી અગત્યના કેસો અને ચુકાદાઓ.

(1) એક ભાઈએ આ કાયદા હેઠળ માહિતી માગેલ કે, આર્ટસ્ / કોમર્સ ફેકલ્ટીમાં ગઈ માર્ચ/એપ્રિલ પરીક્ષામાં કેટલા કોપી કેસો નોંધાયેલાં ? ચોરી કઈ પધ્ધતિથી કરવામાં આવેલી ? શું વિદ્યાર્થીઓ એક બીજા સાથે વાતો કરીને ચોરી કરતા હતાં ? કે પોતાના કપડાં ઉપર લખાણ લખેલા ? કે પરીક્ષા કેન્દ્રમાં પુસ્તકો છૂપાવીને લાવેલાં ? ભાવનગર યુનિવર્સિટીના (પી.આઈ.ઓ.) જાહેર માહિતી અધિકારીએ કલમ 8 (1) (ડી) હેઠળ એ કારણસર માહિતી આપવાનો ઈન્કાર કરેલ કે જો માગવામાં આવેલ માહિતી વ્યાપારી વિશ્વાસ, ધંધાકીય રહસ્ય અને બૌધ્ધિક સંપત્તિ સંબંધિત હોય અને જે જાહેર કરવાથી ત્રીજી વ્યક્તિ (થર્ડ પાર્ટી)ની સ્પર્ધાત્મક સ્થિતિને નુકસાન પહોંચતું હોય તો આવી માહિતી જાહેર થઈ શકે નહીં. આવા વિચિત્ર જવાબથી નારાજ થઈને આ ભાઈએ ગુજરાત ઈન્ફર્મેશન કમિશનને ફરિયાદ કરી. ગુજરાત રાજ્યના ચીફ ઈન્ફર્મેશન કમિશ્નર આર.એન. દાસનું કહેવું છે કે આવી માહિતી આપવાથી ઉલ્ટાની ચોરી રોકવા માટેની યોજના ઘડી કાઢવા માટે ઉપયોગી નીવડી શકે.

(2) મોબાઈલ ફોન કંપનીના ખોટા બીલો બાબતે રાઈટ ટુ ઈન્ફર્મેશન હેઠળ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ) પાસેથી માહિતી માગવામાં આવેલ કે મોબાઈલ સેવા પૂરી પાડતી કંપની તેની મરજી મુજબની રકમના ચાર્જ ગ્રાહકની લેખિત સંમતિ વગર લગાવી શકે ? ટ્રાઈના માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડેલ છે કે, તા. 3 મે 2006 તારીખની ટ્રાઈની સૂચના મુજબ કોઈપણ મોબાઈલ સેવા પૂરી પાડતી કંપની ગ્રાહકની સ્પષ્ટ સૂચના વગર વધારાનો ચાર્જ લઈને સેવા પૂરી પાડતી સ્કીમોમાં જોડી શકે નહીં. આ ઉપરાંત જો સેવાઓ શરૂમાં ફ્રી આપવામાં આવતી હોય તેવી સેવાઓ માટે ગ્રાહકની સ્પષ્ટ સંમતિ વગર વધારાનો ચાર્જ લઈ શકાશે નહીં આ માહિતીથી મોબાઈલ ફોન સેવાના ગ્રાહકને ઘણો લાભ થઈ શકશે.

(3) **વાર્ષિક ગુપ્ત રિપોર્ટ (એન્યુઅલ કોન્ફિડેન્શિયલ રિપોર્ટ) :** ગુજરાત રાજ્યના આઈ.એ.એસ. અધિકારીએ તેમની સેવા અંગેના ઉચ્ચ અધિકારીઓના વાર્ષિક રિપોર્ટની નોંધ અંગેની માહિતી

માગેલ. પરંતુ આવી માહિતી એ કારણસર આપવાનો ઈન્કાર કરવામાં આવેલ કે આ માટેનો સરકયુલર છે. ગુજરાત રાજયના ચીફ ઈન્ફર્મેશન કમિશ્નરશ્રી આર.એન. દાસે આની વિરુધ્ધમાં નિર્ણય આપેલ છે કે સરકયુલર માહિતી મેળવવાનો અધિકારનો કાયદો અમલમાં આવ્યો પછી બંધનકર્તા નથી. આ રીતે દરેક કર્મચારીને આ કાયદાથી ફાયદો થયો છે કે તેની સેવા અંગેના વાર્ષિક રિપોર્ટની માહિતી મેળવી શકશે.

**(4) નોકરી મેળવવામાં ઉપયોગી :** આ કાયદાના ઉપયોગથી બેરોજગાર યુવાનોને નોકરી મળી શકે તેવા પરિણામો પણ જોવા મળ્યા છે. રાજકોટ અને મોરબીની કોર્ટ માટે (એપીપી) આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટરની જગ્યાઓ માટે ઈન્ટરવ્યુ લેવાયા બાદ પસંદગી પામેલ ઉમેદવારોને દોઢ વર્ષ સુધી નિમણૂંક પત્ર ન મળવાંથી અંતે રાજકોટની જિલ્લા અદાલતના સિનિયર વકીલ તરફથી લીગલ ડિપાર્ટમેન્ટમાં માહિતી મેળવવાની અરજી કરી અને બે મહિનામાં પસંદગી પામેલ ઉમેદવારોને નિમણૂંક મળી.

**(5) નિર્દોષ વ્યક્તિને મુક્તિદાયક :** માહિતીના અધિકાર દ્વારા નિર્દોષ વ્યક્તિ તેની નિર્દોષતા પૂરવાર કરી શકે છે. તેનો ઉત્તમ દાખલો છે, અમદાવાદના પંજાબ નેશનલ બેન્ક, ઓઢવ બ્રાન્ચના સિનિયર મેનેજર શ્રી મનહર શાહનો હાઉસિંગ લોનના ફ્રોડ, કપટ અંગેના ગુનામાં તેમને જામીન મંજૂર ન થવાને કારણે અન્ડર ટ્રાયલ તરીકે અઢી વર્ષ સુધી સાબરમતી જેલમાં રહેવું પડેલ. પંજાબ નેશનલ બેન્ક દ્વારા દસ્તાવેજી પુરાવા સી.આઈ.ડી. ક્રાઈમ ગુજરાતને રજૂ કરવામાં આવ્યા ન હતા. શ્રી મનહર શાહે અમદાવાદના ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં સાત દિવસની જામીન માટેની અરજી કરી હતી, જે ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સાહેબે નામંજૂર કરી હતી. શ્રી મનહર શાહના દીકરા દર્શન શાહના જણાવ્યા પ્રમાણે તેમના પિતાએ કેસને લગતા કેટલાંક દસ્તાવેજી પુરાવા કે જે તેમને કેસમાં મદદરૂપ થાય તે પંજાબ નેશનલ બેંક પાસેથી મેળવવાની વિનંતી સેક્શન 2(જે) મુજબ કરી હતી. જે બેંક દ્વારા તેમને આપવામાં આવ્યા ન હતા. ત્યારબાદ શ્રી મનહર શાહે માહિતીના અધિકાર હેઠળ કેટલાંક દસ્તાવેજી પુરાવા મેળવવાની વિનંતી કરી હતી, જે તેમને મળતાં જાણવા મળ્યું હતું કે શ્રી શાહનો કોઈપણ જાતનો દ્વેષપૂર્ણ ઈરાદો હતો જ નહીં અને કપટ બીજી વ્યક્તિએ કર્યું છે. સેશન્સ કોર્ટ અને હાઈકોર્ટમાંથી પણ તેમની જામીન અરજી નામંજૂર થઈ. અંતે રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ હેઠળ શિસ્ત કમિટીનો પત્ર, જેમાં જણાવેલ કે શ્રી શાહનો કોઈપણ જાતનો દ્વેષપૂર્ણ ઈરાદો છે જ નહીં અને કપટ કોઈ બીજી વ્યક્તિએ કર્યું છે, આથી જામીન મંજૂર થઈ શકશે અને નિર્દોષ પણ છૂટી શકશે.

**(6) સર્વોચ્ચ અદાલત અને અન્ય સંસ્થાઓ મુક્તિ માગે છે :**

માહિતીનો અધિકાર એ નાગરિકના હાથનું અમોઘ શસ્ત્ર છે. પરંતુ ઘણી સંસ્થાઓએ માહિતીના અધિકારની હકૂમતમાંથી મુક્તિની માગણી કરેલ છે, જેમાં સુપ્રીમ કોર્ટ, યુનિયન પબ્લિક સર્વિસ, સી.બી.આઈ., દિલ્હી મેટ્રો, બધી સંસ્થાઓ તેમની મુક્તિ માટેના અલગ અલગ કારણો આપે છે. સર્વોચ્ચ અદાલત એવું કારણ જણાવે છે કે રાઈટ ટુ ઈન્ફર્મેશન ન્યાયિક સ્વતંત્રતામાં દખલ પેદા કરી શકશે. માનવ અધિકારોના ભંગ જાહેર ન થાય અને સજા ન પામે તેવી મુક્તિઓ, અપવાદો આ કાયદા હેઠળ આપવામાં આવેલાં છે તેમાં વધારો કરવાથી નાગરિકોને જે ફાયદો આ કાયદાથી એક હાથે આપવામાં આવેલ છે તે બીજા હાથેથી પરત લઈ લેવા સમાન ગણાશે.

**(7) પીએચ.ડી. ડીગ્રી અને માહિતીનો અધિકાર :**

ગુજરાત યુનિવર્સિટીમાં પીએચ.ડી. ડીગ્રી માટે અભ્યાસ કરનાર વિદ્યાર્થીએ યુનિવર્સિટી પાસેથી માહિતી માગેલ છે કે, પોતાના ગાઈડ માટે ટિકિટ બુકિંગ કરાવવી, ગાઈડના સ્કૂટરના ટાયર રીપેર કરાવવા, બેંકમાં ચેક જમા કરાવવા તેના રીસર્ચ ટોપીકનો ભાગ ગણાશે ?

જીગર પટેલ નામનો ગુજરાત યુનિવર્સિટીના કેમેસ્ટ્રી વિભાગનો વિદ્યાર્થી આ પ્રકારની

હેરાનગતિનો ભોગ બનેલો છે. તેમના ગાઈડ દ્વારા તેમને જણાવવામાં આવ્યું હતું કે બિનશૈક્ષણિક કાર્ય દર્શાવતી એક લોગશીટ તૈયાર કરવી અને આ લોગશીટમાં તેમણે (વિદ્યાર્થીએ) હસ્તાક્ષર પણ કરવા. એક વર્ષની આવા પ્રકારની કામગીરીથી હતાશ થઈ ગયેલા જીગર પટેલ દ્વારા માહિતીના અધિકાર હેઠળ અરજી કરવામાં આવી હતી. પટેલે તેમની અરજીમાં જણાવેલ છે કે તેના ગાઈડ દ્વારા તેને વિચિત્ર પ્રકારના કામો સોંપાતા જેવાં કે ગાઈડના સ્કૂટરનું ટાયર પંચર થયું હોય તો તે રીપેર કરાવવું અને ચેક જમા કરાવવા માટેની કામગીરી.

જીગર પટેલે માહિતીના અધિકાર હેઠળ અરજી દાખલ કરીને યુનિવર્સિટી પાસેથી માહિતી માગી છે કે લેબોરેટરીમાં ઝાડું મારવું, ઈલેક્ટ્રીકલ સાધનો રીપેર કરવા, પોતાના ગાઈડ માટે ટિકિટ બુક કરાવવી, તે રીસર્ચના ટોપીક 'Calix Pyroles and its application'નો ભાગ ગણાશે ? આ હકીકતના પુરાવારૂપે જીગર પટેલ દ્વારા પોતાના દ્વારા હસ્તાક્ષર કરેલી લોગબુકની કોપી અરજી સાથે રજૂ કરવામાં આવી હતી.

આ રીતે ગાઈડ દ્વારા વિદ્યાર્થીઓને થતી હેરાનગતિનો ઈલાજ માહિતીના અધિકાર દ્વારા થઈ શકશે.

**(8) હાઉસિંગ સોસાયટી - સ્વૈચ્છિક/સામાજિક સંસ્થાઓ (એન.જી.ઓ.) :**

કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી જાહેર સત્તા મંડળ છે અને સભ્યને જાણવાનો અધિકાર છે કે મેન્ટેનન્સના નાણાં તથા સોસાયટીના અન્ય ફંડો કેવી રીતે વાપરવામાં આવે છે. તે જ રીતે (એન.જી.ઓ.) સ્વૈચ્છિક સંસ્થાઓને મળેલ ફંડ કેવી રીતે વાપરેલ છે તેની માહિતી આ કાયદા હેઠળ પૂરી પાડવાની જવાબદારી ઊભી થાય છે.

**(9) નાનુભાઈએ પોતાનું રેશનકાર્ડ મેળવ્યું :**

નાનુભાઈ એ દિલ્હીની મજદૂર કોલોનીમાં રહે છે. આ કેસની વિગત એવી છે કે નાનુભાઈનું રેશનકાર્ડ ખોવાઈ ગયું હતું અને તેમણે ડુપ્લીકેટ રેશનકાર્ડ માટે અરજી કરી હતી. તેમણે ત્રણ મહિના સુધી લોકલ ફૂડ એન્ડ સિવિલ સપ્લાય ઓફિસમાં ધક્કા ખાધા હતા છતાં ઓફિસના ક્લાર્ક અને બીજા કર્મચારીઓ પાસેથી તેમને કોઈ જવાબ મળ્યો ન હતો.

ત્યારબાદ નાનુભાઈએ માહિતીના અધિકાર હેઠળ અરજી કરવાનું નક્કી કર્યું અને તેઓએ માહિતીના અધિકાર હેઠળ અરજી કરી પોતે જે અરજી ડુપ્લીકેટ રેશન કાર્ડ માટે કરી હતી તે કયા તબક્કે છે, તેમજ જે કર્મચારી આ અરજીનું કાર્યભાર સંભાળે છે તેનું નામ તેમજ તેના વિરુદ્ધ કયા પગલાં લઈ શકાય તેની માહિતી માગી હતી.

માહિતીના અધિકાર હેઠળ અરજી કર્યાના એક અઠવાડિયાની અંદર ફૂડ ડિપાર્ટમેન્ટના ઈન્સ્પેક્ટર દ્વારા તેમને જણાવવામાં આવ્યું હતું કે તેમનું રેશનકાર્ડ તૈયાર થઈ ગયું છે અને જે તેઓ ઓફિસેથી મેળવી શકે છે.

**(10) પોલીસ જો પોતાની ફરજ બજાવવામાં ચૂકી જાય તો માહિતીના અધિકાર હેઠળ પોલીસ વિરુદ્ધ પણ અરજી કરી શકાય છે :**

આ કેસની હકીકત એ છે કે જયમાલા શર્મા જેઓ દિલ્હીના રહેવાસી છે, તેમનો મોબાઈલ ખોવાઈ ગયો હતો. આ કારણસર તેઓ એફ.આઈ.આર. નોંધાવવા પોલીસ સ્ટેશન ગયેલા પણ પોલીસે એફ.આઈ.આર. નોંધેલ નહીં. ઈન્સ્યોરન્સ કંપની પાસેથી તેમને નુકસાનના ભાગરૂપે વળતર મળી શકે તેમ હતું, પરંતુ પોલીસ દ્વારા એફ.આઈ.આર. ના નોંધાતા તેઓ વળતર માટેનો ક્લેઈમ ફાળવેલા સમયગાળામાં કરી શક્યા ન હતા.

ત્યાર બાદ જયમાલા શર્મા દ્વારા માહિતીના અધિકાર હેઠળ અરજી કરવામાં આવી હતી અને આ અરજી કર્યાના બે દિવસની અંદર બે પોલીસવાળા એફ.આઈ.આર.ની નકલ સાથે તેમના ઘરે આવ્યા હતા, પરંતુ તેમણે એફ.આઈ.આર.ની નકલનો સ્વીકાર કર્યો ન હતો. કારણ કે

વળતર માટે ક્લેઈમ કરવાનો સમયગાળો પૂરો થઈ ગયો હતો. આ કારણસર ડી.સી.પી. દ્વારા જયમાલા શર્માને તેમની ઓફિસે બોલાવવામાં આવ્યા હતા અને ડી.સી.પી. સાહેબે તેમની માફી માગી હતી અને ડી.સી.પી. સાહેબે તેમને નુકસાનનું વળતર ચૂકવવાની પણ ખાતરી આપી હતી.

ત્યાર બાદ થોડા સમય પછી સબ ઈન્સ્પેક્ટર દ્વારા જયમાલા શર્માને તેમના ઘરે આવીને વળતરના ભાગરૂપે મોબાઈલ આપ્યો હતો.

**(11) પાસપોર્ટ ઈસ્યુ :**

રાજેશ શર્માના માતા-પિતા, જેઓ દિલ્હીના રહેવાસી છે તેઓ દ્વારા જર્મની જવા માટે પાસપોર્ટ મેળવવાની અરજી કરવામાં આવી હતી. અરજી કર્યાના અઢી મહિના સુધી તેમને તેમનો પાસપોર્ટ ઈસ્યુ કરવામાં આવ્યો ન હતો. આ કારણસર તેમણે માહિતીના અધિકાર હેઠળ અરજી કરવાનો નિર્ણય લીધો અને તેમણે માહિતીના અધિકાર હેઠળ અરજી કરી.

માહિતીના અધિકાર હેઠળ અરજી કર્યા બાદ પાસપોર્ટ ઓફિસર દ્વારા તેમને ખાતરી આપવામાં આવી કે 10 દિવસની અંદર તેઓ કાર્યવાહી કરશે અને પછીના 10 દિવસની અંદર તેમને તેમનો પાસપોર્ટ મળી ગયો હતો.

## 9. માહિતી માગવા માટેની અરજીનો નમૂનો

આઈ.ડી.નં.

(કચેરીના ઉપયોગ માટે)

પ્રતિ, સરકારી માહિતી અધિકારીશ્રી,

(વિભાગ, કચેરી)

(1) અરજદારનું નામ :

(2) સરનામું :

(3) માહિતીની વિગતો

સંબંધિત વિભાગ :

માગેલી માહિતીની વિગતો :

(1) માગેલી માહિતીનું વિવરણ

(2) માગેલી માહિતીનો સમયગાળો

(3) અન્ય વિગતો

(4) હું જણાવું છું કે, માગવામાં આવેલી માહિતી અધિનિયમની કલમ-6માં મૂકવામાં આવેલાં પ્રતિબંધો હેઠળની નથી અને મારી સંપૂર્ણ જાણકારી મુજબ તે આપની કચેરીને લગતી છે.

(5) સક્ષમ અધિકારીની કચેરીમાં તા. .......... ના નં. ......થી રૂા. ..........ની ફી જમા કરાવી છે.

સ્થળ :

તારીખ :

અરજદારની સહી

ઈ-મેઈલ સરનામું, જો હોય તો,

ટે. નં. (કચેરી)

ઘર ...........

નોંધ :

(1) નમૂનો 'ક' ભરવામાં સરકારી માહિતી અધિકારી યોગ્ય મદદ કરી શકે.

(2) ફોર્મ 'ક' તમામ બાબતે પૂરેપૂરું ભરવું અને જરૂરી માહિતીની વિગતો પૂરી પાડવામાં કોઈ સંદિગ્ધતા ન રહે તે સુનિશ્ચિત કરવું.

## 10. અરજદારને માહિતી પૂરી પાડવાનો નમૂનો

પ્રેષક : તારીખ : ................

નં.

પ્રતિ,

શ્રી/શ્રીમતી,

નીચે સહી કરનારને ઉદ્દેશીને કરવામાં આવેલી ............ અંગેની માહિતી પૂરી પાડવા માટે તા. ..........ની આપની અરજી, આઈ.ડી. નં. ....... જોઈ જવા વિનંતી છે.

(2) માગવામાં આવેલી માહિતી, સંદર્ભ માટે આ સાથે બીડવામાં આવી છે. (લાગુ પડતું ન હોય તો છેકી નાંખો)

નીચેની અંશતઃ માહિતી આ સાથે બીડવામાં આવી છે.

(1)

(2)

અન્ય પાસાઓ અંગેની બાકીની માહિતી, નીચેનાં કારણોસર પૂરી પાડી શકાય તેમ નથી.

(1)

(2)

(3)

(3) માગવામાં આવેલી માહિતી, સક્ષમ સત્તામંડળના અધિકારક્ષેત્રમાં આવતી નથી. (લાગુ પડતું ન હોય તો છેકી નાંખો)

(4) માહિતી અધિકાર અધિનિયમ 2005ની કલમ 12 (1) અન્વયે આપ આ હુકમ થયાના 30 દિવસમાં અપીલ સત્તાધિકારીને અરજી કરી શકો છો.

આપનો વિશ્વાસુ,

સરકારી માહિતી અધિકારી

ઈ-મેઈલ સરનામું :

## (11) જરૂરી માંગેલી માહિતીના ચાર્જ બાબતની જાણનો નમૂનો

જરૂરી માંગેલી માહિતી અંગે અને / અથવા દસ્તાવેજો માટેની ફી અને ચાર્જ જમા કરવા કરાવવાની અરજદારને જાણ કરવા બાબત.

પ્રતિ,

........................... (અરજદારનું નામ)

........................... (સરનામું)

.......................... (ગામ/શહેર)

શ્રીમાન,

માહિતીનો અધિકાર અધિનિયમની કલમ- 6(2) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો,

2010ના નિયમ-3(1) હેઠળ આપની..... વિષય અંગેની તારીખઃ ..................ની અરજી ......................ના રોજ (તારીખ જણાવવી) મળી છે. આ સંબંધમાં મારે જણાવવાનું કે આપે માંગેલી જરૂરી માહિતી અને દસ્તાવેજો માટે નીચે જણાવેલી વિગતો અનુસાર રૂા. ............ (શબ્દોમાં રૂપિયા ............................... પૂરા) જમા કરાવવાનું આપને ફરમાવવામાં આવે છે.

(1) પાનાની કુલ સંખ્યા (A3 અથવા A4 સાઈઝ ................. x

પાનાદીઠ રૂા. 2/- રૂા. ............

(2) મોટી સાઈઝના (A3 અથવા A4 સાઈઝ સિવાયના) પાનાની કુલ સંખ્યા

રૂા. .......(ખરેખર ખર્ચની રકમ)

(3) ફ્લૉપી / ડિસ્ક ચાર્જ .............. x નંગ દીઠ રૂા. 50/-

રૂા. ............

(4) રેકર્ડની તપાસણી માટેનો ચાર્જ ................

રૂા. ............

(5) નમૂના / મોડેલ / ફોટોગ્રાફ માટેનો ચાર્જ

રૂા. ............

(6) અન્ય

રૂા. ............

કુલ રૂપિયા :-

2. ઉપરોકત રકમની ગણતરી ફેરફારને અધીન રહેશે. ખરેખર માહિતી આપવાના સમયે જો કોઈ ફેરફાર હોય તો, તે આપને બંધનકર્તા રહેશે.

(12) અરજદારને માહિતી આપવા તેનો અસ્વીકાર કરવા બાબત.

મોકલનારઃ

ક્રમાંક ......................

જાહેર માહિતી અધિકારી,

............................

(જાહેર સત્તામંડળ / વિભાગ / કચેરીનું નામ :

સરનામું : ....................

તારીખ : ..................

પ્રતિ,

શ્રી / શ્રીમતી / કુમારી .................

સરનામું : ......................

શ્રીમાન,

માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 હેઠળ માહિતી / દસ્તાવેજો આપવા માટેની વિનંતી કરતી તારીખ : ............ની આપની અરજીના અનુસંધાનમાં.

★2. તમારી ઉપરની અરજીમાં તમે માંગેલ જરૂરી માહિતી /દસ્તાવેજો આ સાથે બીડેલ છે.

★3. જે જરૂરી માહિતી / દસ્તાજેવોં માંગેલ છે તેમાંથી આંશિક માહિતી / દસ્તાવેજો નીચે પ્રમાણે આપવામાં આવે છે :-

(1)

(2)

(3)

(4)

★4. નીચેની માહિતી / દસ્તાવેજો અધિનિયમની નીચેની કલમની જોગવાઈઓ હેઠળ આપી શકાય તેમ નથી.

| માંગેલી માહિતી | અસ્વીકાર કરવા માટે લાગુ પડતી કલમ/પેટા કલમ |
|---|---|
| 1. | |
| 2. | |
| 3. | |

5. આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, નિર્ણય મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર આપ ................ (અહીં અપીલ સત્તાધિકારીનું નામ / હોદ્દો / કચેરીનું સરનામું / ટેલિફોન નિર્દિષ્ટ

આપનો વિશ્વાસુ

(...................)

જાહેર માહિતી અધિકારી

જાહેર સત્તામંડળ / વિભાગ / કચેરીનું નામ

ટેલિફોન નંબર :-

★ લાગુ પડતું ન હોય તે છેકી નાંખવું.

## (13) સારાંશ : (Let us sum up)

- ભારતીય સમાજમાં માનવ અધિકારોની સંપૂર્ણ સ્થાપના અને પાલન માટે, માહિતી મેળવવાના અધિકારનો કાયદો પાયાની ભૂમિકા ભજવી શકે તેમ છે. સમાજના દરેક સ્તરના લોકોમાં આ કાયદાનો પ્રચાર અને પ્રસાર જેટલી હદે વધારવામાં આવશે તેટલી હદે સરળ ઉપાયો દ્વારા નાગરિકોને માનવ અધિકારો મેળવવામાં સફળતા મળતી રહેશે.
- સરકારી અધિકારીઓ જાહેર દસ્તાવેજો જાહેર કરી શકાય નહીં તેવા ઓફિસીયલ સિક્રેટ એક્ટ 1923ના બહાના હેઠળ માહિતીના અધિકારના કાયદાના અમલ પહેલાં નાગરિકોને કોઈપણ માહિતી આપતાં નહીં અને તેને લીધેલ માનવ અધિકારોનો સતત ભંગ થતો રહેતો.
- ભારતીય બંધારણ દ્વારા ભારતમાં પ્રજાતંત્રીય લોકશાહીની સ્થાપના કરવામાં આવી છે. લોકશાહી માટે માહિતગાર નાગરિકો તેમજ માહિતીની પારદર્શકના કુશળ વહીવટ માટે આવશ્યક છે.ભ્રષ્ટાચાર નિયંત્રણમાં રાખવા તેમજ સરકાર તથા તેના સત્તા મંડળોને લોકો પ્રત્યે જવાબદાર ઠરાવવા માટે લોકો પાસે તે અંગેની પૂરતી માહિતી હોવી જરૂરી છે.
- માહિતી પ્રગટ કરવાને કારણે ઘણાં જાહેર હિતો, જેવાં કે સરકારની કાર્યક્ષમ યોજનાઓ, મર્યાદિત સંસાધનોનો મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનીયતાની બાબતોમાં લોકશાહીના પાયાના આદર્શો જાળવી રાખવા પણ જરૂરી છે અને જે નાગરિકો અમુક મહિતીઓ મેળવવા ઈચ્છતા હોય તે તાત્કાલિક માહિતી આપવી પણ એટલી જ અગત્યની છે.
- આવા ઉમદા હેતુઓ પાર પાડવા માહિતી મેળવવાના અધિકારનો કાયદો, 2005 ભારતની સંસદે પસાર કરેલો છે.

- આ કાયદાનો મુખ્ય હેતુ અને ધ્યેય ભારતના નાગરિકોને જાહેર સત્તા મંડળોના નિયંત્રણ હેઠળની માહિતી મેળવવાના ઉપાયો સહેલાઈથી મળી શકે, તેમજ જાહેર સત્તામંડળ તેના કાર્યમાં જવાબદાર તેમજ પારદર્શક બને તેમજ કેન્દ્રિય તથા રાજ્ય માહિતી આયોગની રચના કરવા માટેનો પણ છે.

**(14) એકમ સ્વાધ્યાય : (Unit exercises)**

(1) માહિતીનો અર્થ જણાવો.

(2) માહિતી અધિકારનો અર્થ જણાવો.

(3) માહિતી અધિકારનો કાયદો- મુખ્ય લક્ષણો જણાવો.

(4) માહિતી અધિકારનું મહત્ત્વ જણાવો.

(5) માહિતી અધિકારના આંતરરાષ્ટ્રીય ધોરણો જણાવો.

(6) માહિતીના અધિકારો- વ્યવહારિક ઉપયોગ જણાવો.

(7) માહિતી માગવા માટેનો અરજીનો નમૂનો તૈયાર કરો.

**(15) તમારી પ્રગતિ ચકાસો :-**

(1) માહિતીનો અર્થ જણાવો.

(2) માહિતી અધિકારનો અર્થ જણાવો.

(3) માહિતી અધિકારનું (કોઈપણ ત્રણ) મહત્ત્વ જણાવો.

(4) માહિતી અધિકારના (કોઈપણ ત્રણ) લક્ષણો જણાવો.

(5) માહિતી અધિકારના ત્રણ આંતરરાષ્ટ્રીય ધોરણો જણાવો.

**(16) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Anser to check your progress)**

**(1) માહિતીનો અર્થ :**

- માહિતી એટલે દફ્તર, દસ્તાવેજો, મેમો, ઈમેલ, અભિપ્રાયો, સલાહ, અખબાર યાદી, પરિપત્રો, હુકમ, લોગ બુક, કરાર, અહેવાલ, કાગળ, નમૂનાઓ, રચનાઓ, કોઈપણ ઈલેક્ટ્રોનિક રીતે રાખવામાં આવેલ સામગ્રી અને પ્રવર્તમાન કાયદા હેઠળ જાહેર સત્તામંડળ દ્વારા ઉપયોગમાં લઈ શકાય તેવા કોઈપણ ખાનગી તંત્રને લગતી માહિતી સહિત કોઈપણ પ્રકારની સામગ્રી

**(2) માહિતી અધિકારનો અર્થ :**

- જુદાં જુદાં વિભાગો તરફથી માહિતી મેળવવાનો અધિકાર પ્રાપ્ત થાય તો તેને માહિતી અધિકાર કહેવામાં આવે છે.

**(3) માહિતી અધિકારનું ત્રણ મહત્ત્વ**

1. પારદર્શકતાનો ખ્યાલ મેળવવા.
2. કાર્યથી સંતોષ મેળવવા.
3. યોગ્ય ન્યાય મેળવવા.

**(4) માહિતી અધિકારના (ત્રણ બાબત) લક્ષણો**

1. કાયદાથી ભ્રષ્ટાચાર ડાળવાનો અને લોકશાહી વધુ સુદૃઢ બનાવવાનો હેતુ રાખવામાં આવેલ છે.
2. નિયમ ફી ચૂકવવાથી સરકાર અને સત્તામંડળ પાસેથી માહિતી મેળવવાનો અધિકાર છે.

3. આ કાયદો જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય લાગુ પડે છે.

**(5) માહિતી અધિકારના આંતરરાષ્ટ્રીય (ત્રણ) ધોરણો :**

1. મહત્તમ પ્રગટીકરણ

2. પ્રકાશનની જવાબદારી

3. સરળ અને ઝડપી માહિતી મેળવવાની કાર્યપધ્ધતિ

**(17) સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)**


(1) કારીઆ એ.એન. : માહિતી અધિકાર ધારો, 2005 સી. જમનાદાસની કંપની, અમદાવાદ

(2) ગુજરાત સરકાર : માહિતીનો અધિકાર અધિનિયમ :- 2005, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

એકમ 10

# સ્ત્રી અને માનવ અધિકારો (Women And Human Rights)

**: રૂપરેખા :**

1. પ્રસ્તાવના
2. માનવ અધિકારોના ખ્યાલ અને વિકાસ
3. માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ
4. સ્ત્રીઓના માનવ અધિકારો
5. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ
6. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યો
7. રાષ્ટ્રીય મહિલા પંચ ધારો
8. રાષ્ટ્રીય મહિલા પંચ
9. રાષ્ટ્રીય મહિલા પંચના કાર્યો
10. વિશાખા વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન
11. સ્ત્રીઓ પ્રત્યેના સર્વ પ્રકારના ભેદભાવ નાબૂદી સંધિ
12. સ્ત્રીઓના માનવ અધિકારની જરૂરિયાત
13. સારાંશ
14. એકમ સ્વાધ્યાય
15. તમારી પ્રગતિ ચકાસો
16. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
17. સુચિત વાંચન સામગ્રી

- **ઉદ્દેશો : (Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે.......

(1) માનવ અધિકારોનો ખ્યાલ અને વિકાસ સમજી શકશો.

(2) માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ સમજી શકશો.

(3) સ્ત્રીઓના માનવ અધિકારો સમજી શકશો.

(4) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ અને તેના કાર્યો સમજી શકશો.

(5) રાષ્ટ્રીય મહિલા પંચ ધારો સમજી શકશો.

(6) રાષ્ટ્રીય મહિલા પંચ સમજી શકશો.

(7) રાષ્ટ્રીય મહિલા પંચનાં કાર્યો સમજી શકશો.

1993માં વિયેનામાં માનવ અધિકારોની વિશ્વ પરિષદ યોજાઈ હતી. આ પરિષદમાં જાતિ આધારે ભેદભાવ દૂર કરવાનો ઠરાવ પસાર કરાયો. બે વર્ષ અગાઉ ચીનમાં પણ વિશ્વ મહિલા પરિષદ યોજાઈ હતી તેમાં પણ સ્ત્રીઓને સમાન દરજ્જો મળવાં બાબતના કેટલાંક ઠરાવો પસાર કરાયા હતા. આમ આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ જોવા જઈએ તો સ્ત્રીઓના અધિકારો, માનવ અધિકારો છે.

આપણા બંધારણ મુજબ સમાનતાનો અધિકાર સ્વીકારાયો છે અને તેથી દરેક માનવને મળતાં બંધારણીય માનવ અધિકારો દરેક સ્ત્રીને પણ મળે તે સ્વાભાવિક છે. બંધારણનો સિદ્ધાંત પ્રાપ્ત કરવા

માટે કેટલાંક કાયદાઓ પણ ભારતીય સંસદે પસાર કર્યા છે. સ્ત્રીઓને કેટલીક છૂટછાટો પણ કાયદામાં આપવામાં આવી છે.

સમાનતાની બંધારણીય જોગવાઈ હોવા છતાં, સ્ત્રીઓની બાબતમાં ઘણા બધા માનવ અધિકારોનો ભંગ થઈ રહ્યો છે. ભારતીય સમાજમાં બાળકીનો જન્મ અપ્રિય ઘટના છે. પુત્ર અને પુત્રીના ઉછેરમાં શરૂઆતથી જ ભેદભાવ રાખવામાં આવે છે. પુરુષ જાણે કે ચડિયાતો અને સ્ત્રી જાણે કે ઉતરતી કોટિની હોય તેવો વ્યવહાર આપણા સમાજમાં સર્વત્ર કરાઈ રહ્યો છે. સ્ત્રઓનું માનસ પણ એ રીતે ઘડવામાં આવે છે કે સ્ત્રીઓ પણ આ પરિસ્થિતિને સાહજીક રીતે સ્વીકારે. બાળકીના જન્મ અને ઉછેરથી જ દાખવવામાં આ ભેદભાવ સમગ્ર સમાજની સમતુલા હલબલાવી નાખે છે અને આ જ કારણથી સ્ત્રીઓની તરફેણમાં થયેલાં ખાસ કાયદાઓનો લાભ સ્ત્રીઓને મળતોં નથી. કારણ કે નિયમ એ છે કે માત્ર કાયદાઓ ઘડવાથી સમાજનું સ્તર ઊંચું આવતું નથી. તે માટે સામાજિક વાતાવરણ જાગૃત થવું જોઈએ. સ્ત્રીઓનો ઉછેર જે તેના વાતાવરણમાં કરવામાં આવે કે તેમનું વ્યક્તિત્વ દબાયેલું રહે, સામાજિક રીતે આગળ આવવાની કોઈ તક તેમને પ્રાપ્ત ના થાય, અને તેમનું સમગ્ર જીવન ગૃહ કાર્યમાં જ પસાર થાય. આ પરિસ્થિતિમાં જે કંઈ સુધારો દેખાય છે, અને સ્ત્રીઓ બહાર હરતીફરતી અને નોકરી કરતી કે પ્રવૃત્તિ કરતી દેખાય છે, તે ફેરફાર પણ બાહ્ય અને ઉપરછલ્લો છે. આ ફેરફાર સ્વયંભૂ કે આંતરિક નથી.

ભારતમાં સ્ત્રીઓના માનવ અધિકારોનો ભંગ, લગ્ન, લગ્નવિચ્છેદ, દત્તક વિધાન અને વારસા અધિકારની બાબતમાં મોટા પાયે થઈ રહ્યો છે. એટલે કે આ બાબતમાં પુરુષોને કાયદાથી જે અધિકારો અપાયા છે તેના કરતાં સ્ત્રીઓના અધિકારો ઓછા અને મર્યાદિત છે. કારણ કે આ કાયદાઓ પ્રણાલિકાઓ અને ધાર્મિક પરંપરાઓ ઉપર આધારિત છે. હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, આ દરેક કોમ માટે જુદાં જુદાં અંગત કાયદાઓ પ્રવર્તી રહ્યાં છે. દા.ત. હિન્દુ સંયુક્ત કુટુંબની મિલકતમાં સ્ત્રીઓને પુરુષો જેટલા સમાન અધિકારો નથી. તે જ રીતે, સ્ત્રીઓ હિન્દુ સમાંશિત સમૂહ (Hindu coparcenary) માં પુરુષોની જેમ મિલકતમા ંહક્ક ધરાવી શકતી નથી અને તેતી વડીલો પાર્જિત મિલકતમાં સ્ત્રીઓ પુરુષોની જેમ વિભાજન માંગી શકતી નથી. માનવ અધિકારનો ભંગ થવાથી સાથે સ્ત્રીઓને આ બાબતમાં ભયંકર અન્યાય કરાઈ રહ્યો છે.

આપણા દેશમાં બાળકીઓને કુટુંબમાં અને કામ કરતી સ્ત્રીઓને કામના સ્થળે જાતીય સતામણી થાય છે, માનવ અધિકારનો ભંગ થઈ રહ્યો છે. આવા બનાવ પોલીસ દફતરે નોંધાતા હોતાં નથી. ભારતીય ફોજદારી ધારાની કલમ 509 સ્ત્રીને હેરાન કરવાને સજા કરવાની જોગવાઈ છે. આ બાબતમાં અત્યાર સુધીમાં એક જ કેસ જાણીતો બન્યો છે. ભારતીય સનદી સેવાના એક અધિકારી શ્રીમતી રૂપાન બજાજે પંજાબના પોલી વડા શ્રી કે.પી. એસ.ગીલ સામે જાતીય સતામણી બાબત ફરિયાદ કરી. પંજાબ હાઈકોર્ટે ગીલને સજા ફરમાવેલ. ભારતના કેટલાંક ભાગોમાં જાતીય સતામણી એટલી હદે છે કે 15 કે 16 વર્ષની બાળાઓને દેવદાસી તરીકે મંદિરોમાં અર્પિત કરવામાં આવે છે અને તેમનું જાતીય શોષણ થાય છે. આવી મોટા ભાગની સ્ત્રીઓ વેશ્યાઓ તરીકે પાછળથી કામ કરે છે. દિલ્હી, મુંબઈ,નાગપુર, મદ્રાસ, અમદાવાદ, વડોદરા, સુરત એવા શહેરોમાં શાળા-કૉલેજે ચાલીને કે બસમાં જતી છોકરીઓની થતી જાતીય છેડછાડ આ છોકરીઓ બદનામીના ભયે ચૂપચાપ સહી લે છે. આ જ કારણથી કેટલાંક શહેરોમાં મહિલાઓ માટેની ખાસ બસો અન મદ્રાસમાં મહિલાઓ માટેની ખાસ ટ્રેન શરૂ કરાયેલ છે.

સ્ત્રી ઉછેર માટેનો માહોલ ધીરે ધીરે બદલાતો જતો હોવા છતાં લગ્ન સ્ત્રીઓ માટે અનિવાર્ય ગણવામાં આવે છે. લગ્નજીવનની સ્ત્રીઓ માટે કરુણતા એ છે કે જે પુરુષ કે કુટુંબ માટે માતૃગૃહ છોડીને જે સ્ત્રી પોતાનું જીવન સમર્પિત કરે છે. સ્ત્રીને તેમના તરફથી મારપીટ કરાય છે અને ક્યારેક તો યમસદન પહોંચાડવામાં આવે છે. દહેજ વિરોધી કાયદા અમલમાં હોવા છતાં દહેજને કારણે સ્ત્રીઓને કુટુંબની હત્યા અને આત્મહત્યાના બનાવોનો નોંધપાત્ર વધારો થતોં રહ્યો છે. સગડી પેટાવતાં, ગેસ ચાલુ કરતાં, ચા બનવતાં, દાઝી જવાના બનતા બનાવો પણ મોટે ભાગે સ્ત્રીઓની

હત્યાના જ બનાવો હોય છે. પરિણીત સ્ત્રીઓને કુટુંબના સભ્ય દ્વારા આચરવામાં આવતી હિંસા, ક્રૂરતા કે મારપીટ. ઘણી વખત સ્ત્રીઓને આત્મહત્યા તરફ દોરી જાય છે. પરંપરાગત સંસ્કારોને લીધે સ્ત્રીઓ મોટે ભાગે કુટુંબના સભ્યો દ્વારા કરવામાં આવતી હિંસા કે મારપીટની ફરિયાદ કરતી નથી. આ પ્રશ્ન માત્ર આપણા દેશમાં નહિં, પરંતુ વિશ્વના ઘણા દેશોમાં છે. વળી નીચલા સ્તરના કુટુંબોમાં જ આવા બનાવો બને છે તેવું નથી ઉચ્ચ કુટુંબોમાં પણ બાળી નાખવાના કે આત્મહત્યાના બનાવો બને છે. દહેજ વિરોધી, કાયદો, ભારતીય ફોજદારી ધારાની કલમ 304(એ) કે કલમ 498(એ) હોવા છતાં પણ સ્ત્રીઓને મારપીટ અને બાળી નાખવાના બનાવો કે શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુના બનાવો બેરોકટોક વધતાં જ રહ્યાં છે.

બળાત્કારોના બનાવોમાં પણ આખરે સહન કરવાનું સ્ત્રીઓના ભાગે જ આવે છે. બળાત્કારની કલમોમાં સુધારો કરીને કડક જોગવાઈ દાખલ કરાવી હોવા છતાં પ્રમાણ ઘટ્યું નથી. સ્ત્રીઓ ઉપર ગુંડાઓ દ્વારા જ નહિ, પરંતુ સરકારી કર્મચારીઓ દ્વારા અને પોલીસ અધિકારીઓ દ્વારા બળાત્કારના ગુનાઓ થતાં રહે છે. કોઈ ગુનાસર જેલમાં રહેતી સ્ત્રી ગુમ થવાના કિસ્સાઓ પણ ઘણાં બને છે. માતાપિતા દ્વારા આયોજિત લગ્ન, ફરજિયાત સગર્ભાવસ્થા, અનિચ્છા હોવા છતાં બાળકનો જન્મ, સ્ત્રીઓના જીવનમાં બનતા આ બધા બનાવો માનવ અધિકારોનો ભંગ કરનારા છે. એટલું જ નહિ, પરંતુ સમગ્ર સમાજની અસ્મિતા ખલાસ કરી નાખે છે. બાળકીના ગર્ભપાતના કિસ્સાઓમાં ચિતાંજનક રીતે વધારો થઈ રહ્યો છે. આવા ગર્ભપાત પર પ્રતિબંધ મુકતો કાયદો સરકારે પસાર કર્યો હોવા છતાં, પરિસ્થિતિમાં કોઈ સુધારો નોંધાયો નથી.

સર્વોચ્ચ અદાલતે એક કેસ 89માં ઠરાવેલ છે કે માનવ અધિકારો માનવ વ્યક્તિત્વના અંતર્ગત માનવીય ગૌરવની જાળવણીમાંથી ઉત્પન્ન થયાં છે. સ્ત્રીઓના અધિકારો માનવ અધિકારોનો અપરિવર્તનશીલ અને અંતર્ગત ભાગ છે. જાતિના આધારે કોઈપણ પ્રકારના ભેદભાવ માનવ અધિકારોનો ભંગ કરે છે. કાયદો સામાજિક પરિવર્તન માટેનું સાધન છે. આ કેસમાં ઠરાવાયું કે Convention of Elimination of All Forms of Discrimination against Women, 1979ના અનુચ્છેદ 2(ઈ)થી બંધારણમાં નવો પ્રાણ પૂરવામાં આવ્યો છે. આ અનુચ્છેદ તેમજ માનવ અધિકાર સંરક્ષણ ધારો, 1993થી કોઈપણ પ્રકારનો જાતિ આધારિત ભેદભાવ (Gender based discrimination) દૂર કરવાનો અને સ્ત્રીઓને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક રીતે સશક્ત બનાવવાનો આદેશ અપાયો છે.

આઝાદીના 59 વર્ષે પણ સ્ત્રીઓનું જાતીય શોષણ અટકાવવા માટે આપણે ત્યાં કોઈ કાયદો નથી. વિશાખા વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન કેસ 90માં સર્વોચ્ચ અદાલતે, સંસદ, કાયદો ઘડે નહીં ત્યાં સુધી પોતે નક્કી કરેલ કેટલાંક માર્ગદર્શક સિદ્ધાંતો કામ કરશે તેમ ઠરાવે છે. આઝાદી બાદ આટલા વર્ષે પણ સ્ત્રીઓના રક્ષણ બાબતે કોઈ કાયદો ન હોવા અંગે સર્વોચ્ચ અદાલતે ચિંતા વ્યક્ત કરી હતી. આ કેસમાં સર્વોચ્ચ અદાલતે દરેક જિલ્લામાં સ્ત્રીઓના અધિકાર અંગે એક સમિતિ રચવા જણાવેલ છે. તેમજ પોતે આ કેસમાં નક્કી કરેલ માર્ગદર્શક સિદ્ધાંતો, થિયેટર, બગીચો, રેલ્વે સ્ટેશન, કચેરીઓ વગેરે સ્થળે મૂકવા સૂચન કરેલ છે. આ કેસમાં ઠરાવેલ છે કે જ્યારે કોઈ સહકર્મચારી -

(1) સ્ત્રીના આંગળા સાથે બિનજરૂરી સ્પર્શ કરે,

(2) ઓળખાણ કે સંપર્ક વધારવાના હેતુથી મુલાકાત કરે,

(3) દ્વિઅર્થી સંવાદો બોલે,

(4) સ્ત્રીને ઉતારી પાડતાં નિવેદનો કરે,

(5) કામની સાથે સુસંગત ન હોય તેવી માગણી મૂકે,

- ત્યારે તેનાથી સ્ત્રીને હેરાનગતિ થાય છે તેમ સમજવામાં આવશે. આવા પ્રસંગે સ્ત્રીઓને રક્ષણ આપવા બાબતે નિયોજિતા (Employer) ની જવાબદારી ઠરાવવામાં આવેલ છે.

ગુજરાત અને દેશના ઘણા ભાગોમાં સ્ત્રીઓના સમાન દરજ્જા અને માનવ અધિકારોની

પ્રાપ્તિ માટે ઘણી સ્ત્રી-સંસ્થાઓ છેલ્લાં કેટલાંય વર્ષોથી લડત ચલાવી રહી છે. ગુજરાતમાં સેવા, અવાજ, સહિયર વગેરે મુખ્ય સંસ્થાઓ છે. ભારત સરકારે પણ રાષ્ટ્રીય મહિલા આયોગની રચના કરી છે. સ્ત્રીઓના માનવ અધિકારોને લાગેવળગે છે ત્યાં સુધી, મુખ્ય વાત સ્ત્રીઓ તરફના દ્રષ્ટિકોણને બદલવાનો છે. સ્ત્રીને માનવ તરીકે ગણવાને બદલે, હજુ પણ ચીજ કે વસ્તુની નજરે જોવામાં આવે છે. આ પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રી જાણે કે એક વસ્તુ હોય તેવા વ્યવહાર તેની સાથે કરવામાં આવી રહ્યો છે. આ દ્રષ્ટિકોણમાં જ્યાં સુધી ફેરફાર નહિ થાય ત્યાં સુધી સ્ત્રીને એક વ્યક્તિત્વ તરીકે સમાજ સ્વીકારશે નહિં. આ સમાજમાં સ્ત્રીને માનવ અધિકારો ત્યારે પ્રાપ્ત થાય કે જ્યારે સ્ત્રીનો વ્યક્તિત્વ તરીકે સ્વીકાર થાય. આવો સ્વીકાર થતાંની સાથે સ્ત્રીઓને થતી હેરાનગતિ, મારપીટ, જાતી સતામણી, બળાત્કારના બનાવો, શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુના બનાવોમાં ચોક્કસપણે ઘટાડો થશે, તેમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી.

સર્વોચ્ચ અદાલતે ડી.એસ. ગ્રેવાલ વિ. વિમ્મી જોશીના કેસ 91માં ઠરાવેલ છે કે વિશાખાના કેસમાં સૂચવાયેલ માર્ગદર્શિકાઓનું પાલન ફરજિયાત છે. આ કેસમાં શાળાએ જાતીય સતામણી અંગે ફરિયાદ સમિતિની રચના કરી ન હતી. તેથી તેને આ સમિતિ રચવા અને સામા પક્ષકારને ખર્ચ (રૂ. 50,000) ચૂકવવા આદેશ કરાયેલ હતો.

દિલ્હી ડોમેસ્ટિક વર્કિંગ વિમેન્સ ફોરમ વિ. યુનિયન ઑફ ઈન્ડિયા કેસ 91માં સર્વોચ્ચ અદાલતે બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓના અધિકારો માટે માર્ગદર્શક સૂચનો પ્રગટ કર્યાં છે. આ કેસમાં ઘરકામ કરનાર સ્ત્રી પર બળાત્કાર થયેલ હતો. આ કેસમાં સૂચવવામાં આવેલ છે કે -

(1) જાતીય આક્રમણનો ભોગ બનેલ સ્ત્રીઓને કાનૂની પ્રતિનિધિત્વ મળવાંની વ્યવસ્થા થવી જોઈએ. આવા પ્રસંગે તેને તબીબી મદદ તેમજ સાંત્વના અને કાનૂની સલાહ મળવાં જોઈએ.

(2) આવા પ્રસંગે ફરિયાદીની માનસિક સ્થિતિ બગડેલી હોય છે. તેથી તેને કાયદાકીય સલાહ મળવી જરૂરી બને છે.

(3) બળાત્કારનો ભોગ બનેલ સ્ત્રીને કાનૂની સલાહનો અધિકાર હોવાનું પોલીસે જણાવવું જોઈએ અન પોલીસ અહેવાલમાં આ બાબતની જાણ કરેલ હોવાનો ઉલ્લેખ કરવો જોઈએ.

(4) પોલીસ સ્ટેશનમાં કાનૂની મદદ કરનાર વકીલોની યાદી રાખવી જોઈએ.

(5) બને ત્યાં સુધી બળાત્કારનો ભોગ બનનારી સ્ત્રીની ઓળખ જાહેર થવી જોઈએ નહીં.

(6) બંધારણ અનુ. 38(1) ધ્યાનમાં લેતાં Criminal Injuries Compensation Boardની રચના થવી જોઈએ.

(7) આરોપી દોષિત ઠરે ત્યારે આવા બોર્ડમાંથી બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીને વળતર અપાવવું જોઈએ.

મ્યુનિસિપલ કોર્પોરેશન ઑફ દિલ્હી વિ. ફિમેલ વર્કર્સ(મસ્ટર સેલ)ના કેસ 93માં દિલ્હી કોર્પોરેશનની સ્ત્રી કામદારોએ પ્રસૂતિ લાભ ધારાનો લાભ મેળવવા માગણી કરી હતી. આ કેસમાં એવો બચાવ લેવાયો હતો કે નિયમિત સ્ત્રી કામદારોને જ આ લાભ મળી શકે. પ્રાસંગિક (Casual) સ્ત્રી કામદારોને આ લાભ મળી શકે નહીં. સર્વોચ્ચ અદાલતે સ્ત્રી કામદારોની તરફેણમાં ચુકાદો આપતાં ઠરાવ્યું કે સ્ત્રી કામદારને પૂર્ણ સગર્ભાવસ્થા સમયે સખત મજૂરીનું કામ કરાવવાની ફરજ પાડી શકાય નહીં. ચેરમેન રેલ્વે બોર્ડ વિ. ચંદ્રિમા દાસના કેસ 94માં રેલ્વે કર્મચારીએ બંગલા દેશની સ્ત્રી પર બળાત્કાર કરેલ હતો. આ સામૂહિક બળાત્કારનો કેસ હતો. એક વકીલે જાહેર હિતની અરજી કરતાં, સર્વોચ્ચ અદાલતે વળતરનો હુકમ કર્યો હતો. આ કેસમાં સર્વોચ્ચ અદાલતે સ્ત્રીઓના અધિકારો સંબંધે વિવિધ આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ ધ્યાનમાં લીધી હતી.

ગુજરાતમાં 2002માં થયેલ રમખાણો દરમ્યાન દાહોદ જિલ્લાની બિલ્કીસબાનુ નામની સ્ત્રીના સંગાઓની હત્યા અને તેના પર સામૂહિક બળાત્કારનો કેસ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે હાથ ધર્યો હતો. સર્વોચ્ચ અદાલતના આદેશથી આ કેસ ગુજરાત બહાર મહારાષ્ટ્રમાં ચલાવાયો હતો અને તેમાં આરોપીઓને સજાનો ફેંસલો મહારાષ્ટ્રની ખાસ અદાલતે જાહેર કર્યો છે.

### જાતિ સમાનતા અંગે બંધારણીય જોગવાઈઓ

**(Constitutional Provisions with Regard to Gender Equality) :**

સ્ત્રીઓનો અસમાન દરજ્જો ભારતીય સમાજની કરુણ અને વરવી વાસ્તવિકતા છે. આપણા શાસ્ત્રોમાં સ્ત્રીઓને ખૂબ સન્માન અપાયું છે. જેમ કે વિદ્યાની દેવી સરસ્વતી, સંપત્તિની દેવી લક્ષ્મી, શક્તિની દેવી દુર્ગા વગેરે, પરંતુ વ્યવહારમાં તેમનાં ગૌરવ માટે કે તેમને સમાન દરજ્જો પ્રાપ્ત થવા માટે આપણે કોઈ ચિંતા સેવતા નથી. ઘણાં વર્ષો અગાઉ સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે ''પક્ષી જેમ એક પાંખથી ઊડી શકે નહીં, તે જ રીતે સ્ત્રીઓને પાછળ રાખીને કોઈ રાષ્ટ્ર પ્રગતિ કરી શકે નહીં.'' જસ્ટીસ રામ સ્વામીએ મધુ વિ. સ્ટેટ ઑફ બિહારના કેસ[95] માં કહ્યુ છે. ''ભારતીય સ્ત્રીઓ દુઃખ સહન કરેલ છે અને શાંતિથી ભેદભાવ સહન કરી રહેલ છે. પોતાની જાતનું બલિદાન અને પોતાના અસ્તિત્વનો ઈન્કાર તેમની ઉદારતા અને ધૈર્ય છે અને આમ છતાં તેમને તમામ અસમાનતાઓ, અપમાનો, અસમાનતા અને પક્ષપાતને આધીન બનાવવામાં આવે છે. (Indian Women have suffered and are suffering discrimination in silence. Self sacrifice and self denial are their nobility and fortitude and yet they have been subjected to all inequalities, indignities, inequality and discrimination).

સામાજિક અને નીતિમત્તાનાં મૂલ્યોમાં ઘટાડો થઈ રહેલ હોવા છતાં અને સ્ત્રીઓના અધિકારો બાબત વાસ્તવમાં અંધકારમય સ્થિતિ હોવા છતાં, ભારતીય ન્યાયતંત્રે બંધારણીય જોગવાઈઓનું ઉદાર અર્થઘટન કરી સકારાત્મક ભૂમિકા ભજવી છે. સર્વોચ્ચ અદાલતે એક કેસ96માં નોંધ્યું છે કે લોકશાહી, વિકાસ અને માન અધિકારો તેમજ મૂળભૂત સ્વાતંત્ર્યો પરત્વે આદર આંતર નિર્ભર છે. બાળકી સહિતના સ્ત્રીઓના માનવ અધિકારો વૈશ્વિક માનવ અધિકારોનો અંતર્ગત ભાગ છે. જાતિના કારણસર (On the ground of gender) ભેદભાવનાં તમામ સ્વરૂપો મૂળભૂત સ્વાતંત્ર્યો કે માનવ અધિકારોનો ભંગ કરે છે.

**આમુખ (Preamble) :**

દુનિયાના મોટા ભાગના દેશોમાં સ્ત્રીઓની ભૂમિકા ગૌણ રહી છે. તેમને સમાન પ્રવાહમાં લાવવા માટે પુરુષો સાથે દરજ્જો આપણે પ્રદાન કરવો જોઈએ. તેથી આ અંગેના કાયદાઓમાં જોગવાઈઓ હોવી ઘટે. આપણા બંધારણમાં પણ આવી જોગવાઈઓ રહેલી છે. શરૂઆત આમુખથી કરીએ.

સર અલ્લાડી ક્રિશ્નસ્વામીએ બંધારણ સભામાં પ્રવચન[97] કરતાં કહેલ કે ભારતના લોકો પોતાના નાગરિકો માટે જે અધિકારો અને સ્વાતંત્ર્યો સિદ્ધ કરવા ચાહે છે તે આમુખમાં જાહેર કરવામાં આવ્યા છે. બંધારણની શરૂઆતના શબ્દો ''અમે ભારતના લોકો.......'' (we, the people of India) એમ છે. તેમાં તમામ જાતિ, જ્ઞાતિ, ધર્મના પુરુષો અને સ્ત્રીઓનો સમાવેશ થાય છે. આમુખમાં દરેક સમાન દરજ્જા અને તકની ખાતરી આપવામાં આવી છે. આમુખમાં દરેક વ્યક્તિને તેના ગૌરવ જાળવવાની પણ બાંયધરી આપવામાં આવી છે. તેમાં સ્ત્રીઓના દરજ્જાનો પણ સમાવેશ થાય છે. આમુખમાં અપાયેલ આ બાંયધરીઓના આધારે સ્ત્રીઓ તરફી કેટલાંક કાયદાઓ પણ ઘડવામાં આવ્યા છે. જેમ કે ભરણપોષણ, વાલીપણું, વારસાધિકાર વગેરે બાબતોમાં કાયદાઓ ઘડાયા છે.

**મૂળભૂત અધિકારો : (Fundamental Rights)**

બંધારણ અનુચ્છેદો 12 થી 35માં મૂળભૂત અધિકારોની જોગવાઈઓ છે. અનુ. 14 થી કાયદા સમક્ષ સમાનતા (equality before law) અને કાયદાના સમાન રક્ષણ (equal protection of law) ની ખાતરી આપવામાં આવી છે. અનુ. 14 હેઠળ વાજબી વર્ગીકરણ (reasonable classification) માન્ય છે, પરંતુ ચિત્રા ઘોષ વિ. યુનિયન ઑફ ઈન્ડિયા કેસ[98] માં ઠરાવાયા મુજબ, લિંગ (sex) આધારિત વર્ગીકરણ અમાન્ય છે. એર ઈન્ડિયા વિ. નરગીસ મીરઝાના કેસ[99] માં લગ્ન બાદ નોકરીના 4 વર્ષમાં એરહોસ્ટેસ માટે નિવૃત્તિની જોગવાઈ કાયદેસર ઠરાવી હતી, પરંતુ પ્રથમ સગર્ભાવસ્થા

બાદ ફરજિયાત નિવૃત્તિની જોગવાઈ અનુ. 14 અને અનુ. 16 વિરુદ્ધ હોવાનું ઠરાવી ગેરકાયદેસર જાહેર કરેલ. મેકીનનન મેકેન્ઝી એન્ડ કં. લિ.વિ. આન્દ્રેના. કેસ[100] માં પુરુષ સ્ટેનોગ્રાફર અને સ્ત્રી સ્ટેનોગ્રાફરને સમાન વેતન ન મળતું હોવાના કારણસર આ પક્ષપાતી જોગવાઈ રદ કરી હતી. મધુ વિ. સ્ટેટ ઑફ બિહારના કેસ[1] માં chhotangpur Tenancy Act, 1908, એ કારણસર પડકારવામાં આવેલ હતો કે તેનાથી અનુસૂચિત જાતિની સ્ત્રીઓને ખેતીની જમીનનો વારસો મેળવવામાંથી બાકાત (exlude) કરવામાં આવેલ હોવાથી અનુ. 14, અનુ. 15 અને અનુ. 21નો ભંગ થાય છે. સર્વોચ્ચ અદાલતે આ કાયદાની સંબંધિત પક્ષપાતી જોગવાઈ રદ કરી સ્ત્રીને પણ પુરુષની જેમ જ વારસો મેળવવા હક્કદાર બનાવી હતી.

અનુ.15ની જોગવાઈઓ આગળ આપણે જોઈ ગયા હોવાથી તેનું અત્રે પુનરાવર્તન જરૂરી નથી. ટૂંકમાં રાજ્ય કોઈ વ્યક્તિ સાથે, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાન કે તે પૈકીના કોઈ કારણસર ભેદભાવ કરી શકે હનીં, આમ અનુ. 15(1)થી રાજ્યને ઉપર્યુક્ત કોઈ કારણસર કોઈ વ્યક્તિ સાથે ભેદભાવ કે પક્ષપાત (discrimination) કરવા સામે મનાઈ ફરમાવામાં આવી છે. અનુ. 15(3)થી રાજ્યને સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ કાયદાઓ ઘડવાની છૂટ આપવામાં આવી છે. તેથી જાહેર મનોરંજનના સ્થળો માત્ર સ્ત્રીઓ અને બાળકો માટે અનામત રાખવામાં આવે, તો અનુ. 15નો ભંગ થતોં નથી. જેમ કે ગૌરીવ્રતના દિવસોમાં બગીચાઓમાં ફક્ત સ્ત્રીઓ અને બાળકોને પ્રવેશ મળે છે તે જ રીતે, કેટલાંક થિયેટરોમાં રાત્રે 9 થી 12 અને 12 થી 3નો શો ફક્ત મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. દત્તાત્રેય વિ. સ્ટેટ ઑફ બોમ્બેના કેસ[2] માં ફક્ત મહિલાઓ માટે શિક્ષણ સંસ્થાઓ કાયદેસર ઠરાવવામાં આવી હતી. યુસુફ અબ્દુલ અઝીઝ વિ. સ્ટેટ ઑફ બોમ્બેના કેસ[3] માં ભારતીય ફોજદારી ધારા (Indian Penal Code) ની કલમ 497, અનુ. 14 અને અનુ 15(1) હેઠળ પડકારવામાં આવી હતી. કલમ 497માં વ્યભિચાર (adultery) બદલ ફક્ત પુરુષને જ સજા કરવાની જોગવાઈ છે. સહાયક (abetor) તરીકે સ્ત્રી દોષિત હોય તો પણ તેને સજા (punishment) માંથી મુક્તિ (exemption) અપાયેલ છે. સર્વોચ્ચ અદાલતે આ કલમ કાયદેસર ઠરાવેલ છે, કારણ કે આ મુક્તિ માત્ર લિંગ પર આધારિત નથી, પરંતુ અનુ.15(3) ફોજદારી ધારાની કલમ 354, કે જેનાથી માત્ર સ્ત્રીની લજ્જા (modesty of a woman) ની જોગવાઈ છે, સર્વોચ્ચ અદાલતે એક કેસ[4] માં કાયદેસર ઠરાવેલ છે.

સર્વોચ્ચ અદાલતે ગીતા હરિહરણ વિ. રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાના કેસ[5] માં આપેલ નિર્ણય બાદ માતાને કુદરતી વાલી તરીકેનો અધિકાર પ્રાપ્ત થયો છે. આ કેસમાં ઠરાવાયું છે કે માતાનું સ્થાન પિતા પછીના સ્થાન મૂકેલ હોવાથી અનુ. 14 અને અનુ. 15નો ભંગ થાય છે. આ કેસમાં વધુમાં ઠરાવાયેલ છે કે પિતા એવો હક્કદાવો (claim) ન કરી શકે તે જ માત્ર કુદરતી વાલી (natural guardian) છે. ગાયત્રીદેવી પનસારી વિ. સ્ટેટ ઑફ ઓરિસ્સાના કેસ[6] માં 24 કલાક ચાલુ રહેતી દવાની દુકાનોમાં સ્ત્રીઓ માટે 30% અનામતની ઓરિસ્સા રાજ્યની જોગવાઈ કાયદેસર ઠરાવી હતી.

અનુ. 16 જાહેર રોજગારી (Public Employent) ની બાબતમાં તકની સમાનતા (Equality of Opportunity) ની ખાતરી આપે છે. કુ.સી.બી. મુથમ્મા વિ. યુનિયન ઑફ ઈન્ડિયાના કેસ[7] માં Indian Foreign Serice (conduct and Discipline) Rules, 1961 નો Rule 8(2) તેમજ Indian Foreign Service (Recruiment, Cadre, Seniority and promotion) Rules 1961 નો Rule 18(4) પડકારવામાં આવેલ. Rule 8(2) મુજબ વિદેશી સેવા (Foreign Service) ના સ્ત્રી સભ્યે લગ્ન પૂર્વે સરકારની લેખિત મંજુરી લેવા જણાવવામાં આવેલ છે, જ્યારે 18 (4)માં એવી જોગવાઈ છે કે કોઈ પરિણિત સ્ત્રી હક્કની રુએ સેવામાં નિમણૂક મેળવવા હક્કદાર બનશે નહીં. સર્વોચ્ચ અદાલતે આ બંને નિયમો અનુ. 14, અનુ 16 અને અનુ 21નો ભંગ કરતાં હોવાનું ઠરાવેલ છે. જસ્ટીસ કૃષ્ણઆયરે નોંધ્યું કે અનુ. 14 અને અનુ 16ની આટલી કરુણ ઉપેક્ષા બંધારણ પુસ્તક અને કાર્યરત કાયદા વચ્ચેનો તફાવત દર્શાવે છે. તેમના શબ્દો છે : That, our founding faith enshrined in Articles 16 and 16 should have been tragically ignored vis-a-vis half of India's

reflecion on the distance between the constitution in the book and the law in action.

એસોસિએટ બેંકસ ઑફિસર્સ એસોસિએશન વિ. સ્ટેટ ઓફ ઈન્ડિયાના કેસ[8] ના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે સ્ત્રીઓ પુરુષ કામદારો કરતાં સહેજ પણ ઓછી ઉતરતી નથી અને તેથી લિંગના આધારે કોઈ ભેદભાવ થવો જોઈએ નહીં. વિજયલક્ષ્મી વિ. પંજાબ યુનિવર્સિટીના કેસ[9] માં મહિલા કૉલેજ માટે મહિલા આચાર્ય (Lady principal) ની નિમણૂંક માટેની જોગવાઈ કાયદેસર ઠરાવેલ છે, કારણ કે આ વાજબી વર્ગીકરણ છે અને કાયદાથી જે હેતુ સાધવાનું લક્ષ્ય છે તેની સાથે તેનો સંબંધ છે.

-અનુ 19 (1) (g) હેઠળ દરેક નાગરિકને કોઈપણ ધંધો, વેપાર કે વ્યવસાય કરવાનું સ્વાતંત્ર્ય છે. કામના સ્થાને કોઈ સ્ત્રીની જાતીય સતામણી (sexual harassment) થાય તો તેનાથી આ મૂળભૂત અધિકારનો ભંગ થાય છે. આ અંગેના દિલ્હી ડોમેસ્ટિક વર્કિંગ વિમેન વિ. યુનિયન ઑફ ઈન્ડિયા 10 અને નિશાખા 11ના કેસો આપણે જોઈ ગયા છીએ. વિશાખાના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે કામના સ્થળે સ્ત્રીની જાતીય સતામણીનો દરેક બનાવ જાતિ સમાનતા (gender equality) ના અને જીવન અને સ્વાતંત્ર્યના મૂળભૂત અધિકારોનો ભંગ કરે છે. (Each incident of sexual harassment of women at workplace results in violation of funamental rights of Gender Equality and the Right to life and liberty.)

અનુ. 21થી જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્યની ખાતરી અપાયેલ છે. જીવન એટલે માત્ર પશુ માફક જીવન નહીં, પરંતુ ગૌરવપૂર્વક જીવન. તેથી સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઑફ મહારાષ્ટ્ર વિ. મધુકર નારાયણના કેસ[12] માં ઠરાવેલ છે કે હલકા ચારિત્ર્યની સ્ત્રી પણ ગુપ્તતાના અધિકાર (Right of privacy) માટે હક્કદાર છે. ગૌરવ જૈન વિ. યુનિયન ઑફ ઈન્ડિયાના કેસ[13] માં વેશ્યાઓ માટે તાલીમ, શિક્ષણ અને પુનઃસ્થાપના માટે ભાર મુકાયેલ છે. વિશાખાના કેસમાં જીવનનો અધિકાર મૂળભૂત માનવ અધિકાર તરીકે ગણાવાયેલ છે અને ઠરાવાયેલ છે કે આ અધિકારને Universal Declaration of Human Rights, 1948, Declaration on the Elimination of Violence against women, covenant on Civil and Political Rights, 1966, તેમજ Convenant on Economic, Social And Cultural Rights, 1966 ની સાથે વાંચવાનો છે. ચેરમેન, રેલવે બોર્ડ વિ. ચંદ્રિમાદાસના કેસ[14] માં ઠરાવાયું છે કે બળાત્કારથી ગૌરવપૂર્વક જીવન જીવવાના અધિકારનો ભંગ થાય છે.

સ્ત્રીઓના શોષણ સામે રક્ષણ આપવા માટે અનુ. 23(1)થી માનવ વેપારની મનાઈ ફરમાવવામાં આવેલ છે. વેશ્યાવૃત્તિને ડામવા માટે સંસદે The Immoral Traffic (prevention) Act, 1956 પસાર કરેલ છે. વિશાલ જીત વિ. યુનિયન ઑફ ઈન્ડિયાના કેસ[15] માં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે માનવ વેપારમાં દેવદાસીનો સમાવેશ થાય છે. બાળકોને દત્તક આપવાના બહાને તેમનું શોષણ થતું હોય છે. લક્ષ્મીકાંત પાંડે વિ. યુનિયન ઑફ ઈન્ડિયાના કેસ[16] માં સર્વોચ્ચ અદાલતે વિદેશમાં બાળકોને દત્તક આપી તેમને ગુલામો અને ભિખારીઓ તરીકે કામ કરવાની ફરજ પાડવામાં આવેલ હોવા વિશે સારો પ્રકાશ પાથરેલ છે. આંતરદેશીય દત્તકવિધાન અંગે કોઈ કાનૂન ન હોવાથી સર્વોચ્ચ અદાલતે તે બાબતે કેટલાંક માર્ગદર્શક સૂચનો જારી કરેલ હતાં અને સંસદને તે બાબતે કાયદો ઘડવાની એમ જણાવીને સૂચના આપી હતી કે અનુ 15(3), અનુ. 23, 24, 39 (સી) અને (એફ) હેઠળ આવો કાયદો ઘડવાની રાજ્યની બંધારણીય ફરજ છે.

એક કેસ 17માં 65 વર્ષની સ્ત્રીને કોઈ ગુનાના સંદર્ભમાં પૂછપરછ માટે સવારે 4 થી 8 વાગ્યા સુધી ગેરકાયદે અટકાયત (Illegal detention) માં રાખવામાં આવી હતી. આ સ્ત્રી ગુના સાથે કોઈપણ રીતે સંકળાયેલી ન હતી. તે સ્ત્રીએ ઘેર આવી જંતુનાશક દવા પી આત્મહત્યા કરી. આ કેસમાં ઠરાવાયું કે સ્ત્રીના માનવ અધિકાર ભંગ બદલ સરકાર જવાબદાર છે અને તે માટે ગુજરનારના કાયદેસર વારસોને રૂ. 50,000- વળતર ચૂકવવા આદેશ કરાયો હતો.

**સ્ત્રીઓના અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો :**

બંધારણના અનુચ્છેદો 37 થી 51માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો (Directive Principles of the State Policy) સમાવિષ્ટ છે. આ સિદ્ધાંતો કલ્યાણ રાજ્ય (welfare state) ના આદર્શો છે. અનુ. 39 (એ)માં પુરુષ અને સ્ત્રી નાગરિકોને આજીવિકાનું પૂરતું સાધન મેળવવાના અધિકાર વિશે જોગવાઈ કરાયેલ છે. અનુ. 39 (ડી)માં સ્ત્રી-પુરુષોને સરખા કામ માટે સરખું વેતન મળવાંની જોગવાઈ છે. આના અનુસંધાને આપણે સમાન વેતન ધારો, 1976, ( Equal Remuneration Act, 1976) પસાર કરાયેલ છે. સ્ટેટ ઑફ એમ.પી. વિ. પ્રમોદ ભારતીયના કેસ[18] માં સર્વોચ્ચ અદાલતે આ અધિકાર માન્ય કરેલ છે.

અનુ. 42માં સ્ત્રીઓ માટે એક મહત્ત્વના અધિકારની જોગવાઈ કરાયેલ છે. તે મુજબ રાજ્ય, કામ અંગેની ન્યાયી અને માનવીય શરતો અને પ્રસૂતિ સહાય માટે જોગવાઈ કરશે. આના અનુસંધાને આપણે ત્યાં જે કેટલાંક કાયદાઓ અમલમાં છે તેની યાદી સૌ પ્રથમ જોઈએ.

કામદાર વળતર ધારો, 1923.

કામદાર રાજ્ય વીમા ધારો, 1948.

લઘુતમ વેતન ધારો, 1948.

પ્રસૂતિ લાભ ધારો, 1961.

બોનસ ચુકવણી ધારો, 1965.

ગ્રેચ્યુઈટી ચુકવણી ધારો, 1972.

સર્વોચ્ચ અદાલતે દત્તાત્રેય વિ. સ્ટેટ ઑફ બોમ્બેના કેસ[19] માં ઠરાવેલ છે કે અનુ. 42 હેઠળ પ્રસૂતિ રાહતની જોગવાઈથી અનુ. 15(1)નો ભંગ થતોં નથી. સર્વોચ્ચ અદાલતે મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હીના કેસ[20] માં ઠરાવેલ છે કે રોજમદાર કામદારો (Daily Wages Employees) પણ પ્રસૂતિ લાભ ધારાનો લાભ મેળવવા હક્કદાર છે. અનુ.44માં સમાન નાગરિક ધારો (Uniform Civil Code) ઘડવાની જોગવાઈ છે. શાહબાનુ કેસ[21] માં સર્વોચ્ચ અદાલતે સમાન નાગરિક ધારો ઘડવા પર ભાર મૂક્યો હતો. ત્યારબાદ સરલા મુદગલ કેસ[22] માં પણ સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને સમાન નાગરિક ધારો ઘડવા સૂચના આપી હતી. ડેનિયલ લતિફ વિ. યુનિયન ઑફ ઈન્ડિયાના કેસ[23] માં પણ આ પ્રશ્નની ચર્ચા કરવામાં આવેલ છે.

**સ્ત્રીઓ તરફ બંધારણીય ફરજો :**

બંધારણમાં 42માં બંધારણીય સુધારાથી અનુચ્છેદ 51A નવો ઉમેરી નાગરિકોની ફરજો નિયત કરવામાં આવી છે. તેમાં ક્લોઝ (ઈ)માં સ્ત્રીઓના ગૌરવને હાનિકારક વ્યવહારોનો ત્યાગ કરવા જણાવાયેલ છે. સ્ત્રીઓના ગૌરવને હાનિકારક ઘણી બાબતો સમાજમાં પ્રચલિત છે. જેમ કે છોકરીઓ, સ્ત્રીઓને (પરિણીત હોય તો પણ) તુંકારે બોલાવવામાં આવે છે. કોઈ સમારંભમાં પુરુષોને આગળ અને સ્ત્રીઓને પાછળ સ્થાન (બેઠક) આપવામાં આવે છે. કોઈપણ બાબતનો ત્યાગ કરવાનો હોય તો સૌ પ્રથમ સ્ત્રીઓને આગળ ધરવામાં આવે છે. લાજ અથવા બુરખો સ્ત્રીઓના ગૌરવને હાનિકારક બાબત છે. તેથી તેનો ત્યાગ કરવો જોઈએ. તે જ રીતે, ભોજન કાર્યક્રમમાં સ્ત્રીઓને છેલ્લે ભોજન લેવાનો વારો આવતોં હોય છે. આવી પ્રથાને ત્યજવી જોઈએ. કેટલીક કહેવતો પણ સ્ત્રીઓને ઉતારી પાડનાર હોય છે.

જેમ કે 'દીકરીને ગાય, દોરે ત્યાં જાય', ગરીબની વહુ સૌની ભાભી', 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ' વગેરે. વાર્તાઓ, ચલચિત્રો, જાહેરાતમાં પણ સ્ત્રીઓને ઉતરતી દર્શાવવામાં આવે છે. તેનાથી આ મૂળભૂત ફરજનો ભંગ થાય છે. પરંતુ આ ફરજો ન્યાયક્ષમ (justiceable) ન હોવાથી કાનૂની રીતે આપણે લાચાર છીએ. સામાજિક જાગૃતિ તેનો ઉપાય છે.

## 10. સ્ત્રી અને માનવ અધિકારો

1. પ્રાસ્તાવિક
2. માનવ અધિકારોનો ખ્યાલ અને વિકાસ
3. માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, 1993
4. સ્ત્રીઓના માનવ અધિકારો
5. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ
6. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચનાં કાર્યો
7. રાષ્ટ્રીય મહિલાપંચ ધારો, 1990
8. રાષ્ટ્રીય મહિલાપંચ
9. રાષ્ટ્રીય મહિલાપંચનાં કાર્યો
10. વિશાખા વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન
11. સ્ત્રીઓ પ્રત્યેના સર્વ પ્રકારના ભેદભાવ નાબૂદી સંધિ

### (1) સ્વાધ્યાય

સામાન્ય રીતે અધિકાર એટલે નીતિ ન્યાય કે કાયદાની દૃષ્ટિએ વ્યક્તિને કંઈક કરવાનો કે કંઈક પ્રાપ્ત કરવાનો હક. નીતિ કે ન્યાય દ્વારા એટલે કે કુદરત દ્વારા પ્રાપ્ત થતાં અધિકારો, કુદરતી અધિકારો છે. જેવાં કે શ્વાસ લેવાનો અધિકાર, જીવવાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર વગેરે. કાયદા દ્વારા પ્રાપ્ત થતાં અધિકારો કાનૂની અધિકારો છે. વ્યક્તિને પ્રાપ્ત થતાં કુદરતી અધિકારોને માનવ અધિકારો કહી શકાય. સ્ત્રીઓ પણ વ્યક્તિ જ છે. તેથી તેણીને પણ માનવ અધિકારો પ્રાપ્ત છે. આ પ્રકરણમાં સ્ત્રીઓ અને માનવ અધિકારો વિશે ચર્ચા કરવામાં આવેલ છે.

### (2) માનવ અધિકારોનો ખ્યાલ અને વિકાસ

માનવ અધિકારોનો ખ્યાલ સરમુખત્યારશાહી સામેના વિરોધમાંથી જન્મ પામેલ છે ને ઈતિહાસના જુદાં જુદાં તબક્કા દરમિયાન વિકાસ  પામેલ છે. આદિ માનવ ભટકતું જીવન ગાળતો હતો. તેને સંપૂર્ણ સ્વાતંત્ર્ય હતું. પરંતુ આ સ્વાતંત્ર્યનો કશો અર્થ ન હતો, કારણ ત્યારે કોઈ સમાજ - બંધનો ન હતાં. સમાજની રચના થતાં રાજાશાહી - સરમુખત્યારશાહી આવી. વ્યક્તિના સંપૂર્ણ સ્વાતંત્ર્ય પર પ્રતિબંધ આવ્યા. સમયાંતરે પ્રતિબંધો કડક બનતા ગયા.  જેનો અંત ક્રાંતિમાં આવ્યો. 17મી અને 18મી સદીમાં થયેલ અંગ્રેજ, અમેરિકન અને ફ્રેંચ ક્રાંતિને પરિણામે હકપત્રકો તેમજ સ્વાતંત્ર્ય ઘોષણાપત્રો જાહેર થયા. આવા હકપત્રકો તેમજ સ્વાતંત્ર્ય ઘોષણાપત્રોમાં જાહેર કરાયું કે, તમામ માનવો સમાન છે. તેઓને કુદરત તરફથી જીવવાના સ્વાતંત્ર્યના અને સુખ મેળવવાના અધિકારો પ્રાપ્ત થયેલાં છે. આ અધિકારો પ્રાપ્ત કરવા માટે પ્રજાની સંમતિથી સરકારની રચના કરવામાં આવે છે. જે સરકાર આ અધિકારોને બંધ કરવાનો પ્રયત્ન કરે તેને બદલવાનો પ્રજાને અધિકાર છે. સમયાંતરે વિવિધ અધિકારો આમાં ઉમેરતાં ગયા જે આજે માનવ અધિકારો તરીકે ઓળખાય છે.

આમ માનવ અધિકારોનાં મૂળ અમેરિકન, ફ્રેંચ ક્રાંતિમાં જોવા મળે છે. માનવ અધિકારો સ્વયંભૂ, સાર્વયંત્રિક અને અપરિવર્તનીય છે. આ અધિકારો દરેક માનવીને મળે છે, જે તેને માનવ હોવાને કારણે મળે છે, નહિ કે તે અમુક રાજ્યનો નાગરિક છે માટે પ્રાપ્ત છે. માનવ અધિકારોને માન્યતા અને તેનું રક્ષણ લોકશાહી રાજ્યવ્યવસ્થામાં જ થઈ શકે. માનવ અધિકારોનો ખ્યાલ દરેક રાજ્યસત્તાને કાયદા મુજબ વર્તવાની ફરજ પાડે છે.

માનવ અધિકારોનો ખ્યાલ હવે માત્ર વ્યક્તિ સ્વાતંત્ર્ય, અખબારી સ્વાતંત્ર્ય, અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, કે સંગઠન સ્વાતંત્ર્ય પૂરતો મર્યાદિત રહ્યો નથી. જેમ જેમ દુનિયાના દેશો આઝાદ થતાં ગયા અને લોકશાહી સરકારોની સ્થાપના જ્યાં જ્યાં થઇ ત્યાં આધુનિક પરિસ્થિતિને અનુરૂપ

રાજ્યબંધારણો પણ અસ્તિત્વમાં આવ્યાં. વિકાસના આ ક્રમમાં માનવ અધિકારો હવે નાગરિક કે રાજકીય અધિકારો પૂરતા મર્યાદિત રહ્યાં નથી. માનવ અધિકારોમાં હવે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોનો પણ સમાવેશ થાય છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માનવ અધિકારો અંગે જાગૃતિ બીજા વિશ્વયુદ્ધ પછી જોવા મળી છે. બીજા વિશ્વયુદ્ધ બાદ સાનફ્રાન્સિસકો દરમિયાન યુનો ચાર્ટરનો સ્વીકાર કરવામાં આવ્યો. ચાર્ટરના આમુખમાં મૂળભૂત માનવ અધિકારો અને માનવ ગૌરવ પ્રત્યે આદર વ્યક્ત કરવામાં આવેલ છે. આ પરિષદમાં માનવ અધિકારો માટે આંતરરાષ્ટ્રીય બીલ તૈયાર કરવાનું ઠરાવાયું. જે માટે ઈ.સ. 1946માં શ્રીમતી રૂઝવેલ્ટના અધ્યક્ષપદે માનવ અધિકાર પંચની રચના કરવામાં આવી. આ પંચે સપ્ટેમ્બર 1946માં યુનો મહાસભાને પોતાનો મુસદ્દો સુપરત કર્યો. થોડા સુધારાવધારા સાથે યુનો મહાસભાએ 10 ડિસેમ્બર 1948ના દિને આ મુસદ્દો સર્વાનુમતે સ્વીકાર્યો. ત્યારથી 10 ડિસેમ્બર ''આંતરરાષ્ટ્રીય માનવહક દિવસ'' (International Human Rights Day) તરીકે ઉજવાય છે. આ મુસદ્દો માનવ અધિકારો અંગેના વૈશ્વિક ઘોષણાપત્ર, Universal Declaration of Human Rights તરીકે ઓળખાય છે. તેના 30 અનુચ્છેદોમાં કોઈપણ પ્રકારના ભેદભાવ વિના બધા જ મનુષ્યો, જે અધિકારો ભોગવવા હકદાર રહેશે એવા માનવ અધિકારો વિશે જણાવેલ છે. જેમાં નાગરિક, રાજકીય, આર્થિક, સામાજિક તેમજ સાંસ્કૃતિક એમ બધા જ પ્રકારના અધિકારો વિશે જણાવેલ છે. આ ફક્ત ઘોષણાપત્ર હોઈ તેનો અમલ કરવો ફરજિયાત નથી. છતાં તેનું મહત્ત્વ ઓછું નથી. યુનોએ 1948માં ઘોષિત કરેલ માનવ અધિકારો અંગેના વૈશ્વિક ઘોષણાપત્ર બાદ અનેક આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ થઈ. ભારતે પણ આ સમજૂતીઓ સ્વીકારી અને એના અમલ અંગે પગલાંઓ લીધાં. જેના પરિણામે રાજ્યોના મુખ્ય પ્રધાનોની પરિષદ યોજવામાં આવી. ને 14મે 1993ના દિને માનવ અધિકાર સંરક્ષણ બીલ લોકસભામાં રજૂ થયું. લોકસભાના અધ્યક્ષે આ ખરડો પ્રવર સમિતિને મોકલ્યો. પ્રવર સમિતિમાં થયેલ ચર્ચાવિચારણા બાદ કેટલાંક સુધારા સાથે રાષ્ટ્રપ્રમુખના વટહુકમથી તા. 28-9-1993થી માનવ અધિકાર સંરક્ષણ નિયમ, 1993, Protection of Human Rights Act, 1993, અમલી બનાવાયો. બાદમાં બંને ગૃહોમાં પસાર કરી રાષ્ટ્રપ્રમુખની સંમતિથી અમલી બન્યો.

**(3) માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, 1993 (The Human Rights Act, 1993)**

આ કાયદામાં માનવ અધિકારોની વ્યાખ્યા આપેલ છે. જે મુજબ,

માનવ અધિકારો એટલે બંધારણથી બાંયધારી દ્વારા આપેલ અથવા આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં સમાવિષ્ટ કરાયેલ અને ભારતમાં અદાલતોથી અમલપાત્ર વ્યક્તિના જીવન સ્વાતંત્ર્ય, સમાનતા અને ગૌરવને લગતા અધિકારો.

આમ વ્યક્તિના જીવન સ્વાતંત્ર્ય, સમાનતા તથા ગૌરવને લગતા તમામ અધિકારો માનવ અધિકારો છે. ડી.ડી. બાસુએ માનવ અધિકારોની વ્યાખ્યા આ રીતે આપી છે. Human Rights are those minimum rights which every individual must have against the states or other public authority by viture of his being member of the human family irrespective of any other consideration. એટલે કે, આ ફક્ત માનવ સમાજનો સભ્ય હોવાને નાતે જ, અન્ય કોઈ બાબતને ધ્યાનમાં લીધા વિના, વ્યક્તિને રાજ્ય અથવા તો અન્ય જાહેર સત્તાધીશ સામે મળતાં લઘુતમ અધિકારો એ માનવ અધિકારો છે. આમ માનવ અધિકારો એ માનવીને માનવ સમાજનો સભ્ય હોવાને નાતે મળતાં અધિકારો છે.

માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમમાં આપેલી માનવ અધિકારની વ્યાખ્યા મુજબ, બંધારણ દ્વારા મળતાં અધિકારો તેમજ આંતરરાષ્ટ્રીય સમજૂતીઓમાં સમાવેશ કરવામાં આવેલ અધિકારો, કે જે વ્યક્તિના જીવન સ્વાતંત્ર્ય, સમાનતા તથા ગૌરવને લગતા છે તે માનવ અધિકારો છે. અહીં આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ એટલે યુનોની મહાસભાએ 16 ડિસેમ્બર 1966ના રોજ સ્વીકારેલી દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી તેમજ આર્થિક સામાજિક તેમજ સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી.

ભારતમાં પણ બંધારણ દ્વારા કેટલાંક અધિકારો મૂળભૂત અધિકારો તરીકે બક્ષવામાં આવેલાં છે. આ અધિકારોમાંથી કેટલાંક માનવ અધિકારો છે. આ અધિકારો ભારતના તમામ નાગરિકને મળેલાં છે. સ્ત્રી પણ ભારતની નાગરિક છે. તેથી તેણીને પણ આ અધિકારો છે. વળી સ્ત્રી હોવાને નાતે કેટલાંક વિશિષ્ટ અધિકારો પણ તેણીને મળેલાં છે.

## (4) સ્ત્રીઓના માનવ અધિકારો :

માનવ અધિકારો માનવીને માનવસમાજનો સભ્ય હોવાને નાતે મળતાં અધિકારો છે. સ્ત્રી પણ માનવ સમાજનો હિસ્સો જ છે. તેથી તેણીને પણ આ માનવ અધિકાર મળેલાં છે, પરંતુ કુદરતી રીતે શરીરની વિશિષ્ટ રચના તથા પરાપૂર્વથી ચાલી આવતી સામાજિક રૂઢિને કારણે સ્ત્રી તરફ ભેદભાવયુક્ત વલણ રાખવામાં આવે છે. ભારતના બંધારણના આમુખમાં તેમજ અનુચ્છેદ 14માં સમાનતાનો સિદ્ધાંત સ્વીકારાયો છે. વળી અનુચ્છેદ 15માં પણ જાતિના કારણે કે લિંગના કારણે ભેદભાવ ન રાખવા તેમજ સ્ત્રીઓ તથા બાળકો માટે તેમના લાભમાં વિશિષ્ટ કાયદાઓ ઘડવા જણાવાયું છે. આને પરિણામે કેટલાંક કાયદાઓ સ્ત્રીની તરફેણના-સ્ત્રીને લાભકર્તા ઘડાયા પણ છે. આવા કાયદાની બંદારણીયતાનો પ્રશ્ન ઊઠતાં ઠરાવાયું હતું કે સ્ત્રીઓની અને બાળકોની વિશિષ્ટ પ્રકૃતિ અને સંજોગોને કારણે વધારાની સવલતો તેમજ રક્ષણની જરૂર રહે છે. વળી બંધારણમાં પણ જોગવાઈ હોઈ આવા કાયદા બંધારણીય છે.

યુનોના માનવ અધિકારો અંગેના વૈશ્વિક ઘોષણાપત્રમાં પણ સ્ત્રીઓના માનવ અધિકારો અંગે જણાવેલ છે. તેમાં સ્ત્રીઓને પણ સમાન ગણવા - તેણીના સામે કોઈપણ પ્રકારના ભેદભાવ ના રાખવા - તે સામે તેણીના રક્ષણ અંગે તેમજ લગ્ન વખતે બંને પક્ષકારોની મુક્ત અને પૂર્ણ સંમતિ હોવા બાબત તેમજ બધાની જ - સ્ત્રીઓની પણ - ગુલામી-વેઠની નાબૂદી બાબત, કામદાર સ્ત્રીનું સમાન વેતન તેમજ રક્ષણ બાબત જણાવેલ છે. દીવાની તેમજ રાજકીય અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં ઠરાવાયું છે કે સગર્ભા સ્ત્રીને દેહાંતદંડની સજા આપી શકાય નહીં. લગ્નવિચ્છેદના અધિકારો સ્ત્રી પુરુષને સમાન હોવાં જોઈએ. વળી સ્ત્રીને કોઈપણ જાતના ભેદભાવ વગર જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો અધિકાર હોવો જોઈએ. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં પણ જણાવાયું છે કે સ્ત્રીને પુરુષના કામ કરતાં ઊતરતું કામ આપવામાં આવશે નહિ. સ્ત્રીને પણ સમાન કામ માટે સમાન વેતનની જોગવાઈ કરેલ છે. આ ઉપરાંત યુનોની મહાસભાએ નીચે મુજબ જુદાં જુદાં ઠરાવો સ્ત્રીઓના માનવ અધિકારો અંગે પસાર કરેલ છે.

જૂન 1993માં વિયેનામાં માનવ અધિકારો અંગેની વિશ્વ પરિષદ યોજાઈ હતી. જેમાં સ્ત્રીઓના અધિકારો પણ માનવ અધિકારો છે એમ ફરીથી ઠરાવાયું હતું. ડિસેમ્બર 1993માં યુનાઈટેડ નેશન્સે, Declaration on the Elimination of violence against Women સ્વીકાર્યું. જેમાં હિંસા કોને કહેવાય તે અને તે માટે સરકારે કયા પગલાં લીધા તે વિશે જોગવાઈ કરવામાં આવેલ છે.

આમ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્ત્રીપુરુષ સમાનતાનો સિદ્ધાંત સ્વીકારાયેલ છે. ભારતમાં પણ આ સિદ્ધાંત સ્વીકારાયેલ છે. ભારતના બંધારણ દ્વારા નીચેના માનવ અધિકારો મૂળભૂત અધિકારો તરીકે સ્ત્રીને મળેલાં છે.

1. **સમાનતાનો અધિકાર :** બંધારણના અનુચ્છેદ 14, 15, 16 અને 17માં અધિકાર સમાવિષ્ટ છે. દરેકને કાયદા સમક્ષ સમાનતા ને કાયદાના સમાન રક્ષણનો અધિકાર છે. તેમજ કોઈપણ વ્યક્તિ સાથે જ્ઞાતિ, જાતિ, ધર્મ, જન્મસ્થળ કે લિંગના કારણે ભેદભાવ રાખવામાં આવશે નહિ.

2. **સ્વાતંત્ર્યનો અધિકાર :** બંધારણના અનુચ્છેદ 19 દ્વારા વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, વેપારધંધાનું સ્વાતંત્ર્ય, સંગઠન કરવાનું સ્વાતંત્ર્ય તેમજ હરવા ફરવાના સ્વાતંત્ર્યનો અધિકાર આપવામાં આવ્યો છે.

3. **જીવન સ્વાતંત્ર્યનો અધિકાર :** બંધારણના અનુચ્છેદ 21 હેઠળ જીવનસ્વાતંત્ર્યનો અધિકાર આપવામાં આવેલ છે.

4. **શોષણ વિરુદ્ધનો અધિકાર.**

5. **ધર્મ સ્વાતંત્ર્યનો અધિકાર :** બંધારણના આમુખમાં જ ભારતને બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર તરીકે જણાવેલ છે. બંધારણના અનુચ્છેદ 25 હેઠળ દરેકને પોતાની ઇચ્છા મુજબનો ધર્મ પાળવાનો અધિકાર છે.

6. **સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો :** બંધારણ મુજબ દરેકને પોતાની સાંસ્કૃતિક ઓળખ જાળવી રાખવાનું સ્વાતંત્ર્ય છે.

   આ ઉપરાંત કેટલાંક વિશિષ્ટ કાયદાઓ છે કે જે દ્વારા પણ સ્ત્રીને કેટલાંક માનવ અધિકારો મળેલાં છે કે તે કાયદાઓમાં સ્ત્રીઓના માનવ અધિકારોના રક્ષણ અંગે જોગવાઈઓ છે. જેવાં કે,

1. કારખાનાનો કાયદો, 1948

2. સમાન વેતન અધિનિયમ, 1976

3. પ્રસૂતિ લાભ અધિનિયમ, 1961

4. સ્ત્રીઓના અનૈતિક વેપાર અટકાવવા અંગેનો કાયદો

5. સ્ત્રીઓની અશ્લીલ રજૂઆત અટકાવવા અંગેનો કાયદો, વગેરે.

ઉપરાંત ભારતીય ફોજદારી ધારામાં તેમજ દીવાની અને ફોજદારી કાર્યવાહી અધિનિયમમાં તેમજ પુરાવાના કાયદા દ્વારા તેમજ કૌટુંબિક કાયદાઓ દ્વારા પણ સ્ત્રીઓને કેટલાંક માનવ અધિકારો બક્ષવામાં આવેલાં છે કે તેણીના માનવઅધિકારોના રક્ષણ અંગે તેમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

સ્ત્રીને બંધારણ દ્વારા તેમજ વિવિધ કાયદાઓ દ્વારા માનવ અધિકારો મળેલાં છે, પરંતુ તેણીના આ માનવ અધિકારોનો ભંગ થતોં જ રહ્યો છે.

ભારતના બંધારણ મુજબ સમાનતાનો સિદ્ધાંત સ્વીકારાયેલ છે. છતાં ભારતીય સમાજમાં બાળકીનો જન્મ અપ્રિય મનાય છે. આધુનિક વૈજ્ઞાનિક શોધોને પરિણામે બાળકીને જન્મ લેતાં પહેલાં જ મારી નાખવામાં આવે છે. જો કે હવે કાયદા દ્વારા ગર્ભનું જાતિ પરીક્ષણ પ્રતિબંધિત કરવામાં આવ્યું છે, છતાં બાળકીને જન્મતાં જ અટકાવી દેવાય છે. જેને પરિણામે સમાજમાં સ્ત્રી પુરુષની સંખ્યાની અસમાનતા હવે ઊડીને આંખે વળગે તેવા પ્રમાણમાં જોવા મળે છે. પુત્ર પુત્રીના ઉછેરમાં પણ ભેદભાવ રખાય છે. સમાજમાં પુરુષને ચઢિયાતો ને સ્ત્રીને ઊતરતી કક્ષાની ગણવાનો વ્યવહાર સર્વત્ર પ્રવર્તમાન છે. પરિણામે સ્ત્રીઓએ પણ આ વ્યવહારને સાહજિક રીતે સ્વીકારી લીધેલ છે. તેણીનું માનસ આનાથી ટેવાઈ ગયેલ છે. પરિણામે સ્ત્રીની તરફેણમાં કરવામાં આવેલ ખાસ કાયદાનો લાભ પણ લેવાનું સ્ત્રી મોટા ભાગે વિચારતી નથી.

ભારતના અંગત-વ્યક્તિગત કાયદાઓમાં પણ સ્ત્રીઓને અન્યાયકર્તા જોગવાઈઓ છે. લગ્ન, લગ્નવિચ્છેદ, દત્તકવિધાન તેમજ વારસા અધિકારની કાયદાકીય જોગવાઈઓ એવી છે કે જેમાં સ્ત્રીના માનવ અધિકારોનો ભંગ થઈ રહ્યો છે. લગ્ન બાદ પણ સ્ત્રીને દહેજ માટે ત્રાસ આપવા કે સળગાવી દેવાના કિસ્સા સામાન્ય બની ગયા છે. છૂટાછેડા બાદ પણ સ્ત્રીને જ અન્યાય થાય છે. છૂટાછેડા બાદ તેણીને ઘર છોડી જતા રહેવું પડે છે પછી ભલે તેણીએ પતિને તે ઘર ખરીદવા માટે પોતાની સ્વપાર્જિત રકમ કે સ્ત્રીધનના નાણાંથી મદદ કરી હોય. ભરણપોષણ માટે તેણીએ પતિ પાસે ઓશિયાળા બનવું પડે છે. આ તેણીના માનવ અધિકારોનો ભંગ જ છે.

કામ કરતી સ્ત્રીઓને પણ કામના સ્થળે જાતિય સતામણીનો ભોગ બનવું પડે છે. કુટુંબમાં પણ કેટલીકવાર સ્ત્રીઓની જાતિય સતામણી થાય છે. શાળામાં કે કૉલેજમાં જતી વિદ્યાર્થિનીનું સહપાઠી કે શિક્ષકો દ્વારા જાતિય શોષણ કે સતામણી થાય છે. રસ્તામાં પણ કેટલાંક પુરુષો આવતી જતી સ્ત્રીની કનડગત કરે છે કે તેમની સામે અશ્લીલ ચેષ્ટાઓ કરે છે. આ બધા તેણીના માનવ અધિકારોના ભંગના

કિસ્સા જ છે. આ માટે કાયદામાં જોગવાઈઓ છે જ. આ જોગવાઈઓને તાજેતરના વર્ષોમાં વધુ કડક બનાવાઈ તો કેટલીક નવી જોગવાઈઓ પણ ઉમેરવામાં આવી, પરંતુ સ્ત્રીની સમાજમાં ચાલી આવતી છાપને પરિણામે પોતાની સાથે થતાં ગુના જેવાં કે છેડતી, બળાત્કાર વગેરે માટે સ્ત્રી અદાલતનો આશરો લેતાં ડરે છે. પુરુષોનો જ વાંક હોવા છતાં સમાજ સ્ત્રીને જ બદનામ કરે છે. તેણીને જીવન જીવવું અસહ્ય બનાવી દે છે. જેને પરિણામે કેટલીક વાર તેણી આત્મહત્યા કરવા પણ પ્રેરાય છે. વળી જો તેણી કાનૂની કાર્યવાહી કરે તો તેમાં પણ તેણીને જ બદનામ કરતા કે ક્ષોભમાં મૂકાઈ જવું પડે તેવા પ્રશ્નો પૂછી તેણીનું અપમાન જ કરવામાં આવે છે. આ બધા તેણીના માનવ અધિકાર ભંગના જ કિસ્સાઓ છે.

### (5) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (The National Human Rights Commission) :

માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, 1993ની કલમ 3ની જોગવાઈ હેઠળ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની રચના કરવામાં આવે છે. આ પંચના સભ્યો તથા પંચના અધ્યક્ષની નિમણૂંક રાષ્ટ્રપતિ, વડાપ્રધાનના અધ્યક્ષપણા હેઠળ, લોકસભાના અધ્યક્ષ કે કેન્દ્રના ગૃહપ્રધાન, લોકસભા તથા રાજ્યસભાના વિરોધ પક્ષના અધ્યક્ષ તથા રાજ્યસભાના ઉપાધ્યક્ષની બનેલી સમિતિની ભલામણથી કરે છે.

આ પંચ નીચેના સભ્યોનું બનેલું છે :

અધ્યક્ષ : જેઓ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે રહેલ હોય.

સભ્યો : (1) સર્વોચ્ચ અદાલતમાં ફરજ બજાવી રહેલ કે બજાવી ચૂકેલ ન્યાયમૂર્તિ

(2) કોઈપણ રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ચાલુ હોય કે મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે રહી ચૂકેલ ન્યાયમૂર્તિ.

(3) માનવ અધિકારોને લગતી બાબતો અંગે અનુભવ કે જ્ઞાન ધરાવતી બે વ્યક્તિઓ.

(4) રાષ્ટ્રીય લઘુમતી પંચ, અનુસૂચિત જાતિ અને જનજાતિ પંચ તેમજ રાષ્ટ્રીય મહિલા પંચ આ દરેકના અધ્યક્ષ પણ કલમ 12 (બી)થી (જે)માં નિર્દિષ્ટ કરાયેલાં કાર્યો બજાવવા માટે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના સભ્યો ગણાય છે.

આ ઉપરાંત પંચમાં એક સેક્રેટરી જનરલ હોય છે જે પંચના મુખ્ય વહીવટી અધિકારી ગણાય છે અને પંચ દ્વારા સોંપવામાં આવેલ સત્તા વાપરે છે અને કાર્યો કરે છે. આ પંચનું મુખ્ય મથક દિલ્હી છે અને કેન્દ્ર સરકારની પરવાનગીથી ભારતનાં અન્ય સ્થળોએ આની કચેરી સ્થાપી શકાય છે.

આ પંચના અધ્યક્ષની મુદત 5 વર્ષ અથવા 70 વર્ષની ઉંમર - આ બેમાંથી જે વહેલી હોય ત્યાં સુધીની ગણાય છે. જ્યારે સભ્યની મુદત 5 વર્ષની હોય છે, પરંતુ 65 વર્ષની ઉંમર પછી હોદ્દો ધારણ કરી શકે નહીં. આ પંચના અધ્યક્ષ અથવા સભ્યને જો તે,

(1) નાદાર જાહેર થયેલ હોય, અથવા

(2) હોદ્દાની મુદત દરમિયાન અન્ય જગ્યાએ વેતનથી કાર્ય કરવા રહે, અથવા

(3) શારીરિક કે માનસિક અસમર્થતાને કારણે હોદ્દાની રૂએ ફરજ બજાવવા અસમર્થ બને, અથવા

(4) અસ્થિર મગજના હોય અને સક્ષમ અદાલત દ્વારા તેમ જાહેર કરવામાં આવેલ હોય, અથવા

(5) રાષ્ટ્રપતિના અભિપ્રાય મુજબ નૈતિક રીતે અધમ ગણાય એવા ગુના માટે સજા થઈ હોય અને જેલમાં ગયા હોય.

- તો તેના હોદ્દા ઉપરથી યોગ્ય કાર્યવાહી બાદ દૂર કરી શકાય છે.

### (6) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યો : (Functions of The National Human Rights Commission) :

માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, 1993ની કલમ 12માં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચનાં

કાર્યો વિશે જણાવેલ છે. જે મુજબ પંચ નીચે મુજબનાં તમામ અથવા કોઈપણ એક કાર્ય કરી શકે છે.

(એ) ભોગ બનનાર વ્યક્તિ દ્વારા અથવા તેના વતી બીજા કોઈ દ્વારા કરવામાં આવેલ ફરિયાદ અરજીના સંદર્ભમાં અથવા પોતાની મેળે,

(1) માનવ અધિકાર ભંગ અથવા તેમાં મદદગારી, અથવા

(2) જાહેર સેવકે આવો ભંગ રોકવામાં દાખવેલી ઉપેક્ષાની તપાસ કરવાનું

(બી) અદાલત સમક્ષ પડી રહેલા [Pending] માનવ અધિકાર ભંગના આરોપવાળી કોઈ કાર્યવાહીમાં અદાલતની પરવાનગીથી દરમિયાનગીરી કરવાનું.

(સી) રાજ્ય સરકારને જાણ કરીને, રાજ્ય સરકારના તાબાની કોઈપણ જેલ અથવા સંસ્થા કે જ્યાં વ્યક્તિઓને અટકાયતમાં રાખવામાં આવી હોય કે સારવાર કે સુધારણા કે રક્ષણ માટે રાખવામાં આવેલ હોય તેની મુલાકાત લઈ ત્યાં રાખવામાં આવેલ વ્યક્તિઓની રહેણીકરણીની પરિસ્થિતિનો અભ્યાસ કરી તેના પર ભલામણો કરવાનું.

(ડી) બંધારણ અથવા પ્રવર્તમાન કાયદા હેઠળ માનવ અધિકારોના રક્ષણ માટે કરવામાં આવેલ જોગવાઈઓની સમીક્ષા કરી તેના અસરકારક અમલ માટે પગલાંઓની ભલામણ કરવાનું.

(ઈ) ત્રાસવાદનાં કૃત્યો સહિત માનવ અધિકારોના ઉપયોગમાં અવરોધક પરિબળોની સમીક્ષા કરીને ઉપચારાત્મક પગલાંઓની ભલામણ કરવાનું.

(એફ) માનવ અધિકાર અંગેની સંધિઓ અને અન્ય આંતરરાષ્ટ્રીય સમજૂતીઓનો અભ્યાસ કરવાનો અને તેના અસરકારક અમલ માટે ભલામણો કરવાનું.

(જી) માનવ અધિકારોના ક્ષેત્રમાં સંશોધન કાર્ય હાથ ધરવાનું અને તેને ઉત્તેજન આપવાનું.

(એચ) સમાજના વિવિધ વર્ગોમાં પ્રકાશનો, માધ્યમો, પરિસંવાદો અને અન્ય લભ્ય સાધનો દ્વારા માનવ અધિકારો અંગે શિક્ષણ આપવાનું અને આ અધિકારોના અમલ માટે લભ્ય સાવચેતીઓની જાગૃતિનો પ્રચાર કરવાનું.

(આઈ) માનવ અધિકારોના ક્ષેત્રમાં કામ કરતા બિનસરકારી સંગઠનો અને સંસ્થાઓના પ્રયત્નોને પ્રોત્સાહન આપવાનું.

(જે) માનવ અધિકારોના સંરક્ષણ માટે અન્ય યોગ્ય લાગે તે કાર્યો કરવાનું.

માનવ અધિકાર ભંગની ફરિયાદની તપાસ કરતી વખતે પંચને દીવાની કાર્યવાહીનો કાયદો, 1908 હેઠળના દાવાની ઈન્સાફી કાર્યવાહી કરી રહેલ દીવાની અદાલત જેવી જ સત્તાઓ છે. એટલે કે પંચ, સાક્ષીને સમન્સ કાઢી હાજર રહેવા ફરજ પાડી શકે છે અને સોગંદ પર તપાસી શકે છે. વળી કોઈપણ દસ્તાવેજની શોધ કરી રજૂ કરવા, સોગંદ પર પુરાવો મેળવવા, કોઈપણ અદાલત કે કચેરીમાંથી સાર્વજનિક રેકર્ડની લેખિત માંગણી કરવાની કે નકલ મેળવવાની, કે સાક્ષીઓ અને દસ્તાવેજની તપાસ માટે કમિશન નીમવાની કે બીજી કોઈપણ બાબત કે મુકરર કરવામાં આવે તે બાબતની સત્તા છે. માનવ અધિકાર ભંગની ફરિયાદની તપાસ કરતી વખતે પંચ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે કોઈપણ સંસ્થા પાસેથી માહિતી મંગાવી શકે છે. જો પંચને નિયત કરેલ સમયમર્યાદામાં માહિતી મળે તો પંચ પોતાની મેળે તપાસ કરી શકે છે. પોતાને પ્રાપ્ય થયેલ માહિતી અને અહેવાલને આધારે જો પંચને વધુ તપાસ કરવાનું જરૂર ન જણાય તો આગળ કાંઈ કાર્યવાહી કરશે નહીં ને તેની જાણ ફરિયાદીને કરશે. જો પંચને જરૂરી જણાય તો વધુ તપાસ પણ કરી શકે છે. તપાસ કર્યા બાદ પંચ નીચેની કોઈપણ કાર્યવાહી કરી શકે છે.

(1) જો તપાસમાં માનવ અધિકારોનો ભંગ થયો છે અથવા માનવ અધિકારનો ભંગ થતો રોકવામાં જાહેર સેવકની ઉપેક્ષા પ્રગટ થતી હોય તો, પંચ સંબંધિત સરકારને ભંગ કરનાર વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી અથવા તે અન્ય કોઈ પગલાં સૂચવે તે પગલાં લેવા જણાવી શકે છે.

(2) જરૂરી આદેશો મેળવવા માટે સર્વોચ્ચ અદાલત કે વડી અદાલતમાં કાર્યવાહી કરી શકે છે.

(3) ભોગ બનનાર કે તેના કુટુંબને વચગાળાની રાહત આપવા માટે સંબંધિત સરકાર ભલામણ કરી શકે.

પંચ પોતાની તપાસના અહેવાલની નકલ પોતાની ભલામણો માટે સંબંધિત સરકારને કે સત્તાધિકારીને મોકલશે. સંબંધિત સરકાર કે સત્તાધિકારી આ અહેવાલ પર એક માસમાં અથવા પંચે લંબાવી આપેલ સમય સુધીમાં પોતાના વલણની સ્પષ્ટતા કરશે અને પોતે લીધેલ કે લેવાનાર પગલાંની પણ જાણ કરશે. પંચ પોતાના અહેવાલની નકલ અરજદારને પણ મોકલાવશે.

લશ્કરી દળના કોઈ સભ્ય દ્વારા માનવ અધિકાર ભંગની ફરિયાદ માટે કલમ 19માં તેમજ રાજ્ય માનવ અધિકાર પંચની રચના માટે કલમ 21માં જોગવાઈ છે.

### (7) રાષ્ટ્રીય મહિલા પંચ ધારો, 1990 (The National Commission for Women Act, 1990) :

સ્ત્રીઓના માનવ અધિકારો અંગે આંતરરાષ્ટ્રીય ચળવળ શરૂ થવાને પગલે, ભારતમાં સ્ત્રીઓના માનવ અધિકારોના રક્ષણ માટે પગલાં લેવાનાં શરૂ થયા. સ્ત્રીઓ સામે અત્યાચાર અને અસમાનતાની રાષ્ટ્રવ્યાપી ફરિયાદો વધતી જતાં ભારતમાં 1990માં રાષ્ટ્રીય મહિલા પંચ ધારો, The National Commission for Women Act, 1990 પસાર થયો. જે જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાયના સમગ્ર ભારતમાં 31-1-1992થી અમલી બન્યો. આ કાયદાની કલમ 3માં રાષ્ટ્રીય મહિલા પંચ નીમવાની જોગવાઈ કરવામાં આવી છે.

### (8) રાષ્ટ્રીય મહિલા પંચ The National Commission for Women) :

આ પંચમાં એક અધ્યક્ષ અને બીજા પાંચ સભ્યો હોય છે. ઉપરાંત એક સભ્ય મંત્રી [Member Secretary] હોય છે. આ તમામની નિયુક્તિ કેન્દ્ર સરકાર કરે છે. મહિલાઓની લડતના પ્રશ્ને પ્રતિબદ્ધ [Committed] વ્યક્તિની પંચના અધ્યક્ષ તરીકે અને જેને કાયદાનો અથવા કાયદા ઘડવાની પ્રક્રિયાનો કે ટ્રેડ યુનિયનનો કે ઉદ્યોગના સંચાલનનો કે સ્ત્રીઓની રોજગારી વધે તે માટે પ્રતિબદ્ધ સંગઠનના સંચાલનનો અનુભવ હોય, સ્ત્રીઓના સ્વૈચ્છિક સંગઠન (કે જેમાં સક્રિય સ્ત્રી કાર્યકરનો સમાવેશ થાય છે) ના સંચાલનનો અનુભવ હોય અને વહીવટી બાબતમાં આર્થિક વિકાસ, સ્વાસ્થ્ય શિક્ષણ અથવા સામાજિક કલ્યાણ ક્ષેત્રે કુશળ તથા પ્રમાણિક હોય એવી પાંચ વ્યક્તિઓ (જે જેમાં ઓછામાં ઓછી એક વ્યક્તિ અનુસૂચિત જાતિની અને ઓછામાં ઓછી એક વ્યક્તિ અનુસૂચિત જનજાતિની હોય)ની નિયુક્તિ પંચના સભ્યો તરીકે કરે છે. જ્યારે સંચાલન સંગઠનની રચના કે સામાજિક ચળવળના ક્ષેત્રે નિષ્ણાત હોય અથવા કેન્દ્ર સરકારના કે ઓલ ઈન્ડિયા સર્વિસમાં સિવિલ અધિકારી હોય અને યોગ્ય અનુભવ ધરાવનાર વ્યક્તિની પંચના સભ્યમંત્રી તરીકે નિયુક્તિ કરવામાં આવે છે. અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની હોય છે. તેઓ હોદ્દા દરમિયાન ગમે ત્યારે રાજીનામું આપી છૂટા થઈ શકે છે.

જો અધ્યક્ષ કે સભ્ય,

(1) પોતાનું કરજ ભરવા અશક્તિમાન બને.

(2) એવા ગુના માટે શિક્ષા થાય કે કેન્દ્ર સરકારના અભિપ્રાય મુજબ નૈતિક રીતે અધમ ગણાય.

(3) સક્ષમ અદાલત દ્વારા અસ્થિર મગજના જાહેર કરવામાં આવે.

(4) કામ કરવા ઈન્કાર કરે અથવા કામ કરવા અસમર્થ બને.

(5) પંચની પરવાનગી વિના, પંચની સતત ત્રણ મિટિંગમાં ગેરહાજર રહે અથવા

(6) અધ્યક્ષે કે સભ્યો તેના હોદ્દાનો એવો દુરુપયોગ કર્યો હોય કે કેન્દ્ર સરકારના અભિપ્રાય પ્રમાણે હોદ્દા પર ચાલુ રહેવા દેવાથી જાહેર હિતને હાનિ પહોંચે.

તો, તેઓને સાંભળવાની વાજબી તક આપ્યા બાદ, તેમના હોદ્દા ઉપરથી દૂર કરી શકાય છે અને ખાલી પડેલ જગ્યા પર નવી નિયુક્તિ કરવામાં આવે છે.

## (9) રાષ્ટ્રીય મહિલા પંચના કાર્યો (Functions of the National Commission for Women) :

રાષ્ટ્રીય મહિલા પંચ નીચે જણાવેલ કાર્યો પૈકીનાં કોઈ અથવા તમામ કાર્યો કરે છે.

(1) બંધારણ તેમજ અન્ય કાયદાઓની જોગવાઈઓ હેઠળ સ્ત્રીઓને રક્ષણ આપવામાં આવ્યું હોય તેવી બાબતોની તપાસ તથા સંશોધન કરશે.

(2) આવાં રક્ષણાત્મક પગલાંની તપાસ અંગેનો અહેવાલ, પંચ કેન્દ્ર સરકારને વાર્ષિક અને પંચને યોગ્ય લાગે ત્યારે અન્ય સમયે રજૂ કરશે.

(3) સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે આવાં રક્ષણાત્મક પગલાંઓના કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અસરકારક અમલ માટેની ભલામણો અહેવાલમાં કરશે.

(4) સમયાંતરે સ્ત્રીઓને અસરકર્તા બંધારણની પ્રવર્તમાન જોગવાઈઓ અને અન્ય કાયદાઓની સમીક્ષા કરશે અને તેમાં કોઈ સુધારા માટે ભલામણ કરશે કે જેથી તે જોગવાઈઓમાં રહેલ કોઈ ખામી કે અપૂર્ણતા દૂર કરવા ઉપાયાત્મક વૈધાનિક પગલાં લઈ શકાય.

(5) બંધારણની કે અન્ય કાયદાની જોગવાઈઓનો ભંગ કરતા કેસો કે જે સ્ત્રીઓ સંબંધિત હોય તેને યોગ્ય સત્તાધીશ સમક્ષ લઈ જશે.

(6) ફરિયાદની તપાસ કરશે અને નીચે જણાવ્યા પ્રમાણેની બાબતોમાં સ્વયંભૂ નોંધ લેશે.

(1) સ્ત્રીઓને તેમના હકથી વંચિત રાખવામાં આવી હોય,

(2) મહિલાઓના રક્ષણ માટે જે કાયદા ઘડવામાં આવ્યા હોય તેનો અમલ ન થતો હોય અને સમાનતા અને વિકાસનો હેતુ સિદ્ધ કરવા માટે,

(3) મહિલાઓની વિટંબણા દૂર થાય, કલ્યાણની ખાતરી આપે અને રાહત મળે તેવા નીતિ વિષયક નિર્ણયો, માર્ગદર્શનો કે સૂચનોનું પાલન ન થતું હોય, અને આવી બાબતોમાંથી જે મુદ્દા ઉપસ્થિત થયાં હોય તેને સક્ષમ સત્તાધીશ સમક્ષ લઈ જવા.

(7) મહત્ત્વના પ્રશ્નો કે ભેદભાવથી ઉદ્ભવતી પરિસ્થિતિ અને સ્ત્રીઓ વિરુદ્ધ અત્યાચારની બાબતો ખાસ ભ્યાસ માટે કે તપાસ માટે લેવી. જેથી નિયંત્રણોનો ખ્યાલ આવે, જેથી તે દૂર કરવા માટે ભલામણ થઈ શકે.

(8) પ્રોત્સાહક અને શૈક્ષણિક અવલોકન હાથ પર લેવા, જેથી તમામ કાર્યક્ષેત્રમાં સ્ત્રીઓના પૂરતા પ્રતિનિધિત્વ મમાટે સૂચનો કરી શકાય અને તેણીની પ્રગતિમાં આડે આવતાં અવરોધોનો ખ્યાલ આવી શકે.

(9) મહિલાઓના સામાજિક-આર્થિક વિકાસ માટે આયોજનની પ્રક્રિયામાં ભાગ લેવા તથા સલાહ આપવી.

(10) કોઈ રાજ્ય કે કેન્દ્રમાં મહિલાઓના વિકાસની પ્રગતિનું મૂલ્યાંકન કરવું.

(11) જેલ, રિમાન્ડ હોમ, સ્ત્રીઓની સંસ્થા કે અન્ય કોઈ સ્થળ કે જ્યાં સ્ત્રીઓને કેદી તરીકે કે અન્ય કોઈ રીતે રાખવામાં આવી હોય, તે જગ્યાની તપાસ કરવી કે કરાવવી અને જરૂર જણાય તો સંબંધિત સત્તાધીશ સમક્ષ આગળની કાર્યવાહી માટે રજૂઆત કરવી.

(12) ફંડને લગતા કેસો કે જેમાં એવા મુદ્દા હોય કે જે સ્ત્રીઓના મોટા સમુદાયને અસર કરતાં હોય.

(13) સ્ત્રીઓ સંબંધિત કોઈપણ બાબત અને ખાસ કરીને સખત પરિશ્રમમાં પડતી મુશ્કેલીઓ બાબત નિયતકાલીન સમયે સરકારને અહેવાલ આપવો.

(14) બીજી કોઈપણ બાબત કે જે કેન્દ્ર સરકાર દ્વારા સૂચવવામાં આવે તે.

પંચે ઉપર મુજબનાં કાર્યો કરવાનાં હોય છે, જેમાં ઉપર (1), (6) તથા (9)માં જણાવેલ કાર્યો કરતી વખતે પંચને દીવાની અદાલત જેવી જ અને જેટલી જ સત્તા છે એટલે કે,

(1) ભારતના કોઈપણ ભાગમાં વ્યક્તિને સમન્સ મોકલીને તેની હાજરીની ફરજ પાડવાની અને સોગંદ ઉપર તેને તપાસવાની સત્તા.

(2) કોઈ દસ્તાવેજની શોધ અને રજૂઆતની ફરજ પાડવાની સત્તા.

(3) સોગંદનામા પર પુરાવો સ્વીકારવાની સત્તા.

(4) કોઈપણ અદાલત અથવા કચેરીમાંથી કોઈપણ જાહેર દફતર કે તેની નકલ મેળવવાની સત્તા.

(5) સાક્ષી કે દસ્તાવેજોની તપાસ માટે કમિશન નીમવાની સત્તા.

(6) નિયત કરવામાં આવે તેવી અન્ય કોઈપણ બાબત.

પરંતુ રાષ્ટ્રીય મહિલા પંચને તેને મળેલ ફરિયાદની તપાસ કર્યા બાદ સંબંધિત સત્તાધીશને ભલામણ કરવા સિવાય અન્ય કોઈ પગલાં લેવાની સત્તા નથી.

(10) વિશાખા વિ. સ્ટેટ ઓફ રાજસ્થન AIR, 1997 SC 3011

કામ કરતી સ્ત્રીઓની કામના સ્થળે જાતિય સતામણી થાય છે, જે તેણીના મૂળભૂત અધિકારો તેમજ માનવ અધિકારોનો ભંગ છે. આ વિશાખાના કેસમાં કામ કરતી સ્ત્રીઓના બંધારણના અનુચ્છેદ 14, 19 અને 21 હેઠળના મૂળભૂત અધિકારોના અમલ માટે રીટ પીટીશન કરવામાં આવી હતી. જેમાં સુપ્રિમ કોર્ટે માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, 1993ની કલમ 2(D) ને ધ્યાનમાં લેતાં ઠરાવ્યું કે ભારતીય ફોજદારી ધારામાં કામના સ્થળે સ્ત્રીઓની જાતિય સતામણી અંગે કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી. તેથી એવી જોગવાઈઓ થાય ત્યાં સુધી કામ કરતી સ્ત્રીઓની કામના સ્થળે થતી જાતિય સતામણી નિવારવા કોઈ માર્ગદર્શક સિદ્ધાંતો, નિયમો હોવાં જરૂરી છે.

સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું કે કામ કરતી સ્ત્રીઓની કામના સ્થળે થતી સતામણી લૈંગિક સમાનતાના મૂળભૂત સિદ્ધાંતના ભંગમાં પરિણમે છે. ભારતના બંધારણમાં જાતિય સમાનતાનો સિદ્ધાંત સ્વીકારાયેલો છે ને જાતિય સમાનતામાં જાતિય સતામણી સાથે અને ગૌરવ સાથે કામ કરવાના હકોને રક્ષવાની બાબત પણ સમાયેલી છે અને સાર્વત્રિક (વૈશ્વિક) રીતે સ્વીકારાયેલો માનવ અધિકાર છે. આ અધિકારના ભંગ માટે ઉપાય આપતોં સ્થાનિક કાયદો નથી તેથી એવો કોઈ કાયદો અમલી ન બને ત્યાં સુધી નોકરી કરતી સ્ત્રીઓએ તેમની નોકરીના સ્થળે થતી જાતિય સતામણીમાંથી અને તેમની સાથેના દુરાચારમાંથી તેમને બચાવે અને લૈંગિક સમાનતા મૂળભૂત માનવ અધિકારનું સ્થાપન થાય તે માટે સુપ્રિમ કોર્ટે નીચે જણાવ્યા પ્રમાણેની માર્ગદર્શક પ્રણાલિકા ઠરાવીને તેનું કડક પાલન દરેક કામકાજના સ્થળે અથવા અન્ય સંસ્થાઓમાં કરવામાં આવે એવું ઠરાવ્યું. સુપ્રિમ કોર્ટે બંધારણના અનુ. 32 હેઠળની સત્તાઓ કે અનુ. 141 હેઠળનો સુપ્રિમ કોર્ટે વિજ્ઞાપન કરેલોં કાયદો ગણવા જણાવ્યું.

- **સુપ્રિમ કોર્ટની માર્ગદર્શક પ્રણાલિકાઓ :**

કામના સ્થળે સ્ત્રીઓની થતી જાતિય હેરાનગતિ અટકાવવાની અથવા તેમ કરતાં ભય પેદા કરવાની કે તેનો નિકાલ સમાધાન અથવા એવાં કૃત્યો સામે ફોજદારી કે અન્ય કોઈ પગલાં લેવાની જવાબદારી જે તે કામના સ્થળના નિયોજક (Employer) અથવા તે સ્થળની જવાબદાર વ્યક્તિની કે કોઈ સંસ્થાની ફરજ રહેશે.

જાતિય હેરાનગતિમાં વણજોઈતું કે અસ્વીકાર્ય જાતિયતા તરફ કરાયેલું પ્રત્યક્ષ કે પરોક્ષ વર્તનનો સમાવેશ થાય છે. જેમ કે, જ્યારે કોઈ સહકર્મચારી,

(1) સ્ત્રીના શરીર સાથે બિનજરૂરી સ્પર્શ કરે,

(2) જાતિય મહેરબાની માટે માંગણી કે વિનંતી કરે,

(3) દ્વિઅર્થી સંવાદો બોલે,

(4) અશ્લીલ ચિત્રો દર્શાવે,

(5) અન્ય કોઈ જાતિય સ્વરૂપનું અસ્વીકાર્ય એવું મૌખિક, શારીરિક કે અન્ય પ્રકારનું વર્તન,

જાહેર તેમજ ખાનગી દરેક પ્રકારના કામના સ્થળે સ્ત્રીઓની આવી જાહેર હેરાનગતિ અટકાવવા માટે નિયોજકે અથવા કામનો હવાલો સંભાળનાર વ્યક્તિએ પગલાં લેવાની ફરજ છે. વળી નક્કી કરેલાં આ માર્ગદર્શક સૂચનો થિયેટર, બગીચો, રેલવે સ્ટેશન, કચેરીઓ વગેરે સ્થળે મૂકવા સુપ્રિમ કોર્ટે સૂચન કરેલ છે.

વળી જો જાતિય હેરાનગતિનું કૃત્ય ભારતીય ફોજદારી ધારો કે અન્ય કાયદા હેઠળ સ્પષ્ટ ગુનો બનતું હોય તો નિયોજકે તે મુજબ યોગ્ય કાનૂની કાર્યવાહી કરવી જોઈએ. જો જાતિય હેરાનગતિનું કૃત્ય નોકરીના નિયમો વિરુદ્ધનું હોય તો, તે નિયમો પ્રમાણે પગલાં ભરવાં જોઈએ. આવા પ્રકારની ફરિયાદો માટે સમિતિ તેમજ ફરિયાદનું તંત્ર ઊભું કરવું જોઈએ.

સુપ્રિમ કોર્ટની આ માર્ગદર્શક સૂચનાઓ જ્યાં સુધી આ ક્ષેત્રમાં કોઈ યોગ્ય કાયદો ઘડવામાં ન આવે ત્યાં સુધી બંધનકર્તા રહેશે.

## (11) સ્ત્રીઓ પ્રત્યેના સર્વપ્રકારના ભેદભાવ નાબૂદી સંધિ (સીડો) (Convention on the Elimination of All Forms of Discimination against Women-[CEDAW]) :

માનવ અધિકાર અંગેના વૈશ્વિક જાહેરનામામાં જાતિય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદીની ખાતરી આપવામાં આવેલ છે તેમજ કોઈપણ જાતના ભેદભાવ વગર કાયદા સમક્ષની સમાનતાની ખાતરી આપવામાં આવેલ છે. વળી તેમાં જણાવેલ છે કે માનવી મુક્ત જન્મે છે અને દરેક કોઈપણ જાતના ભેદભાવ વગર ગૌરવપૂર્ણ જીવન જીવવાનો અધિકાર ધરાવે છે. છતાં પણ સ્ત્રીઓ સામે ભેદભાવયુક્ત વલણ રાખવામાં આવે છે. આથી યુનોની સામાન્ય સભાએ તા. 7-11-1967ના દિને સ્ત્રીઓ સામેના દરેક પ્રકારના ભેદભાવો નાબૂદ કરવા માટેનું એક જાહેરનામું સ્વીકાર્યું અને એ જાહેરનામામાં જણાવેલ બાબતોના અમલીકરણ માટે 18-12-79ના રોજ એક આંતરરાષ્ટ્રીય સમજૂતી The Convention on the Elimination of All Forms of Discimination against Women - [CEDAW] જાહેર કરાઈ જે 1981થી અમલી બની જેમાં હાલના 163 દેશો પક્ષકારો છે.

સ્ત્રીઓ સામે ભેદભાવ એટલે જાતિના આધારે મુકવામાં આવેલ કોઈપણ પ્રકારનો તફાવત, બહિષ્કૃતિ અથવા બંધન કે જેનો હેતુ સ્ત્રી પુરુષની સમાનતાની રૂએ સ્ત્રીને રાજકીય, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, દીવાની અથવા અન્ય કોઈ ક્ષેત્રમાં મળેલાં માનવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યોની માન્યતા, ઉપભોગ અથવા તેને વાપરવાના અધિકારને નુકસાન કરે કે રદ કરે. સભ્ય દેશો સ્ત્રી પરત્વેના પરોક્ષ તેમજ પ્રત્યક્ષ તમામ પ્રકારના ભેદભાવોને નિરર્થક ઠરાવે અને સ્ત્રી પુરુષની સમાનતાનો સિદ્ધાંત તેમના બંધારણમાં સ્વીકારે અને સ્ત્રીઓ સામેના ભેદભાવોને પ્રતિબંધિત કરવા વૈધાનિક અને બીજાં પગલાં લે તથા સ્ત્રીઓને પણ પુરુષની જેટલા જ કાનૂની અધિકારોનું રક્ષણ મળે એવી પ્રક્રિયા સ્થાપિત કરે અને કોઈપણ સંસ્થા કે વ્યક્તિ સ્ત્રીઓ સામે ભેદભાવ ન આચરી શકે તેવાં યોગ્ય પગલાં લે એવું આ સમજૂતીમાં જણાવાયું છે. વળી જે માળખાઓ દ્વારા આંતરદેશીય સુલેહો પર નજર રાખવામાં આવે છે, તેમણે સ્ત્રીઓ પોતાના માનવ અધિકારો સંપૂર્ણપણે અને સમાનતાપૂર્વક માણી શકે તે માટે ચાલુ અમલીકરણની પ્રક્રિયાઓનો અસરકારક ઉપયોગ કરવા સ્ત્રીઓને જરૂરી માહિતી પહોંચાડવી જોઈએ. સ્ત્રીઓની સમાનતા અને તેમના માનવ અધિકાર પરત્વે પ્રતિબદ્ધતાનું અમલીકરણ બળવત્તર બને તે માટે નવી પ્રક્રિયાઓ પણ સ્વીકારવી જોઈએ. સ્ત્રીઓના દરજ્જા વિષયક સમિતિ અને સ્ત્રીઓ પ્રત્યે આચરાતા ભેદભાવની નાબૂદી માટેની સમિતિની રચના કરવા તેમજ આ સમિતિઓએ સ્ત્રીઓ પરત્વે આચરાતા સર્વપ્રકારના ભેદભાવ નાબૂદીના શક્ય પગલાંઓ વિચારવાં ને અમલી બનાવવાં જોઈએ. વળી દરેક દેશ સ્ત્રીઓ સામે આચરાતા ભેદભાવની નાબૂદીમાં કેટલી પ્રગતિ થઈ શકે છે તેની પણ આ સમિતિ તપાસ કરી તેનો અહેવાલ સામાન્ય સભાને નિયત સમયાંતરે કરવાનું ઠેરવ્યું છે.

## (12) સ્ત્રીઓના માનવ અધિકારની જરૂરિયાત :

- સ્ત્રીઓના માનવ અધિકારની ખાસ જરૂરિયાત છે. વર્તમાન સમયમાં સ્ત્રીઓ તરફ ભેદભાવ રીતે જોવામાં આવે છે. ઉછેરની બાબતમાં પણ ભેદભાવ રાખવામાં આવે છે. નોકરીના સ્થળ પર જાતીય સતામણીના બનાવો સ્ત્રીઓ સાથે બનતા જોવા મળે છે. સ્ત્રીઓનું વધુ પ્રમાણમાં શોષણ થાય છે, તેને અટકાવવું જોઈએ. સ્ત્રીઓ પર બળાત્કારના કેસો વધી રહ્યાં છે. સ્ત્રીઓને સંપૂર્ણ રીતે રક્ષણ મળે તે જરૂરી છે, તેના માટે કાયદાઓમાં અમલ ઝડપી થાય તે પણ જરૂરી છે.
- સ્ત્રીઓના માનવ અધિકારની નીચેની બાબતો જરૂરી છે :-

**(1) ભેદભાવ યુક્ત વ્યવહાર અટકાવવા :**

- સમાજમાં સ્ત્રીઓ સાથે ભેદભાવપૂર્વક વ્યવહાર થાય છે, સ્ત્રીઓનું અપમાન થતું પણ જોવા મળે છે. કુટુંબમાં અને સમાજમાં વારંવાર અપમાન કરવામાં આવે છે. કામના સ્થળે પણ તેમની સાથે અયોગ્ય વ્યવહાર થાય છે. આ બાબતો અટકાવવા માટે સ્ત્રીઓ માટે માનવ અધિકાર જરૂરી છે.

**(2) સમાન વેતન મેળવવા :**

- સમાન પ્રકારનો વ્યવસાય કરતાં પુરુષ અને સ્ત્રીઓના વેતનમાં તફાવત જોવા મળે છે. સમાન કામ માટે, સમાન વેતન મળે તે માટે સ્ત્રીઓ માટે માનવ અધિકારની જરૂર છે.

**(3) ઉછેરમાં થતો ભેદભાવ અટકાવવા :**

- કુટુંબમાં પુરુષ અને સ્ત્રીના ઉછેરમાં ભેદભાવ રાખવામાં આવે છે. સગવડતાની બાબતમાં પણ ભેદભાવ જોવા મળે છે. વસ્તુની ખરીદી બાબતમાં પણ ભેદભાવ જોવા મળે છે. કુટુંબમાં જુદાં જુદાં પ્રકારનો ભેદભાવ અટકાવવા માટે સ્ત્રીઓ માટે માનવ અધિકારની જરૂર છે.

**(4) મિલકતના ભાગમાં થતો અન્યાય દૂર કરવા :**

- કુટુંબમાં મિલકતના ભાગમાં અન્યાય થતો જોવા મળે છે. સ્ત્રીના મેરેજ પછી કોઈપણ મિલકતમાં ભાગ મળતો નથી. મિલકતનો સંપૂર્ણ હક પુરુષને જ મળે છે. કાયદામાં સ્ત્રીઓને હક મળતો હોવા છતાં આપવામાં આવતો નથી.

**(5) જાતીય સતામણી દૂર કરવા :**

- સ્ત્રીઓને કામના સ્થળે, અભ્યાસમાં, મુસાફરીમાં જાતીય સતામણીના બનાવો વારંવાર બનતાં જોવા મળે છે. જાતીય સતામણી સમાજમાંથી દૂર થાય તે ખૂબ જ જરૂરી છે. જાતીય સતામણી માટે કડકમાં કડક શિક્ષણની જોગવાઈ કરવામાં આવે તે જરૂરી છે.

**(6) મારપીટમાંથી બચવા :**

- સ્ત્રીઓને કોઈ કારણસર મારપીટ વારંવાર કરવામાં આવે છે. દહેજ માટે મારપીટ કરવામાં આવે છે. બાળકના જન્મ માટે મારપીટ કરવામાં આવે છે. વધુ કામ કરાવવામાં આવે છે. સમાજમાં સ્ત્રીઓને મારપીટ ન થાય તે જરૂરી છે. સ્ત્રીઓને માનવ અધિકાર દ્વારા રક્ષણ આપવામાં આવે છે.

**(7) બળાત્કારના ગુના અટકાવવા :**

- સમાજમાં બળાત્કારના ગુનાઓ વધુ બનતા જોવા મળે છે. કાયદો હોવા છતાં બળાત્કાર કરનારને ખાસ કોઈ સજા કરવામાં આવતી નથી. વર્તમાન સમયમાં બળાત્કારના ગુના અટકાવવા માટે કાયદો કડક બનાવવામાં આવેલ છે, ગુના કરનારને સજા કરવામાં આવે છે.

**(8) શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુના બનાવો અટકાવવા :**

- દહેજને કારણે સ્ત્રીઓની હત્યા, સગડી પેટાવતાં, ગેસ ચાલુ કરતાં, ચા બનાવતા, દાઝી જવાના બનતા બનાવો પણ મોટે ભાગે સ્ત્રીઓની હત્યાના જ હોય છે. આવા બનાવો અટકાવવા માટે સ્ત્રીઓ માટે માનવ અધિકારની જરૂર છે.

**(9) શસ્ત્રો વિના સભા-સરઘસો કાઢવા :**

- સ્ત્રીઓ શસ્ત્રો વિના સભા- સરઘસો કાઢી શકે તે માટે સ્ત્રીઓ માટે માનવ અધિકારની જરૂરિયાત છે. પોતાને થતાં અન્યાય માટે સરઘસો કાઢી શકે તે જરૂરી છે.

**(10) મંડળો અને સંગઠનો રચવા :**

- સ્ત્રીઓ પોતાનો અધિકાર મેળવવા માટે મંડળો અને સંગઠનો ઊભી કરી શકે તેના માટે અધિકારની જરૂર છે.

**(11) મુકતપણે હરવા ફરવાનો અધિકાર મેળવવા :**

- ભારતભરમાં કોઈપણ પ્રદેશમાં મુકતપણે હરવા ફરવાનો અધિકાર મેળવવા માટે સ્ત્રીઓના અધિકારની જરૂર છે. પોતાની ઈચ્છા પ્રમાણે ભારતમાં ફરી શકે તે જરૂરી છે.

**(12) વ્યવસાય કરવા :**

- કોઈપણ વેપાર, વ્યવસાય કે ધંધો કરવા માટે સ્ત્રીઓ માટે અધિકારની જરૂર છે.

**(13) ભારતમાં કોઈપણ સ્થળે રહેવાનો અધિકાર મેળવવા :**

- સ્ત્રીઓ ભારતમાં કોઈપણ સ્થળે રહેવાનો અને સ્થાયી થવાનો અધિકાર મેળવી શકે તે જરૂરી છે.

**(14) વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય મેળવવા :**

- સ્ત્રીઓ વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય મેળવી શકે તે જરૂરી છે. લોકશાહી દેશમાં દરેક વ્યક્તિને રજૂઆત કરવાનો અધિકાર મળેલ છે. સ્ત્રીઓ પણ લોકશાહી રીતે પોતાના વિચારો રજૂ કરી શકે તે માટે અધિકારની જરૂર છે.

## (13) સારાંશ : (Let us sum up)

- બંધારણીય કાયદો એ કોઈપણ દેશનો મૂળભૂત કાયદો કહેવાય. આપણા દેશનું બંધારણ તા. 26.01.1949ના રોજ તૈયાર થયું અને તા. 26.01.1950ના રોજથી તે અમલમાં આવ્યું.
- ભારતીય બંધારણના ઘડવૈયાઓ ભારતીય સ્ત્રીની સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિસ્થિતિથી સુપેરે વાકેફ હતાં, તેથીજ તેમણે સ્ત્રીઓ માટે સમાનતાનો અધિકાર, શોષણ વિરૂધ્ધના અધિકારો અને સામાજિક ન્યાય અંગેના આદર્શોને ધ્યાનમાં રાખી તેમના માટે અનેક પ્રકારની જોગાવાઈઓ કરી છે.
- ભારતીય બંધારણના આમુખમાં જ ન્યાય, સ્વતંત્રતા અને સમાનતાના સિધ્ધાંતોને દર્શાવવામાં આવ્યાં છે.
- **આમુખ અને સ્ત્રીઓ**
- ભારતીય બંધારણના આમુખમાં દેશના દરેક નાગરિકને નીચે પ્રમાણેની ખાતરી આપવામાં આવી છે.
- **ન્યાય :** સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય દેરક નાગરિકને મળી રહેશે.
- **સ્વાતંત્ર્ય :** દરેક નાગરિકને વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રધ્ધા અને ઉપાસનાનું સ્વાતંત્ર્ય છે.
- **સમાનતા :** બંધારણે કાયદાકીય જોગવાઈ કરીને સ્ત્રી, પુરુષને દરજ્જા અને તકની સમાનતા બક્ષી છે, જે દ્વારા સ્ત્રીઓનો દરજ્જો ઊંચો આવી શકે.
- **સમાનતાનો અધિકાર :**

  ''ભારતના રાજ્ય ક્ષેત્રમાં કોઈ વ્યક્તિને કાયદા સમક્ષની સમાનતા અને કાયદાના સમાન રક્ષણનો ઈન્કાર કરશે નહીં.''

- સ્ત્રીઓને જાહેર નોકરીની બાબતોમાં તકની સમાનતા રહેશે.
- ધરપકડ અને અટકાયત અંગેના અધિકારો.
- શોષણ વિરૂધ્ધતાના અધિકારો.
- ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર.
- સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો.
- પુરુષ અને સ્ત્રીને સરખા કામ માટે સરખું વેતન મળશે.
- સ્ત્રીઓનો ભરણ પોષણનો અધિકાર.

## (14) સ્વાધ્યાય

1. આજીવિકા મેળવવાના કામે રોકાયેલી મહિલાઓની જાતિય સતામણી અંગેના માર્ગદર્શક મુદ્દાઓ જણાવો.
2. સ્ત્રીઓ વિરુદ્ધના તમામ સ્વરૂપના જાતિય ભેદભાવ (Gender Discriminations) નો અંત આણવા સધાયેલી આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ ચર્ચો.
3. સ્ત્રીઓ માટેના નેશનલ કમિશન અધિનિયમ, 1990 અન્વયે રાષ્ટ્રીય કમિશનનું બંધારણ, સત્તા અને કાર્યોની ચર્ચા કરો.
4. ટૂંકનોંધ લખો :

   (અ) વિશાખાના કેસના માર્ગદર્શક સિદ્ધાંત

   (બ) સ્ત્રીઓના દરજ્જા માટે આંતરરાષ્ટ્રીય ચળવળ

   (ક) સ્ત્રીઓ માટેનું રાષ્ટ્રીય કમિશન
5. સ્ત્રીઓ માટેના નેશનલ કમિશન, 1990ના અધિનિયમના પ્રબંધો જણાવો.
6. સ્ત્રીઓને અસર કરતા માનવાધિકારોના ઉલ્લંઘન વિશે જણાવો.
7. સ્ત્રીઓના માનવ અધિકારો જણાવો.
8. ચર્ચો : શોષણ - બાળકનું અને મહિલાનું.
9. સ્ત્રીઓ માટેના નેશનલ કમિશનની રચના, સત્તા અને કામગીરી અંગે 1990ના અધિનિયમના પ્રતિબંધો જણાવો.
10. ટૂંકનોંધ લખો :

    રોજગારના સ્થળે સ્ત્રીઓની જાતિય રંજાડ.

## (15) તમારી પ્રગતિ ચકાસો :

(1) સ્ત્રીઓના માનવ અધિકારો (કોઈપણ ત્રણ) જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કાર્યો (કોઈપણ ત્રણ) જણાવો.

..................................................................

..................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) રાષ્ટ્રીય મહિલા પંચનાં ત્રણ કાર્યો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(4) સ્ત્રીઓ માટે માનવ અધિકારની ત્રણ જરૂરિયાત જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## (16) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : (Answer to check your progress)

**(1) સ્ત્રીઓ માટેના માનવ અધિકારો (ત્રણ)**

1. સમાનતાનો અધિકાર
2. શોષણ વિરુધ્ધનો અધિકાર
3. સ્વાતંત્ર્યનો અધિકાર

**(2) રાષ્ટ્રીય માનવ અધિકરા પંચના (ત્રણ) કાર્યો :**

1. માનવ અધિકારોના ક્ષેત્રમાં સંશોધન કાર્ય હાથ ધટવાનું અને તેને ઉત્તેજન આપવું.
2. ભોગ બનનાર કુટુંબને વચગાળાની રાહત મેળવવા સરકારને ભલામણ કરી શકે.
3. માનવ અધિકાર પંચનું કાર્ય કરનારને જરૂરી પ્રોત્સાહન પૂરું પાડવું.

**(3) રાષ્ટ્રીય મહિલા પંચના (ત્રણ) કાર્યો**

1. સ્ત્રીઓને રક્ષણ આપવામાં આવ્યું હોય તેવી બાબતોની તપાસ અને સંશોધન કરશે.
2. સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે આવાં રક્ષણાત્મક પગલાંઓના કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અસરકારક અમલ માટેની ભલામણો અહેવાલમાં કરશે.
3. રક્ષણાત્મક પગલાંની તપાસ અંગેનો અહેવાલ પંચ કેન્દ્ર સરકારને યોગ્ય સમયે રજૂઆત કરશે.

**4. સ્ત્રીઓ માટે માનવ અધિકારની (ત્રણ) જરૂરિયાત :**

1. ભેદભાવયુક્ત વ્યવહાર અટકાવવા.
2. સમાન વેતન મેળવવા.
3. ઉછેરમાં થતોં ભેદભાવ અટકાવવા.

**(17) સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)**

1. મેવાડા સોનલ ડી. : સ્ત્રીઓના અધિકારો, શ્રી યોગક્ષમ માનવ ગૌરવ સંસ્થાન, અમદાવાદ

2. કારીઆ એન. એન. તથા અન્ય : સ્ત્રી અને કાયદો, સી. જમનાદાસની કંપની, અમદાવાદ

3. કારીઆ એ. એન. : માનવ અધિકારો, સી. જમનાદાસની કંપની, અમદાવાદ

એકમ 11

# બાળ અપરાધ (Juvenile Deliquency)

## : રૂપરેખા :

1. પ્રસ્તાવના
2. બાળ અપરાધનો અર્થ
3. બાળ અપરાધની વ્યાખ્યા
4. બાળ અપરાધનું સ્વરૂપ
5. બાળ અપરાધીઓની લાક્ષણિકતા
6. બાળ અપરાધને અસર કરતાં પરિબળો
7. બાળ અપરાધનાં કારણો
8. બાળ અપરાધને અટકાવવાનાં ઉપાયો
9. બાળ અપરાધો માટે કાર્યરત સંસ્થાઓ
10. બાળ અપરાધ નિવારણ કાર્યક્રમ
11. અપરાધના પ્રકારો
12. સારાંશ
13. એકમ સ્વાધ્યાય
14. તમારી પ્રગતિ ચકાસો
15. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
16. સૂચિત વાંચન સામગ્રી

ઉદ્દેશો : (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ........

1. બાળ અપરાધનો અર્થ સમજી શકશો.
2. બાળ અપરાધની વ્યાખ્યા સમજી શકશો.
3. બાળ અપરાધનું સ્વરૂપ સમજી શકશો.
4. બાળ અપરાધીઓની લાક્ષણિકતાઓ સમજી શકશો.
5. બાળ અપરાધને અસર કરતાં પરિબળો સમજી શકશો.
6. બાળ અપરાધનાં કારમો સમજી શકશો.
7. બાળ અપરાધને અટકાવવાનાં ઉપાયો સમજી શકશો.
8. બાળ અપરાધો માટે કાર્યરત સંસ્થાઓ સમજી શકશો.
9. બાળ અપરાધ નિવારવા કાર્યક્રમ સમજી શકશો.
10. અપરાધના પ્રકારો સમજી શકશો.

### (1) પ્રસ્તાવના :

બાળ અપરાધી પ્રવૃત્તિ આર્થિક સંકડામણમાંથી જન્મ લે છે. જીવન જીવવા માટે નાણાંની જરૂરિયાત રહે છે. નાણાં ન મળતાં અપરાધી પ્રવૃત્તિ તરફ બાળકો વળે છે. નાણાં મેળવવા માટે બાળકો અપરાધી પ્રવૃત્તિ તરફ વળે છે.

ઘણીવાર બાળકની માનસિક પરિસ્થિતિ સારી ન હોય તો બાળક અપરાધી પ્રવૃત્તિ કરે છે.

ઘરનું વાતાવરણ ઘણીવાર બાળકને અપરાધ કરવા માટે પ્રેરણા આપે છે. માતા-પિતા વચ્ચેનો સંબંધ સંઘર્ષમય હોય તો અવારનવાર સંઘર્ષ થતાં હોય, બાળકને ઘરમાંથી પ્રેમ ન મળતો હોય તો બાળક અવળા રસ્તે જાય છે.

શાળામાં બાળકના મિત્રો સારાં ન હોય તો ટી.વી.માં ગુનાહિત પ્રવૃત્તિ વધુ સમય જોવામાં આવતી હોય તો, બાળક વ્યસની હોય તો, વ્યસન માટે નાણાંની જરૂર પડે છે ત્યારે બાળક અપરાધ કરવા પ્રેરાય છે. શાળામાંથી બાળકનું અપમાન વારંવાર થતું હોય તો અપરાધ કરવા બાળક પ્રેરાય છે. શિક્ષક વારંવાર સજા કરતાં હોય તો પણ બાળક અપરાધ કરવા પ્રેરાય છે.

વિવિધ સામાજિક સમસ્યાઓમાં બાળ અપરાધ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.બાળકોના વર્તનની અને ધોરણભંગની સમસ્યા છે.શહેરીકરણ, ઔદ્યોગિકરણ જેવાં પરિબળોએ આ સમસ્યાને વધારે ગંભીર બનાવી છે. ગ્રામીણ વિસ્તારના લોકો રોજીરોટી અર્થે શહેરોમાં સ્થળાંતર કરે છે. ત્યાં વિવિધ લોકોના સંપર્કમાં આવે છે. ગંદા વિસ્તારોમાં વસવાટ કરે છે તેને લીધે અપરાધી બને છે જે આજના યુગની વિકટ સમસ્યા છે. ચંચળતા એ બાળકનો ગુણ છે પરંતુ જ્યારે આ ગુણ સમાજ વિરોધી રૂપધારણ કરે છે ત્યારે તે અવગુણ બની જાય છે. જેને બાળ અપરાધ અથવા કિશોર અપરાધના નામે ઓળખવામાં આવે છે. આ સમસ્યાને વિવિધ વિદ્વાનો મહત્ત્વૂર્ણ માને છે. જે બાળકો ઉપર સમાજનું દેશનું, રાષ્ટ્રનું અને સંસારનું ભાવિ નિર્ભર હોય તેઓ જો પદભ્રષ્ટ બની જાય તો સમાજનું કલ્યાણ કેવી રીતે થાય ? આ બાબત નવી પેઢીના વ્યવહાર અને આચાર પર આધારિત છે.

બ્રિટન, અમેરિકા, યુરોપ, એશિયા, આફ્રિકા જેવાં દેશોમાં અને ભારતમાં આ સમસ્યા અનેક વર્ષોથી ચાલી આવે છે. પહેલા તેનું પ્રમાણ અલ્પ હતું અનેક અપરાધોને અપરાધ ગણવામાં આવતાં નહીં. કેટલાંક બાળકોને માર મારીને છોડી મુકવામાં આવતાં. સંયુક્ત કુટુંબની પ્રથા, પરંપરાગત માન્યતાઓ, સામાજિક નિયંત્રણો વ્યવહારની આંટીઘૂંટી વગેરેની વિપરીત અસર બાળકો ઉપર પડતી તેને કારણે બાળ અપરાધની સમસ્યાનો ઉદ્ભવ થયો.

### (2) બાળ અપરાધનો અર્થ :

બાળ અપરાધના વાસ્તવિક અર્થ વિશે વિદ્વાનો એકમત નથી. બાળ અપરાધની સાર્વત્રિક રીતે સ્વીકાર્ય એવી કોઈ વ્યાખ્યા નથી. જુદાં જુદાં સામાજિક વિજ્ઞાનીઓએ પોતપોતાની દૃષ્ટિએ બાળ અપરાધનો અર્થ કર્યો છે. કેટલાંક વિદ્વાનોએ સમાજ વિરોધી વર્તનનો સમાવેશ બાળ અપરાધમાં કર્યો છે. તો અન્ય વિદ્વાનોએ અપરાધી સામાન્ય વ્યાખ્યા પ્રાપ્ત થતી નથી. વિવિધ રાજ્યોમાં કાનુનોમાં આપેલી વ્યાખ્યા પરથી જાણવા મળે છે કે, બાળ અપરાધીઓની ન્યુનત્તમ અને અધિકત્તમ વય હોય છે. બાળકો જ્યારે લોકકલ્યાણને નુકસાનકારક હોય અને કાનુન દ્વારા પ્રતિબંધિત હોય તેવું કાર્ય કરે ત્યારે તેને બાળ અપરાધ કહે છે.

યુનાઈટેડ નેશન્સ કોંગ્રેસની ભલામણ અનુસાર બાળકનું વર્તન જે તે રાજ્યના કાયદા પ્રમાણે ગુનાહિત ગણાતા હોય તેવા વર્તનને બાળ અપરાધ તરીકે ગણવામાં આવે છે.

વિવિધ સમાજના સમાજવૈજ્ઞાનિકોએ પોતપોતાની દૃષ્ટિએ બાળ અપરાધનો અર્થ કર્યો છે. કેટલાંક સમાજ વિરોધી વર્તનને તો બીજાં કેટલાંક અપરાધી વર્તનનો સમાવેશ બાળ અપરાધમાં કર્યો છે.

બાળ અપરાધ એ બાળકે કરેલું એવું ગેરવર્તન છે જેની સામે કાનૂનના આધારે કામ ચલાવવામાં આવે છે. જેની સામે કાનુની કાર્યવાહી કરવાનું અનિવાર્ય જણાય તેવા બાળકના ગંભીર સ્વરૂપના સમાજવિરોધી મનોભાવોને બાળ અપરાધ કહેવામાં આવે છે.

નિયમ કરેલી વયમર્યાદાની અંદર (18 વર્ષ) આવી જતી વ્યક્તિઓ કોઈપણ પ્રકારના ગેરકાનૂની અસ્વીકાર્ય વર્તન કરે ત્યારે તેવા વર્તનને બાળ અપરાધ તરીકે ઓળખવામાં આવે છે.

આવા વર્તનો કરનાર વ્યક્તિની અપરિપક્વ વયને કારણે તેમની સામે ફોજદારી કાયદા પ્રમાણે શિક્ષાત્મક પગલાં લેવામાં આવતાં નથી. પરંતુ તેમના આવા ગેરકાનૂની વર્તનો અંગે સુધારાલક્ષી પગલાં લેવામાં આવે છે.

સમાજશાસ્ત્રીય શબ્દકોષ મુજબ ''બાળ અપરાધ અમુક ઉંમરની નીચેના બાળકો અને કિશોરોના આવા સમાજવિરોધી કૃત્યો સૂચિત કરે છે કે જે સ્પષ્ટ રીતે કાયદાની પ્રતિબંધિત થયા હોય અથવા કાયદામાં જે કૃત્યના અર્થઘટન અપરાધ તરીકે ગણીને તેની સામે કોઈક સત્તાવાર પગલાં નક્કી કરવામાં આવ્યા હોય તેવા કૃત્યો.''

બાળ અપરાધ શબ્દ કેવળ એવા બાળકોને સૂચિ કરે છે કે જેની સામે પોલીસ અધિકારીઓ અથવા અદાલતી સત્તાવાળાઓએ સત્તાવાર પગલાં લીધાં હોય છે. આ દૃષ્ટિએ જોઈએ તો કેટલાંક બાળકો સામાજિક રીતે સમસ્યારૂપ વર્તન કરતાં હોય છતાં પણ કાયદાની દૃષ્ટિએ તેને અપરાધ તરીકે ગણવામાં આવતાં નથી. આવા બાળકોને બાળ અપરાધી ગણી શકાતાં નથી.

બાળ અપરાધનો ખ્યાલ અપરાધ કરનાર વ્યક્તિના જવાબદારીના ભાનની કક્ષાનો તફાવત સૂચવે છે. બાળકો દ્વારા ગેરકાનૂની વર્તન થાય છે તેને ગુનો ન ગણતાં ગેરવર્તન સ્વરૂપના અપરાધ તરીકે ગણવામાં આવે છે.

**(3) બાળ અપરાધની વ્યાખ્યા :**

ડૉ. શેઠના બાળ અપરાધની વ્યાખ્યા પ્રસ્તુત કરતા કહે છે કે, ''બાળ અપરાધ એટલે જે તે સ્થળના  કાયદા દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ વય નીચેના બાળક અથવા તરુણ દ્વારા કરવામાં આવતું અઘટિત કાર્ય.''

ન્યૂમેર આ જ વિચારને નિમ્નલિખિત શબ્દોમાં રજૂ કરે છે,''બાળ અપરાધી એ સગીર વયની વ્યક્તિ છે કે જે સમાજ વિરોધી કાર્ય કરે છે, અને જેનું ગેરવર્તન કાયદાનો ભંગ કરે છે.''

સિરિલ બર્ટના મતાનુસાર, ''જ્યારે બાળકના સમાજ વિરોધી વલણો (Tendencies) એવા ગંભીર ચિંતાજનક સ્વરૂપે પ્રગટ થાય કે સત્તાવાર પગલાંનો વિષય બને અથવા તેમ બનવું અનિવાર્ય થઈ પડે ત્યારે તે બાળ અપરાધ તરીકે ઓળખાય છે.''

ગિલિન અને ગિલિનના મત પ્રમાણે, ''સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી બાળ અપરાધી એવી વ્યક્તિ છે કે જે એવા કાર્યનો અપરાધી છે જેનો વ્યવહાર સમાજ પોતાને માટે હાનિકારક સમજે છે અને એટલા માટે તેનો નિષેધ થાય છે.''

શેલ્ડનના અભિપ્રાય મુજબ બાળક દ્વારા એક સામાન્ય કરતા પણ વધુ ગંભીર અપરાધ કરવો એ બાળ અપરાધ છે.

ફ્રીડાઈલેન્ડર (Friedlender) ''બાળ અપરાધી એવો બાળક છે. જેની મનોવૃત્તિ કાનૂનનું ઉલ્લંઘન કરવાનો અથવા કાનૂનભંગ કરવાનો સંકેત આપે છે.''

**(2) બાળ અપરાધનો અર્થ અને વ્યાખ્યા :**

બાળઅપરાધ દરેક સમય-યુગમાં જોવા મળે છે. છતાં તેનો પુરાવો ઈજીપ્તના પાદરીની કબર ઉપર 6000 વર્ષ પહેલાં લખેલાં શબ્દો દ્વારા આપણને જાણવા પ્રેરે છે..

''આ પૃથ્વી આવનાર દિવસોમાં ઉતરતી કક્ષાની બની રહેશે અને તે પૃથ્વીનો અંત નજીક હોવાના લક્ષણો છે. કારણકે બાળકો તેમના માતા-પિતાની આજ્ઞાનું પાલન કરતાં નથી.''

'જુવેનાઈલ ડેલીક્વન્સી'નો અર્થ વ્યક્તિ વ્યક્તિએ બદલાય છે. વિશ્વના દરેક રાષ્ટ્રમાં તેની વ્યાખ્યા સમાન નથી. કારણ કે સમાજશાસ્ત્રીઓ, માનસશાસ્ત્રીઓ અને ધારાશાસ્ત્રીઓ- બાળ અપરાધને તેમની રીતે વ્યાખ્યાયિત કરે છે. એવું પણ બને છે કે જે કૃત્ય અને ઉંમર એક જગ્યાએ બાળ અપરાધ ગણવામાં આવતાં હોય તે બીજા દેશમાં અપરાધ ન પણ ગણવામાં આવતોં હોય.આમ બાળ અપરાધ એ સરળતાથી ન સમજાય તેવો સામાન્ય છતાં વિશિષ્ટ શબ્દ છે. જેનાથી માનવ વર્તનની

સ્પષ્ટતાઓ થવાને બદલે ગેરસમજ ઊભી થવાની શક્યતાઓ રહેલી છે. તેને યુવાન વ્યક્તિઓ મુશ્કેલમાં હોય તેમ સમજવામાં આવે છે. જ્યારે અમુક લોકો, 'ડેલીક્વન્સી' સામાન્ય રીતે જે યુવાન વ્યક્તિનું સામાન્ય વર્તન હોય તેના કરતા અલગ અને અકસ્માતે/આકસ્મિક રીતે કાયદાનો ભંગ કરનાર હોય છે એમ સમજતા હોય છે.

જ્યારે અમુક લોકો એવું માને છે કે આવું વર્તન એક અનૈતિક હુમલાત્મક વ્યક્તિ કરે છે જે રીઢો ગુનેગાર છે અને આવું વર્તવ કરવાના બદલા સ્વરૂપે કાંઈક અવેજ-લાભ-લાલચ મેળવવાનો હોય છે.

'ડેલીક્વન્સી' શબ્દની કોઈપણ સ્પષ્ટ વ્યાખ્યા ન હોવાથી આ અવ્યાખ્યાયિત શબ્દ-બિમારી શબ્દ સાથે સરખાવી શકાય તેમ છે. જેમ વ્યક્તિને કોઈપણ પ્રકારના રોગની બિમારી આવી શકે છે. તેમાં જેમ પોલીયો અને ટાઈફૉઈડ રોગ છે પણ અલગ પ્રકારની બિમારીઓ છે. તેમના કારણો, લક્ષણો અને સારવાર તેમજ દવા પણ અલગ અલગ છે. આવું જ 'ડેલીક્વન્સી' માટે પણ સાચું છે. જેમ બિમારીના કારણો-ઈલાજ અલગ અલગ છે તેમ ડેલીક્વીન્સના કારણો અને ઈલાજ અલગ અલગ પ્રકારના હોય છે.

રોબિન્સન જણાવે છે કે, ''ડેલીક્વન્સી એક એવા પ્રકારનું વર્તન છે, જે જેણે સમાજને જે તે સમયે સમાજનું હિત અને સંઘર્ષમાંથી આવું વર્તન કરનારને અદાલત સમક્ષ રજૂ કરવો કે કેમ તેવું નક્કી કરવા જણાવે છે. આમ ડેલીક્વીન્સીની વ્યાખ્યા વ્યક્તિ-વ્યક્તિએ બદલાવાની શક્યતા રહેલી છે.''

જ્યારે કોહન વ્યાખ્યા આપતાં જણાવે છે કે, ''ડેલીક્વીન્સી એ એવું વર્તન છે કે જે કોઈપણ અપવાદ વિના અમુક નિયમો તમામ બાળકોમાં લાગુ પાડવા જોઈએ કે, જેથી તેમના વર્તનમાં સુધારો થાય અને હિંસક અને અપરાધી પ્રવૃત્તિમાં ઘટાડો થાય. બાળકોનો વિકાસ એવી રીતે થયો હોય છે કે તેઓ સાચુ શું અને ખોટું શું તેનો ભેદ પાડી શકતાં નથી. આમ છતાં મહદ્ અંશે બાળકો અમુક નિયમોનું અલગ અલગ પ્રમાણ/માત્રામાં પાલન કરતા જોવા મળે છે.''

રૂબિન ડેલીક્વન્સીની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, ''આ શબ્દમાં બળવાખોર માનસ અને સમાજથી અલગ પ્રકારનું વલણ ધરાવતાં બાળકોનો નિર્દેશ કરે છે અને તેમાં એવા પ્રકારની છાપ જેવી કે, ભીખ માંગવી, ધ્રુમપાન કરવું, રજા-મંજુરી વગર ઘરેથી બહાર રહેવું, શાળામાં ગેરહાજર રહેવું, નશો કરવો, જુગાર રમવો વગેરે કે જે વર્તન પુખ્યવયની વ્યક્તિ કરે છે તેનું વર્તન, બાળક કરે ત્યારે અપરાધની વ્યાખ્યામાં ગણાવી શકાય.

આમ ઉપરોક્ત વ્યાખ્યાઓ અને વિચારો કરતાં અગત્યની વ્યાખ્યા કાયદા દ્વારા આપવામાં આવી છે. તે મુજબ ન્યાયિક નિર્ણય માટે બાળકની વય અને તેના કૃત્યને સાંકળવામાં આવે છે. સંયુક્તરાજ અમેરિકામાં 'જુવેનાઈલ'નું અર્થઘટન રાજ્યદીઠ અલગ અલગ છે. જે સામાન્ય રીતે 16 થી 21 વર્ષની વય વચ્ચે જોવા મળે છે. મોટાભાગના સંયુક્તરાજ અમેરિકાના અલગ-અલગ રાજ્યોમાં 6 વર્ષથી 16 વર્ષની વયમર્યાદા ડેલીક્વન્સી માટે નિયત કરવામાં આવેલ છે.

સંયુક્તરાજ અમેરિકામાં બાળ અપરાધની વ્યાખ્યા 'સ્ટાન્ડર્ડ જુવેનાઈલ કોર્ટ એક્ટ' દ્વારા સીમિત મર્યાદિત કરવામાં આવેલ છે. જેમાં સામાન્ય રીતે ડેલીક્વીન્સીની વ્યાખ્યાને સમાંતર જોગવાઈઓ કરવામાં આવેલ છે. પણ તેમાં બે બાબતને કાયદા અને વટહુકમથી બાકાત રાખવામાં આવેલ છે. તે મુજબ એવું બાળક કે જેને ગૃહત્યાગ કરેલ છે અથવા માતા-પિતાના આદેશોનું ઉલ્લંઘન કરે છે અથવા માતા-પિતા અથવા વાલીના અંકુશમાં નથી અને તેને કાયદા દ્વારા શાળાએ મોકલવો જરૂરી છે, જાણીબૂઝીને નિયમોનો ભંગ કરે છે અથવા તેમાંથી બાકાત રહે છે.

ઈંગ્લેન્ડમાં ફોજદારી કાયદાના ભંગની સાથે, ચિલ્ડ્રન ડિપાર્ટમેન્ટ ઑફ લોકલ ઓથોરિટી અનુસાર પોલીસ કોન્સ્ટેબલ અથવા 'નેશનલ સોસાયટી ફોર ધ પ્રિવેન્સન ઓફ ક્રુઅલ્ટી ટુ ચિલ્ડ્રન'ના અધિકાર સમક્ષ કોઈ એવા બાળકને, કે જેમની કાળજી, રક્ષણ અથવા અંકુશની જરૂરિયાત છે તેવું માનવાને વ્યાજબી કારણ છે એવા બાળકને રજૂ કરશે અને આ માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં અથવા જરૂરી છે.

(1) બાળકને એક આદર્શ માતા-પિતા દ્વારા જેવી કાળજી-સુરક્ષા અને માર્ગદર્શન મળવાં જોઈએ તે મળતાં નથી, અને વધારામાં આવું બાળક,

1. ખરાબ સોબતમાં આવી ગયેલ છે જ્યાં તેનું ચારિત્ર્ય ભયમાં છે અથવા

2. કાળજી, સુરક્ષા અને માર્ગદર્શનના અભાવે તેને બિનજરૂરી સહન કરવું પડે છે. અથવા તેના આરોગ્યને ગંભીર અસર થશે અથવા તેના યોગ્ય વિકાસમાં ખામી રહેવાની શક્યતા જોવા મળશે.

3. તે જાતીય અપરાધનો શિકાર બનેલ છે. (શોષિત છે) અથવા શારીરિક ઈજાઓ અથવા એવી જગ્યાએ રહે છે જ્યાં બાળકો વિરુદ્ધના ગુનાઓ કરવામાં આવતાં હોય.

(2) અને તે તેના માતા-પિતાના અંકુશ બહાર હોય.

જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકસન ઓફ ચિલ્ડ્રન) એક્ટ- 2000માં આવા બાળક માટે કાયદાના સંઘર્ષમાં આવતાં કિશોર શબ્દ વાપરવામાં આવેલ છે. જે જૂના જુવેનાઈલ જસ્ટીલ એક્ટ - 1986 મુજબ અપરાધી બાળક સમકક્ષ શબ્દ છે.

**ભારતીય કાયદા મુજબ જુવેનાઈલ ડેલીક્વન્સી (બાળ અપરાધ)નો અર્થ :**

આમ જોવા જઈએ તો ભારતીય કાયદા મુજબની વ્યાખ્યા બાળ અપરાધની વ્યાખ્યા ઉપરોક્ત વ્યાખ્યા અને વિચાર કરતા મર્યાદિત છે. કારણ કે જુવેનાઈલ ડેલીક્વન્સીને જુવેનાઈલ જસ્ટીસ એક્ટમાં આપણે ફોજદારી કાયદાની જ જોગવાઈઓ બાબતે રજૂઆત કરેલ છે જેની નોંધ લેવી જરૂરી છે એટલે કે ભારતીય કાયદાની જોગવાઈ Nullum Crimen Sinelege - કાયદાની ગેરહાજરીમાં અપરાધ હોઈ શકે નહિ એવા સિદ્ધાંત સાથે સુસંગત છે.

**સમાજશાસ્ત્રીઓની દૃષ્ટિએ ડેલીક્વન્સીની વ્યાખ્યા :**

ભારતીય કાયદામાં જુવેનાઈલ ડેલીક્વન્સીની વ્યાખ્યા બાળ અપરાધની પ્રકૃતિ અને અપરાધી કામ છે, તેમની અટકાયત અને સજા, વિવિધ તક અને સંજોગો ઉપર આધારિત છે તે બાબત સમજાવી શક્તી નથી. પણ અપરાધ બન્યા પછીની કાર્યવાહી માટેની સમજ આપે છે. એટલે કે અપરાધ બન્યા પછીની કાર્યવાહી કરવા માટે કાયદાનો અમલ કરવામાં આવે છે. બીજી રીતે કહીએ તો આ વ્યાખ્યા અને કાયદો બાળ અપરાધ અટકાવવા માટે નહીં પણ બાળક અપરાધી બન્યા પછીની કાર્યવાહી માટેની જોગવાઈ કરે છે.

એટલું કહી શકાય કે જુવેનાઈલ ડેલીક્વન્સી સંપૂર્ણ રીતે વ્યાખ્યાયિત કહી શકાય તેમ નથી અને બીજી બાજુ સમાજશાસ્ત્રીઓ, મનોચિકિત્સકો અને કાયદાવિદો એનું અર્થઘટન તેમના વિષયના અનુસંધાનમાં અલગ અલગ રીતે કરે છે. આવી અલગ અલગ વિષયોની વ્યાખ્યાઓની દ્વિધામાંથી મુક્ત થવા માટે સને 1960માં લંડનમાં યુ.એન. કોંગ્રેસ ઓન પ્રિવેન્સન ઓફ ક્રાઈમ્સ એન્ડ ધ ટ્રીટમેન્ટ ઓફ ઓફેન્ડર્સમાં, જુવેનાઈલ ડેલીક્વન્સીનો વ્યાપ જોતાં ડેલીક્વન્સીની વ્યાખ્યા તેને બિનજરૂરી રીતે વિસ્તૃત કરવી જોઈએ નહિ. નીચે મુજબ અર્થઘટન કરી વ્યાખ્યા બાબતે રૂપરેખા આપવામાં આવેલ છે.

(અ) જુવેનાઈલ ડેલીક્વન્સીનો અર્થ ધરાવતી વખતે શક્ય હોય ત્યાં સુધી ફોજદારી કાયદાઓ પૂરતું જ અર્થઘટન કરવું અને

(બ) રક્ષણની સાથે વિશિષ્ટ અપરાધો કે જેની સજા ઓછી અને થોડી અનિયમિતતા સ્વરૂપની અથવા અયોગ્ય રીતે ગોઠવાયેલ સગીરોનું વર્તન હોઈ શકે છે. પણ જે પુખ્તવયની વ્યક્તિ માટે અપરાધ નથી તેને જુવેનાઈલ ડેલીક્વન્સીમાં સમાવવું જોઈએ નહીં.

**'ક્રાઈમ' અને 'ડેલીક્વન્સી' વચ્ચેનો તફાવત**

ડેલીક્વન્સી એ ક્રાઈમ કે ઓફેન્સનો સમાનાર્થી શબ્દ નથી. વળી ગુજરાતીમાં ડેલીક્વન્સી શબ્દને જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ - 2000માં આવા બાળક માટે

કાયદાના સંઘર્ષમાં આવતાં કિશોર શબ્દ વાપરવામાં આવેલ છે. જે જૂના જુવેનાઈલ જસ્ટીસ એક્ટ - 1986 મુજબ અપરાધી બાળક સમકક્ષ શબ્દ છે. (જુવેનાઈલ જસ્ટીસ એક્ટના અનુસંધાને બાળકની સાથે વાપરવામાં આવે છે ત્યારે) અપરાધ તરીકે વાપરવામાં આવે છે. જે હવે એક સામાન્ય બાબત ગણવામાં આવે છે.

ડેલીક્વન્સીનો અર્થ ફરજની અવગણના કે દોષયુક્ત આચરણ એવો અર્થ થાય છે પણ તે અપરાધ નથી.

આમ છતાં ક્રાઈમ અને ડેલીક્વન્સીનો વિસ્તૃત અર્થ નીચે મુજબ સમજાવી શકાય.

**ક્રાઈમ :**

એવું કૃત્ય છે જે દેશના કાયદાનો ભંગ કરે છે અને તે બદલ સજા થાય છે. અને તે 'ઓફેન્સ'નો સમાનાર્થી શબ્દ છે.

**બીજી વ્યાખ્યા મુજબ**

કોઈપણ વ્યક્તિ એવું કામ કરે કે ન કરે જેથી ફોજદારી કાયદાનો ભંગ થતોં હોય અને આવું કાર્ય કરવા બાબત તેની પાસે ન્યાયિક ખુલાસો કે ક્ષમતા કે અન્ય બચાવ ન હોય ત્યારે તે કૃત્ય અપરાધ (ક્રાઈમ) ગણાય.

**ડેલીક્વન્સી :**

રોબિન્સન ડેલીક્વન્સીની વ્યાખ્યા આપતાં જણાવે છે કે ;

''ડેલીક્વન્સી એ એવું પ્રથમ પગથિયું છે કે જ્યાં યુવાન વ્યક્તિ આ કાર્ય દ્વારા ગુનેગારોની દુનિયામાં દાખલ થાય છે જે ભયની નિશાની દર્શાવતું કાર્ય છે અને તે સામાજિક રીતે ઈચ્છનીય હોતું નથી. જે અદાલત સમક્ષ લાવવામાં આવે કે ન આવે અથવા બીજી નિરોધાત્મક સંસ્થા પાસે લઈ જવામાં આવતું હોય છે. (mala prohibita).''

ઉપરોક્ત વ્યાખ્યા કરતા પણ સરળતાથી સમજાવવું હોય તો, તે કાર્ય કરતા તેની પાછળ ન્યાયિક કાર્યવાહીના ઉદ્દેશ્યથી પણ બંને વચ્ચેનો તફાવત સરળતાથી સમજાય તેમ છે.

ક્રાઈમ-ઓફેન્સ માટે ન્યાયિક પ્રક્રિયાનો ઉદ્દેશ, સજા-શિક્ષા કરવાનો હોય છે જ્યારે ડેલીક્વન્સીમાં ન્યાયિક પ્રક્રિયાનો ઉદ્દેશ સારવાર, સુધારણા અને સમાજમાં પુનઃસ્થાપનાનો હોય છે. ડેલીક્વન્સીને 'રોગ' માનવામાં આવે છે.

આમ છતાં આ સંશોધનમાં જુવેનાઈલ ડેલીક્વન્સી શબ્દ માટે 'કિશોર અપરાધ - બાળઅપરાધ' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. 'બાળ અપરાધના સ્થાને' જુવેનાઈલ જસ્ટીલ(કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ- 2000માં આવા બાળક માટે કાયદાના સંઘર્ષમાં આવતાં કિશોર શબ્દ વાપરવામાં આવેલ છે અને સદરહુ કાયદાની કલમ 2 (એલ) મુજબ, ''કાયદાના સંઘર્ષમાં આવતાં કિશોર એટલે કે એવાં કિશોર કે જેણે અપરાધ કર્યા છે તે'' એમ જણાવવામાં આવેલ છે.

બાળ અપરાધ પરની યુ.એસ. કોંગ્રેસે કબૂલ કર્યું છે કે, બાળ અપરાધ એ સરળ શબ્દ નથી. એ કહે છે કે, બાળ અપરાધ શબ્દ બાળકો અને તરુણોના મોટા ભાગના અસ્વીકૃત વર્તન માટે ઉપયોગમાં લેવાય છે. આ દૃષ્ટિએ જે કોઈ વર્તન અન્ય લોકોને ન ગમે તેને બાળ અપરાધ કહી શકાય. અન્ય શબ્દમાં કહીએ તો બાળ અપરાધ એવા વર્તનનો ઉલ્લેખ છે કે જેને સમાજ સ્વીકારતો નથી અને તે માટે સજા કે સુધારાત્મક ઉપાયો અપનાવવાનું વ્યાજબી માને છે.

વિભિન્ન વિચારકોએ પોતાના મંતવ્યો અનુસાર બાળ અપરાધની વ્યાખ્યા પ્રસ્તુત કરી છે તેમાં બાળકોના ગેરવર્તનની સર્વ સમસ્યાઓનો સમાવેશ થઈ જાય છે.

**(4) બાળ અપરાધનું સ્વરૂપ :**

બાળ અપરાધ અનેક પ્રકારનાં હોય છે. એની યાદી બનાવવી એક મુશ્કેલ કાર્ય છે.અનૈતિક અને અશોભનીય વ્યવહાર કરવો, ચોરી કરવી, જુગાર રમવો, મદ્યપાન અને નશીલા દ્રવ્યોનું સેવન

કરવું, લૂંટ ચલાવવી, વિશ્વાસઘાત કરવો, શાળામાંથી ભાગી જવું, ખરાબ લોકોની સોબતમાં રહેવું, રાત્રિના સમયે નિરૂદ્દેશ્ય ફરવું, બીડી-સિગારેટ પીવી વગેરે જેવાં વિવિધ પ્રકારના કાર્યો કરનાર બાળ અપરાધી કહેવાય છે.

ફ્રેડરિક બી. સુસમેન (federick B. sussman) તેમના પુસ્તક,"Law of juvenile Deliquency : The Laws of Forty Eight States" (પાના નં. 21)માં એક એવા કામોની યાદી તૈયાર કરી છે જેનો બાળ અપરાધની અંદર સમાવેશ થઈ શકે. આ યાદી નીચે મુજબ છે.

1. કોઈ કાયદાનો ભંગ કરવો અથવા આદેશનો ભંગ કરવો.
2. શાળા તથા ઘરથી ભાગી જવાની આદત.
3. જાણી જોઈને ચોર, કુકર્મી અને અનૈતિક વ્યક્તિઓની સાથે રહેવું.
4. સંપૂર્ણ વિકૃત વ્યવહાર કરવો.
5. માતાપિતા અથવા વાલીની આજ્ઞા અને નિયંત્રણને ન માનવું
6. કામ ન કરવું. આળસ અને અપરાધી વાતાવરણમાં રહેવું.
7. એવા કામો કરવા જેનાથી પોતાને અથવા બીજાને આઘાત લાગે અથવા કોઈ પ્રકારની મુશ્કેલી ઉત્પન્ન થઈ શકે.
8. ઘરમાં આજ્ઞા વિના ગેરહાજર રહેવું.
9. અનૈતિક અથવા ખોટા વ્યવહાર કરવા.
10. સ્વભાવ પ્રમાણે ગંદી ભાષા અને અપશબ્દોનો ઉપયોગ કરવો, ગાળાગાળી કરવી.
11. જાણી જોઈને બદનામ થયેલાં વ્યક્તિઓના ઘરે જવું.
12. બગીચા અને જાહેર સ્થળો અને રમતોના સ્થળ પર અડ્ડા બનાવવા.
13. રેલ્વે સ્ટેશન અથવા બસ સ્ટેન્ડ પર નિરૂદ્દેશ્યે ફરવું.
14. ચાલતી ટ્રેનમાંથી કૂદવું, કોઈની આજ્ઞા વગર બસ, ગાડી, કાર અથવા એન્જિનમાં ઘૂસી જવું.
15. શરાબ વેચાતો હોય તેના સ્થળ અથવા દુકાનો પર જવું.
16. અનૈતિક અને ગેરકાયદેસર વેપાર કરવો અથવા એમાં કોઈ પ્રકારનો સહયોગ આપવો.
17. કોઈ કાયદેસર રીતે સ્વીકૃત કામમાં વિઘ્ન નાંખવું. રાત્રે રસ્તા પર અકારણ ગીર્દી કરવી અને રસ્તા પર અને પાર્કિંગ માં સૂઈ જવું.
18. સિગારેટ અને બીડી પીવી.
19. મદ્યપાન કરવું.
20. અન્ય નશીલા દ્રવ્યોનું વ્યસન કરવું.
21. જાતિય દુર્વ્યવહાર આચરવો અથવા એવા કામ સાથે ફસાઈ જવું કે યૌન ક્રિડાઓ સંબંધી ક્રિયા કરવી.
22. સ્વભાવ પ્રમાણે નગ્ન ફરવું.
23. શાળા અથવા અન્ય જાહેર સ્થળો પર અનૈતિક આચારણ કરવું.
24. પોતાને અથવા બીજાને નુકસાન પહોંચાડે તેવો વ્યવહાર કરવો અથવા એવી વ્યવસ્થામાં રહેવું.
25. એવા સ્થળો પર જવું જ્યાં જવા માટે વયસ્કને દંડ આપવામાં આવે છે.
26. ઉપદ્રવ અને ઉત્પાત કરવો, ઉપાડો લેવો.
27. ભીખ માંગવી કે ભિક્ષાવૃત્તિ કરવી.

28. અયોગ્ય પ્રસ્તાવ મૂકવો.

29. રાજકીય અથવા બાળ સુધારણા સંસ્થાઓમાંથી ભાગી જવું.

30. નશામાં સાયકલ, સ્કૂટર અને મોટરગાડી ચલાવવી

31. અકસ્માત કરીને ભાગી જવું.

32. લગ્ન સમારંભમાં ઘૂસી જઈ કિંમતી વસ્તુઓની ચોરી કરવી.

33. ડુપ્લીકેટ ચાવી લગાડી વાહનોની ચોરી કરવી.

**(5) બાળ અપરાધીઓની લાક્ષણિકતાઓ :**

ભારતમાં બાળ અપરાધીઓની સંખ્યા ઘણી મોટી છે. તેઓ નાના-મોટા અનેક પ્રકારના દુર્વ્યવહારો કરે છે. જેમાંની કેટલીક વિશેષતાઓ નીચે પ્રમાણે ગણાવી શકાય.

1. અનૈતિક અને અશોભનીય વ્યવહાર કરવો.
2. શાળામાંથી ભાગી જવાની આદત
3. ખરાબ માણસોની સોબત, મિત્રવર્તુળ
4. ધુમ્રપાન, માદક પદાર્થો, મધ્યપાનનું સેવન
5. રાત્રે નિરુદ્દેશ કરવું.
6. કાનૂનોનું ઉલ્લંઘન કરવું.
7. અનૈતિક સામાજિક કાર્યો કરવાં.
8. કુટુંબનું વાતાવરણ

કેટલાંક વિદ્વાનો માને છે કે મનોવૈજ્ઞાનિક કારણોને લીધે બાળક અપરાધ કરવા લાગે છે. જેમ કે, માતા-પિતાનું વર્તન, કુટુંબનું તણાવપૂર્ણ વાતાવરણ, ભણવામાં નીરસતા, કોઈ કાર્યમાં મન ન પરોવવું વગેરે બાબતોને લીધે બાળકો સરળતાથી બાળ અપરાધી બની જાય છે.

સ્થળાંતરની અસર પણ કૌટુંબિક માળખા પર પડે છે. સ્થળાંતરિત કુટુંબો શહેરના ગંદા વિસ્તારમાં વસવાટ કરે છે. ત્યાંના લોકોના સંપર્કમાં આ બાળકો આવતાં હોય છે. તેને લીધે અપરાધી બનતાં હોય છે. કુટુંબનું વાતાવરણ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘણાંખરા અપરાધો સમૂહમાં મળીને કરવામાં આવતાં હોય છે. નિમ્ન આર્થિક સામાજિક દરજ્જો ધરાવતાં કુટુંબોમાં બાળકોના અપરાધનો દર ઉંચો હોય છે.ગ્રામીણ કરતાં શહેરી વિસ્તારમાં અપરાધની માત્રા ઊંચી હોય છે. છોકરાઓ કરતાં છોકરીઓ ઓછા અપરાધ કરે છે. 1988માં બાળકોની વ્યાખ્યામાં પરિવર્તન કરવામાં આવ્યું તેમાં 16-18 વર્ષની વયની છોકરીઓનો સમાવેશ બાળકમાં કરવામાં આવે છે. જ્યારે છોકરાઓની વયજૂથમાં 16 વર્ષ સુધીના બાળકોનો સમાવેશ કરવામાં આવે છે. આ વયજૂથના છોકરા છોકરીઓ અપરાધી વર્તન આચરે તો તેમને બાળ અપરાધ તરીકે ગણવામાં આવે છે. પહેલીવાર ગુનો કરનાર બાળ અપરાધીઓની સંખ્યા વિશેષ હોય છે. કોઈપણ પ્રકારનો અપરાધ ન કર્યો હોય તેવી વ્યક્તિ ભાગ્યે જ જોવા મળે છે.

બાળ અપરાધ એ શીખેલો સામાજિક વ્યવહાર છે. આ વ્યવહાર દોષયુક્ત કે દોષરહિત પરિસ્થિતિમાં જ સંભવે છે. આ સિવાય વય, જવાબદારીનું ભાન, સમાજીકકરણની ખામી, કાનૂની બાબતોને પણ બાળ અપરાધીની લાક્ષણિકતા ગણવામાં આવે છે.

**(6) બાળ અપરાધને અસર કરતાં પરિબળો :**

બાળ અપરાધ વિવિધ વ્યવહારોને પ્રદર્શિત કરતાં હોય છે. પ્રત્યેક વ્યવહાર સાથે સામાજિક સંદર્ભ અને એને અનુરૂપ પરિબળો સંકળાયેલાં હોય છે. આવા પરિબળોને બે વિભાગમાં વિભાજિત કરી શકાય.

1. વ્યક્તિના ઘટકો જેવાં વિનમ્રતા, અવજ્ઞા, દ્વેષ, વિરોધ, આવેગશીલતા, સુરક્ષાની ભાવના, સંઘર્ષ આત્મનિયંત્રણનો અભાવ વગેરે પરિબળોનો સમાવેશ થાય છે.

2. પરિસ્થિતિજન્ય પરિબળોમાં કુટુંબ, મિત્રમંડળ, શાળાનું વાતાવરણ, અશ્લીલ સાહિત્ય, કાર્યનું વાતાવરણ વગેરે પરિબળોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત આંતરિક નિયંત્રણ, બાળપણનાં અનુભવો, પ્રવૃત્તિઓ, બાહ્ય નિયંત્રણ, સમાજ વ્યવસ્થા, કાર્યપ્રણાલી વગેરે પરિબળો બાળ અપરાધમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

## (7) બાળ અપરાધનો કારણો :

બાળ અપરાધના કૃત્ય માટે કોઈ એક જ કારણ નહીં પરંતુ અનેક કારણો જવાબદાર માનવામાં આવે છે. આ કારણો એવા ગૂંથાયેલાં છે કે તેમને અલગ પાડવા મુશ્કેલ છે. વિવિધ વિદ્વાનોએ બાળ અપરાધના વિવિધ કારણો પ્રસ્તુત કર્યા છે. જેમ કે વ્યક્તિગત કારણો અને સામાજિક કારણો, આંતરિક કારણો અને બાહ્ય.

## (8) બાળ અપરાધને અટકાવવાનાં ઉપાયો :

વૈયક્તિક વિઘટન, પારિવારિક વિઘટન અને સામાજિક વિઘટન અટકાવવા માટે સમાજના બાળક, બાલિકાઓને સર્વાંગી રીતે સ્વસ્થ અને ચારિત્ર્યવાન બનાવવામાં આવે એ અત્યંત આવશ્યક છે. આજનો બાળક કાલે રાષ્ટ્રનો કર્ણધાર બને છે.બાળકોની કુમળા છોડની જેમ યોગ્ય સુરક્ષા કરવામાં આવે અને તેને સુસંસ્કારોનું સિંચન કરીને સભ્યતા શીખવામાં આવે તથા સુસંસ્કૃત બનાવવામાં આવે તો અપરાધની સમસ્યાનું સમાધાન લાવી શકાય.

બાળ અપરાધના નિવારણ માટેના અનેક ઉપાયો વિદ્યમાન છે, જે નીચે પ્રમાણે છે.

1. **બાળકોનો યોગ્ય ઉછેર :** બાળ અપરાધ અટકાવવામાં કુટુંબની સૌ પ્રથમ મહત્ત્વની જવાબદારી છે. માતા-પિતા અને વાલીઓએ બાળકોનો યોગ્ય ઉછેર કરવો જોઈએ. જેથી તે સ્વસ્થ અને ચારિત્ર્યવાન નાગરિક બની શકે અને તેના વ્યક્તિત્વનો યોગ્ય વિકાસ થાય. માતા-પિતાએ બાળકની હાજરીમાં અનૈતિક આચરણ ન કરવું જોઈએ. માતા-પિતાએ બાળકના ઉપર યોગ્ય દેખરેખ રાખવી જોઈએ. બાળકને પોતાના વિચારો રજૂ કરવાની તક આપવી જોઈએ, ભૂલ કરે તો તેને શિખામણ આપી સુધારવાની અને સુશિક્ષિત બનાવવાની તક આપવી જોઈએ. ગેરવર્તન કરે તો તેને અટકાવવા માટે સકારાત્મક અને નકારાત્મક નિયંત્રણના ઉપાયો આવશ્યકતા અનુસાર કરવાં જોઈએ. બાળકોની જરૂરિયાતો અને જિજ્ઞાસાને સંતોષવી જોઈએ. માતા-પિતાએ બે સંતાનોના ઉછેરમાં પક્ષપાત અને ભેદભાવ ન રાખવો જોઈએ. બીજાની હાજરીમાં એની ઉપેક્ષા ન કરવી જોઈએ, તેની ઉપર શારીરિક કે શાબ્દિક પ્રહારો ન કરવા જોઈએ કે જેની વિપરીત અસર બાળક પર થાય. માતા-પિતાએ બાળકને સહાયરૂપ બનવું જોઈએ.

2. **ઉચિત શિક્ષણ :** બાળ અપરાધને અટકાવવામાં ઉચિત શિક્ષણ અત્યંત આવશ્યક છે. બાળકોને પુસ્તકીયું જ્ઞાન આપવાને બદલે સામાજિક જ્ઞાન આપવું અત્યંત આવશ્યક છે એની સાથે નૈતિક શિક્ષણ આપવું જોઈએ. શાળામાં બાળકો સુસંસ્કારી અને ચારિત્ર્યવાન બને તેની શિક્ષણ વ્યવસ્થા આવશ્યક છે.શાળામાં ગ્રંથાલય, ખેલકૂદના તથા મનોરંજનના સાધનો હોવાં જોઈએ જેથી નવરાશના સમયનો સદ્ઉપયોગ કરી શકે. બાળક અભ્યાસમાં નબળું પડે તો તેના માતા-પિતા અને વાલીનું ધ્યાન દોરી તેના પ્રત્યે વિશેષ ધ્યાન આપવું જોઈએ. આવી વ્યવસ્થા શાળામાં કરવામાં આવે તો બાળ અપરાધીઓના અપરાધમાં ઘટાડો કરી શકાય.

3. **મનોવૈજ્ઞાનિક ઔષધાલયો :** ડૉ.બર્ટે પ્રયોગ દ્વારા સાબિત કર્યું છે કે મનોવૈજ્ઞાનિક ઔષધાલય બાળ અપરાધનું પ્રમાણ ઘટાડી શકે છે. બાળકો માનસિક અસંતુલનને કારણે અપરાધ કરે છે. બાળકોનું માનસિક સંતુલન ઉચિત ન હોય તો સામાન્ય વ્યવહાર કરવામાં મુશ્કેલી અનુભવે છે. આવા બાળકોનો મનોવૈજ્ઞાનિક ઔષધાલય દ્વારા ઉપચાર કરીને તેઓને બાળઅપરાધી

બનતા અટકાવી શકાય છે. બાળકમાં દીનતા કે હીનતા ન ઉદ્ભવે તેનું ધ્યાન રાખવું જોઈએ. કુટુંબ વિઘટન ન થાય તેવા પ્રયાસો કરવાં જોઈએ.

4. **સ્વસ્થ મનોરંજનના સાધનો :** બાળકોના સમાજીકરણમાં મનોરંજનના સાધનો મહત્ત્વનો ભાગ ભજવે છે. બાળક ફુરસદના સમયનો યોગ્ય ઉપયોગ કરી શકે તેવી વ્યવસ્થા શાળામાં હોવી જોઈએ. મનોરંજનના સાધનોની વ્યવસ્થા કરવામાં આવે તો બાળ અપરાધ અટકાવી શકાય.

5. **શિક્ષણની મુલાકાત :** કુટુંબ અને શાળા વચ્ચે શિક્ષણ દ્વારા સંપર્ક સાધીને બાળકની પ્રગતિનો વિચાર કરી શકાય. શિક્ષકે સમાયાંતરે બાળકના ઘરની મુલાકાત લઈને કૌટુંબિક જીવન અને બાળકના જીવન વિષે માહિતી મેળવવી જોઈએ. તેવી જ રીતે માતા-પિતાએ શિક્ષક પાસેથી બાળકના અભ્યાસ અંગે અને તેના વર્તન અંગે માહિતી મેળવવી જોઈએ. જો બાળકનું વર્તન ઉચિત ન હોય તો માતા-પિતા અને શિક્ષકો સાથે મળીને બાળકની સમસ્યાનું નિરાકરણ લાવવું જોઈએ તથા તેને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીને પોતાનો પુત્ર માનીને યોગ્ય શિખામણ આપવી જોઈએ તેની સાથે સમજાવટથી કામ લેવું જોઈએ તો બાળ અપરાધ થતાં અટકાવી શકાય.

6. **સંયુક્ત પરિષદ :** બાળ અપરાધને અટકાવવા માટે સંયુક્ત પરિષદનું નિર્માણ કરવું જોઈએ. જેમાં બાળ અદાલત, શાળા, પોલીસ વિભાગ, સમાજ કલ્યાણ સંસ્થાઓ અને વાલીઓએ મળીને અપરાધી બનતા બનાવોને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. કુટુંબના સ્તરને અને સામુદાયિક પરિસ્થિતિને સુધારવા પ્રયત્ન કરવો જોઈએ.

7. **નૈતિક શિક્ષણ :** નીતિના વિકાસ માટે નૈતિક શિક્ષણ આવશ્યક છે. જો નાનપણથી જ બાળકનો નૈતિક શિક્ષણ આપીને વિકાસ કરવામાં આવે તો તેઓ સફળ નાગરિક બની શકે અને બાળ અપરાધનું પ્રમાણ ઘટે. નૈતિક શિક્ષણ દ્વારા બાળકમાં સ્નેહ, સહાનુભૂતિ, હિંમત જેવાં ગુણોનો યોગ્ય વિકાસ થશે. આવા ગુણો વ્યક્તિ અને તેના વ્યક્તિત્વને નિર્ધારિત કરવા માટે જરૂરી છે. પ્રત્યેક શિક્ષણ સંસ્થામાં નૈતિક શિક્ષણની વ્યવસ્થા હોવી જોઈએ.

8. **અન્ય ઉપાયો :** અન્ય ઉપાયોમાં કુટુંબને ખંડિત થતું અટકાવવું જોઈએ. કુટુંબ ખંડિત થાય તો બાળકોનું યોગ્ય સમાજીકરણ થતું નથી. એને લીધે બાળકો અપરાધી વર્તન અપનાવે છે. કૌટુંબિક વિઘટનને સંગઠિત કરવું જોઈએ. કૌટુંબિક વિઘટન બાળ અપરાધનું મુખ્ય કારણ છે. એને રોકવું જરૂરી છે. કુટુંબનું આયોજન કરવું જોઈએ. જેથી બાળકોનો સારી રીતે ઉછેર કરી શકાય. માતા-પિતા અને સંતાનો વચ્ચેના સંબંધો સુમેળ ભર્યા હોવા જોઈએ જેથી બાળકના ચારિત્ર્ય અને વ્યક્તિત્વનો સ્વસ્થ વિકાસ થઈ શકે.

   આ ઉપરાંત મનોચિકિત્સા, વર્તન ચિકિત્સા, પર્યાવરણ ચિકિત્સા અને સામાજિક કાર્યકરો પણ બાળ અપરાધ અટકાવવામાં સહાયરૂપ બની શકે છે. બાળકોના વાલીઓએ સાથે મળીને રચનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ. જેથી બાળકો અપરાધ વર્તન ન કરે. બાળકોને યોગ્ય નાગરિક બનાવવા માટે તાલીમ કેન્દ્રો, માર્ગદર્શન કેન્દ્રો અને પરામર્શ સેવા કેન્દ્રોની રચના કરવી જોઈએ. બાળકોનો તિરસ્કાર ન કરવો જોઈએ. તેઓને અયોગ્ય વ્યવહાર કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ નહીં. ખૂબ કડક શિક્ષાત્મક પગલાં પણ ન લેવાં જોઈએ. જેથી બાળકનું વ્યક્તિત્વ કુંઠિત થઈ જાય. યોગ્ય નિર્દેશનમાં બાળકનો વિકાસ કરવો જોઈએ.

   બાળ અપરાધી સમસ્યાઓને જોઈએ તો કહી શકાય કે એના નિવારણ માટે કલ્યાણકારી રાજ્યની પ્રથમ જવાબદારી હોવી જોઈએ. કોઈપણ સમાજના બાળ અપરાધને અટકાવવામાં ન આવે તો તેની પ્રગતિ થઈ શકે નહીં.

## 9. બાળ અપરાધો માટે કાર્યરત સંસ્થાઓ :

બાળ અપરાધની સમસ્યાના નિવારણ માટે કેટલીક સંસ્થાઓ દ્વારા કાનૂની જોગવાઈઓ કરવામાં આવી છે જેનું સંચાલન સરકારી, બિનસરકારી અને સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા થાય છે. જેની

આર્થિક અને વહીવટી જવાબદારી રાજ્યના શિરે હોય છે. વિભિન્ન રાજ્યોએ બાળકોનાં કલ્યાણઅર્થે સ્વૈચ્છિક સંસ્થાઓને મહત્ત્વ આપીને કાનૂની જોગવાઈ હેઠળ સંસ્થાઓ ઊભી કરીને નાણાંકીય સહાયતા અને સંચાલનની વ્યવસ્થા કરી છે. આ સંસ્થાઓ નીચે મુજબ છે.

1. **બાળ અદાલત :** આવી અદાલતોનું સંગઠન અને સ્વરૂપ સાધારણ અદાલતોથી ભિન્ન છે. શરૂઆતમાં સમગ્ર વિશ્વમાં અને ભારતમાં અપરાધ કરનાર બાળકોને પુખ્તવયની ગુનેગાર વ્યક્તિઓ સાથે રાખવામાં આવતી હતી. તેમની અદાલતો અને જેલ સરખા હતા. બંને પ્રકારના અપરાધીઓ માટે સમાન સિદ્ધાંતો અને પદ્ધતિઓ લાગુ પાડવામાં આવતાં હતાં. પરંતુ સમયાંતરે બાળ અપરાધીઓ સાથે કામ લેવાની પ્રક્રિયા અને પદ્ધતિને અલગ પાડવાનું જરૂરી જણાયું. પરિણામે અમેરિકાના શિકાગો શહેરમાં 1899માં વિશ્વની સર્વપ્રથમ બાળ અદાલત સ્થાયીને એક ક્રાંતિકારી પગલું ભર્યું. ભારતમાં સૌ પ્રથમ 1941માં બાળ અદાલતની સ્થાપના કલકત્તામાં થઈ. ભારતમાં 112 અને ગુજરાતમાં 21 બાળ અદાલતો કાર્યાન્વિત છે.

   ન્યાયની અદાલતમાં બાળ અદાલતનું આગવું સ્થાન છે. તેની કાર્યવાહી અલગ પ્રકારની છે. આવી અદાલતોમાં પુખ્ત વયના ગુનેગારોને સ્થાન નથી. મોટેભાગે આવી અદાલતો બાળ સંરક્ષણ ગૃહના એક જ ખંડમાં ચલાવવામાં આવે છે.

   બાળ અદાલતનો ઉદ્દેશ સજા આપવાને બદલે બાળકે કયા કારણસર અપરાધ કર્યો છે તે જાણીને તેને સુધારવાના સર્વોત્તમ ઉપાયો કરવાના છે. બાળ અદાલતમાં સાધારણ અદાલતની જેમ ન્યાયાધીશ જરૂરી હોતાં નથી. તેમની પર અદાલતી કાર્યવાહી કરવામાં આવતી નથી. પરંતુ તેમના સ્થાને મનોવૈજ્ઞાનિક, મનોચિકિત્સક અને સમાજશાસ્ત્રી હોય છે. બાળક ઉપર દાવો ચલાવવામાં આવતોં નથી કે તેને હાથકડી પહેરવામાં આવતી નથી. પોલીસના માણસો સાદા પહેરવેશમાં હોય છે. જેથી તેમના મન ઉપર અપરાધીની છાપ ન પડે. બાળકની વાતો સાંભળીને અભ્યાસ કરવામાં આવે છે. બાળક અપરાધી ઠરે તો તેને તેના માતા-પિતાને સોંપવામાં આવે છે અથવા પ્રોબેશન અધિકારીની દેખરેખ નીચે છોડવામાં આવે છે અથવા સુધારગૃહમાં મોકલવામાં આવે છે. અન્ય રાજ્યોમાંથી આવતાં બાળકોને તેમના ગામ અદાલત પાછા મોકલે છે. બાળ અદાલત બાળ અપરાધીઓને સુધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

(2) **પ્રોબેશન અથવા અજમાયશી વ્યવસ્થા :** આ સંસ્થાઓ પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ હેઠળ સ્થપાઈ છે. પ્રોબેશન પ્રણાલી બાળ અપરાધોનાં નિવારણનાં ઉપાયોમાં મહત્ત્વની જોગવાઈ છે. આ પ્રણાલી બાળકને અપરાધી બનતી અટકાવવા અને બાળ અપરાધની સુધારણા માટે ઉપયોગી છે. જો બાળક અપરાધી બની જાય તેવો સંભવ હોય તો તેને પ્રોબેશન વ્યવસ્થા મુજબ દેખરેખ નીચે લઈ શકાય છે. પ્રથમવાર બાળ અપરાધી તરીકે બાળ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યો હોય તો તેનો અહેવાલ જોઈને જરૂરી જણાય તો તેની સુધારણા માટે અદાલત તેને પ્રોબેશન વ્યવસ્થા નીચે રાખે છે. બાળકને તેના સ્વાભાવિક સામાજિક વાતાવરણમાં રહીને સુધરવાની તક આપતી વિશિષ્ટ વ્યવસ્થા છે. પ્રોબેશન અધિકારીની દેખરેખ નીચે બાળકોને સુધારી શકાય છે. આ અધિકારીઓ બાળ મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રનું જ્ઞાન ધરાવતાં હોવાથી બાળ અપરાધીઓની સમસ્યાઓને સમજીને સહાનુભૂતિપૂર્વક વ્યવહાર કરીને યોગ્ય માર્ગે વાળવાનો પ્રયત્ન કરે છે. શક્ય હોય તેવા ઉપાયો દ્વારા બાળ અપરાધીને સમાજના યોગ્ય નાગરિક બનાવવાનો પ્રયત્ન કરે છે. વર્તમાન સમયમાં તેનું મહત્ત્વ દિનપ્રતિદિન વધતું જાય છે.

(3) **સુધાર શાળાઓ :** જે રાજ્યમાં બાળ કાયદો અમલમાં નથી તેવા રાજ્યોમાં બાળ અપરાધીઓને સને 1897ના સુધારશાળા કાયદા નીચે સુધાર શાળાઓમાં મોકલવાની જોગવાઈ કરવામાં આવે છે. આવી શાળાઓ સરકારી સંચાલન હેઠ ચલાવવામાં આવે છે. 15 વર્ષ કરતાં નાની વયના બાળકોએ ગંભીર ગુનાઓ કર્યા હોય તો તેને લઘુતમ 3 વર્ષ અને મહત્તમ 7 વર્ષ સુધી

આવી શાળાઓમાં રાખવામાં આવે છે. જ્યાં બાળકની જીવન જરૂરિયાતની બધી સગવડો ઉપરાંત શિક્ષણ અને તાલીમ પણ આપવામાં આવે છે. જેથી  બાળક આત્મનિર્ભર બની શકે અને પોતાની આજીવિકા મેળવી શકે.

**(4) બ્રોર્સ્ટલ શાળાઓ (સુધાર ગૃહ) :** આ શાળાની સ્થાપાના ઈંગ્લેન્ડના બ્રોર્સ્ટલ નામના શહેરમાં 1902માં કરવામાં આવી છે. બ્રોર્સ્ટલ શહેરના નામ પરથી આ સંસ્થા બ્રોર્સ્ટલ સંસ્થા તરીકે ઓળખાય છે. આ પ્રણાલી નીચે 15 થી 21 વર્ષની વચ્ચે અથવા સુધારેલા બાળ કાયદા મુજબ 16 થી 18 અને 21 વર્ષની વચ્ચેના કિશોર અપરાધીઓના ખાસ ઉપચાર કરવાની જોગવાઈ કરવામાં આવી છે. જે બાળ અપરાધીઓ પ્રમાણિત શાળામાં દાખલ થઈ શકતા નથી. તેઓને અહીં દાખલ કરવામાં આવે છે ત્યાં તેમને વય, ચારિત્ર્ય અને અન્ય લાયકાતો નક્કી કરી તેમને શિક્ષણ, કસરત અને વિવિધ તાલીમ આપવામાં આવે છે. ઈરાદાપૂર્વક શ્રમયુક્ત કામ આપવામાં આવે છે. જેથી તેઓને અપરાધ કરતાં અટકાવી શકાય. છોકરા અને છોકરીઓને અલગ અલગ વ્યવસાયની તાલીમ આપવામાં આવે છે. જ્યારે છોકરીઓને ધોબીકામ, રસોઈ અને ગૃહ સંચાલનની તાલીમ આપવામાં આવે છે. દેશમાં એક અંદાજ મુજબ આવી 1295 શાળાઓ છે. ભારતમાં મહારાષ્ટ્ર, ગુજરાત, આંધ્રપ્રદેશ, કેરાલા, મૈસુર, પંજાબ, ઉત્તર પ્રદેશ વગેરે રાજ્યોમાં આવી શાળાઓ જોવા મળે છે. આવી શાળાઓમાં 13 થી 21 વર્ષની વયજૂથ ધરાવતા છોકરા અને છોકરીઓને સુધારણાના વિશિષ્ટ ઉપચારો તથા ઔદ્યોગિક તાલીમ માટે દાખલ કરવામાં આવે છે જેને પ્રમાણિત શાળામાં દાખલ કરાવાતા નથી. તેઓને અહીં પ્રવેશ આપીને જીવનઘડતરની અને વ્યવસાયિક તાલીમ આપવામાં આવે છે.

બ્રોર્સ્ટલ સંસ્થાઓ બે પ્રકારની છે. બંધ અને ખુલ્લી. બંધ સંસ્થાઓ ઊંચી દીવાલથી ઘેરાયેલી હોય છે. જ્યારે ખુલ્લી સંસ્થાઓને દીવાલ હોતી નથી. જે કોઈ મકાનમાં હોય છે. જેલના મકાનનું આવી સંસ્થામાં રૂપાંતર કરવામાં આવ્યું હોય છે. જેનો મુખ્ય દરવાજો સામાન્ય રીતે ખુલ્લો રહે છે અને મોટાભાગની પ્રવૃત્તિઓ દીવાલની અંદર જ થતી હોય છે. તેમ છતાં જરૂર જણાયે તકેદારીનાં પગલાં લઈ શકાય તેવી ગોઠવણ હોય છે. જેથી બાળકને સુધારણાની તક મળે અને અધિકારવાદી વાતાવરણથી મુક્ત રહે અને બાળ અપરાધીઓનો સુધાર શક્ય બને. આ રીતે બ્રોર્સ્ટલ શાળા 16 થી 21 વર્ષની વયજૂથ ધરાવતાં કિશોર-કિશોરીઓ માટે સ્થાપવામાં આવી છે. દેશના 9 રાજ્યો જેવાં કે તામિલનાડું, આંધ્રપ્રદેશ, બિહાર, પંજાબ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, કેરલા અને કર્ણાટક ખાતે આવી સંસ્થાઓ કાર્યરત છે. આ શાળાની ક્ષમતા 100 થી 350 વ્યક્તિઓની છે, રહેઠાણો વચ્ચે વધઘટ રહે છે. પોલીસ મહાનિર્દેશક સામાન્ય નિરીક્ષણમાં કામ કરે છે.શાળાની પોતાની નિરીક્ષણ પદ્ધતિ હોય છે. જેમાં જિલ્લા સ્તરે, ન્યાયાધીશ, જિલ્લા મેજિસ્ટ્રેટ ઓફિસરો અને બિનસરકારી વ્યક્તિઓ સભ્યો હોય છે. અહીં બાળકોને 2 થી 5 વર્ષ કરતાં વધારે સમય સુધી રાખી શકાતાં નથી. તેમને અન્ય શાળામાં મોકલવામાં આવે છે. પ્રત્યેક શાળાને ગૃહપતિ હોય છે. પ્રત્યેક ગૃહને સમૂહમાં વિભાજન કરવામાં આવે છે અને પ્રત્યેક સમૂહનો એક મોનિટર હોય  છે. (શુક્લ ચંદ્રિકા : 1984)

**(5) બાળ સંરક્ષણ ગૃહ :** બાળધારાની જોગવાઈ અનુસાર બાળ અપરાધીને અટકાયતમાં લેવામાં આવે છે અને તેમનો કેસ બાળ અદાલત સમક્ષ ચાલે ત્યાં સુધી તેમને બાળ સંરક્ષણ ગૃહમાં રાખવામાં આવે છે. અહીં બાળકને સહકાર આપીને પ્રેમાળ, સહાનુભૂતિપૂર્ણ અને વિશ્વાસ પ્રેરક વર્તન કરે તે માટેના જરૂરી પ્રયત્નો બાળગૃહના અધિકારો કરે છે. અહીં પ્રવેશ પામેલ બાળકને શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવે છે, જેથી બાળક સાથે સાયુજ્ય સાધીને, સંપર્ક ખીલવીને જરૂરી માહિતી એકઠી કરીને અને બાળકનો વૃત્તાંત તૈયાર કરીને સુધારણા માટે જરૂરી ભલામણો કરે છે. બાળ અદાલત બાળકો અંગે અંતિમ નિર્ણય લઈને અપરાધી બાળકોને વધુ તપાસ કરવા માટે થોડો સમય છોડી મુકવામાં આવે છે. આવા ગૃહો

મોટેભાગે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતાં હોય છે. તેમને અનિવાર્ય અનુદાન સરકાર અને જનતા તરફથી પ્રાપ્ત થાય છે. ભારતમાં રિમાન્ડ હોમ 11 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશમાં જોવા મળે છે.

બાળ સંરક્ષણ ગૃહ સામાજિક પરિસ્થિતિનો ભોગ બનેલા બેકાબુ બાળકો માટેનું સંરક્ષણ સ્થાન છે. તેના કાર્યકર્તાઓ બાળકોને સંરક્ષણ આપીને જરૂરી નિરીક્ષણ કરીને અને માર્ગદર્શન આપીને જો વર્તનમાં સુધારણા જણાય તો બાળકો તેના વાલીને પાછા સોંપવામાં આવે છે.

**(6) પ્રમાણિત શાળાઓ :** જે રાજ્યોમાં બાળ કાયદાઓ અમલમાં મૂક્યા છે તે રાજ્યોમાં બાળકોને સુધારવા માટે પ્રમાણિત શાળાઓ સ્થાપવામાં આવી છે. આવી શાળાઓ બાળકાયદા નીચે આવરી લેવામાં આવતાં બાળકોની દેખભાળ, ઉપચાર અને સુધારણા માટે હોય છે. અપરાધી બાળકોને આવી શાળાઓમાં ઉપચાર તથા સુધારણા માટે મોકલવામાં આવે છે. છોકરાઓ માટે આવી શાળાઓ ત્રણ પ્રકારની છે. જ્યારે છોકરીઓ માટે બે પ્રકારની છે.

1. જુનિયર પ્રમાણિત શાળાઓ જેમાં 13 વર્ષથી નીચેની વયના બાળ અપરાધીઓને મોકલવામાં આવે છે.

2. ઈન્ટરમીડિયેટ પ્રમાણિત શાળાઓ જેમાં 13 થી 15 વર્ષની વય સુધીના બાળ અપરાધીઓને રાખવામાં આવે છે.

3. સિનીયર પ્રમાણિત શાળાઓ જેમાં 15 વર્ષથી ઉપરના અને 17 વર્ષ સુધીની વયના બાળ અપરાધીઓને રાખવામાં આવે છે.

છોકરીઓ માટે 13 વર્ષની વય કરતાં ઓછી વય માટે જુનિયર પ્રમાણિત શાળાઓ અને 13 વર્ષથી 18 વર્ષની બાળાઓ માટે સિનીયર પ્રમાણિત શાળાઓ. આવી શાળાઓમાં બાળકોને સામાન્ય શિક્ષણ ઉપરાંત ટેકનિકલ શિક્ષણ તથા ઔદ્યોગિક તાલીમ આપવામાં આવે છે. આવી શાળાઓનું સંચાલન સરકારી અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે જેને સરકારી સહાય પ્રાપ્ત થાય છે. સમગ્ર દેશમાં 60 અને ગુજરાતમાં આવી છ સંસ્થાઓ છે.

**(7) પાલકગૃહો :** આવા ગૃહો ખાસ કરીને 10 વર્ષ કરતાં નાની વયના બાળકો માટે હોય છે. જે બાળકોને શાળામાં મોકલવાનું શક્ય ન હોય ત્યાં આવા ગૃહોમાં અપરાધી બાળકોને સ્નેહ, હૂંફ અને પ્રેમાળ વાતાવરણ દ્વારા સુધારવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આવા ગૃહોનું સંચાલન સરકારી અને બિન સરકારી સંસ્થાઓ કરે છે. તેમને સરકારી અનુદાન મળે છે.

**(8) યોગ્ય વ્યક્તિ ઘડતર સંસ્થાઓ :** 1938ના મુંબઈના બાળ કાયદા અનુસાર સરકાર કેટલીક સંસ્થાઓને યોગ્ય વ્યક્તિ ઘડતર સંસ્થાઓ તરીકે જાહેર કરવાની સત્તા ધરાવે છે. આવી સંસ્થાઓનો હેતુ ક્રૂરતાનો ભોગ બનેલાં બાળકોને સંરક્ષણ અને આશ્રય આપવાનો હોય છે તથા બાળકોને ક્રૂરતાનો ભોગ બનતા અટકાવવાનો છે અને તેમના જન્મના ધર્માનુસાર તેઓનો ઉછેર કરવાનો હોય છે. આવી સંસ્થાઓ બિન સરકારી હોય છે. અહીં જે બાળકોને રાખવામાં આવે છે તેમને તાલીમ આપવામાં આવે છે. સરકાર આ સંસ્થાઓ પાસેથી બાળ કાયદા મુજબ કામ લે છે. જુદાં જુદાં પ્રકારનાં બાળકો માટે જુદાં જુદાં પ્રકારની સંસ્થાઓ હોય છે.

**(9) દેખભાળ વગરના બાળકો સંબંધી સંસ્થાઓ :** કેટલાંક બાળકો અપરાધી બનવાની શરૂઆતના તબક્કે પહોંચી ગયા હોય છે. આવા બાળકો ઘણેભાગે નિરાધાર અને ઉપેક્ષિત અથવા તરછોડાયેલાં હોય છે. આવા બાળકોની યોગ્ય સંભાળ અને ઉછેર માટે સમગ્ર દેશમાં અનાથાશ્રમો અને બાળ સંસ્થાઓ ચાલતી હોય છે તેનું સંચાલન સરકારી અથવા ખાનગી સંસ્થાઓ અને દાતાઓ દ્વારા કરવામાં આવે છે. આવી સંસ્થાઓ ઉચિત ધોરણ જાળવતી નથી અને તેમની તપાસ થાય તે અત્યંત આવશ્યક છે. આવી સંસ્થાઓના વહીવટ અને સંચાલન નિયંત્રણ માટે 1956માં સ્ત્રીઓ અને બાળકોની સંસ્થા સંબંધી કાયદો પસાર કરવામાં આવ્યો છે.

(10) **સહાયક ગૃહો :** આવા ગૃહો પ્રમાણિત શાળાના પ્રવેશ દ્વાર છે. અપરાધી ઠરેલાં બાળકોને પ્રમાણિત શાળામાં મોકલતા પહેલાં થોડો સમય અહીં રાખવામાં આવે છે. સામાજિક કાર્યકર તેમનો અભ્યાસ કરીને તેમની રૂચિ, સ્વભાવ અને વય મુજબ જુનિયર, ઈન્ટરમીડિયેટ શાળામાં મોકલવામાં આવ્યો છે.

**(10) બાળ અપરાધ નિવારણ કાર્યક્રમ :**

સમગ્ર વિશ્વમાં અને ભારતમાં બાળ અપરાધીઓની સમસ્યા અંગે લોકોમાં જાગૃતિ આવી છે. તંદુરસ્ત સમાજજીવન માટે તેનું નિવારણ જરૂરી છે. આ સમસ્યાના નિવારણ માટે વિવિધ ઉપાયો અને પ્રયુક્તિઓ અપનાવવામાં આવી છે.

**કાનૂની પગલાં :** બાળ અપરાધીઓને સુધારવા માટે કાનૂની જોગવાઈઓ કરવામાં આવી છે. 1942માં લીગ ઓફ નેશનન્સે બાળકોના હક્કો સંબંધી પ્રથમ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જેની જાહેરાત 1948માં યુનોએ કરી. આ જાહેરનામામાં બાળકોના સંરક્ષણ, દેખભાળ, ખોરાક, નિવાસ, ભૌતિક, નૈતિક તથા આધ્યાત્મિક વિકાસ માટેની તકો અને સુવિધિઓ પ્રાપ્ત કરવાના હક્કોનો સ્વીકાર કર્યો અને તે માટેની ખાતરી આપી. ભારતમાં પણ બાળ અપરાધની સમસ્યાના નિવારણ માટે કાનૂની પગલાંની શરૂઆત બ્રિટીશકાળ દરમિયાન થઈ અને આઝાદી બાદ આ ક્ષેત્રે વધુ પ્રગતિશીલ કાનૂનોની રચના કરીને તેમની સુધારણા માટે વધુ ઉદાર જોગવાઈઓ દાખલ કરવામાં આવી છે. આ કાયદાઓ નીચે મુજબ છે.

1. 1850નો એપ્રોન્ટીસ એક્ટ
2. 1860નો ઈન્ડિયન પીનલ કોડ
3. 1861નો ક્રિમિનલ પ્રોસીજર કોડ
4. 1897નો રિફોર્મેટરી સ્કૂલ એક્ટ, અપરાધી આદિમજાતિ કાયદો
5. 1920નો બાળ કાયદો મદ્રાસ રાજ્યે પસાર કર્યો
6. 1922નો બાળ કાયદો બંગાળમાં પસાર કર્યો
7. 1924નો બાળ કાયદો મુંબઈમાં પસાર કર્યો
8. 1928નો બાળ કાયદો મધ્યપ્રદેશે પસાર કર્યો
9. 1941નો બાળ કાયદો દિલ્હીએ પસાર કર્યો
10. 1943નો બાળ કાયદો મૈસુરે પસાર કર્યો
11. 1945નો બાળ કાયદો ત્રાવણકોર અને કોચીને પસાર કર્યો.
12. 1949નો બાળ કાયદો ઉત્તર પ્રદેશે પસાર કર્યો
13. 1951નો બાળ કાયદો હૈદ્રાબાદે પસાર કર્યો.
14. 1954નો બાળ કાયદો સૌરાષ્ટ્રે પસાર કર્યો.
15. આ તમામ કાયદાઓને સંકલિત કરતો બાળકાયદો 1960માં લોકસભામાં પસાર કરવામાં આવ્યો જેને 1960નો અખિલ ભારતીય બાળકાયદા તરીકે ઓળખવામાં આવે છે.
16. બાળ અપરાધીઓની સુધારણા માટે લોકસભાએ 1986માં જુવેનાઈલ જસ્ટીસ એક્ટ પસાર કર્યો.

આ તમામ કાયદાઓમાં બાળ અપરાધીઓ સામે અદાલતી તપાસ માટે બાળ અદાલતોની જોગવાઈ કરવામાં આવી. બાળકોના અપરાધી વર્તન માટે કોઈ શારીરિક શિક્ષા ન કરતાં તેમની સુધારણા માટે વિશિષ્ટ પ્રકારની સંસ્થાઓની વ્યવસ્થા કરવામાં આવી. ભારતીય બંધારણના અનુચ્છેદ 39માં બાળકો અને કિશોરોને નૈતિક, ભૌતિક શોષણમાંથી મુક્ત કરવાની અને તેમને રક્ષણ આપવાની નીતિની જોગવાઈ કરી છે. જેને ધ્યાનમાં લેવાની નીતિ અપનાવવામાં આવી છે. વિવિધ

રાજ્યોએ પાસર કરેલાં બાળકાયદાઓમાં કરેલી જોગવાઈ અન્વયે બાળ અપરાધીઓની સુધારણા માટે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ જુવેનાઈલ જસ્ટીલ એક્ટનો અમલ કર્યો છે. ગુજરાતમાં પણ આ કાયદો અમલમાં મૂકાયો છે. જેનો હેતુ ક્ષતિપૂર્ણ સામાજિક વ્યવસ્તામાં મૂકાયેલ બાળકોના સંભાળ અને પુનઃ સ્થાપનનો છે.

આમ વિવિધ કાયદાઓનું સંકલન અને એકસૂત્રતા લાવવાનું કાર્ય કાનૂની ક્ષેત્રમાં આવે છે. આ સિવાય બાળ અપરાધીઓની સુધારણા કરતી સંસ્થાઓ જેની વિગતો આગળ આપી છે. આવી સંસ્થાઓ બાળ અપરાધ નિવારણમાં કાર્ય કરે છે.

બાળ અપરાધીઓને અટકાવવા માટે નીચેના ઉપાયો અજમાવવા જોઈએ.

1. બાળકોના સ્વસ્થ વ્યક્તિત્વનો વિકાસ થાય અને સમાયોજન સાધી શકે તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.
2. અપરાધમાં મદદરૂપ બનતા પરિબળોનું નિયંત્રણ થાય તેવા વાતાવરણનું નિર્માણ કરવું જોઈએ.
3. બાળકો માટે ખાસ અપરાધ નિવારણ સેવાઓનું આયોજન કરવું.
4. સામાજિક માળખામાં પરિવર્તન લાવવું જોઈએ.
5. ગરીબીની રેખા નીચે જીવન જીવતા પરિવારોનું આર્થિક સ્તર ઊંચું લાવવામાં મદદરૂપ બને તેવા વિવિધ કાર્યક્રમોનું ઘડતર કરવું જોઈએ.
6. અપરાધી બાળકોના વાલીઓને માટે સલાહ અને માર્ગદર્શન કેન્દ્રોનું નિર્માણ કરીને યોગ્ય સેવાઓ પ્રદાન કરવી જોઈએ.
7. બાળકોને શાળામાં નૈતિક અને સામાજિક શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. સાથે સાથે ગમ્મત મળે તેવા કાર્યક્રમોનું ઘડતર કરવું જોઈએ.
8. બાળકલ્યાણ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, બાળકોની દેખભાળ કરતી સંસ્થાઓએ પણ બાળ અપરાધીઓને સુધારવા માટેના યોગ્ય ઉપાયોનું આયોજન કરીને અમલ કરવો જોઈએ.

ટ્રોજનોવિઝે (1973 : 188) બાળ અપરાધ નિવારણ કાર્યક્રમોનું વર્ગીકરણ કર્યું છે. જે આ મુજબ છે.

1. પ્રાથમિક નિવારણ, જે બાળ અપરાધીઓ અપરાધ કરે તે પહેલાં અપરાધ કરતાં અટકાવે છે.
2. દ્વિતીય નિવારણ, જે બાળકોને અદાલતોએ ગુનેગાર સાબિત કર્યો છે તેમને માટે છે પીટર લેજિન્સે નિવારણ કાર્યક્રમોનું વર્ગીકરણ આ મુજબ કર્યું છે.

1. દંડાત્મક નિવારણ 2. દોષ નિવારણ અને 3. ભૌતકીય નિવારણ

કોઈપણ દંડ દ્વારા અપરાધો રોકી શકાય છે. અપરાધના સંભવિત કારણોને શક્ય હોય ત્યાં સુધી અપરાધ થાય તે પહેલા દૂર કરવાં જોઈએ. અપરાધના માર્ગમાં વિઘ્નરૂપ પરિબળો જે અપરાધ કરવામાં મુશ્કેલી ઊભી કરે છે. જેમ કે સુરક્ષાના ઉપાયો અથવા વધારે પોલીસ સંરક્ષણ, તેના ઉપર ભાર મૂકે છે.

બાળ અપરાધનાં નિવારણ માટે સ્વંયસેવી સંગઠનો, બાળ કલ્યાણ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ, સમાજ કલ્યાણ વિભાગ, સમાજ સુરક્ષા વિભાગ અને અન્ય સંબંધિત વિભાગો કાર્ય કરે છે. આ તમામ સંસ્થાઓનું સંકલન અથવા નેટવર્ક કરવામાં આવે એ જરૂરી છે.

શહેરના ગંદા વિસ્તારોમાં અને ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતાં બાળકો માટે સરકારે શિક્ષણ, મનોરંજન અને વ્યાવસાયિક તાલીમ માટે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે જેના માટે સ્વૈચ્છિક સંસ્થાઓનો ઉપયોગ કરવામાં આવે એ અત્યંત આવશ્યક છે. આવા વિસ્તારોમા વસવાટ કરતાં

કુટુંબો તથા તેમના બાળકો ઉપર વધારે ધ્યાન આપવામાં આવે તો તેઓને અપરાધ કરતાં રોકી શકાય.

પોલીસતંત્ર દ્વારા  બાળ એકમો ચલાવવા જોઈએ. અપરાધી બાળકો માટે મનોરંજન એકમો ખોલવા જોઈએ. સંચાર માધ્યમોનો ઉપયોગ કરીને પોલીસ અને શાળા વચ્ચે પારસ્પરિક સંકલન કરવું જોઈએ તતા સમસ્યારૂપ અપરાધી બાળકો માટે પરામર્શ કરીને અપરાધ કરતાં અટકાવવાનું કાર્ય કરવાની અને સુધારણા કરવાની બાબત પર ભારણ આપવામાં આવે તેમજ તેનો અસરકારક અમલ કરવામાં આવે તો બાળ અપરાધોમાં ઘટાડો લાવી શકાય.

માદક પદાર્થો અને નશીલાં દ્રવ્યોની હેરાફેરી કરતા બાળકો માટે, ભાગેડુ બાળકો માટે પરામર્શન સેવા કેન્દ્ર ખોલવાની આવશ્યકતા છે. આવા બાળકોના વાલી સાથે સતત સંપર્ક રાખવામાં આવે તો ગંભીર સમસ્યાઓ કરતાં અટકાવી શકાય.

બાળ અપરાધનાં નિયંત્રણ માટેનાં તમામ પાસાંઓ અને સરકારની નીતિઓ તથા યોજનાઓ બાબતે સંશોધન અને મૂલ્યાંકન કરવાની જરૂર છે. આના માટે સરકારી એજન્સીઓ, વિશ્વ વિદ્યાલયો, પોલીસ, ન્યાયતંત્ર, સામાજિક પ્રક્રિયાઓ અને પરિસ્થિતિઓમાં પરિવર્તન ન આવે ત્યાં સુધી બાળ અપરાધની સમસ્યાના નિવારણમાં જોઈએ તેવી પ્રગતિ સાધી શકાય નહીં.

બાળ અપરાધ એ સર્વે સમાજોમાં ગંભીર સમસ્યા છે. જે સુધારવાની ખાસ જરૂર છે. આ સમસ્યાની સુધારણા માટે વિવિધ યોજનાઓ બનાવી છે. તેનો ઝડપી અમલ કરવાની જરૂર છે. બાળ અપરાધીઓને સુધારવા માટે સરકાર, સ્વાયત્ત, સંસ્થાઓ, સ્વૈચ્છિક સંગઠનો, સામાજિક કાર્યકરો, સુધારાવાદી સંસ્થાઓએ સાથે મળીને પ્રયત્નો કરવાં જોઈએ, કારણ કે આજનો બાળક આવતીકાલના રાષ્ટ્રનો ભાવિ કર્ણધાર છે. કોઈપણ સમસ્યા સાથે તેને સંબંધિત વહીવટીતંત્રની મર્યાદાઓને કારણે જોઈએ તેવી સફળતા સાંપડતી નથી. ઘણીવાર વહીવટી અને કાનૂની જડતા અને જટિલતા આ સમસ્યાના નિવારણમાં અવરોધક બને છે. તેમાં પરિવર્તન લાવવાની જરૂર છે.ગેરમાર્ગે દોરાયેલાં બાળકોને યોગ્ય સંભાળ અને સંરક્ષણ આપવામાં આવે તો બાળ અપરાધીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો લાવી શકાય અને તેમને સમાજના સભ્ય નાગરિકો બનાવી શકાય.

### (3) બાળ અપરાધના કારણો

બાળ અપરાધની કાયદાનુસાર વ્યાખ્યા અને અપરાધ થવાના અપરાધી હોવા વિશેની ઓળખ અંગેની વિવિધ વિચારધારાઓની ચર્ચા કર્યા પછી એવા કોઈ ચોક્કસ તારણ ઉપર આવી શકાતું નથી કે અપરાધ શા માટે થાય છે. વિવિધ વિચારધારાઓ અપરાધ થવાની તેમજ અપરાધીની ઓળખ દર્શાવે છે. પણ અપરાધ થવા પાછળના કારણો - પ્રેરક બળોનો તલભાર પણ નિર્દેશ આપતી નથી અને જ્યાં સુધી અપરાધ થવા પાછળના પ્રેરકબળોનું નિદાન ન થાય ત્યાં સુધી અપરાધ અટકાવવા માટે પગલાં અને અપરાધીને સુધારવાનું અસરકારક સારવાર આપવાનું શક્ય નથી. તેમ છતાં સારવાર આપવામાં આવે તો તે અસરકારક ઈલાજ તરીકે સાબિત થઈ શકતું નથી.

જ્યારે કોઈ વ્યક્તિ અપરાધ કરે છે તેના માટે ઘણાં કારણો જવાબદાર હોઈ શકે છે. પણ કોઈ ચોક્કસ એક જ કારણ તે માટે જવાબદાર હોય પણ ખરૂં અને ન પણ હોય તેવું બને છે. ઘણીવાર ઘણા બધા કારણોમાંથી એકબીજા કારણો અને વ્યક્તિના વ્યક્તિગત સ્વભાવ-લાક્ષણિકતા, મર્યાદાઓ તેમની સાથે અનુકૂલ સધાય ત્યારે વ્યક્તિ અપરાધ કરવા તૈયાર થતોં હોય છે. આ ઉપરથી એક બાબત સ્પષ્ટ થાય છે કે અપરાધીઓ જન્મતાં નથી પણ સમાજમાંથી અપરાધી બને છે. આ માટે મુખ્યત્વે નીચેના કારણોને જવાબદાર ગણાવી શકાય તેમ છે.

1. વ્યક્તિનું કુટુંબ
2. પ્રચાર માધ્યમ અને બાળ અપરાધ
3. શૈક્ષણિક સંસ્થાઓ
4. ઉત્પાતિયાપણું અને અપરાધવૃત્તિ (હાઈપર એક્ટીવ)

5. નશાખોરી

6. આવેક અને અજ્ઞાત કારણ

7. સામાજિકિકરણની આડપેદાશ.

8. મા-પિતાનું ચારિત્ર્ય

9. જાતીય વાસના સંતોષવા ખાતર અને પોતાનું ધાર્યું કરવા માટે થતાં અપરાધો (શોખ માણવા માટે અને સાહસ તરીકે પરપીડન તેમજ- આનંદ પ્રમોદ માટે)

10. ગરીબી.

11. ગેંગના હાથા બનવું.

12. વસવાટનું સ્થળ.

13. બાળ અપરાધીઓને શિક્ષાત્મક સજાની મનાઈ.

14. અન્ય કારણો.

15. અનેક કારણલક્ષી અભિગમ.

**(1) વ્યક્તિનું કુટુંબ અને બાળ અપરાધ :**

કુટુંબ એક એવી સંસ્થા છે કે જ્યાં, કુટુંબના સભ્યો સમૂહમાં કેમ રહેવું, વર્તન કરવું તે શીખે છે. વ્યક્તિગત સંબંધો ચારિત્ર્ય ઘડતરના પાયા નંખાય છે. કુટુંબ માત્ર વ્યક્તિઓથી જ ઘેરાયેલી સંસ્થા નથી પણ વ્યક્તિમાં ઉત્તમ ગુણો અને આદર્શોનું સિંચન થાય તેવા પ્રયાસો કરવા એ વડીલ સભ્યોની ફરજ છે તેમ પણ માને છે.

બાળક જન્મથી જ નહિ પણ ગર્ભાધાનના સમયથી જ કુટુંબમાં રહીને વિકાસ પામે છે માટે સામાજિકીકરણમાં કુટુંબને અવગણી શકાય તેમ નથી. અને તેથી જ કુટુંબ વ્યક્તિગત વિકાસમાં અને તેના અનુસાંગિક બીજા કાર્યમાં પણ પૂરક ભૂમિકા અદા કરે છે. કુટુંબ જ વ્યક્તિત્વના ઘડતરનો પાયો નાખે છે. જેના ઉપર બીજી સંસ્થાઓ ઘડતરનું / ચણતરનું કામ કરે છે. માટે કુટુંબ સંચાલન-વ્યવસ્થાતંત્ર એવું- સુસંકલિત હોવું જોઈએ કે જેથી દરેક સભ્ય પોતાનું યોગદાન આપી શકે અને સંબંધો જાળવી શકે.

આવું કુટુંબ જે મકાનમાં રહે છે તેને 'ઘર' તરીકે ઓળખવામાં આવે છે. જ્યાં એક બીજા સભ્યો વચ્ચે લાગણી, હૂંફ, ઉષ્મા અને ત્યાગની ભાવના જોવા મળે છે. માટે જ કહેવત છે કે 'ધરતીનો છેડો ઘર.'

સાયકોલોજીકલ સ્કૂલના ડેવીડ એમ. લેવી એવું માને છે કે મા-બાપ અને બાળકો વચ્ચેના નાદુરસ્ત ખરાબ સંબંધોને લીધે માનસિક તકલીફો બાળકોને થાય છે અને તે ધીમે ધીમે અપરાધીપણામાં પરિણમે છે.

**1 (અ) અપરાધી બાળકો જન્મતાં નથી :**

આપણે એ જાણવું અગત્યનું છે કે બાળક જન્મથી સારો કે ખબાર, અપરાધી કે બિન અપરાધી હોતો નથી પણ આપણે (વાતાવરણ) જ તેનો સારો કે ખરાબ બનાવીએ ચીએ. જેમાં સામાજિકીકરણની પ્રક્રિયા વ્યક્તિત્વ વિકાસ માટે ભાગ ભજવે છે. જ્યાં બાળક સમૂહના મૂલ્યો-ગુણો મેળવે છે. કિંગ્સગે ડેવીડના મત મુજબ સામાજિકિકરણના બીજ અંકુર ધીમે ધીમે, સમયાંતરે અહમ્ અથવા સ્વાર્થનો પણ વિકાસ કરે છે. માટે આપણે વ્યક્તિત્વનું ઘડતર કરતી વખતે ખૂબ જ બુદ્ધિપૂર્વકના નિર્ણય લેવાં જોઈએ.

કુટુંબની ભૂમિકા ''બાયોલોજીકલ'' પણ છે. જેમાં પ્રજોત્પતિ અને બાળઉછેર એ ખૂબજ મહત્ત્વના છે. સાથે એ પણ યાદ રાખવું જરૂરી છે કે બાળઉછેર એ એક કળા અને વિજ્ઞાન બંને છે. પણ તેના કોઈ ચોક્કસ, સમયના વ્યવહાર ગતિ કેમ આપવા તેવા નિયમ નથી.

કુટુંબને તેના સભ્યોની આર્થિક, કપડાં, ખોરાક, શિક્ષણ જેવી જરૂરિયાતોને પણ પૂરી કરવાની જવાબદારી અદા કરવાની હોય છે.

સાથોસાથ સામાજિક જવાબદારી-સલામતી, વ્યક્તિગત કાળજી અને સહાનુભૂતિ લાગણીજન્ય સંબંધો જાળવી રાખવાના છે. જેમાં નાના, મોટા, તુંદુરસ્ત, બીમાર કે ખોડખાંપણવાળા એવાં તમામ સભ્યો સાથે એક સમાન લાગણી અને પ્રેમ આપવાની ફરજ છે, અને નબળાનો તિરસ્કાર નહિં પણ વધુ હમદર્દી બતાવવાની પ્રાથમિક ફરજ બની રહે છે.

**(બ) ઔદ્યોગિકકરણની કુટુંબ ઉપર અસર અને બાળઅપરાધ :**

વૈજ્ઞાનિક સંશોધન અને તેના પરિણામે ઔદ્યોગિકકરણ થવાની વ્યક્તિ વધુ કમાવાની સાથે પરાવલંબી પણ બનવા લાગ્યો જો કે તેની આર્થિક અને સામાજિક સ્થિતિમાં હકારાત્મક સુધારાં પણ થયો છે અને તેમાં સહભાગી થવા જરૂરમંદ ગરીબો અથવા મધ્યમ વર્ગના ગામડાના નાના શહેરના લોકો રોજગારીની અપેક્ષાએ શહેરોમાં મોટી સંખ્યામાં આવવા લાગ્યા. જેના પરિણામે સંયુક્ત કુટુંબની ભાવના ઘટવા લાગી અને હવે કુટુંબ એટલે 'નાનું કુટુંબ' 'અમે બે અમારા બે' એવી ભાવના વધુ પ્રચલિત થવા લાગી. અને કુટુંબ સંયુક્ત હતુ તે હવે તેના સભ્યો વચ્ચે સંપર્ક માટે જ મળવાં લાગ્યુ અથવા દરેક સભ્ય તેના હિત માટે જ વિચારવા લાગ્યો અને સમાન હિતની ભાવના ઘટવા લાગી. જો કે આમાં ઔદ્યોગિકકરણ શહેરીકરણની સાથે સાથે મોંઘવારી અને વ્યક્તિગત વિચારસરણી પણ એટલા જ અંશે જવાબદાર છે.

તેના ફળસ્વરૂપે હવે સામાન્ય રીતે કુટુંબમાં ધાર્મિક કાર્યક્રમ અથવા સામાજિક પ્રસંગો પણ ઘટવા લાગ્યા છે અને હવે આવા પ્રસંગો ઉજવવાના થાય ત્યારે કલબ કે સંસ્થાના ધંધાદારી વ્યક્તિઓ દ્વારા સંચાલન થાય છે. જેના પરિણામે બાળકોને સામાજિકીકરણની ઉમદા અસર થતી નથી. જેના પરિણામે આપણે કૌટુંબિકભાવનાનો ખ્યાલ ભૂલવા લાગ્યા છીએ અને કૌટુંબિક કાર્યક્રમો પણ હવે ઔપચારિક બનવા લાગ્યા છે. જેના પરિણામે બાળકોના વિકાસ ઉપર નકારાત્મક અસર ઉત્પન્ન થવા લાગે છે.

એડવીન. એચ. સધરલેન્ડ નીચે મુજબના વ્યવહારો 'ઘર'માં થતાં હોય તો બાળકો અપરાધી બને છે તેમ જણાવે છે.

1. અપરાધી પ્રવૃત્તિ, અનૈતિક્તા અથવા નશાયુક્ત વર્તન.
2. ખંડિત ભગ્ન લગ્ન જીવન.
3. ઓરમાન માતા-પિતા.
4. સહાનુભૂતિના અભાવવાળું વાતાવરણ, ઝગડા.
5. કુટુંબનું કદ અને ઘરમાં ગીચતા
6. મા-બાપ તરફથી પક્ષપાત અને ભેદભાવ
7. મા-બાપનો શિસ્ત બાબતનો અભિગમ.
8. ગુસ્સો ઉગ્રતાવાળો સ્વભાવ.
9. મા-બાપ સિવાય અન્ય બાળકો સાથે રહેતાં બાળકો અને અપરાધ.
10. મા-બાપના સહવાસનો અભાવ.

**1. અપરાધી પ્રવૃત્તિ, અનૈતિક્તા - નશાયુક્ત વર્તન :**

જે ઘરમાં વડીલો કે અન્ય મોટા સભ્ય અપરાધી પ્રવૃત્તિ કરતાં હોય અથવા અનૈતિક કાર્ય કરતાં હોય કે નશાયુક્ત સ્થિતિમાં રહેતા હોય ત્યારે, તેમનાં વર્તન વ્યવહારની બાળમાનસ ઉપર ખરાબ અસર પડે છે અને બાળકની યોગ્ય સારસંભાળ દેખરેખ રાખી શકવામાં કુટુંબ નિષ્ફળ જાય છે. પરિણામે બાળકની ઉપેક્ષા થાય છે. અને બાળક લાગણી- પ્રેમ-હૂંફ મેળવી શક્તો

નથી. પરિણામે તેની શોધ અપરાધી પ્રવૃત્તિ તરફ વળે છે. પછી તે જાતે અપરાધી પ્રવૃત્તિ કરે છે કે કોઈ ગેંગના સભ્ય તરીકે કામ કરે છે. તે અગત્યનું નથી પણ અહીંયા કુટુંબના વકીલ સભ્યોનું ઉપર મુજબનું વર્તન જવાબદાર છે એમ કહેવું વ્યાજબી છે.

**2. ખંડિત-ભગ્ન લગ્ન જીવન :**

ભારતીય સંસ્કૃતિ મુજબ લગ્ના એક પવિત્ર સંસ્કાર તરીકે માનવામાં અને સ્વીકારવામાં આવેલ છે. માટે જ જન્મોજન્મના બંધન તરીકે માનવામાં આવે છે.

સમય બદલાતા પશ્ચિમની અસર થતાં અને માનસિક- પસંદગી બદલાતા કે ગમે તે કારણ અગમ્ય કારણ સબબ પતિ-પત્ની-બાળકના માતા-પિતા વચ્ચે સુસંવાદિત ન રહે ત્યારે 'ઘર'માં તંગ વાતાવરણ જોવા મળે છે અને આ તંગ વાતાવરણથી મુક્ત થવા વિવિધ રસ્તા ઘરમેળે અથવા અદાલત દ્વારા પસંદ કરવામાં આવે છે. ત્યારે બાળકની માનસિક સ્થિતિ વિશે ભાગ્યે જ વિચાર કરવામાં આવતોં હોય છે.

જ્યારે ન્યાયિક અલગ વસવાટ પસંદ કરવામાં આવ્યો હોય ત્યારે અથવા પત્નીએ પતિના ઘરનો ત્યાગ કર્યો હોય કે ત્યાગ કરવા મજબૂર કરેલ કે છૂટાછેડા લેવામાં આવેલાં હોય ત્યારે, બાળકના માનસપટમાં વિવિધ પ્રશ્નો ઉપસ્થિતિ થાય છે અને તેના ઉત્તર મળતાં નથી તેમજ બાળકનું ધ્યાન રાખવાનું, બાળકનો હવાલો જેની પાસે હોય તેઓ પણ બહુ ગંભીરતાથી લેતા નથી. ઘણીવાર 'બીચારો-બાપડો' જેવાં શબ્દો દ્વારા દયા ખાતર ઉછેર કરતા હોય છે અને આ સમયે યોગ્ય માર્ગદર્શન ન મળતાં અન્ય માનસિક ભૌતિક જરૂરિયાત પૂરી ન પડતા કે ઉંમર સાથ આપતાં, તક મળતાં બાળક અપરાધ તરફ વળે છે.

ઘરભગ્ન થવા કરતા તે કેવી રીતે અને શા માટે થયું અને તેના પ્રત્યે બાળકના મનોવલણો કયા હતા તેનાથી બાળક ગુનેગાર થશે કે નહિ તે નક્કી કરે છે. માટે ભગ્નઘર હંમેશા ગુનેગારી માટે જવાબદાર હોય જ છે.તેમ માનવાને કોઈ કારણ નથી. ઘણીવાર માતા કે પિતાનું મૃત્યુ થતાં 'ઘર' ભગ્ન થાય છે.

બોર્નસ અને ટીટર્સના મતાનુસાર ભગ્નઘર અને ગુનાખોરી વચ્ચે ગાઢ સંબંધ છે કે નહિ તેનો સંપૂર્ણ જવાબ નથી. તેમના એક અભ્યાસમાં 20 થી 50 ટકા અને બીજા અભ્યાસમાં મોટાભાગના ગુનેગારો ભગ્ન નહિ એવા ઘરોમાંથી આવ્યાહતા.

**3. ઓરમાન માતા-પિતા :**

કોઈપણ કારણસર વ્યક્તિનું લગ્નજીવન ખંડિત થાય છે ત્યારે તેના સંતાનોની માનસિક સ્થિતિ કફોડી હાલતમાં જોવા મળે છે. આવા સંતાનને માતા સાથે રાખવામાં આવે અને તે સ્ત્રી (માતા)ના બીજા લગ્ન થાય ત્યારે તે સંતાનને નવા સાસરે લઈને જાય (આંગળિયાત) છે. ત્યારે બાળકને અપરપિતા મળે છે. અને એવું પણ બને કે આ અપરપિતાને અગાઉના લગ્નના સંતાનો હોય ત્યારે તેવા સંતાનોને અપરમાતા મળે છે.

અત્રે એ વિચારવાનું નથી કે પુનઃલગ્ન સારા કે ખરાબ કે આંગળિયાત સંતાન લઈ જવું કે ન લઈ જવું પણ અત્રે એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે કે માનવ સ્વભાવ 'પોતાના' માટે થોડો હકારાત્મક ભર્યો વ્યવહાર રાખે છે અને અપર માટે થોડી ઓછી લાગણી-પ્રેમ ધરાવતી હોય છે, અને જેને આવો ભેદભાવવાળો ઓછો પ્રેમ મળતોં હોય છે તેને ક્રોધ-ગુસ્સો-અપમાન અને આરોપ પણ સહન કરતા પડતાં હોય છે. જેનાથી તેના માનસમાં બદલાની ભાવના જાગૃત થાય છે. અહીંયા બાળક માટે તેના માતા-પિતાનો મળવોં જોઈતો સમાન પ્રેમ ન મળતાં આવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે. અને આવું થવા પાછળના કારણો ઘણાં હોઈ શકે છે. જો કે દરેક ઓરમાન માતા-પિતા આવો વ્યવહાર કરતા હશે જ તેવું માનવાને કોઈજ કારણ નથી અને તેમાં અપવાદ હોઈ શકે છે.

**સાવકા પિતા અને સાવકી માતા બંને તરફથી બેય જગ્યાએ ત્રાસ :**

તાજેતરમાં 12-13 વર્ષની વયનો બંગાળનો એક બાળક અવેક્ષણ ગૃહના અધિકારીની મુલાકાત વેળાએ રેલ્વે સ્ટેશનેથી ઝડપાઈ ગયો. તેના માતા પિતા વચ્ચે ઝઘડો થતાં, તે વાત છૂટાછેડા સુધી પહોંચી, અને આ બાળક તેની માતા સાથે (આંગળિયાત તરીકે) સાવકા પિતા સાથે રહેવા લાગ્યો, પણ સાવકા પિતાને આ બાળક કાંટાની જેમ ખૂંચતો હતો. તેથી અવારનવાર તેને મારતો હતો. આ વાતથી કંટાળી બાળક પોતાના ખરા પિતા અને સાવકી માતા પાસે જતો. જે ભંગારનો ધંધો કરતા હતા. અહીં સાવકી માતા ત્રાસ ગુજારતી અને જમવાનું પણ આપતી નહીં. સાવકી માતાનો માર સહન થઈ જતો પણ ભૂખ સહન ન થતી એક દિવસ ભાગીને કોલકત્તા આવી ગયો. તેની ઈચ્છા દિલ્હી જવાની હતી જેથી કામ મળી જાય....

અંતે તે કાળુપુર(અમદાવાદ) રેલ્વે સ્ટેશને ઉતર્યો. અહીં અવેક્ષણગૃહમાં તેના પિતાની યાદ સતાવે છે.

**4. સહાનુભૂતિનો અભાવ :**

ઘણીવાર સંયુક્ત કુટુંબ કે મોટા કુટુંબના સભ્યોમાં એકબીજાં માટે સહાનુભૂતિનો અભાવ જોવા મળતોં હોય છે. અથવા ભેદભાવ જોવા મળતોં હોય છે. વધુ આવકવાળા સભ્યના આશ્રિતોને વધુ સગવડતા અને ઓછી આવકવાળાના આશ્રિતોને ઓછી - ઉતરતી કક્ષાની સગવડતા આપવામાં આવતી હોય છે.

ઘણા કુટુંબમાં અવાર-નવાર આવક, કામ, સ્વભાવ કે અન્ય બાબતોમાં ઝઘડાં થતાં હોય તે સામાન્ય બાબત તરીકે જોવા મળતી હોય છે. ત્યાં બાળકનો વિકાસ-શિક્ષણ, લાગણી જેવી પાયાની બાબતને મહત્ત્વ આપવામાં આવતું હોતું નથી. જેના પરિણામે પણ બાળક અપરાધીપણા તરફ વળતા જોવા મળે છે.

**5. કુટુંબનું કદ અને ઘરમાં ગીચતા :**

ઔદ્યોગિકકરણ અને મોંઘવારીમાં સામાન્યતઃ રીતે કુટુંબ માટે - ઘરના સભ્યો માટે પૂરતી જગ્યા જોવા મળતી નથી. પરિણામે રહેવા-જમવા- અભ્યાસ માટે મુશ્કેલીઓ ઉપસ્થિત થાય છે. પરિણામે સભ્યોની અંગતતા જળવાતી નથી. મોટા સભ્યોના લગ્ન થયા હોય ત્યારે આવી ગીચતાવાળા ઘરમાં બીજા પ્રશ્નો પણ ઉદ્ભવે છે. જેના પરિણામે બાળકો જાતીયસુખ મેળવવા ઉત્તેજીત થાય છે, અને જાતીય અપરાધ કરે છે અને ઘણીવાર શિકાર બને છે. તેમજ 'બ્લૂ ફિલ્મો' જોવા તરફ વળે છે. જો કે જાતીય અપરાધ માટે આ ઉપરાંત બીજા પરિબળો પણ જવાબદાર હોય છે. અવારનવાર અખબારમાં વાંચવામાં આવે છે કે બાળક-બાળકી એ પ્રેમ કરવાની ના પાડતા સામા પાત્રનું ખૂન કર્યું. એ માટે ઘરની ભીડ કે પ્રચાર માધ્યમ જવાબદાર હોઈ શકે છે પણ આવો અપરાધ જાતીય સુખ માટે થાય છે તેની નોંધ લેવી જરૂરી છે.

કારખાનાનો કાયદા - 1948માં કારખાનામાં કામ કરતા કારીગર માટે કેટલી જગ્યા મળવી જોઈએ તેવી જોગવાઈ કરવામાં આવી છે. જે કારીગર તેની નોકરી દરમ્યાન સારી રીતે તેની કુશળતા વાપરી શકે અને તેના આરોગ્યનું જતન કરી શકે અને અકસ્માત ટાળી શકે. પણ કુટુંબમાં વ્યક્તિદીઠ કેટલી જગ્યા હોવી જોઈએ તેની બાબત બંધારણમાં જણાવવામાં આવી નથી. હા, વ્યક્તિને જીવવાના અધિકારમાં "Right to shelter" નો સમાવેશ થાય છે. પણ કયા સ્થળે, કેટલી જગ્યાએ પ્રશ્નો તો અનુત્તર જ છે.

જો કે પ્રવર્તમાન સમયમાં 'અમે બે અમારા બે'ની વાસ્તવિક્તા જોવા મળે છે. તેથી શિક્ષિત લોકોને આ પ્રશ્ન નહિવ્ત નડે છે. પણ મહદ્ંશે અશિક્ષિત અને મજૂરવર્ગના લોકોનાં ઘર તો ભીડવાળા જ જોવા મળે છે અને તેમની સંખ્યા ઘણી મોટી છે. જેની પણ નોંધ લેવી જરૂરી છે.

અલવર (રાજસ્થાન)માં ઓગસ્ટ 2003માં એક નાની બાળકીને દવાખાને દાખલ કરીને એક વ્યક્તિ નીકળી ગયો હતો તે હાલમાં બીજા નાના બાળકોના અપહરણ કરવાના ગુના સબબ

પકડાયેલ ત્યારે તેણે રાજસ્થાનની વાતનો સ્વીકાર કરેલ છે.

સદરહુ બાબતમાં આરોપી તેના ભાઈ ભાભી સાથે એક ઓરડીમાં રહે છે. મધ્યરાત્રે તો ભાઈ-બાઈ શૈયા સુખ માણતા હોય ત્યારે આરોપી સૂઈ ગયાનો ડોળ કરીને આ કામક્રિડા જોતો હતો. જેનાથી તેના મનમાં કામક્રિડા બોગવવાની વાસના જાગતી હતી. આમને આમ તે માનસિક વિકૃતિથી પીડાવવા લાગ્યો હતો અને નાના બાળકોનું અપહરણ કરી બચકાં ભરતો હતો એ કુચેષ્ટા પણ કરતો હતો.

**6. મા-બાપ તરફથી પક્ષપાત અને ભેદભાવ :**

ઘણાં કુટુંબમાં એવું જોવા મળે છે કે વડીલો તેમના સંતાનોની સરખામણી એક-બીજાના સંતાનો સાથે કરતાં હોય છે. ઘણીવાર આવી સરખામણી પાડોશી કે સગા સંબંધીના સંતાનો અથવા સહપાઠી સાથે સરખામણી કરવાની ભૂલ કરતા હોય છે.

બાળકોની સારી સરખામણી શારીરિક બાબતે, શૈક્ષણિક બાબતે કે વ્યક્તિગત આવડત-ગમા અણગમાં અંગે થતી જોવા મળે છે, અને જે બાળક ઉપરોક્ત બાબતે નબળું હોય તેને હંમેશા અપમાનજનક શબ્દો કે વર્તણૂંકનો ભોગ બનવું પડતું હોય છે કે લાભથી વંચિત રહેવું પડતું હોય છે.

જ્યારે એક બાળક પરીક્ષામાં વધુ ટકાવારી લાવે અને બીજું બાળક ન લાવી શકે ત્યારે ઓછી ટકાવારીવાળા બાળકને હડધૂત કરવામાં કે ઉતારી પાડવામાં આવતું હોય છે અને આવો વ્યવહાર કરતી વખતે મા-બાપ કે વડીલ એ વાત ભૂલી જાય છે કે તેમના દરેક સંતાનની સંતાન તરીકે સરભરા-ઉછેર કરવાની તેમની ફરજ છે નહિ કે, તેને કરેલ પરીક્ષાના દેખાવના આધારે ઉછેર, શોખ, લાલનપાલન કરવામાં આવે. આ બાબત બાળકના મનમાં ઘર કરી જાય છે. તેમજ તેનું મન તેના વડીલ માટે તેમજ વધુ સારા ગુણ લાવનાર ભાઈ-બહેન પ્રત્યે તિરસ્કાર ભરી નજર રાખતો થઈ જાય છે. ઘણીવાર કોઈ બાળક શારીરિક કે માનસિક રીતે અપંગ હોય ત્યારે તેને વધુ મદદ અને સહાનુભૂતિની જરૂરિયાત પૂરી પાડવાને બદલે દયાભાવ કે તિરસ્કાર દાખવવામાં આવતોં હોય છે જેના પરિણામે બાળમાનસમાં વિપરીત અસર જોવા મળે છે. જો કે આ બાબતે એવા વૈજ્ઞાનક સંશોધન કે પુરાવા નથી કે શારીરિક-માનસિક અપંગ વ્યક્તિ અપરાધીપણા તરફ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

આ ઉપરાંત ઘણાં કુટુંબમાં છોકરા અને છોકરીની બાબતમાં પણ ભેદભાવભર્યું વર્તન જોવા મળે છે. તેમાં છોકરીઓની કપડાં, રહેઠાણ, સગવડ, અભ્યાસ અન્ય પસંદગી જરૂરિયાત બાબતોની ઉપેક્ષા થતી હોય છે અને તેનાથી વિરુદ્ધમાં છોકરાઓને વધુ લાભ મળતાં હોય છે. અહીંયા જાતિને પ્રાધન્ય આપવામાં આવતું હોય છે. એટલે હોંશિયારી કે ગુણવત્તાને અવગણવામાં આવે છે. જો કે લેખક પાસે એવી માહિતી નથી કે જે છોકરીઓની ઉપેક્ષા-અવગણના કરવામાં આવી હોય તેવી બાળાઓ અપરાધ તરફ વળેલી જોવા મળે છે.

**7. મા-બાપનો શિસ્ત બાબતનો અભિગમ :**

શિસ્ત એટલે નિયમ મુજબનો વ્યવહાર એક આદર્શ જીવન પદ્ધતિ છે. આમ શિસ્ત એ આદર્શ બાબત છે. ઘણા દૂરાગ્રહને પણ શિસ્ત તરીકે ગણવામાં આવે છે. ત્યારે પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જેને આપણે અહમ્ કે જડતા તરીકે ઓળખવી જોઈએ.

ઘણીવાર માતા-પિતા કે કુટુંબના સભ્યો નિયમપાલન માટે બહુ જ કડક વલણ ધરમ્તાં હોય છે. જે ખરેખર જરૂરી હોતું નથી. દા.ત. સાંજે સાત વાગ્યે જમી લેવું, 9.00 કલાકે ઘરમાં આવી જ જવું, ટી.વી.માં માત્ર સમાચાર જ જોવા વગેરે....

આમ ઘણીવાર દૂરાગ્રહ કે વધુ કડકવલણ અપનાવવાથી બાળકના મનમાં તક મળતાં બદલો લેવાની ભાવના જાગૃત થાય છે. આવું ન થાય તે માટે શિસ્ત અને દૂરાગ્રહ વચ્ચે ભેદરેખા સમજવી જરૂરી છે.

જ્યારે બીજી બાજુ ઘણાં કુટુંબ - 'ઘર'માં શિસ્તનો અભાવ જોવા મળતોં હોય છે અને તે 'વિદેશી' શબ્દ માનવામાં આવતોં હોય છે. ઘરના તમામ સભ્યોને પોતાનો વ્યવહારમાં શિસ્તતાનું પાલન કરવું જરૂરી છે. અને સભ્યતાથી તમામની સાથે ચર્ચા-વિચારણા કે વિરોધ વ્યક્ત કરવો જોઈએ અને નાના અને તમામ સભ્યો સાથે લાગણી અને પ્રેમભાવ રાખવો જોઈએ. જેથી બાળકો ભવિષ્યમાં તેનું અનુકરણ કરતા જોવા મળશે. કારણ કે બાળકનું મન-મગજ તો કોરી પાટી છે. ઘરમાં જેવું નિહાળશે- નિરીક્ષણ કરશે, તેવી છાપ તેના મનમાં પડવાની છે. માટે શિસ્તનું પાલન થાય તેવી અપેક્ષા રાખતાં કુટુંબના વડીલો કે મોટા સભ્યોએ પણ શિસ્તનું પાલન કરવું જરૂરી છે.

**8. ગુસ્સો- ઉગ્રતાવાળો સ્વભાવઃ**

મા-બાપ તરફથી ખરાબ વ્યવહાર, ભેદભાવ જે ન આવતો હોય પણ, કુટુંબના વડીલો ઉગ્રસ્વભાવ ધરાવતાં હોય એટલે નાની અમથી પણ ઘરમાં ઉગ્રતાથી બોલાચાલી કરતાં હોય છે. જેના પરિણામે બાળમાનસ ઉપર ખરાબ અસર થાય છે.

જ્યારે ઘણીવાર બાળકની ક્ષુલ્લક/નગણ્ય ખામી-ભૂલને મોટું સ્વરૂપ આપી તેને મારતાં હોય છે કે વારંવાર ટકોર કરતાં હોય છે. તેમજ ઘણીવાર શૈક્ષણિક / શારીરિક રીતે નબળું બાળક હોય તો તેની ઉપેક્ષા કરવામાં આવતી હોય  છે અને અભ્યાસમાં તેજસ્વી બાળકને વધુ સગવડતા, લાભ આપવામાં આવતાં હોય છે જેના પરિણામે આવું નબળું બાળક અપરાધીપણા તરફ વળે છે.

**9. મા-બાપ સિવાય અન્ય સાથે રહેતાં બાળકો અને અપરાધ :**

મા-બાપ સિવાય અન્ય સાથે રહેતા બાળકો તેના ખરા માતા-પિતા સાથે નહિ પણ પાલક માતા-પિતા સાથે રહેતાં હોય અથવા અપરમા પિતા હોય અથવા સગાં-સંબંધી સાથે રહેતો હોય અને તેની કોઈપણ કારણે, બહાના નીચે અવગણના થતી હોય ત્યારે આવું બાળક અપરાધી વલણ ધરાવતું થતું જોવા મળે છે. તાજેતરમાં બાળકના મા-બાપનું અવસાન થતાં તેના મોટાબાપુ સાથે રહેતા બાળકે મોટાબાપુના ત્રાસથી પોતાના ઘરે જવાની ના પાડતા વેલફેર બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતો.

**10. મા-બાપના સહવાસનો અભાવ :**

હાલના ઔદ્યોગિકકરણના અને મોંઘવારીના સમયમાં વિભક્ત કુટુંબો અસ્તિત્વમાં આવ્યાં છે. તેમાં પણ બાળકના મા-બાપ બંને નોકરી કરતાં હોય છે, ત્યારે બાળકની સારસંભાળ માટે તેઓ પૂરતો સમય આપી શક્તાં નથી અને તેના પરિણામે બાળક લાગણી-પ્રેમ અને ઉછેર માટે જરૂરી સંભાળથી વંચિત રહે છે, અને આવા બાળકોના ઉછેરની જવાબદારી 'આયા' કે 'બેબીસીટર'ને સોંપવામાં આવે છે. જે માતા-પિતાનો વિકલ્પ નથી જે આપણે ભૂલી ગયા છીએ. તેઓ બાળકનો માત્ર ભૌતિક કબજો રાખે છે. પણ મા-બાપ જેવોં પ્રેમ આપી શકતા નથી. જે અવાર નવાર ચલચિત્રોમાં દર્શાવવામાં આવે છે. દા.ત. શરાબી ફિલ્મ.

એસ.એમ.સી. ક્લેઓનનો અનુભવ જણાવે છે કે આવા બાળકો અપરાધ કરે છે. પણ તેઓ અસામાજિક હોતાં નથી તેમને આવા વ્યવહારની સમજ કે અસરોની ખબર  જ હોતી નથી માટે તેઓ અપરાધી કાર્ય કરતાં હોય છે.

'પ્રિવેન્શન ઓફ ક્રાઈમ એન્ડ ટ્રીટમેન્ટ ઑફ ઓફેન્ડર'ની એક બેઠક 5-7 નવેમ્બર, 1971માં એડીસબામાં મળી હતી તેમાં પણ એ બાબત ઉપર સહમતી સધાઈ હતી કે, કૌટુંબિક વિખવાદના કારણે બાળકો અપરાધી બને છે. મા-બાપ, બાળકોની ઉપેક્ષા કરતાં હોય છે અને તેમની સાથે અયોગ્ય વ્યવહાર કરતાં હોય છે.

**(2) શાળા :**

"The good citizen has to be made in the days of school, because it is the time of boyhood that the character is shaped, when whole nature is plastic."

***- Dr. Annie Beasent****

સમાજના વિકાસ અને તંદુરસ્ત સમાજ માટે, સંરક્ષણ અને આરોગ્ય વિષયક બાબતે જે ખર્ચ કરવામાં આવે છે તેના કરતાં વધુ ખર્ચ શિક્ષણ પાછળ કરવાની જરૂરિયાત ઉપર દરેક સભ્ય સમાજ વિચારતો હોય છે. કારણ કે શિક્ષણ દ્વારા જ નૈતિક્તા, નાગરિક્તા અને બીજાને આદર કરવાની સાચી સમજ આપણને મળે છે. જેના દ્વારા સામાજિક મૂલ્યો નિયત થતાં હોય છે.

શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષકનું કાર્ય સામાન્યરીતે સામાજિક અંકુશ રાખવાનું હોય છે. જેના દ્વારા શિક્ષક, બાળકના વિકાસમાં નડતરરૂપ કુટેવ કે ખરાબ વિચાર કે માન્યતાને શોધી અને દૂર કરીને વિકાસમાં મદદરૂપ થાય છે.

પ્રાથમિક શાળામાં બાળક આવે છે ત્યારે તેનામાં તેના કુટુંબના વાતાવરણની અસર હોય છે અને તેના આધારે વર્તન અને વલણ કરે છે. આ સમયે યોગ્ય કાળજી અને શિક્ષણ મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રાથમિક શાળા છોડવાની તૈયારી અને માધ્યમિક શાળામાં પ્રવેશ સમયની ઉંમરે બાળકો અપરાધયુક્ત વલણ ધરાવતાં જોવા મળે છે.

એ બાબત પણ સાચી છે કે ગરીબ કે નબળા મા-બાપના બાળકો કે ખરાબ કુટુંબના બાળકોને યોગ્ય શાળા કે શિક્ષક મળ્યા હોય તો, તે બાળકોને સરળતાથી સારા અને સાચા માર્ગ ઉપર લાવી શકાય છે. મહદ્‌અંશે બાળકના વિકાસની પ્રક્રિયા શાળાથી શરૂ થાય છે જેમાં તેને સામાજિક અને નૈતિક્તાની તાલીમ મળે છે. એટલે કે શાળા બાળકના જીવન ઘડતરની અગત્યની ભૂમિકા ભજવે છે.

ઘરમાં જે બાળકની અવગણના થતી હોય, નબળું હોય કે સામાન્ય હોય તેવા બાળકને યોગ્ય સાંત્વન મળે તો બાળકની વિચારધારા બદલાવી શકાય છે. આ કાર્ય શિક્ષક દ્વારા જ થઈ શકે છે. કારણ કે આવું બાળક બીજા બાળક કરતાં અલગ તરી આવે છે. અને તેની આ માનસિક સ્થિતિ દૂર કરવી તેને સામાન્ય બાળક બનાવી શકાય છે.

સાથોસાથ આનાથી વિપરીત બનવાની શક્યતાઓ નકારી શકાય નહિ કે જ્યારે શાળામાં તે જ કારણોને લીધે બાળકની અવગણના થતી હોય. આવું બાળક તેને યોગ્ય મિત્ર અને પરિસ્થિતિ સાથ આપતાં બળવાખોર માનસનો દાખલો બેસાડશે તે બાબત ચોક્કસ છે.

સામાન્ય રીતે શાળાઓમાં માત્ર પરીક્ષાલક્ષી કે અભ્યાસલક્ષી બાબતોમાં જ વધુમાં વધુ રસ શિક્ષકો તેમજ શાળા-સંચાલકોને હોય છે. તેથી બાળવિકાસ, બાળમાનસ વિકાસ તેમજ અન્ય સ્પર્ધાત્મક બાબતોને જાણે-અજાણ્યે દૂર રાખવામાં આવે છે.

શાળામાં શિક્ષક માટે તમામ વિદ્યાર્થીઓ સમાન હોવાં જોઈએ પણ, વાસ્તવમાં, આવું જોવા મળતું નથી. શિક્ષકને હોશિયાર, દેખાવડા, ધનિક અને અન્ય રીતે લાભદાયક હોય તેવા વિદ્યાર્થીઓ તરફ લગાવ વધુ જોવા મળતો હોય છે. પરિણામે ગરીબ, ભણવામાં અને અન્ય પ્રવૃત્તિમાં થોડા નબળા અને સામાન્ય બાળકો તરફ ભેદભાવ રાખવામાં આવતો હોય છે. જો કે આ બાબતમાં અપવાદરૂપ શિક્ષકો અને શાળા હોય છે. જેનો અસ્વીકાર કરી શકાય તેમ નથી.

બાળકના સર્વાંગી વિકાસ માટે પાયાની શરત શાળાનું વાતાવરણ છે. જેમાં આ વાતાવરણ ઉપરાંત શિક્ષકોનું માનસિક વલણ પણ તેટલું જ અગત્યનું છે. યોગ્ય માનસિક વાતાવરણ સારા શિક્ષક દ્વારા જ પૂરું પાડવામાં આવતું હોય છે. આ માટે આવી રૂચિ ધરાવતાં શિક્ષકો હોવા જરૂરી છે. આ ઉપરાંત શાળાનું વાતાવરણ અને આજુબાજુનું વાતાવરણ અને વિસ્તારનું પણ મહત્ત્વનું સ્થાન છે.

માધ્યમિક શાળામાં દાખલ થતાં બાળક તેનાં પ્રાથમિક શાળાના અનુભવને આધારે વધુ વિકાસ કરતો જાય છે. કારણકે હવે તે મોટો થયો હોય છે, પસંદગીની બાબતમાં સમજશક્તિમાં અને શારીરિક શક્તિમાં વધારો થયો હોય છે તેમજ જોખમ ખેડવાની હિંમત કે સાહસવૃત્તિ પણ વધી હોય છે. તેના પરિણામે જો પરિસ્થિતિ સારી હોય તો સકારાત્મક કાર્ય તરફ વળે છે, અન્યથા તે ખંડનાત્મક પ્રવૃત્તિ તરફ આગળ વધતો જાય છે. અહીંયા તેને તેના જેવાં વિચાર ધરાવતા સાથીઓનો સાથ મળતોં રહે છે.

અત્રે એ નોંધવા જેવી બાબત છે કે બાળકના વિકાસનો પ્રથમ તબક્કો તેના કુટુંબમાંથી શરૂ થાય છે અને બીજો તબક્કો શાળામાંથી શરૂ થાય છે. એટલે કે બાળકોને સારા સંસ્કાર, વિચાર અને સભ્યતા શિખવાની પ્રાથમિક ફરજ કુટુંબની છે અને ત્યારબાદ બીજા પરિબળોની છે.

**(3) પ્રચાર માધ્યમ અને બાળઅપરાધ :**

પ્રવર્તમાન સમયમાં આપણે આર્થિક, સામાજિક અને રાજકીય રીતે સ્થાનિક કક્ષાએ, રાષ્ટ્રીય કક્ષાએ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઝડપથી સુધારા તરફ જઈ રહ્યાં છીએ પણ આઘાત પમાડે તેવો અને નિરાશા ઉત્પન્ન કરે તેવા પ્રશ્નો અને સંઘર્ષો પણ તેની સાથે સમગ્ર વિશ્વમાં વધી રહ્યાં છે જેવાં કે, કુદરતી હોનારત, વંશીય ઝઘડા, લશ્કરી અથડામણ, પ્રદૂષણ, જાતિભેદ, ધાર્મિક ઝનૂન, ગરીબી અને બેકારીને મુખ્ય ગણાવી શકાય. આ બધાંય કરતા વિશ્વની સળગતી સમસ્યા બાળકો અને યુવાનોની રહેણી કરણી અને ભાવિ અંગેની છે તેમાં પ્રસારના સાધનો દ્વારા ઝેરી વાતાવરણ સર્જવામાં આવે છે. તે સૌથી વધુ ખતરનાક પ્રશ્ન છે.

**(અ) બાળઅધિકારના અનુસંધાને પ્રસારના સાધનો અને આંતરરાષ્ટ્રીય જોગવાઈઓ -**

બાળ અધિકારમાં પ્રસારના સાધનો અને બાળકને અનુલક્ષીને નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

બાળકને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો અધિકાર રહેશે. આ અધિકારમાં બધા પ્રકારની માહિતી અને બધા પ્રકારના વિચારો, કોઈ મર્યાદા વિના, લેખિત કે મુદ્રિત સ્વરૂપે કલાના રૂપમાં કે બાળકની પસંદગીને કોઈપણ માધ્યમ દ્વારા વ્યક્ત કરવા, પ્રાપ્ત કરવા અને માંગવાના સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે.

આ અધિકારનો અમલ અમુક નિયંત્રણોને આધિન રહેશે, પરંતુ એક કાયદામાં અંકિત કરેલાં હોવાં જોઈએ અને નીચેની બાબતો માટે જરૂરી હોવાં જોઈએ, જેમ કે :-

**(ક) બીજાઓના અધિકારો અને પ્રતિષ્ઠાનો આદર**

**(ખ) રાષ્ટ્રીય સલામતી, જાહેર વ્યવસ્થા, જાહેર આરોગ્ય કે નૈતિક્તાનું જતન.**

પક્ષકાર રાજ્યો જાહેર સંપર્ક માધ્યમો દ્વારા થતાં મહત્ત્વના કાર્યને સ્વીકારે છે અને બાળકને વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્ત્રોતમાંથી, ખાસ કરીને એના સામાજિક, આધ્યાત્મિક અને નૈતિક ઉત્કર્ષ અને શારીરિક તથા માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે તેવી માહિતી અને સામગ્રી મળી શકે તેવા પ્રયત્નો કરશે આ માટે પક્ષકાર રાજ્યો :-

(ક) બાળકોને સામાજિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ લાભ થાય તેવી અને કલમ-29ની ભાવનાને અનુરૂપ હોય તેવી માહિતી અને સામગ્રી પ્રસિદ્ધ કરવા જાહેર સંપર્ક માધ્યમોને પ્રોત્સાહિત કરશે.

(ખ) વિવિધ સાંસ્કૃતિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્ત્રોતોમાંથી આવી માહિતી અને સામગ્રીના નિર્માણ, વિનિમય અને પ્રસારમાં આંતરરાષ્ટ્રીય સહકારને પ્રોત્સાહન આપશે.

(ગ) બાળકો માટેના પુસ્તકોના નિર્માણ અને પ્રસારને પ્રોત્સાહન આપશે.

(ઘ) કલમ- 13 અને 18ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને બાળકની સુખાકારી માટે નુકસાનકારક

હોય તેવી માહિતી અને સામગ્રી સામે એનું રક્ષણ કરવા માટે યોગ્ય માર્ગદર્શિકા તૈયાર થાય તેને પ્રોત્સાહન આપશે.

આમ આવી જોગવાઈમાં બાળકો પોતાના અધિકાર વ્યક્ત કરી શકે તેવી પ્રથમ જોગવાઈમાં જણાવેલ છે. જ્યારે બીજામાં બાળકો માટે રાજ્ય દ્વારા બાળકોનો સામાજિક, આધ્યાત્મિક અને નૈતિક તેમજ શારીરિક અને માનસિક વિકાસ થાય તે માટે પ્રસારના સાધનોએ કાર્ય કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ટેલિવિઝન દ્વારા બાળકોમાં અપરાધવૃત્તિ વધી છે તેનો કોઈ પુરાવો નથી પણ એક વાત ચોક્કસ છે કે ટેલિવિઝનમાં હિંસા અને જાતીયતાને વધુ પ્રદર્શિત કરવામાં આવે છે.

બાળપણમાં પ્રસારના માધ્યમો દ્વારા હિંસા, જાતીય બાબતો અને અપરાધોના દૃશ્યો નિહાળવામાં આવેલ હોય છે ત્યારે તેના જીવન  ઘડતરની પ્રક્રિયામાં સામાજિક, લાગણીશીલતા અને નૈતિક્તાના પાઠ ઘણાં દૂર થતાં જાય છે અને તેના વિકાસનો પાયો ટેલિવિઝનના કાર્યક્રમોથી શરૂ થાય છે.

અમેરિકામાં થયેલ મોજણી મુજબ સામાન્ય બાળક 18 વર્ષનો થાય ત્યાં સુધીમાં તેણે 18000 ખૂન ટેલિવિઝન ઉપર જોયેલાં હોય છે. આની અસર તેના કુમળા માનસ ઉપર શું થતી હશે તે આપણે અમેરિકામાં બાળકો દ્વારા થતાં અપરાધોના પ્રકારો અને સંખ્યા દ્વારા જાણીએ છીએ.

ટેલિવિઝનમાં રજૂ કરવામાં આવતાં કાર્યક્રમો અને બાળકો ઉપર તેમની અસર કે રૂચિ કેવી છે તે બાબતે વિદેશોમાં મોજણી થયેલ છે. પણ ત્યાંનું સામાજિક વાતાવરણ અને પરિસ્થિતિ આપણા દેશ સાથે સુસંગત ન હોય તેના પરિણામોનો અત્રે ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

જો કે, એશિયા ડેક્લેરેશન ઓન ચાઈલ્ડ રાઈટ એન્ડ મીડીયા (1998)માં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે કે પ્રસાર માધ્યમોએ હિંસાખોરી, જાતીય વાસના બિહામણા તેમજ મારામારીવાળા દૃશ્યોથી બાળકો વચ્ચે તેનું ધ્યાન રાખવાનું છે.તેની બીજી બેઠક 30 માર્ચ 1998ના રોજ લંડનમાં મળી ત્યારે ‘ટેલિવિઝન ફોર ચિલ્ડ્રન’ આંતરરાષ્ટ્રી કક્ષાએ 15 મુદ્દાનો એજન્ડા- ‘ચિલ્ડ્રનસ’ ચાર્ટર ઓન ઈલેક્ટ્રોનિક મીડીયા રજૂ કરવામાં આવેલ હતો. અને એવી ચર્ચા કરવામાં આવી હતી કે ટેલિવિઝનમાં માત્ર હિંસા ખાતર જ હિંસા દર્શાવવામાં આવે છે. આપણને (Action)  અદા ગમે છે પણ હંમેશા હિંસા ગમતી નથી અને તેનો ‘Violance for the sake of violance to so the conflict should not be promoted’ ચાર્ટમાં ઉલ્લેખ કર્યો હતો.

**(બ) મનોરંજનનું મહત્ત્વ :**

જીવનમાં એક પ્રકારના, એકધારા કામથી માણસને કંટાળો આવે છે ત્યારે તેને મનોરંજનની આનંદ પ્રમોદની જરૂરિયાત ઊભી થાય છે આમ, મનોરંજન દ્વારા તેનામાં નવી સ્ફૂર્તિ અને ફરીથી કામ કરવાનો આનંદ વધવા લાગે છે. આમ, મનોરંજન એક પ્રકારનો નવો ‘નશો’ જીવનમાં લાવે છે. માટે જ અંગ્રેજીમાં કહેવત છે કે

“Whole day work and no play, Jack make a dull boy”

પણ મનોરંજનનો અર્થ હાલના વૈજ્ઞાનિક યુગ e-com યુગમાં બદલાઈ ગયો છે. જે અગાઉ જ્ઞાનવર્ધક, ચારિત્ર્ય નિર્માણ કરનાર અને કોઈક ઉદ્દેશ, સાથે મનોરંજનના સાધનો અને ક્ષેત્રો હતા તે હવે ‘આધુનિક્તા’ના રંગે રંગાઈ ગયેલ છે.

પ્રચાર અને પ્રસારના સાધનો એ  સમાજનું પ્રતિબિંબ છે કે નવા પ્રકારના કાર્ય કરવાની પ્રેરણા આપતાં નુસખા છે. તે હંમેશા વિવાદાત્મક છે. પણ આજના સમયે મનોરંજનના સાધનોમાં નીચેના સાધનોની ગણતરી થઈ શકે.

1. ચલચિત્રો અને નાટકો

2. વર્તમાનપત્રો- સામયિકો

3. ટેલિવિઝન અને ખાનગી ચેનલ્સ

4. કમ્પ્યુટર અને ઈન્ટરનેટ

**1. ચલચિત્રો અને નાટકો :**

પ્રવર્તમન સમયમાં ચલચિત્રો અપવાદરૂપ સંજોગોમાં જ કોઈક સંદેશાત્મક કે બોધપાઠવાળા હોય છે. મહંદ્રશે ચલચિત્રોમાં ચોરી, ખૂનામરકી, મારામારી, ગુંડાગર્દી, બળાત્કાર, બેડરૂમમાં દૃશ્યો, કોમેન્ટસ, કામુક્તા અને નગ્નતા, શારીરિક અંગેનું પ્રદર્શન પડદા ઉપર દર્શાવવામાં આવે છે. તેની અસર બાળ માનસ ઉપર ખરાબ અને વધુ વિપરીત અસર થાય છે. તેના અનુસંધાને તે વિચારવા લાગે છે.

આમપણ સમાજમાં પ્રામાણિક કે ઉમદા કાર્યની કિંમત બહુ ઓછી અને ઓછી વ્યક્તિઓને હોય છે. પ્રમાણિકતા દ્વારા વ્યક્તિ પોતાના કુટુંબની જરૂરિયાત લાંબા સમયે પૂરી કરી શકવા સક્ષમ થાય છે. જ્યારે ફિલ્મી વિચારો અમલમાં મૂકવાથી પ્રશ્નોનું સમાધાન સરળતાથી થાય છે તેવું વિચારવા લાગે છે.

સાથોસાથ ફિલ્મમાં પ્રામાણિકતાનો હ્રાસ થતોં દર્શાવવામાં આવે છે અને ગુંડાગર્દીનો વિજય અને જયજયકાર દર્શાવવામાં આવે છે. માટે બાળમાનસ હંમેશા 'વિજય' તરફ જ ઝૂકેલું જોવા મળે છે. સિનેમા દ્વારા જોખમનું પરિબળ વધતું જોવા મળે છે.

વાસ્તવમાં, ફિલ્મી વાર્તા કાલ્પનિક હોય છે. પણ તેને સત્ય માની અમલમાં મૂકવા જતા પકડાઈ ગયેલાં ઘણાં બાળકો અને યુવાનો અપરાધી તરીકે જોવા મળે છે.

ચલચિત્રોના નિર્માણ થયા બાદ તેને પ્રદર્શન કરતાં પહેલા 'સેન્સર બોર્ડ' સમક્ષ રજૂ કરવામાં આવે છે અને આ 'બોર્ડ' તેને માન્યતા આપે પછી જ તે પ્રદર્શિત કરવામાં આવે છે.

આ 'સેન્સર બોર્ડ' સામાજિક બદી વધે કે સામાજિક મૂલ્યોનો હ્રાસ થતોં હોય તે અનૈતિક્તા જેવાં પ્રશ્નવાળી ફિલ્મો કે દૃશ્યોને માન્યતા આપતાં નથી. આમ છતાં આજે આપણે ફિલ્મ જોઈએ તો એવું લાગે છે કે આ સેન્સર બોર્ડ કઈ બાબતોને સેન્સર કરવા રચાયેલ છે. તે એક સંશોધન માંગી લે તેવો પ્રશ્ન છે.

**1 (1) પ્રચાર માધ્યમોનો અપરાધી વલણ તરફ ફાળો :**

બ્લૂમર અને હોસરે કરેલાં ગુનેગારોના અભ્યાસમાં 10% છોકરા અને 25% છોકરાઓની ગુનાહિત કારકિર્દી ઉપર ફિલ્મોની સીધી અસર જણાઈ હતી. જો કે તેની આડકતરી અને સહાયક અસરો ઘણી બધી છે જેમ કે -

''........તે ગુનો કરવાની રીતો અને ગુનાહિત વર્તન/યુક્તિઓ રજૂ કરે છે. તે મોજશોખની વસ્તુઓ અને હરામના નાણાં માટેની તૃષ્ણા જગાડીને, તે પ્રાપ્ત કરવાની ગેરકાનૂની રીતે સૂચવીને, ખોટી સાહસિક્તા, બહાદૂરી અને જોરાવરપણાની ભાવનાને ઉશ્કેરીને, કામવાસનાને પ્રદીપ્ત કરીને, ગુનાહિત કારકિર્દીના સ્વપ્નો જોવાનું શીખવીને વગેરે....''

ફિલ્મો ગુનાહિત વર્તનને અપનાવવા માટેના મનોવલણો અને રીતો શીખવે છે.ફિલ્મોથી યુવાનો બિન્દાસ જીવન જીવવા લલચાય છે. તેઓ બેફિકરા, મનમોજી, આક્રમક અને ઝડપી જીવન જીવતાં થઈ જાય છે. તેમાંથી યુવાનો અને યુવતીઓ વધુ સુંદર દેખાવાની, પ્રેમમાં પડવાની અને ઘરેથી ભાગીને લગ્ન કરવાની રીતો શીખે છે. જો કે આ બધાની લાભકારક અસર પણ પડી શકે છે. ક્યો માણસ કયો રસ્તો અપનાવશે, તે તેના અંગત સંસર્ગો અને સંપર્કો ઉપર આધાર રાખે છે.

**2. વર્તમનપત્રો - સામયિકો (પ્રિન્ટ મીડિયા) :**

વર્તમાનપાત્ર અને સામયિકોનો ઉદ્દેશ સમાચાર અને વિવિધ વિસ્તારના બનાવોને જાહેર

જનતા સુધી નિષ્પક્ષ રીતે પહોંચાડવાનો રહેલો છે. એટલા માટે જ તેમને લોકશાહીની 'ચોથી જાગીર' તરીકે ઓળખવામાં આવે છે.

હાલના સમયે વર્તમાનપત્રોમાં નકારાત્મક સમાચારને પ્રાધાન્ય, અંગપ્રદર્શન થાય તેવા દશ્યોને પ્રાધાન્ય, સારા સમાચારની જગ્યાએ ''ગરમ મસાલા'' જે વધુ પ્રત વેચાવી શકે તેવા સમાચારને મુખ્ય પાના ઉપર પ્રાધાન્ય આપવામાં આવે છે. જ્યારે માનવતાલક્ષી, ઉત્તમ-સેવાભાવી કાર્યના સમાચારોને અંદરની બાજુએ થોડીક જગ્યમાં સ્થાન આપવામાં આવે છે. અવારનવાર વર્તમાનપત્રોમાં કોઈપણ જાતના સંદર્ભ વિના કારણ વિના, બીભત્સ કે કામોત્તેજોક ચિત્રો આવતાં જોવા મળે છે. આમ છતા સરકાર તથા સમાજ મૂકપ્રેક્ષક બની જોયાં કરે છે.....

**2 (અ). અપરાધના સમાચારની રજૂઆતને આધારે અખબારોનું વર્ગીકરણ :**

અખબાર કે વર્તમાન પક્ષ અપરાધના સંદર્ભમાં તે કેવી રીતે બનાવનું વર્ણન કરતા સમાચાર પ્રસિદ્ધ કરે છે તેના આધારે સમાજમાં તે સમાચારની અસરો થતી જોવા મળે છે. સમાચાર પ્રસિદ્ધિની રીતે અખબારોનું ડ્રાફ્ટ ચાર વિભાગોમાં વિભાજન કરે છે.

(1) અપરાધ અંગેના ઘણાં ઓછાં કે નહિવત સમાચાર આપતાં અખબારો કે સામયિકો

(2) અપરાધના પ્રમાણમાં સંક્ષિપ્ત અને બિનસનસનાટીયુક્ત અહેવાલ આપતાં અખબારો અને સામયિકો.

(3) શિષ્ટતાના સરાસરી ધોરણોને હાનિ ન પહોંચે તે રીતે અપરાધના સમાચાર છાપતા અખબારો.

(4) વાચકોને સનસનાટીપૂર્ણ સમાચાર ગમશે તેમ માની અપરાધના વિસ્તૃત અહેવાલ સાથે ફોટા છાપતાં અખબાર અને સામયિકો.

આમ અખબાર કે સામયિકો બનાવને કેવી રીતે અખબારમાં રજૂ કરે છે અને તેના માટે કેટલી જગ્યા આપે છે તેના આધારે સમાજમાં તેની અસરો ઉત્પન્ન થતી જોવા મળે છે. જો કે એવું સંશોધન થયેલ નથી કે, અખબાર કે સામયિકો વાંચવા કે ન વાંચવાથી ગુનાહિત પ્રવૃત્તિમાં કેટલા અંશે ફેરફાર થયેલ છે. પણ એક વાત ચોક્કસ છે કે નબળી પરિસ્થિતિવાળી વ્યક્તિ, આવા સનસનાટી ભર્યા કે લલચામણા માર્ગ ઉપર આવવાની શક્યતા વધી જાય છે.

ઉદાહરણ તરીકે તાજેતરના ભૂતકાળમાં મોનિકા અને બિલ ક્લિન્ટનના લફરાના પ્રકરણને તમામ અખબારો અને સામયિકોએ ખૂબજ પ્રાધાન્ય આપ્યું હતું. અમુક સામયિકો અપરાધ વિષયક કે અપરાધીઓને લગતા લેખ નિયમિત ખાસ કોલમોમાં ચલાવતાં હોય છે. અમુક સામયિકો ખાસ કરીને બીભત્સ (અશ્લીલ) સાહિત્ય જ આપતાં હોય છે. જેમાં દેશી અને વિદેશી તમામનો સમાવેશ થાય છે.આન નાથવાનો કાયદો હોવા છતાં આપણે બિચારા અને લાચાર છીએ એ તેથી જ મોટા શહેરોમાં 'બીભત્સ સાહિત્ય' pornography- pronolgy ખુલ્લેઆમ વેચાય છે. જેને તમામ વયની વ્યક્તિ વાંચવા ઉત્સુક હોય છે. જેના દ્વારા તેમના માનસ ભ્રષ્ટ થાય છે, જાતીય-અપરાધ તરફ વળે છે અને તેવી વિકૃતિ-સંતોષવા માટે નાણાંની જરૂર હોય, બીજા રસ્તાઓ દ્વારા નાણાં મેળવવા પણ અપરાધ કરતાં જોવા મળે છે.

**(3) ટેલિવિઝન અને ખાનગી ચેનલ્સ :**

વિજ્ઞાનની શોધ માનવજાતની સુખ સગવડતા વધારવાના ઉદ્દેશથી થતી હોય છે. તેથી તેવી શોધ દ્વારા સમગ્ર સમાજને ફાયદો થવાની આશા રાખવામાં આવે તે સ્વાભાવિક છે.

ટેલિવિઝન એ આજકાલ સામાન્ય બાબત બની ગયેલ છે. અને તેમાં દૂરદર્શનની ચેનલ 1 અને મેટ્રો (મોટા શહેરો માટે) 2 ચેનલો ઉપર પ્રસાર ભારતી (સરકાર નિયંત્રિત)ના કાર્યક્રમો કે મંજૂર કરેલાં કાર્યક્રમો દર્શાવવામાં આવતાં હોય છે. જે તમામ વર્ગ અને વયની વ્યક્તિઓ આવા કાર્યક્રમનો લાભ લેતાં હોય છે.

દૂરદર્શન દ્વારા હવે ફિલ્મો પણ દર્શાવવામાં આવે છે અને તેમાં દૂરદર્શન પોતાના કે માન્ય કરેલ સીરીયલ કરતાં વધુ માત્રામાં અને વધુ પ્રમાણમાં મારામારી, નશાખોરી, અશ્લીલ સંવાદો-દ્વિઅર્થી સંવાદો અને નગ્નતાવાળા દૃશ્યો વધુ પ્રમાણમાં હોય છે. જેનાથી બાળમાનસ ઉપર વિપરીત અસર થાય છે.

કદાચ અશ્લીલ ભાષા થોડા સમય માટે મુશ્કેલી ઊભી કરતી હોય પણ જે દૃશ્યો બતાવવામાં આવે છે તેનાથી બાળમાનસ ઉપર ખૂબ માઠી અસર થાય છે અને ઉંમરના પ્રમાણમાં વધુ પડતી જાણકારી ઘણીવખત હાનિ પહોંચાડે છે.

વૈશ્વિકરણના દૌરમાં ખાનગી ચેનલોનો વ્યાપ વધવાથી આપણા ટેલિવિઝન ઉપર જ ખાનગી ચેનલો જોઈ શકાય છે. અને તેના ઉપર સરકારનો અંકુશ હોતો નથી. અને તેના પરિણામે ખાનગી ચેનલોમાં વિવિધ પ્રકારે વિવિધ માત્રામાં ગુનાહિત પ્રવૃત્તિ-જાતીયતા અને અશ્લીલ ભાષામાં સંવાદોનો ઉપયોગ થતોં જોવા મળે છે. અને અમુક ચેનલો તો ખાસ આવા કાર્યક્રમો જ આપતી હોય છે. જેની અસર પણ ખરાબ પડે છે.

આ વાતમાં એવું કહેવાનો આશય નથી કે દૂરદર્શનના કાર્યક્રમોમાં ઉપર મુજબની બાબત વિષય વસ્તુ હોતી નથી. હા, માત્રા ઓછી હશે તે નક્કી છે.

બાળકોને અનુલક્ષીને વિદેશોમાં ‘કાર્ટૂન’ ફિલ્મો બનાવવામાં આવે છે, અને આપણા દેશમાં વધુ લોકો આવી મનોરંજનની કાર્ટૂન ફિલ્મો માણી શકે તેવા ઉદ્દેશથી તેને હિન્દી ભાષામાં ‘ડબીંગ’ કરી પ્રદર્શિત કરવામાં આવે છે. જે સારી બાબત છે. પણ વિદેશોની કાર્ટૂન ફિલ્મોમાં પણ અશ્લીલ સંવાદો અને હિંસાખોરી દર્શાવવામાં આવે છે. જે બાળમાનસને વિપરીત અસર કરે છે. જે બાબત પણ બાળ અપરાધ માટે જવાબદાર ગણી શકાય.

આ તો માત્ર કાર્ટૂન ફિલ્મ અને કાર્ટૂનની ચેનલ દ્વારા બાળમાનસને જે વિપરીત અસર થાય છે તેની જ વાત છે. આવી ફિલ્મો આપણે બાળ મનોરંજનના ઉદ્દેશથી બનાવીએ છીએ કે ડબીંગ કરીએ છીએ ત્યારે તેની ઉપરોક્ત ખતરનાક અસરો આપણા ધ્યાન બહાર જતી રહે છે જેની નોંધ લેવાની જરૂર છે.

આ સિવાયના કાર્યક્રમો અને ચેનલના કાર્યક્રમો જે સામાન્ય (માત્ર બાળકો માટે નહિ) લોકો માટે પ્રદર્શિત કરવામાં આવે છે તેમાં દર્શાવતાં દૃશ્યો અને ભાષાના ઉપયોગની ખરાબ અસર બાળમાનસ ઉપર વિપરીત થાય છે. જેની નોંધ લેવી પણ જરૂરી છે.

બાળકોને માટે ક્યો કાર્યક્રમ યોગ્ય છે તેવું નક્કી કરવામાં વાલી માતા-પિતા તરીકે હવે કોઈ જ આળસ કરવાની જરૂર નથી. સમય પાકી ગયો છે અને જેટલું મોડું કરીશું તેટલું નુકસાન વધવાનું છે.

વૈશ્વિકરણ અને ઉદારીકરણના અનુસંધાને ખાનગી ચેનલો પણ આપણાં ટેલિવિઝનમાં હવે 24 કલાક જોઈ શકાય છે. પણ દરેક ચેનલ સામાજિક કે ધાર્મિક કે પર્યાવરણ બાબતની ન હોય તે સ્વાભાવિક છે. અમુક એવી વ્યક્તિઓ દરેક સમાજમાં હોય છે કે જેમને નકારાત્મક કે કામોત્તેજક કે અશિષ્ટ કે અશ્લીલ બાબતોને કલા કે હોશિયારીના નામથી દર્શકોને બતાવવાની ટેવ હોય છે.

તાજેતરમાં ચેનલ વી. (channel-v) ‘V Dare You’ નામના કાર્યક્રમનું મુંબઈના જાહેર રસ્તા ઉપર શુટીંગ ચાલતું હતું તેમાં અશિષ્ટ સ્પર્ધાના દૃશ્યોનું ફિલ્મીકરણ કરવાનું હતું. ત્યારે આવા દૃશ્યથી તંગ આવેલ એક વ્યક્તિએ પોલીસને ફોન કરતા પોલીસે, ઈન્ડીસન્ટ રીપ્રેઝેન્ટેસન ઓફ વિમેન એક્ટ, 1986 અન્વયે તેમજ મુંબઈ પોલીસ અધિનિયમની જોગવાઈ મુજબ ફરિયાદ દાખલ કરેલ છે.

આવા કાર્યક્રમો સામાન્ય રીતે 15-24 વર્ષની વ્યક્તિઓને વધુ ગમતાં હોય છે અને તેઓ સરળતાથી ભ્રષ્ટ થતાં હોય છે.

આમ ઉદારીકરણની આડ અસરથી બાળમાનસ અને સમાજ ઉપર વિકૃત અસરો થઈ રહી છે. તે સનાતન સત્ય છે.

**ટી.વી. અને અપરાધ**

અમેરીકામાં 43% બાળકો પાસે 'ગન' છે અને 1996માં 4463 બાળકોના મૃત્યુ આવી ગનના ઉપયોગથી થયા હતા.

પ્રમુખ બિલ ક્લિન્ટને પણ આ બાળકોને ખુલ્લા જખમ ("Open Wound") તરીકે ઓળખાવેલ છે અને આપણે આ બાબતે પુનઃવિચારવાની જરૂર છે. અમેરિકામાં બાળકોનું ટેલિવિઝન દર કલાકે 20 હિંસક બનાવો દર્શાવે છે. આમ, નવી ટેકનોલોજીથી પણ બાળકો હિંસા તરફ વળ્યા છે. તેમજ બાળકોને પણ હવે, મારામારી, બોમ્બમારા, લૂંટ જેવાં જ દશ્યો/ફિલ્મ ગમે છે. આજે સમાજમાં બાળકો જ બાળકોના ખૂન કરે છે તે ઘણી જ ચિંતાંની બાબત છે.

**1. ધારાવાહીના પાત્રોનું અનુકરણ :**

ઘણીવાર એવું જોવા મળે છે કે ધારાવાહીમાં જે પાત્ર બાળકને ગમતું હોય તેની નકલ કરવા જતાં પણ અપરાધ બનતાં હોય છે અને આવા બનાવો આપણા દેશમાં બનવા પામેલ છે.

(અ) 'રામાયણ' ધારાવાહીમાં 'તીર' દ્વારા યુદ્ધ થતાં દર્શાવાયેલ તેની નકલ કરી નાના બાળકો તીર છોડતા સામેના વ્યક્તિને ઈજા અને આંખ ફૂટી હોવાના બનાવો બન્યા છે. જો કે આ બનાવમાં અપરાધીપણું નથી પણ બનાવ અપરાધ ગણવામાં આવે છે.

(બ) 'શક્તિમાન'ની નકલ કરીને પણ ઘણાં બાળકો મુશ્કેલ સ્થિતિમાં અને ઘણીવાર મૃત્યુ પામ્યાના સમાચાર જાણવા મળેલ છે.

(ક) 'ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડ' ધારાવાહીની પણ નકલ કરતાં અકસ્માતો સર્જાયેલ હતાં ત્યારે આવું ન થાય તે માટે ધારાવાહિક શરૂ થતાં પહેલા આ અંગે 'ચેતવણી' આપવામાં આવતી હતી તેમ છતાં તેની નકલ કરવા જતાં અપરાધ અને અકસ્માતો બન્યા હતાં.

અરવિંદ ઈનામદાર- એડિશનલ ડાયરેક્ટર જનરલ (ક્રાઈમ ઈન્વેસ્ટીશન - મહારાષ્ટ્ર)ના જણાવ્યા મુજબ ટી.વી. ચેનલોના આક્રમણ પણ, હમણાંથી વધતી જતી યુવા-અપરાધી વૃત્તિ માટે જવાબદાર છે.

આજકાલ હિન્દી ફિલ્મો અને સીરીયલમાં યુવક અને ખાસ કરીને યુવતીઓને બહુ જ ભદ્દી વિકૃત ચેષ્ટા કરતી દર્શાવવામાં આવે છે અને આવી ચેષ્ટાઓ ઊગતીવયના છોકરાઓના માનસને ઉશ્કેરી મૂકે છે, અને તેનાથી તેઓ અકળાઈ ઊઠે છે. વધુમાં પડદા ઉપર સ્ત્રીઓને એવી રીતે રજૂ કરવામાં આવે છે જાણે કે તે સેક્સ માટે જ ભૂખી ન હોય ?

ઉ.દા. આજે આપણા ઘરની અંદર વડીલો ''સાન્તા બાર્બરા - એ બોલ્ડ એન્ડ બ્યુટીફુલ''માં રચ્યા પચ્યા રહે છે. આવી સીરીયલમાં 'એવરબડી ગોઝ ટુ બેડ વીથ એવરી બડી.' અર્થાત્ હરકોઈ પુરુષ હરકોઈ સ્ત્રી સાથે શયનકક્ષમાં સહશયન કરે છે. આપણા નાના બાળકો, યુવાનો અને મા-બાપ સાથે બેસીને આ બધું જુએ છે.

અપરાધીઓમાં જે પ્રકારની કાર્યપદ્ધતિથી કાર્ય કરતા હોય છે. તેમાં ટી.વી. સીરીયલ અને ફિલ્મોનો બહુ જ મોટો ફાળો હોય છે. તેમાં ગુનેગારો અને ગુનાના દશ્યને આકર્ષક બનાવીને પડદા ઉપર રજૂ કરવામાં આવે છે અને દરેક યુવાન પોતાને ''એંગ્રી યંગ મેન'' માનવા લાગે છે. અને દરેકને ટર્મિનેટર બનવું હોય છે અને જાણે હિંસાચાર અને આકર્ષક વર્તનરાહ બનવા લાગે છે.

અને આવી હિમેન-ડ્રીમથી તેને પરપીડનમાં મજા આવે છે અને જુલ્મ કરે છે. એમ મનોચિકિત્સક ફિરદોશ માસ્ટર જણાવે છે.

**બાળાએ વાસના સંતોષવા હિંસક હુમલો કર્યો**

ભરૂચ શહેરમાં એક સોસાયટીમાં વહેલી સવારે છાપું નાખવા ગયેલ યુવાનને સગીર વયની બાળાને ઘરમાં બોલાવી પોતાની (તેણીની) જાતીય ભૂખ સંતોષવા હિંસક હુમલો કર્યો હતો.

આ માટે ટી.વી.માં બતાવાતા બિન્દાસ્ત દૃશ્યો, એમ.ટી.વી. અને બ્લ્યુ ફિલ્મોની અસર આ બાળા ઉપર થઈ હોવાથી તે યુવાન પર ત્રાટકી હતી. તેણીની રૂમમાંથી બ્લ્યુ ફિલ્મની સીડી જે માતા પિતાએ છુપાવેલી હતી તે તેણીએ શોધીને જોઈ હતી. આ બાળાએ યુવાને જબરદસ્તી કરી હતી અને યુવાને ના પાડતા શરીરે બચકાં ભરી લોહીલુહાણ કર્યો હતો.

**2. ફિલ્મ અને કાર્ટૂન ફિલ્મ :**

''તૂં મેરી વાલી કો લાઈન મારતા હૈ'' અથવા ''તેરે ગાલ ઈતને ખૂબસૂરત નહીં હૈ કી મૈં ચુમ્મા લે શકું'' આ કોઈ ફિલ્મ કે ટી.વી. સિરીયલનો ડાયલોગ નથી પરંતુ બાળકોને ટીવી પર બતાવતી કાર્ટૂન ફિલ્મોના પાત્રો દ્વારા બોલાયેલ સંવાદો છે. ખૂબીની વાત તો એ છે કે, કાર્ટૂન ફિલ્મોનું હિંદીમાં ડબીંગ કરવામાં આવે છે અને આવા જોરદાર પણ અશ્લીલ સંવાદોના ભરપૂર પ્રયોગ કરવામાં આવે છે.

કાર્ટૂન ફિલ્મો દર્શાવતી એક ખાસ ચેનલ છે. જે અંગ્રેજી તથા હિંદી કાર્ટૂન ફિલ્મો જ બતાવે છે. હિંદીમાં દર્શાવતી તમામ કાર્ટૂન ફિલ્મો મૂળ અંગ્રેજીમાં હોય છે. તેથી અંગ્રેજી ભાષામાં બોલતા શબ્દોનું ભાષાંતર હિંદીમાં કરવામાં આવે છે ત્યારે અશ્લીલ તે વધુ અશ્લીલ લાગે છે. બાળકોને આવા અશ્લીલ શબ્દ પ્રયોગવાળા ડાયલોગ સંભળાવવા તે કેટલે અંશે વાજબી છે ?

કાર્ટૂન નેટવર્કની એક ચેનલ પર 'સ્કુ બી ડૂ', 'ગૈરી ફોલ્ડ ફ્રેન્ડ', 'એસ્ટીમ ઘોસ્ટ બસ્ટર' અને 'બેટ મેન' વગેરે કાર્યક્રમોમાં આવા અશ્લીલ શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જે બાળકોને સંભળાવવા યોગ્ય નથી.

આ ઉપરાંત 'જી ટી.વી.' પર 'ડિઝની અવર' નામનો એક પ્રોગ્રામ બાળકો માટે આવે છે. જે ઘણો લોકપ્રિય છે. આ કાર્યક્રમમાં પણ નાની- કાર્ટૂન ફિલ્મો બતાવવામાં આવે છે. તેમાં પણ ઘણી વખત અશ્લીલ શબ્દોનો ઉપયોગ કરવામાં આવતોં હોય છે. કાર્ટૂન ફિલ્મોમાં ઘણી વખત હિંસા પણ દર્શાવવામાં આવતી હોય છે. જો કે, ઘણી ફિલ્મો આવા હિંસક દૃશ્યોના કારણે ખૂબ જ લોકપ્રિય થતી હોય છે અને બાળકો પણ આવી મારામારીની ફિલ્મો વધુ જુએ છે.

કેન્દ્ર સરકારે હાલમાં અશ્લીલ ફિલ્મો દર્શાવતી ટી.વી.- 6 તથા સ્ટાર મુવી પર 18ની ઉંમરવાળા માટે દર્શાવાતી ફિલ્મો બંધ કરાવી દીધી છે. જ્યારે કાર્ટૂન ફિલ્મો દ્વારા અશ્લીલતા અને હિંસાના પ્રસારણ પ્રત્યે સરકારનું ધ્યાન ગયું નથી.

બાળ મનોચિકિત્સકના મત પ્રમાણે આવી બાળ ફિલ્મો અને કાર્ટૂન ફિલ્મોની બાળમાનસ ઉપર ખૂબ જ ઘેરી અસર પડે છે. ઉંમરના પ્રમાણમાં વધુ પડતી જાણકારી ઘણી વખત હાનિ પહોંચાડે છે. જો કે અશ્લીલ ડાયલોગ કરતા હિંસાના દૃશ્યો બાળમાનસ પર વધુ અસર કરતાં હોય છે. આથી ઉગતી પેઢી પર ખૂબ માઠી અસર પડવાના એંધાણ વર્તાઈ રહ્યાં છે.

ખાનગી ચેનલો તેમજ તેમાં દર્શાવવામાં આવતી કાર્ટૂન ફિલ્મો તેમજ અન્ય ફિલ્મો માત્ર ઉપર ઉલ્લેખ કરેલ ચેનલમાં જ દર્શાવવામાં આવે છે. એવું અર્થઘટન કરવાનું નથી. આ તો માત્ર એક ચેનલનું નામ કાર્યક્રમનું નામ ઉદાહરણ તરીકે દર્શાવવામાં આવેલ છે. બીજી ચેનલોમાં આવા કાર્યક્રમો આવતાં હશે તેનો લેખક અસ્વીકાર કરતાં નથી.

**ફિલ્મની નકલ**

'શોલે' ફિલ્મની નકલ કરતા 16 વર્ષનો કિશોર, પોતાના પિતાની રિવૉલ્વર પોતાના લમણે મૂકી બોલ્યો - અબ તેરા ક્યા હોગા કાલિયા અને ટ્રીગર દબાવી......... અને ગોળી છૂટી થોડી વારમાં મૃત્યુ પામ્યો. (લાયસન્સવાળી રિવૉલ્વર બાળકના હાથમાં આવે તેમ મૂકવાની બેદરકારીનું પરિણામ)

**4. બાળઅપરાધ : કમ્પ્યુટર અને ઈન્ટરનેટનો ફાળો :**

સંચાર માધ્યમમાં કમ્પ્યુટર અને ઈન્ટરનેટ જેવાં ઉપકરણો આવવાથી સમગ્ર વિશ્વ એક ગામડાં (Globel village) માં રૂપાંતર થયું છે.કારણ કે આ સાધનની મદદથી લગભગ તમામ પ્રકારની માહિતી નજીવા દરે ઘરે બેઠાં મેળવી શકાય છે.

સાથે એ વાત એટલી સારી છે કે આ વિજ્ઞાનની શોધ એ માત્ર સાધન છે. તે પોતે સારુ કે ખરાબ નથી પણ તેનો ઉપયોગ કયા ઉદ્દેશથી કરવામાં આવે છે તેના આધારે તેના પરિણામોની અસર સમાજ અને વિશ્વ ઉપર પડે છે.

તેના ઉત્તમ ઉદાહરણ તરીકે તાજેતરમાં અમેરિકાની એક સ્કૂલમાં ધોરણ -8માં ભણતા 15 વર્ષના વિદ્યાર્થીએ, જે શેરના સોદા શેરબજારમાં પડતા ન હતા તેવા શેર્સની માહિતી ખોટી ઈ-મેઈલ દ્વારા લાખો લોકોને પહોંચાડી અને કૃત્રિમ ભાવ વધારો કરાવી 2,72,828 ડોલરનો નફો કમાવી લીધો આ જોઈ અમેરિકાનું  સિક્યુરિટી એન્ડ એક્ષચેંજ કમિશન જોઈ ચોંકી ઉઠ્યું. આ બાળક નાનો હતો ત્યારથી જ ઈન્ટરનેટ ઉપર બેસી સર્ફિંગ કરીને ખૂબ જ ઓછા સોદા પાડતી કંપનીના શેર ખરીદી લેતો અને તે પછી આ કંપનીઓની નાણાંકીય સદ્ધરતા, નફો, વ્યાપાર, નિકાસ ઓર્ડર જેવી બાબતોની ખોટી માહિતી પહોંચાડીને જણાવતો કે ભવિષ્યમાં અને આગામી થોડા દિવસોમાં આ કંપનીના શેરના ભાવોમાં ઉછાળો આવશે. અને લોકો 'તે' શેર ખરીદવા પડાપડી કરતા ત્યારે કૃત્રિમ ઉછાળામાં તેના 'તે' શેર વેચી નાંખતો.

સંયુક્ત રાષ્ટ્ર સંઘના 1999ના હ્યુમન ડેવલપમેન્ટના અહેવાલમાં જણાવ્યા અનુસાર ગુનાખારોનું અર્થતંત્ર વિશ્વભરમાં 4થો નંબર ધરાવે છે. અને વૈશ્વિકરણને લીધે ગુનેગારોનો ધંધો વધુ ફાયદામાં રહ્યો છે.

ઉદાહરણમાં જણાવેલ છે કે રશિયામાં એક કમ્પ્યુટર હેંકરે પોતાના કમ્પ્યટર જ્ઞાનનો શેતાની ઉપયોગ કરીને ન્યુયોર્કની સીટી બેંકમાંથી લાખો ડોલર તફડાવવાની કોશિષ કરી હતી અને સફળ થવાની અણી ઉપર હતો ત્યારે આખું કાવતરું નિષ્ફળ બનાવાયું હતું.

**અ. "અશ્લીલ વેબસાઈટ"**

ઈન્ટરનેટ દ્વારા અશ્લીલ વેબસાઈટ ઉપલબ્ધ હોવાથી સાથે ટેકનોલોજીની અવળી અસરે લોકોના માનસમાં ન્યુસન્સની છાપ જગાવી છે. વાસ્તવમાં ઈન્ટરનેટ પોતે ખરાબ નથી પણ તેના દ્વારા કામ લેનાર કરનાર જવાબદાર છે. આમ છતાં ઈન્ટરનેટ વિકૃતિ પોષવાનું મોકળું મેદાન પૂરું પાડે છે જે ચિંતાનો વિષય છે.

આ માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘની સંસ્થા 'યુનેસ્કો' દ્વારા બાળપણની નિર્દોષતાને બચાવવા માટે 'વર્લ્ડ મુવમેન્ટ ઑફ સિટિઝન્સ ટુ પ્રોટેક્ટ ઈનોસસન્સ ઈન ડેન્જર' નામની ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે. ઘણીવાર 'ચેટ રૂમ'માં બાળકોને ભોળવી લેવામાં આવે છે અને પછી શોષણ થાય છે.

એક અંદાજ પ્રમાણે 40,000 ચેટ રૂમ્સમાં બાળકોનો 'શિકાર' કરવા શિકારીઓ આવતાં હોય છે. તેમજ બાળકોમાં જાતીયતા બાબતે જુગુપ્સા પ્રેરક અને ઉશ્કેરણીજનક રજૂઆત માટે આશરે 23,000 વેબસાઈટ હોવાનો અંદાજ છે. કાયદામુજબ ઈન્ટરનેટ પર સેન્સરશીપ લાદવાનું શક્ય નથી. પરંતુ આ મુદ્દે જાગૃતિ ફેલાવવા માટે અને બાળકોને ઈન્ટરનેટના દૂષણોથી બચાવવા માટે યુનેસ્કોની વેબસાઈટ પર માર્ગદર્શન આપવામાં આવે છે.

**બ. નમૂના રૂપ બનાવોની યાદી**

(1) માર્ચ 2003માં ગુજરાતના મુખ્યમંત્રીને ધમકી ભર્યો ઈ-મેઈલ કરવા સબબ, કેરલની પોલિટેકનિકમાં કમ્પ્યુટર એન્જીનિયરીંગના વિદ્યાર્થી ઉં.વ. 17ની ત્રાસવાદ વિરોધી દળે અટકાયત કરેલ છે.

(2) સિંગાપોરમાં 15 વર્ષના ટેણીયાએ શિક્ષકના ઈ-મેઈલ ખાતામાં 1,61,064 સંદેશા ઠાલવવા બદલ દોષિત ઠરાવવામાં આવેલ છે. તેના વકીલના જણાવ્યા મુજબ આવું કરવા પાછળ તેનો ઈરાદો પોતાની આવડત વધારી તેના અહમ્‌ને સંતોષવાનો હતો. સદર બાબતે 11-11-2003ના રોજ અદાલત સજા સંભળાવશે.

(3) દેશના સૌપ્રથમ નોંધાયેલ સાયબર ગુનામાં ભારતીય હવાઈ દળના એક નિવૃત્ત અધિકારીનો 16 વર્ષનો પુત્ર અશ્લીલ વેબસાઈટ ઊભી કરવાનો આરોપસર અટકમાં લેવાયેલ છે. આ બાળક આ વેબસાઈટ દ્વારા તેનો ગુસ્સો તેના સહપાઠી ઉપર કાઢવા માંગતો હતો. જેને બાળઅદાલતે જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ છે.

(4) ઈંગ્લેન્ડમાં તોફાની બાળકે તેના પરણિત શિક્ષકનો ફોટો ગે-લોકો માટેની વેબસાઈટમાં મૂક્યો હતો. જેના દ્વારા ત્રણ સંતાનોના પિતા એવા શિક્ષકના જીવનમાં આગ લાગી જાય તે પહેલાં તેની ઓળખ થઈ ગયેલ હતી.

(5) અમેરિકામાં 17 વર્ષના એક છોકરાએ 2000 વેબસાઈટ હેક કરી હતી. આવું કરવા પાછળ તે તેની ક્ષમતા બતાવવા માંગતો હતો.

(6) કમ્પ્યુટર અશ્લીલતાનું યજમાન બન્યું છે.

(7) ડુપ્લીકેટ સીડી દ્વારા અમદાવાદમાં અનેક ઘરોમાં ટીનએજરો બ્લ્યુ ફિલ્મો જુએ છે.

**(4) ઉત્પાતિયાપણું અને અપરાધવૃત્તિ (Hyper-Active) :**

હાઈપર એક્ટિવ બાળકો અતિશય ચંચળ હોય છે. તેઓ કોઈ એક ચીજ પર ધ્યાન કેન્દ્રિત કરી શક્તા નથી. એક કામ કરતાં હોય અને થોડીવારમાં તે કામ પડતું-અધુરું મૂકી બીજું કામ કરવા લાગે અને ઘરમાં વાલીને કે શાળામાં શિક્ષકને ખબર પણ ન હોય.

ઘણીવાર તેઓ આજુબાજુના બાળકો કે કલાસરૂમમાં આજુબાજુના સહઅભ્યાસીઓને ‘ડિસ્ટર્બ’ કરે અને પોતે જંપીને બેસે જ નહીં. આવા બાળકોની જો કોઈ એક વાત રજૂઆત કરવામાં આવે તો તેમાંથી જ બીજાં ઘણાં પ્રશ્નો ઉપસ્થિત કરે અને કોઈનું સાંભળે જ નહિં. રાજકોટના મનોચિકિત્સક ડૉ. વિજય નાગ્રેચાના મત અનુસાર જે બાળક 30 સેકન્ડથી વધુ શાંત ન બેસી શકે તે હાઈપર એક્ટિવ બાળક હોઈ શકે છે.

ઘણીવાર ગેરસમજમાં આવા બાળકના મા-બાપ ગૌરવ લેતાં હોય છે કે અમારો બાળક ખરેખર બહુ જ સક્રિય છે પણ આ બાબતને ગંભીરતાથી લેવાની જરૂર છે. અન્યથા આગળ જતા તેના તોફાન વધવા લાગે છે અને જો તેનો યોગ્ય દિશામાં વાળવામાં ન આવે તો આવા બાળકો અપરાધ તરફ વળી શકે છે. ડૉ. રત્ના બિલવાની (મનોચિકિત્સક)ના શબ્દોમાં કહીએ તો, બાળકનું આવું અસામાન્ય વર્તન મુખ્યત્વે ત્રણ કારણોસર હોઈ શકે છે.

1. સ્વભાવગત.

2. ઉછેરનું વાતાવરણ.

3. મગજને લગતી ખામી હોય (ન્યુરોલોજિકલ)

આપણા દેશમાં હાઈપર એક્ટિવ બાળકો કેટલાં હશે તેનું કોઈ આંકડાકીય માહિતી ઉપલબ્ધ જ નથી. જ્યારે અમેરિકામાં થયેલાં એક નક્કર અભ્યાસ મુજબ, ત્યાં દર ચાર બાળકે એક બાળક હાઈર એક્ટિવ સમસ્યા સાથે જન્મે છે અને તેમાંય છોકરી કરતાં છોકરાનું પ્રમાણ પાંચગણું વધારે હોય છે.

ડૉ. મણીલાલ ગડાના અભ્યાસાનુસાર આવા બાળકના કિસ્સામાં તેના મા-બાપ અને શિક્ષકની વર્તણૂંક વધુ મહત્ત્વની છે. બાળકો બુદ્ધિશાળી હોવા છતાં યોગ્ય ઉછેરના અભાવે તેઓ પાછળ રહી જતા હોય છે.

ઘણા બાળકો અમૂક જગ્યાએ જ અસામાન્ય વર્તન કરતાં હોય છે. જેમ કે આપણાં સાંભળવામાં

આવેલ હશેજ કે કોઈ પાડોશી કે મિત્ર ફરિયાદ સ્વરૂપે જણાવવાં હશે કે ઘરમાં બહુ જ તોફાન કરે છે પણ વર્ગશિક્ષક કહે છે કે તમારો બાળક ડાહ્યો /શાંત છે અથવા ઘરમાં શાંત રહેનાર બાળક શાળામાં તોફાન કરતો હોય તેવી ફરિયાદ પણ જોવામાં સાંભળવામાં આવતી હોય છે.

આ પુસ્તકમાં ઉત્પાતિયાપણું કેમ થાય છે તે બાબત અસ્થાને હોય, તેવી ચર્ચા કરવામાં આવેલ નથી. તેના કારણ શોધી યોગ્ય મનોચિકિત્સક પાસે ઉપચાર કરાવવો એ જ સરળ ઈલાજ છે. આ બાબતે નાનપણમાં જો તે ઈલાજ થઈ શકે તો તે વધુ અસરકારક અને લાભદાયક નિવડશે.

**(5) નશાખોરી : બાળઅપરાધનું કારણ અને પરિણામ :**

આપણા દેશના શહેરોમાં નશીલાં દ્રવ્યોનું સેવન કરનાર વ્યક્તિઓનું પ્રમાણ વધતુ જાય છે જે એક ગંભીર બાબત છે. જેના સેવનથી રોજેરોજ કમસે કમ પાંચ માણસો મોતના મોંમા ધકેલાતાં હોય છે.

નશીલા દ્રવ્યોનું સેવન કરનાર યુવાનોના મા-બાપોને તો મોટે ભાગે ખબર જ નથી હોતી કે એમનો દીકરો કે દીકરી આ ભયાનક દૂષણનો ભોગ બનેલા છે.

હા, આપણે સૌ એમ માનતા હતા કે નશીલાં પદાર્થોનું સેવન એ માત્ર પશ્ચિમીની દુનિયાનું અનિષ્ટ છે પરંતુ હવે તે આપણી વચ્ચે પણ છે. આ દૂષણની ભયાનક્તાનો ખ્યાલ એ જાણ મેળવીને વ્યક્તિ પોતે તેનાથી બચી શકે છે અને બીજાઓને પણ બચાવી શકે છે.

**1. નશીલા દ્રવ્યોના પ્રકાર અને કારણો :**

**(અ) નશીલા દ્રવ્યો :**

| નામ | સેવનની પદ્ધતિ |
|---|---|
| 1. હેરોઈન (બ્રાઉનસુગર) સફેદ રંગનું અને છીંકણી જેવા રંગનું હોય છે. | 1. સૂંઘવામાં તેમજ બીડી-સીગારેટ દ્વારા લેવામાં આવે છે. |
| 2. હશીશ (ચરસ તરીકે ઓળખાય છે) | 2. બીડી, સિગારેટ દ્વારા લેવામાં આવે છે. |
| 3. મારીઆ જુઆન (ઘાસ, ગાંજા તરીકે ઓળખાય છે. | 3. બીડી, સિગારેટ દ્વારા લેવામાં આવે છે. |
| 4. ભાંગ | 4. ખાદ્ય પદાર્થોમાં તથા પ્રવાહી સ્વરૂપે લેવામાં આવે છે. |
| 5. કોકેઈન (કૉક તથા બરફ તરીકે ઓળખાય છે.) | 5. ઈન્જેકશન દ્વારા લેવામાં આવે છે. |
| 6. કોકેઈન હેરોઈન | 6. ઈન્જેકશન દ્વારા લેવામાં આવે છે. |
| 7. એલ.એસ.ડી. (જાદુઈ મોટા માણસ બની જવું) | 7. પ્રવાહી સ્વરૂપે લેવામાં આવે છે. |
| 8. ડેક્સેહિન, એમ્ફેટામાઈન્સ | 8. પ્રવાહી સ્વરૂપે લેવામાં આવે છે. |
| 9. મેથાક્યુ લોન (મેટ્રા અને મેન્ડીસ તરીકે ઓળખાય છે) | 9. પ્રવાહી સ્વરૂપે લેવામાં આવે છે. |
| 10. મોરફીન, ઓથોફીન, ડાયઝેપસ ફોરટવીન | 10. ઈન્જેકશન દ્વારા તેમજ પ્રવાહી સ્વરૂપે લેવાય છે. |

નશીલાં દ્રવ્યો-પદાર્થો લેવાની આદત કઈ રીતે અને કયા કારણથી પડે છે તે જાણવું જરૂરી છે જેથી તેના ઈલાજનો રસ્તો શોધવાનું સરળ બની રહે.

તાજેતરના સર્વેક્ષણનુસાર નશીલી દવા લેનારમાં 4.5 ટકા બાળકો હોય છે જેમની વય 12 થી 13 વર્ષની હોય છે.

**1 (બ)નશીલા દ્રવ્યો લેવાના કારણો :**

**(1) માનસિક અસલામતી કે પ્રેમનો અભાવ :**

કોઈપણ વ્યક્તિ વ્યસની બંધાણી બનવા માટે નશીલા પદાર્થો લેતો હોતો નથી. સામાન્ય રીતે સાચી અથવા કથિત સમસ્યામાંથી છટકવા માટે આવા પદાર્થોનું સેવન કરવાની શરૂઆત થાય છે. મા-બાપ અથવા વાલીઓના પ્રેમનો અભાવ, માતા-પિતા વચ્ચે બગડેલાં સંબંધો અથવા તંગ સંબંધો, બાળકો પ્રત્યે સખ્તાઈપૂર્વક વર્તન.સામાન્ય રીતે બાળકોને નશાખોરી તરફ લઈ જવા માટેના મૂળભૂત કારણો તરીકે માનવામાં આવે છે.

**(2) વધુ પડતી આર્થિક સમૃદ્ધિ અને દોરવણી માર્ગદર્શનનો અભાવ :**

જ્યારે સહેલાઈથી જોઈએ તેટલા નાણાં મળી શક્તાં હોય છે ત્યારે બાળકો ધુમ્રપાન-તમાકુ અને તેમાંથી ધીમે ધીમે શરાબ અને નશીલા દ્રવ્યોનું સેવન કરવા લાગે છે. આમાં અપવાદને અવકાશ છે.

**(3) શહેરીકરણના પૂરાવા રૂપે - મિત્રો ને રાજી રાખવા :**

મોટા શહેરોમાં અને હવે નાના નગરોમાં બાળકો સુધરેલાં છે, શહેરી છે અને પુખ્તવયના થયા છે અથવા તેઓ મોટા થયા છે તેવુ બતાવવા નશો કરતા હોય છે, ઘણીવાર બાળકો શહેરમાં રહે છે અને સુધરેલાપણું દર્શાવતા પણ નશો કરતાં હોય છે, અને આવું સ્વૈચ્છિક ભાગ્યેજ હોય છે.પણ મિત્રો આમ કરવા સમજાવવા- ધમકાવતા હોય છે. અને મિત્રોને રાજી રાખવા ઘણા બાળકો વ્યસન સ્વીકારતા હોય છે.

**(4) બાળકો વિજાતીય આકર્ષણ ધરાવતા અને 'હીરો' થવા નશો કરે છે :**

ખાસ કરીને ટીનેજર્સમાં આ પ્રકારનું વલણ વધુ જોવા મળે છે. અને પોતાના મિત્ર વર્તુળમાં નાયક થવા અને સ્ત્રીમિત્રોમાં પ્રીતિપાત્ર સ્થાન મેળવવા નશીલા દ્રવ્યોનું સેવન થતું હોય છે. તેથી બાળકો ખોટી માન્યતાઓનો શિકાર થાય છે અને નશાખોરી કરે છે.

આજનો બાળક, 21મી સદીમાં પણ કેટલીક ખોટી માન્યતાઓ ધરાવતો જોવા મળે છે અને તે માટે જ તે નશાયુક્ત-બંધાણી બને છે. આવી માન્યતાઓ સામાન્યતઃ નીચે મુજબ છે.

1. નશીલા પદાર્થોનું સેવન કરવાથી આત્મવિશ્વાસ વધે છે.
2. નશીલા પદાર્થોનું સેવન કરવાથી આનંદ મળે છે અને માનસિક તનાવમાંથી મુક્તિ મળે છે.
3. નશીલા પદાર્થોનું સેવન કરવાથી પ્રવર્તમાન વાતાવરણમાંથી અલગ વાતાવરણનો અનુભવ થાય છે.
4. નશીલા પદાર્થોનું સેવનથી જાતીય શક્તિમાં વધારો થાય છે અને પૌરૂષત્વ વધે છે અને આના પરીક્ષણ માટે તો બીજા દુષણ-વેશ્યાગમન તરફ વળે છે.

(2) **બાળકોનું નશાયુક્ત વર્તન અને મા-બાપ/વાલીઓની બેદરકારી :**

નાના બાળકો નશીલા પદાર્થોનું સેવન કરે છે તેમાં કેટલાંક કારણોમાંનું એક કારણ તેમના મા-બાપ/વાલીઓ પણ છે. અને તે નીચેના સંજોગોમાં વધુ જવાબદાર બને છે.

1. બાળકોને અપર માતા/પિતા હોય.
2. બાળકના માતા/પિતા અથવા બંને નોકરી વ્યવસાયમાં હોય,
3. બાળકના માતા/પિતા આર્થિક રીતે સદ્ધર ન હોય ત્યારે તેઓ વધુ સમય ઘરથી બહાર રહેતા હોય છે ત્યારે તેઓ સંતાનો માટે સમય આપી શક્તા નથી અને સંતાનોની પ્રવૃત્તિ તરફ દેખરેખ પણ રાખી શક્તાં નથી. પરિણામે વ્યગ્ર સંતાનો નશા તરફ વળતા જોવા મળે છે.
4. આર્થિક સદ્ધર અથવા ઉચ્ચપદ ધરાવતાં માતા-પિતા, સંતાનોને પાર્ટીઓમાં લઈ જતાં હોય છે અને બાળકો 'બીયર' પીવે તેમાં કશુંય ખોટું નથી એમ જણાવી આડકતરી રીતે બાળકોને નશીલા દ્રવ્યોના સેવનનો ચસ્કો લગાડતાં જોવા મળે છે.

5. ગરીબ મધ્યમ વર્ગના મા-બાપ બાળકોને બીડી-સીગારેટ- તમાકુ ખરીદવા મોકલે છે અને ઘણીવાર ગામડામાં બીડી-ચલમ સળગાવવા માટે બાળકોને મોકલતા હોય છે. ત્યારે ચોરી છૂપીથી બાળકો બીડી-ચલમની 'સટ' લેતાં થાય છે. બાળકો ટેલિવિઝન અને સિનેમામાં આવતી જાહેરાતના મૉડેલને 'રોલ મૉડેલ' માનીને પોતે પણ તેમનું અનુકરણ કરવા લાગે છે અને નશીલા દ્રવ્યોના બંધારણમાં ડૂબતા જાય છે.

**(3) નશીલા દ્રવ્યો-પદાર્થોનું સેવન સામાન્ય રીતે નીચે મુજબની પરિસ્થિતિમાં અને સ્થળોએ થતું જોવા મળે છે :**

1. સામાન્યતઃ છાત્રાલયો અને બોર્ડિંગમાં રજાના આગળના દિવસે વિદ્યાર્થીઓ નશીલા પદાર્થો લે છે અને રજાની મજા (?) માણતાં હોય છે.
2. રમતગમતની સ્પર્ધાની તૈયારી કરતી વખતે પણ નશાયુક્ત પદાર્થ લેવામાં આવતાં હોય છે.
3. રમતગમતની સ્પર્ધામાં વિજયી થાય ત્યારે વિજયોત્સવ મનાવવા નશીલા પદાર્થોનું સેવન લેવામાં આવતો હોય છે.
4. રમતગમતની સ્પર્ધામાં જો હાર થાય તો 'ગમ' ભૂલવા માટે પણ માદક દ્રવ્યોનો આશરો લેવામાં આવતો હોય છે.
5. પ્રવાસ, ઉજાણીમાં પણ આનંદ-મોજ મજા કરવા માટે નશીલા પદાર્થોનું સેવન થતું હોય છે.
6. ઘણીવાર ધાર્મિક પગપાળા પ્રવાસ-યાત્રા દરમ્યાન પણ નશીલા પદાર્થોનું સેવન થતું હોવાનું જાણવા મળે છે.
7. ઘણીવાર બાળકો વડીલોની નકલ સ્વરૂપે નશાયુક્ત પદાર્થો-દ્રવ્યો લેતા હોય છે માટે તેઓ એવું માને છે કે આમાં કાંઈક નુકસાન થતું નથી તેમ ધારીને અનુકરણ કરે છે.

**(4) નશીલા દ્રવ્યો / પદાર્થોની વ્યક્તિ અને સમાજ પર થતી અસર :**

1. જ્યારે વ્યક્તિ દ્વારા નશો કરવામાં આવે છે ત્યારે તે પોતાના શરીરને પ્રથમ અને ત્યારબાદ પોતાના કુટુંબને બરબાદ કરે છે.
2. ઘણીવાર નશાયુક્ત વ્યક્ત વાહન ચલાવે છે ત્યારે અકસ્માતને આમંત્રણ આપે છે અને તેમાંથી પોતાને અને / અથવા અન્ય વ્યક્તિઓને ઈજા પહોંચાડે છે.
3. નશો કરવાની આદત પડતા પછી તે બીજા અનેક દુષણોને આવકારવા મજબૂર બને છે જેવાં કે, ઉછીના નાણાં લઈ પાછા ન કરવા, ત્યારબાદ ઘરમાં ચોરી કરવી, સગાવ્હાલાઓને ત્યાં ચોરી કરવી, મિત્રોને ત્યાં ચોરી કરવી અને ત્યારબાદ ઘરફોડ ચોર કરવા લાગે છે.
4. ઘણીવાર નશો સંતોષવા-પોષવા માટે નાના બાળકો નશીલા માદક પદાર્થોની હેરાફેરી કરવાની પ્રવૃત્તિમાં જોડાય છે અને વધુમાં વધુ દૂષણોનો ભોગ બનતો હોય છે.
5. ઘણીવાર નશાયુક્ત વ્યક્તિ વધુ નાણાં સરળતાથી મેળવવા જુગાર-લોટરી જેવી પ્રવૃત્તિમાં વધુ આર્થિક પાયમાલ થતો જાય છે.
6. ઘણીવાર આવી વ્યક્તિઓ પોતાનું લોહી વેચતા માલુમ પડે છે અને ઘણીવાર 'આવા' ધંધાદારી અને નશાયુક્ત વ્યક્તિઓનું લોહી લેવાથી એઈડ્સ જેવાં ભયાનક રોગ નિર્દોષ વ્યક્તિને ભયાનક રોગમાં ધકેલે છે.
7. અમેરિકામાં બાળકોને નશામાં, ઈન્ટરનેટ અને જાતીય સમાગમમાં આનંદ અને કલ્યાણ ઉત્પન્ન થાય છે.

   અમેરિકામાં CBS news દ્વારા 1997માં એક મોજણી કરવામાં આવી હતી તેના તારણ રૂપે એવું કહી શકાય કે :-

(અ) 10માંથી 9 બાળકો જોખમી પ્રવૃત્તિ કરતાં હોય છે કે જેમના મિત્રની કે સગાસંબંધીની આકસ્મિક કે માંદગી કે કુદરતી હોનારત કે અકસ્માતમાં મૃત્યુ પામતાં હોય છે.

(બ) 2300 વિદ્યાર્થીઓમાંથી 65% એવું માનતા હતા કે તેમની જીંદગી તેઓના પિતા કરતા વધુ સારી અને ઝડપી હોય, માટે

(ક) 61% બાળકો દારૂ પીતા હતાં જ્યારે 15% બાળકો મરીઆજુઆન અને 14% ધ્રુમપાન કરતા હતા જ્યારે 47% બાળકો ધુમ્રપાન કરવાનો પ્રયત્ન કરતા હતા. સાથે 60% બાળકો કે જેઓ શાળામાં હતા ત્યારે જ જાતીય સમાગમ કરી ચૂકેલા હતા અને 18% બાળકોએ એવું જણાવેલ કે તેઓ સ્કૂલના પ્રવેશ સમયે virgins ન હતા.

**(6) અજ્ઞાત કારણ અને આવેગ :**

ઘણીવાર, પોતાની નબળાઈઓ ઉપરાંત જ્યારે બાળકો આવેગમાં આવે છે ત્યારે પોતાના આવેગને અંકુશમાં રાખી શક્તાં નથી તેમજ ગમા-અણગમાને પણ અંકુશમાં રાખી શક્તાં નથી.

બીજી રીતે કહીએ તો આવી વર્તણૂંક ઉતાવળી ધગશનું પરિણામ હોય છે. જે 'ઈમ્પલઝીવ બિહેવિયર' વ્યક્તિને મનમાં આવેલ 'તુક્કા'નો અમલ કરવાની ફરજ પાડે છે.

વિદ્યાનગર ઈન્સ્ટીટયુટ ઑફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરોલોજીકલ સાયન્સ (NIMHANS) ન્યુ દિલ્હીના ડૉ. જીતેન્દ્ર નાગપાલ આ બાબતો જણાવતાં ઉમેરે છે કે Temporal Lobe Epilepsy (TLE) ની અસર મગજને થાય છે અને તેનાથી દર્દી/વ્યક્તિને વારંવાર હુમલા આવે છે અને જેના પરિણામે તે Bizarre અને Obhoxius વર્તન કરે છે.

સાથે એ વાતની પણ નોંધ લેવી જરૂરી છે કે આવુ નિદાન દાક્તરી તપાસ દ્વારા જ થઈ શકે છે તેમજ આવું વર્તન થવા માટે બાળકોનો શારીરિક કે જાતીય દૂરઉપયોગ થયો હોવાનું માનવામાં આવે છે.

સાહિલબાદ (ઉત્તર પ્રદેશ)માં 11 વર્ષના એક બાળકે 6 માસની બાળકીના ખૂનના આરોપસર અટકમાં લેવામાં આવેલ ત્યારે તેને બીજી એ બાળકી કે જે તેના મિત્રની બહેનો હતી તેમનું પણ ખૂન કરેલ છે. તેવું તપાસ દરમ્યાન કબૂલ કર્યું હતું. તપાસમાં આવુ કૃત્ય કરવા પાછળના કારણમાં જણાવેલ કે તેની પાસે કોઈ ખાસ કારણ ન હતુ પણ, પાણીમાં કોઈ વ્યક્તિ ડૂબે છે ત્યારે હવાના પરપોટા (Air Bubbles) નીકળે છે તે જોવાની અને ડૂબતી વ્યક્તિ જીવવા માટે ઝઝૂમે છે અને જે રીતે તરફડે છે તે જોવાનું બહુ મજા આવતી હતી.

**(7) સામાજિકિકરણની આડપેદાશ :**

આજના વિજ્ઞાનયુગમાં હવે દરેકને જીવનમાં સુખ-સગવડતા અને સમૃદ્ધિની તાતી જરૂરિયાત છે. પણ તેઓને તેમાંથી શાંતિ મળવાંની નથી તે વાત તેઓના ધ્યાનમાં નથી. માટે લગભગ રોજ પાર્ટીઓમાં હાજરી આપવી, ડિસ્કોથેકમાં ડાન્સ કરવા જવું, બોયફ્રેન્ડ, ગર્લ ફ્રેન્ડ સાથે લાઉડ મ્યુઝિક સાતે નાચવું, શરાબ પીવો, ધૂમ્રપાન કરવું જેવું આજકાલ 'ઈન થીંગ' ગણાય છે. જે કોઈપણ કારણસર આમાંથી અલિપ્ત રહે તેને બોચીયા-'ભગત' કે 'દેશી' ગણીને હસી કાઢવામાં આવે છે.

ઘણીવાર મોટા શહેરોના મા-બાપ ઉપર મુજબની સોશ્યલાઈઝિંગ કરતા હોય છે ત્યારે તેમના સંતાનોને સ્વતંત્ર રીતે રખડતા મૂક્તા હોય છે અને બાળકોની અંદરની ઘૂટનનો-માનસિક પરિસ્થિતિનો વિચાર કરતા નથી. ત્યારે બાળકો પ્રેમ અને હૂંફના અભાવે સમૃદ્ધિના દુષણો તરફ દોરાઈ જતા હોય છે.

**(8) માતા-પિતાનું ચારિત્ર્ય :**

સામાન્યતઃ અપરમાતા/પિતા દ્વારા સાવકા સંતાનોનું ધ્યાન કાળજી રાખવાના અભાવે (તેમના પોત પોતાના સંતાનની કાળજી રાખતા હોય અને સાવકા સંતાનની પ્રત્યે ઉણપ રાખતા હોય) આવા બાળકોને કૌટુંબિક પ્રેમ કે લાગણી-વાત્સલ્ય મળતું નથી અને તેના અભાવે તેઓ અન્ય રસ્તાઓ

અપનાવી આનંદ મેળવવા કે લાગણીપ્રેમ મેળવવા માટે થઈને ઊંધા રવાડે ચડી અપરાધી બની જવાના કિસ્સાઓ સામાન્યતઃ રીતે જોવામાં આવતાં હોય છે.

તાજેતરમાં સાવકા ભાઈઓને અનહદ પ્રેમ લાગણી હતી. પુત્રને સગી માતા કરતા સાવકા પિતા તરફ લાગણી-પ્રેમ અનહદ હતો. જ્યારે તેની સગી માતાનું ચારિત્ર્ય ખરાબ હોય, બીજા લગ્ન કર્યા પછી પણ એક વ્યક્તિ સાથે ગેરકાનૂની જાતીય સંબંધ ચાલુ હોય, બાળકે પિતાને રજૂઆત કરી હતી કે માતાની સ્કૂલના કલાર્ક આપણી ઘરે ન આવે. તેમ છતાં એકવાર શાળામાંથી વહેલી રજા મળતાં બાળકો ઘર બંધ હોય, લૅચ-કીથી દરવાજો ખોલીને જોયું તો 'તે' સ્કૂલ કલાર્ક અને સગી માતા કઢંગી હાલતમાં બેડરૂમમાં હતા. અને તે કોઈ સ્વસ્થ થાય તે પહેલા બાળક રસોડામાંથી શાક સમારવાનું ચાકુ લઈને આવ્યો અને 'પેલા કલાર્ક'ની ઉપર 15 વર્ષના બાળકે બે-ત્રણ ઘા (પ્રહાર) કર્યા અને તે કલાર્ક લોહીલુહાણ હાલતમાં ભાગ્યો.

અહીં બાળકનું આવું વર્તન / અપરાધ માટે સગી માતાનો અનૈતિક સંબંધ જવાબદાર છે. આમ આવા બનાવો પણ બનતા હોય છે કે સાવકાપણું નહિ ચારિત્ર્ય અને સંબંધ કેવા છે તે અગત્યનું પરિબળ છે.

**(9) જાતીય - વાસના સંતોષવા ખાતર અને પોતાનું ધાર્યું કરાવવા થતાં અપરાધ :**

(અ) અલ્લાહબાદમાં 15 વર્ષના એક બાળકનું, તેના પાડોશીની ખોવાઈ ગયેલ 3 વર્ષની બાળકી ઘરે મૂકવા લઈ જવા માટે સોંપવામાં આવી હતી અને તેને બળાત્કાર કરી રસ્તામાં ખૂન કર્યું.

અહીંયા બળાત્કારથી બચવા તેને બાળકીનું ખૂન કર્યું. આમ જોવા જઈએ તો ખૂન કરવાનો ઈરાદો એ ખૂન કરવા માટે નથી. જો કે આવું કરવાનું તેને ટી.વી. ફિલ્મ કે ગમે ત્યાંથી જોયું કે વાંચ્યુ હશે અને તેની નકલ કરીને આવો અપરાધ કરેલ છે.

(બ) ગાંધીનગરમાં 15 વર્ષના એક બાળકે 7 વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. આ માટે કયા પ્રેરક બળો હોઈ શકે તે વિચાર કરવાની બાબત છે. કદાચ જાતીય વિકૃતિ કે ફિલ્મો કે ખાનગી ચેનલ કે બીભત્સ સાહિત્યની અસર વગેરેમાંથી એક પરિબળ ચોક્કસ જવાબદાર ગણાવી શકાય.

(ક) નડીયાદના 7 વર્ષની બાળાને 15 વર્ષના બાળકો ફોસલાવી સાયકલ ઉપર બેસાડી લઈ જતો હતો ત્યારે બળાત્કાર કરવાની કોશિષ કરવાના ગુના સબબ તેણીના પિતાએ ફરીયાદ કરેલ તેના અનુસંધાને ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

(ડ) મલાડ પૂર્વ-મુંબઈમાં 14 વર્ષની બાળકીના મોહમાં અંધ બનેલ 11 વર્ષનો કિશોર અવાર નવાર હેરાન કરતો હતો. પણ બાળા દાદ આપતી ન હતી. એક રાત્રે 9.30 કલાકે બાળા ઘરમાં એકલી હતી ત્યારે એકલતાનો લાભ લઈને કેરોસીનનો ડબ્બો તેની ઉપર ઠાલવી દિવાસળી ચાંપી જીવતી સળગાવી દીધી હતી.

(ઈ) અમદાવાદના નવા વાડજ વિસ્તારમાં એક 15 વર્ષના બાળકે તેની પડોશમાં રહેતી 7 વર્ષની બાળાને રમાડવાના બહાને એક પડી ગયેલા કાચા ઘરમાં લઈ ગયો હતો અને તેણી ઉપર બળાત્કાર ગુજાર્યો હતો.

(10) ગરીબી

અલ્પવિકસિત રાષ્ટ્રના લક્ષણનું મહત્ત્વનું લક્ષણ એ ગરીબી છે અને ગરીબીના પરિણામે બીજા વિવિધ પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

અપરાધ થવાનાં અપરાધી બનવા માટેના ઉપરોક્ત કારણોવાળી પરિસ્થિતિમાંથી કોઈપણ કારણ કે કારણો હોય અને તેમાં ગરીબીની પરિસ્થિતિ ઉમેરાતા અપરાધીપણા તરફનાં પ્રયાસની ગતિમાં વધારો થવાની શક્યતા રહેલી છે.

બાળકની અને કુટુંબના અન્ય સભ્યોની પ્રાથમિક જરૂરિયાતની લઘુત્તમ જરૂરિયાત પણ જે

કુટુંબમાં સંતોષાતી ન હોય ત્યારે આવી જરૂરિયાત પૂરી કરવા વ્યક્તિ સ્વૈચ્છાએ, અનિચ્છા હોય તો પણ અપરાધ કરતો હોય છે.

ગરીબી જ માત્ર અપરાધ માટે જવાબદાર પરિબળ નથી તે બાબત ખાસ અગત્યની છે. કારણ કે આજે પણ દેશમાં લગભગ 40% કુટુંબો ગરીબી રેખા નીચે જીવી રહ્યાં છે. જ્યારે અપરાધીઓના આંકડામાં તમામ અપરાધીઓ ગરીબ જ હોય છે તેવું જોવા મળતું નથી. નહીંતર દેશની કુલ વસ્તીના 40% લોકો સંભવિત ગુનેગાર ગણાવા જોઈએ એવું તારણ નીકળી શકે.

ખરેખર કુટુંબના સંસ્કાર કેવા છે તેના આધારે વ્યક્તિ અપરાધી-વૃત્તિ ધરાવતી અને અપરાધ કરવા તૈયાર થતી હોય છે.

હાલમાં જે અપરાધ બને છે તેમાં ગરીબી કરતાં,

- બદલો લેવાની ભાવના
- ઝડપથી પૈસાવાળા થવા માટે
- વેપારમાં ગેરરીતિ
- ટેક્ષ-લેવી-ડ્યુટી ભરવામાં ચોરી
- દાણચોરી, નશાયુક્ત વસ્તુનું વેચાણ
- ગુંડાગીરી, શસ્ત્રોની હેરાફેરી

જેવી પ્રવૃત્તિ ગરીબ વ્યક્તિ કરતા સાધન સંપન્ન વ્યક્તિઓની સંખ્યા વધુ જોવા મળે છે.

**1. બાળ અપરાધ અને કુટુંબની આર્થિક પરિસ્થિતિ :**

પાછળની સારણીનો અભ્યાસ કરતાં એવું ફલિત થાય છે કે ગુજરાત રાજ્યમાં આવક પ્રમાણે કુટુંબના અલગ અલગ ચાર પ્રકાર પાડવામાં આવેલ છે. તે મુજબ જેમ જેમ આવકનું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ સામાન્ય રીતે બાળઅપરાધીઓનું પ્રમાણ ઘટતું જાય છે. જ્યારે 1997ની સાલમાં આ બાબત કરતા પરિસ્થિતિ થોડી અલગ જોવા મળે છે.

**સારણી નંબર 2.1**

**બાળ અપરાધ અને કુટુંબની આર્થિક પરિસ્થિતિ દર્શાવતી સારણી**

| માસિક આવક | 1995 | | | | 1996 | | | | 1997 | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગુજરાત રાજ્ય | | સમગ્ર રાષ્ટ્ર | | ગુજરાત રાજ્ય | | સમગ્ર રાષ્ટ્ર | | ગુજરાત રાજ્ય | | સમગ્ર રાષ્ટ્ર | |
| | સંખ્યા | % | સંખ્યા | % | સંખ્યા | % | સંખ્યા | % | સંખ્યા | % | સંખ્યા | % |
| રૂ. 0 થી 500 સુધી | 872 | 43.7 | 9950 | 52.9 | 772 | 39.4 | 9306 | 48.7 | 105 | 30.3 | 8061 | 45.3 |
| 501-1000 | 644 | 32.3 | 5484 | 29.1 | 649 | 33.1 | 6292 | 32.9 | 110 | 31.4 | 5686 | 31.9 |
| 1001-200 | 276 | 13.8 | 2134 | 11.36 | 362 | 18.4 | 2132 | 11.16 | 35 | 10.0 | 2739 | 15.3 |
| 2001-3000 | 135 | 6.77 | 767 | 4.08 | 126 | 6.43 | 1118 | 5.85 | 55 | 15.7 | 991 | 5.57 |
| 3001-વધુ | 67 | 3.36 | 458 | 2.43 | 49 | 2.50 | 250 | 1.31 | 45 | 12.86 | 319 | 1.79 |
| **કુલ** | **1994** | **100** | **18793** | **100** | **1958** | **100** | **19098** | **100** | **350** | **100** | **17796** | **100** |

સમગ્ર રાષ્ટ્રમાં પણ જે કુટુંબની પણ આવક વધુ હોય છે તેમાંથી બાળઅપરાધીઓની સંખ્યા ઘટવા લાગે છે. અને લગભગ 50% બાળઅપરાધીઓ એના કુટુંબમાંથી આવતાં જણાય છે કે જેમના કુટુંબની માસિક આવક રૂ. 500 કે તેથી ઓછી હતી. જ્યારે 1997ના વર્ષ દરમ્યાન વધુ આવકવાળા કુટુંબમાંથી આવતાં બાળઅપરાધીઓની ટકાવારી અનુક્રમે 400% અને 500%નો વધારો થયેલ છે. જે હવે એવું નિર્દેશ કરે છે કે માત્ર ગરીબી જ અપરાધ કરવાનું પ્રેરક બળ નથી પણ તે સિવાય મોજશોખ કે અન્ય સુખ સગવડની જરૂરિયાતો કે અન્ય કારણોને લીધે પણ બાળઅપરાધ થતાં હોય છે.

**(11) ગેંગના હાથા બનવું :**

મુંબઈ અને બીજા મોટા શહેરો યુવાનો અને બાળકો માટે સ્વપ્નનગરી છે. સમગ્ર ભારતમાંથી

કામકાજ નોકરી ધંધાની શોધમાં મોટા શહેરોમાં આવવા લાગે છે અને પછી શહેરોમાં કામ મળે તે પહેલા જ નરરાક્ષસોના હાથમાં સપડાય છે અને પછી ભીખ માંગવાના કે અન્ય ગોરખધંધામાં જોડાઈ જતાં જોવા મળે છે.

ઘણીવાર આવા પકડાયેલાં ફસાયેલાં બાળકોને બીજી ગેંગની ડીમાન્ડ મુજબ સપ્લાય કરવામાં આવતાં હોય છે અને આવા 'રેકેટ્સ' (ષડ્યંત્રો) મોટા શહેરોમાં ચાલતાં હોય છે. ગેંગલીડરના એજન્ટ અવનવા નુસખા અજમાવી નાની વયના બાળકોને ફસાવતાં હોય છે. જ્યારે બહારગામથી જે, કામની શોધમાં આવેલ હોય છે પણ તેની પાસે નાણાં કે સંપર્ક કાંઈ ન હોવાથી સરળતાથી રેકેટ્સનો ભોગ બની જાય છે.

ધીમે ધીમે ભીખ માંગવાથી શરૂ થયેલ ચક્ર ખીસ્સાકાતરવા, નશીલી દવાની હેરાફેરી, દારૂની હેરાફેરી તેમજ સ્ત્રીબાળક હોય તો વેશ્યાવૃત્તિ જેવી ગેરકાનૂની અને અસામાજિક પ્રવૃત્તિનો ભોગ બાળકો બને છે જે જગજાહેર બાબત છે.

તાજેતરમાં અમદાવાદમાં ગરીબ બાળકો પાસે તથા પરપ્રાંતમાંથી નાસી આવતાં બાળકો દ્વારા અનાથ આશ્રમ અને ગૌશાળાના નામે ફાળો ઉઘરાવવાના બહાને ભીખ મંગાવવાનું એક કૌભાંડ ચાઈલ્ડ લાઈન દ્વારા પકડી પાડવામાં આવેલ છે.

**(12) વસવાટનું સ્થળ :**

કુટુંબનો વસવાટ કેવા સ્થળે છે તેની અસર તેના સભ્યો ઉપર થાય છે. જો કુટુંબના વસવાટની આજુબાજુમાં ઝુંપડપટ્ટી, ગંદાવસવાટ જેવાં વિસ્તાર હશે તો ત્યાં અપરાધપ્રવૃત્તિ તેમજ અપરાધીઓને આશ્રય આપતોં હોવાની શક્યતાઓ હોય છે. તેમજ આવા વિસ્તારમાં રહેવા લોકો પણ તેમની પ્રાથમિક અને મોજશોખની જરૂરિયાત સંતોષવા અપરાધ પ્રવૃત્તિ કરતાં હોય છે તેમજ સમગ્ર વાતાવરણમાં અશિસ્ત અને અશિષ્ટતાના બનાવો વધુ બનતાં હોય છે.

જો કે એવું માનવાને કોઈ કારણ નથી કે કહેવાતા ભદ્ર કે સુખી વિસ્તારમાં રહેતાં બાળકો અને પુખ્તવયના લોકો અપરાધી પ્રવૃત્તિઓમાં જોડાયેલ હોતાં નથી તેમજ ગંદા કે પદ્ધતિ વિસ્તારના જ લોકો અપરાધ પ્રવૃત્તિમાં જોડાયેલ છે.

**(13) બાળઅપરાધીઓને શિક્ષાત્મક સજાની મનાઈ :**

અગાઉના જુવેનાઈલ જસ્ટીસ એક્ટ, 1986 તેમજ જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન) એક્ટ 2000માં અપરાધી, બિનઅપરાધી અને અનિયંત્રિત બાળકોએ ગમે તેવો ભંયકર ગુનો કર્યો હોય તો પણ સજાને બદલે સુધારણા કરવા ઉપર ધ્યાને કેન્દ્રિત કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

તેથી કોઈપણ બાળકને સજા કરવામાં આવતી નથી તેવા આશયથી બાળકના મા-બાપ કે વાલી કે જેમના હાથ (એજન્ટ) બાળકો બન્યા છે. તેમના મુખ્યકર્તા બાળકોને આ પ્રવૃત્તિમાં જોડતા હોય તેવું બનવાની શક્યતાને સંદતર ઈન્કાર થઈ શકે તેમ પણ નથી.

આ બાબતને બીજી રીતે જોવા જઈએ તો રાષ્ટ્રીયકક્ષાએ તેમજ ગુજરાત રાજ્યમાં રીઢાં બાળઅપરાધીઓનું પ્રમાણ વધવા લાગેલ છે. જે નીચેની સારણીમાં રજૂ કરવામાં આવે છે.

**સારણી : 2.2**

**બાળઅપરાધીઓમાં રીઢાં બાળઅપરાધીઓનું પ્રમાણ**

| | 1995 | | | | 1996 | | | | 1997 | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગુજરાત રાજ્ય | | સમગ્ર રાષ્ટ્ર | | ગુજરાત રાજ્ય | | સમગ્ર રાષ્ટ્ર | | ગુજરાત રાજ્ય | | સમગ્ર રાષ્ટ્ર | |
| | સંખ્યા | % | સંખ્યા | % | સંખ્યા | % | સંખ્યા | % | સંખ્યા | % | સંખ્યા | % |
| પ્રથમવાર બાળઅપરાધ | 1699 | 85.21 | 17252 | 91.80 | 1654 | 84.47 | 16717 | 87.53 | 275 | 78.57 | 15991 | 89.96 |
| જૂના અપરાધી | 295 | 14.79 | 1541 | 8.20 | 304 | 15.53 | 2381 | 12.47 | 75 | 21.43 | 1805 | 10.14 |
| **કુલ** | **1994** | **100** | **18793** | **100** | **1958** | **100** | **19098** | **100** | **350** | **100** | **17796** | **100** |

ઉપરોક્ત આંકડાઓનો અભ્યાસ કરતા એવું ફલિત થાય છે કે, ગુજરાત રાજ્યમાં 1995, 1996 અને 1997માં કુલ બાળઅપરાધીઓમાંથી અનુક્રમે 85.21, 84.47 અને 78.57 બાળઅપરાધીઓ પ્રથમવાર અપરાધ સબબ અટકાયતમાં લેવામાં આવેલ હતાં.

જ્યારે બીજી રીતે મૂલ્યાંકન-પૃથ્થકરણ કરીએ તો 1995, 1996 અને 1997માં ઉત્તરોત્તર એક કરતા વધુવાર બાળઅપરાધ કર્યો હોય તેવા બાળકોની ટકાવારી વધુ માત્રામાં વધવા લાગી છે.

સમગ્ર રાષ્ટ્રમાં પણ 1995, 1996ની સાલની સરખામણીમાં 1997માં એક કરતા વધુવાર અપરાધ કર્યો હોય તેવા બાળઅપરાધીઓની ટકાવારી વધવા લાગી છે. જે સમાજને લાલબત્તી રૂપે ચેતવણી છે.

**(14) અન્ય કારણો :**

**1. સામાન્ય બાબતની તકરાર અને અપરાધ :**

ઘણીવાર છોકરાં-છોકરાંઓ વચ્ચે રમત રમતાં કે અન્ય કારણ સબબ આંતરિક ઝઘડા થાય છે.ત્યારે તેઓ તેનું વેર વાળવા અપરાધ કરતા હોય, આવો બનાવ અમદાવાદમાં પતંગ કાપવાની બાબતે ઝઘડામાં બન્યો. જેમાં એક બાળકે (15) બીજા બાળકને (15) ચાકુ હુલાવી દીધું હતું.

મુંબઈમાં વિદ્યાર્થીઓ વચ્ચે પજવવાની બાબતે ઝઘડો થતાં એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીને પેટમાં મુક્કો મારતા 14 વર્ષના એક વિદ્યાર્થીનું હોસ્પિટલમાં અવસાન થતાં, મુક્કો મારનાર 14 વર્ષના વ્યક્તિની ધરપકડ કરી બાળ સુધારગૃહમાં મોકલવામાં આવ્યો હતો.

**2. માતા-પિતાની સારી આર્થિક સ્થિતિ :**

શહેરોમાં મધ્યમ કે સુખી માતા-પિતા પોતાના સંતાનોને વાહન ચલાવવા આપે છે. જેના પરિણામે શાળાઓમાં વાહનો લઈને જવાની, છોકરીઓ પર છાકો પાડવાની ઘેલછાએ અને પરિપક્વતા ન હોવાથી રસ્તાઓ ઉપર અકસ્માત થતાં જોવા મળે છે. જેમાં રાહદારીઓને સહન કરવાનું આવે છે. એટલે કે માત્ર ગરીબી જ અપરાધ કરવા પ્રેરે છે તેવું નથી એ વાત ઉપરોક્ત બાબત દ્વારા સાબિત થાય છે.

**3. સ્વબચાવ તેમજ ઈજ્જત બચાવવા માટે થતાં અપરાધ :**

ઘણીવાર બાળકો-બાળાઓ પોતાના સ્વબચાવ કરવા બીજા ઉપર પ્રહાર કરતા જોવા મળે છે. ત્યારે અહીંયા અપરાધ કરવાની ભાવનાનો - ગુનાહિત માનસનો અભાવ જોવા મળે છે.

તાજેતરમાં 2-માર્ચ, 99ના રોજ દિલ્હીમાં 16 વર્ષની એક બાળાએ પોતાની ઈજ્જત બચાવવા પિતા સમાન ઉંમરની વ્યક્તિની બંદૂકના ભડાકે હત્યા કરી હતી.

**4. બદલો લેવાનો ભાવનાથી કુટુંબના સભ્યોને સાથ આપી અપરાધમાં જોડાવવું :**

અમદાવાદમાં વેજલપુર વિસ્તારમાં આવેલાં ગુપ્તાનગરમાં 12 વર્ષના એક બાળકે તેની માતા સાથે મળીને 1 વર્ષની બાળકીનું ખૂન કરવાના આરોપ સબબ પોલીસે અટકાયત કરી હતી. અહીંયા પણ બાળક પોતાની જાતે આવું કરવા તૈયાર થયો હોય તેમ માની શકાય તેમ નથી.

**5. ફિલ્મી હીરો સાથે લગ્ન કરવાની ઈચ્છાથી અપરાધ**

બે બાળાઓ સલમાન-ગોવિંદા (ફિલ્મી હિરો) સાથે લગ્ન કરવાની ઈચ્છાથી ઘર છોડીને ભાગી ગઈ. જેમની વય 7 અને 8 વર્ષની હતી. આ બાળાઓને ઘરમાંથી રૂ. 90/- લઈને ભાગી હતી.

**6. ભૂલથી સરહદ ઓળંગતા બનેલો અપરાધ**

બનાસકાંઠાની સરહદે પાકિસ્તાનથી 6 બાળકો ભૂલમાં સરહદ ઓળંગી ભારતની સરહદમાં આવી જતા તેમને પકડી પોસપોર્ટ એક્ટના ભંગ સબબ જુવેનાઈલ કોર્ટમાં રજૂ કરવામાં આવેલ હતા. અદાલતે આ ભૂલને બચાવ માન્ય રાખી પરત મોકલવા આદેશ કર્યો હતો.

**7. માતા પ્રત્યેના લગાવ**

મદ્રાસમાં 30 જુલાઈના રોજ ગયેલ સંદેશા મુજબ દસ વર્ષના એક છોકરાએ એક વર્ષના છોકરાને કુવામાં નાખી દીધો હતો. આવું કરવાનું કારણ એ હતું કે એક વર્ષના બાળકની માતાને આ અપરાધી બાળક સાથે તકરાર થઈ હતી.

**(15) અનેક કારણલક્ષી અભિગમ :**

વ્યક્તિમાં વારસાગત રીતે અમુક લક્ષણો હોય છે.પણ આવા લક્ષણોને લીધે વ્યક્તિ અપરાધ તરફ વળે છે તેવો વૈજ્ઞાનિક પુરાવો મળેલ નથી. આધુનિક અપરાધ વૈજ્ઞાનિકો પૈકી હેલી, બર્ટ, ગ્લુએક વગેરે એવા તારણ ઉપર આવેલ છે કે, વ્યક્તિમાં વારસાગત કે જન્મજાત અમુક શારીરિક કે માનસિક લાક્ષણિકતાઓ હોય છે. જે અમુક ચોક્કસ પરિસ્થિતિનું સર્જન થાય છે ત્યારે અપરાધ તરફ દોરાય છે.

ગ્લુએક દાવો કરે છે કે અપરાધ (ડેલીક્વન્સી) એ સામાજિક કારણોને લીધે, અપરાધનાં લક્ષણો વિકાસ પામતા હોય છે.

અપરાધના ખુલાસો આપવા માટે ઘણા બધા કારણો આપણને જાણવા મળે છે. જેમકે, શોષણ, શિક્ષણનો અભાવ, મનોરંજનની સગવડનો અભાવ, શરીર ગ્રંથિની ખામીભરી કામગીરી, જીવનશાસ્ત્રીય રીતે ઉતરતાપણું, પોલીસનો ભ્રષ્ટાચાર, ધાર્મિક તાલીમની અવગણના, લાગણીતંત્રની અસ્થિરતા, પાયાની ઈચ્છાઓના સંતોષમાં નિષ્ફળતા, ભગ્નઘરો, પ્રેમનો અભાવ, ગરીબી, દારૂ, નશાકારક પદાર્થોનું સેવન, મા-બાપના અંકુશનો અભાવ, સામંતશાહી માનસ, ઝડપી પૈસા બનાવી લેવાની વૃત્તિ, સંપત્તિ અને આવકની અસમાન વહેંચણી, નૈતિક અને સામાજિક અનુકૂલનમાં ખામી, જ્ઞાનતંત્રનો થાક, માનસિક અસ્થિરતા, હઠીલાપણું, વિકૃતિ, સુધારવાની અપાત્રતા અને વૈયક્તિક સ્વાતંત્ર્યનો ખ્યાલ, વગેરે અપરાધ કરવા માટેના જવાબદાર પરિબળો છે.

આમ જોવા જઈએ તો અગાઉ જણાવેલ ઉપર મુજબની અમુક પરિસ્થિતિઓ અન્ય પરિસ્થિતિઓના મુકાબલે અપરાધ માટે વધુ સાનુકૂળ હોય છે એટલે કે અપરાધની સમસ્યાના કારણો એ રહસ્યમય કોયડો છે અને કોઈ વિચારસરણી આ પ્રશ્નોનો જવાબ આપી શકે તેમ નથી. તેથી સર્વસાધારણ વિધાન કરવું અતિશય જોખમી છે.

હવે પછીના પ્રકરણમાં બાળઅપરાધની સમસ્યા અને ન્યાયિક માળખાની સવિગતે ચર્ચા કરવામાં આવેલ છે. જોકે એક બાબત સ્પષ્ટ છે કે કાયદા દ્વારા સમાજ સુધારણા થઈ શકે છે પણ તેનો આધાર માનવીઓ ઉપર જ રહેલ છે. એટલે કે કાયદો એ માત્ર સમાજ સુધારણાનું સાધન છે, સાધ્ય નથી.

**(11) અપરાધના પ્રકારો :**

- અપરાધ માટે કોઈ એક કારણ જવાબદાર નથી અનેક વિદ્વાનોએ અપરાધના કારણોનું વર્ગીકરણ આપ્યું છે. જેમાંના કેટલાંક વિદ્વાનોના વર્ગીકરણનો ઉલ્લેખ કર્યો છે.
- સધર લેનડે અપરાધની ગંભીર અને ધ્યાનમાં રાખીને અપરાધનું બે વિભાગોમાં વિભાજન કર્યું છે.

**(1) સાધારણ અપરાધ :**

જેમાં ચોરી, મારપીટ, મદ્યપાન જેવાં અપરાધોનો સમાવેશ થાય છે. આવા અપરાધ કરનારને ચેતવણી અને ધમકી આપીને જામીન પર છોડી શકાય છે પણ દંડ કરવામાં આવતો નથી.

**(2) ગંભીર અપરાધ :**

- જેમાં હત્યા, અપહરણ, બળાત્કાર, લૂંટફાટ, રાજદ્રોહ, આપઘાત જેવાં ગંભીર ગુનાનો સમાવેશ થાય છે. આવા અપરાધ કરનારને મૃત્યુ દંડ જન્મટીમ જેવી કઠોર શિક્ષા કરવામાં આવે છે.
- કિલનાર્ડ અને કવીને અપરાધના આઠ પ્રકારો બતાવ્યાં છે, જે નીચે પ્રમાણે દર્શાવી શકાયઃ-

**1. હિંસક વ્યક્તિગત અપરાધ :**

- જેમાં આક્રમણ બળાત્કારા, હત્યાનો સમાવેશ થાય છે. આવા ગુના માટે કઠોર દંડ કરવામાં આવે છે. અપહરણ, બળાત્કારા, છેડતી જાતિય સતામણી, દહેજ મૃત્યુ, સ્ત્રીઓ વિરુધ્ધ હિંસા આચરવી, હુલ્લડ, ઈરાદાપૂર્વક ગુનાહિત વર્તન કરવું વગેરેનો સમાવેશ થાય છે.

**2. સંપત્તિ સંબંધી અપરાધ :**

- જેમાં ખોટા દસ્તાવેજો પર સહી કરવી, ચેક પર ખોટી સહી કરવી, કલાત્મક વસ્તુઓની ચોરી કરવી વગેરેનો સમાવેશ થાય છે. આવા અપરાધ પાછળનો હેતુ ધન લાભનો છે. આવા ગુના માટે દંડ કરવામાં આવે છે.

**(3) વ્યાવસાયિક અપરાધ :**

- જેમાં ભેળસેળ કરવી, કાળા બજાર કરવા, ખોટી લોભામણી જાહેરાત આપવી. છેતરપીંડી વગેરેનો સમાવેશ થાય છે. આવા અપરાધો પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે છે.

**(4) પરંપરાગત અપરાધ :**

- આવા અપરાધોમાં ધાડ પાડવી, લૂંટફાટ અપહરણ અને ટોળી બનાવીને અપરાધ કરવા, ઘરફોડ ચોરી વગેરેનો સમાવેશ થાય છે. જીવન નિર્વાહના સાધનો સાથે આવા અપરાધો કરાય છે.

**(5) સંગઠિત અપરાધ :**

- આમાં અનેક વ્યક્તિઓ સંગઠિત થઈને આયોજનબધ્ધ રીતે અપરાધ કરે છે. વિવિધ દેશો વચ્ચે સોના-ચાંદી, અફીણ, ગાંજો, ચરસ, હેરોઈનનો વ્યાપાર કરવો જેવાં અપરાધોનો સમાવેશ થાય છે. આવા અપરાધો આંતરરાષ્ટ્રીય અપરાધી ટોળી દ્વારા થાય છે.

**(6) ધંધાદારી અપરાધ :**

- આવા અપરાધોમાં ખિસ્સા કાતરવા, ચોરી કરવી, નકલી નોટ છાપવી, બદમાશી કરવી વગેરેનો સમાવેશ થાય છે. આવા અપરાધો ધંધાદારી દૃષ્ટિએ કરવામાં આવે છે.

**(7) રાજકીય અપરાધ :**

- જેમાં જાસુસી, તોડફોડ, રાજદ્રોહ વગેરેનો સમાવેશ થાય છે. આવા અપરાધો પાછળનો હેતુ રાજકીય લાભ મેળવવાનો છે.

**(8) સાર્વજનિક વ્યવસ્થા સંબંધી અપરાધ :**

- જેમાં વેશ્યાવૃત્તિ, રખડેલપણું, ટ્રાફિકના નિયમો ન પાળવા, મદ્યપાન કરીને તોફાન કરવું સજાતીયતા જેવાં ગુનાઓનો સમાવેશ થાય છે. આવા અપરાધો સાર્વજનિક અવ્યવસ્થા પેદા કરે છે.

## (12) સારાંશ : (Let us sum up)

- બાળ અપરાધ એ બાળકનું અયોગ્ય વર્તન વ્યવહાર જોવા મળે તો તેને બાળ અપરાધ કહેવાય છે.
- બાળ અપરાધ માટે કુટુંબનું વાતાવરણ જવાબદાર ગણવામાં આવે છે. કુટુંબનું વાતાવણ સંઘર્ષમય હોય, કુટુંબમાં માતા-પિતા વચ્ચે સંઘર્ષમય વ્યવહાર અવારનવાર થયો હોય, માતા-પિતાનો બાળકને પ્રેમ ન મળતોં હોય, માતા-પિતા સાવકા હોયતો પણ બાળક પર અસર કરે છે.
- શાળાનું વાતાવરણ પર બાળકને અપરાધ કરવા પ્રેરણા આપે છે. શાળાનું વાતાવરણ અયોગ્ય હોય તો તેની અસર થયા વગર રહેતી નથી.
- બાળકના મિત્રોની પણ બાળક ઉપર અસર થાય છે મિત્રો તોફાનીવૃત્તિ ધરાવતાં હોયતો, બાળક પર તેની અસર થાય છે.
- બાળકની આર્થિક પરિસ્થિતિ સારી ન હોયતો અપરાધ કરવા પ્રેરાય છે.
- શાળા અપરાધ દૂર કરવા મહત્ત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે, શિક્ષક સક્રિય હોયતો તેની અસર થયા વગર રહેતી નથી.

## (13) એકમ સ્વાધ્યાય : (Unit exercises)

1. બાળ અપરાધનો અર્થ જણાવો.
2. બાળ અપરાધની વ્યાખ્યા જણાવો.
3. બાળ અપરાધનું સ્વરૂપ જણાવો.
4. બાળ અપરાધના લક્ષણો જણાવો.
5. બાળ અપરાધના કારણો જણાવો.
6. બાળ અપરાધને અસર કરતાં પરિબળો જણાવો.
7. બાળ અપરાધને અટકાવવાનાં ઉપાયો જણાવો.
8. બાળ અપરાધો માટે કાર્યરત સંસ્થાઓ જણાવો.
9. બાળ અપરાધ નિવારવા કાર્યક્રમ જણાવો.
10. બાળ અપરાધના પ્રકારો જણાવો.

## (14) તમારી પ્રગતિ ચકાસો

1. બાળ અપરાધનો અર્થ જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. બાળ અપરાધની વ્યાખ્યા જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

3. બાળ અપરાધના ત્રણ લક્ષણ જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

4. બાળ અપરાધના ત્રણ કારણો જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

5. બાળ અપરાધને અસર કરતાં પરિબળો જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

6. બાળ અપરાધ નિવારવાં ત્રણ કાર્યક્રમ જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

7. બાળ અપરાધ બે પ્રકાર જણાવો.

.................................................................
.................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## (15) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answe to Check your progress)

**1. બાળ અપરાધનો અર્થ -**

- બાળકનું વર્તન જે તે રાજ્યના કાયદા પ્રમાણે ગુનાહિત ગણાતો હોય તેવા વર્તનને બાળ અપરાધ તરીકે ગણવામાં આવે છે.

**2. બાળ અપરાધની વ્યાખ્યા :**

- ''બાળ અપરાધ એટલે જે તે સ્થળના કાયદા દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ વય નીચેના બાળક કે તરુણ દ્વારા કરવામાં આવતુ અઘટિત કાર્ય''

**3. બાળ અપરાધના લક્ષણો -**

1. અનૈતિક વ્યવહાર કરવો.
2. ધુમ્રપાનનું સેવન કરવું.
3. ખરાબ માણસની સોબત

**4. બાળ અપરાધના ત્રણ કારણો**

1. વ્યક્તિનું કુટુંબનું વાતાવરણ
2. ઓરમાન માતા-પિતા
3. સહાનુભૂતિનો અભાવ

**5. બાળ અપરાધના અસર કરતાં પરિબળો (ત્રણ)**

1. કુટુંબનું વાતાવરણ
2. શાળાનું વાતાવરણ
3. મિત્ર વર્તુળ

**6. બાળ અપરાધ નિવારવાના ત્રણ કાર્યક્રમો :**

1. વ્યક્તિ વિકાસની પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
2. બાળ અપરાધ થાય તેવા પરિબળોનું નિયંત્રણ કરવું.
3. બાળ અપરાધ નિવારવા સેવા કેન્દ્રનું આયોજન કરવું.

**7. બાળ અપરાધના બે પ્રકારો :**

1.સાધારણ અપરાધ

2. ગંભીર અપરાધ

## (16) સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)


(1) રાવલ કૌશિક સી. : બાળ અપરાધ અને ભારતીય ન્યાય પધ્ધતિ, રાવલ પબ્લિકેશન, અમદાવાદ

(2) દવે હર્ષિદા એચ : સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

એકમ 12

# બાળકોને લગતા કાયદાઓ
# (Laws Reading to Children)

## : રૂપરેખા :

1. પ્રસ્તાવના
   1. બાળક
   2. અનૌરસ બાળક
   3. બાળકનો કબજો
2. બાળકની ગુનાહિત જવાબદારી
3. ભારતનું બંધારણ અને બાળકો
4. બાળકોના માનવ અધિકારો
5. બાળકોના અધિકાર અંગે સંયુક્ત રાષ્ટ્રસંઘનું કરારનામું
6. રાષ્ટ્રીય બાળનીતિ
7. બાળકો અને કાનૂની કાર્યવાહીઓ
8. બાળ મજૂરી અધિનિયમ
9. સારાંશ
10. એકમ સ્વાધ્યાય
11. તમારી પ્રગતિ ચકાસો
12. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
13. સૂચિત વાંચન સામગ્રી

- **ઉદ્દેશો : (Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યો પછી તમે ..........

1. બાળકની ગુનાહિત જવાબદારી સમજી શકશો.
2. ભારતનું બંધારણ અને બાળકો ને સમજી શકશો.
3. બાળકોના માનવ અધિકારો સમજી શકશો.
4. બાળકોના અધિકાર અંગે સંયુક્ત રાષ્ટ્રસંઘનું કરારનામું સમજી શકશો.
5. રાષ્ટ્રીય બાળનીતિ સમજી શકશો.
6. બાળકો અને કાનૂની કાર્યવાહીઓ સમજી શકશો.
7. બાળમજૂરી અધિનિયમ સમજી શકશો.

### (1) પ્રસ્તાવના :

વિવિધ સામાજિક સમસ્યાઓમાં બાળ અપરાધ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. બાળકોના વર્તનની અને ધોરણ ભંગની સમસ્યા છે. શહેરીકરણ, ઔદ્યોગિકરણ જેવાં પરિબળોએ આ સમસ્યાને વધારે ગંભીર બનાવે છે.ગ્રામીણ વિસ્તારના લોકો રોજીરોટી અર્થે શહેરોમાં સ્થળાંતર કરે છે, ત્યાં વિવિધ લોકોના સંપર્કમાં આવે છે. ગંદા વિસ્તારોમાં વસવાટ કરે છે તેને લીધે અપરાધ બને છે. જે આજના યુગની વિકટ સમસ્યા છે.

ચંચળતા એ બાળકોનો ગુણ છે પરંતુ જ્યારે આ ગુણ સમાજ વિરોધી રૂપધારણ કરે છે ત્યારે તે અવગુણ બની જાય છે. જેને બાળ અપરાધના નામે ઓળખવામાં આવે છે.

જે બાળકો ઉપર સમાજનું દેશનું રાષ્ટ્રનું અને સંસારનું ભાવિ નિર્ભર હોય તેઓ જો પદભ્રષ્ટ બની જાયતો સમાજનું કલ્યાણ કેવી રીતે થાય ? આ બાબત નવી પેઢીના વ્યવહાર અને આચાર પર આધારિત છે.

બાળ અપરાધને રોકવા માટે કેટલાંક કાયદાઓ અમલમાં મૂકવામાં આવેલ છે. શાળા દ્વારા પણ સુધારવા માટે કાર્ય કરી શકે. શિક્ષણની ભૂમિકા મહત્ત્વની બની જાય છે.

**(2) બાળક (Child)**

બાળક શબ્દ સાંભળતાં જ પારણાંમાં ઝૂલતું કે શાળામાં જતું બાળક નજર સમક્ષ તરવરે છે. પારણામાં ઝૂલતું બાળક પોતાનું કોઈપણ કામ જાતે કરી શકતું નથી. દરેક બાબતો માટે તે તેના માતાપિતા કે તેની સંભાળ લેનાર પર આધારિત છે. આમ બાળક એટલે એવી વ્યક્તિ કે જે પોતાનાં કેટલાંક કૃત્યો કરવા અસમર્થ છે. શાળાએ જતું બાળક ઘરમાં તેમના સમાજમાં કેટલાંક વિશિષ્ટ અધિકારો ધરાવે છે. સરકાર પણ શાળામાં જતાં બાળકો માટે કેટલીક વિશિષ્ટ લાભદાયક યોજનાઓ કે જોગવાઈઓ કરતી રહે છે. બાળક તેના માતાપિતા કે કુટુંબ દ્વારા ઓળખાય છે, અને તે પ્રમાણે તેને સમાજમાં દરજ્જો (Status) મળે છે.

આમ બાળક શબ્દ સાથે ત્રણ વસ્તુઓ જોડાયેલી છે.

1. **અસમર્થતા (Incapacity) :** બાળક તેની શારીરિક સ્થિતિને કારણે તેમજ કાયદાથી વિશિષ્ટ જોગવાઈઓને કારણે કેટલાંક કાર્યો કરી શક્તો નથી.
2. **વિશિષ્ટ લાભો (Special Benefits) :** બાળક તેની વિશિષ્ટ સ્થિતિને કારણે કાયદાના કેટલાંક વિશિષ્ટ લાભો મેળવાવાને પાત્ર બને છે.
3. **સંબંધ (Relationship) :** બાળક તેના માતાપિતા કે કુટુંબના નામથી સમાજમાં ઓળખાય છે.

ભારતીય પુખ્તતાના કાયદા અન્વયે, 18 વર્ષથી નીચેની વયનું બાળક સગીર ગણાય છે. વળી, જેના શરીર કે જેની મિલકત કે જેના શરીર અને મિલકત બંને માટે વાલીની નિયુક્તિ કરવામાં આવેલ હોય, તે 21 વર્ષની વય સુધી સગીર (Minor) ગણાય છે.

**(3) અનૌરસ બાળક (IIegitimate Child)**

બાળકની ઔરસતાનો ખ્યાલ લગ્ન ખ્યાલમાંથી પરિણમેલો છે. જે સમાજમાં લગ્નને એક સામાજિક બંધન માનવામાં આવે છે ત્યાં કાયદેસરના લગ્નને પરિણામે થયેલ બાળક ઔરસ (Illegitimate) ગણાય છે. કાયદેસરના લગ્ન સંબંધ વગર થયેલ બાળક અનૌરસ (Illegitimate) ગણાય છે. મોટા ભાગની કાનૂની પ્રથાઓએ આ નિયમ સ્વીકારેલ છે.

હિન્દુ અને ખ્રિસ્તી માન્યતા પ્રમાણે લગ્ન એ એક સંસ્કાર (Sacrament) છે. તેથી લગ્ન સંસ્કાર વિના બાળક ઉત્પન્ન કરવું એ પાપ છે. પવિત્ર લગ્ન સંસ્કાર પછી જ ઉત્પન્ન થયેલું બાળક નૈતિક અને ઔરસ છે. પવિત્ર લગ્ન સંસ્કાર વિના જન્મેલું બાળક અનૈતિકતા, પાપ છે. તેથી અનૌરસ છે.

રોમન લૉ, ઈંગ્લીશ કોમન લૉ અને મુસ્લિમ લૉ તો એ માન્યતા ધરાવે છે કે, અનૌરસ બાળક એ Fillius Nullis - (No body's Child) એટલે કે કોઈનું જ બાળક નથી. નથી તેને પિતા કે નથી માતા.

હિન્દુ કાયદા અન્વયે અનૌરસ બાળક Fillius Nullis ગણાતું નથી. કેટલીક બાબતોમાં અનૌરસ બાળકને કુટુંબનો સભ્ય ગણવામાં આવે છે. હિન્દુ કાયદાના સંહિતાકરણ પહેલા અનૌરસ બાળકના અલગ અલગ પ્રકારો હતાં. અને તે મુજબના તેમના દરજ્જા તથા અધિકારો પણ અલગ

અલગ હતા. હિન્દુ કાયદાના સંહિતાકરણ (Codification) પછી અનૌરસ બાળકના કોઈ પ્રકારો રહ્યાં નથી.

હિન્દુ કાયદા અન્વયે વિધિસરના લગ્નસંબંધ વિના જન્મેલું બાળક અનૌરસ ગણાય છે. હિન્દુ લગ્નધારો, 1955 અન્વયે, તે કાયદાની કલમ 11 હેઠળના વ્યર્થ લગ્નોના કિસ્સામાં જન્મેલાં બાળકો જ ઔરસ છે. એ સિવાયના વ્યર્થ લગ્નો જેવાં કે યોગ્ય વિધિ (Ceremony) વિનાના લગ્નનાં બાળકો અનૌરસ જ છે. હિન્દુ વારસાધારાની કલમ-8 અન્વયે પિતાની મિલકતોનો વારસદાર ફક્ત ઔરસ બાળક જ ગણાય છે. વળી પિતાના સમાંશિત કુટુંબનો અનૌરસ બાળક સમાંશિત બની શકતો નથી. હિન્દુ દત્તકવિધાન અને ભરણપોષણના કાયદા અન્વયે દરેક અનૌરસ બાળક તેની સગીરાવસ્થા દરમિયાન તેના પિતા તેમજ માતા પાસેથી ભરણપોષણ મેળવવા હકદાર છે. હિન્દુ સગીરત્વ અને વાલીપણાના કાયદા નીચે, અનૌરસ હિન્દુ બાળકના પ્રથમ કુદરતી વાલી તેની માતા છે અને ત્યાર બાદ પિતા.

મુસ્લિમ કાયદા પ્રમાણે જ્યારે કોઈ બાળક એક પુરુષ અને તેની પત્નીનું લગ્ન પછીનું બાળક હોય અથવા પુરુષ એ તેની સ્ત્રી ગુલામનું બાળક હોય તો તે ઔરસ છે. બાકીનાં બાળકો ઔરસ ગણાય નહીં. આમ પ્રિવી કાઉન્સિલે હબીબુર રહેમાન ચૌધરી વિ. અલ્તાફ અલીના કેસ[33] માં ઠરાવેલું.

મુસ્લિમ કાયદા અન્વયે અનૌરસ બાળક Fillus Nullis છે. મુસ્લિમ કાયદા અન્વયે અનૌરસ બાળકનો કબજો ધરાવનારનો અધિકાર તેની માતાને છે. મુસ્લિમ કાયદો અનૌરસ બાળકોના ભરણપોષણની કોઈ ફરજ પિતા ઉપર લાદતો નથી. છતાં કોઈ અનૌરસ બાળકના ભરણપોષણ અંગેની સમજૂતી કરી શકાય છે. હનફી કાયદા મુજબ અનૌરસ બાળક ફક્ત માતા પાસેથી ભરણપોષણ મેળવવા અધિકારી છે. જ્યારે ઈથના અશરી શાખામાં તેઓ માતા કે પિતા કોઈપણ પાસેથી ભરણપોષણ મેળવવા અધિકારી નથી.

અનૌરસ બાળક સુન્ની કાયદા મુજબ માતૃજ સંતાન (Matris Fillius) છે તેતી ઔરસ સંતાન ન હોય, તો જ તેની માતા અને તેણીના સગાંઓ તરફથી વારસો મેળવી શકે છે. તેમજ તેઓ પણ એ અનૌરસ સંતાન તરફથી વારસો પ્રાપ્ત કરી શકે છે. પરંતુ તે અનૌરસ બાળકના પિતા તરીકે ઓળખાતા વ્યક્તિ અથવા તેના સગાંઓ તરફથી તે અનૌરસ બાળક વારસાહક મેળવી શકતો નથી.

શિયા કાયદા મુજબ અનૌરસ બાળક Fillius Nullis છે. તેથી તેની માતા અથવા તેણીના સગાંઓ તરફથી પણ તે ઉત્તરાધિકારી બની શકતો નથી.

મુસ્લિમ કાયદામાં બાળકની ઔરસતા સ્થાપિત કરવાની એક ખાસ પદ્ધતિ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. જેમાં કોઈ વ્યક્તિ સ્પષ્ટ રીતે બીજાને (બાળકને) પોતાના કાયદેસરના બાળક તરીકે સ્વીકારે કે સ્વીકારવા બરાબરનું વર્તન કરે તો તે બાળક તે સ્વીકારનાર વ્યક્તિનું ઔરસ બાળક ગણાય છે.

રોમન લૉમાં બાળકને પાછળથી સ્વીકૃતિ આપી ઔરસતા બક્ષી શકાતી. આ જ પ્રમાણે બીજા કેટલાંક દેશો જેવાંકે દક્ષિણ અમેરિકા, યુરોપ અને અમેરિકાના કેટલાંક રાજ્યોમાં બાળકને પાછળથી સ્વીકૃતિ આપી ઔરસતા બક્ષી શકાય છે. સ્પેન અને ઈટાલીમાં તાજની માન્યતા (Royal Rescript) બાદ ઔરસતા પ્રાપ્ત થાય છે.

આધુનિક યુગમાં દુનિયાના મોટા ભાગના દેશોમાં અનૌરસ બાળક Fillius Nullis મનાતું નથી. તેની માતા તે બાળકની વાલી ગણાય છે અને માતાના મૃત્યુ બાદ મોટા ભાગના દેશોમાં કહેવાતા પિતા તે અનૌરસ બાળકના વાલી ગણાય છે.

**(4) બાળકનો કબજો (Custody Of Children)**

લગ્ન વ્યર્થ જાહેર થયાં હોય કે લગ્નવિચ્છેદ થાય ત્યારે બાળકોના કબજાનો પ્રશ્ન ઉદ્ભવે છે. સામાન્ય રીતે બાળકોનું કલ્યાણ ધ્યાનમાં લઈને બાળકોનો કબજો માતાને કે પિતાને સોંપવામાં આવે છે.

હિન્દુ લગ્નધારો, 1955ની કલમ 26માં બાળકના કબજા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. જે મુજબ હિન્દુ લગ્ન ધારા હેઠળની કોઈપણ કાર્યવાહીમાં અદાલત શક્ય હોય ત્યારે સગીર બાળકોની ઈચ્છાઓને ધ્યાનમાં રાખીને તેમના કબજા, ભરણપોષણ અને શિક્ષણ સંબંધમાં વખતોવખત અદાલતને ન્યાયી અને યોગ્ય લાગે તેવા વચગાળાના હુકમો કરી શકે છે અને હુકમનામામાં આવી જોગવાઈઓ કરી શકે છે અને હુકમનામું થયા બાદ પણ, તે અરજી પરથી વખતોવખત ફરીથી બાળકોનો કબજા, ભરણપોષણ અને શિક્ષણ અંગે અદાલતને યોગ્ય અને ન્યાયી લાગે તેવા હુકમો કરી શકે છે અથવા આગળ કરેલ હુકમો કે જોગવાઈઓ વખતોવખત રદ્દ, મોકૂફ કે તેમાં ફેરફાર કરી શકે છે.

હિન્દુ સગીરત્વ અને વાલીપણાનો કાયદો, 1956ની કલમ 26માં બાળકના કબજા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. જે મુજબ હિન્દુ લગ્ન ધારા હેઠળની કોઈપણ કાર્યવાહીમાં અદાલત શક્ય હોય ત્યારે સગીર બાળકોની ઈચ્છાઓને ધ્યાનમાં રાખીને તેમના કબજા, ભરણપોષણ અને શિક્ષણ સંબંધમાં વખતોવખત અદાલતને ન્યાયી અને યોગ્ય લાગે તેવા વચગાળાના હુકમો કરી શકે છે અને હુકમનામામાં આવી જોગવાઈઓ કરી શકે છે અને હુકમનામું થયા બાદ પણ, તે અરજી પરથી, વખતોવખત ફરીથી બાળકોના કબજા, ભરણપોષણ અને શિક્ષણ અંગે અદાલતને યોગ્ય અને ન્યાયી લાગે તેવા હુકમો કરી શકે છે. અથવા આગળ કરેલ હુકમો કે જોગવાઈઓ વખતોવખત રદ્દ, મોકૂફ કે તેમાં ફેરફાર કરી શકે છે.

હિન્દુ સગીરત્વ અને વાલીપણાનો કાયદો, 1956ની કલમ 6 મુજબ હિન્દુ ઔરસ સગીર બાળકના કુદરતી વાલી તરીકે પિતા અને માતા છે. સુપ્રિમ કોર્ટના ચુકાદા બાદ હવે એવું અર્થઘટન થયું છે કે પ્રથમ પિતા અને પિતાની ગેરહાજરીમાં જ માતા એમ નહીં, પરંતુ બંને કુદરતી વાલી તરીકે સમાન હક ધરાવે છે. સગીર જ્યાં સુધી પાંચ વર્ષનો ન થાય ત્યાં સુધી બાળકનો કબજો માતાની પાસે રહે છે.પરંતુ બાળકના કલ્યાણ માટે યોગ્ય અને ન્યાયી હોય તો પાંચ વર્ષથી મોટી વયના બાળકનો કબજો પણ માતાને સોંપવામાં આવે છે. અદાલત દ્વારા સગીરનું કલ્યાણ ક્યાં છે તે પ્રથમ ધ્યાનમાં લેવામાં આવે છે. સગીરની ઈચ્છા, માતાપિતાની સ્થિતિ, સંજોગો, કુટુંબના, ઘરના અન્ય સભ્યો વગેરેને ધ્યાનમાં લેતાં બાળકનું કલ્યાણ જ્યાં વધુ હોય ત્યાં બાળકનો કબજો સોંપવામાં આવે છે. હિન્દુ સગીર પરિણીત છોકરીના વાલી તેનો પતિ ગણાય છે.

**મુસ્લિમ કાયદો :**

મુસ્લિમ કાયદા અન્વયે પિતા કુદરતી વાલી છે. જ્યાં સુધી સગીરના પિતા હયાત હોય અને અદાલતના અભિપ્રાય મુજબ વાલી તરીકે ગેરલાયક ન હોય ત્યાં સુધી અદાલત સગીરના વાલીની નિમણૂંક કરી શકે. પિતાએ બીજાં લગ્ન કર્યા હોય એટલા માત્રથી તે વાલી તરીકે રહેવા માટે ગેરલાયક બની જતાં નથી.

હનફી કાયદા મુજબ જ્યાં સુધી છોકરો સાત વર્ષની ઉંમર પૂરી ન કરે અથવા છોકરી જ્યાં સુધી પંદર વર્ષની ઉંમર પૂરી ન કરે ત્યાં સુધી તેઓના શરીરનો કબજો ધરાવવાનો તેમની માતાને અધિકાર છે.

શિયા કાયદા મુજબ છોકરો બે વર્ષની ઉંમરનો થાય ત્યાં સુધી અને છોકરી સાત વર્ષની ઉંમરની થાય ત્યાં સુધી માતા તેઓના કબજાની અધિકારી છે. માતાને છૂટાછેડા આપવામાં આવે અને બાળકનો કબજો ધરાવવાનો અધિકાર પિતાને મળે છે. બાળકનો કબજો માતા પાસે હોય તો તેનું ભરણપોષણ કરવા પિતા બંધાયેલ છે.

જ્યારે પતિ-પત્ની બંને વચ્ચે મતભેદ હોય અને બંને અલગ રહેતા હોય, ત્યારે બાળકોનો કબજો કોણે રાખવો તે અંગે વિવાદ હોય, ત્યારે બાળકની સંભાળ બેમાંથી કોણ સારી રીતે રાખશે તે વિચારણાનો મુખ્ય મુદ્દો બની રહે છે. માતા ગરીબ હોય એટલા કારણ માત્રથી બાળકનો કબજો ધરાવવાનો અધિકાર ગુમાવતી નથી.

દરેક મુસ્લિમ પતિ પોતાની પત્ની કે જેણે યુવાવસ્થા પ્રાપ્ત કરી હોય તેનો કબજો ધરાવવાનો

હકદાર છે. પરંતુ જો તેણીએ યુવાવસ્થા પ્રાપ્ત ન કરી હોય તો તેણીના માતા તેણીનો કબજો ધરાવવાનો અધિકાર ધરાવે છે.

અનૌરસ બાળકનો કબજો ધરાવવાનો અધિકાર બાળકની માતાનો અને તેણીના સંબંધીઓનો છે.

**પારસી કાયદો :**

પારસી લગ્ન અને છૂટાછેડાનો કાયદો, 1939ની કલમ 49માં બાળકના કબજા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. જે મુજબ પારસી લગ્ન અને છૂટાછેડાના કાયદા હેઠળની કોઈપણ કાર્યવાહીમાં અદાલત અઢાર વર્ષથી નીચેની વય ધરાવતાં બાળકોના કબજા અંગે, તેમના ભરણપોષણ અને શિક્ષણ માટે વખતોવખત અદાલતને ન્યાયી અને યોગ્ય લાગે તેના વચગાળાના હુકમો કે આખરી હુકમનામામાં જોગવાઈ કરી શકે છે. દાવામાં આખરી હુકમનામું થયા પછી પણ આ હેતુ માટે કરવામાં આવેલ અરજી ઉપરથી અદાલત આવા હુકમો કે જોગવાઈઓ રદ્દ કરી શકે છે કે મોકૂફ રાખી શકે છે કે તેમાં ફેરફાર કરી શકે છે.

બાળકના કબજાની સોંપણી વખતે, બાળકનું કલ્યાણ (Welfare of the Child) નો મુદ્દો જ મુખ્યત્વે ધ્યાનમાં લેવામાં આવે છે. શક્ય હોય તો બાળકની ઈચ્છા પણ જાણવામાં આવે છે. જો બાળકના કલ્યાણ અને બાળકના માનસિક વિકાસ માટે જરૂરી હોય, તો બાળકનો કબજો માતા કે પિતાને સોંપવાને બદલે ઘરથી દૂર બોર્ડિંગ શાળામાં બાળકને રાખવાનું વધુ મુનાસિફ ગણાય.

**ખ્રિસ્તી કાયદો :**

ભારતીય છૂટાછેડા અધિનિયમ, 1869ની કલમ 41 થી 44માં બાળકના કબજા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. ધ્યાનમાં લઈ બાળકોના કબજા, ભરણપોષણ અને શિક્ષણ સંબંધમાં હુકમ કરે છે. બાળકોનો કબજો કોને સોંપવો તે અંગે કોઈ ચુસ્ત નિયમ નથી. અદાલત બાળકના કલ્યાણના પ્રશ્નને મહત્ત્વનો ગણી તે મુજબ બાળકના કબજાની સોંપણી કરે છે.

કલમ 42 હેઠળ ન્યાયિક અલગતાના હુકમનામા બાદ, અદાલત બાળકના કબજા અંગે કરવામાં આવેલી અરજી ઉપરથી, વખતોવખત બાળકોના કબજા અંગે ભરણપોષણ અંગે, અને શિક્ષણના સંબંધમાં હુકમો કરી શકે છે અને બાળકોને અદાલતના રક્ષણ હેઠળ મૂકવાનો આદેશ પણ આપી શકે છે.

કલમ 43 હેઠળ, હાઈકોર્ટમાં દાખલ કરાયેલાં અથવા હાઈકોર્ટને મોકલવામાં આવેલ લગ્નવિચ્છેદ અથવા લગ્નવ્યર્થતાના હુકમનામાં માટેના દાવાની કાર્યવાહી ચાલુ હોય તે દરમિયાન અથવા આખરી હુકમનામું કરી આપતી વખતે, હાઈકોર્ટ દાવાના પક્ષકારોના સગીર બાળકોના કબજા, ભરણપોષણ અને શિક્ષણ સંબંધમાં અદાલતને યોગ્ય જણાય તેવા વચવાળાના હુકમો કરી શકે છે, અથવા કાયમી હુકમ કરી શકે છે. આવા હુકમો કરતી વખતે બાળકના કલ્યાણને સર્વોચ્ચ અગ્રીમતા આપવામાં આવે છે.

**(10) બાળકની ગુનાહિત જવાબદારી : (Criminal liability of a Child)**

ભારતીય ફોજદારી ધારાની જોગવાઈ મુજબ ગુનાહિત જવાબદારી ઉત્પન્ન થવા માટે કૃત્ય કે કાર્યલોપ અને ગુનાહિત માનસ (ગુનાહિત ઈરાદો) (Mens Rea) હોવું જરૂરી છે. એ આધારે ભારતીય ફોજદારી ધારાની કલમ 82 હેઠળ સાત વર્ષથી નીચેના વયના બાળકને ગુનાની જવાબદારીમાંથી સંપૂર્ણ મુક્તિ આપેલ છે, એટલે કે સાત વર્ષથી નીચેની વય ધરાવતું બાળક કોઈ કૃત્ય કરે તો તે ગુનો ગણાય નહીં, કારણ કે સાત વર્ષથી નીચેની વય ધરાવતાં બાળકમાં સાચું કે ખોટું, સારું કે ખોટું, સારું કે ખરાબ, વગેરે પ્રકારના ભેદભાવ પાડવા માટે પૂરતી પુખ્તતા હોતી નથી. તેનામાં પૂરતી સમજણ આવી હોતી નથી, તથા તેના કૃત્યનાં સંભવિત પરિણામોનો તેને અંદાજ હોતો નથી. આ નાની ઉંમરને Doli Menpax એટલે કે અપરાધ કરવાની અસક્ષમતાવાળી ઉંમર ગણવામાં આવે છે. આથી આ ઉંમર સુધી ગુનાહિત માનસનો સદંતર અભાવ માની લેવામાં આવે છે અને સાત વર્ષથી નીચેની વયના બાળકને ગુનાહિત જવાબદારીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવેલ છે.

સાત વર્ષથી વધુ પરંતુ બાર વર્ષથી ઓછી વય ધરાવતાં બાળકો માટે ભારતીય ફોજદારી ધારાની કલમ 83માં જોગવાઈ કરવામાં આવી છે. જે મુજબ સાત વર્ષથી વધુ અને બાર વર્ષથી ઓછી વય ધરાવતાં બાળકમાં કૃત્ય કરવા સમયે પોતાના કૃત્યનો પ્રકાર તથા પરિણામોનો તેને સાચો ખ્યાલ આપી શકે તેટલી હદે તેનામાં સમજશક્તિ પૂરતી પરિપક્વ ન હોય તો તેની ગુનાહિત જવાબદારી ઊભી થતી નથી. બાળકમાં ગુનો કરવાની ક્ષમતા એટલે કે બાળકમાં તેના કૃત્યનું સંભવિત પરિણામ સમજવા પૂરતી પરિપકવતા હતી એવું સાબિત કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની રહે છે. જો સાત વર્ષથી વધુ વય ધરાવતાં અને બાર વર્ષથી ઓછી વય ધરાવતાં બાળકમાં કૃત્ય કરવાના સમયે, કે કૃત્યના સંભવિત પરિણામને સમજવાની પૂરતી પરિપકવતા હતી એવું સાબિત થાય તો તે બાળકની ગુનાહિત જવાબદારી ઊભી થાય છે તે શિક્ષાને પાત્ર બને છે. અલબત્ત શિક્ષા કરતી વખતે તેની ઉંમરને ધ્યાનમાં લેવામાં આવે છે. અંગ્રેજી કાયદા હેઠળ આ વયમર્યાદા સાત વર્ષથી ચૌદ વર્ષની છે.

આમ ટૂંકમાં જોઈએ તો, ભારતીય ફોજદારી ધારા હેઠળ સાત વર્ષ સુધીના બાળકને ગુનાની જવાબદારીમાંથી સંપૂર્ણ મુક્તિ છે.સાત વર્ષથી બાર વર્ષ સુધીના બાળકની જવાબદારી તેનામાં રહેલી કૃત્યના પરિણામને સમજવાની શક્તિ પર આધારિત છે અને બાર વર્ષથી ઉપરની ઉંમરના બાળકને કોઈ મુક્તિ મળતી નથી.

**(11) ભારતનું બંધારણ અને બાળકો (India Constitution and Children)**

ભારતના બંધારણમાં પણ બાળકો માટે ખાસ જોગવાઈઓ કરવામાં આવેલ છે. બંધારણના અનુચ્છેદ 15 (1) માં એવી જોગવાઈઓ કરવામાં આવી છે કે સ્ત્રીઓ તથા બાળકો માટે ખાસ જોગવાઈઓ કરી શકાશે અને આવી ખાસ જોગવાઈઓથી ભેદભાવ થયો છે એમ ગણી શકાશે નહીં. આના અનુસંધાનમાં કેન્દ્ર સરકારે તથા રાજ્ય સરકારોએ સ્ત્રીઓ તથા બાળકોના હિત માટેના ખાસ કાયદાઓ ઘડેલાં છે તેમજ કેટલાંક કાયદાઓમાં વિશિષ્ટ જોગવાઈઓ કરેલી છે.

ભારતના બંધારણના અનુચ્છેદો 15, 16, 19, 29 તથા 30 હેઠળ મળતાં અધિકારો ભારતનું નાગરિકત્વ ધરાવનાર વ્યક્તિને જ મળે છે. જ્યારે અનુચ્છેદો 14, 17, 18, 20, 21, 22 તથા 32 હેઠળ મળતાં અધિકારો ભારત સ્થિત તમામ વ્યક્તિઓને મળે છે. આ જ પ્રમાણે બાળકોને પણ ભારતનાં બંધારણની રૂએ નીચેના અધિકારો મળે છે.

**(1) સમાનતાનો હક (Right of Equality) :**

બંધારણના અનુચ્છેદો, 14, 15, 16, 17 અને 18 હેઠળ આ હક મળેલ છે. જે મુજબ દરેકને કાયદાના સમાન રક્ષણનો અધિકાર છે. જ્ઞાતિ, જાતિ, ધર્મ, જન્મસ્થળ કે લિંગના કારણસર કોઈપણ વ્યક્તિ સાથે ભેદભાવ રાખવામાં આવશે નહીં એવી ખાતરી અનુચ્છેદ 15માં આપવામાં આવી છે. તે ઉપરાંત અસ્પૃશ્યતા નાબૂદીની પણ ખાતરી આપવામાં આવેલ છે.

**(2) સ્વાતંત્ર્યનો હક્ક (Right to Freedom) :**

બંધારણના અનુચ્છેદ 19 હેઠળ વાણી અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, વેપારધંધાનું સ્વાતંત્ર્ય, સંગઠન રચનાનું સ્વાતંત્ર્ય તેમજ હરવા ફરવાનું સ્વાતંત્ર્ય મળેલ છે.

**(3) જીવન સ્વાતંત્ર્યનો અધિકાર (Right to Life and Liberty) :**

બંધારણના અનુચ્છેદ 21 હેઠળ જીવન સ્વાતંત્ર્યનો અધિકાર મળેલો છે, જે મુજબ દરેક નાગરિકને પોતાની રીતે જીવન જીવવાનો અધિકાર છે. કાયદેસરની યોગ્ય કાર્યવાહી વગર રાજ્ય આ અધિકાર ઝૂંટવી શકે નહીં. સર્વોચ્ચ અદાલતે જુદાં જુદાં કેસોમાં જાહેર કરેલ ચુકાદાઓથી એ સ્પષ્ટ થયેલ છે કે આ અધિકારમાં માત્ર જીવન સ્વાતંત્ર્યનો નહીં પરંતુ જીવન ગૌરવપૂર્ણ રીતે અને સારી રીતે જીવવાના અધિકાર હેઠળ માનવને શિક્ષણ, આરોગ્ય સેવા, પ્રદૂષણમુક્ત વાતાવરણનો પણ અધિકાર છે.

**(4) નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણનો અધિકાર :**

બંધારણ અનુચ્છેદ 21A હેઠળ રાજ્ય કાયદાથી નક્કી કરે તે રીતે રાજ્ય 6 થી 14 વર્ષની

ઉંમરનાં તમામ બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ આપશે. આમ, 6 થી 14 વર્ષ સુધીની ઉંમરનાં બાળકો માટે નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ મૂળભૂત અધિકાર બનાવાયેલ છે.

**(5) કેટલાંક પ્રસંગોમાં ધરપકડ અને અટકાયત સામે રક્ષણ મેળવવાનો હક (Right to get protection against arrest and defention in certain cases) :**

બંધારણના અનુચ્છેદ 22 હેઠળ કેટલાંક પ્રસંગોમાં ધરપકડ અને અટકાયત સામે રક્ષણ મેળવવાનો અધિકાર મળેલ છે.

**(6) શોષણ સામેનો હક (Right against exploitation) :**

બંધારણના અનુચ્છેદો 23 અને 24 હેઠળ શોષણ વિરુદ્ધનો અધિકાર મળેલ છે. જે મુજબ મનુષ્ય વેપાર, વેઠ, બળજબરીથી કરાવતી અન્ય કોઈપણ પ્રકારની મજૂરી પ્રતિબંધિત છે. વળી અનુચ્છેદ 24 મુજબ 14 વર્ષથી નીચેની વયનાં બાળકોને કોઈ કારખાનામાં કે ખાણમાં કે અન્ય કોઈ જોખમકારક નોકરીમાં કામ માટે રાખી શકાતાં નથી.

**(7) ધર્મ સ્વાતંત્ર્યનો અધિકાર (Right to Freedom of Religion)**

(અનુચ્છેદો 25, 26, 27 અને 28) :

ભારત દેશ બિનસાંપ્રદાયિક દેશ છે, તેથી દરેકને ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર એટલે કે દરેક વ્યક્તિને પોતાની માન્યતા મુજબનો ધર્મ પાળવાનું સ્વાતંત્ર્ય છે.

**(8) સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો (Cultural and Educational Rights) (અનુચ્છેદો, 29 અને 30) :**

દરેક જૂથને પોતાની સાંસ્કૃતિક ઓળખ જાળવી રાખવાનું સ્વાતંત્ર્ય છે.

**(9) બંધારણીય ઉપાયોનો અધિકાર (Right to Constitutional Remedies) :**

અનુચ્છેદ 32 હેઠળ બંધારણીય ઉપાયો હેઠળના બંદીપ્રત્યક્ષીકરણ, પરમાદેશ, પ્રતિષેધ, ઉત્પ્રેષણ તથા અધિકારપૃચ્છા આજ્ઞાપત્રો મેળવવાનો અધિકાર છે.

**(10) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો**

બંધારણ હેઠળ બાળકોને ઉપર મુજબ મૂળભૂત અધિકારો આપવામાં આવેલ છે. ઉપરાંત રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પણ બાળકો માટે જોગવાઈ કરવામાં આવેલ છે. અનુચ્છેદ 39 (ઈ) મુજબ બાળકોની કુમળી વયનો દુરુપયોગ ન થાય અને આર્થિક જરૂરિયાતના કારણે તેમની ઉંમર કે શક્તિને અનુકૂળ ન હોય તેવા રોજગારમાં જોડાવાની નાગરિકોને ફરજ ન પડે તે જોવાની રાજ્યની ફરજ છે. અનુચ્છેદ 39 (એફ) મુજબ બાળકોને સ્વસ્થ રીતે અને સ્વાતંત્ર્ય અને ગૌરવયુક્ત સ્થિતિમાં વિકાસની તકો અને સગવડો આપવામાં આવે, અને બાળકો તથા યુવાનોને શોષણ સામે અને તેમની નૈતિક અને આર્થિક ઉપેક્ષા સામે રક્ષણ મળે તે જોવાની પણ રાજ્યની ફરજ છે.

સર્વોચ્ચ અદાલતે મોહિની જૈન વિ. સ્ટેટ ઓફ કર્ણાટક20A તેમજ ઉન્નીક્રિશ્નનના કેસ20B માં બાળકોના પ્રાથમિક શિક્ષણને અનુ. 21 હેઠળ મૂળભૂત અધિકાર ઠરાવેલ છે. ત્યાર બાદ જ બંધારણીય સુધારાની અનુચ્છેદ 21A ઉમેરીને 6 થી 14 વર્ષની ઉંમરનાં બાળકો માટે નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણને મૂળભૂત અધિકાર બનાવવામાં આવેલ છે.

**(12) બાળકોના માનવ અધિકારો**

બાળકોના માનવ અધિકારોનો પ્રશ્ન, સ્ત્રીઓના માનવ અધિકારના પ્રશ્ન જેટલો જ ઉગ્ર અને કરૂણ છે. ભારતીય બંધારણમાં સ્ત્રીઓ અને બાળકોની ઉન્નતિ માટે વિશેષ કાયદાઓ કરવાની છૂટ આપવામાં આવી છે. જો સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ કાયદાઓની ઘડવામાં આવે, તો તેના સમાનતાના બંધારણીય માનવ અધિકારનો ભંગ થતો નથી. આવા કેટલાંક કાયદાઓ ઘડવામાં પણ આવ્યા છે. દા.ત. બાળકોને ભારે કામમાં મજૂરી કરાવવા પર કાયદાથી પ્રતિબંધ છે. તે જ રીતે, કાયદાથી બાળલગ્ન પર પણ પ્રતિબંધ છે.

ભારતીય બંધારણના અનુ. 15 (3) માં બાળ કલ્યાણની વાત કરવામાં આવેલ છે. અનુ. 24માં બાળકને ભયકારક કામોમાં મજૂરીએ રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અનુ. 45 થી રાજ્યને 14 વર્ષથી નીચેના બાળકો માટે મફત, સાર્વજનિક, અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવામાં આદેશ અપાયો છે. તે જ રીતે અનુ. 34માં રાજ્યને એવી નીતિ ઘડવાનો આદેશ અપાયો છે કે જેથી બાળકોને તંદુરસ્ત રીતે વિકાસ કરવાની તક મળે, અને બાળકોને શોષણ સામે રક્ષણ મળે, આ સંદર્ભમાં આપણે બાળકોની સ્થિતિ તપાસીએ, તો તે ઘણી નિરાશાજનક છે. ભારતે છેક 1994માં બાળકો માટેની રાષ્ટ્રીય નીતિ જાહેર કરી છે. આનો અર્થ જ એ થાય છે કે બાળ કલ્યાણ માટે આપણી ચિંતા કૃત્રિમ છે. 1992માં બાળ અધિકારો પરની સમજૂતી પર ભારતે સહી સિક્કા કર્યા છે. આ સમજૂતી પર સહી-સિક્કા કરનાર દરેક દેશને બાળકો માટે નીચેના અધિકારોનું પાલન કરવા જણાવવામાં આવેલ છે. 1990માં ન્યૂયોર્કમાં બાળકોના અધિકારો અંગેનું વિશ્વ શિખર સંમેલન યોજાયું હતું. તે અંગેના જાહેરનામામાં નીચેના અધિકારો સમાવિષ્ટ કરાયા છે.

**1. જીવનનો અધિકાર (Right to Survival) :**

બાળકના અધિકારમાં સર્વોચ્ચ આરોગ્ય ધોરણ, પોષણ અને જીવનધોરણનો તેમજ નામ અને રાષ્ટ્રીયતાનો સમાવેશ થાય છે.

**2. રક્ષણનો અધિકાર (Right to Protection) :**

બાળકના આ અધિકારમાં શોષણના તમામ સ્વરૂપો, અત્યાચાર, અમાનવીય અને અપમાનકારક વ્યવહાર અને ઉપેક્ષા સામે રક્ષણના અધિકારનો સમાવેશ થાય છે. કટોકટી અને સશસ્ત્ર સંઘર્ષમાં ખાસ રક્ષણ મેળવવાનો પણ દરેક બાળકનો અધિકાર છે.

**3. વિકાસનો અધિકાર (Right to Development) :**

બાળકના આ અધિકારમાં શિક્ષણ, કાળજી અને બાળપણના વિકાસ માટે અવલંબન, સામાજિક સુરક્ષા, ફુરસદ, મનોરંજન તેમજ સાંસ્કૃતિક અધિકારોનો સમાવેશ થાય છે.

**4. સહભાગી થવાનો અધિકાર (Right to participation) :**

બાળકના આ અધિકારમાં બાળકોના અભિપ્રાયો માટે આદર, અભિવ્યક્તિ-સ્વાતંત્ર્ય, યોગ્ય માહિતી, વિચાર, તથા વિવેકબુદ્ધિ અને ધર્મ સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે.

સર્વોચ્ચ અદાલતે શીલા બારસેના કેસ માં ઠરાવેલ છે કે આ સમજૂતીનું પાલન કરવાનું અને તેના અમલ માટે મશીનરી કાર્યરત કરવાનું ભારત માટે ફરજિયાત છે.

ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂને બાળકો ઘણાં પ્રિય હતાં. બાળકો પણ તેમને ચાચા નહેરુ કહીને સંબોધતાં હતાં. શ્રી નહેરૂનો જન્મદિવસ તારીખ 14 નવેમ્બર દેશભરમાં દર વર્ષે બાળદિન તરીકે ઉજવાય છે. શ્રી નહેરૂને બાળકોના ઉજ્જવળ ભવિષ્યમાં દેશનું ઉજ્જવળ ભાવિ દેખાતું હતું. આજનું બાળક ભવિષ્યના ભારતનો જવાબદાર નાગરિક છે, તેમ તેઓ કહેતા, પરંતુ હાલના સમયમાં ઉચ્ચ મધ્યમ વર્ગ અને શ્રીમંત વર્ગનાં કુટુંબોને બાદ કરતાં, આપણા દેશમાં બાળકોની સ્થિતિ અત્યંત દયનીય અને કંપાવનારી છે, કારણ કે જે ઉંમરે બાળકોમાં શિક્ષણ અને સંસ્કારોનું સિંચન થવું જોઈએ, તેમને ખેલકૂદ, જ્ઞાન અને ગમ્મત સાથે વિકાસની તકો ઉપલબ્ધ થવી જોઈએ, તે ઉંમરે આપણા દેશનાં 6 કરોડ જેટલાં બાળકો રેલવે સ્ટેશન ઉપર ભીખ માંગે છે, બૂટ-પોલીસ કરે છે, રેકડી પર કે હોટલમાં અથવા અલીગઢના તાળા કારખાના કે શિવાકાશીના દારૂખાનું બનાવવાના કારખાનાઓમાં કામ કરે છે. બાળકો પોતાની ઉંમર જેટલા વજન બરાબર દફતરનો ભાર લઈને પરંપરાગત શિક્ષણ મેળવવા શાળાએ જાય છે. આપણા બંધારણના અનુ. 45 માં 14 વર્ષથી નીચેના દરેક બાળક માટે બંધારણના અમલથી 10 વર્ષમાં ફરજિયાત સાર્વત્રિક, શિક્ષણ મફત બનાવવાનો આદેશ આપેલ છે. બંધારણ અમલના 56મા વર્ષે પણ આ જોગવાઈનો અમલ કરાવી શકાયો નથી.

વિશ્વમાં સૌથી વધારે પુખ્ત વયના નિરક્ષરો આપણા દેશમાં છે. બાળ અધિકારો પરની સમજૂતીના અનુ. 28માં દરેક બાળકનો બુનિયાદી શિક્ષણનો અધિકાર સ્વીકાર્યો છે. ઉન્ની ક્રિશ્નનના કેસમાં સર્વોચ્ચ અદાલતે બંધારણ અમલના 44 વર્ષ પછી પણ અનુ. 45નો અમલન થવા બદલ નિરાશા વ્યક્ત કરી હતી અને અને દરેક બાળકને શિક્ષણનો અધિકાર મૂળભૂત અધિકાર હોવાનું ઠરાવેલ છે.

શહેરો કરતાં ગામડાંઓમાં બાળકોની સ્થિતિ બદતર છે. શિક્ષણ, આરોગ્ય સેવા વગેરે બાળકોના માનવ અધિકારો બાબતમાં જોઈએ તો ગામડાંઓમાં પ્રાથમિક શાળાઓનાં ઠેકાણાં હોતાં નથી. પ્રાથમિક શાળાઓમાં પણ ભણતાં બાળકોમાંથી લગભગ 65 ટકા બાળકો શાળામાંથી ઉઠાડી લેવામાં આવે છે. કારણ કે ઘરના બે છેડા ભેગા કરવા માટે બાળકને કામે મોકલવા મા-બાપને ફરજ પડે છે. દેશના કેટલાંક વિસ્તારોમાં તો એટલી દારૂણ ગરીબી છે કે મા-બાપ પોતાનાં બાળકોને વેચી નાંખે છે. આવી કથળેલી પરિસ્થિતિમાં બાળકોના માનવ અધિકારની વાત કયાં કરવી ?

બાળ મજૂરીનો પ્રશ્ન ઘણો ગંભીર છે. તે અંગેનો કાયદો હોવા છતાં, કેટલાંય અંશે ગરીબાઈના કારણે, શિક્ષણના અભાવે, કેટલાંક અંશે સરકારની નિષ્ક્રિયતાને લીધે બાળ મજૂરીના પ્રશ્ને ગંભીર સમસ્યાનું રૂપ ધારણ કરેલ છે. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે બાળ મજૂર રાખનાર દરેક માલિકે બાળ કલ્યાણ માટે રૂપિયા 20,000/- જમા કરાવવા જોઈએ.

આ સમસ્યાના પાયામાં મુખ્ય પ્રશ્ન આર્થિક છે અને તે કારણે દેશના લગભગ 65 ટકા બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે.આ પ્રશ્ન માત્ર માનવ અધિકારની દષ્ટિથી જોવાના બદલે તેમાં દેશના સુનિયોજીત વિકાસની દૃષ્ટિનો અભાવ રહેલો છે, તેમ આપણે સ્વીકારવું જોઈએ.

તાળાં બનાવવાના, ફટાકડા બનાવવાના, અગરબત્તી કે ગાલીચા બનાવવાના કારખાનામાં કે મકાન બાંધકામ કે પુલ બાંધકામમાં રોકાયેલ હજારો બાળકોના માનવ અધિકારનો ભંગ તો થઈ જ રહ્યો છે, પરંતુ તે સાથે આ પરિસ્થિતિ ચલાવી લઈને તેમાં ફેરફાર કે સુધારો નહિ કરીને આપણે આપણા દેશને પણ તેમની શક્તિઓ અને સેવાથી વંચિત કરીએ છીએ. સર્વોચ્ચ અદાલતે એક કેસમાં ઠરાવેલ છે કે ભયજનક કામોમાં 14 વર્ષથી નીચેની વયના બાળકોને કામે રાખવા પર, તે અંગે કોઈ કાયદો ન હોય, તો પણ પ્રતિબંધ મૂકી શકાય છે. એમ. સી. મહેતાના કેસમાં ઠરાવેલ છે કે શિવાકાશી ફટાકડાના કારખાનાઓમાં બાળકોને ઉત્પાદન પ્રક્રિયામાં નહીં, પરંતુ પેકિંગના કામમાં જ રોકવાં જોઈએ, દેશમાં બાળ અપરાધીઓનો પ્રશ્ન પણ ઘણો મોટો છે. એમ કહેવાય છે કે બાળ અપરાધીઓ પ્રશ્ને કેદમાં સબડી રહ્યાં છે. વચ્ચે ઘણા વર્ષો અગાઉ પુષ્પા હિંગોરાની નામના એક સ્ત્રી વકીલે બાળ અપરાધીઓના પ્રશ્નો સર્વોચ્ચ અદાલતમાં અરજી કરતાં, સર્વોચ્ચ અદાલતના હુકમથી વિના કારણે કેદમાં રહેલ બાળકોનો છૂટકારો થયો હતો. આ એક બનાવને બાદ કરતાં કેદમાં બાળક અપરાધી તરીકે રહેલ નિર્દોષ બાળકોની સંખ્યામાં કંઈ ફેર પડ્યો નથી. કમલાદેવીના કેસમાં વિના કારણે કેદમાં રખાયેલ બાળકોને મુક્ત કરવાનો સર્વોચ્ચ અદાલતે હુકમ કરેલ છે.

દેશમાં પરિસ્થિતિ એવી છે કે ખેતરમાં કામ કરવા માણસની જરૂર હોય એટલે દીકરાનુ ંબાળ લગ્ન થાય, લગ્ન થયાને ટૂંક સમયમાં જ બાળકનો જન્મ થાય. બાળકોની સંખ્યા ઉપર કોઈ મર્યાદા નથી. પરિણામે નાની ઉંમરમાં જ સ્ત્રી ચાર/પાંચ બાળકોની માતા બની જાય છે અને તેનું આરોગ્ય કથળે છે. ગ્રામ વિસ્તારમાં પૂરતી આરોગ્ય સેવાઓના અભાવે, 1 વર્ષ સુધીના 20 ટકા બાળકો મરણ પામે છે, તેમજ ઉપરા છાપરી પ્રસૂતિ અને આરોગ્ય સેવાના અભાવે તેમજ પ્રાણીજન્ય રોગોથી 1 થી 5 વર્ષ સુધીના 15 ટકા બાળકો મરણ પામે છે. બે છેડા ભેગા કરવા માટે નાની ઉંમરમાં બાળકોને કામે મોકલી દેવામાં આવે અને તેમનું શિક્ષણ તેમજ તેમના વિકાસની તકો ઝૂંટવાઈ જાય છે. આમ બાળલગ્ન, ગરીબાઈ, બાળમજૂરી, અંધશ્રદ્ધા, વહેમ, શિક્ષણનો અભાવ, અજાગૃત માનસ વગેરેનું વિષચક્ર ચાલ્યા જ કરે છે અને રાષ્ટ્રના વિકાસમાં

કાંઈપણ પ્રદાન કર્યા સિવાય, બાળકોની આવી અનેક પેઢીઓનું અસ્તિત્વ લુપ્ત થયું. આમ, સમાન પ્રેમ, શિક્ષણ, આરોગ્ય જેવાં અનેકવિધ માનવ અધિકારો બાળકોને મળેલ હોવા છતાં, ઘણાં ખરાં બાળકો તેનાથી વંચિત રહ્યાં છે, તે આપણે ભૂલવું ના જોઈએ.

**(13) બાળકોના અધિકાર અંગે સંયુક્ત રાષ્ટ્રસંઘનું કરારનામું, 1989**

રાષ્ટ્રસંઘના મહાસભા (General Assembly of UNO) દ્વારા સ્વીકૃત તા. 20 નવેમ્બર 1989ના રોજ

- આમુખ

આ કરારનામાનાં પક્ષકાર રાજ્યો

એમ વિચારીએ કે રાષ્ટ્રસંઘના ખતપત્રમાં ઘોષિત સિદ્ધાંતો મુજબ માનવના કુટુંબના તમામ સભ્યોની સ્વાભાવિક ગરિમા અને એમના સમાન અને અવિચ્છિન્ન અધિકારોને માન્યતા આપવી, એ વિશ્વમાં સ્વાતંત્ર્ય, ન્યાય અને શાંતિનો પાયો છે.

એમ ધ્યાનમાં રાખીને કે રાષ્ટ્રસંઘની પ્રજાઓએ આ ખતપત્રમાં મૂળભૂત માનવ અધિકારોના ગૌરવ અને સામર્થ્યમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે તથા મુક્ત સ્વાતંત્ર્ય સાથે સામાજિક પ્રગતિ અને વધુ સારા જીવનધોરણને પ્રોત્સાહન આપવા નિશ્ચય કરેલ છે,

એમ માનીને કે રાષ્ટ્રસંઘ, માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણામાં અને માનવ અધિકારો અંગેના આંતરરાષ્ટ્રીય કરારમાં ઘોષિત કરીને સંમતિ આપી છે કે આ ઘોષણા અને કરારમાં સમાવિષ્ટ તમામ અધિકારો અને સ્વતંત્રતાઓ, જાતિ, વર્ણ, લિંગ, ભાષા, ધર્મ, રાજકીય કે અન્ય અભિપ્રાયો, મૂળ રાષ્ટ્રીયતા કે સામાજિક કૂળ, સંપત્તિ, જન્મ કે અન્ય દરજ્જાના કોઈપણ ભેદભાવ માટેના છે,

એમ યાદ રાખીને કે રાષ્ટ્રસંઘે માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણામાં જાહેર કરેલ છે કે બાળકોને ખાસ કાળજી અને મદદનો અધિકાર છે.

એમ દઢપણે માનીને કે કુટુંબ એ સમાજનું પાયાનું જૂથ છે અને તે એના તમામ સભ્યો તથા ખાસ કરીને બાળકોના વિકાસ અને સુખાકારી માટે સ્વાભાવિક પરિવેશ પૂરો પાડે છે, તેથી તેમને જરૂરી રક્ષણ અને મદદ મળવાં જોઈએ કે જેથી એ સમાજમાં પોતાની જવાબદારી પૂર્ણપણે નિભાવી શકે,

એમ સ્વીકારીને કે બાળક કે બાલિકાના વ્યક્તિત્વનો પૂર્ણ અને સુસંવાદી વિકાસ થાય તે માટે તેમનો ઉછેર કુટુંબના પરિવેશમાં પ્રસન્નતા, પ્રેમ અને સમજણના વાતાવરણમાં થવો જોઈએ.

એમ વિચારીને કે બાળકને સમાજમાં પોતાનું વ્યક્તિગત જીવન જીવવા માટે પૂર્ણપણે તૈયાર કરવું જોઈએ અને રાષ્ટ્રસંઘના ખતપત્રમાં ઘોષિત આદર્શોની ભાવનાને અનુરૂપ તથા ખાસ કરીને, શાંતિ, ગરિમા,સહિષ્ણુતા, સ્વાતંત્ર્ય, સમાનતા એ સુલેહસંપની ભાવનાનો ઉછેર થવો જોઈએ.

એમ ધ્યાનમાં રાખીને કે બાળક પ્રત્યે વિશેષ કાળજી દાખવવાની જરૂરિયાત 1942ના બાળ અધિકારોના જીનિવા ઘોષણાપત્ર અને 20 નવેમ્બર, 1959ના રોજ મહાસભાએ પસાર કરેલ બાળ અધિકારોના ઘોષણાપત્રમાં દર્શાવેલ છે. માનવ અધિકારોના વૈશ્વિક ઘોષણાપત્રમાં, દીવાની અને રાજકીય અધિકારોની આંતરાષ્ટ્રીય સમજૂતી (ખાસ કરીને કલમ 23 અને કલમ 24)માં આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતી (ખાસ કરીને કલમ 10)માં અને બાળ કલ્યાણ સાથે સંબંધિત ખાસ પ્રકારની સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના કાયદાઓ તથા સંબંધિત દસ્તાવેજોમાં પણ એનો સ્વીકાર થયો છે,

એમ ધ્યાનમાં રાખીને કે બાળકોના અધિકારો અંગેના ઘોષણાપત્રમાં નિર્દિષ્ટ કરાયા મુજબ બાળકને, એની શારીરિક તેમજ માનસિક અપરિપકવતાના કારણે જન્મ પૂર્વે અને તે પશ્ચાત્ યોગ્ય કાનૂની રક્ષણ સહિત ખાસ સંરક્ષણ અને સંભાળની જરૂર છે.

એમ યાદ રાખીને કે સામાજિક અને કાનૂની સિદ્ધાંતોના ઘોષણાપત્રમાં બાળકોનાં રક્ષણ અને કલ્યાણ અંગે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પાલકની નિમણૂંક તથા દત્તકવિધાનના ખાસ સંદર્ભમાં જોગવાઈઓ છે, બાળ ગુનેગારોનો ન્યાય કરવા સંબંધી રાષ્ટ્રસંઘના લઘુતમ નિયમો (બેજીંગ નિયમો) અને સંકટકાળ તથા સશસ્ત્ર સંઘર્ષ વખતે સ્ત્રીઓ તેમ જ બાળકોના રક્ષણ અંગેના ઘોષણાપત્રમાં પણ જોગવાઈઓ છે,

એમ સ્વીકારીને કે વિશ્વના તમામ દેશોમાં અત્યંત કઠિન સંજોગોમાં જીવવા સંખ્યાબંધ બાળકો છે, તેમનો ખાસ વિચાર કરવાની જરૂર છે,

એમ ખાસ ધ્યાનમાં લઈને કે બાળકના રક્ષણ અને સુસંવાદિતપૂર્ણ વિકાસમાં દરેક પ્રજાની પોતાની પરંપરાઓ અને સાંસ્કૃતિક મૂલ્યોનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે,

એમ માન્ય રાખીને કે દરેક દેશમાં, અને ખાસ કરીને, વિકાસશીલ દેશમાં, બાળકોના જીવન સંજોગો સુધારવા માટે આંતરરાષ્ટ્રીય સહકાર મહત્ત્વનો છે,

અહીં નિર્દિષ્ટ કરાયા મુજબ સંમત થયા છે :

## વિભાગ -1

**કલમ -1 બાળકની વ્યાખ્યા :** કરારનામાના હેતુઓના સંબંધે 18 વર્ષથી ઓછી ઉંમરવાળી દરેક વ્યક્તિ બાળક છે, સિવાય કે બાળકને લગતા કાયદા અનુસાર તે અગાઉ પુખ્તતા પ્રાપ્ત થતી હોય.

**કલમ -2 ભેદભાવમાંથી મુક્તિ :** કરારનામા મુજબ આ અધિકારો કોઈપણ ભેદભાવ વિના દરેક બાળકને લાગુ પડે છે. કોઈપણ પ્રકારના ભેદભાવો અને કૌટુંબિક દરજ્જો, માન્યતા, અને પ્રવૃત્તિના આધારે કોઈપણ પ્રકારની સજા કે દંડથી દરેક બાળકનું રાષ્ટ્રે સંરક્ષણ કરવું પડે છે.

**કલમ-3 બાળકના હિતસંબંધી લાભ માટે :** બાળકને લગતા દરેક કાયદાકીય અને વ્યવસ્થાપક નિર્ણયો માટે રાષ્ટ્ર દરેક બાળકની સંભાળ અને રક્ષણની જવાબદારી નિભાવશે.

**કલમ -4 અધિકારોનું અમલીકરણ :** રાષ્ટ્રે આ કરારનામાના અધિકારોનું ભાષાંતર કરશે.

**કલમ -5 માતા પિતાની જવાબદારી અને સન્માન :** રાષ્ટ્રે વાલી, પાલક બનવાનો અધિકાર તે સન્માન આપી બાળકને સાચી દિશાના કરારનામા મુજબ અધિકારને પ્રયોગ કરવા માટે બાળકને માર્ગદર્શન સક્ષમ બનાવનાર વાલી/પાલકના અધિકારને રાષ્ટ્રે સન્માન કરવું જોઈએ.

**કલમ- 6 જીવવાનો ને વિકસવાનો અધિકાર :** પ્રત્યેક બાળકને જીવવાનો મૂળભૂત અધિકાર છે. તેથી બાળકના જીવન માટે તથા તેના વિકાસ માટે પક્ષકાર રાજ્યો મહત્તમ પ્રયાસો કરશે.

**કલમ -7 નામ અને રાષ્ટ્રીયતા :** દરેક બાળકને નામ ધારણ કરવાનો, રાષ્ટ્રીયતા મેળવવાનો અને શક્ય એટલી તમામ જાણકારી મેળવવાનો તેમજ તેના માતાપિતાની માવજત મેળવવાનો અધિકાર છે અને પક્ષકાર રાજ્યો તેમના અધિકારોનું સંરક્ષણ કરશે.

**કલમ - 8 વ્યક્તિત્વની સુરક્ષા :** દરેક બાળકને પોતાના વ્યક્તિત્વને ટકાવી રાખવાનો કે પ્રતિસ્થાપિત કરવાનો અધિકાર છે. તેનું પક્ષકાર રાજ્યો સંરક્ષણ કરશે.

**કલમ - 9 માતાપિતાના સાર અને સંભાળ :** જ્યાંસુધી બાળકના હિતમાં વિરોધી ના હોય ત્યાં સુધી દરેક બાળકને માતાપિતા બન્નેની સાથે રહેવાનો અધિકાર છે અને રાજ્ય તે અધિકારોનું સંરક્ષણ કરશે અને રાજ્યની કોઈપણ દખલગીરી કે કાર્યવાહીને કારણે અલગ થતાં કુટુંબના બાળકની રાજ્ય સંભાળ લેશે.

**કલમ - 10 કુટુંબમાં ફરીથી મિલાપ કરવાનો અધિકાર :** બાળકને માતાપિતાને મળતાં માટે કોઈપણ દેશમાં દાખલ થવાનો કે છોડીને જવાનો અધિકાર છે.

**કલમ - 11 ગેરકાયદેસર હેરાફેરી અને પરદેશથી પરત ન આવતાં બાળકોના કિસ્સાને અટકાવવાનો અધિકાર :** બાળકોની ગેરકાયદેસર હેરાફેરી તથા પરદેશથી પરત ન આવતાં બાળકોના કિસ્સાને અટકાવવા, પક્ષકાર રાજ્યે પૂરતી જોગવાઈઓ કરવી જરૂરી છે.

**કલમ -12 વિચારોની મુક્ત અભિવ્યક્તિ :** પોતાના જીવનથી સંબંધિત મુદ્દાઓ વિશે પોતાના અભિપ્રાયની અભિવ્યક્તિ કરવાનો અને સંભળાવવાનો અધિકાર દરેક બાળકને છે.

**કલમ - 13 માહિતી પ્રાપ્ત કરવાની સ્વતંત્રતા :** કોઈપણ માધ્યમ દ્વારા માહિતી મેળવવાનો, સ્વીકાર કરવાનો અને આપવાનો અધિકાર દરેક બાળકને છે.

**કલમ -14 ધર્મ અને અંતરના અવાજને વ્યક્તિ કરવાની સ્વતંત્રતા :** દરેક બાળકને પોતાના ધર્મ અને શ્રદ્ધાને વ્યક્ત કરવાનો અધિકાર છે અને પક્ષકાર રાજ્યોએ માતાપિતા કે વાલીને આ અધિકારના અમલ માટે સાચી દિશા બતાવવાની જવાબદારીને સન્માન આપવું જોઈએ.

**કલમ -15 સંગઠનની સ્વતંત્રતા :** દરેક બાળકને સંગઠન બનાવવાની અને શાંત સભા યોજવાની સ્વતંત્રતાનો અધિકાર છે.

**કલમ - 16 અંગત વાતોને સંરક્ષણ :** કોઈપણ બાળકની અંગત, કૌટુંબિક, ઘરેલુ બાબતોમાં અથવા પત્રવ્યવહારમાં મનસ્વી કે ગેરકાનૂની દખલ કરી શકાશે નહીં અને તેના સ્વમાન અને પ્રતિષ્ઠા ઉપર ગેરકાનૂની આક્રમણ કરી શકાશે નહીં.

આવા હસ્તક્ષેપ કે આરોપ સામે કાયદાનું રક્ષણ માગવાનો બાળકને અધિકાર છે.

**કલમ - 17 અંગત વાતોને સંરક્ષણ :** પક્ષકાર રાજ્યો જાહેર સંપર્ક માધ્યમો દ્વારા થતાં મહત્ત્વના કોઈ કાર્યને સ્વીકારે છે, અને બાળકને વિવિધ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્ત્રોતોમાંથી ખાસ કરીને એના સામાજિક, આધ્યાત્મિક અને નૈતિક વિકાસ અને શારીરિક તેમજ માનસિક સ્વાસ્થયને પ્રોત્સાહન આપે તેવી માહિતી અને સામ્ગરી મળી શકે એવા પ્રયત્નો કરશે. આ માટે પક્ષકાર રાજ્યો :

(એ) બાળકોને સામાજિક અને સાંસ્કૃતિક દષ્ટિએ લાભ થા તેવી અને કલમ 29ની ભાવનાને અનુરૂપ હોય તેવી માહિતી અને સામગ્રી પ્રગટ કરવા માટે જાહેર સંપર્ક માધ્યમોને પ્રોત્સાહિત કરશે,

(બી) વિવિધ સાંસ્કૃતિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્ત્રોતોમાંથી આવી માહિતી અને સામગ્રીના નિર્માણ, વિનિમય અને પ્રસારમાં આંતરરાષ્ટ્રીય સહકારને પ્રોત્સાહન આપશે,

(સી) બાળકો માટેનાં પુસ્તકોના નિર્માણ અને પ્રસારને પ્રોત્સાહન આપશે,

(ડી) લઘુમતી જૂથનાં કે મૂળ નિવાસી બાળકોની ભાષાકીય જરૂરિયાતો ખાસ ધ્યાનમાં રાખવા જાહેર સંપર્ક માધ્યમોને પ્રોત્સાહન આપશે,

(ઈ) કલમ 13 અને કલમ 18ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને બાળકની સુખાકારી માટે નુકસાનકારક હોય તેવી માહિતી અને સામગ્રી સામે એનું રક્ષણ કરવા માટે માર્ગદર્શિકા તૈયાર થાય તેને પ્રોત્સાહન આપશે.

**કલમ -18 માતાપિતાની જવાબદારી :** બાળકના ઉછેરમાં માતાપિતા બંનેની બરાબરની જવાબદારીને રાજ્યે મહત્ત્વ આપવાનું રહેશે અને તે એમની મુખ્ય જવાબદારી ગણાશે. રાજ્યે કામ કરતા વાલીના બાળકોની સંભાળની વ્યવસ્થામાં પણ સહાય કરવાની રહેશે.

**કલમ- 19 દુરુપયોગ અને અવગણના :** વાલી કે અન્ય કોઈના દ્વારા કોઈપણ પ્રકારના દુરુપયોગ, અવગણના અને શોષણથી રાજ્યે બાળકનું રક્ષણ કરવાનું રહેશે અને તેને અટકાવવાના અને ઉપચાર કરવાની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

**કલમ-20 કુટુંબ વગરનું બાળક** 1.જે બાળકને કામચલાઉ કે કાયમી ધોરણે પોતાના કૌટુંબિક પરિવેશથી દૂર થવું પડ્યું હોય અથવા તો એના પોતાના શ્રેષ્ઠ હિતમાં એ પરિવેશમાં તેને રાખી

શકાય તેમ ન હોય તો તેને રાજ્ય તરફથી ખાસ રક્ષણ અને સહાય પ્રાપ્ત કરવાનો અધિકાર રહેશે.

2. પક્ષકાર રાજ્યો પોતાના રાષ્ટ્રીય કાયદાઓ પ્રમાણે આવા બાળકની બીજી કોઈ રીતે સંભાળ લેવાતી હોય તેનું ધ્યાન રાખશે.

3. આવી સંભાવનામાં, અન્ય બાબતો સહિત, પાલક માતાપિતાને સોંપણી, મુસ્લિમ કાયદા પ્રમાણે 'કફાલ' દત્તક લેવાની વ્યવસ્થા અથવા જરૂરી જણાય તો બાળ સંભાળની યોગ્ય સંસ્થાને સોંપણી, જેવાં સંભાળ માટેનાં પગલાંનો સમાવેશ કરી શકાશે. ઉકેલો શોધતી વખતે બાળકના ઉછેરમાં સાતત્ય જળવાઈ રહે એ ઈચ્છનીય મુદ્દાનું અને બાળકની વંશગત, ધાર્મિક, સાંસ્કૃતિક અને ભાષાકીય પશ્ચાદ્‌ભૂમિકાનું ખાસ ધ્યાન રાખવામાં આવશે.

**કલમ - 21 દત્તક પ્રક્રિયા :** દત્તક વ્યવસ્થાને માન્ય રાખતા અને / અથવા તેની છૂટ આપતાં હોય તેવાં પક્ષકાર રાજ્યો બાળકના સર્વશ્રેષ્ઠ હિતનો સૌથી પહેલાં વિચાર કરશે અને :

(એ) કાળજી લેશે કે બાળકને દત્તક લેવાનો અખત્યાર માત્ર યોગ્ય સત્તાવાળાઓ આપે, જેઓ સંબંધિત કાયદા અને કાર્યવાહી અનુસાર તેમજ સંબંધિત અને વિશ્વાસપાત્ર માહિતીના આધારે નક્કી કરશે કે માતાપિતા, સગાસંબંધીઓ અને કાયદેસર વાલીની દૃષ્ટિએ બાળકના દરજ્જાને ધ્યાનમાં રાખીને દત્તક લેવાની છૂટ આપી શકાય તેમ છે, અને જરૂર લાગે તો, સંબંધિત વ્યક્તિઓએ જરૂરી સલાહને આધારે સૂઝબૂઝથી દત્તક લેવાની સંમતિ આપી હોવાનું પણ જોશે

(બી) માન્ય કરશે કે બાળકના મૂળ દેશમાં જ પાલક અથવા દત્તક લેનાર કુટુંબના હાથમાં બાળકની સોંપણી કરી શકાય તેમ ન હોય અથવા અન્ય કોઈ યોગ્ય રીતે સંભાળ લઈ શકાય તેમ ન હોય, તો બાળ સંભાળના વૈકલ્પિક ઉપાયરૂપે અન્ય દેશમાં દત્તક આપવા વિચારી શકાય.

(સી) એવી વ્યવસ્થા કરશે કે અન્ય દેશમાં દત્તક લેવાયેલા બાળકને પણ દેશમાં જ દત્તક લેવાયેલાં બાળકને જે રક્ષણ અને ધોરણો મળતાં હોય તે જ મળે,

(ડી) અન્ય દેશમાં દત્તક લેવાયાના પ્રસંગે તેની સાથે સંબંધિત વ્યક્તિઓને અનુચિત નાણાંકીય લાભ ન થાય તેનું ધ્યાન રાખવા તમામ જરૂરી પગલાં લેશે,

(ઈ) યોગ્ય જણાય ત્યાં દ્વિપક્ષી કે બહુપક્ષી વ્યવસ્થા કે કરાર કરીને આ કલમના ઉદ્દેશો પાર પાડવા માટે પ્રોત્સાહન આપશે અને યોગ્ય સત્તાવાળા કે સંસ્થા દ્વારા જ બાળકની બીજા દેશમાં દત્તક તરીકે સોંપણી થાય તે માટે અત્રે નિર્દિષ્ટ વ્યવસ્થાની અંતર્ગત રહીને પ્રયત્ન કરશે.

**કલમ - 22 શરણાર્થી બાળક :** શરણાર્થી બાળકોને સક્ષમ સંસ્થાઓની મદદથી પક્ષકાર રાજ્યોની સંરક્ષણ અને સહાય આપવાની જવાબદારી રહેશે.

**કલમ - 23 અપંગ બાળકો :** શારીરિક અથવા માનસિક ક્ષતિ ધરાવતાં બાળકોને વિશેષ સંભાળ અને સ્વઆશ્રિત થવા માટેની તાલીમ આપી, સમાજમાં ઈજ્જતદાર સ્થાન મેળવવાના અધિકારનું સંરક્ષણ કરવાવી જવાબદારી રાજ્યની રહેશે.

**કલમ - 24 સ્વાસ્થ્ય સંભાળ :** બાળકને બીમારીના સંજોગોમાં ઉપચારો, ચિકિત્સા માટેની સેવાઓ મેળવવા તથા સ્વાસ્થ્યની પુનઃપ્રાપ્તિના અધિકારને પક્ષકાર રાજ્યોએ સ્વીકાર કરવાનો રહેશે. શિશુ મરણ અને બાળ મરણનો અંત, બીમારીનો અને કુપોષણ સામે ઈલાજ (લડત), ગર્ભવતી મહિલાઓને સ્વાસ્થ્ય સુરક્ષા, સ્વાસ્થ્ય શિક્ષા ઉપલ્બિધ કરાવવાની પ્રતિબંધક સ્વાસ્થ્ય સેવા અને પ્રાચીન શૈલી પર આધારિત હાનિકારક વ્યવહારનો અંત કરવા માટે પગલાં લેવાની જવાબદારી રાજ્યની રહેશે.

**કલમ - 25 સમયાંતર ચકાસણી :** રાજ્યોએ શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની સંભાળ, સંરક્ષણ કે સારવાર અર્થે રાખેલ બાળકને મળતી સારવાર તેમજ અનેય સંબંધિત વ્યવસ્થાઓની સમયાંતરે ચકાસણી કરવાની રહેશે.

**કલમ - 26 સામાજિક સુરક્ષા :** દરેકને પૂરતું જીવનધોરણ મેળવવાનો અધિકાર છે અને પક્ષકાર રાજ્યોને માતાપિતા કે વાલી જે જવાબદારી નિભાવી ના શકે તેમને સહાય કરશે અને બાળકન ભરણપોષણ માટે પોતાના દેશમાં કે વિદેશમાં વસતા બાળકના માતાપિતા કે તેની આર્થિક જવાબદારી નિભાવતી વ્યક્તિ પાસેથી, વળતર વસુલ કરવા માટેની જવાબદારી નિભાવવી પડશે.

**કલમ - 28 શિક્ષણ (ભણતર) :** 1. પક્ષકાર રાજ્યો, બાળકનો શિક્ષણ મેળવવાનો અધિકાર માન્ય રાખે છે અને આ અધિકાર ઉત્તરોત્તર તથા સમાનતાના ધોરણે સિદ્ધ થાય તે માટે તેઓ ખાસ કરીને :-

(એ) પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવશે અને સૌને વિના મૂલ્યે મળી રહે તેવું કરશે,

(બી) સામાન્ય અને વ્યાવસાયિક શિક્ષણ સહિત માધ્યમિક શિક્ષણ જુદાં જુદાં રૂપમાં વિકસે તેને પ્રોત્સાહન આપશે અને દરેક બાળકને સહેલાઈથી તે પ્રાપ્ત થાય તેવાં પગલાં લેશે અને જરૂર હોય તેવા પ્રસંગોમાં મફત શિક્ષણ તથા નાણાંકીય સહાય આપવા જેવાં પગલાં લેશે,

(સી) તમામ પ્રકારે પ્રયત્ને કરીને ઉચ્ચ શિક્ષણ પણ દરેકને ગજા પ્રમાણે મળી રહે તેમ કરશે,

(ડી) તમામ બાલકો માટે શૈક્ષણિક અને વ્યાવસાયિક માહિતી અને માર્ગદર્શન સુલભ બનાવશે,

(ઈ) શાળાઓમાં નિયમિત હાજરીને પ્રોત્સાહન મળે અને અધવચ્ચેથી શિક્ષણ છોડી જનારાંઓની સંખ્યામાં ઘટાડો કરવાનાં પગલાં લેશે.

2. પક્ષકાર રાજ્યો શાળાઓમાં બાળકના માનવીય ગૌરવને તેમજ આ સમજૂતીને અનુરૂપ હોય તેવી રીતે શિસ્તનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા માટેનાં તમામ જરૂરી પગલાં લેશે.

3. પક્ષકારો રાજ્યો, ખાસ કરીને વિશ્વમાંથી અજ્ઞાન અને નિરક્ષરતા નાબૂદ કરવામાં ફાળો આપવા અને વૈજ્ઞાનિક તેમ જ ટેકનિકલ જાણકારી અને આધુનિક શિક્ષણ પદ્ધતિઓ દરેકને પહોંચે તેવા હેતુથી શિક્ષણને લગતી બાબતોમાં આંતરરાષ્ટ્રીય સહકારને પ્રોત્સાહન આપશે અને તે દિશામાં પ્રયત્ન કરશે. આ સંદર્ભમાં વિકાસશીલ દેશોની જરૂરિયાતો ખાસ ધ્યાનમાં લેવાશે.

**કલમ - 29 શિક્ષણના લક્ષ્યો :** પક્ષકાર રાજ્યો ઠરાવે છે કે બાળકને આપવાની શિક્ષણની દિશા નીચેના ધ્યેયો હાંસલ કરવા તરફની રહેશે.

બાળકનું વ્યક્તિત્વ, પ્રતિભા તેમજ તેની શારીરિક, માનસિક ક્ષમતાનો સંપૂર્ણપણે વિકાસ, બાળકને મુક્ત સમાજમાં જવાબદારી જીવન ગુજારવાની તાલીમ, બાળકમાં પોતાના માતાપિતા પ્રત્યે, માનવ અધિકારો પ્રત્યે, કુદરતી વાતાવરણ (પર્યાવરણ) પ્રત્યે, પોતાના અને બીજાના અને રાષ્ટ્રીય મૂલ્યો પ્રત્યે સન્માનની ભાવના કેળવાય.

**કલમ - 30 લઘુમતી સમુદાયનાં બાળકો :** લઘુમતી સમુદાય અથવા આદિજાતિના દરેક બાળકોને, પોતાની સંસ્કૃતિનો આનંદ લેવાનો, પોતાના ધર્મનું પાલન કરવાનો અને પોતાની ભાષાનો પ્રયોગ કરવાનો અધિકાર છે.

**કલમ - 31 મનોરંજન અને વિશ્રામ :** બાળકનો વિશ્રામ અને ફૂરસદ મેળવવાના, પોતાની ઉંમર પ્રમાણે ખેલવા-કૂદવાના અને મનોરંજન પ્રવૃત્તિઓ કરવાના તેમજ મુક્તપણે સાંસ્કૃતિક અને કલા અભિવ્યક્તિના કાર્યક્રમોમાં ભાગ લેવાના અધિકારને પક્ષકાર રાજ્યોએ સ્વીકારવાનો રહેશે.

**કલમ - 32 બાળાશ્રમ :** બાળકના આર્થિક શોષણ સામે અથવા તેન માટે જોખમરૂપ નીવડે, તેના શિક્ષણ માટે બાધારૂપ બને કે તેના સ્વાસ્થ્ય કે પછી શારીરિક, માનસિક, આધ્યાત્મિક કે સામાજિક વિકાસ માટે અવરોધરૂપ સાબિત થાય તેવાં કૃત્યો- પ્રવૃત્તિઓ સામે રક્ષણ મેળવવાના અધિકારનો રાજ્ય સ્વીકાર કરશે અને અમલીકરણ માટે પક્ષકાર રાજ્યોને

રોજગારી રાખવા માટે લઘુતમ વયમર્યાદા નિશ્ચિત કરવી પડશે. રોજગારીના કલાકો તથા તેની સ્થિતિ સંબંધી આવશ્યક નીતિનિયમો અમલમાં મૂકવા પડશે અને અસરકારક અમલ માટે યોગ્ય દંડ અને સજાની જોગવાઈ કરવાની રહેશે.

**કલમ - 33 કેફી પદાર્થોનું સેવન :** પક્ષકાર રાજ્યોએ, બાળકને આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ પ્રમાણે, નશીલી દવાઓ તથા કેફી પદાર્થોના ગેરકાનૂની સેવનથી દૂર રાખવા માટે, કાનૂની, વહીવટી, સામાજિક અને શૈક્ષણિક સહિતના તમામ આવશ્યક કદમો ઉઠાવવાનું તેમજ તેને તેવી દવાઓ કે પદાર્થોના ગેરકાનૂની ઉત્પાદન અને હેરાફેરીમાં સંડોવતા અટકાવશે.

**કલમ- 34 જાતીય શોષણ :** પક્ષકાર રાજ્યો બાળકને તમામ પ્રકારના જાતીય શોષણ, જાતીય અત્યાચાર, જાતીય પ્રવૃત્તિઓ માટે બાળકને અપાતા પ્રલોભનો અથવા તેના પર થતું દબાણ, અશ્લીલ પ્રદર્શનો તથા શોષણયુક્ત ઉપયોગ સામે રક્ષણ પૂરું પાડશે.

**કલમ - 35 બાળકનું વેચાણ અને વેપાર વિશે :** કોઈપણ હેતુથી કે કોઈપણ સ્વરૂપે થતું બાળકોનું અપહરણ, વેપાર કે હેરાફેરીને અટકાવવા માટેની જવાબદારી પક્ષકાર રાજ્યોની રહેશે.

**કલમ - 36 શોષણ :** બાળકના હિતમાં હાનિકારક નીવડે તેવા કોઈપણ પ્રકારના શોષણ સામે પક્ષકાર રાજ્યોએ બાળકને રક્ષણ પૂરું પાડવાનું રહેશે.

**કલમ - 37 જુલ્મ અને સજા :** જુલ્મ અને ક્રૂરતા, અમાનવીય અને અપમાનજનક વર્તન, દેહાંતદંડ અથવા આજીવન કારાવાસની સજા, ગેરકાનૂની અથવા વર્તન સામે પક્ષકાર રાજ્યોએ બાળકનું રક્ષણ કરવાનું રહેશે.

**કલમ - 38 :** સશસ્ત્ર સંઘર્ષ સમયે બાળક સંબંધિત આંતરરાષ્ટ્રીય માનવતાના કાનૂનના નીતિનિયમોનું પક્ષકાર રાજ્યો પાલન કરશે. 15 વર્ષથી નીચેની વ્યક્તિ યુદ્ધમાં પ્રત્યક્ષપણે સામેલ ન થાય તેવી જોગવાઈ કરશે. સંઘર્ષતી અસરગ્રસ્ત થતાં બાળકોને પ્રથમ રક્ષણ પૂરું પાડવાનું રહેશે.

**કલમ - 39 પુનર્વસવાટની પ્રક્રિયા :** કોઈપણ પ્રકારની ઉપેક્ષા કે અત્યાચારનો ભોગ બનેલ કે અન્ય જાતના ક્રૂર, અમાનવીય કે અપમાનજનક વ્યવહાર કે સજાનો ભોગ બનેલ અથવા સશસ્ત્ર સંઘર્ષનો ભોગ બનેલ બાળકની શારીરિક અને માનસિક સ્વાસ્થયની પુનઃપ્રાપ્તિ તેમજ તેના સામાજિક પુનર્વસવાટ માટે પક્ષકાર રાજ્યે તમામ જોગવાઈ કરવાની રહેશે.

**કલમ - 40 નાની ઉંમરના માટે ઈન્સાફ :** (1) પક્ષકાર રાજ્યો ફોજદારી કાયદાનો ભંગ કરવાનો આરોપ હોય અથવા ભંગ થયેલ હોવાનું પુરવાર થયેલ હોય તેવા પ્રત્યેક બાળક સાથે ગૌરવ અને કલ્યાણ અંગેની બાળકની ભાવનાને પ્રોત્સાહન મળે તે રીતે વ્યવહાર કરશે, જેથી બાળકમાં માનવ અધિકારો અને બીજાઓની મૂળભૂત સ્વતંત્રતા માટેનો આદર સુદઢ થાય. એમાં, બાળકની ઉંમરનો અને એ સમાજમાં પુનઃ સ્થાપિત થાય અને અપેક્ષિત રચનાત્મક ભૂમિકા અપનાવે એ વાતનો ખ્યાલ રાખશે.

(2) આ ઉદ્દેશ સિદ્ધ કરવા અને આંતરરાષ્ટ્રીય સમજૂતીઓની જોગવાઈઓ અનુસાર પક્ષકાર રાજ્યો ખાસ કરીને એ વાતની કાળજી લેશે કે :

(એ) બાળકે જ્યારે અમુક કૃત્ય કરેલ હોય ત્યારે એ કૃત્ય રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ પ્રતિબંધિત ન હોય તો તેવા કૃત્યના કારણે બાળક સામે ફોજદારી કાયદાનો ભંગ કરવાનો આરોપ મૂકી શકાશે નહીં અથવા એમ કરેલ હોવાનું સ્વીકારી શકાશે નહીં.

(બી) જે બાળક સામે શિક્ષાત્મક કાયદાના ભંગનો આરોપ હોય તેને ઓછામાં ઓછી નીચે મુજબની બાંયધરીઓ ઉપલબ્ધ થશે :

1. કાયદાથી ગુનેગાર પુરવાર ન થાય ત્યાં સુધી તેને નિર્દોષ ગણવામાં આવશે.
2. તેની સામેના તહોમતની તરત જ અને પ્રત્યક્ષ અથવા યોગ્ય જણાય તો એના માતા-પિતા કે

કાયદેસરના વાલી મારફત જાણ કરશે અને બાળક પોતાના બચાવની તૈયારી અને રજૂઆત માટે કાનૂની કે અન્ય યોગ્ય સહાય મેળવવાને પાત્ર બનશે.

3. આ બબાતનો ચુકાદો સક્ષમ સ્વતંત્ર અને નિષ્પક્ષ તંત્ર અથવા ન્યાયતંત્ર દ્વારા કાનૂન પ્રમાણે વાજબી સુનાવણી કરીને વિના વિલંબે લાવવાનો રહેશે. આવી સુનાવણી કાનૂની અથવા અન્ય યોગ્ય મદદકર્તાઓ સમક્ષ તથા બાળકના હિતમાં ન હોવાનું જણાય તે સિવાય, ખાસ કરીને તેની ઉંમર કે પરિસ્થિતિ ધ્યાનમાં લીને તેના માતા-પિતા અથવા કાયદેસરના વાલીની હાજરીમાં કરવામાં આવશે.

4. જુબાની આપવાની કે ગુનાની કબૂલાત કરવાની ફરજ પાડવામાં આવશે નહીં, તેની વિરુદ્ધના સાક્ષીઓની ઉલટ તપાસ લેવા કે લેવડાવવાનો અને સમાન સંજોગોમાં પોતાના સાક્ષીઓ રજૂ કરીને તપાસવાનો અધિકાર આપવામાં આવશે.

5. બાળકે ફોજદાર કાયદાનો ભંગ કરેલ હોવાનું ઠરાવાય, તો આ ચુકાદો અને તેના પરિણામે લેવાયેલ કોઈ પગલાંની કાયદાનુસાર સક્ષમ, સ્વતંત્ર અને નિષ્પક્ષ તંત્ર અથવા અદાલતી સંસ્થા સમક્ષ સમીક્ષા કરવામાં આવશે.

6. જે ભાષાનો ઉપયોગ કરવામાં આવતોં હોય તે ભાષા બાળકસમજી શકતું ન હોય તો દૂભાષિયાની નિઃશુલ્ક મદદ આપવામાં આવશે.

7. કાર્યવાહીના તમામ તબક્કાઓએ, બાળકની અંગત ગુપ્તતાનો સંપૂર્ણપણે આદર કરવામાં આવશે.

(3) પક્ષકાર રાજ્યો, ફોજદાર કાયદાનો ભંગ કર્યાનો આરોપ હોય કે તેમ થયાનું સ્વીકારયેલ હોય, તેવાં બાળકોને ખાસ લાગુ પડે તેવા કાયદા, કાર્યપદ્ધતિ, તંત્રો અને સંસ્થાઓની સ્થાપનાને પ્રોત્સાહન આપવામાં આવશે અને ખાસ કરીને :

(એ) લઘુતમ વય મર્યાદા નક્કી કરવામાં આવશે કે જે ઉમરે બાળકો ફોજદારી કાર્યવાહીનો ભંગ કરવાની ક્ષમતા ધરાવતા હોવાનું માની શકાય નહીં.

(બી) જ્યાં યોગ્ય અને ઈચ્છનીય હોય ત્યાં ન્યાયોચિત કાર્યવાહીનો આશ્રય લીધા સિવાય આવા બાળકની સાથે કામ લેવામાં માનવ અધિકારો અને કાનૂની સલામતીઓને સંપૂર્ણ આદર આપવામાં આવશે.

(4) બાળકની સુખાકારીને અનુરૂપ તથા એના સંજોગો અને અપરાધ બંનેના પ્રમાણમાં એને સંભાળ, માર્ગદર્શન અન નિરીક્ષણના આદેશ, સલાહ, અજમાયશી ગાળો, પાલક દ્વારા સંભાળ, શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમના કાર્યક્રમો અને સંસ્થાકીય સંભાળના અન્ય વિકલ્પો બાળકોને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

કલમ - 41 આ કરારનામાથી કોઈપણ બાળક રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય કાનૂની ધોરણોની બહાર ન જવો જોઈએ.

કલમ - 42 લોકજાગૃતિ : આ કરારનામાના અધિકારોનો પક્ષકાર રાજ્યોએ બાળકો અને વયસ્કો સુધી પહોંચાડવા અને વ્યાપક પ્રચાર પ્રસાર કરવાનો રહેશે.

કલમ - 43 સમિતિનું નિર્માણ : પ્રસ્તુત કરારનામાની શરતોના અમલીકરણ બાબતો પક્ષકાર રાજ્યોએ સાધેલી પ્રગતિની ચકાસણી કરવા માટે બાળકોના અધિકારો અંગેની એક સમિતિ બનાવવામાં આવશે અને તેને સોંપાયેલી કામગીરી અદા કરશે.

કલમ - 44 રાજ્યોના અહેવાલ : પ્રસ્તુત કરારનામાના સૂચિત અધિકારો અને જોગવાઈઓ સંદર્ભ પક્ષકારો રાજ્યોએ ઉઠાવેલ કદમો અને સાધેલ પ્રગતિના અહેવાલો, તેઓ સંયુક્ત રાષ્ટ્રના સામાન્ય મંત્રી મારફત સમિતિને મોકલવાના રહેશે અને આ અહેવાલોને પોતાના દેશના સામાન્ય નાગરિકો માટે પણ ઉપલબ્ધ કરાવવાના રહેશે.

**કલમ - 45 કરારનામાનું અમલીકરણ :** નિષ્ણાંત સંસ્થાઓ અને યુનિસેફ અને અન્ય સંબંધિત સંસ્થાઓ/શાખાઓ, પોતાના કાર્યક્ષેત્રની બાબતોના અમલીકરણ સંદર્ભે પ્રતિનિધિત્વ કરવાનો અધિકાર ભોગવશે. આ બાબતો અંગે નિષ્ણાંત સલાહ સૂચનો મેળવવા માટે સમિતિ ઉપરોક્ત અથવા પોતાને યોગ્ય લાગે તે સંસ્થાઓને તે માટે આમંત્રિત કરી શકશે, તથા પ્રસ્તુત કરારનામાની શરતોના અમલીકરણ સંદર્ભે તેમનો અહેવાલ પ્રાપ્ત કરશે.

## વિભાગ-3

**કલમ - 46 સહી :** પ્રસ્તુત કરારનામું તમામ રાષ્ટ્રો માટે ખુલ્લું છે.

**કલમ - 47 મંજુરી :** પ્રસ્તુત કરારનામું મંજૂરીને આધીન છે.

**કલમ - 48 સુધારા વધારા (પુરવણી) :** આ કરારનામામાં સુધારા વધારા/પુરવણી રાજ્યો દ્વારા થઈ શકે છે.

**કલમ - 49** કરારનામાના અમલીકરણની શરૂઆત : સંયુક્ત રાષ્ટ્રના સામાયમંત્રીને કરારનામાને મંજૂર કરતાં તેના ત્રીસમા દિવસે આ કરારપત્ર અસ્તિત્વમાં આવ્યું ગણાશે.

**કલમ - 50 ફેરફાર :** સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાની સંમતિ અને 2/3 પક્ષકાર રાજ્યોની સ્વીકૃતિથી આ કરારનામામાં ફેરફાર થવાની જોગવાઈ છે.

**કલમ - 51 આરક્ષણ :** આ કરારનામાની ચોક્કસ કલમમાં આરક્ષણ કરવાની પરવાનગી પક્ષકાર રાજ્યોને છે.

**કલમ - 52 કરારનામાની અસહમતી :** આ કરારનામાની અસહમતીની અરજી સંયુક્ત રાષ્ટ્રને મળ્યાને 1 વર્ષ બાદ પક્ષકાર રાજ્યો તે અમલમાં લાવી શકે.

**કલમ - 53 નિક્ષેપી :** આ કરારનામાના નિક્ષેપી તરીકેનો હોદ્દો સંયુક્ત રાષ્ટ્રના સામાન્ય મંત્રી ધારણ કરશે.

**કલમ - 54 પ્રમાણભૂત પત્ર :** આ કરારનામાની અરેબિક, ચીની, અંગ્રેજી, ફ્રેંચ, રુસી અને સ્પેનિશ ભાષાના પત્રો પ્રમાણભૂત છે.

### (14) રાષ્ટ્રીય બાળ નીતિ

ભારત સરકાર તા. 22 ઓગસ્ટ 1974ના રોજ રાષ્ટ્રીય બાળ નીતિ જાહેર કરેલ છે.

**પ્રસ્તાવના :**

1. રાષ્ટ્રનાં બાળકો એક સર્વોચ્ચ મહત્ત્વપૂર્ણ સંપત્તિ છે. તેમની દેખભાળ અને ચિંતા કરવાની આપણી જવાબદારી છે. માનવ સંસાધન વિકાસ માટે આપણી રાષ્ટ્રીય યોજનાઓમાં બાળકોના કાર્યક્રમોને મુખ્ય સ્થાન મળવું જોઈએ કે જેથી આપણાં બાળકો તંદુરસ્ત નાગરિક બને, શારીરિક રીતે સક્ષમ, માનસિક રીતે સજાગ અને નૈતિક રીતે સ્વસ્થ બને. આપણું લક્ષ્ય એ હોવું જોઈએ કે તેમને આ ગાળામાં તમામ બાળકોને વિકાસ માટે સમાન તક મળે. કેમ કે આનાથી અસમાનતા ઓછી કરવા અને સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવાનો આપણો વિશેષ વ્યાપક ઉદ્દેશ પૂર્ણ થશે.
2. બાળકોની જરૂરિયાતો અને તેમના તરફની આપણી જવાબદારી બંધારણમાં નિર્દિષ્ટ કરાયેલ છે. સંસદે સંસાધનોનો વિવેકપૂર્વક અને કુશળ ઉપયોગથી આ દસ્તાવેજમાં નિર્દિષ્ટ કરાયેલ લક્ષ્ય સિદ્ધ કરી શકાય છે. આ લક્ષ્યો ધ્યાનમાં રાખીને ભારત સરકારે રાષ્ટ્રીય બાળનીતિ બાબતમાં નીચે મુજબ ઠરાવેલ છે.

**નીતિ અને ઉપાય :**

3. બાળકોના પૂર્ણ શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ સુનિશ્ચિત કરવા માટે, તેમનાં જન્મ પૂર્વ અને ત્યારબાદ તેમના સમગ્ર વિકાસગાળા દરમ્યાન પૂરતી સેવાઓ આપવાની

રાજ્યની નીતિ રહેશે. રાજ્ય આવી સેવાઓનું કાર્યક્ષેત્ર હંમશાં વધારતું રહેશે જેથી યોગ્ય સમયગાળા દરમ્યાન દેશના તમામ બાળકોને તેમના સંતુલિત વિકાસ માટે સર્વોત્તમ પરિસ્થિતિ પ્રાપ્ત થાય. આ ઉદ્દેશો સર કરવા માટે ખાસ કરીને, નીચેના ઉપાયો કરવામાં આવશે :-

(i) તમામ બાળકોને એક વ્યાપક આરોગ્ય કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવશે.

(ii) બાળકોના ખોરાકમાં ખામી દૂર કરવા માટે પોષણ સેવાઓ આપવા માટેના કાર્યક્રમો ચલાવવામાં આવશે.

(iii) સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવનાર માતાઓનાં સામાન્ય સ્વાસ્થ્યમાં સુધારો, તેમની સારસંભાળ, પોષણ તેમજ તેમને પોષણની બાબતમાં શિક્ષિત કરવા માટેના કાર્યક્રમો ચલાવવામાં આવશે.

(iv) રાજ્ય 14 વર્ષની વય સુધીનાં બાળકો માટે નિઃશૂલ્ક અને ફરજિયાત શિક્ષણ માટે યોગ્ય ઉપાય કરશે અને રાષ્ટ્રીય સાધનોની પ્રાપ્યતા અનુસાર આ કાર્ય માટે સમયબદ્ધ કાર્યક્રમ ચલાવવામાં આવશે. શાળાઓમાં આ સમયે બાળકોની, ખાસ કરીને છોકરીઓ અને નબળા વર્ગના બાળકો માટે, જે બરબાદી અને તેમના વિકાસમાં સ્થગિતતા આવેલ હોય છે, તે ઘટાડવાનો ખાસ પ્રયાસ કરવામાં આવશે. આવા વર્ગોનાં બાળકો શાળાએ જવાનું શરૂ કરે તે અગાઉ તેમને અનૌપચારિક શિક્ષણ આપવાનો કાર્યક્રમ ચલાવવામાં આવશે.

(v) જે બાળકો ઔપચારિક શાળા - શિક્ષણનો પૂરો લાભ ઉઠાવી શકવાની સ્થિતિમાં ન હોય, તેમની જરૂરિયાતોને અનુરૂપ શિક્ષણની અન્ય રીતો ઉપલબ્ધ કરાવવી જોઈએ.

(vi) શાળાઓ, સામૂહિક કેન્દ્રો અને આવી જ અન્ય સંસ્થાઓમાં શારીરિક સ્વાસ્થય શિક્ષણ, રમતગમત અને અન્ય મનોરંજક તથા સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવામાં આવશે.

(vii) તકોની સમાનતા સુનિશ્ચિત કરવા માટે નબળા વર્ગો જેવાં કે અનુસૂચિત જનજાતિઓનાં બાળકો અને ગામો અને શહેરોમાં આર્થિક રીતે નબળા વર્ગોને વિશેષ મદદ આપવામાં આવશે.

(vii) વિષય સામાજિક પરિસ્થિતિઓમાં ગુનેગાર બનેલ, ભીખારી બનવાને મજબૂર અને અન્ય તકલીફો વચ્ચે જીવન ગુજારી રહેલ બાળકોના શિક્ષણ, તાલીમ અને પુનર્વસવાટ કરવામાં આવશે અને દેશના ઉપયોગી નાગરિક બનવા માટે તેમને મદદ કરવામાં આવશે.

(ix) બાળકોને ઉપેક્ષા, ક્રૂરતા અને શોષણથી બચાવવા માટે સુરક્ષિત કરવામાં આવશે.

(x) ચૌદ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોને જોખમી કામોમાં જોડવાની રજા આપવામાં આવશે નહીં કે તેમની પાસે ભારે કામ કરાવવામાં આવશે નહીં.

(xi) શારીરિક રીતે વિકલાંગ, સંવેદનાની રીતે ઉદ્વેગ પામેલ અને મંદ બુદ્ધિનાં બાળકો માટે ખાસ સારવાર, શિક્ષણ, પુનર્વસવાટ અને દેખરેખની વ્યવસ્થા કરવામાં આવશે.

(xii) આફતો અને રાષ્ટ્રીય કટોકટીના પ્રસંગે રાહત સહાય આપવામાં બાળકોને પ્રાથમિકતા આપવામાં આવશે.

(xiii) અત્યંત પ્રતિભાશાળી બાળકો, ખાસ કરીને નબળા વર્ગોના આવાં બાળકોની માહિતી મેળવીને, પ્રોત્સાહન આપવાની અને તેમની મદદ કરવા માટેના ખાસ કાર્યક્રમો ચલાવવામાં આવશે.

(xiv) વર્તમાન કાનૂનોમાં એ પ્રકારના સુધારાવધારા કરવામાં આવશે કે જેથી તમામ પ્રકારની કાનૂની તકરારોમાં, ભલો તે માતા-પિતા વચ્ચે હોય કે સંસ્થાઓ વચ્ચે હોય, બાળકોનાં હિત પર સૌથી વિશેષ ધ્યાન આપવામાં આવશે.

(xv) બાળકો માટે વિવિધ સેવાઓના આયોજનમાં કૌટુંબિક સંબંધોને મજબૂત બનાવવાની દિશામાં પ્રયત્ન કરવામાં આવશે, જેથી સામાન્ય કુટુંબ, અડોસ-પડોસ અને સમૂહના વાતાવરણમાં બાળકોની ક્ષમતાઓનો પૂર્ણ વિકાસ થઈ શકે.

**કાર્યક્રમ બનાવવામાં પ્રાથમિકતા :**

4. વિભિન્ન ક્ષેત્રોમાં કાર્યક્રમ બનાવવામાં આ ક્ષેત્રો સાથે સંલગ્ન કાર્યક્રમોને પ્રાથમિકતા આપવામાં આવશે.

(ક) બાળકોના સ્વાસ્થ્ય સાથે સંલગ્ન, રોગ નિવારણ અને બહેતર સ્વાસ્થ્ય ઉપાયોને પ્રોત્સાહન.

(ખ) શાળાએ જવાનું શરૂ થતાં પહેલાં બાળકો અને શિશુનાં પોષણની સાથે સગર્ભા મહિલાઓ અને સ્તનપાન કરાવનાર માતાઓના પોષણનો કાર્યક્રમ.

(ગ) અનાથ બાળકોની સારસંભાળ, શિક્ષણ અને તાલીમની વ્યવસ્થા,

(ઘ) વ્યાવસાયિક અથવા બીમાર માતાઓનાં બાળકોની સારસંભાળ માટે ઘોડિયાં ઘર તથા અન્ય સવલતો.

(ઙ) વિકલાંગ બાળકો માટે સારસંભાળ, શિક્ષણ, તાલીમ અને પુનર્વસવાટની વ્યવસ્થા.

**રાષ્ટ્રીય બાળ મંડળની રચના :**

5. પાછલા બે દસકોમાં આપણે ઉપર્યુક્ત બાબતોમાં સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં ઘણી પ્રગતિ કરેલ છે. સ્વાસ્થ્ય, પોષણ, શિક્ષણ અને કલ્યાણ પ્રવૃત્તિઓનો નોંધપાત્ર વિસ્તાર થયો છે. આ પણ જીવન-ધોરણ ઊંચું બન્યું છે, ત્યાં આડકતરી રીતે કેટલાંક અંશે બાળકોની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ થયેલ છે. પરંતુ તમામ કામ માટે એવું કેન્દ્રબિંદુ અને મંચ હોવો જરૂરી છે. જેના માધ્યમથી બાળકોની જરૂરિયાતો પૂરી કરવમાં જોડાયેલ વિભિન્ન સેવાઓનું નિયોજન, સમીક્ષા અને સમન્વય થઈ શકે. આવું જ કેન્દ્રબિંદુ ઉપલબ્ધ કરાવવા તથા વિભિન્ન સ્તરો પર તમામ આવશ્યક સેવાઓનું નિરંતર નિયોજન, સમીક્ષા અને સમન્વય સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય બાળ મંડળ રચનામાં આવશે. રાજ્ય સ્તરે પણ આવા વિવિધ મંડળો બનાવી શકાય છે.

**સ્વયંસેવી સંગઠનોની ભૂમિકા :**

6. સરકાર એવો પ્રયત્ન કરશે કે જેથી બાળ કલ્યાણ કાર્યક્રમો માટે પૂરતાં સાધનો જોડાય અને યોગ્ય યોજનાઓ ચલાવવામાં આવે.. તેની સાથે-સાથે, બાળ કલ્યાણ ક્ષેત્રમાં કાર્યરત સ્વયંસેવી સંગઠનોને, પોતાની મેળે, અથવા સરકારી મદદથી, શિક્ષણ, સ્વાસ્થ્ય, મનોરંજન અને સામાજિક કલ્યાણ સેવાઓના વિકાસની તક મળતી રહે. ભારતમાં સ્વયંસેવી કાર્યની પરંપરા રહી છે, રાજ્યનો પ્રયાસ તથા સ્વયંસેવી પ્રયાસ એકબીજાનાં પૂરક બની શકે. બાળ-કલ્યાણ કાર્યક્રમોને ઉત્તેજન આપવા માટે તથા તેના વિકાસ માટે સ્વયંસેવી સંગઠનો, કલ્યાણકારી તથા ધાર્મિક સંસ્થાઓનાં સંસાધનોનો દરેક રીતે ઉપયોગ કરવામાં આવશે.

**વૈધાનિક અને વહીવટી ઉપાય :**

7. આ ઉદ્દેશોની પૂર્તિ માટે રાજ્ય જરૂરી વૈધાનિક તથા વહીવટી સહાય ઉપલબ્ધ કરાવશે. વિસ્તારવામાં આવી રહેલ કાર્યક્રમોની જરૂરિયાતો પૂરી કરવા તથા સેવાઓની કાર્યક્ષમતા વધારવા માટે સંશાધન કાર્ય તથા કાર્યકરોના તાલીમની સુવિધાઓનો વિકાસ કરવામાં આવશે.

**જનતાની ભાગીદારી :**

8. ભારત સરકારને એ વિશ્વાસ છે કે આ દસ્તાવેજમાં નિર્દિષ્ટ કરાયેલ નીતિને સમાજના તમામ વર્ગો તથા બાળકો માટે કામ કરી રહેલ તમામ સંગઠનોનું સમર્થન અને સહયોગ મળશે. આ ઉદ્દેશોની પૂર્તિ માટે પોતાની ભાગીદારી નિભાવવા માટે ભારત સરકાર પોતાના નાગરિકો અને સ્વયંસેવી સંગઠનોને અપીલ પણ કરે છે.

## (15) બાળકો અને કાનૂની કાર્યવાહીઓ (Children and Legal Proceedings)

ભારતમાં દીવાની કાર્યવાહી પદ્ધતિ હેઠળ સગીર દાવો કરવાને અસમર્થ ગણાય છે. સગીર એટલે એવી વ્યક્તિ કે જેણે 18 વર્ષ પૂરાં કર્યા નથી. વળી જેના શરીર કે મિલકત કે બંને માટે અદાલત દ્વારા વાલીની નિયુક્તિ કરવામાં આવી હોય ત્યારે સગીર એટલે એવી વ્યક્તિ કે જેણે 21 વર્ષ પૂરાં ન કર્યા હોય. સગીર વતી દાવો દાખલ કરવા અંગે દીવાની કાર્યવાહી પદ્ધતિના ઓર્ડર 32 રૂલ 1માં જોગવાઈ કરવામાં આવેલ છે. જે મુજબ સગીરનો દરેક દાવો તેના ઈષ્ટમિત્ર (Next Friend) તરફથી દાખલ થવો જોઈએ. જો કે ઈષ્ટમિત્ર દાવામાં પક્ષકાર તરીકે ગણાય નહીં.

જ્યારે સગીર દાવો દાખલ કરે અથવા સગીર વતી તેના ઈષ્ટમિત્ર વિના દાવો કરવામાં આવે ત્યારે પ્રતિવાદી તે દાવો દફતરેથી દૂર કરવા માટે અને સગીરના વકીલ અથવા આવો દાવો રજૂ કરનાર વ્યક્તિ પાસેથી તેનું ખર્ચ મેળવવા અદાલતને અરજી કરી શકે. આ અરજી પર અદાલત વાંધાઓ સાંભળ્યા બાદ હુકમ કરે છે. સગીર ઈષ્ટમિત્ર સિવાય દાવો કરે તો તે અનિયમિતતા છે અને તેનાથી દાવો ગેરકાયદેસર બનતો નથી. જો દાવો ઈષ્ટમિત્ર સિવાય દાખલ કરવામાં આવ્યો હોય અને પ્રતિવાદી હુકમનામું થતાં સુધી તે અંગે કોઈ વાંધો ન ઉઠાવે, તો પાછળથી તે આવો વાંધો લઈ શકે નહીં. જ્યારે સગીરે ઈષ્ટમિત્ર સિવાય દાવો દાખલ કરેલ હોય ત્યારે અદાલત દાવો નકારવાને બદલે દાવાની રજૂઆત ઈષ્ટમિત્ર મારફત થાય તે માટે સગીરને પૂરતો સમય આપશે.

**જ્યારે ઈષ્ટમિત્ર :-**

(1) સગીરથી વિરુદ્ધનું હિત ધરાવતો હોય, અથવા

(2) ઈષ્ટમિત્ર પ્રતિવાદી સાથે એવો સંબંધ ધરાવતો હોય કે જેનાથી ઈષ્ટમિત્ર સગીરના હિતનું રક્ષણ કરે એવો સંભવ ન હોય, અથવા

(3) ઈષ્ટમિત્ર પોતાની ફરજ બજાવતો ન હોય અથવા

(4) કોઈ પૂરતા કારણથી, ઈષ્ટમિત્રને દૂર કરવાની અરજી પ્રતિવાદી અથવા સગીર વતી કરી શકાય. અદાલતને એમ લાગે કે ઈષ્ટમિત્રને દૂર કરવા પૂરતું કારણ છે તો અદાલત ઈષ્ટમિત્રને દૂર કરવાનો હુકમ કરશે.

જ્યારે કોઈ દાવામાં સગીર પ્રતિવાદી તરીકે હોય ત્યારે પ્રતિવાદી સગીરનું દાવામાં યોગ્ય પ્રતિનિધિત્વ થાય તે જોવાની અદાલતની ફરજ છે. અદાલતને પ્રતિવાદીની સગીરાવસ્થાની ખાતરી થાય એટલે અદાલતે દાવાના હેતુ માટે વાલી (guardian and litem) ની નિયુક્તિ કરવી જોઈએ. આવા વાલી વગર જો દાવામાં હુકમનામું થાય તો તે વ્યર્થ છે. આવું હુકમનામું સગીરને બંધનકારક નથી. સગીરનો કુદરતી વાલી દાવામાં સગીરના વાલી તરીકે કામ કરવાની કોઈ જવાબદારી હેઠળ નથી.

સગીર પ્રતિવાદીના વાલી તરીકે કોઈની નિયુક્ત કરવા માટે વાદી પણ અરજી કરી શકે છે. વાદીએ અરજી સાથે પોતાનું સોગંદનામું જોડવું જોઈએ. વાદીએ જો કોઈ વ્યક્તિનું નામ વાલી તરીકે સૂચવેલ હોય તો તેણે જણાવવું જોઈએ કે સૂચિત વાલીને દાવાની તકરારમાં કોઈ હિત નથી. આવી અરજીની નોટિસ સગીરના વાલીને આપવામાં આવશે ને તેમના વાંધાઓ સાંભળ્યા બાદ અદાલત નિર્ણય આપશે.

અદાલત સગીર પ્રતિવાદીના વાલી તરીકે, જે વ્યક્તિની નિયુક્તિ કરે તે વ્યક્તિ તે દાવો, તે સામેની અપીલ કે રીવિઝનમાં વાલી તરીકે કામ કરશે સિવાય કે તેની નિમણૂક રદ કરવામાં આવે અથવા તે નિવૃત્ત થાય અથવા તેનું અવસાન થાય અથવા તેને દૂર કરવામાં આવે. આવો વાલી દાવાનો પક્ષકાર નથી. તે સગીર વતી દાવાનો બચાવ કરે છે.

સગીરના ઈષ્ટમિત્ર કે સગીરના વાલી તરીકે રહેનાર વ્યક્તિ સ્વસ્થ મનની અને પુખ્તવયની હોવી જોઈએ, જ્યારે સગીરના વાલીની નિમણૂંક સક્ષમ સત્તાએ કરી હોય ત્યારે તે વ્યક્તિ સગીરના વાલી તરીકે કામ કરશે, પરંતુ જો અદાલતને એમ લાગે કે સગીરના હિત માટે અન્ય કોઈ વ્યક્તિની નિયુક્તિ જરૂરી છે તો અદાલત બીજી કોઈ વ્યક્તિની નિયુક્તિ કરે છે અને તેના કારણોની નોંધ કરશે. કોઈ વ્યક્તિની લેખિત સંમતિ સિવાય તેની સગીરના વાલી તરીકે નિયુક્તિ કરી શકાય નહીં, જ્યારે કોઈ વ્યક્તિ સગીરના વાલી તરીકે રહેવા ખુશી ન હોય તો અદાલત તેના અધિકારની નિયુક્તિ કરી શકે છે.

સગીરનો ઈષ્ટમિત્ર કે વાલી હુકમનામું કે હુકમ થયા પહેલાં અથવા સગીરની તરફેણમાં હુકમનામું કે હુકમ થયા પછી, સગીર વતી સમાધાનમાં અદાલતની પરવાનગી સિવાય પૈસા અથવા જંગમ મિલકત મેળવી શકતાં નથી.

સગીરના વાલીને જો નિવૃત્ત થવું હોય, તો તે પોતાની જગ્યાએ યોગ્ય વ્યક્તિની નિયુક્તિ કર્યા સિવાય અને થયેલ ખર્ચની જામીનગીરી આપ્યા સિવાય નિવૃત્ત થઈ શકે નહીં, સિવાય કે અદાલતે વિરુદ્ધનો હુકમ કર્યો હોય. જો સગીરનો વાલી પોતાની ફરજ બજાવતો ન હોય તો અદાલત તેને દૂર કરી શકે.

**(16) બાળમજૂરી (નિષેધ અને નિયમન) અધિનિયમ, 1986**

**(The Child Labour (Prohibition and Regulation) Act, 1986**

**પ્રાસ્તાવિક :**

મોટેભાગે માનવજાતિના ઉદય સાથે જ બાળમજૂરી પણ શરૂ થઈ છે. ખેતીકામમાં તો બાળમજૂરી પ્રચલિત હતી જ, પરંતુ ઔદ્યોગિક ક્રાંતિ પછી બાળમજૂરીનું દૂષણ વધુ વિસ્તર્યું. ઈ.સ. 1924માં આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનની સ્થાપના થઈ. બાળમજૂરો અને તેમના પ્રશ્નો વિશે સૌ પ્રથમવાર ઈ.સ. 1924માં આંતરરાષ્ટરીય મજૂર સંગઠન (ILO) એ વિચારવાનું શરૂ કર્યું. 26.09.1924ના દિવસે જીનેવા જાહેરનામું સ્વીકારાયું. બીજા વિશ્વયુદ્ધ પછી 1959માં યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભાએ બાળકોના અધિકારો અંગેનું દસ મુદ્દાનું જાહેરનામું બહાર પાડ્યું. આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠને અનેક સમજૂતીઓ અને ભલામણો સ્વીકાર્યા. આવી એક સમજૂતીમાં ઠરાવાયું કે 14 વર્ષથી નીચેની વયના બાળકોને કોઈપણ કારખાના કે ખાણ કે ભયજનક કામ માટે રાખવા નહીં. ભારતે પણ આ સમજૂતી સ્વીકારી.

ભારતમાં સૌ પ્રથમવાર 1881માં કારખાના અંગેનો કાયદો, (The Factory Act, 1881) પસાર થયો. આ કાયદામાં બાળકો માટે નીચે મુજબની જોગવાઈઓ હતી.

1. સાત વર્ષથી નીચેના વયના બાળકને કોઈપણ કારખાનામાં કામ પર રાખી શકાશે નહીં.

(2) સાત વર્ષથી બાર વર્ષ સુધીના બાળકને એક કલાકની રિસેસ સાથે દિવસમાં ફક્ત નવ કલાક જ કામ કરાવી શકાશે.

(3) બધા જ બાળકોને અઠવાડિયામાં એક દિવસ રજા આપવાની રહેશે.

ફરીથી 1891માં કારખાના અંગેના કાયદામાં સુધારા થયા ને બાળકની લઘુતમ વયમર્યાદા નવ વર્ષની કરવામાં આવી ને કાયદાનો વ્યાપ વધારાયો.

ઈ.સ. 1911માં ફરીથી સુધારા કરી,

1. બાળકોનો કામનો સમય અડધા કલાકની રિસેસ સાથે છ કલાક થયો.
2. બાળકોને રાત્રે કામ કરવા પર પ્રતિબંધ મુકાયો.
3. કાયદાનો વ્યાપ વધારી મોસમી કામધંધાને પણ આ કાયદો લાગુ પડાયો.
4. કાયદામાં બાળકોના આરોગ્ય, સલામતી અને રક્ષણ અંગે પણ જોગવાઈ કરવામાં આવી.

1934માં ફરીથી કાયદામાં સુધારા થયાં, 1948માં કાયદામાં સુધારો કરી 14 વર્ષથી નીચેની વયના બાળકને કારખાનામાં કામ કરવા પર પ્રતિબંધ મુકાયો. વળી કારખાનામાં બાળકને કામે રાખતાં પહેલાં તે બાળક કારખાનામાં કામ કરવા સક્ષમ છે એવું પ્રમાણપત્ર લેવાનું ફરજિયાત બનાવાયું. બાળકોના રક્ષણ માટે બીજા પણ અનેક કાયદાઓ થયાં જેવાં કે, ખાણોનો કાયદો, (Mines Act), Plantation Labour Act, વગેરે. બાળમજુરીના સંદર્ભમાં મહત્ત્વનો કાયદો, Employment of Children Act, 1938 ઘડાયો, આ કાયદાથી કયા કયા કામો માટે બાળકોને કામે રાખી શકાય, તે કામો માટે બાળકોની લઘુતમ વયમર્યાદા વગેરે ઠરાવાયું. વળી આ કાયદાની જોગવાઈઓનો ભંગ કરનાર માટે શિક્ષાની પણ જોગવાઈ કરવામાં આવી. આ કાયદામાં પણ વખતોવખત સુધારાઓ થતાં રહ્યાં.

21 ડિસેમ્બર 1976માં મળેલ યુનોની સામાન્ય સભાએ 1979ના વર્ષને આંતરરાષ્ટ્રીય બાળવર્ષ તરીકે ઉજવવાનું વળી બાળકોને જેમાં કામ માટે રાખવામાં આવતાં હોય ત્યાં બાળકોના કામ સ્થળ, સ્થિતિ, કામનો પ્રકાર વગેરે માટે પણ કોઈ જોગવાઈ ન હતી. આથી બાળમજૂરી ઉપર પ્રતિબંધ, બાળકોને કયા કામ માટે રાખી શકાય, આવા કામના સ્થળે બાળકો માટેની વ્યવસ્થા, બાળકોને કામ રાખવા પર પ્રતિબંધ હોય ત્યાં જો બાળકોને કામે રાખવામાં આવ્યા હોય તો તેને માટેની શિક્ષા વગેરેને લગતો કાયદો લાવવાનું વિચારાયું ને 22મી ઓગસ્ટ 1986 એ રાજ્યસભામાં બાળમજૂરી (નિષેધ અને નિયમન) બીલ રજૂ થયું જેને 26મી મે 1993થી The Child Labour (Prohibition and Regulation) Act, 1986 તરીકે સમગ્ર ભારતમાં અમલી બનાવાયો.

**વ્યાખ્યાઓ :**

**બાળક (Child) :** ''બાળક એટલે એવી વ્યક્તિ કે જેણે14 વર્ષની ઉંમર પૂરી કરી ન હોય.''

**સંસ્થા (Establishment) :** સંસ્થામાં ખેતર, દુકાન, વ્યાપારી સંસ્થા, કાર્યસ્થળ, નિવાસ માટેની હોટલ, રેસ્ટોરન્ટ, વીશી, થિયેટર અથવા જાહેર આનંદ કે મનોરંજન માટેના સ્થળનો સમાવેશ થાય છે.

**કબજેદાર (Occupier) :** કોઈ સંસ્થા અથવા કાર્યસ્થળના સંબંધમાં કબજેદાર એટલે તે સંસ્થા કે કાર્યસ્થળની આખરી બાબતો પર જેનું નિયંત્રણ હોય તે વ્યક્તિ.

**કારખાનું (Workshop) :** કારખાનું એટલે સીમાક્ષેત્ર સહિત એવું કોઈ પ્રાંગણ કે જ્યાં કોઈ ઔદ્યોગિક પ્રક્રિયા કરવામાં આવતી હોય પરંતુ એમાં એવી જગ્યાનો સમાવેશ થતોં નથી કે જેનો તત્સમય પૂરતે કારખાનાનો કાયદો (The Factory Act) 1948ની કલમ 67ની જોગવાઈ લાગુ પડતી હોય.

**કેટલાંક ધંધાઓ તથા પ્રક્રિયાઓમાં બાળકોને કામ પર રાખવામાં પ્રતિબંધ (Prohibition of employment of Children in Certain Occupations and Processes) :**

નીચે દર્શાવેલ ધંધાઓમાં કોઈપણ બાળકને કામ માટે નોકરીએ રાખી શકાતો નથી કે રાખવાની મંજૂરી આપવામાં આવતી નથી.

ધંધાઓ કે જેમાં બાળકને કામ માટે રાખી શકાતાં નથી :

કોઈપણ ધંધો કે જેનો સંબંધ નીચેના સાથે હોય.

(1) મુસાફરો, માલસામાન કે ટપાલનું રેલવે દ્વારા પરિવહન

(2) રેલવેની જગ્યામાં અંગાર વીણવાના કે રાખના ખાડા સાફ કરવાના કે બાંધકામના કામમાં.

(3) રેલવે સ્ટેશને ખાદ્યપદાર્થો વેચતી સંસ્થામાં કે જ્યાં વેચનાર કે સંસ્થાના બીજા કોઈ નોકરે એક પ્લેટફોર્મ ઉપરથી બીજા ઉપર કે ચાલતી ટ્રેનમાં ચઢવાનું કે ઉતરવાનું હોય.

(4) રેલવે સ્ટેશનના બાંધકામના કામમાં કે બીજા કોઈ કામમાં કે જે રેલવેલાઈનની તદ્દન નજીકમાં જ કે રેલવેના પાટાની વચમાં કરવાનું હોય.

(5) કોઈ બંદરની હદમાં કોઈ બંદરની સત્તાને લગતું કામ.

(6) કામચલાઉ પરવાનો ધરાવતી હોય તેની દુકાનમાં ફટાકડા અને દારૂખાનું વેચવાનું કામ.

(7) કતલખાના.

કોઈપણ કારખાના કે જેમાં નીચે દર્શાવેલ પ્રક્રિયાઓ કરવામાં આવતી હોય ત્યાં બાળકોને કામે રાખી શકાતાં નથી કે રાખવાની મંજૂરી અપાતી નથી, પરંતુ જો કોઈ કારખાનામાં કબજેદાર દ્વારા તેના કુટુંબની મદદથી કોઈ પ્રક્રિયા કરવામાં આવતી હોય ત્યાં અથવા સરકારે સ્થાપેલી માન્ય થયેલી કે સરકારની સહાયથી ચાલતી શાળાને આ જોગવાઈ લાગુ પડતી નથી.

પ્રક્રિયાઓ કે જેમાં બાળકોને કામે રાખી શકાતાં નથી.

1. બીડી બનાવવી
2. શેતરંજી બનાવવી
3. સિમેન્ટનું ઉત્પાદન, સિમેન્ટને થેલીમાં ભરવાનું
4. કાપડ છાપવાનું, રંગવાનું તેમજ વણવાનું
5. દિવાસળી, સ્ફોટક પદાર્થો અને ફટાકડાના ઉત્પાદનના, પરંતુ ઉત્પાદનથી દૂરના સ્થળે પેકીંગના કામમાં રાખી શકાય.
6. અબરખને કાપવાનું અને છૂટો પાડવાનું
7. લાખ ઉત્પાદનનું
8. સાબુ ઉત્પાદનનું
9. ચામડાં કપાવવા
10. ઉન સાફ કરવાનું
11. મકાન બાંધવું અને બાંધકામના કામમાં
12. સ્લેટ, પેન્સિલો તેને પેક કરવા સાથે બનાવવાનું
13. અકીકનું વસ્તુઓનું ઉત્પાદન
14. ઝેરી ધાતુઓ અને પદાર્થો જેવાંકે, સીસું, પારો, મેંગેનીઝ, ક્રોમિયમ, કેડિયમ, બેન્ઝીન, જંતુ મારવાની દવાઓ અને એસબેસ્ટોસ વાપરવામાં આવે તેવી ઉત્પાદનની પ્રક્રિયાઓ.
15. કારખાનાનો કાયદો 1948ની કલમ 2 (સીબી)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની ભયજનક કે જોખમકારક પ્રક્રિયાઓ અને તે જ કાયદાની કલમ 87 હેઠળ બનાવેલાં નિયમોમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેના ભયજનક કાર્યો
16. કારખાનાનો કાયદો, 1948ની કલમ 2(કે) (iv)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું છાપકામ
17. કાજુ ઉપર પ્રક્રિયા કરવાનું કામ
18. ઈલેક્ટ્રોનિક ઉદ્યોગોમાં રેણ (Soldering) કરવાની પ્રક્રિયા

**ભારત સરકારનું તા. 10.10.2006નું જાહેરનામું :**

બાળ મજૂરી (નિષેધ અને નિયમન) અધિનિયમ, 1986ની જોગવાઈ મુજબ તેના પરિશિષ્ટના ભાગ ક માં જણાવેલ 13 વ્યવસાયો અને 57 પ્રક્રિયાઓમાં બાળ શ્રમિકોને કામે રાખવા પર પ્રતિબંધ છે. ભારત સરકારે હાલમાં અમલમાં રહેલ સદર કાયદામાં વધુ બે વ્યવસાયો (1) ઘરેલુ વ્યવસાયોમાં આવતાં બાળ શ્રમિકો અને (2) રસ્તા પરના ધાબા, રેસ્ટોરન્ટ, હૉટલ્સ, મૉટેલ્સ, ચાની દુકાન, રિસોર્ટ્સ, તેમજ અન્ય મનોરંજનના વ્યવસાયમાં 47 વર્ષથી નીચેની વયનાં બાળકોને કામે રાખવા પર પ્રતિબંધ મૂકેલ છે. ભારત સરકારના આ જાહેરનામાનો અમલ તા. 10.10.2006થી કરવાનો છે.

બાળ શ્રમિક હોવા પાછળનું મુખ્ય કારણ ગરીબી છે. આ સમસ્યા સામાજિક તેમજ આર્થિક પ્રકારની છે. ભારત સરકારે કાયદામાં કરેલ સુધારાના કારણ બાળ મજૂરીના પ્રશ્નના નિવારણનું કાર્યક્ષેત્ર વ્યાપક થઈ શકે.બાળ શ્રમિકોની ઉંમર ભણવાની અને રમવાની છે. તેઓના પુનર્વસનના હેતુસર તેઓને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લઈ જવાના છે. નવા સુધારા મુજબ સમાજના દરેક ક્ષેત્રમાં કામ કરતાં બાળ શ્રમિકોને કાયદા હેઠળ આવરી લેવાયા છે. બંધારણ અનુચ્છેદ 24 થી બાળ મજૂરી પર પ્રતિબંધ મૂકાયેલ છે.રીટ પીટીશન નં. 465/1986માં સર્વોચ્ચ અદાલતે આ વિચારનું સમર્થન કરેલ છે. તેથી સમગ્ર રાજ્યમાંથી સદર કાયદા હેઠળ પ્રતિબંધિત કોઈપણ વ્યવસાયમાંથી બાળ શ્રમયોગીઓને શોધવાની તથા તેમને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવાની જરૂર છે.

**બાળકોની કામની સ્થિતિનું નિયમન (Regulation of conditions of work of children) :**

આ કાયદા દ્વારા પ્રતિબંધિત કર્યા સિવાયના બીજા કોઈ ધંધા કે પ્રતિક્રિયામાં બાળકને કામે રાખી શકાય છે. બાળકના કામના કલાકો આ કાયદાની કલમ-7ની જોગવાઈથી નિયત કરવામાં આવેલાં કલાકોથી વધારે રાખી શકાતાં નથી. વળી કામનો સમય એવી રીતે નક્કી કરવાનો રહે છે કે કોઈપણ સમયે તે ત્રણ કલાકથી વધુ કામ કરશે નહીં. બાળકના કામનો સમય એવી રીતે ગોઠવવાનો રહે છે કે તેનો આરામ સાથેનો સમય સહિત છ કલાકથી વધુ ન થાય અને તેમાં કોઈપણ દિવસે કામ મેળવવા માટે રાહ જોવાના સમયનો પણ સમાવેશ થાય છે. વળી બાળક પાસે સાંજના સાત વાગ્યાથી સવારના આઠ વાગ્યા વચ્ચેના સમયમાં કામ કરાવી શકાતું નથી. વળી કોઈપણ બાળક પાસે ઓવરટાઈમ કરાવી શકાતો નથી તેમજ જો કોઈ બાળક એક સંસ્થામાં જે દિવસે કામ કરતો હોય તે દિવસે બીજી કોઈ સંસ્થામાં કામ કરવા દેવાશે નહીં. વળી દરેક બાળકને અઠવાડિયે એક આખા દિવસની રજા આપવાની રહે છે. આ રજાની દિવસની જાહેરાત તે સંસ્થાના કબજેદારે સંસ્થામાં નજરે ચઢી આવે તેવા સ્થળે કાયમ માટે કરવાની રહે છે. રજાના દિવસનો ફેરફાર કબજેદાર ત્રણ માસમાં વધુમાં વધુ એકવાર કરી શકે છે.

આ કાયદો અમલમાં આવ્યો તે પહેલાં જો કોઈ સંસ્થામાં બાળકને કામે રાખવામાં આવેલું હોય. તો તે સંસ્થાના કબજેદાર, આ કાયદો અમલમાં આવ્યાનો ત્રીસ દિવસમાં તેની સંસ્થાને જે ઈન્સ્પેકટરની સ્થાનિક હકૂમતમાં આવતી હોય તે ઈન્સ્પેકટરને નીચેની વિગતો સાથેની એક નોટિસ આપવાની રહે છે :-

1. સંસ્થાનું નામ
2. સંસ્થાનો વાસ્તવિક વહીવટ જેની પાસે છે તે વ્યક્તિનું નામ
3. સંસ્થાનું પત્રવ્યવહારનું સરનામું
4. સંસ્થામાં કરવામાં આવતોં ધંધો કે પ્રક્રિયાનું સ્વરૂપ

જો કોઈ સંસ્થા આ કાયદો અમલમાં આવ્યા બાદ કોઈ બાળકને પોતાની સંસ્થામાં કામે રાખે તો કામે રાખ્યાની તારીખથી ત્રીસ દિવસના સમયમાં ઉપર મુજબની નોટિસ તે સંસ્થા જે ઈન્સ્પેકટરની સ્થાનિક હકૂમતમાં આવેલી હોય તેને આપવાની રહેશે. પરંતુ જો સંસ્થાના કબજેદાર દ્વારા પોતાના કુટુંબની સહાયથી કોઈ પ્રક્રિયા સંસ્થામાં ચલાવાતી હોય તેને અથવા તો સરકારે સ્થાપેલી કે સરકાર કે સરકાર દ્વારા માન્ય થયેલી કે સરકારની સહાયથી ચાલતી શાળાને આ જોગવાઈ લાગુ પડશે નહીં.

સંસ્થામાં કબજેદાર દ્વારા કામે રાખવામાં આવેલ બાળકની ઉંમર વિશેની તકરાર હોય ત્યારે, નિયત મેડિકલ ઓફિસરે બાળકની ઉંમર અંગે આપેલાં પ્રમાણપત્રને આધારે નિકાલ થશે. જો આવું પ્રમાણપત્ર ન હોય તો ઈન્સ્પેકટરે દર્શાવેલાં ડૉકટરી અધિકારીના પ્રમાણપત્રને આધારે બાળકની ઉંમરનો નિર્ણય કરવામાં આવશે.

બાળકોને કામે રાખનાર સંસ્થાના કબજેદારે એક રજિસ્ટર રાખવાનું રહે છે. જે સંસ્થાના કામકાજના સમય દરમિયાન દરેક સમયે ઈન્સ્પેકટરને તપાસવા માટે યોગ્ય હોવું જોઈએ. એ રજિસ્ટરમાં કબજેદારે :-

1. કામે રાખેલાં કે કામ કરવાની મંજૂરી આપેલાં દરેક બાળકનું નામ અને જન્મતારીખ

2. આવા કોઈ બાળકના કામના કલાકો અને તેનો સમય

3. આવા કોઈ બાળકના કામનો પ્રકાર

4. નિયત કરવામાં આવેલ અન્ય વિગતો

**બાળકોની સલામતી અને સ્વાસ્થ્ય (Health And Safety of the Children) :**

યોગ્ય સરકાર સરકારી ગેઝેટમાં જાહેરનામું બહાર પાડી કોઈ સંસ્થામાં અથવા સંસ્થાઓના વર્ગમાં કામે રાખેલ અથવા કામે રાખવાની મંજૂરી આપેલાં બાળકોના સ્વાસ્થ્ય અને સલામતી માટે નિયમો બનાવી શકે છે. આ નિયમો નીચેનામાંતી બધી અથવા કોઈપણ બાબત માટે બનાવી શકાય છે.

1. કામના સ્થળે સ્વચ્છતા જળવાઈ રહે અને દરેક પ્રકારના ત્રાસથી મુક્ત રહે.

2. કચરા અને ઝેરી વહેતાં પદાર્થોનો નિકાલ.

3. પૂરતા હવાઉજાસ અને ઉષ્ણતામાન.

4. ધૂળ અને ધુમાડો.

5. ભેજ.

6. પ્રકાશ.

7. પીવાનું પાણી.

8. સંડાસ અને મૂત્રાલય

9. થૂંકદાનીઓ.

10. યંત્રોની સંરક્ષણાત્મક ગોઠવણી.

11. ચાલુ યંત્રોની સાથે કે નજીકમાં કામ કરવું.

12. ભયજનક યંત્રો પર બાળકો પાસે કામ કરાવવું.

13. ભયજનક યંત્રો ઉપર બાળકોને કામે લગાડવા માટેની સૂચનો, તાલીમ અને દેખરેખ.

14. વીજળીને કાપી નાંખવાની જોગવાઈ.

15. સ્વયંસંચાલિત યંત્રો.

16. ભોંયતળિયું, નિસરણીઓ આવવા જવાનાં સાધનો.

17. ખાડા, ખાળકૂવા, જમીનમાંના ખાડાઓ વગેરે.

18. વધુ પડતું વજન.

19. આંખોના રક્ષણ માટે.

20. સ્ફોટક કે સળગી ઊઠે તેવી ધૂળ કે ગેસ.

21. આગ લાગે ત્યારે રક્ષણ.

22. મકાનનો નિભાવ.

23. મકાન અને યંત્રોની સલામતી.

**શિક્ષાઓ (Penalities) :**

જો કોઈ વ્યક્તિ બાળમજૂરી (નિષેધ અને નિયમન) અધિનિયમ, 1986ની કલમ-3ની જોગવાઈઓની વિરુદ્ધ કોઈ બાળકને કામે રાખે અથવા કામ કરવા રજા આપે તેને ત્રણ માસથી એક વર્ષ સુધીની કેદની શિક્ષા અથવા દસ હજારથી વીસ હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષા થશે.

કલમ - 3 હેઠળના ગુના માટે બીજીવાર ગુનેદાર ઠરનાર વ્યક્તિ, છ માસથી એક વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર બને છે.

જે કોઈ વ્યક્તિ બાળમજૂરી (નિષેધ અને નિયમન) અધિનિયમ, 1986ની.

1. કલમ-9 હેઠળ આપવી પડતી નોટિસ આપવામાં નિષ્ફળ જાય, અથવા
2. કલમ-11માં ઠરાવ્યા પ્રમાણે રાખવું જોઈતું રજિસ્ટર ન રાખે અથવા આવા રજિસ્ટરમાં કોઈ ખોટી નોંધ કરે, અથવા
3. કલમ-12માં ઠરાવ્યા પ્રમાણે કલમ-3 અને આ કલમનો સારાંશ સમાવી લેતી નોટિસ પ્રદર્શિત કરવામાં નિષ્ફળ જાય, અથવા
4. આ કાયદાની કોઈ જોગવાઈ કે તેના હેઠળ બનાવેલા નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ જાય કે આ કાયદાની કોઈ જોગવાઈ કે તેનાં હેઠળ બનાવેલાં નિયમોનું ઉલ્લઘન કરે તો.

તે એક માસ સુધીની કેદની શિક્ષા અથવા દસ હજાર રૂપિયા સુધીના દંડ અથવા બંને શિક્ષાને પાત્ર બને છે.

**બાળમજૂરી પ્રૌધ્યોગિત સલાહકાર સમિતિ (Child labour Technical Advisory Committee) :**

ઓફિસિયલ ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને કેન્દ્ર સરકાર એક સલાહકાર સમિતિ રચી શકે છે કે જે એક ચેરમેન અને કેન્દ્ર સરકારે નિયુક્ત કરેલાં બીજા વધુમાં વધુ દસ સભ્યોની બનેલી હોય છે. આ સમિતિની કાર્યરીતિ સમિતિએ જ નક્કી કરવાની રહે છે. એ ગમે તેટલીવાર મળી શકે છે. વળી સમિતિને યોગ્ય લાગે તો તે પેટાસમિતિઓ પણ બનાવી શકે છે. આવી પેટાસમિતિઓ એક થી વધુ પણ હોઈ શકે. આવી પેટાસમિતિઓમાં સામાન્ય રીતે અથવા કોઈ ચોક્કસ બાબતની વિચારણા કરવા માટે, સમિતિનો સભ્ય ન હોય તેવી વ્યક્તિની પણ નિયુક્તિ કરી શકાય છે. સમિતિના ચેરમેન અને બીજા સભ્યોના હોદ્દોની મુદત, સમિતિમાં આકસ્મિક ખાલી પડતી જગ્યાઓને પૂરવાની પદ્ધતિ અંગે અને ચેરમને તથા સમિતિના બીજા સભ્યોનાં ભથ્થાં જો કોઈ ચૂકવવાનાં થતાં હોય તો તે અંગે, અને પેટાસમિતિમાં, સમિતિનો સભ્ય ન હોય એવી વ્યક્તિની નિયુક્તિની શરતો અને નિયંત્રણો, વગેરે બાબતો નિયત કરવામાં આવે તે પ્રમાણે કરવાની હોય છે.

આ સમિતિ બાળકોને જે ધંધા કે પ્રક્રિયાઓમાં કામે રાખી શકાય નહીં તેવા ધંધાઓ કે પ્રક્રિયાની યાદીમાં સુધારા-વધારા કરવા માટે કેન્દ્ર સરકારને સલાહ આપવાનું કાર્ય કરે છે.

## (9) સારાંશ : (Let us Sum up)

- વર્તમાન સમયમાં બાળકોને લગતી સમસ્યા વધુ જોવા મળે છે, આ સમસ્યા માટે કુટુંબ, શાળા, મિત્ર વર્તુળ વગેરે ગણવામાં જવાબદાર કરવામાં આવે છે. ઘરમાં કુટુંબનું વાતાવરણ કેવું જોવા મળે છે. તેના આધારે બાળક અપરાધ કરે છે.
- સામાન્ય રીતે બાળકની ઉંમર 7 વર્ષથી ઓછી હોય તો ગુનાહિત પ્રવૃત્તિ ગણવામાં આવતી નથી. આ ઉંમરે બાળકમાં સમજણ શક્તિ હોતી નથી.
- 7 થી 12 વર્ષની ઉંમરે થોડી સમજણ શક્તિમાં વધારો થાય છે, ગુનાહિત પ્રવૃત્તિનો પ્રકાર ધ્યાનમાં લેવામાં આવે છે.
- બાળકોની ગુનાહિત પ્રવૃત્તિને રોકવા માટે બાળકોને લગતા કેટલાંક કાયદાઓ નક્કી કરવામાં આવેલ છે. કાયદાને ધ્યાનમાં રાખી અને ઉંમરને ધ્યાનમાં રાખી બાળકને સજા કરવામાંનું નક્કી કરવામાં આવેલ છે.

## (10) એકમ સ્વાધ્યાય : (Unit Exercises)

1. અનૌરસ બાળક એટલે શું ?

2. બાળકની ગુનાહિત પ્રવૃત્તિ જણાવો.

3. ભારતના બંધારણમાં કયા અધિકારો મળે છે ?

4. બાળકોના માનવ અધિકારો જણાવો.

5. બાળકોના અધિકાર અંગે સંયુક્ત રાષ્ટ્ર સંઘનું કરારનામું જણાવો.

6. રાષ્ટ્રીય બાળ દિન ક્યારે ઉજવવામાં આવે છે ?

7. આંતરરાષ્ટ્રીય બાળ મજૂરી દિન ક્યારે શરૂ થયો ?

**(11) તમારી પ્રગતિ ચકાસો :**

1. અનૌરસ બાળક એટલે શું ?

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

2. બાળકની ગુનાહિત પ્રવૃત્તિ જણાવો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

3. ભારતના બંધારણમાં બાળકને મળતાં અધિકારો જણાવો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

4. રાષ્ટ્રીય બાળદિન ક્યારે જાહેર કરવામાં આવેલ છે ?

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

## (12) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer to Check your Progress)

(1) અનૌરસ બાળક એટલે ?

- કાયદેસર લગ્ન વગર થયેલ બાળકને અનૌરસ બાળક કહેવામાં આવે છે.

(2) બાળકની ગુનાહિત પ્રવૃત્તિ જણાવો.

- બાળકની ગુનાહિત પ્રવૃત્તિને જવાબદાર માનવામાં આવે છે.
- 7 વર્ષથી નીચેના વય ધરાવતાં બાળકની ગુનાહિત પ્રવૃત્તિ ગણાય નહીં. સાચું કે ખોટું નક્કી કરવાની કક્ષા હોતી નથી.
- 7 થી 12 વર્ષમાં ગુનાહિતનો પ્રકાર ધ્યાનમાં લેવામાં આવે છે.

(3) ભારતના બંધારણમાં બાળકને મળતાં અધિકારો જણાવો.

1. સમાનતાનો હક
2. રક્ષણ મેળવવાનો હક
3. શોષણ સામેનો હક

(4) આંતરરાષ્ટ્રીય બાળદિન ક્યારે જાહેર કરવામાં આવેલ છે?

- 22 ઓગસ્ટ 1947 રાષ્ટ્રીય બાળ જાતિ જાહેર કરી.

## (13) સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)


1. કારીઆ એ. એન. તથા અન્ય : સ્ત્રી અને કાયદો સી.જમનાદાસની કંપની, અમદાવાદ
2. પટેલ ભોળાભાઈ વી. : બાળકોના અધિકાર, શ્રીયોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન, અમદાવાદ

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-132
# માનવ અધિકારો અને સમુદાય વિકાસ

વિભાગ

# 4

## માનવ અધિકારો અને સમુદાય વિકાસ

એકમ-13 સમુદાય વિકાસ યોજના

એકમ-14 ભારતમાં પંચાયત રાજ

એકમ-15 સહકારી પ્રવૃત્તિ

એકમ-16 કુટુંબ-નિયોજન કાર્યક્રમ

## ES-132, માનવ અધિકારો અને સમુદાય વિકાસ (વિભાગ-4)

**લેખક**

**ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ

**પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)**

**ડૉ. મીના આઈ. રાજપૂત** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ.

**પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ.

**પરામર્શક (ભાષા)**

**ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ

**સંપાદન અને સંયોજન**

**પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ.

**સંયોજન સહાય**

**ડૉ. મીના આઈ. રાજપૂત** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ.

**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 500
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 500

**ISBN : 978-93-5598-167-7**

Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-132 માનવ અધિકારો અને સમુદાય વિકાસ

**વિભાગ-1 માનવ અધિકારો અને કાયદો**

1. માનવ અધિકાર-1
2. માનવ અધિકાર-2
3. કેટલાંક જૂથોના માનવ અધિકારો
4. ભારતમાં માનવ અધિકારોનો કાયદો

**વિભાગ-2 બંધારણીય માનવ અધિકારો**

5. ભારત બંધારણ અને માનવ અધિકારો
6. યુનોએ ઘોષિત કરેલા માનવ અધિકારો
7. બાળકોના અધિકાર
8. શિક્ષણ મેળવવાનો અધિકાર

**વિભાગ-3 કાનૂની માનવ અધિકારો**

9. માહિતીનો અધિકાર
10. સ્ત્રી અને માનવ અધિકારો
11. બાળ અપરાધ
12. બાળકોને લગતાં કાયદાઓ

**વિભાગ-4 વિકાસકીય યોજનાઓ**

13. સમુદાય વિકાસ યોજના
14. ભારતમાં પંચાયત રાજ
15. સહકારી પ્રવૃત્તિ
16. કુટુંબ-નિયોજન કાર્યક્રમ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 13

# સમુદાય વિકાસ યોજના
# (Community Development Programme)

## : રૂપરેખા :

(1) પ્રસ્તાવના

(2) સમુદાય વિકાસ યોજના એટલે શું ?

(3) સમુદાય વિકાસ યોજનાનું મહત્ત્વ

(4) સમુદાયના પ્રકારો

- (1) ધાર્મિક સમુદાય
  - (1) ધાર્મિક સમુદાય
  - (2) હિંદુ સમુદાય
  - (3) મુસ્લિમ સમુદાય
  - (4) ખ્રિસ્તી સમુદાય
  - (5) જૈન સમુદાય
  - (6) શીખ સમુદાય
  - (7) પારસી સમુદાય
  - (8) યહૂદી સમુદાય
- (2) ગ્રામીણ સમુદાય
- (3) શહેર સમુદાય
- (4) આદિવાસી સમુદાય
- (5) યુવાગૃહો
- (6) સામાજિક નિયંત્રણ

(5) ભારતમાં સમુદાય વિકાસ યોજના

(6) સમુદાય વિકાસ કાર્યક્રમોની ગ્રામીણ સમાજ પર અસર

(7) સારાંશ

(8) એકમ સ્વાધ્યાય

(9) તમારી પ્રગતિ ચકાસો

(10) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(11) સૂચિત વાંચન સામગ્રી

---

ઉદ્દેશો : **(Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) સમુદાય વિકાસ યોજના એટલે શું સમજી શકશો.

(2) સમુદાય વિકાસ યોજનાનું મહત્ત્વ સમજી શકશો.

(3) સમુદાયના પ્રકારો સમજી શકશો.

(4) ભારતમાં સમુદાય વિકાસ યોજના સમજી શકશો.

(5) સમુદાય વિકાસ કાર્યક્રમોની ગ્રામીણ સમાજ પર અસર સમજી શકશો.

## (1) પ્રસ્તાવના :

વિશ્વના અવિકસિત અને અલ્પવિકસિત દેશોએ સમુદાય વિકાસ યોજનાઓ હાથ ધરી છે. સમુદાય વિકાસ યોજના આયોજિત વિકાસ કાર્યક્રમનો એક ભાગ છે. બ્રિટિશશાસનમાંથી મુક્ત થયા પછી ભારતમાં પણ સમુદાય વિકાસ યોજના હાથ ધરવામાં આવી છે. આ યોજના દ્વારા ભારતીય ગ્રામસમાજમાં સર્વાંગી પરિવર્તન અને સઘન વિકાસ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સમુદાય વિકાસનો ખ્યાલ નવો નથી. ભૂતકાળમાં પણ આ અંગે કેટલાંક પ્રયોગો થયાં હતાં. ગ્રામ-નવરચના અંગે અગાઉ થયેલાં પ્રયોગો અને પ્રયાસોએ હાલના સમુદાય વિકાસ કાર્યક્રમને પ્રેરણા પૂરી પાડી છે.

સ્વતંત્રતા બાદ ભારતીય આયોજકોને એમ લાગ્યું કે ખેતીવાડી, પશુસંવર્ધન, સહકાર, આરોગ્ય, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં વિકાસ કરવા માટે એક વ્યસ્થિત કાર્યક્રમ શરૂ કરવામાં આવે તો ગ્રામસમાજમાં આ બધાં ક્ષેત્રે સારી પ્રગતિ થઈ શકે. આથી આ કાર્યક્રમને આયોજનમાં સ્થાન આપવામાં આવ્યું.

- ભારતીય સમાજ બહુમુખી સમાજ તરીકે સામાજિક-સાંસ્કૃતિક વિવિધતા ધરાવે છે. તેમાં અનેક જુદાં જુદાં સમુદાયો જેવાં કે ધાર્મિક સમુદાય, ગ્રામીય અને શહેરી સમુદાય તથા આદિવાસી સમુદાયો જોવા મળે છે.
- આઝાદી પહેલાં માનવી જંગલી અવસ્થામાં હતો. જરૂરિયાતો ઓછી હતી. આઝાદી પછી ધીમે ધીમે સમુદાય વિકાસ કાર્યક્રમ અમલમાં આવતાં ગામડાનો વિકાસ થયો છે. રસ્તાઓ પાકા બન્યા છે, સંદેશ વ્યવહારના સાધનોમાં વધારો થયો છે. ગ્રામ્ય વિસ્તારના લોકો શહેરી વિસ્તારના સંપર્કમાં આવતાં સમુદાય વિકાસમાં સતત વધારો થયો છે. લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. રોજગારી વધી છે, નવા ઉત્પાદન ક્ષેત્રોમાં વધારો થયો છે. લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે.

## (2) સમુદાય વિકાસ યોજના એટલે શું ?

પ્રથમ પંચવર્ષીય યોજનામાં આયોજન પંચે સમુદાય વિકાસ યોજનાને ગ્રામવાસીઓના આર્થિક અને સામાજિક પરિવર્તનની પ્રક્રિયાનો પ્રારંભ કરવા માટેની એક કાર્યપદ્ધતિ તરીકે ઓળખાવેલ છે. જવાહરલાલ નહેરુએ આ યોજનાને ગ્રામસમાજમાં ક્રાંતિકારી ફેરફાર લાવવા માટેની સંસ્થા તરીકે ઓળખાવેલ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે સમુદાય વિકાસ યોજનાની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે : ''સમુદાય વિકાસ યોજના એ એક એવી પદ્ધતિ છે જેના દ્વારા સમુદાયોની આર્થિક, સામાજિક તેમજ સાંસ્કૃતિક પરિસ્થિતિ સુધારવા માટે... જનતાનો અને સરકારનો સંયુક્ત પ્રયાસ છે.'' ડૉ. મુકરજી જણાવે છે કે, સમુદાય વિકાસ યોજના એ રૂઢિગત જીવનશૈલીના સ્થાને પ્રગતિશીલ જીવનશૈલી અપનાવવાની પ્રક્રિયા છે, જનતાની શક્તિ અને સાધનોનો ઉપયોગ કરીને તેમના વિકાસમાં સહાયભૂત થવાની પદ્ધતિ છે. ગ્રામજનતાના કલ્યાણ માટેની વિવિધ પ્રવૃત્તિઓને અમલમાં મૂકવા માટેનો કાર્યક્રમ છે, પ્રગતિશીલ આદર્શોને અમલમાં મૂકવા માટેની ચળવળ છે.

આ વ્યાખ્યાઓમાં સમુદાય વિકાસ યોજનાનાં વિભિન્ન તત્ત્વોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેનો હેતુ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ સમુદાયનો સર્વાંગી વિકાસ સાધવાનો છે. તેમાં સામાજિક અને માનસિક દૃષ્ટિએ લોકોનાં વિચાર-વલણમાં પરિવર્તન લાવવા ઉપર ભાર મુકાય છે. કાર્યક્રમ તરીકે તેમાં ખેતી, શિક્ષણ, આરોગ્ય વગેરે ક્ષેત્રોમાં વિકાસલક્ષી પ્રવૃત્તિઓ ઉપર ભાર મૂકવામાં આવે છે.

- ''સમુદાય એટલે નિશ્ચિત ભૌગોલિક પ્રદેશમાં વસવાટ કરતા, સમાન સાંસ્કૃતિક અને અમેપણાંની સામૂહિક ભાવના ધરાવતા, પારસ્પરિક સંબંધ ધરાવતા માનવ સમૂહને સમુદાય કહે છે.''
- ઐતિહાસિક સંદર્ભમાં જોઈએ તો માનવીએ જ્યારે પૃથ્વી પર જીવનની શરૂઆત કરી ત્યારે તે શિકાર આધારિત ભટકતું જીવન જીવતો હતો. ધીમે ધીમે ચોક્કસ સ્થળ પસંદ કરીને તેણે

સ્થાયી નિવાસવાળું જીવન જીવવાનું શરૂ કર્યું, ત્યારથી તે સ્થળ કે પ્રદેશ આધારિત સમાજજીવન સમુદાયમાં બદલાયું. કોઈપણ સમાજમાં આવા અનેક સમુદાય હોય છે. જેવાં કે ગ્રામ સમુદાય, નગર સમુદાય. નગર સમુદાયમાં આવેલાં ભાષા, જ્ઞાતિ, વ્યવસાય કે ધર્મના આધારે વસતા જૂથો જે ચોક્કસ વિસ્તારમાં હોય છે.

- મેકાઈવર અને પેજ નામના સમાજશાસ્ત્રીના મતે : ''નાના કે મોટા સમૂહના સભ્યો જ્યારે એક જ સ્થળે રહેતા હોય અને જીવનના મોટાભાગનાં હિતો સંતોષવાનો પ્રયત્ન કરે ત્યારે તેવા સ્થાનિક સમૂહને સમુદાય કહે છે.'' એ રીતે સમુદાય સમાજના જુદાં જુદાં સમૂહમાંનો એક સમૂહ છે.
- સમાજશાસ્ત્રીય રીતે સમુદાયના ખ્યાલને સ્પષ્ટ કરવા તેનાં લક્ષણો તપાસીએ તો...

  (1) વસ્તી (2) ભૌગોલિક પ્રદેશ (3) સમુદાયના સભ્યો વચ્ચે પરસ્પરાવલંબન (4) સામુહિક જીવનમાં વિકસેલાં સમાન ધોરણો-મૂલ્યો આધારિત પ્રવૃત્તિનું સંકલન (5) સામુદાયિક ભાવના
- આધુનિક સમયમાં ભૌગોલિક ગતિશીલતા, વાહનવ્યવહાર અને સંદેશા વ્યવહારનાં સાધનો તેમજ ઉદ્યોગીકરણ, શહેરીકરણ અને વૈશ્વિકીકરણની પ્રક્રિયા તેમજ આધુનિક ટેક્નોલોજીના વિકાસને કારણે સમુદાયના સભ્યોનો સંબંધ સમુદાય પૂરતો મર્યાદિત ન રહેતા વૈશ્વિક સ્તરે ગતિશીલ બન્યો છે.
- જોકે સમુદાયની વ્યક્તિઓ વ્યાપક સમાજનો ભાગ બને છે. તે રીતે વ્યાપક સમાજ સાથેનું જોડાણ વધે છે.
- કિંગ્સ્લે ડેવિસ સમુદાયના મુખ્ય બે માપદંડ દર્શાવે છે.

  (1) પ્રાદેશિક નિકટતા : એકબીજાંની નજીક રહેવાને કારણે લોકો નિકટતા અનુભવે છે.

  (2) સામાજિક સંપૂર્ણતા : વ્યક્તિઓનું મોટાભાગનું જીવન સમુદાયની મર્યાદામાં જ જીવાય છે.

## (3) સમુદાય વિકાસ યોજનાનું મહત્ત્વ : (Importance of Community Development Programme)

સમુદાય વિકાસ યોજનાનું મહત્ત્વ નીચે મુજબ દર્શાવી શકાય :

**(1) વ્યવસાયી વિકાસ કરવા :**

સમુદાય વિકાસ યોજનાને કારણે ગ્રામ્ય વિસ્તારમાં કૃષિ વિકાસને આધુનિકીકરણ કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ખેડૂતો ખેતી આધુનિક પદ્ધતિએ કરવા લાગ્યા. પશુપાલનમાં પરિવર્તન થયું. અન્ય વ્યવસાયનો પણ વિકાસ કરવા જરૂરી છે.

**(2) સંચાર વ્યવહારનો વિકાસ કરવા :**

સમુદાય વિકાસ યોજનામાં બાંધકામ વિકાસ અને રસ્તા વિકાસ કાર્યક્રમો દ્વારા કાચા અને પાકા રસ્તાઓ બાંધવામાં આવ્યા છે. ગામડાંઓને બસ વ્યવહારથી જિલ્લા મથકો, તાલુકા મથકો અને પાટનગરો સાથે સાંકળી લેવામાં આવ્યા છે. આના પરિણામે ગામડાંના લોકોનો શહેરી સમુદાયો સાથે સંપર્ક વધ્યો છે. આની અસર સમાજના સામાજિક-સાંસ્કૃતિક માળખા પર પડી. સંચાર વ્યવહારની સગવડો વધતાં અને ગામડાંઓનું શહેરો સાથે બસ તથા રેલવે દ્વારા જોડાણ થતાં ગામડાંની આર્થિક અલગતા ઘટી છે. સગવડતા વધતાં ખેતપેદાશો શહેર સુધી લાવતા વધુ ભાવો મળવાં લાગ્યા. આ રીતે સંચાર વ્યવહારનો વિકાસ કરવો જરૂરી બન્યો છે.

**(3) શિક્ષણનો વિકાસ કરવા :**

સમુદાય વિકાસ યોજનાને કારણે પાકા રસ્તાઓ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, જાહેરાતો વગેરેનો વિકાસ થવાને કારણે શિક્ષણનો વિકાસ થતો ગયો. સમુદાય વિકાસને કારણે શિક્ષણનો વિકાસ થયો.

**(4) આરોગ્યનું સ્તર ઊંચું લાવવા :**

સમુદાયના વિકાસને કારણે આરોગ્યનું સ્તર ઊંચું આવ્યું છે. પાકા રસ્તાઓ, ડૉક્ટર, નર્સો, દવાખાનાઓ, કુટુંબ નિયોજન કેન્દ્રો વગેરે સગવડો પણ વિકસવા લાગી છે. લોકોમાં આરોગ્યની બાબતમાં શહેરી સંપર્કથી જાગૃતિ આવી છે. વિવિધ રોગો સાથે રક્ષણ મળેલ છે.

**(5) સામાજિક કલ્યાણમાં વૃદ્ધિ કરવા :**

સમુદાય વિકાસ યોજનાના કાર્યક્રમોમાં ગ્રામ સમાજના નબળા વર્ગના લોકોના કલ્યાણ પર વધુ ભાર મુકાય છે. ગામડાના ખેતમજૂરો, હરિજનો, આદિવાસીઓ વગેરે વર્ગોને સામાજિક-આર્થિક ક્ષેત્રે વિશિષ્ટ સવલતો આપવામાં આવી છે. તેમના ઉત્કર્ષને પ્રાધાન્ય અપાય છે. જમીન વિહોણા લોકોને ખેતી માટે સરકાર તરફથી જમીન આપવામાં આવે છે. આ ઉપરાંત નબળા વર્ગનાં બાળકો અને યુવાનોને શિક્ષણ માટે શિષ્યવૃત્તિઓ અને પુસ્તકો પૂરાં પાડવાની યોજનાઓ પણ અમલમાં મૂકવામાં આવી. નબળા ખેડૂતો અને ખેતમજૂરોને ખાતર, બિયારણ, ખેતીનાં સાધનો વગેરે ખરીદવા માટે સહકારી બેન્કોમાંથી ઓછા વ્યાજની લોન, સરકાર તરફથી મળતી સબસિડી વગેરે સ્વરૂપે આર્થિક રાહત આપવામાં આવે છે. વ્યવસાય તાલીમ કાર્યક્રમ વગેરે સમુદાય વિકાસ કાર્યક્રમને કારણે શક્ય બનેલ છે.

**(6) સહકારી પ્રવૃત્તિનો વિકાસ કરવા :**

ગ્રામ વિકાસના વિવિધ કાર્યક્રમો હેઠળ ગામડામાં અનેક પ્રકારની સહકારી મંડળીઓ સ્થાપવામાં આવી છે. દા.ત. દૂધ ઉત્પાદક મંડળીઓ, ખેડૂત મંડળીઓ, ખરીદ-વેચાણ મંડળીઓ, ધિરાણ મંડળીઓ, વણકર મંડળીઓ, મકાન બાંધકામ મંડળીઓ વગેરે મંડળીઓ સ્થાપવામાં આવી છે અને તે દ્વારા ગામડાના લોકોને વિવિધ સગવડો, સ્થાનિક કક્ષાએ પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લા અને તાલુકા કક્ષાએ સહકારી બેન્કો, સહકારી ખરીદ-વેચાણ સંઘો, સહકારી માર્કેટયાર્ડ વગેરે પ્રવૃત્તિઓ પણ વ્યાપક બની છે અને તે દ્વારા ગામડાઓમાં સહકારી પ્રવૃત્તિ વેગીલી બનાવવા પ્રયાસો થાય છે.

**(7) નવી સંસ્થાઓનું નિર્માણ કરવા :**

સમુદાય વિકાસ યોજનાના કાર્યક્રમો દ્વારા ગ્રામ સમાજમાં કેટલીક નવી સંસ્થાઓનું નિર્માણ થવા લાગ્યું છે. દા.ત. યુવક મંડળો, મહિલા મંડળો, કેળવણી મંડળો વગેરે સંસ્થાઓ પરંપરાગત ગ્રામીણ સમાજમાં નહોતી, પરંતુ હવે આ નવી સંસ્થાઓ ગામડામાં ઊભી થવા લાગી છે અને તે દ્વારા ગામડાના વિવિધ વર્ગના લોકોને વ્યક્તિત્વના વિકાસની તક મળે છે. આ નવી સંસ્થાઓ ગામડામાં સ્થાનિક વિકાસના કાર્યક્રમો પણ હાથ ધરે છે અને વિકાસની પ્રવૃત્તિઓમાં ગ્રામજનોની ભાગીદારી વધારવા પ્રયાસ કરે છે. આવી સંસ્થાના આગેવાનો ગ્રામ સમાજમાં નવું માનસ તૈયાર કરવામાં પણ ફાળો આપે છે, એટલું જ નહીં પણ ગ્રામ સમાજમાં નવું નેતૃત્વ પેદા કરવામાં પણ નવી સંસ્થાઓ મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(8) રોજગારીની તકો મેળવવા :**

સમુદાય વિકાસ થાય તો તેના લીધે રોજગારીની તકો મેળવવી જરૂરી છે, ગ્રામ્ય વિસ્તારમાં નવા રસ્તાઓ બનવાને કારણે શહેરના સંપર્કમાં આવે છે આથી રોજગારીની તકો વધે છે.

**(9) આત્મનિર્ભરતા મેળવવા :**

સમુદાય વિકાસ થતાં નવા મંડળોની સ્થાપના થવાથી આત્મનિર્ભરતામાં વધારો થયો છે. શહેર સાથે સંપર્ક વધુ પ્રમાણમાં વધારો થયો છે, શિક્ષણનું પ્રમાણ વધે છે તેથી આત્મનિર્ભરતામાં વધારો થાય છે.

**(10) શોષણમાંથી મુક્તિ મેળવવા :**

ગામડાનો વિકાસ અટકી ગયો હતો. સમુદાય વિકાસ થવાથી ગામડાનો વિકાસ થતાં લોકોમાં

શિક્ષણનું પ્રમાણમાં વધ્યું છે. પ્રચાર માધ્યમોમાં વધારો થયો છે. શહેરી વ્યક્તિઓ સાથે સંપર્કમાં વધારો થયો છે. ખેડૂતોને તેના ઉત્પાદનના ભાવો મળવાં લાગ્યા છે.

**(11) નબળા વર્ગોની સ્થિતિ સુધારવા :**

સમુદાય વિકાસ થતાં નબળા વર્ગોની સ્થિતિમાં સુધારો થયો છે. રોજગારીમાં વધારો, ખેતીના પાકોના પૂરતા ભાવો, શિક્ષણમાં વધારો, ખેતી પદ્ધતિમાં પરિવર્તન વગેરેને કારણે નબળા વર્ગોની સ્થિતિ સુધરી છે.

**(12) નેતૃત્વનો વિકાસ કરવા :**

નવી સંસ્થાઓનું નિર્માણ થવાથી નેતૃત્વ યુવા વર્ગના હાથમાં આવેલ છે. શિક્ષણનું પ્રમાણ, શહેરી સંપર્કમાં વધારો વગેરેને કારણે નેતૃત્વનો વિકાસ થયો છે.

**(13) રાષ્ટ્રીય વિકાસમાં સહાયક :**

ગ્રામીણ વિસ્તારમાં ખેતીમાં સુધારો થયો છે. ઉત્પાદનમાં વધારો થયો છે. સરકારની આવક વધી છે.

**(14) લોકશાહીનો વિકાસ કરવા :** સમુદાયનો વિકાસ થવાથી લોકશાહીનો વિકાસ થયો છે.

**(4) સમુદાયના પ્રકારો :**

**(1) ધાર્મિક સમુદાય :**

**ધાર્મિક સમુદાયની વ્યાખ્યા :**

ધાર્મિક સમુદાય એટલે એવું ચોક્કસ જૂથ કે જેને પોતાનું આગવું તત્ત્વજ્ઞાન, પૂજા-ઉપાસના પદ્ધતિ, ધાર્મિક માન્યતાઓ, વિધિ-વિધાનો અને આચારસંહિતામાં સમાનતા હોય છે.



મિત્રો, આપણો ભારત દેશ બહુધર્મી છે. તેમાં જુદાં જુદાં ધાર્મિક સમુદાયમાં જોઈએ તો હિંદુ, ઈસ્લામ, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને યહૂદી ધર્મનો સમાવેશ થાય છે. ભારતમાં દરેક ગામ કે શહેરમાં મંદિર, મસ્જિદ, ગિરિજાઘર (ચર્ચ), ગુરુદ્વારા કે અગિયારી જેવાં સ્થળો ધર્મના પ્રતીક સ્વરૂપે જોવા મળે છે.

ભારતનાં બંધારણની કલમ 25(1) દરેક વ્યક્તિને પોતાનો ધર્મ સ્વતંત્ર રીતે સ્વીકારવા, વ્યવહારમાં લાવવા તેમજ તેનો પ્રચાર-પ્રસાર કરવાનો અધિકાર આપે છે. વિશ્વમાં ભારતમાં પ્રવર્તતી ધાર્મિક વિશ્વાસની સહિષ્ણુતા અને વિવિધતાની સ્વીકૃતિ ઉદાહરણરૂપ બને છે. ભારતમાં બધા જ પ્રકારના લોકો પોતાની ધાર્મિક શ્રદ્ધાને માનવા અને તેને સુરક્ષિત રાખવા સ્વતંત્ર છે. જુદાં જુદાં ધાર્મિક સમુદાયનો પરિચય નીચે મુજબ મેળવીશું.

**(1) હિંદુ સમુદાય :**

હિંદુ ધર્મના વ્યક્તિનું ધર્મનું સભ્યપદ જન્મથી નક્કી થાય છે. તેઓ ઈશ્વર નામની શક્તિ કોઈ ને કોઈ સ્વરૂપે સર્વવ્યાપી છે, વ્યક્તિ ઈશ્વર સુધી પહોંચી શકે છે તેવો દૃઢ વિશ્વાસ ધરાવે છે. હિંદુ સમુદાય એક ઈશ્વરમાં માનતો નથી. આ ધર્મમાં અનેકવિધતા જોવા મળે છે. ધર્મ, કર્મ, મોક્ષ ત્રણ મહત્ત્વના સિદ્ધાંતો છે. ધર્મ નૈતિક શક્તિ છે. કર્મ-વ્યક્તિને સારાં-ખરાબ કર્મોનું ફળ ભોગવવું પડે છે. મોક્ષ કર્મ અને જન્મ-મૃત્યુના બંધનમાંથી મુક્તિ આપે છે. શ્રીમદ્ ભગવદ્ગીતા તેમનું ધર્મ પુસ્તક, મંદિર તેમનું ધર્મસ્થાન છે તેમજ ધર્મસ્થાનોમાં સેવા-પૂજા

કરનારને પૂજારી કહેવામાં આવે છે.

હિંદુ ધાર્મિક ગ્રંથો અનુસાર વ્યક્તિએ સમગ્ર જીવન દરમિયાન 16 સંસ્કારોમાંથી પસાર થવું પડે છે. જેમાં મુખ્ય જન્મ, લગ્ન અને મૃત્યુ સંસ્કાર છે.

હિંદુ ધર્મમાં શૈવ, વૈષ્ણવ, શાક્ત અને સ્માર્ત એવા ચાર ભાગો જોવા મળે છે. શૈવ શંકર-શિવની પૂજા કરે છે. વૈષ્ણવો-વિષ્ણુની, શાક્ત દેવી કે માતાજીની અને સ્માર્ત એ શિવ-વિષ્ણુ કે દેવી એમ ત્રણેયની પૂજા કરે છે. હિંદુ ધર્મમાં અનેક સંપ્રદાયો, પંથો, વાડાઓ છે, જે ખૂબ જ જટિલ છે તેમ છતાં તેઓ વિશાળ હિંદુ સમુદાય સાથે પરસ્પર સંબંધ ધરાવે છે. આમ, હિંદુ ધર્મમાં અનેકવિધતા હોવા છતાં તેઓ ગાઢ રીતે સંકળાયેલાં છે. તીર્થયાત્રા કરવી, દાન આપવું, જુદાં જુદાં ધાર્મિક વ્રતો કરવા, ધાર્મિક ગ્રંથોનું વાંચન અને તહેવારો ઉજવવા, પવિત્ર નદીઓમાં સ્નાન કરવું, ધર્મસ્થાનો અને સંતોને દાન અને સેવા આપવી વગેરેનું ખૂબ મહત્ત્વ છે તેમજ દિવાળી, હોળી, નવરાત્રિ તેમના ધાર્મિક તહેવારો છે.

**(2) મુસ્લિમ સમુદાય :**

સમગ્ર ભારતમાં ઈસ્લામ ધર્મના અનુયાયીઓ જોવા મળે છે. તેઓ ધાર્મિક પુસ્તક કુરાને શરીફને ઈશ્વરનું શાબ્દિક સ્વરૂપ માને છે. મુસ્લિમોની ધાર્મિક ક્રિયાઓમાં નમાજ, રોજા અને હજને મહત્ત્વની ગણી છે. મહમ્મદ પયગંબરે સ્થાપેલો ઈસ્લામ ધર્મ એકેશ્વરવાદમાં માને છે.

કોઈ પણ મુસ્લિમે શરિયતના નિયમોનું પાલન કરવું ફરજિયાત હોય છે. હજયાત્રાને ઈસ્લામ ધર્મમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. મક્કામાં આવેલ પવિત્ર કાબાનાં દર્શનથી હજ થાય છે, જે પાપમાંથી મુક્તિ આપે છે તેવું તેઓનું દઢપણે માનવું છે. ઈસ્લામ ધર્મમાં તૌહીદ, નમાજ, રોજા, જકાત, હજ તેમજ ખેરાત એ મુખ્ય ધાર્મિક વિધિઓ છે. પાંચ વખતની નમાજ કરવી જરૂરી મનાય છે. આવકનો અમુક હિસ્સો ખેરાત રૂપે આપવો ફરજિયાત હોય છે. ઈસ્લામમાં હિજરી પંચાંગ મુજબ ધાર્મિક બાબતો, લગ્ન અને ઉત્સવોની ઉજવણી થાય છે. મોહરમથી મુસ્લિમોનું નવું વર્ષ શરૂ થાય છે.

ઈસ્લામમાં રમજાન એ સૌથી પવિત્ર મહિનો ગણાય. જેમાં સ્ત્રી-પુરુષો આત્મકલ્યાણ શુદ્ધિ માટે ઉપવાસ કરે છે. જેમાં ચંદ્રદર્શનને મહત્ત્વ આપે છે. તેમનાં ધાર્મિક સ્થાનને મસ્જિદ કહે છે. જ્યાં તેઓ સામૂહિક નમાજ અદા કરે છે. ઈસ્લામના અનુયાયીના મૃત્યુ બાદ દફનવિધિ કરવામાં આવે છે.

મુસ્લિમો શિયા અને સુન્ની એમ બે વિભાગોમાં વિભાજિત છે. શિયા કરતાં સુન્ની મુસ્લિમોની સંખ્યા ભારતમાં વધુ છે. તેમના ધર્મગુરુને ઈમામ કહે છે. રમજાન ઈદ, મહોરમ તેમના ધાર્મિક ઉત્સવો છે.

**(3) ખ્રિસ્તી સમુદાય :**

ભારતમાં હિંદુ-મુસ્લિમ ધર્મની વસ્તી કરતાં ખ્રિસ્તીઓની વસ્તી ખૂબ ઓછી (2.30 ટકા) છે. ભારતમાં તેઓ ગોવા, મહારાષ્ટ્ર, અરુણાચલ પ્રદેશ, કેરલ અને તમિલનાડુમાં મોટે ભાગે રહેલાં છે. ભારતીય ખ્રિસ્તીઓ મુખ્યત્વે રોમન કેથલિક અને પ્રોટેસ્ટન્ટ તેમજ અન્ય સાંપ્રદાયિક ચર્ચમાં વિભાજિત થયેલાં છે.

બાઈબલ તેમનું ધર્મ પુસ્તક છે. ખ્રિસ્તી ધર્મમાં ઈસુ ખ્રિસ્તને ઈશ્વરના પયગંબર તરીકે માનવામાં આવે છે. તેમના ધર્મસ્થાનને ચર્ચ તરીકે ઓળખવામાં આવેલ છે.

**ખ્રિસ્તી ધર્મના મુખ્ય ત્રણ સિદ્ધાંતો છે :**

- ઈશ્વરના પુત્ર અને સંદેશાવાહક તરીકે ઈસુ ખ્રિસ્તમાં શ્રદ્ધા અને વિશ્વાસ
- સેવા
- પડોશી પ્રત્યે પ્રેમ અને સહિષ્ણુતા

ભારતમાં કેથલિક સંપ્રદાયના ખ્રિસ્તીઓની સંખ્યા વધુ છે. ખ્રિસ્તીઓના ધર્મગુરુને પોપ કહે છે. જે પ્રત્યેક ધાર્મિક બાબતોમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયમાં જુદાં જુદાં ચર્ચ મહત્ત્વના હોય છે. કેથલિક સંપ્રદાયના ખ્રિસ્તીઓ ધાર્મિક તીર્થયાત્રા કરે છે. તેમનાં ધાર્મિક સ્થળ મુંબઈ અને કેરલનું અર્નાકુલમ છે. રોમન કેથલિક ખ્રિસ્તીઓમાં ચર્ચમાં બિશપ દ્વારા જુદી જુદી પવિત્ર વિધિ કરવામાં આવે છે. લગ્નની વિધિ ચર્ચમાં પાદરી દ્વારા થાય છે. નાતાલ, ઈસ્ટર, ગુડફ્રાઈડે વગેરે તેમના તહેવારો છે.

**(4) જૈન સમુદાય :**

ભારતમાં જૈન ધર્મના અનુયાયીઓની સંખ્યા ઓછી છે. તેઓ મોટે ભાગે ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં રહે છે. ભારતના પ્રાચીન ધર્મોમાં જૈન ધર્મની ગણના થાય છે. જૈન ધર્મમાં 24 તીર્થંકરો થયા. જેમાં પ્રથમ ઋષભદેવ અને 24મા મહાવીર સ્વામી છે. જૈન સમુદાયમાં શ્વેતાંબર અને દિગંબર (વસ્ત્ર ન પહેરનાર) એવા વિભાગો છે. હિંદુ ધર્મની જેમ જૈન ધર્મ આત્મા, કર્મનો સિદ્ધાંત અને જીવન-મૃત્યુમાં માને છે. ઉપવાસને સ્વશુદ્ધિ માટેની તપસ્યા ગણે છે. વૈચારિક શુદ્ધિ માટે માનસિક શિસ્તને મહત્ત્વ આપે છે. તેમનું ધાર્મિક પુસ્તક કલ્પસૂત્ર છે. તેઓ અનેકાંતવાદ, પરલૌકિકવાદ, અહિંસા, કર્મ, ધર્મ, મોક્ષ, સત્ય, અસ્તેય, અપરિગ્રહના જ્ઞાનમાં માને છે.

**(5) શીખ સમુદાય :**

શીખ ધર્મના અનુયાયીઓ મોટે ભાગે ભારતના પંજાબ અને ઉત્તર-પૂર્વના પ્રદેશમાં જોવા મળે છે. શીખ ધર્મ સમતાવાદી અને સમન્વયકારી છે. તેમના ધર્મગ્રંથને ગુરુ ગ્રંથ સાહેબ અને ધર્મસ્થાનને ગુરુદ્વારા કહે છે. તેઓમાં જ્ઞાતિ વ્યવસ્થા જોવા મળે છે. જેમાં જાટ, બ્રાહ્મણ, ક્ષત્રિય, કારીગર વર્ગની જ્ઞાતિઓ હોય છે. શીખ ધર્મ અપનાવનાર નિમ્ન જ્ઞાતિના લોકો મજહબી તરીકે ઓળખાય છે. તેઓને સરદાર કહેવામાં આવતાં નથી.

તેઓ જે ધાર્મિક કીર્તન કરે છે તેને ગુરૂબાની કહે છે. તેમનામાં પાંચ 'ક'નું ખૂબ મહત્ત્વ છે. જેમાં કેશ, કંગા, કડું, કચ્છ, કિરપાણનો સમાવેશ થાય છે. શીખ ધર્મમાં લંગરનું આગવું મહત્ત્વ હોય છે. અમૃતસરનું સુવર્ણ મંદિર તેમનું ધાર્મિક સ્થળ છે.

**(6) બૌદ્ધ સમુદાય :**

ભારતમાં શીખ ધર્મના અનુયાયીઓની જેમ બૌદ્ધધર્મીઓનું પ્રમાણ ઓછું છે. મોટા ભાગના બૌદ્ધધર્મીઓ મહારાષ્ટ્રમાં વસે છે. તે ઉપરાંત ઉત્તર-પશ્ચિમ ભારત અને અરુણાચલ પ્રદેશમાં વસે છે. સમ્રાટ અશોકના સમયમાં ભારતમાં બૌદ્ધ ધર્મનો ફેલાવો ઘણો હતો. બૌદ્ધ ધર્મમાં હીનયાન, મહાયાન અને વિરાજયાન એવા ત્રણ સૈદ્ધાંતિક તફાવતો છે. બૌદ્ધ ધર્મમાં બે સ્તર છે. જેમાં ઉચ્ચ સ્તરના બૌદ્ધોમાં બ્રાહ્મણ-ક્ષત્રિય અને અમુક કક્ષાના ગૃહપતિઓ છે, જ્યારે નિમ્નસ્તરમાં બૌદ્ધ ધર્મમાં ધર્માંતરિત થયેલાં આદિવાસીઓ અને સીમાંત સમૂહો છે. સારનાથ, સાંચી, બોધિગયા બૌદ્ધ ધર્મના મહત્ત્વનાં કેન્દ્રો છે. તેમના ધર્મગુરુ લામા તરીકે ઓળખાય છે. તેમના ધર્મસ્થાનમાં વિશ વિલ (Wish Wheel) હોય છે. બૌદ્ધ ધર્મ સ્થાનને બૌદ્ધ મંદિર તરીકે ઓળખાય છે. તેમનું ધર્મ પુસ્તક ત્રિપિટક છે તેમજ તેઓ કર્મ અને પુનર્જન્મમાં માને છે.

**(7) પારસી સમુદાય :**

ભારતમાં પારસી સમુદાય ખૂબ નાનો છે. તેઓ આઠમી સદીમાં ઈરાનથી દરિયાઈ માર્ગે ગુજરાતમાં થઈને ભારતમાં આવ્યા છે. દૂધમાં સાકર ભળે તેમ ભારતના રાષ્ટ્રીય જીવનમાં ઓતપ્રોત થયા છે. ભારતમાં તેઓએ વેપારી સમુદાયની જીવનશૈલી અપનાવી છે. તેઓ પવિત્ર અગ્નિની પૂજા કરે છે. તેમના ધર્મસ્થાનને અગિયારી કહે છે. હૂમ્ત (સારા વિચારો),

હુખ્ત (સારા શબ્દો), હુવરસ્ત (સારાં કર્મો) તેમનાં ધાર્મિક સૂત્રો છે. તેમનું ધાર્મિક પુસ્તક અવેસ્તા છે. પતેતી તેમનો મુખ્ય તહેવાર છે.

**(8) યહૂદી સમુદાય :**

ભારતમાં તેમની વસ્તી ઓછી છે. યહૂદીઓ હિબ્રૂવંશના છે. તેમનાં મુખ્ય બે જૂથ છે. જેમાં એક જૂથ કોચીનમાં અને બીજું જૂથ કોંકણમાં નિવાસ કરે છે. તેમના ધર્મ સ્થાનને ટેમ્પલ માઉન્ટ કહે છે. તેમનું ધર્મ પુસ્તક 'તનખ કે તોરાહ' છે. તેમના ધર્મગુરુને રબ્બી કહે છે. યહૂદી ધર્મનો ઉદ્ભવ જેરુસલેમમાં થયો છે. તેમની ધાર્મિક ફિલોસોફી ન્યાય, સત્ય, શાંતિ, પ્રેમ, દયા અને કરુણા છે. તેઓ જેહોવા અથવા યહોવાહને ભગવાન માને છે. બધા જ યહૂદીઓ ઉપાસના કેન્દ્રમાં સાથે પૂજા-આરાધના કરે છે. ભારતમાંથી ઘણા યહૂદીઓ ઈઝરાયલમાં સ્થળાંતરિત થયેલાં છે.

આમ, ભારતમાં દરેક ધાર્મિક સમુદાયોમાં પણ વૈવિધ્ય છે. ભારત સરકારે મુસ્લિમ, શીખ, ખ્રિસ્તીઓ, બૌદ્ધ, પારસી અને જૈન એમ છ સમુદાયોને લઘુમતી તરીકે જાહેર કર્યા છે. ભારતમાં બધી મળીને 17.17 ટકા લઘુમતી વસ્તી છે. આ ધાર્મિક લઘુમતીઓનાં કલ્યાણ માટે કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે.

**(2) ગ્રામીણ સમુદાય :**

ગામડું એ પ્રકૃતિની નિકટ વસવાટ કરતા મોટે ભાગે ખેતી અને ખેતી સાથે સંબંધિત વ્યવસાય કરતા અને વિશિષ્ટ જીવનશૈલી ધરાવતાં લોકોનો બનેલો નાનો પ્રાથમિક સમુદાય છે. જેમાં મોટે ભાગે એકવિધતા અને એકતા હોય છે. કૃષિ અને જ્ઞાતિ આધારિત સ્તરીકૃત સામાજિક અસમાનતા હોય છે. લોકો મોટે ભાગે પરંપરાને વળગી રહેવાનું વલણ ધરાવે છે. આથી તેઓ પરિવર્તનનો ધીમો સ્વીકાર કરે છે. સામાજિક ગતિશીલતા પ્રમાણમાં ઓછી હોય છે.

સમગ્ર ભારતમાં એકસમાન સ્વરૂપના ગ્રામ સમુદાય નથી, પરંતુ કદ, વસવાટની ઢબ તેમજ સામાજિક રચનામાં વૈવિધ્ય જોવા મળે છે. ગ્રામ સમુદાયમાં જ્ઞાતિ, ધર્મ, કોમ, ભાષાકીય બંધારણ, સંસ્કૃતિમાં તફાવતો હોય છે. છતાં ગ્રામ સમુદાયમાં પ્રદેશ અને દેશના સંદર્ભમાં કેટલાંક તત્ત્વો સમાન હોય છે.

- **ગ્રામ સમુદાયની વ્યાખ્યા :**

જુદાં જુદાં સમાજશાસ્ત્રીઓએ ગ્રામ સમુદાયની વ્યાખ્યા નીચે મુજબ દર્શાવી છે :

એમ. એન. શ્રીનિવાસ - ''ગામડું એક પરસ્પરાવલંબી એકમ છે. મહદ્અંશે આત્મનિર્ભર છે. ગામને પોતાની ગ્રામ સમિતિ છે. ગામડાની અંદર દરેક જ્ઞાતિ પોતાનું આગવું જીવન જીવે છે. ગામડું એ જ્ઞાતિ જેવાં ભિન્ન ભિન્ન આડા સ્તરોનો બનેલો ઊભો એકમ છે.''

એસ. સી. દૂબે - ''ગામડું એક પ્રાદેશિક જૂથ છે. તે સામાજિક, આર્થિક, ધાર્મિક વિધિ વિધાન અને સામાજિક વ્યવસ્થાનો એકમ છે. તે સંગઠિત રાજકીય સમાજનો ભાગ છે. વ્યક્તિ ગ્રામ સમુદાય ઉપરાંત જ્ઞાતિ, ધર્મ, પ્રાદેશિક જૂથની સભ્ય હોય છે. ગામડાંમાં એકથી વધુ જ્ઞાતિઓ હોય છે. જે ગામના સામાજિક, ધાર્મિક અને વહીવટી સંગઠનમાં સુગ્રથિત થયેલી હોય છે.''

ડી. એન. મજમુદાર - ''ગ્રામ સમુદાયને એક જીવનશૈલી તરીકે પારિભાષિત કરે છે.''

- **ગ્રામ સમુદાયનાં લક્ષણો :**

ગ્રામ સમુદાયનો અર્થ અને વ્યાખ્યાના આધારે તેનાં લક્ષણો નીચે મુજબ છે :

**(1) પ્રકૃતિમય જીવન :**

ભારતીય ગ્રામ સમુદાયના લોકો પ્રકૃતિની નિકટના સંબંધમાં જીવન જીવે છે. આજીવિકાનું મુખ્ય સાધન ખેતી હોવાથી જમીન સાથે સતત સંપર્કમાં રહે છે. ખેતી માટે વરસાદ, સૂર્ય, વનસ્પતિ, પશુ, નદી, તળાવ, પવન વગેરે પ્રકૃતિનાં તત્ત્વોની નજીક પોતાનું જીવન જીવે છે.

**(2) નાનો પ્રાથમિક સમુદાય :**

ભારતના મોટા ભાગનાં ગામડાં નાનાં કદનાં છે. તેને લીધે દરેક ગ્રામજનો એકબીજાથી પરિચિત હોય છે. તેથી તેમની વચ્ચે સામાજિક નિકટતા હોય છે, જે પ્રસંગોપાત ગ્રામ એકતા સ્વરૂપે વ્યક્ત થાય છે.

**(3) બહુમુખી સમાજ :**

ગ્રામ સમુદાય અનેક જૂથોનો બનેલો બહુમુખી સમાજ છે. તેમાં જુદાં જુદાં જ્ઞાતિ સમાજ હોય છે. જ્ઞાતિ, ધર્મ, કોમ વગેરેનું વૈવિધ્ય હોય છે. વિભિન્ન જૂથો સામુદાયિક જીવનમાં સુગ્રથિત થયેલાં હોય છે.

**(4) એકવિધતા :**

ગ્રામ સમુદાયમાં ધર્મ, ભાષા, પોશાક, રીત-રિવાજો, માન્યતાઓ, મૂલ્યો, કેટલેક અંશે વ્યવસાયમાં એકવિધતા હોય છે. જોકે, તેમાં વૈવિધ્ય કે તફાવતો હોય છે, પરંતુ તે ગૌણ સ્વરૂપે જોવા મળે છે. એકવિધતા ગામની એકતામાં ફાળો આપે છે.

**(5) કૃષિ આધારિત અર્થવ્યવસ્થા :**

ગ્રામ સમુદાયની અર્થવ્યવસ્થા ખેતી આધારિત જોવા મળે છે. ખેતી એટલે પ્રકૃતિ પાસેથી પ્રત્યક્ષ આજીવિકા મેળવવી. કૃષિ સંબંધિત અન્ય વ્યવસાયો પણ જોવા મળે છે.

**(6) જ્ઞાતિ-વિભાગો :**

ગ્રામ સમુદાયમાં જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચે દરજ્જાના તફાવતો હોય છે. જ્ઞાતિના પાયા ઉપર ભેદભાવો હોય છે, પરંતુ જ્ઞાતિઓ વ્યવસાયિક સેવાઓ દ્વારા પરસ્પરાવલંબિ હોય છે. ગ્રામ સમુદાયોમાં કૃષિ આધારિત વર્ગરચના જોવા મળે છે. જેમાં સમૃદ્ધ, મધ્યમ અને નાના ખેડૂતોને વર્ગ, ખેડૂત-ખેતમજૂરનો સમાવેશ થાય છે.

**(7) કુટુંબવાદ :**

ગ્રામીણ સમુદાય સંયુક્ત કુટુંબની લાક્ષણિકતા ધરાવે છે. ગ્રામીણ સમુદાયની પાયાની સંસ્થા તરીકે કુટુંબ ગામના સામુદાયિક જીવન ઉપર સર્વાંગી અસર ઉપજાવે છે. ગામના સામાજિક સંબંધો ઉપર કૌટુંબિક સંબંધોનો વિશેષ પ્રભાવ પડે છે.

**(8) ગ્રામીણ ધર્મ :**

ગ્રામીણ સમુદાયનો ધર્મ પ્રકૃતિપ્રધાન હોય છે. સૂર્ય,પાણી, જમીન, પશુ જેવાં પ્રકૃતિનાં તત્ત્વો સાથે સંબંધિત છે. કુદરતી આફતોને લીધે તેઓ નસીબવાદી વલણ ધરાવતા હોય છે. પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોની પૂજા-અર્ચના આરાધના કરતાં હોય છે.

**(9) જ્ઞાતિપંચ, ગ્રામ પંચ :**

ગ્રામ સમુદાયમાં જ્ઞાતિપંચ, ગ્રામપંચ સામાજિક નિયંત્રણનું કામ કરે છે. જ્ઞાતિપંચ જ્ઞાતિના નિયમોનું પાલન કરાવે છે.ગ્રામના પંચમાં બધી જ્ઞાતિઓનું પ્રતિનિધત્વ હોય છે. ગ્રામપંચ જ્ઞાતિઓ વચ્ચેના સંઘર્ષનું નિરાકરણ કરે છે. જોકે કાનૂની પંચાયતો આવતાં ગ્રામપંચની સત્તા ઘટી છે.

આ ઉપરાંત ગ્રામીણ સમુદાયમાં જ્ઞાતિ અને કૃષિ આધારિત સ્તર રચના હોવાથી ગતિશીલતાની તકો મર્યાદિત રહે છે. જોકે જે ખુલ્લા વ્યવસાયો છે, જે સ્વીકારીને પોતાનો દરજ્જો બદલાવી શકાય છે. ગ્રામજનો પરંપરાને વળગી રહેવાનું વલણ ધરાવે છે. આથી તેઓ પરિવર્તનને ઝડપથી સ્વીકારતા નથી. જોકે નવી અનામતનીતિ, એન.જી.ઓ. (NGO)ની ભૂમિકા, માહિતી મેળવવાનો અધિકાર, સરકારી યોજનાઓને કારણે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી જુદાં જુદાં પરિબળોની અસર ગ્રામ સમુદાય પર પડી છે. કૃષિક્રાંતિ, શ્વેતક્રાંતિ

અને સંચારક્રાંતિને લીધે ગ્રામ સમુદાયો વૈશ્વિક અને રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાનો ભાગ બનવા લાગ્યા છે. ગ્રામીણ સમુદાયોમાં સંસ્થાકીય પરિવર્તનો આવવા લાગ્યા છે. જેથી ગ્રામીણ જીવનશૈલી બદલાવા લાગી છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ગામડાંમાંથી શહેરોમાં મોટા પાયે સ્થળાંતરને કારણે ગ્રામીણ વસ્તી ઘટવા લાગી છે.

ગ્રામીણ સમુદાય એ ભૌગોલિક રીતે ક્યાં આવેલોં છે અને વિકસિત નગર સમુદાયની કેટલો નજીક કે દૂર છે તેના ઉપર તેનાં લક્ષણોનો આધાર રહેલો છે. જો તે નગર સમુદાયની નજીક હોય અને વાહન વ્યવહારતી જોડાયેલો હોય તો તેનાં લક્ષણોમાં ઘણું બધું પરિવર્તન જોવા મળતું હોય છે. જ્યારે વિકસિત સમાજથી દૂર હોય તેવા ગ્રામીણ સમુદાયમાં ઉપર, જણાવ્યા પ્રમાણેનાં લક્ષણો વધુ સ્પષ્ટ રીતે જોવા મળતાં હોય છે.

**(3) શહેર સમુદાય :**



ભારત ગામડાંઓના દેશ તરીકે ઓળખાય છે. તેમ છતાં ભારતમાં પ્રાચીન સમયની સિંધુખીણ (મોહન્જો-દડો, હડપ્પા)ની શહેરી સભ્યતા જોવા મળે છે. ભારતને તેનાં શહેરોની પ્રાચીન પરંપરા રહી છે. અનેક વિદેસી મુસાફરો જેવાં કે હ્યુ એન સંગ, ફાહ્યાન વગેરેએ પોતાનાં લખાણોમાં ભારતના જુદાં જુદાં પ્રદેશોનાં વિકસેલાં શહેરોનો ઉલ્લેખ કર્યો છે. દા.ત. કાશી (બનારસ), મથુરા વગેરે શહેરો એ તેની આસપાસનાં ગામડાંઓ વચ્ચે ચોક્કસ પ્રકારના સંબંધો પણ હતા.

વિદ્યાર્થીમિત્રો, આવા નગર સમુદાય અંગે આપણે માહિતી મેળવીશું.

**શહેર સમુદાયનો અર્થ :**

શહેર માટે નગર શબ્દ પ્રચલિત છે. શહેરી વિસ્તારમાં વસવાટ કરતાં લોકોના બનેલાં સમુદાયને શહેર સમુદાય કહે છે. જેમાં વસ્તીનું કદ મોટું અને ઘનતા વધુ હોય છે. મોટા ભાગની વસ્તી બિનકૃષિ વ્યવસાયમાં કામ કરતી હોય છે. આવા નગરનું કદ મોટું હોવાથી તેના સભ્યો વચ્ચે ઔપચારિક સંબંધો હોય છે. ધર્મ, વ્યવસાય, કોમ, જ્ઞાતિ, ભાષા, હિતો વગેરે બાબતોમાં વિવિધતા હોય છે. મોટે ભાગે પ્રકૃતિથી દૂર હોય છે. સમાજશાસ્ત્રીય દૃષ્ટિથી જોઈએ તો શહેર કે નગર સમુદાય એક જીવનશૈલી છે. નગરમાં વધુ વસ્તી અને ગીચતા હોય છે. વાહનવ્યવહારથી અવરજવર, ખરીદ-વેચાણ, વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સગવડ વધુ હોય છે. નગર સમુદાયના લોકોની સામાજિક વ્યવસ્થા અને માન્યતાઓ તેમજ શ્રદ્ધાઓમાં વૈવિધ્ય હોય છે.

ભારતમાં એક સમાન સ્વરૂપના નગર સમુદાય નથી પરંતુ તેમાં કદ, કાર્ય, રચના, વસવાટની ઢબ વગેરેમાં વિવિધતા જોવા મળે છે.

**શહેર સમુદાયની વ્યાખ્યા અને લક્ષણો :**

લુઈ વર્થ - ''મોટું કદ, ગીચ વસતી અને અનેકવિધતા એ નગર સમુદાયની મહત્ત્વની બાબતો છે.''

કિંગ્સ્લે ડેવિસના જણાવ્યા મુજબ નગર સમુદાય વિવિધ લાક્ષણિકતાઓ ધરાવે છે :

**(1) અનેકવિધતા :**

નગર સમુદાયના સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં જેમ કે ધર્મ, ભાષા, જ્ઞાતિ, સંસ્કૃતિ,

વ્યવસાય વગેરેમાં અનેકવિધતા હોય છે. સામાજિક, સાંસ્કૃતિક પાર્શ્વભૂમિના તફાવતો જોવા મળે છે.

**(2) દૂરવર્તી સંબંધો :**

નગર એ દૂરવર્તી સમુદાય છે. જેમાં તેના સભ્યો વચ્ચેના સંબંધો અને સંપર્કો પોતાનાં હિત સંતોષવા પૂરતા મર્યાદિત હોય છે. માત્ર ભૌતિક નિક્ટતા હોય છે. સામાજિક નિકટતા ઓછી હોય છે. સંબંધોમાં વધુ યાંત્રિકતા અને ઔપચારિકતા હોય છે.

**(3) વૈયક્તિકરણ :**

નગર સમુદાયમાં વ્યક્તિનું વૈયક્તિકરણ થાય છે. એટલે કે વ્યક્તિને પોતાનાં હિતો સંતોષવા પોતે જ સાધનની પસંદગી કરીને ધ્યેય પ્રાપ્ત કરવાનું છે. તેમાં આવતી મુશ્કેલીઓને પોતે જ દૂર કરી ધ્યેય પ્રાપ્ત કરવા વ્યક્તિએ એકલાએ જ પ્રયત્ન કરવો પડે છે. આથી વ્યક્તિ નગર સમુદાયમાં એકલાપણું અનુભવે છે.

**(4) સામાજિક ગતિશીલતા :**

સામાજિક ગતિશીલતા નગર સમુદાયની ખાસિયત બની રહે છે. નગરમાં વ્યક્તિની ગતિશીલતાને પ્રોત્સાહન મળે છે. તે માટે જુદાં જુદાં પ્રલોભનો, તકો અને અનેક પ્રકારનાં આકર્ષણો જે વ્યક્તિને સામાજિક ગતિશીલતા માટે પ્રેરે છે. પ્રાપ્ત દરજ્જા વધુ મહત્ત્વના હોય છે. જુદાં જુદાં વ્યવસાયો, તાલીમ, શિક્ષણની સગવડોનો લાભ લઈ વ્યક્તિ પોતાનો દરજ્જો ઊંચો લઈ શકે છે. સમાજજીવનમાં સ્પર્ધાનું તત્ત્વ વિશેષ હોય છે.

**(5) દૂરવર્તી સામાજિક નિયંત્રણ :**

નગર વિશાળ અને દૂરવર્તી સમુદાય હોવાથી જાહેર જીવન શક્ય બનાવવા તેમજ સામુદાયિક સંગઠન જાળવવા અને લોકોના જાનમાલ, હકો-હિતોનું રક્ષણ કરવા કાયદો, પોલીસતંત્ર, કોર્ટ, ગુપ્તચર વિભાગો, વહીવટી વિભાગો વગેરે જરૂરિયાત બની રહે છે. નગર સમુદાયમાં ગ્રામ સમુદાય કરતાં ધોરણભંગ વર્તન છુપાવવાની વધુ તક હોય છે.

**(6) સામાજિક સહિષ્ણુતા :**

નગર સમુદાયમાં અમુક વર્તનો અને વિવિધતાઓ પ્રત્યે સહિષ્ણુતા કેળવાય છે. એટલે કે વ્યક્તિ પોતાના કરતા ભિન્ન જ્ઞાતિ, જાતિ, ધર્મ, ભાષા, કોમ આચાર-વિચાર, વ્યવહારો, અભિપ્રાયો, સંસ્કૃતિ પ્રત્યે ઉદારતા કે સમભાવ રાખીને પોતાનામાં સમાવી લે છે. નગર સમુદાયમાં દૂરવર્તી સંબંધો અને યંત્રવત્ જીવન હોવાથી જુદાં જુદાં પ્રકારની વ્યક્તિઓ, જૂથો, સંસ્કૃતિ અને વર્તન પ્રત્યે સહિષ્ણુતાનો ભાવ સામાજિક અનુકૂલન દર્શાવે છે.

**(7) સ્થાનિક પૃથકતા :**

નગર સમુદાય જુદાં જુદાં ભૌગોલિક વિસ્તારોમાં વિભાજિત થાય છે. નગરના અમુક વિસ્તારો વેપાર-વાણિજ્ય ઉદ્યોગ-ધંધાનું કેન્દ્ર હોય છે. અમુક વિસ્તારોમાં રહેઠાણ, મનોરંજન, શિક્ષણ, વહીવટ, ચિકિત્સા, ધર્મ વગેરે અવર-જવર સંબંધી કેન્દ્રો વિકસ્યાં છે.

**(8) યંત્રવત્ જીવન :**

યંત્રવત્ જીવન નગર સમુદાયની ખાસિયત છે. વ્યક્તિનું જીવન ઘડિયાળના કાંટાની જેમ સંચાલિક થતું હોય છે. વ્યક્તિ માનસિક રીતે સતત વ્યગ્રતા, તંગદિલી અને સંઘર્ષનો અનુભવ કરે છે.

**(9) સ્વૈચ્છિક સંગઠન :**

નગર સમુદાયમાં સેવા અને માનવતાવાદી સ્વૈચ્છિદ સંગઠનો જોવા મળે છે. જોકે નગરમાં સ્વૈચ્છિક સંગઠનો, અને મંડળો શહેરની સામાજિક જરૂરિયાત પ્રમાણે વિકસે છે, જે વ્યક્તિને સામાજિક-આર્થિક, માનસિક સલામતી પૂરી પાડે છે. વર્તમાન ભારતમાં શહેરીકરણ વધતું

જાય છે. શહેરનાં સ્વરૂપ, આકાર બદલાવા લાગ્યા છે. વસ્તીની ગીચતા અને વૈવિધ્યમાં વૃદ્ધિ થવા લાગી છે. સાથે સાથે શહેર સમુદાયમાં અનેક નવી સમસ્યાઓ પણ ઉદ્ભવી છે. જેવી કે ગંદા વસવાટો, ટ્રાફિક, પ્રદૂષણ વગેરે.

**(4) આદિવાસી સમુદાય :**

ગ્રામ સમુદાય અને નગર સમુદાયથી જુદી એવી વિશિષ્ટ સામાજિક, સાંસ્કૃતિ અને આર્થિક જીવનશૈલી ધરાવતા અને મોટે ભાગે પ્રાથમિક કક્ષાનું સામુદાયિક જીવન જીવતાં જુદાં જુદાં આદિવાસી સમુદાય ભારતમાં વસવાટ કરે છે.

આદિમ જાતિઓ, આદિવાસીઓ કે આદિમ સમુદાયને બંધારણના અનુચ્છેદ 342(1)ના આધારે અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવે છે.

ઈમ્પિરીયલ ગેઝેટિયર આદિવાસી સમુદાયને નીચે મુજબ સમજાવે છે :

''આદિવાસી કેટલાંક કુટુંબોનો સમુદાય છે જે સમાન નામ સમાન બોલી ધરાવતું અંતર્વિવાહી જૂથ છે તથા તેઓ સમાન પ્રદેશમાં વસે છે અથવા સમાન પ્રદેશના વતની છે તેવી માન્યતા ધરાવે છે.''

આદિવાસી સમુદાય સમાજના અન્ય લોકોની સામાજિક વ્યવસ્થા અને અન્ય બાબતોમાં જુદાં પડે છે. સમુદાયના સંદર્ભમાં આદિવાસી સમુદાયની લાક્ષણિકતાઓ નીચે મુજબ દર્શાવી શકાય.

**(1) નિશ્ચિત ભૌગોલિક સ્થાન :**

સમુદાયની વ્યાખ્યામાં આ મહત્ત્વનું લક્ષણ છે. દરેક આદિવાસી સમુદાય, નિશ્ચિત ભૌગોલિક સ્થાનમાં વસે છે. દા.ત., ગુજરાતમાં સાબરકાંઠાથી શરૂ કરી આહવા-ડાંગ સુધીની ઉત્તર-પૂર્વ પટ્ટીમાં મોટા ભાગના આદિવાસી સમુદાય વસે છે. તેમના નિશ્ચિત ભૌગોલિક વસવાટના સ્થાનને મૂળ વતન તરીકે જ ઓળખાવે છે.

**(2) વિશિષ્ટ નામ :**

પ્રત્યેક સમુદાય વિશિષ્ટ નામથી ઓળખાય છે. તેવી જ રીતે જુદાં જુદાં આદિવાસી સમુદાયને પોતાનાં વિશિષ્ટ નામ હોય છે. જેમ કે ગુજરાતમાં ભીલ, દુબળા,બાવચા વગેરે વિશિષ્ટ નામ સમુદાયની ઓળખ બની રહે છે.

**(3) સમાન ભાષા કે બોલી :**

દરેક આદિવાસી સમુદાયને ચોક્કસ અને સર્વસામાન્ય ભાષા કે આગવી બોલી હોય છે. ભારતના આદિવાસી સમુદાયમાં લિપિ જોવા મળતી નથી, પરંતુ સમાન ભાષા કે બોલી હોય છે.

**(4) સમુદાયના સભ્યો વચ્ચે પરસ્પરાવલંબન :**

આદિમ સમાજ પ્રમાણમાં વધારે સાદો અને એકવિધતાવાળો જોવા મળે છે. આવી એકવિધતા ભાષા ઉપરાંત વ્યવસાય, કુટુંબ વ્યવસ્થા, લગ્ન વ્યવસ્થા આનંદ-પ્રમોદનાં સાધનો વગેરેમાં હોય છે. જાણીતા સમાજશાસ્ત્રી ઈમાઈલ દર્ખાઈમ આવા સામાજિક સમુદાયને યાંત્રિક એકતા તરીકે વર્ણવે છે. આ સમુદાય એ અર્થમાં યાંત્રિક છે કે તેમાં રહેલાં જૂથો એકબીજાં સાથે યંત્રવત્ રીતે જોડાયેલાં હોય છે. જે મોટે બાગે બધા જ સમાન વ્યવસાય કરે છે. દા.ત. સામુદાયિક ખેતી, પશુપાલન, કુદરતી ખાદ્ય સંક્લન વગેરે. દરેક કુટુંબ પોતાનો જીવનનિર્વાહ પોતાની સામુદાયિક આર્થિક પ્રવૃત્તિ દ્વારા કરે છે. જેઓમાં સાદું શ્રમવિભાજન હોય છે.

આદિવાસીઓમાં સામુદાયિક ભાવના જળવાઈ રહે તે માટે અનેક તહેવારો, ઉત્સવો તેમજ આનંદ-પ્રમોદ કે મનોરંજનની પ્રવૃત્તિઓ સમુદાયના સભ્યો સાથે મળીને ઊજવે છે. તેમનાં નૃત્યો પણ વ્યક્તિગત નથી. જેમ કે આસામનું બિહુ નૃત્યુ કે ગુજરાતનું ડાંગી નૃત્ય કે વિશ્વમાં

કોઈ પણ આદિવાસી નૃત્ય સામુદાયિક સ્વરૂપનું જોવા મળે છે.

સામાજિક રીત-રિવાજો, પરંપરાઓ વ્યક્તિવાદી નહિ. પરંતુ સમુદાયને મહત્ત્વ આપે છે. ધાર્મિક આચરણમાં સમુદાયની રીતો મહત્ત્વની હોય છે. આદિવાસી સમુદાયમાં કુટુંબ જેમાં સગપણના સંબંધો વધુ મહત્ત્વના હોય છે. સગપણ વ્યવસ્થા વધુ વિકસિત હોય છે.

તેઓ ધર્મમાં મોટે ભાગે પ્રકૃતિનાં તત્ત્વોને દેવ ગણીને પૂજે છે.ભૂત-પ્રેત, ડાકણ જેવી અનેક પ્રકારની અંધશ્રદ્ધાઓમાં માનતા હોય છે. સામુદાયિક ભાવના વધારવામાં ધર્મની રીતોમાં ઉપાસના, માન્યતા, મૂલ્યો મહત્ત્વનાં હોય છે.

**(5) યુવાગૃહો :**

કેટલાંક આદિવાસી સમુદાયમાં યુવાનો માટેનાં અલગ યુવાગૃહો હોય છે. જ્યાં તેમને સામુદાયિક શિક્ષણ આપવમાં આવે છે. શિકાર કે જીવનનિર્વાહની રીતોની તાલીમ, સમાજના ધોરણ મુજબનું સામાજીકરણ કરવામાં આવે છે.

**(6) સામાજિક નિયંત્રણ :**

આદિવાસી સમુદાયના સંચાલક તરીકે એક મુખ્ય વ્યક્તિ હોય છે,જે જૂથનો વડો કે સરદાર હોય છે. તે સમગ્ર સમુદાયને નિયંત્રિત કરે છે. તે પોતે જ સમુદાયનાં ધોરણો કે નિયમો ઘડે છે,જે સમુદાયના સભ્યોના વર્તનને નિયંત્રિત કરે છે. સમુદાયના બધાજ સભ્યોએ ધોરણનો અમલ કરવો પડે છે. સમુદાયનો કોઈ પણ વ્યક્તિ ધોરણભંગ વર્તન કરે તો તે સમગ્ર સમુદાયને નુકસાન થાય છે એવું માનવામાં આવે છે, પરિણામે સમુદાયનાં ધોરણોનો અમલ કરવામાં ન ઓ તો તેની ઘણી કડક સજા કે શિક્ષા હોય છે. કેટલાંક સંજોગોમાં વ્યક્તિને સમજાના ભાગરૂપે સમુદાયથી અલગ કરવામાં આવે છે.

આમ, આદિવસી સમુજાય કે જે પ્રાથમિક સાદો સમુદાય છે તેમની વિશિષ્ટ આગવી સંસ્કૃતિ, પ્રાથમિક કક્ષાનું શ્રમવિભાજન, સગપણ સંબંધો વધારે મજબૂત, સમુદાયની સત્તા કોઈ એક જ વ્યક્તિના હાથમાં હોય છે.

આ એકમમાં આપણે ભારતીય સંસ્કૃતિ અને તેનાં સ્વરૂપો તેમજ ભારતીય સમાજના વિવિધ સમુદાય અંગે માહિતગાર થયા. આગળના એકમમાં આપણે અનુસૂચિત જાતિ-જનજાતિ અને પછાત વર્ગોની માહિતી મેળવીશું.

## (8) એકમ સ્વાધ્યાય (Unit Exercises)

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) ભારતીય સંસ્કૃતિનાં લક્ષણો સમજાવો.

(2) 'ભારત બહુધર્મી દેશ છે' આ વિધાન સમજાવો.

(3) ગ્રામીણ સમુદાયનો અર્થ અને લક્ષણો સમજાવો.

(4) શહેર સમુદાયનાં લક્ષણો સમજાવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) ભારતીય સંસ્કૃતિનો અર્થ-વ્યાખ્યા સ્પષ્ટ કરો.

(2) આદિવાસી કળા સંસ્કૃતિના સમજૂતી આપો.

(3) આદિવાસી સમુદાયની વિસ્તૃત સમજ આપો.

(4) ભારતીય સંસ્કૃતિનું પ્રશિષ્ટ-માર્ગી સ્વરૂપ સમજાવો.

(5) હિંદુ સમુદાયની સમજૂતી આપો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) ભારતીય સંસ્કૃતિનાં સ્વરૂપો કયાં છે તે જણાવો.

(2) લોકસંસ્કૃતિનાં ઉદાહરણો દર્શાવો.

(3) આદિવાસીઓની માટીકલાની જાણકારી આપો.

(4) મુસ્લિમ સમુદાયની સમજૂતી આપો.

(5) પારસી સમુદાયની સમજૂતી આપો.

**(4) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.**

(1) સંસ્કૃતિ એટલે શું ?

(2) લોકસંસ્કૃતિનાં અંગો કયા કયા છે ?

(3) આદિવાસી સંસ્કૃતિની વિશિષ્ટતા જણાવો.

(4) ખ્રિસ્તી ધર્મના મુખ્ય સિદ્ધાંતો જણાવો.

(5) શીખ ધર્મના પાંચ 'ક' કોને કહે છે ?

(6) ભારતીય સંસ્કૃતિ કેવી સંસ્કૃતિ તરીકે ઊપસી આવી છે?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા શું છે ?

(અ) વિવિધતામાં એકતા (બ) અલગતા

(ક) અસહિષ્ણુતા (ડ) એક પણ નહિ

(2) ભારતીય સંસ્કૃતિનો દ્રષ્ટિકોણ કેવો છે ?

(અ) વૈશ્વિક (બ) સ્થાનિક

(ક) સંકુચિત (ડ) એક પણ નહિ

(3) લોકસંસ્કૃતિ એ કેવું સર્જન છે ?

(અ) વ્યક્તિગત (બ) કુદરતનું

(ક) સહિયારું (ડ) એક પણ નહિ

(4) લોકસંસ્કૃતિની પરંપરા કેવી છે ?

(અ) લેખિત (બ) મૌખિક

(ક) વર્ણનાત્મક (ડ) એક પણ નહિ

(5) આદિવાસી સંસ્કૃતિમાં શાનાં દર્શન થાય છે ?

(અ) જીવનરીતિના (બ) માન્યતાના

(ક) રિવાજોના (ડ) ઉપર્યુક્ત તમામના

(6) ભારતના બંધરાણની કઈ કલમ વ્યક્તિને પોતાનો ધર્મ સ્વતંત્ર રીતે પાળવાની છૂટ આપે છે ?

(અ) 25 (બ) 340

(ક) 15 (ડ) 118

(7) પારસીઓનું ધાર્મિક પુસ્તક કયું છે ?

(અ) ભગવદ્ ગીતા (બ) અવેસ્તા

(ક) કુરાને શરીફ (ડ) ત્રિપિટક

(8) યુવાગૃહો કયા સમુદાયમાં જોવા મળે છે ?

(અ) ગ્રામીણ (બ) શહેરી

(ક) આદિવાસી (ડ) એકપણ નહિ

(9) ગ્રામીણ અર્થવ્યવસ્થા શેના પર આધારિત છે ?

(અ) કૃષિ (બ) વેપાર

(ક) ઉદ્યોગ (ડ) આયાત-નિકાસ

(10) ભારતમાં ધાર્મિક લઘુમતી વસ્તી કેટલા ટકા છે ?

(અ) 18.2 (બ) 17.17

(ક) 20.2 (ડ) 12.5

**પ્રવૃત્તિ**

- ભારતીય સંસ્કૃતિની વિવિધતાઓનો ચાર્ટ તૈયાર કરો.
- લોકસંસ્કૃતિના ભાગરૂપે લોક કહેવાતોની યાદી બનાવો તેમજ લોકગીતોના પઠનનો કાર્યક્રમ યોજો.
- આદિવાસી કળા સંસ્કૃતિ અંગે ફોટો આલ્બમ બનાવો.
- તમારી નજીકના વિસ્તારના આદિવાસી ગામની મુલાકાત ગોઠવો.
- જુદાં જુદાં ધાર્મિક સમુદાય અંગે ચાર્ટ બનાવો.

(5) ભારતમાં સમુદાય વિકાસ યોજના : ભારતમાં સમુદાય વિકાસ યોજના 1952માં અમલી બની. શરૂઆતમાં 55 પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યાં હતા અને દરેક પ્રોજેક્ટ હેઠળ 300 ગામડાંને આવરી લેવાયાં હતાં.

બીજી પંચવર્ષીય યોજનમાં સમુદાય વિકાસના ત્રણ હેતુ સ્પષ્ટ કરવામાં આવ્યાં :

(1) ગ્રામ સમાજના કલ્યાણ સાથે સંબંધ ધરાવતાં ક્ષેત્રોનો વિકાસ કરવો.

(2) ગામડાના લોકોમાં વલણ-પરિવર્તન લાવીને સામાજિક પરિવર્તન નિપજાવવું. લોકો પોતે જ પોતાના વિકાસની જવાબદારી ઉપાડતા થાય તેમ કરવું. લોકોને નવી તક અને પ્રોત્સાહન પૂરાં પાડવાં, સહકાર ને સ્વાવલંબનને ઉત્તેજન આપવું.

(3) દરેક કુટુંબનો અને તેમાંય ખાસ કરીને શોષિત વર્ગોના વિકાસ માટેના પ્રયાસોનો આ કાર્યક્રમમાં સમાવેશ કરવો.

આમ, આ યોજના પાછળ ભૌતકિ સિદ્ધિનું જ ધ્યેય નહોતું, પરંતુ તેની પાછળ સામુદાયિક અને વ્યક્તિગત કક્ષાએ મનોવૈજ્ઞાનિક પરિવર્તન લાવવો પણ હેતુ હતો. ભારતના નવનિર્માણમાં લોકો પોતે પણ હિસ્સેદાર છે એવી ભાવના ગ્રામપ્રજામાં વિકસે એવી પરિસ્થિતિ સર્જવાનો હેતુ હતો. ટૂંકમાં, ગ્રામસમુદાયોનો સર્વાંગી વિકાસ સાધવાનો આ યોજનાનો મુખ્ય હેતુ છે.

આ હેતુ સાથે વિશાળ ભૂમિકા ઉપર સમુદાય વિકાસ કાર્યક્રમોને ત્રણ તબક્કામાં વહેંચવામાં આવ્યાં :

(1) રાષ્ટ્રીય વિસ્તરણ સેવાઓ

(2) સઘન સમુદાય વિકાસ પ્રોજેક્ટ

(3) સંશોધનક્ષેત્રે વિકાસ

આ સમગ્ર યોજના નીચે દેશનાં મોટા ભાગનાં ગામડાં આવરી લેવામાં આવ્યાં અને આ યોજના નીચેના કાર્યક્રમો હાથ ધરાવામાં આવ્યાં છે :

**બાંધકામ કાર્યક્રમો :** કાચા અને પાકા રસ્તા, નાળા, ગટર, શેરીની પગથારો, શાળાઓ, ગ્રામકેન્દ્રો, દવાખાનાં, હરિજન વસવાટો, પીવાના પાણીના કૂવા વગેરે.

**સિંચાઈ કાર્યક્રમો :** સિંચાઈના કૂવા, નહેરો, પમ્પિંગ સેટ્સ ને તળાવો વગેરે.

**કૃષિ કાર્યક્રમો :** પડતર જમીનને ખેતીલાયક બનાવવી, નાનાં ખેતરોનું એકત્રીકરણ, સુધારેલું બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, સુધારેલાં ઓજારો વગેરે ખેડૂતોને પૂરાં પાડવાં, ખેતીની અદ્યતન પદ્ધતિ વિકસાવવી વગેરે.

**સંસ્થાકીય અને અન્ય કાર્યક્રમો :** યુવક મંડળો, સ્ત્રીસંસ્થાઓ, ગ્રામકેન્દ્રો, વિકાસ મંડળો, સહકારી મંડળીઓ, વહેંચણી ભંડારો, પ્રસૂતિકેન્દ્રો, દવાખાનાં, પશુચિકિત્સાલયો, પંચાયતો, પ્રૌઢશિક્ષણકેન્દ્રો, ગૃહઉદ્યોગો, ઉત્પાદન અને તાલીમકેન્દ્રો વગેરેનો વિકાસ કરવાના કાર્યક્રમો.

આ કાર્યક્રમોને અમલ મૂકવા માટે મધ્યસ્થ, રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામઘટક એમ પાંચ સ્તરનું વહીવટીતંત્ર ગોઠવવામાં આવ્યું છે. અને તેમાં સત્તા અને અંકુશ ઉપરથી શરૂ થઈને નીચે સુધી પહોંચે છે.

## (6) સમુદાય વિકાસ કાર્યક્રમોની ગ્રામીણ સમાજ પર અસર (Impact of Community Development Programmes on Rural Society) :

સમુદાય વિકાસ યોજના હેઠળ હાથ ધરાયેલા વિવિધ કાર્યક્રમોની ગ્રામસમાજ પર અનેક અસરો થવા પામી છે. આ કાર્યક્રમોની ગ્રામીણ સમજાના ભૌતિક, સામાજિક, સાંસ્કૃતિક વગેરે વિવિધ ક્ષેત્રો પર વ્યાપક અસરો પડી રહી છે. આ પૈકીની કેટલીક મુખ્ય અસરો નીચે મુજબ દર્શાવી શકાય :

**(1) કૃષિનું આધુનિકીકરણ :** સમુદાય વિકાસ યોજનાના કૃષિવિકાસના કાર્યક્રમોએ ગ્રામીણ સમાજમાં કૃષિવ્યવસાયનું આધુનિકીકરણ કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. પહેલાંના સમયમાં ભારતનાં ગામડાંઓમાં કૃષિવ્યવસાયમાં પરંપરાગત પદ્ધતિઓનો ઉપયોગ થતો. સિંચાઈની સુવિધાઓ પણ અલ્પ હતી. ખેડૂતો ખેતીની આધુનિક પદ્ધતિઓનું અને પશુસંવર્ધનનું જ્ઞાન ધરાવતાં નહોતાં, પરિણામે સુધારેલા બિયારણ,સિંચાઈના સાધનો, સુધારેલાં યાંત્રિક સાધનો જેવાંકે ટ્રેક્ટર, યાંત્રિક હળ, ઓઈલ એન્જિનો, વીજળી વગેરે સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. આ ઉપરાંત સંપર્કપદ્ધતિ અને નિદર્શનો દ્વારા ખેડૂતોને ખેતીની આધુનિક પદ્ધતિઓ અને એના લાભોનું જ્ઞાન પણ આપવામાં આવે છે. કૃષિવ્યવસાયમાં થયેલાં આ બધા ફેરફારોની અસર ગ્રામસમાજની આર્થિક પરિસ્થિતિ પર પડવા લાગી છે. કૃષિનું આધુનિકીકરણ થતાં ગામડાના લોકો આર્થિકક્ષેત્રે વધુ જાગૃત બન્યા છે.તેઓની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયો છે એ તેમનું જીવનધોરણ ઊંચું આવવા લાગ્યું છે. ઉત્પાદનમાં વધારો થયો છે અને ભારતના કેટલાંક ગ્રામીણ પ્રદેશોમાં હરિયાળી ક્રાંતિ પણ થવા લાગી છે. ડેરીઉદ્યોગના વિકાસથી પશુપાલકોને આર્થિક લાભ થયો છે. જો કે, કૃષિનું આધુનિકીકરણ થતાં ગામડાં કૃષિનાં સાધનો મેળવવા માટે પરાવલંબી બનવા લાગ્યાં છે. આમ છતાં એકંદરે તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે એ હકીકત સ્પષ્ટ રીતે જોવા મળે છે. કૃષિવ્યવસાયના આધુનિકીકરણની અનેક અસરો ગ્રામસમાજના સામાજિક-સાંસ્કૃતિક જીવન પર પણ પડી છે.

**(2) સંચારવ્યવહારનો વિકાસ :** સમુદાય વિકાસ યોજનાના બાંધકામ વિકાસ અને રસ્તા વિકાસ કાર્યક્રમો દ્વારા કાચા અને પાકા રસ્તાઓ બાંધવામાં આવ્યા છે, અને ગામડાંઓને બસવ્યવહારથી જિલ્લા મથખો, તાલુકામથકો અને પાટનગરો સાથે સાંકળી લેવામાં આવ્યાં છે. આના પરિણામે ગામડાંના લોકોનો શહેરી સમુદાયો સાથે સંપર્ક વધ્યો છે. ગામડાની પરંપરાગત સામાજિક અને સાંસ્કૃતિક અલગતામાં ઘટાડો થયો છે. આની વિવિધ અસરો ગ્રામીણ સમાજના સામાજિક-સાંસ્કૃતિક માળખા પર પડી છે. આ ઉપરાંત સંચારવ્યવહારની

સગવડો વધતાં અને ગામડાઓનું શહેરો સાથે બસ તથા રેલ્વે દ્વારા જોડાણ થતાં ગામડાની આર્થિક અલગતા ઘટી છે. હવે ગામડાંમાં થતાં પાકો જેવાં કે કપાસ, ઘઉં, મગફળી, તમાકુ, ડાંગર વગેરે કાચા-પાકા રસ્તાઓ દ્વારા તાલુકામથકે અને જિલ્લામથકે સરળતાથી પહોંચાડી શકાય છે. આથી હવે ગામડાં રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાના અંગરૂપ બન્યાં છે. ખેડૂતોને પોતાનું ઉત્પાદન શહેરના સ્પર્ધાયુક્ત બજારમાં મૂકવાની તક મળતાં ઊંચા ભાવો પણ મળવાં લાગ્યા છે.

આ ઉપરાંત સંચારવ્યવહારના માધ્યમ તરીકે રેડિયો, તારટપાલ, છાપાં, પુસ્તકો વગેરે ગામડામાં પ્રવેશ્યાં છે. આની અસરને પરિણામે ગામડાંમાં આધુનિક વિચારો અને આધુનિક મૂલ્યોનું પ્રસરણ થવા લાગ્યું છે. રેડિયો,ટી.વી. છાપાં વગેરેમાં આવતાં ખેડૂતો માટેના ખાસ કાર્યક્રમો એ વર્ગના લોકોમાં ખેતી, ગૃહઉદ્યોગ, બજારભાવો વગેરે અંગે જાગૃતિ આણવામાં ઘણો ફાળો આપે છે. લોકશાહી, સમાનતા, સ્વાતંત્ર્ય, બિનસાંપ્રદાયિકતા વગેરે આધુનિક મૂલ્યોના પ્રસરણમાં આવાં માધ્યમો મોટો ભાગ ભજવે છે. આ ઉપરાંત પંચાયત, સહાકરી પ્રવૃત્તિ, કિસાન સંગઠનો વગેરે સંસ્થાઓ પોતપોતાનાં સામયિકો કાઢે છે અને તે દ્વારા પણ ગામડામાં આધુનિક મૂલ્યોનું પ્રસરણ થાય છે. ટૂંકમાં, સંચારવ્યવહારના વિકાસને પરિણામે ગ્રામસમાજમાં નવી જાગૃતિ અને નવાં આંદોલનો પેદા થવા લાગ્યાં છે, જેણે સામાજિક પરિવર્તન અને સામાજિક વિકાસમાં મોટો ફાળો આપ્યો છે.

**(3) ગ્રામીણ સમાજમાં શિક્ષણનો પ્રસાર :** સમુદાય વિકાસ યોજનામાં કાર્યક્રમોમાં ગામડાંઓમાં શિક્ષણ વિકાસનો કાર્યક્રમ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. શૈક્ષણિક વિકાસના કાર્યક્રમ દ્વારા દરેક ગામડે પ્રાથમિક શાળા, મોટા ગામડામાં માધ્યમિક શાળા અને તાલુકા મથકોએ કોલેજો સ્થાપવાના પ્રયાસો થયા છે. આને પરિણામે ગ્રામીણ વિસ્તારોમાં શૈક્ષણિક સુવિધામાં વધારો થયો છે. પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. વળી જ્ઞાતિના, કોમના કે લિંગના કોઈ ભેદભાવ વગર શિક્ષણ બધાને માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આથી પરંપરાગત રીતે નીચું સ્થાન ભોગવતી જ્ઞાતિના લોકોને પણ શિક્ષણ મેળવવાની તક પ્રાપ્ત થઈ છે. શૈક્ષણિક સુવિધાઓને લીધે ગ્રામીણ સમાજમાં ઉત્તરોત્તર શિક્ષણના પ્રમાણમાં વધારો થતોં જાય છે.

શિક્ષણના પ્રમાણમાં વધારો થતાં ગામડાના સમાજ અને સંસ્કૃતિ પર તેની વિવિધ અસરો પડી છે. શિક્ષણને પરિણામે ગામડામાં નવશિક્ષિત જાગૃત વર્ગ- પ્રબુદ્ધ વર્ગ ઊભો થવા લાગ્યો છે. આ નવશિક્ષિત યુવક વર્ગ ગ્રામસમાજનું નેતૃત્વ લેવા આગળ આવી રહ્યો છે. એટલે કે, ગામડામાં નવું નેતૃત્વ પેદા કરવા કરવામાં પણ શિક્ષકે ફાળો આપ્યો છે. આ ઉપરાંત શૈક્ષણિક વિકાસને પરિણામે ગામડાંમાં વ્યવસાયિક ગતિશીલતામાં વધારો થવા લાગ્યો છે. ગામડાંની વિવિધ જ્ઞાતિના શિક્ષિત યુવકો જ્ઞાતિના વારસાગત વ્યવસાયો છોડીને નવા ઔદ્યોગિક વ્યવસાયો સ્વીકારી રહ્યા છે. વ્યવસાય વિશેનાં જૂનાં મૂલ્યો અને પરંપરાંગત દૃષ્ટિબિંદુઓ પણ બદલાવા લાગ્યાં છે. શિક્ષણને પરિણામે ગામડાના લોકો નવી રીતે વિચારતા થયા છે, તેમની જીવનદૃષ્ટિમાં પરિવર્તન આવવા લાગ્યું છે, એટલું જ નહીં પણ તેમના સામાજિક જીવનની ગુણવત્તામાં સુધારણા થવા લાગી છે.

**(4) ગામડાના જાહેર આરોગ્ય સ્તરમાં સુધારણા :** સમુદાય વિકાસ યોજનાના વિવિધ કાર્યક્રમો હેઠળ ગ્રામસમાજના આરોગ્યનું સ્તર ઊંચું લાવવા માટે કાર્યક્રમો પણ હાથ ધરાયા છે. આવા કાર્યક્રમોને પરિણામે ગામડામાં આરોગ્યકેન્દ્ર, દવાખાનાં, ડૉકટરો, નર્સો, પશુદવાખાનાં વગેરે સગવડો ઊભી થવા પામી છે. આ ઉપરાંત બાળઆરોગ્યકેન્દ્રો, પ્રસૂતિગૃહ, માતૃકલ્યાણકેન્દ્રો, કુટુંબનિયોજનકેન્દ્રો વગેરે સગવડો પણ વિકસવા લાગી છે. ગામડામાં શીતળાની રસી, મલેરિયા-નાબૂદી માટે ડીડીટીનો છંટકાવ, બી.સી.જી રસી, લકવા-વિરોધી રસી વગેરે આરોગ્યને લગતી પ્રવૃત્તિઓ પણ વિકસી છે અને તે દ્વારા કેટલાંક ચેપી રોગો પર અંકુશ

મૂકવાનું શક્ય બન્યું છે. ગ્રામ-આરોગ્યરક્ષકની પ્રવૃત્તિઓ દ્વારા ગામડામાં લોકોની આરોગ્ય પ્રત્યેની જાગૃતિમાં વધારો થવા લાગ્યો છે. ગામડામાં સફાઈ, સ્નાન, સ્વચ્છતા પર ભાર મૂકાય છે. આવા આરોગ્યવિષયક કાર્યક્રમોને પરિણામે ગામડામાં બાળમરણનું પ્રમાણ ઘટવા લાગ્યું છે અને આયુષ્યમર્યાદામાં વધારો થવા લાગ્યો છે. એકંદરે સમુદાય વિકાસ યોજનાના આરોગ્ય સુધારણાના કાર્યક્રમોને પરિણામે ગ્રામસમાજનું આરોગ્યનું સ્તર ઊંચું આવવા લાગ્યું છે. એટલું જ નહીં પણ પશુઓની ઓલાદમાં પણ સુધારણા થવા લાગી છે.

(5) **સામાજિક કલ્યાણમાં વૃદ્ધિ :** સમુદાય વિકાસ યોજનાના કાર્યક્રમોમાં ગ્રામસમાજના નબળા વર્ગના લોકોના કલ્યાણ પર વધુ ભાર મૂકાય છે. ગામડાના ખેતમજૂરો, હરિજનો, આદિવાસીઓ વગેરે વર્ગોને સામાજિક-આર્થિક ક્ષેત્રે વિશિષ્ટ સવલતો આપવામાં આવે છે. તેમના ઉત્કર્ષને પ્રાધાન્ય અપાય છે. જમીનવિહોણા લોકોને કેતી માટે સરકાર તરફથી જમીન આપવામાં આવે છે. આ ઉપરાંત નબળા વર્ગનાં બાળકો અને યુવાનોને શિક્ષણ માટે શિષ્યવૃત્તિઓ અને પુસ્તકો પૂરાં પાડવાની યોજનાઓ પણ અમલમાં મૂકાય છે. નબળા ખેડૂતો અને ખેતમજૂરોને ખાતર, બિયારણ, ખેતીનાં સાધનો વગેરે ખરીદવા માટે સહકારી બેન્કોમાંથી ઓછા વ્યાજની લોન, સરકાર તરફથી અપાતી સબસિડી વગેરે સ્વરૂપે આર્થિક રાહત આપવામાં આવે છે. તેઓને ઔદ્યોગિક અને વ્યવસાયિક તાલીમ આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે અને જિલ્લા મથકે તથા તાલુકા મથકે તાલીમકેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે. ગ્રામસમાજના નબળા વર્ગના લોકો આર્થિક રીતે પગભર બને અને તેઓ પોતાનો સામાજિક દરજ્જો સુધારી શકે તથા તેમના મળેલાં કાનૂની અને બંધારણીય અધિકારો ભોગવવા સમર્થ બની શકે એવી સવલતો અપાય છે. આ બધા કાર્યક્રમોની અસરને પરિણામે તેઓના જીવનધોરણમાં સુધારો થયો છે. એટલું જ નહીં આ વર્ગના લોકો પોતાના હક્કો અને અધિકારો વિશે જાગૃત બનવા લાગ્યા છે. તેમનાં બાળકોમાં શિક્ષણનું પ્રમાણે વધવા લાગ્યું છે. ઉચ્ચ કક્ષાની નોકરીઓ અને ઉચ્ચ વ્યવસાયોમાં પણ હવે તેઓ દાખલ થવા લાગ્યા છે. ગ્રામજીવનમાં નેતૃત્વ પ્રાપ્ત કરવાની તેમની તકોમાં પણ વધોરો થયો છે. ટૂંકમાં, સમુદાય વિકાસ યોજનાના કાર્યક્રમોની અસરને લીધે સમગ્ર ગ્રામસમાજના અને તેમાંયે ખાસ કરીને ગામડાના નબળા વર્ગેના લોકોના સામાજિક કલ્યાણમાં વધારો થયો છે.

(6) **સહકારી પ્રવૃત્તિનો વિકાસ :** ગ્રામ વિકાસના વિવિધ કાર્યક્રમો હેઠળ ગામડામાં અનેક પ્રકારની સહકારી મંડળીઓ સ્થાપવામાં આવી છે.દા.ત. દૂધ ઉત્પાદક મંડળીઓ, ખેડૂત મંડળીઓ, ખરીદ-વેચાણ મંડળીઓ, ધિરાણ મંડળીઓ, વણકર મંડળીઓ, મકાન બાંધકામ મંડળીઓ વગેરે મંડળીઓ સ્થાપવામાં આવી છે અને તે દ્વારા ગામડાના લોકોને વિવિધ સગવડો સ્તાનિક કક્ષાએ પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લા અને તાલુકા કક્ષાએ સહકારી બેન્કો, સહકારી ખરીદ-વેચાણસંઘો, સહકારી માર્કેટયાર્ડ વગેરે પ્રવૃત્તિઓ પણ વ્યાપક બની છે, અને તે દ્વારા ગામડાંઓમાં સહકારી પ્રવૃત્તિ વેગીલી બનાવવા પ્રયાસો થાય છે.

સહકારી પ્રવૃત્તિને પરિણામે ગામડાના લોકોને હવે ઓછા વ્યાજે લોન સ્વરૂપે નાણાંની સગવડ મળે છે તથા તેઓને ખેતઉત્પાદનનાં સાધનો ખરીદવા માટે, ખેતીનું ઉત્પાદન વાજબી ભાવે વેચવા માટે સગવડો મળવાં લાગી છે.આને લીધે ગામડામાં શાહુકારો દ્વારા થતાં શોષણમાં ઘટાડો થવા લાગ્યો છે અને ગામડાના લોકો આર્થિક રીતે પગભર થઈ શકે એવી તક પેદા થવા લાગી છે. તેઓને પોતાનું ખેતઉત્પાદન ઓછા ભાવ વેચી નાખવાની ફરજ ન પડે અને એવા વાજબી ભાવો મળે શકે એવી વ્યવસ્થા વિકસવા લાગી છે.

(7) **નવી સંસ્થાઓનું નિર્માણ :** સમુદાય વિકાસ યોજનાના કાર્યક્રમો દ્વારા ગ્રામસમાજમાં કેટલીક નવી સંસ્થાઓનું નિર્માણ થવા લાગ્યું છે. જેમ કે, યુવક મંડળો, મહિલા મંડળો, કેળવણી મંડળો વગેરે સંસ્થાઓ પરંપરાગત ગ્રામીણ સમાજમાં નહોતી, પરંતુ હવે આ નવી સંસ્થાઓ ગામડામાં ઊભી થવા લાગી છે અને તે દ્વારા ગામડાના વિવિધ વર્ગના લોકોને વ્યક્તિત્વના

વિકાસની તક મળે છે. આ નવી સંસ્થાઓ ગામડામાં સ્થાનિક વિકાસના કાર્યક્રમો પણ હાથ ધરે છે અને વિકાસની પ્રવૃત્તિઓમાં ગ્રામજનોની ભાગીદારી વધારવા પ્રયાસ કરે છે. આવી સંસ્થાના આગેવાનો ગ્રામસમાજમાં નવું માનસ તૈયાર કરવામાં પણ ફાળો આપે છે. એટલું જ નહીં પણ ગ્રામસમાજમાં નવું નેતૃત્વ પેદા કરવામાં પણ નવી સંસ્થાઓ મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(8) ગામડાના સમાજજીવન પર અસર :** સમુદાય વિકાસ યોજનાના સામાજિક આર્થિક વિકાસના કાર્યક્રમોએ ગામડાના સમાજજીવન પર પણ વિવિધ અસરો કરી છે. ખાસ કરીને ગ્રામ સંગઠન, જ્ઞાતિપ્રથા અને સંયુક્ત કુટુંબ પર તેણે મહત્ત્વની અસર કરી છે. આ કાર્યક્રમોએ એક બાજુથી ગ્રામસમાજમાં પરિવર્તન લાવવામાં અને ગ્રામસમાજમાં નવું જાગૃત માનસ તથા નવું નેત્ત્વ ખીલવવામાં ભાગ ભજવ્યો છે, તો બીજી બાજુથી તેણે ગ્રામસમાજમાં સામાજિક અને આર્થિક ક્ષેત્રે અસમાનતા વધારવામાં પણ ભાગ ભજવ્યો છે. એટલે કે, સમુદાય વિકાસ યોજનાના કાર્યક્રમોએ ઉપર જણાવેલી કેટલીક સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરી છે. પરંતુ સાથોસાથ તેની કેટલીક મર્યાદાઓ પણ છતી થઈ છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ કાર્યક્રમોએ ગ્રામસમાજ પર કેટલીક વિપરીત અસરો પણ ઉપજાવી છે. આવી કેટલીક અસરો નીચે મુજબ દર્શાવી શકાય.

સમુદાય વિકાસ કાર્યક્રમોએ ગ્રામકક્ષાએ પક્ષાપક્ષીનું અને હુંસાતુંસીનું નવું સત્તાલક્ષી રાજકારણ પેદા કર્યું છે. યોજનાના લાભો પ્રાપ્ત કરવા માટે ગામડાના વિવિધ વર્ગો વચ્ચે અયોગ્ય સ્પર્ધા ઊભી થવા પામી છે અને તેના પરિણામે ગ્રામસંગઠનનો પાયો નબળો પડ્યો છે. પરંપરાગત ગ્રામસમાજમાં વિવિધ જ્ઞાતિઓ વચ્ચે પરસ્પરાવલંબન હતું અને તેના દ્વારા ગ્રામસંગઠન જળવાઈ રહેતું. પરંતુ કાર્યક્રમોના કારણે જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચે વિકાસના લાભો મેળવવાની સ્પર્ધા ઊભી થઈ, પરિણામે જ્ઞાતિઓ વચ્ચેના પરસ્પરાવલંબનની ભાવના નબળી પડવા લાગી. એટલું જ નહીં પણ સમગ્ર ગ્રામસંગઠન ઉપર પણ તેની વિપરીત અસર પડતાં તે નબળું પડ્યું. સાથોસાથ વિકાસ કાર્યક્રમોની ગામડાની વિવિધ જ્ઞાતિઓ વચ્ચેના આંતરસંબંધો પર કેટલીક ઉપયોગી અસર પણ પડી છે. જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેના ખાનપાનના સંબંધોમાં શિથિલતા આવી અને જ્ઞાતિના પાયા પર રચાયેલા આર્થિક ભેદો અમુક અંસે ઘટવા લાગ્યા છે. નીચે ગણાતી જ્ઞાતિઓને પોતાનો સામાજિક દરજ્જો સુધારવાની તક પળી છે. યજમાની સંબંધોને સ્થાને કરારીસંબંધો વિકસવા લાગ્યા છે અને જ્ઞાતિનું આડું સંગઠન વિકસવા લાગ્યું છે.

સમુદાય વિકાસ કાર્યક્રમોએ ગામડામાં સંયુક્ત કુટુંબમાં વિઘટનની પ્રક્રિયાને વેગ આપ્યો છે. નાના કુટુંબ રચવા તરફનું વલણ જન્માવવામાં આ કાર્યક્રમોએ ભાગ ભજવ્યો છે. જે વિસ્તારોમાં જમીન-સુધારણા કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે ત્યાં મોટા સંયુક્ત કુટુંબના ભાગલા પડવાની પ્રક્રિયાને વેગ મળ્યો છે.

કાર્યક્રમોની સિદ્ધિઓની વહેંચણીમાં અસમાનતા ઊભી થવા પામી છે. કાર્યક્રમમાં આવરી લેવામાં આવેલાં ગામડાંઓ પૈકી વડામથકના ગામડાને કાર્યક્રમના વધુ લાભ મળ્યા છે. બધાં ગામડાંઓને સમાન લાભો મળી શક્યા નથી. તે જ રીતે સિદ્ધિઓની વહેંચણી બાબતમાં ખેડૂતો અને બિનખેડૂતો વચ્ચે પણ વ્યાપક અસમાનતા ઊભી થઈ છે. ખેડૂતોને વધુ લાભો મળ્યા છે, જ્યારે ખેતમજૂરોને કાર્યક્રમના ઓછા લાભ મળ્યા છે. ગામડાનો આર્થિક રીતે સમૃદ્ધ વર્ગ કાર્યક્રમના વધુ લાભ પ્રાપ્ત કરી રહ્યો છે અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને ઓછા લાભ મળી શક્યા છે. સામાજિક ન્યાયની દૃષ્ટિએ જોતાં સમુદાય વિકાસ કાર્યક્રમોની આ ગંભીર ક્ષતિ બહાર આવવા પામી છે. વિકાસ કાર્યક્રમોને પરિણામે એક બાજુ ગ્રામ મૂડીવાદી વર્ગ કે સમૃદ્ધ ખેડૂતોનો વર્ગ અને બીજી બાજુથી ગરીબ કિસાનો, ખેતમજૂરો અને નાના કારીગરોનો વર્ગ - આ બે વર્ગો વચ્ચે આર્થિક અસમાનતા સર્જાઈ છે.

સમગ્ર રીતે જોતાં સમુદાય વિકાસ યોજનાના કાર્યક્રમોએ ગ્રામસમાજના વિકાસની દષ્ટિએ કેટલીક સિદ્ધિઓ હાંસલ કરી છે, તો બીજી બાજુ તેની કેટલીક મર્યાદાઓ પણ બહાર આવી છે. કાર્યક્રમોને પરિણામે ગામડાંઓનો આર્થિક રીતે સમૃદ્ધ વર્ગ બળવાન અને સમૃદ્ધ બન્યો છે, જ્યારે ગામડાનો બહુજન સમાજને એવા ઓછા લાભ પ્રાપ્ત થયા છે. ગામડાના નબળા અને ગરીબ વર્ગના હાથમાં સમુદાય વિકાસ યોજના અને તેમાંથી જન્મેલી સંસ્થાઓ એક અસરકારક સાધન બની રહી છે. નવી ગ્રામસંસ્થાઓ ઉપલા વર્ગના હાથા તરીકે કામ કહી રહી હોય એવું પણ જોવા મળેલ છે. સહકારી મંડળીઓ, વિકાસ મંડળો, ગ્રામપંચાયતો, શિક્ષણકેન્દ્રો, કૃષિ વિકાસકેન્દ્રો, યુવક મંડળો, સમાજ શિક્ષણ કેન્દ્રો વગેરે સંસ્થાઓનુ સભ્યપદ મહદ્અંશે ગામડાના ઉચ્ચ વર્ગના હાથમાં રહ્યું છે, નિમ્ન વર્ગના લોકોને તેમાં ઘણું ઓછું સ્થાન મળે છે.

- **ગામડાના સમાજ જીવન પર નકારાત્મક અસરો :**

**(1) સત્તાલક્ષી રાજકરણ :**

- સમુદાય વિકાસ કાર્યક્રમોએ ગ્રામ કક્ષાએ પક્ષાપક્ષીનું અને હુંસાતુંસુનું નવું સત્તાલક્ષી રાજકરણ પેદા કર્યું છે. યોજનાના લાભો પ્રાપ્ત કરવા માટે ગામડાના વિવિધ વર્ગો વચ્ચે અયોગ્ય સ્પર્ધા ઊભી થવા પામી છે.

**(2) વિભક્ત કુટુંબ પ્રથા અમલમાં આવી :**

- સમુદાય વિકાસ કાર્યક્રમોએ ગામડામાં સંયુક્ત કુટુંબમાં વિભક્ત કુટુંબની પ્રક્રિયાને વેગ આપ્યો છે. નાના કુટુંબ રચવા તરફનું વલણ જન્માવવામાં આ કાર્યક્રમોએ ભાગ ભજવ્યો છે, જે વિસ્તારોમાં જમીન સુધારવા કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે ત્યાં મોટા સંયુક્ત કુટુંબના ભાગલા પડવાની પ્રક્રિયાને વેગ મળ્યો છે.

**(3) અસમાન વહેંચણી :**

- સમાજમાં પૈસાદાર અને ગરીબ વર્ગ એમ બે વર્ગો ઊભા થાય છે, નબળા વર્ગનું વધુ શોષણ થાય છે, સમાજમાં બે વર્ગો ઊભા થયાં છે.

**(4) આર્થિક અસમાનતા :**

- સમાજમાં આર્થિક અસમાનતા ઊભી થઈ છે. સમાજમાં ઉપલા વર્ગમાં હાથમાં સંસ્થાઓનું સુકાન હોય છે,નિમ્ન વર્ગના લોકોને તેમાં ઘણું ઓછું સ્થાન મળે છે.
- વિકાસ કાર્યક્રમોને પરિણામે એક બાજુ ગ્રામ મૂડીવાદી વર્ગ કે સમૃધ્ધ ખેડૂતોનો વર્ગ અને બીજી બાજુથી ગરીબ કિસાનો, ખેત મજૂરો અને નાના કારીગરોનો વર્ગ આ બે વર્ગો વચ્ચે આર્થિક અસમાનતા સર્જાઈ છે.

## (7) સારાંશ (Let us sum up)

- સમુદાય વિકાસ યોજનાનાં વિભિન્ન તત્ત્વોનો ઉલ્લેક કરવામાં આવ્યો છે, તેનો હેતુ આર્થિક સામાજિક અને સાંસ્કૃતિક દષ્ટિએ સમુદાયનો સર્વાંગી વિકાસ સાધવાનો છે, તેમાં સામાજિક અને માનસિક દષ્ટિએ લોકોનાં વિચાર-વલણમાં પરિવર્તન લાવવા ઉપર ભાર મૂકાય છે, કાર્યક્રમ તરીકે તેમાં ખેતી, સિક્ષણ, આરોગ્ય વગેરે ક્ષેત્રોમા વિકાસલક્ષી પ્રવૃત્તિઓ ઉપર ભાર મૂકવામાં આવે છે.
- સ્વતંત્રતા બાદ ભારતીય આયોજકોને એમ લાગ્યું કે ખેતીવાડી, પશુ સંવર્ધન, સહકાર, આરોગ્ય શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં વિકાસ કરવા માટે એક વ્યવસ્થિત કાર્યક્રમ શરૂ કરવામાં આવે તો ગ્રામ સમાજમાં આ બધાં ક્ષેત્રે સારી પ્રગતિ થઈ શકે. આથી આ કાર્યક્રમને આયોજનમાં સ્થાન આપવામાં આવ્યું.

- શિક્ષણના પ્રમાણમાં વધારો થતાં ગામડાના સમાજ અને સંસ્કૃતિ પર તેની વિવિધ અસરો પડી છે. શિક્ષણને પરિણામે ગામડામં નવશિક્ષિત જાગૃત વર્ગ-પ્રબુધ્ધ વર્ગ ઊભો થવા લાગ્યો છે.
- આ નવશિક્ષિત યુવક વર્ગ ગ્રામ સમાજનું નેતૃત્વ લેવા આગળ આવી રહ્યો છે, એટલે કે, ગામડામાં નવું નેતૃત્વ પેદા કરવામાં પણ શિક્ષણે ફાળો આપ્યો છે. આ ઉપરાંત શૈક્ષણિક વિકાસને પરિણામે ગામડાંમાં વ્યવસાયિક ગતિશીલતામાં વધારો થવા લાગ્યો છે. ગામડાંની વિવિધ શાંતિના શિક્ષિત યુવાનો જ્ઞાતિના વારસાગત વ્યવસાયો છોડીને નવા ઔદ્યોગિક વ્યવસાયો સ્વીકારી રહ્યા છે.
- વ્યવસાય વિશેનાં જૂનાં મૂલ્યો અને પરંપરાગત દૃષ્ટિબિંદુઓ પણ બદલાવા લાગ્યાં છે. શિક્ષણને પરિણામે ગામડાના લોકો નવી રીતે વિચારતા થયા છે, તેમની જીવન દૃષ્ટિમાં પરિવર્તન આવવા લાગ્યું છે, એટલું જ નહીં પણ તેમના સામાજિક જીવનની ગુણવત્તામાં સુધારણા થવા લાગી છે.
- સમુદાય વિકાસ યોજનાના વિવિધ કાર્યક્રમો હેઠળ ગ્રામ સમાજના આરોગ્યનું સ્તર ઊંચું લાવવા માટે કાર્યક્રમો ગામડામાં આરોગ્ય કેન્દ્રો, દવાખાનાં, ડૉક્ટરો, નર્સો, પશુ દવાખાનાં વગેરે સગવડો ઊભી થવા પામી છે, આ ઉપરાંત બાળ આરોગ્ય કેન્દ્રો પ્રસૂતિગૃહ, માતૃકલ્યાણ કેન્દ્રો, કુટુંબ નિયોજન કેન્દ્રો વગેરે સગવડો પણ વિકસવા લાગી છે.
- ગામડામાં શીતળાની રસી, મલેરિયા- નાબૂદી માટે ડીડીટીનો છંટકાવ, બી.સી.જી. રસી, લકવા-વિરોધી રસી વગેરે આરોગ્યને લગતી પ્રવૃત્તિઓ પણ વિકસી છે અને તે દ્વારા કેટલાંક ચેપી રોગો પર અંકુશ મૂકવાનું શક્ય બન્યું છે.
- સમુદાય વિકાસ યોજનના કાર્યક્રમોમાં ગ્રામ સમાજના નબળા વર્ગના લોકોના કલ્યાણ પર ભાર મૂકાય છે.

**(9) તમારી પ્રગતિ ચકાસો :**

(1) સમુદાય વિકાસ યોજના એટલે શું ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) સમુદાય વિકાસ યોજનાનું (કોઈપણ ત્રણ) મહત્વ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(3) સમુદાયના પ્રકારો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(4) ભારતમાં સમુદાય વિકાસ યોજના ક્યારે અમલમાં આવી ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(5) સમુદાય વિકાસ યોજનાની સમાજ પર (કોઈપણ ત્રણ) અસર જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(6) સમુદાય વિકાસ યોજનાની સમાજ પર (કોઈપણ ત્રણ) નકારાત્મક અસરો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## (10) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer to check your progress)

(1) સમુદાય વિકાસ યોજના એટલે શું ?

- સમુદાય વિકાસ યોજનાએ રૂઢિગત જીવન શૈલીના સ્થાને પ્રગતિશીલ જીવન શૈલી અપનાવવાની પ્રક્રિયા છે, જનતાની શક્તિ અને સાધનોનો ઉપયોગ કરીને તેમના વિકાસમાં સહાયભૂત થવાની પધ્ધતિ છે. ગ્રામ જનતાના કલ્યાણ માટેની વિવિધ પ્રવૃત્તિઓને અમલમાં મૂકવા માટેનો કાર્યક્રમ છે, પ્રગતિશીલ આદર્શોને અમલમાં મૂકવા માટેની ચળવળ છે.

**(2) સમુદાય વિકાસ યોજનાનું (કોઈપણ ત્રણ) મહત્ત્વ જણાવો.**

1. વ્યવસાયી વિકાસ કરવા

2. શિક્ષણનો વિકાસ કરવા

3. આરોગ્યનું સ્તર ઊંચું લાવવા

**(3) સમુદાયના પ્રકારો જણાવો.**

1. ધાર્મિક સમુદાય 2. ગ્રામીણ સમુદાય

3. શહેર સમુદાય 4. આદિવાસી સમુદાય

1. ધાર્મિક સમુદાય

2. હિંદુ સમુદાય

3. મુસ્લિમ સમુદાય

4. ખ્રિસ્તી સમુદાય

5. જૈન સમુદાય

6. શીખ સમુદાય

7. પારસી સમુદાય

8. યહૂદી સમુદાય

**(4) ભારતમાં સમુદાય વિકાસ યોજના ક્યારે અમલમાં આવી ?**

- ભારતમાં સમુદાય વિકાસ યોજના 1952માં અમલી બની.

**(5) સમુદાય વિકાસ યોજનાની સમાજ પર (કોઈપણ ત્રણ) અસર જણાવો.**

1. કૃષિનું આધુનિકીકરણ થયું.

2. સંચાર વ્યવહારનો વિકાસ

3. ગ્રામીણ સમાજમાં શિક્ષણનો પ્રસાર

**(6) સમુદાય વિકાસ યોજનાની સમાજ પર નકારાત્મક (કોઈપણ ત્રણ) અસર જણાવો.**

1. સત્તાલક્ષી રાજકારણ ઊભું થયું.

2. અસમાનતા ઊભી થઈ.

3.આર્થિક અસમાનતા જોવા મળી.

**(11) સૂચિત વાંચન સામગ્રી (Suggested Readings) :**

(1) શાહ એ.જી. તથા અન્ય : આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા બુક ડીપો, અમદાવાદ

(2) દવે સારિકાબેન તથા અન્ય : સમાજશાસ્ત્ર, ધોરણ-12 ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર

એકમ 14

# ભારતમાં પંચાયતી રાજ (India in Panchyati Raj)

## : રૂપરેખા :


**(1) પ્રસ્તાવના**

**(2) પંચાયતી રાજનો અર્થ**

**(3) પંચાયતી રાજના હેતુઓ**

**(4) પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું**

**1. ગ્રામ પંચાયત**

**2. તાલુકા પંચાયત**

**3. જિલ્લા પંચાયત**

**(5) પંચાયતી રાજની ગ્રામીણ સમાજ પર અસર**

**(6) પંચાયતી રાજની મર્યાદાઓ**

**(7) પંચાયતી રાજની સંરચના**

**(8) સારાંશ**

**(9) એકમ સ્વાધ્યાય**

**(10) તમારી પ્રગતિ ચકાસો**

**(11) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**(12) સૂચિત વાંચન સામગ્રી**


**ઉદ્દેશો (Objectives) :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે.....

(1) પંચાયતી રાજનો અર્થ સમજી શકશો.

(2) પંચાયતી રાજના હેતુઓ સમજી શકશો.

(3) ગ્રામ પંચાયતનું માળખું સમજી શકશો.

(4) તાલુકા પંચાયતનું માળખું સમજી શકશો.

(5) જિલ્લા પંચાયતનું માળખું સમજી શકશો.

(6) પંચાયતી રાજની ગ્રામીણ સમાજ પર અસર સમજી શકશો.

(7) પંચાયત રાજની મર્યાદાઓ સમજી શકશો.

### (1) પ્રસ્તાવના :

લોકોમાં સભાનતા, નેતાગીરી અને વિકાસ મહત્ત્વનાં છે, જે સામૂહિક વર્તન પર અસર કરે છે. ભારતમાં ગ્રામીણ સમુદાયના સામાજિક વિકાસ અને નેતૃત્વ માટે પંચાયતી રાજની ભૂમિકા મહત્ત્વની છે. આ એકમમાં પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું અને તેની સામાજિક અસરો અંગે માહિતી મેળવીએ.

ભારતમાં વૈદિક સમયથી ગ્રામીણ ક્ષેત્રે પંચાયતી સંસ્થાનું અસ્તિત્વ જોવા મળે છે. દરેક ગ્રામને પોતાના સભા કે સમિતિ હતી. આઠમીથી બારમી સદી સુધીના પાંડ્યો અને પલ્લવોના સમય દરમિયાન ગ્રામસભાના અસ્તિત્વ અંગેના ઉલ્લેખો જોવા મળે છે. અઢારમી સદી સુધી કોઈ ને કોઈ

સ્વરૂપે ગ્રામ પંચાયતો કે ગ્રામસભા અસ્તિત્વ ધરાવતી હતી. પંચ પરમેશ્વર એ સિદ્ધાંત ઉપર ગામડાંમાં ગામનું સ્થાનિક પંચ કામ કરતું હતું.

ઋગ્વેદ, મનુસ્મૃતિ, ધર્મશાસ્ત્ર, ઉપનિષદ, જાતક કથાઓ વગેરે સંહિતાઓમાં સ્થાનિક ક્ષેત્રે વહીવટીકાર્ય કરતી ગ્રામસભા કે ગ્રામસંઘનો ઉલ્લેખ જોવા મળે છે. જોકે સમગ્ર ભારતમાં તે જુદાં જુદાં નામે ઓળખાતી હતી. તેનું સંચાલન મુખી કે પંચ દ્વારા થતું હતું. ગામડાંઓની સમસ્યા નિવારી ગ્રામજનોનું કલ્યાણ કરવાનું તેમજ ગામડાંમાં સામાજિક ધોરણો અને વ્યવસ્થા જાળવવાનું (નિયંત્રણનું કાર્ય), ધર્મ-રિવાજો, પરંપરાઓ વગેરેના પાલન અંગેનું કાર્ય આ પંચ કરતું હતું.

ભારતમાં બ્રિટિશરોના શાસન દરમિયાન ગ્રામ પંચાયતની રચના,કાર્ય અને સ્વરૂપમાં પરિવર્તન આવવા લાગ્યું. બ્રિટિશ સરકારે પોતાનું રાજકીય નિયંત્રણ મજબૂત અને સ્થાયી કરવા માટે ભૂમિ વ્યવસ્થા અને મહેસૂલી વ્યવસ્થામાં પરિવર્તનો કર્યા તેની સાથે સાથે ગ્રામ પંચાયતોનાં સ્વરૂપમાં ફેરફાર કરી પુનર્ગઠન કર્યું. ઈ.સ. 1870માં મદ્રાસ (હવે તામિલનાડુ), બંગાળ, પંજાબ, ઉત્તરપ્રદેશ વગ્રે પ્રાંતોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના સિદ્ધાંતો નક્કી કર્યા. સમયાંતરે બ્રિટિશ સરકારે જુદાં જુદાં કાયદા ઘડી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટેનાં પગલાં લીધાં હતાં.

મહાત્મા ગાંધીજી ગ્રામ સ્વરાજ્યમાં દઢપણે માનતા હતા,તેમના મતે પંચાયત રાજની સ્વતંત્રતા પાયાથી શરૂ થવી જોઈએ. પ્રત્યેક ગામ એક સંપૂર્ણ ગણરાજ્ય છે. સત્તાના વિકેન્દ્રીકરણ દ્વારા જ સાચા અર્થમાં લોકશાહી સ્થાપી શકાય. તેથી સંપૂર્ણ સત્તા પંચાયત પાસે હોવી જોઈએ. પંચાયતોનો સંપૂર્ણ સત્તા અને શક્તિ દ્વારા જ ગ્રામીણ ક્ષેત્રે લોકો વધુ સુખી થઈ શકશે. ગાંધીજીના વિચારોના પ્રભાવ હેઠળ ભારતના બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ 40માં રાજ્યોની જવાબદારી તરીકે સ્થાનિક સ્વરાજ્યના મહત્ત્વના એકમ તરીકે ગ્રામ પંચાયતોની રચના અંગે સ્પષ્ટ દિશા સૂચન કરવામાં આવ્યું છે.

પંડિત જવાહરલાલ નહેરુએ પંચાયતોને અસરકારક બનાવવા ઉપર ભાર મૂકી પંચાયતી રાજને એક ક્રાંતિકારી પ્રયોગ તરીકે ઓળખાવ્યો હતો.

સામુદાયિક વિકાસ કાર્યક્રમનો હેતુ જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી ગ્રામીણ વિકાસનો હતો, જે હેતુ પૂરો ન થતાં સ્પષ્ટ થયું કે વિકાસ કાર્યક્રમમાં લોકોની ભાગીદારી પ્રભાવી ત્યારે જ બને જ્યારે સ્થાનિક કક્ષાએ નીતિ-નિર્માણ અને જુદી જુદી યોજનાઓના નિર્માણ અને અમલમાં લોકોને ભાગીદાર બનાવવામાં આવે કે તેમને જોડવામાં આવે.

ઈ.સ. 1952માં શરૂ થયેલ સામુદાયિક વિકાસ કાર્યક્રમનું મૂલ્યાંકન કરવા તેમજ તેમાં રહેલી ક્ષતિઓને દૂર કરવા માટે 1957માં યોજના આયોગ (Planning Commission) ની પરિયોજના સમિતિએ બળવંતરાય મહેતાના અધ્યક્ષપણા હેઠળ અભ્યાસ સમિતિ નિયુક્ત કરી. આ કમિટીએ ‘લોકશાહી વિકેન્દ્રીકરણ’ શબ્દ આપ્યો. જેમાં નિમ્ન સ્તર સુધી સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું જોઈએ તેમ જણાવ્યું, તે માટે કમિટીએ સત્તાનું લોકશાહી ઢબે વિકેન્દ્રીકરણ કરી ગ્રામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ લોકોના પ્રતિનિધિઓ વિકાસ કાર્યક્રમ ચલાવે તે માટેના ત્રિસ્તરીય માળખાની રચના કરવા માટેની ભલામણ કરી. ગ્રામ વિકાસનાં કામોની જવાબદારી અને સત્તા પંચાયતો સંભાળે તેને માટે તેમણે ‘પંચાયતી રાજ’ શબ્દનો ઉપયોગ કર્યો હતો.

## (2) પંચાયતી રાજનો અર્થ (Meaning of Punchayati Raj)

### પંચાયતી રાજનો અર્થ

પંચાયતી રાજ મોટે ભાગે ભારત, પાકિસ્તાન અને નેપાળમાં પ્રવર્તતી દક્ષિણ એશિયાઈ રાજકીય પ્રથા છે. ‘પંચાયત’ શબ્દ ‘પંચ’ શબ્દ પરથી આવ્યો છે. પંચાયત એટલે સ્થાનિક સમુદાય દ્વારા પસંદ કરેલ પાંચ વડીલોનો સમૂહ.

એસ.કે.ડે - ‘‘પંચાયતી રાજ એ પ્રજાની ઉન્નતિ માટેનો રસ્તો છે. પંચાયતી રાજનો સાચો અર્થ તો એ છે કે લોકો સંગઠિત જાગૃત અને સ્વાવલંબી બને અને સરકાર પાસે જે અધિકારો છે તે લઈને પોતે બજાવે.’’




વિદ્યાસાગર શર્મા - ''પંચાયતી રાજ એક એવી કલ્પના છે,જે વિશ્વ સમક્ષ લોકશાહીનો એક નવો જ દૃષ્ટિકોણ રજૂ કરે છે.'' ટૂંકમાં પંચાયતી રાજ એટલે સત્તાનું વિકેન્દ્રીકરણ કરી લોકશાહીની રીતે સામૂહિક વિકાસનાં કામો કરવાની સત્તા સંભાળતી લોકો દ્વારા ચૂંટાયેલી પંચાયતોની વ્યવસ્થા.

**(1) 'પંચાયતી રાજ'નો અર્થ :** પંચાયતી રાજ એ શબ્દને માટે બળવંતરાય મહેતા સમિતિએ 'લોકશાહી વિકેન્દ્રીકરણ' એવો શબ્દ ઉપયોગમાં લીધો હતો. આ દૃષ્ટિએ જોતાં, ઉપલી કક્ષાએથી સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓની બનેલી પંચાયતોને સત્તાની સોંપણી કરવી એને 'પંચાયતીરાજ' તરીકે ઓળખાવી શકાય, પંચાયતીરાજનું સ્તરીય માળખું રચના સમિતિએ સૂચવ્યું હતું. એટલે કે, જિલ્લાકક્ષાએ, તાલુકાકક્ષાએ અને ગ્રામકક્ષાએ લોકોના ચૂંટાયેલાં પ્રતિનિધિઓની બનેલી પંચાયતો સ્થાપવી અને ગામડાના વિકાસને લગતાં કામો ચલાવવાની સત્તા આ પંચાયતોને સોંપવી એવી ભલામણ કરી હતી. આમ,ગ્રામવિકાસનાં કામોની જવાબદારી અને સત્તા પંચાયતો સંભાળે એને પંચાયતીરાજ કહેવામાં આવે છે.

પંચાયતીરાજના હેતુઓ તરફ દૃષ્ટિપાત કરતાં જણાય છે કે સત્તાનું લોકશાહી વિકેન્દ્રીકરણ કરવું, સમુદાય વિકાસ કાર્યક્રમોને પુનર્જીવિત કરવા, વિકાસકામોમાં લોકોનું સહભાગીપણું વધારવું અને ગામડાનું નવનિર્માણ કરવું તે પંચાયતીરાજના મુખ્ય હેતુ છે. આ હેતુ સિદ્ધ કરવા પંચાયતીરાજનું ત્રિસ્તરીય માળખું ગોઠવવામાં આવ્યું છે, જેમાં ગ્રામકક્ષાએ ગ્રામ પંચાયતોની રચના કરી તેને ગામના વિકાસ સંબંધી કામગીરી સોપંવી, તાલુકાકક્ષાએ તાલુકાપંચાયતની રચના કરી તેને તાલુકાનાં ગામોના વિકાસને લગતી કામગીરી સોંપવી તથા જિલ્લાકક્ષાએ જિલ્લા પંચાયતની રચના કરી તેને જિલ્લાનાં ગામોના વિકાસને લગતી કામગીરી સોંપવી. આ ત્રણેય સ્તરે પંચાયતોની રચના પ્રજાના ચૂંટાયેલાં પ્રતિનિધિઓ દ્વારા થાય છે અને સરકારી અમલદારો તેમને સહાયરૂપ બને છે.

## (3) પંચાયતી રાજના હેતુઓ (Objectives Panchayati Raj) :

પંચાયતી રાજના હેતુઓ

પંચાયતી રાજની સ્થાપના માટેના ઉદ્દેશો કે હેતુઓ નીચે મુજબ જોવા મળે છે :

**(1) સત્તાનું લોકશાહી ઢબે વિકેન્દ્રીકરણ :**

પંચાયતી રાજનો એક મહત્ત્વનો હેતુ સત્તાનું લોકશાહી ઢબે વિકેન્દ્રીકરણ કરવાનો છે. લોકશાહી સમાજમાં સત્તાને વિકેન્દ્રિત કરી સમાજના બધા લોકો સત્તામાં સક્રિય ભાગીદાર બને છે. ગામડાંની સ્થાનિક ક્ષેત્રની વહીવટી જવાબદારી અને સત્તા ગામડાંના લોકોને મળી રહે અને તેઓ વિકાસ કાર્યક્રમોમાં રસ લેતા થાય, સત્તાના ઉપલા સ્તર સુધી તેમને અભિપ્રાય વ્યક્ત કરવાની તક મળે વગેરે હેતુથી પંચાયત રાજની સ્થાપના કરવામાં આવી છે.

**(2) સમુદાય વિકાસ કાર્યક્રમોને પુનર્જીવિત કરવા :**

સમુદાય વિકાસ કાર્યક્રમોના લક્ષ્યાંકો સિદ્ધ થતાં ન હતા, તેથી બળવંતરાય મહેતા કમિટીએ સમુદાય વિકાસ કાર્યક્રમોને પુનર્જીવિત કરવાના હેતુથી પંચાયતી રાજની સ્થાપના કરવાની હિમાયત કરી. ગ્રામ વિકાસના કાર્યક્રમને સફળ બનાવવા ગ્રામીણ લોકોની ભાગીદારી અત્યંત જરૂરી છે.

પંચાયતી રાજ પદ્ધતિ દાખલ કરવાથી લોકો આ કાર્યક્રમમાં જોડાશે અને તેને લોકોનું સમર્થન મળશે. આ કાર્યક્રમ પોતાનો છે તેવું ગામ લોકો અનુભવશે તો તે વધારે અસરકારક અને સફળ બનશે તેવો હેતુ પંચાયતી રાજનો છે.

**(3) લોક ભાગીદારી વધારવી :**

ગ્રામવિકાસના કાર્યક્રમોમાં લોકની ભાગીદારી વધે અને સહકાર પ્રાપ્ત થાય તેમજ લોકોનો ટેકો મેળવવાનો હેતુ છે. પ્રજા પોતાના પ્રશ્ન ઉકેલે અને વિકાસ કાર્યક્રમોમાં ભાગીદાર બને તેવો હેતુ છે.

**(4) ગામડાંનું નવનિર્માણ કરવું :**

પંચાયતી રાજનો મૂળભૂત હેતુ ગામડાંનો સર્વાંગી વિકાસ કરી નર્વનિર્માણ કરવાનો છે. જેમાં ગ્રામીણ સમસ્યાઓ જેવી કે ગરીબી, નિરક્ષરતા, બેકારી વગેરે દૂર કરી તેમનો સામાજિક-આર્થિક દરજ્જો ઊંચો લાવી તેમની મૂળભૂત જરૂરિયાતો સંતોષવાનો છે.

**(5) લોક સશક્તિકરણ :**

પંચાયતી રાજની સ્થાપના પાછળનો એક હતુ લોક સશક્તિકરણનો છે,જેમાં સ્ત્રીઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનુસૂચિત જાતિ, આદિજાતિ અને અન્ય પછાત વર્ગો માટે તેમની વસ્તીનાં ધોરણે અનામતની જોગવાઈ, પંચાયતોને સત્તા અને જવાબદારીની સોંપણી તેમજ ગ્રામીણ વિકાસ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાય દ્વારા લોક સશક્તિકરણનો હેતુ રહેલો છે.

**(4) પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું :**




પંચાયતી રાજ એક સરકારી પધ્ધતિ છે. આ પધ્ધતિમાં ગ્રામ પંચાયતો વહીવટનું મૂળભૂત એકમ છે. રાજ્ય સરકારો દ્વારા પંચાયતીરાજની પધ્ધતિ 1950 થી 1960ના દાયકામાં અપનાવવામાં આવી હતી. 24 એપ્રિલ, 1993ના રોજ ભારતમાં પંચાયતી રાજ માટે બંધારણીય (73નો સુધારો) એક્ટ બંધારણીય દરજ્જો પૂરો પાડે છે. બળવંતરાય મહેતા સમિતિએ ત્રિસ્તરીય (ગ્રામ, તાલુકા અને જિલ્લા) પંચાયતી રાજની સ્થાપના કરવાનું જણાવ્યું હતું. ભારતની દરેક રાજ્ય સરકારોએ પોતાને અનુકૂળ હોય તે રીતે લોકશાહી વિકેન્દ્રીકરણનું સ્વરૂપ વિકસિત કર્યું છે.

બળવંતરાય મહેતા કમિટીની રચના પ્રમાણેનું પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું નીચે પ્રમાણેનું હતું :

**પંચાયતી રાજ**

| ગ્રામ પંચાયત | તાલુકા પંચાયત | જિલ્લા પંચાયત |
|---|---|---|
| (1) ગ્રામ પંચાયતના ચૂંટાયેલાં સભ્યો | (1) તાલુકા પંચાયતના ચૂંટાયેલાં સભ્યો | (1) ચૂંટાયેલાં સભ્યો |
| (2) ગ્રામ પંચાયતના અધિકારો | (2) સહસભ્યો અને આમંત્રિત સભ્યો | (2) સહસભ્યો અને આમંત્રિત સભ્યો |
| મંત્રી, ગ્રામ સેવક | (3) તાલુકા પંચાયતની સમિતિઓ | (3) જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓ |
| | (4) તાલુકા પંચાયત પ્રમુખ | (4) જિલ્લા પંચાયત પ્રમુખ |
| | (5) તાલુકા વિકાસ અધિકારી | (5) જિલ્લા વિકાસ અધિકારી |

પંચાયતી રાજના માળખામાં ગ્રામ પંચાયત સૌથી પાયાનું એકમ છે. ત્યાર પછી તાલુકાસ્તર પર તાલુકા પંચાયત અને સૌથી ઉપર જિલ્લા સ્તર પર જિલ્લા પંચાયત છે. આ ત્રણેય કક્ષાએ વહીવટ - શાસન અને વિકાસ કક્ષાએ કામ કરતાં પંચાયતના આ તંત્રને ત્રિસ્તરીય માળખું કહે છે. પંચાયતોની ચૂંટણી માટે ખાસ ચૂંટણી પંચની રચના કરવામાં આવે છે. આ ત્રણેય સ્તરની પંચાયતોની રચના અંગેની માહિતી નીચે મુજબ જોઈશું.

**(1) ગ્રામ પંચાયત (પ્રથમ સ્તર)**

પંચાયત રાજની રચનામાં ગ્રામ પંચાયત પાયાનું સ્વશાસનનું એકમ છે. ગ્રામ પંચાયતની સભ્ય સંખ્યા વસ્તીનાં ધોરણે નક્કી થાય છે. ગ્રામ પંચાયત એ ગામડાંમાં સ્થાનિક કક્ષાએ લોકો દ્વારા ચૂંટાયેલાં પ્રતિનિધિઓની બનેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા છે. પુખ્યવય મતાધિકારનાં ધોરણે પંચાયતની ચૂંટણી થાય છે. ગામડાંના વિકાસ કાર્યો તથા સ્થાનિક પ્રશ્નોનો ઉકેલ લાવવાની જવાબદારી અને સત્તા ગ્રામ પંચાયતની હોય છે. ગ્રામ પંચાયતના માળખામાં ચૂંટાયેલાં સભ્યો હોય છે અને બીજા સરકારે નીમેલાં મંત્રી અને ગ્રામ સેવક એવા બે અધિકારી હોય છે જે શાસકીય કાર્યોમાં સરપંચને મદદ અને માર્ગદર્શન આપે છે.

**ગ્રામ પંચાયતના ચૂંટાયેલાં સભ્યો :**

ગ્રામ પંચાયતના સભ્યોની પસંદગી ચૂંટણીથી થાય છે. ગામના પુખ્યવયના મતદારો ગુપ્ત મતદાન પદ્ધતિથી ગ્રામ પંચાયતના સભ્યો ચૂંટે છે. ગ્રામ પંચાયતમાં ગામની વસ્તીનાં ધોરણે ઓછામાં ઓછા સાત અને વધુમાં વધુ 15 સભ્યો હોય છે. ગ્રામ પંચાયતના સભ્યો તરીકે ગામની અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા મહિલાઓને માટે અમુક બેઠકો અનામત રાખવામાં આવે છે. ગામના મતદારો સરપંચ અને ગ્રામ પંચાયતનાં અન્ય સભ્યોને ચૂંટે છે. મતદારો દ્વારા ચૂંટાયેલાં આ સભ્યો મળીને ઉપસરપંચ ચૂંટે છે. સરપંચ ગ્રામ પંચાયતનો વડો છે.

સરપંચ ગ્રામ પંચાયતના વડા તરીકે ગામનાં વિકાસકાર્યો અને વહીવટી કાર્યોમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત સરપંચે પંચાયતના કર્મચારીઓની કામગીરી પર દેખરેખ રાખવાના તથા ગ્રામ પંચાયતના સભ્યોએ લીધેલાં નિર્ણયોનો અમલ કરવાની કામગીરી પણ કરવાની હોય છે.

ગુજરાત રાજ્યના પંચાયતી ધારા પ્રમાણે ગ્રામ પંચાયતનાં અંગો નીચે મુજબ છે :

- **ગ્રામ સભા :** ગામના બધા મતદારો ગ્રામસભાના સભ્યો છે. ગ્રામસભા એ મૂળ એકમ છે, જેને પ્રત્યે ગામ પંચાયત જવાબદાર છે. ગ્રામ પંચાયતના અંદાજપત્ર અને વિકાસ કાર્યક્રમોની ગ્રામસભા વિચારણા કરે છે. વર્ષમાં બે વખત ગ્રામસભાની મિટિંગ યોજવાની હોય છે.
- કારોબારી સમિતિ : ગ્રામ પંચાયતના ચૂંટાયેલાં સભ્યોમાંથી પાંચ સભ્યોની કારોબારી સમિતિ બને છે. આ પાંચ સભ્યો પૈકી એક મહિલા સભ્ય હોય છે અને એક સભ્ય અનુસૂચિત જાતિ કે જનજાતિનો હોય છે. નવા છેલ્લા 73મા બંધારણીય સુધારા મુજબ પંચાયતોમાં બધા સ્તરે મહિલાઓનું પ્રતિનિધિત્વ 33 ટકા કરવામાં આવ્યું છે.
- **સામાજિક ન્યાયસમિતિ :** ગામ નબળા વર્ગના લોકોને સામાજિક ન્યાય મળી રહે એવાં કાર્યો કરવા માટે સામાજિક ન્યાય સમિતિ રચવામાં આવે છે.
- **ન્યાય પંચાયત :** નજીકનાં પાંચ-સાત ગામડાંઓના જૂથ માટે એક સહિયારી ન્યાય પંચાયતહોય છે.જૂથનાં દરેકગામડાંમાંથી એક-એક સભ્ય ન્યાય પંચાયતના સભ્ય તરીકે કામ કરે છે. ન્યાય પંચાયતના સભ્ય તરીકે ગામના મતદારોમાંથી શિક્ષિત અને લાયકાત ધરાવતી વ્યક્તિને ગ્રામ પંચાયત ચૂંટી કાઢે છે. આ સભ્યો પોતાનામાંથી એક સમિતિ નક્કી કરે છે. ન્યાય પંચાયત કેટલીક દીવાની અને ફોજદારી સત્તા ધરાવે છે. ન્યાય પંચાયત ગામોના સ્થાનિક પ્રશ્નો ઉકેલી ન્યાય આપવાનું કાર્ય કરે છે.
- **સમાધાન પંચ :** દરેક ગામડાંમાં એક સમાધાન પંચ રચાય છે. સમાધાન પંચના સ્થાયી સભ્ય

તરીકે એક વ્યક્તિ હોય છે. ગામના મતદારોમાંથી અને લાયક વ્યક્તિને ગ્રામ પંચાયત સમાધાન પંચના સભ્ય તરીકે ચૂંટી કાઢે છે. ઝઘડાનું સમાધાન કરવા માટે સમાધાન પંચ બેસે છે, ત્યારે તેનો અક સ્થાયી સભ્ય એ બંને પક્ષકારોની પસંદગીના એક-એક સભ્ય એમ ત્રણ સભ્યોનું સમાધાન પંચ રચાય છે. ન્યાય પંચાયત તરફથી આવેલોં દાવો બંને પક્ષકારોને સાંભળીને સમાધાન કરવા પ્રયાસ કરે છે.

ગ્રામ પંચાયતના સ્તર પર પંચાયતમંત્રી અને ગ્રામસેવક એવા બે અધિકારી છે, જે પ્રશાસનમાં સરપંચને સહાય કરે છે.

**ગ્રામ પંચાયતની મંત્રી :**

ગ્રામ પંચાયતના મંત્રી સરકાર દ્વારા નિમાયેલ કર્મચારી છે. મંત્રી ગ્રામ પંચાયતનો રેકર્ડ રાખવો, તેની જાળવણી કરવી,બજેટ, અમુમાન અને રિપોર્ટ તૈયાર કરવામાં પંચાયતને સહાય કરે છે. ઉપરાંત ગ્રામ પંચાયતના નાણાંકીય હિસાબો રાખવા અને તે હિસાબો પર સરપંચની સહીઓ લેવી એ પણ તેનું કાર્ય છે, સરપંચ અને પંચાયતના અન્ય હોદ્દેદારો સરકારી નિયમોના માળખામાં રહીને કામ કરતા રહે  એ પણ એણે જોવાનું રહે છે.

**ગ્રામસેવક કે ગ્રામસ્તરનો કાર્યકર્તા :**

તેને ગ્રામવિકાસ અધિકારી કહેવામાં આવે છે.જે પંચાયતની જુદી જુદી યોજનાઓ તૈયાર કરવામાં મદદ કરે છે. અને વિભિન્ન વિકાસ કાર્યક્રમો વિશે જાણકારી આપે છે. કૃષિ માટે લોન મેળવવામાં ખેડૂતોને મદદ કરે છે. આ અધિકારી બીજ અને ખાતર જેવી વસ્તુઓ મળી રહે તે માટેનો પ્રબંધ કરે છે અને આધુનિક કૃષિ પ્રણાલી વિશે ખેડૂતોને માહિતગાર કરે છે. તે તાલુકા પંચાયતને યોજનાઓની પ્રગતિ અને લક્ષ્યોની ઉપલબ્ધિ વિશે રિપોર્ટ આપે છે.

**ગ્રામ પંચાયતનાં કાર્યો :**

ગ્રામ પંચાયતે ગામના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ કાર્યો કરવાનાં હોય છે. ગામની પાયાની જરૂરિયાતો સંતોષવા માટે તેના મુખ્ય બે પ્રકારનાં કાર્યો છે :

**(1) નાગરિક કાર્યો :** નાગરિક કાર્યમાં સફાઈ, સ્વચ્છતા, જલાપૂર્તિ, રસ્તાઓનું નિર્માણ અને જાળવણી, પ્રકાશ વ્યવસ્થા, સ્મશાનની વ્યવસ્થા, પ્રાથમિક શિક્ષણ, કૂવા-તળાવ જેવાં સાર્વજનિક સ્થાનો, ધાર્મિક સ્થાનો વગેરેનો નિભાવ અને જાળવણી કરવી - વગેરેનો સમાવેશ થાય છે.

**(2) વિકાસાત્મક કાર્યો :** સહકારી પ્રવૃત્તિને વેગ આપવો, નબળા વર્ગના લોકોના વિકાસ માટે વિશિષ્ટ પ્રબંધ કરવો, ગામના યુવાનો, મહિલાઓ, બાળકો વગેરેના વિકાસ માટે પ્રવૃત્તિઓ કરવી, ગામમાં મેળાઓ અને બજારની વ્યવસ્થા ઊભી કરવી વગેરે જેવાં વિવિધ કાર્યો ગ્રામ પંચાયતે કરવાના હોય છે.

**આવકનાં સાધનો :** ગામમાં વિકાસનાં કાર્યો કરવા માટે ગ્રામ પંચાયત કેટલાંક સ્થાનિક કરવેરા નાખીને નાણાં એકત્ર કરી શકે છે. આ ઉપરાંત સરકારી ગ્રાન્ટ, લોકફાળો, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની આર્થિક સહાય વગેરે સાધનોમાંથી ગ્રામ પંચાયતને નાણાં મળે છે.

**(2) તાલુકા પંચાયત (દ્વિતીય સ્તર)**

તાલુકા પંચાયતનું સ્થાન ગ્રામ પંચાયત અને જિલ્લા પંચાયતની વચ્ચે છે. એક લાખની વસ્તી સુધી તાલુકા પંચાયત 15 સભ્યોની બનેલી હોય છે. 25 હજારની વસ્તી વધવા 2 સભ્યોનો વધારો થાય છે. કુલ બેઠકોમાંથી એક તૃતીયાંશ બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવે છે. ઉપરાંત વસ્તીની પ્રમાણમાં અનુસૂચિતજાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે અનામત બેઠક રાખવામાં આવે છે. તાલુકા પંચાયતની મુદત 5 વર્ષની હોય છે.

**તાલુકા પંચાયતનું માળખું (રચનાતંત્ર) :**

- ચૂંટાયેલાં સભ્યો : તાલુકાનાં બધાં ગામડાંના મતદારો સીધી ચૂંટણીમાં તાલુકા પંચાયતના સભ્યોને ગુપ્ત મતદાન પદ્ધતિથી ચૂંટી કાઢે છે. આ ચૂંટાયેલાં સભ્યો તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ ચૂંટી કાઢે છે.
- સહસભ્યો અને આમંત્રિત સભ્યો : તાલુકા પંચાયતમાં ચૂંટાયેલાં સભ્યો ઉપરાંત સહસભ્યો અને આમંત્રિત સભ્યો હોય છે. આ સભ્યો તાલુકા પંચાયતમાં ચૂંટાયેલાં સભ્યો ઉપરાંત સહસભ્યો અને આમંત્રિત સલાહ-સૂચનો કરી શકે છે, પરંતુ તેમને મત આપવાનો અધિકાર નથી.
- તાલુકા પંચાયતની સમિતિઓ : તાલુકાનાં ગામોનાં વિકાસ કાર્યો કરવા માટે તાલુકા પંચાયત પોતાના સભ્યોમાંથી કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિની રચના કરે છે. આ ઉપરાંત આવશ્યકતા અનુસાર મરજિયાત સમિતિઓની રચના કરે છે.

**(1) કારોબારી સમિતિ :** તાલુકા પંચાયતના સભ્યો પોતાનામાંથી 9 સભ્યો સુધીની કારોબારી સમિતિની રચના કરે છે. આ સભ્યો તેમનામાંથી એક સભ્યને કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે પસંદ કરે છે. આ સમિતિની મુદત બે વર્ષની હોય છે.

**(2) સામાજિક ન્યાય સમિતિ :** તાલુકા પંચાયતમાં આ સમિતિની રચના કરવી ફરજિયાત છે. આ સમિતિના સભ્યોની સંખ્યા વધુમાં વધુ પાંચ હોય છે અને તે તાલુકા પંચાયત નક્કી કરે છે.

**તાલુકા પંચાયતના પ્રમુખ**

તાલુકા પંચાયતના ચૂંટાયેલાં સભ્યો પ્રમુખની અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે. પ્રમુખ તાલુકાની ગ્રામીણ પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવતા લોકશાહી નેતા છે.

**તાલુકા વિકાસ અધિકારી (TDO) :**

તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયતનું વહીવટી કાર્ય કરવા માટે સરકારે નીમેલાં અધિકારી છે. સરકારી અને વહીવટી કાર્યો કરવા પંચાયત પ્રમુખને માર્ગદર્શન આપે છે.

**તાલુકા પંચાયતનાં કાર્યો :**

**(1) સ્વાસ્થ્ય અને સફાઈ :** આ ક્ષેત્રે તાલુકા પંચાયતે ગ્રામીણ પાણી પુરવઠો, પાણીનું પ્રદૂષણ અટકાવવું, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દવાખાનાં, પ્રસૂતિગૃહ અને કુટુંબનિયોજનને લગતાં કાર્યો કરવાનાં હોય છે.

**(2) શિક્ષણ :** તાલુકા પંચાયતે તાલુકાનાં ગામોમાં પ્રાથમિક શાળાની સ્થાપના અને તેનું સંચાલન, પ્રાથમિક શાળાનાં મકાનો બાંધવા, રમત-ગમતનાં મેદાન બનાવવાં, માધ્યમિક શિક્ષણ અંગેની કામગીરી કરવી તેમજ સમાજ શિક્ષણને લગતી કામગીરીમાં અનૌપચારિક શિક્ષણ, પ્રૌઢશિક્ષણ સંબંધી કાર્યો કરવાનાં હોય છે.

**(3) બાંધકામ :** તાલુકામાંના ગામોને જોડતાં રસ્તા, મોટા રસ્તાને જોડતાં રસ્તા, ગામના રસ્તાનું બાંધકામ અને તેની જાળવણીનું કાર્ય કરવાનું હોય છે. આ ઉપરાંત તાલુકાના રસ્તાની બાજુમાં વૃક્ષારોપણની કામગીરી કરવાની રહે છે.

**(4) ગ્રામ વસવાટ :** તાલુકા પંચાયતે તાલુકાનાં ગામોના ગામતળનો વિકાસ અને ગામનાં રહેઠાણોનું આયોજન કરવાની કામગીરી બજાવવાની હોય છે.

**(5) ખેતીવાડી :** તાલુકા પંચાયતે તાલુકા વિસ્તારમાં ખેતીવાડીની સુધારણા, સિંચાઈકામોનું બાંધકામ, જમીન સુધારણા, જમીનનું સંરક્ષણ, ખેતી અને સિંચાઈ માટે ધિરાણની વ્યવસ્થા, ખેડૂતોના તાલીમવર્ગો એ વિસ્તરણ કાર્યક્રમો, વોટરશેડનાં કામો તેમજ ગોડાઉનો સ્થાપવાં અને તેની જાળવણીને લગતાં કાર્યો કરવાનાં હોય છે.

**(6) પશુ સંવર્ધન :** તાલુકા પંચાયતે પશુચિકિત્સાલયો ચલાવવાં, પશુઓનાં કૃત્રિમ ગર્ભાધાન કેન્દ્રો ચલાવવાં તેમજ ડેરી વિકાસને લગતી કામગીરી કરવાની રહે છે.

**(7) ગ્રામોદ્યોગ :** ગ્રામોદ્યોગના વિકાસ માટે તાલુકા પંચાયતે ઉત્પાદન-સહ તાલીમ કેન્દ્રો સ્થાપવાં, ખાદી ગ્રામોદ્યોગ અને કુટિર ઉદ્યોગોનો વિકાસ કરવો તેમજ ટેકનિકલ અને વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો ચલાવવાને લગતી કામગીરી કરવાની હોય છે.

**(8) સહકાર :** તાલુકા પંચાયતે તાલુકા વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ કરવા માટે સહકારી ધોરણે ધિરાણ, વેચાણ, ઉદ્યોગ,સિંચાઈ સંબંધી વિવિધ મંડળી સ્થાપવાનાં કાર્યો કરવાનાં હોય છે.

**(9) રાહત સહાય :** તાલુકા પંચાયતે કુદરતી આફતોના પ્રસંગો જેવાં કે પૂર, આગ,ધરતીકંપ, રોગચાળો, દુષ્કાળ વખતે તાલુકા વિસ્તારમાં ગ્રામજનોને રાહત સહાય આપવાની કામગીરી બજાવવાની હોય છે.

**(10) સમાજકલ્યાણ અને સુરક્ષા :** તાલુકા પંચાયતે તાલુકાનાં ગામડાંમાં અસ્પૃશ્યતા નિવારણ, સમાજના નબળા વર્ગો, વિકલાંગો, વૃદ્ધો, નિરાધાર, વિધવા,ત્યાક્તાના કલ્યાણ માટેની યોજનાઓ ઘડી તેનો અમલ કરવાનો હોય છે તેમજ અનાથાશ્રમ અને ગરીબો માટેનાં આશ્રયસ્થાનો બાંધવા અને ચલાવવાની કામગીરી દ્વારા જરૂરિયાતમંદોને સમાજ સુરક્ષા પૂરી પાડવાની કામગીરી કરવાની હોય છે.

**(3) જિલ્લા પંચાયત (તૃતીય સ્તર)**

પંચાયતી રાજના ત્રિ-સ્તરીય માળખામાં જિલ્લા પંચાયત એ સૌથી ઉપલા સ્તરની સંસ્થા છે. 4 લાખની વસ્તી સુધી જિલ્લા પંચાયત 17 સભ્યોની બનેલી હોય છે. ત્યાર બાદ દર એક લાખની વસ્તી દીઠ બે સભ્યોનો વધારો થાય છે. જિલ્લા પંચાયતની કુલ બેઠકોમાંથી એક તૃતીયાંશ બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવે છે. વસ્તીની પ્રમાણમાં અનુસૂચિત જાતિઓ અને આદિજાતિઓ માટે બેઠકો અને અધ્યક્ષપદો અનામત રાખવામાં આવે છે. બક્ષીપંચ (અન્ય પછાતવર્ગો) માટે 10% બેઠકો અને અધ્યક્ષપદો અનામત રાખવામાં આવે છે.

**જિલ્લા પંચાયતનું માળખું (રચનાતંત્ર) :**

જિલ્લા પંચાયતનાં રચનાતંત્રીય અંગો નીચે મુજબ છે :

**(1) ચૂંટાયેલાં સભ્યો :** જિલ્લાનાં ગામડાંના મતદારો દ્વારા સીધી ચૂંટણીથી જિલ્લા પંચાયતના સભ્યોને ચૂંટે છે. આ ચૂંટાયેલાં સભ્યો જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ ચૂંટી કાઢે છે.

**(2) સહસભ્યો અને આમંત્રિત સભ્યો :** જિલ્લા પંચાયતમાં સીધી ચૂંટણીથી ચૂંટાયેલાં સભ્યો ઉપરાંત નિયુક્ત સભ્યો, કો-ઓપ્ટ સભ્યો અને આમંત્રિત સભ્યો હોય છે. ચૂંટાયેલાં સભ્યોની સરખામણીમાં આ સભ્યોના અધિકારો મર્યાદિત છે. તેઓને મત આપવાનો અધિકાર નથી.

**(3) જિલ્લા પંચાયતની સમિતિઓ :** જિલ્લા પંચાયતે જિલ્લાનં ગામોના વિકાસને લગતાં અનેકવિધ કાર્યો કરવાનાં હોય છે. આ કાર્યો કરવા માટે જિલ્લા પંચાયતના સભ્યોની બનેલી લગભગ 10 જેટલી સમિતિઓની રચના કરવામાં આવે છે. આ દરેક સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢે છે. અધ્યક્ષની દોરવણી નીચે સમિતિ કાર્ય કરે છે.

**(4) જિલ્લા પંચાયત પ્રમુખ :** જિલ્લા પંચાયતના પ્રમુખ લોકશાહી ઢબે ચૂંટાયેલાં નેતા છે અને તેઓ જિલ્લા પંચાયતના વડા તરીકે કામ કરે છે. પંચાયતી રાજમાં જિલ્લા પંચાયતના પ્રમુખનું પદ ખૂબ મહત્ત્વનું ગણવામાં આવ્યું છે. પ્રમુખ જિલ્લાની ગ્રામીણ પ્રજાના પ્રતિનિધિ છે. પંચાયતી રાજની સફળતાનો તથા ગ્રામીણ વિકાસની સફળતાનો આધાર પ્રમુખની કામગીરી પર રહે છે.

(5) **જિલ્લા વિકાસ અધિકારી (DDO) :** જિલ્લા વિકાસ અધિકારી જિલ્લા પંચાયત હસ્તકના સરકારી અધિકારી છે. તેમણે જિલ્લા પંચાયતના કાર્યાલયમાં વહીવટી જવાબદારી સંભાળવાની રહે છે. સરકારી અધિકારી તરીકે જિલ્લા પંચાયતના ચૂંટાયેલાં સભ્યો અને પ્રમુખને સરકારના નિયમોની જાણકારી અને માર્ગદર્શન પૂરાં પાડવાનાં રહે છે.

**જિલ્લા પંચાયતનાં કાર્યો :**

જિલ્લા પંચાયત તેની દેખરેખ નીચે તમામ તાલુકા અને ગામડાંઓના સર્વાંગી વિકાસનાં કાર્યો માટેનું માર્ગદર્શન આપે છે. જિલ્લા પંચાયતનાં કેટલાંક કાર્યો નીચે મુજબ છે :

(1) સમગ્ર જિલ્લાના ગ્રામ વિસ્તારો માટે વિકાસનીતિ ઘડીને તાલુકા અને ગ્રામ પંચાયતો પાસે તેનો અમલ કરાવે છે.

(2) જિલ્લાના વિવિધ તાલુકાઓને તથા ગામડાંઓને જોડતાં રસ્તા બનાવવા તથા જિલ્લાના ગ્રામ વિસ્તારનાં લોકોને વાહનવ્યવહારની સુવિધા પૂરી પાડે છે.

(3) જિલ્લાનું ખેત- ઉત્પાદન વધે એ માટે ખેતીવિષયક તમામ સુવિધાઓ જેવી કે સિંચાઈ, બિયારણ, ખાતર,જંતુનાશક દવાઓ, ખેતીની નવી પદ્ધતિ વગેરે ઉપલબ્ધ કરાવે છે.

(4) જિલ્લાના ગ્રામવિસ્તારમાંથી બેકારી ઘટે તે માટે નાના પાયાના ઉદ્યોગો, હસ્ત ઉદ્યોગો સ્થપાય તેમજ ગામડાંના બેકાર લોકોને રોજગારીની તક મળે તેવા કાર્યક્રમો ઘડી તાલુકા પંચાયત પાસે તેનો અમલ કરાવે છે.

(5) ગ્રામવિસ્તારના લોકોના આરોગ્યની સુધારણા માટે ગ્રામ આરોગ્ય કેન્દ્રો, કુટુંબનિયોજન કેન્દ્રો, માતૃ અને બાળકલ્યાણ કેન્દ્રો ઊભાં કરવાની કામગીરી જિલ્લા પંચાયત કરે છે. ગામડાંમાં ચેપી રોગ ફાટી નીકળે ત્યારે જિલ્લા મથકેથી ઉપચારનાં સાધનો, ડૉકટરોની ટુકડી, દવાઓ વગેરે તાત્કાલિક જે તે ગામમાં પહોંચવાડવાનુ઼ કામ જિલ્લા પંચાયતનું છે.

(6) જિલ્લાઓનાં ગામડાંઓમાંથી નિરક્ષરતા દૂર કરવા માટે જિલ્લા પંચાયત વિશિષ્ટ પ્રયાસો કરે છે. દરેક ગામડાંમાં પ્રાથમિક શાળા ઊભી કરવી, નાણાંકીય મદદ ઊભી કરવી, શૈક્ષણિક સાધનો મોકલવાં, ગ્રામ વિસ્તારની શાળાઓમાં શિક્ષણની ભરતી તથા બદલીઓ કરવી, શાળાઓની તપાસ કરી શૈક્ષણિક સુધારા સૂચવવા, નિરક્ષર પ્રૌઢોને અક્ષરજ્ઞાન મળે એવી સુવિધા ઊભી કરવી વગેરે કાર્યો તે કરે છે.

(7) જિલ્લાના ગ્રામ વિસ્તારોમાં રહેતા નબળા વર્ગના લોકો જેવાં કે અનુસૂચિત જાતિ, આદિવાસીઓ, ખેતમજૂરો વગેરેના ઉત્કર્ષ માટેની યોજના ઘડવી, તાલુકા પંચાયત પાસે પણ ઘડાવવી તથા તેને કાર્યાન્વિત કરવાનું કાર્ય જિલ્લા પંચાયત કરે છે.

(8) જિલ્લાના ગ્રામવિસ્તારોમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા રમતગમતની પ્રવૃત્તિઓ વિકસે, પુસ્તકાલયો, સ્થપાય, યુવક વિકાસ અને મહિલા વિકાસ માટેનાં સંગઠનો સ્થયાય એવા તાલુકા અને ગ્રામ પંચાયતના઼ કાર્યોમાં જિલ્લા પંચાયત મદદરૂપ બને છે. આ માટેનાં સાધનો તથા નાણાંકીય મદદ પણ પૂરી પાડે છે.

ટૂંકમાં જિલ્લા પંચાયતે પંચાયતી રાજની જિલ્લા કક્ષાની સર્વોચ્ચ લોકશાહી સંસ્થા તરીકે ગ્રામવિસ્તારોના સર્વાંગી વિકાસ માટેના પ્રયાસો કરવાનાં હોય છે. આ માટે અમુક નાણાં રાજ્ય સરકાર તરફથી ગ્રાન્ટ તરીકે મળે છે. આ ઉપરાંત જિલ્લા પંચાયતને મહેસૂલ, સ્થાનિક કરવેરા વગેરેમાંથી પણ આવક થાય છે. જિલ્લા પંચાયત પોતાની આવક માટે અન્ય સાધનો પણ ઊભાં કરી શકે છે.

**પંચાયતી રાજની સામાજિક અસરો**

પંચાયતી રાજની સ્થાપનાનો હેતુ સત્તાનું લોકશાહી વિકેન્દ્રકરણ કરવાનો તથા ગામડાંના સર્વાંગી વિકાસના પ્રયાસ કરવાનો છે. આ હેતુના સંદર્ભમાં જોતાં પંચાયતી રાજની ગ્રામીણ સમાજ પરની સામાજિક અસરો મુખ્યત્વે નીચે મુજબ જોવા મળે છે :

**(1) લોકશાહી મૂલ્યોનો પ્રસાર :** ભારતની બહુમતી પ્રજા ગ્રામીણ વિસ્તારોમાં વસે છે. પંચાયતી રાજના અમલને કારણે ગ્રામીણ સમાજમાં લોકશાહી મૂલ્યોના પ્રસારને વેગ મળ્યો છે. ગામડાંના મતદારોને પોતાના મતનો ઉપયોગ કરીને પ્રતિનિધિ પસંદ કરવાની (ચૂંટવાની) તક મળે છે.

**(2) નવા નેતૃત્વનો ઉદ્ભવ :** પરંપરાગત ગ્રામ સમાજમાં સામાન્ય રીતે વયોવૃદ્ધ વ્યક્તિઓને વારસાગત રીતે નેતાગીરી મળતી હતી. પંચાયતી રાજને કારણે ચૂંટણીઓમાં ગામડાંના યુવાનો એ શિક્ષિત વર્ગેને ઉમેદવારી કરવાની અને ચૂંટાવાની તક મળી છે. પરિણામે યુવાન, શિક્ષિત અને ગતિશીલ નેતૃત્વ ઉદ્ભવ્યું છે.

**(3) સત્તાના માળખામાં પરિવર્તન :** પંચાયતી રાજની સ્થાપના થતાં સત્તાનું વિકેન્દ્રીકરણ શક્ય બન્યું છે. ગામડાંના લોકોના હાથમાં સત્તા આવી છે. તેઓ પોતે જ પોતાના પ્રતિનિધિઓને પસંદ કરીને વિકાસનાં કાર્યોનાં આયોજન, અમલ અને વહીવટી જવાબદારી સંભાળે છે. પંચાયતી રાજથી સમાનતા તથા સ્વાતંત્ર્યની દિશામાં સત્તાની વહેંચણી થવા લાગી છે.

**(4) સામાજિક ગતિશીલતામાં વૃદ્ધિ :** પંચાયતી રાજને લીધે સામાજિક ગતિશીલતામાં વૃદ્ધિ થવા લાગી છે. પંચાયતના ત્રણે સ્તરમાં અનામતની જોગવાઈ હોવાથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને, પંચાયતમાં ચૂંટાવાની અને સત્તા મેળવવાની તક મળી છે, પરિણામે પરંપરાગત રીતે નીચું સ્થાન ભોગવતી જ્ઞાતિના સભ્યોને રાજકીય અને આર્થિક-સામાજિક દરજ્જો સુધારવાની કે ઊંચા લઈ જવાની તક મળી છે. આમ રાજકીય, સામાજિક અને આર્થિક ક્ષેત્રે સામાજિક ગતિશીલતામાં વધારો થયો છે.

**(5) રાજકીય જાગૃતિ :** પંચાયતની ચૂટંણીઓએ રાજકીય જાગૃતિ લાવવામાં ભાગ ભજવ્યો છે. ચૂંટણી સમયે જુદાં જુદાં રાજકીય પક્ષોના નેતા ગામડાંઓની મુલાકાત લે છે, ત્યાં સભા ભરે છે અને પક્ષના ચૂંટણી વચનો આપે છે. પરિણામે લોકો રાષ્ટ્રીય પક્ષો, પક્ષની સામાજિક, આર્થિક નીતિ વગેરે રાજકારણના પ્રશ્નોથી વાકેફ થાય છે. જેથી ગ્રામીણ લોકોની રાજકીય સમજણ અને સભાનતામાં વધારો થયો છે.

**(6) સામાજિક અંતરમાં ઘટાડો :** પંચાયતી રાજને કારણે ગામડાંની વિવિધ ઉચ્ચ-નિમ્ન જ્ઞાતિઓ, કોમો, પુરુષો અને સ્ત્રીઓ, ખેડૂતો અને ખેતમજૂરો વગેરે વર્ગો વચ્ચે પરંપરાગત સામાજિક અંતર ઘટવા લાગ્યું છે. પહેલાંના સમયમાં આ બધા વર્ગો વચ્ચે એક પ્રકારની સામાજિક અલગતા રહેતી પરંતુ હવે પંચાયતની ચૂંટણીઓમાં, તેની કાર્યવાહમાં, ગામનાં સાર્વજનિક વિકાસનાં કામોમાં દરેક વર્ગના સભ્યોએ પરસ્પર આંતરક્રિયા અને સામાજિક સંપર્ક કરવો જરૂરી બને છે. આથી ધીમે ધીમે તેમની વચ્ચે સામાજિક અંતરમાં ઘટાડો થવા લાગ્યો છે.

**(8) લોકોની ભાગીદારી વધી :** પંચાયતી રાજની સ્થાપના પાછળનો હેતુ ગ્રામવિકાસનાં કાર્યોમાં લોકોની ભાગીદારી વધારવાનો હતો. તેમાં સફળતા મેળવી શકાઈ છે, જે કેટલાંક અભ્યાસો પરથી જણાય છે. હવે ગામડાંઓમાં પંચાયતનું મકાન, ગોબરગેસ પ્લાન્ટ, વોટરવર્કસ, જાહેર શૌચાલય, રસ્તા પરની લાઈટ અને વૃક્ષો વગેરે સગવડો ઊભી થઈ છે. તે જ રીતે ઘણાં ગામડાંઓમાં લોકોનો અમુક ફાળો તથા સરકારી મદદ મેળવીને વીજળીકરણ કરવામાં આવ્યું છે. લોકોએ સ્વૈચ્છિક શ્રમ સ્વરૂપે ગામના વિકાસમાં ફાળો આપીને રસ્તા પણ બનાવ્યાં છે.

પંચાયતી રાજની કેટલીક નકારાત્મક સામાજિક અસરો પણ પડી છે, જે ટૂંકમાં નીચે મુજબ દર્શાવી શકાય :

**(1) જૂથવાદ અને પક્ષાપક્ષી :** પંચાયતી રાજની ચૂંટણીઓએ ગામડાંમાં પણ પક્ષાપક્ષી અને જૂથવાદને ઉત્તેજન આપ્યું છે. ચૂંટણી વખતે ગામડામાં જુદાં જુદાં રાજકીય પક્ષો સક્રિય બની પોતાના ઉમેદવારો માટે ટેકો મેળવવા જૂથો ઊભાં કરે છે. પરિણામે કેટલીક વખત ગામડાંમાં કાયમી કડવાશનાં બીજ રોપાય છે.

(2) **જ્ઞાતિવાદને ઉત્તેજન :** પંચાયતની ચૂંટણીઓમાં વિવિધ જ્ઞાતિઓ પોતાના સંખ્યાબળને આધારે ઉમેદવારો ઊભા કરે છે. તેથી ક્યારેક ઉમેદવારની વ્યક્તિગત લાયકાતો ગૌણ બની જાય છે અને ચૂંટણી જીતવા માટે જ્ઞાતિનું પીઠબળ નિર્ણાયક બને છે, એટલે કે મોટું સંખ્યાબળ ધરાવતી જ્ઞાતિનો ઉમેદવાર વ્યક્તિગત લાયકાતની બાબતમાં બીજા ઉમેદવારો કરતાં નબળો હોવા છતાં તે જ્ઞાતિના સભ્યોનો ટેકો મેળવવા માટે ચૂંટણીના પ્રચારમાં જ્ઞાતિનાં હિતોને પ્રાધાન્ય આપે છે અને પોતાના જ્ઞાતિને આગળ લાવવા માટેનાં વચનો આપે છે. આથી ગામડાંમાં જ્ઞાતિવાદને ઉત્તેજન મળે છે તેથી જ્ઞાતિપ્રથાને નાબૂદ કરવાના બંધારણીય આદર્શની પીછેહઠ થાય છે.

(3) **આંતરજ્ઞાતિય સંઘર્ષ** - જ્ઞાતિવાદ આંતરજ્ઞાતીય સંઘર્ષ ઊભા કરે છે. વિવિધ જ્ઞાતિઓ વચ્ચેના હિત સંઘર્ષ અને જૂથવાદ તેમની વચ્ચે સંઘર્ષપેદા કરે છે. પંચાયતની ચૂંટણી પછી કેટલાંક ગામડાંઓમાં વિવિધ જ્ઞાતિઓ વચ્ચે ઝઘડા, મારામારી અને સંઘર્ષના બનાવો પણ બને છે. આમ, પંચાયતી રાજ પદ્ધતિની કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે.

**પંચાયતી રાજ - 73મા બંધારમીય સુધારાની વિશેષતાઓ**

ગ્રામસભાને પંચાયતી રાજપ્રણાલીનો આધાર માનવામાં આવી છે. આ ગ્રામસભાઓ રાજ્ય વિધાનમંડળી દ્વારા સોંપવામાં આવેલાં કાર્યો તથા અધિકારોનો ઉપયોગ કરશે.

ગ્રામ,મધ્યવર્તી અને જિલ્લા સ્તરો પર પંચાયતો ત્રણ સ્તરે વહેંચાયેલી હશે. 20 લાખની જનસંખ્યા ધરાવતાં રાજ્યોને એ અધિકાર હશે કે જો તેઓ ઈચ્છે તો મધ્યવર્તી સ્તરે પંચાયતોની રચના ન કરે. કલમ 243ને આધીન રાષ્ટ્રપતિ દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશો માટે વિશેષ વ્યવસ્થા અંતર્ગત પણ સભ્યો બની શકશે. પ્રત્યક્ષ રીતે ત્રણેય સ્તરે સભ્યોની ચૂંટણી થશે. ગ્રામ પંચાયતોનો પ્રધાન મધ્યવર્તી સંસ્થાઓનો સભ્ય બની શકશે. આ જ રીતે મધ્યવર્તી સ્તરનો સભ્ય જિલ્લા સંસ્થાઓનો પણ સભ્ય બની શકશે.

પ્રત્યેક સ્તરે પંચાયતોનો કાર્યકાળ પાંચ વર્ષનો હશે અને કાર્યકાળ પૂરો થાય તે પહેલાં ચૂંટણી કરાવી લેવામાં આવશે. પંચાયત ભંગ કરવાની સ્થિતિ આવે તો છ મહિનાની અંદર ચૂંટણી કરાવવી અનિવાર્ય બની જશે.

તમામ પંચાયતોમાં અનુસૂચિત જાતિઓ એ અનુસૂચિત જનજાતિ માટે તેમની વસ્તી પ્રમાણે બેઠકો અનામત રાખવામાં આવશે. કુલ બેઠકોની 1/3 બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે. આ જ રીતે પંચાયતમાં પણ પ્રત્યેક સ્તરે અધ્યક્ષોના હોદ્દાની કુલ સંખ્યામાં ઓછામાં ઓછા એક તૃતીયાંશ હોદ્દાઓ મહિલાઓ માટે અનામત રહેશે. રાજ્યોની જનસંખ્યામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓમાં જનસંખ્યાનું જે પ્રમાણ છેતે જ પ્રકારનું એમના માટે અનામત હોદ્દાનું પણ પ્રમાણ રહેશે. આ સિવાય રાજ્યોનાં વિધાનમંડળઓ દ્વારા પંચાયતમાં કોઈ પણ સ્તરે અથવા અધ્યક્ષોના હોદ્દા માટે કોઈ પણ સ્તરે પછાત જાતિઓના નાગરિકો માટે હોદ્દો અનામત રાખી શકાય છે.

24 એપ્રિલ, 1993થી એટલે કે 73મો બંધારણીય સુધારો અમલમાં આવ્યો તે તારીખથી એક વર્ષની અંદર અને તે પછી પાંચ વર્ષની સમાપ્તિ પછી તમામ રાજ્યોમાં એક નાણાં પંચની રચના કરવામાં આવશે, જે રાજ્યો અને તમામ સ્તરે પંચાયતો વચ્ચે નાણાંકીય સંસાધનોના વિતરણ તતા હસ્તાતરણના નિયંત્રિત સિદ્ધાંતો અને પંચાયતોની નાણાકીય સ્થિતિ સુધારવાના ઉપાયો પર વિચાર કરશે.

વિકાસ યોજનાઓ લાગુ કરવા માટે પંચાયતોને પૂરતા પ્રમાણમાં નાણાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

પંચાયતોને કર એકત્રિત કરવાની મંજૂરી આપવી અથવા મહેસૂલનો કેટલો ભાગ પંચાયતી રાજ સંસ્થાઓને આપવો કે નહિ તે બાબત રાજ્ય સરકાર પોતે નક્કી કરશે.

જો કોઈ વ્યક્તિને રાજ્ય વિધાનમંડળના ચૂંટણીના કોઈ કાયદા દ્વારા કે પછી રાજ્યના અન્ય કોઈ કાયદા દ્વારા અયોગ્ય ઠેરવવામાં આવશે તો તે વ્યક્તિ પંચાયતની સભ્ય બની શકશે નહિ.

અંતમાં 29 મતોવાળી અગિયારમી અનુસૂચિ કલમ 243 જી જોડવામાં આવી છે. જેના દ્વારા સ્થાનિક મહત્ત્વનાં કાર્યોની યોજના બનાવવાની અને અમલીકરણમાં પંચાયતી રાજ સંસ્થાઓને પ્રભાવક ભૂમિકા આપવામાં આવે છે. આ મુદ્દાઓમાંથી કેટલાંક નીચે જણાવ્યા તે પ્રમાણેના છે :

(1) કૃષિ અંતર્ગત કૃષિ વિસ્તરણ.

(2) ભૂમિ સુધારણાને લાગુ કરવી.

(3) લઘુ સિંચાઈ, જળપ્રબંધ અને જળવિકાસ.

સામુદાયિક વિકાસ માટે લોકભાગીદારી અને નિયાનુસાર કાર્ય કરવું જરૂરી છે. પરંતુ જો તેમાં કોઈ કક્ષાએ વિચલિત વર્તન કે ધોરણભંગ થાય તો સામુદાયિક વિકાસ પર તેની વિપરીત અસર થવાની શક્યતાને નકારી શકાય નહિ. આવા ધોરણભંગ વર્તનની માહિતી હવે પછીના એકમમાં જોઈશું.

## (5) પંચાયતીરાજની ગ્રામીણ સમાજ પર અસર (Inpact of Panchayati Raj on Rural Society) :

પંચાયતીરાજની સ્થાપના થતાં ગ્રામીણ સમાજ પર તેની વ્યાપક અસર પડી છે. પંચાયતીરાજની સ્થાપનાનો હેતુ સત્તાનું લોકશાહી વિકેન્દ્રીકરણ કરવાનો તથા ગામડાના સર્વાંગી વિકાસના પ્રયાસો કરવાનો છે. આ હેતુના સંદર્ભમાં જોતાં પંચાયતીરાજની ગ્રામીણ સમાજ પરની અસરો મુખ્યત્વે નીચે મુજબ જોવા મળે છે. :

(1) **ગ્રામીણ સમાજમાં લોકશાહી મૂલ્યોનો પ્રસાર :** પંચાયતીરાજના અમલને પરિણામે ગ્રામસમાજમાં લોકશાહીનાં મૂલ્યોના પ્રસારને વેગ મળ્યો છે. ભારતની બહુમતી પ્રજા ગ્રામીણ વિસ્તારોમાં વસે છે. આથી દેશમાં લોકશાહી પદ્ધતિને ટકાવી રાખવા અને મજૂબત બનાવવા ગ્રામીણ પ્રજાને લોકશાહી જીવનપદ્ધતિની તાલીમ આપવી જરૂરી બને છે. પંચાયતીરાજને લીધે ગામડાના મતદારોને પોતાના પ્રતિનિધિઓ પસંદ કરવાની તક મળે છે, મતનો ઉપયોગ કરવાની તક પ્રાપ્ત થાય છે. ગ્રામીણ પ્રજાના આ ચૂંટાયેલાં પ્રતિનિધિઓને વિકાસકાર્યોના ઘડતર અને અમલની સત્તા તથા જવાબદારી સોંપવામાં આવે છે. પંચાયતના સભ્યો તરીકે ઉમેદવારી કરવાની ગામડાની વિવિધ જ્ઞાતિઓને તક મળે છે. આને પરિણામે ગ્રામસમાજમા સમાનતા, સ્વાતંત્ર્ય, બિનસાંપ્રદાયિકતા જેવાં લોકશાહી મૂલ્યો પ્રસરે છે. ટૂંકમાં, બંધારણ નિર્દેશિત લોકશાહી મૂલ્યોના પ્રસારમાં પંચાયતીરાજની સ્વશાસની પદ્ધતિએ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

(2) **નવા નેતૃત્વનો ઉદ્ભવ :** પંચાયતીરાજને લીધે ગ્રામસમાજમાં નવા નેતૃત્વનો ઉદ્ભવ થયો છે.પંચાયતની લોકશાહી ચૂંટણીઓમાં ગામડાના યુવાન અને શિક્ષિત વર્ગને પણ ઉમેદવારી કરવાની અને ચૂંટાવાની તક મળે છે. પરંપરાગત ગ્રામસમાજમાં સામાન્ય રીતે ઊંચી જ્ઞાતિઓને અને વયોવૃદ્ધ વ્યક્તિઓને વારસાગત રીતે નેતાગીરી મળતી. જૂના સમયની ગ્રામપંચાયતોમાં પણ આ સ્વરૂપનું નેતૃત્વ ચાલુ રહેતું, પરંતુ પંચાયતીરાજમાં પંચાયતોનું માળખુ લોકશાહી, પાયા પર નવી રીતે ગોઠવવામાં આવ્યું છે. પંચાયતને ગ્રામવિકાસનાં મહત્ત્વનાં કાર્યો પણ સોંપવામાં આવ્યાં છે. આ કાર્યો કરવા માટે પંચાયતોમાં યુવાન, શિક્ષિત અને ગતિશીલ નેતૃત્વની જરૂર પડે છે. ગ્રામપ્રજા પણ પોતાના વિકાસને વેગ મળે એ માટે શિક્ષિત અને યુવાન નેતાઓની જરૂરિયાત સમજવા લાગી છે અને આવા નેતાઓને આગળ આવવા માટે પ્રોત્સાહન પણ આપે છે. આમ, ગ્રામીણ સમાજમાં નવું નેતૃત્વ પેદા કરવામાં પંચાયતીરાજનો ઘણો મોટો ફાળો છે.

(3) **સત્તાના માળખામાં પરિવર્તન :** પંચાયતી રાજનો એક હેતુ સત્તાના માળખામાં પરિવર્તન

લાવવાનો હતો. ભારત જેવાં વિશાળ દેશમાં સત્તા કેવળ સર્વોચ્ચ કક્ષાએ કેન્દ્રિત થવા પામે અને ગામડામાં વસતા બહુમતી સમાજને પોતાની જરૂરિયાતો માટે સત્તાના સર્વોચ્ચ કેન્દ્ર પર આધાર રાખવો પડે એ પરિસ્થિતિ દૂર કરવાની જરૂરિયાત હતી. લોકશાહી શાસનપદ્ધતિની સફળતા માટે સત્તાનું વિકેન્દ્રીકરણ આવશ્યક માનવામાં આવે છે. પંચાયતીરાજની સ્થાપના થતાં હવે પંચાયતો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરીકે કામ કરે છે. ગામડાના લોકો પોતે જ પોતાના પ્રતિનિધિઓને પસંદ કરીને વિકાસ-કાર્યોના ઘડતર, અમલ અને વહીવટી જવાબદારી સંભાળે છે. આ રીતે તેઓમાં રાષ્ટ્રના જવાબદાર નાગરિક તરીકે જાગૃતિ વિકસે છે. એટલું જ નહીં પણ તેઓ સત્તામાં ભાગીદાર છે, પોતે જ પોતાના વહીવટદારો અને કાર્યવાહકો છે એવી સભાનતા પણ વિકસે છે. બીજા શબ્દોમાં કહીએ તો, પંચાયતીરાજની સ્થાપના થતાં ગામડાંના લોકોના હાથમાં સત્તા આવી છે. કહેવાતી નીચલી જ્ઞાતિઓને પણ પંચાયતના સભ્યો તરીકે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની તક મળી છે. આને લીધે પરંપરાગત પ્રભાવે જ્ઞાતિઓના પ્રભુત્વમાં ઘટાડો થવા લાગ્યો છે. જોકે ઊંચા દરજ્જાવાળી અને આર્થિક રીતે સમૃદ્ધ પ્રભાવી જ્ઞાતિઓનું બળ હજી ઓછેવત્તે અંશે ચાલુ રહ્યું છે એ ખરું, પરંતુ પંચાયતીરાજની સ્વશાસનની નવી પદ્ધતિમાં પરંપરાગત રીતે નીચલા સ્તરની જ્ઞાતિઓને પ્રતિનિધિત્વ મળતાં તેમનું મહત્ત્વ પણ અંકાવા લાગ્યું છે અને સમાનતા તથા સ્વાતંત્ર્યની દિશામાં સત્તાની વહેંચણી થવા લાગી છે.

**(4) સામાજિક ગતિશીલતામાં વૃદ્ધિ :** પંચાયતીરાજને લીધે ગ્રામસમાજમાં સામાજિક ગતિશીલતામાં વૃદ્ધિ થવા લાગી છે. પરંપરાગત રીતે નીચું સ્થાન ભોગવતી જ્ઞાતિના સભ્યોને આર્થિક દરજ્જો સુધારવાની કે ઊંચો લઈ જવાની તક મળી છે. તે જ રીતે નીચી ગણાતી જ્ઞાતિઓને પંચાયતમાં ચૂંટાવાની અને સત્તા મેળવવાની તક મળી છે અને આવી જ્ઞાતિઓના સભ્યોને પંચાયતમાં સત્તા મળી છે પણ ખરી. ગ્રામપંચાયત, તાલુકાપંચાયત અને જિલ્લા પંચાયતોમાં અનામત બેઠકોની જોગવાઈ હોવાથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને સત્તા મળી છે. આમ, રાજકીય, સામાજિક અને આર્થિક ક્ષેત્રે સામાજિક ગતિશીલતામાં વધારો થયો છે.

**(5) રાજકીય જાગૃતિ :** પંચાયતોની ચૂંટણીઓએ ગામડામાં રાજકીય જાગૃતિ લાવવામાં ભાગ ભજવ્યો છે. ચૂંટણીઓ વેળાએ જુદાં જુદાં રાજકીય પક્ષો ગામડામાં પ્રચાર કરે છે, રાજકીય પક્ષોના અગ્રણીઓ પણ ગામડાંઓની મુલાકાત લે છે, સભાઓ ભરાય છે અને પક્ષોનાં ચૂંટણીવચનોની ઠેર ઠેર ચર્ચા થાય છે. આને પરિણામે ગામડાંના લોકો પક્ષપ્રથા, રાષ્ટ્રીય પક્ષો, પક્ષોની સામાજિક-આર્થિક નીતિ વગેરે રાજકારણના પ્રશ્નોથી વાકેફ થાય છે. આના લીધે ગામડાના લોકોની રાજકીય સૂઝબૂઝ, સમજણ અને સભાનતામાં વધારો થાય છે. સાથોસાથ પંચાયતીરાજે ગ્રામસમાજનું રાજકીયકરણ કરવામાં પણ ભાગ ભજવ્યો છે. સત્તાપ્રાપ્તિની પ્રક્રિયામાં ગામડાંની દરેક જ્ઞાતિ સામેલ થવા લાગી છે. પ્રત્યેક જ્ઞાતિના સભ્યો રાજકીય હકોની માગણી કરવા લાગ્યા અને જો રાજકીય હકોથી તેમને વંચિત રાખવામાં આવે તો તેનો વિરોધ પણ થવા લાગ્યો. આ પ્રક્રિયાએ ગ્રામસમાજનું રાજકીયકરણ કરવામાં ભાગ ભજવ્યો છે.

**(6) બિનસાંપ્રદાયિકરણ :** પંચાયતની ચૂંટણીઓએ તથા પંચાયતની કાર્યવાહીએ ગામડાની વિવિધ જ્ઞાતિઓ, કોમો અને ધર્મો વચ્ચેના કોઈપણ ભેદભાવ વગર બિનસાંપ્રદાયિક જોડાણની તક પેદા કરી. ચૂંટણીમાં ઉમેદવારે જુદી જુદી જ્ઞાતિઓનો ટેકો મેળવવો પડે છે. ચૂંટણી પછી પંચાયતના સભ્યોએ પંચાયતની કાર્યવાહીમાં પણ જ્ઞાતિ કે કોમના ભેદ વગર સાથે મળીને વિચારવિમર્શ કરવો પડે છે. નિર્ણયો લેવા પડે છે, એકબીજાનો સહકાર મેળવવો પડે છે. આ પ્રક્રિયાને લીધે ગ્રામસમાજમાં પરંપરાગત સાંપ્રદાયિકતાના ખ્યાલો નબળા પડે છે અને બિનસાંપ્રદાયિક મૂલ્યોનો પ્રસાર થવાની પ્રક્રિયાને તેમજ સમગ્ર ગ્રામસમાજનું બિનસાંપ્રદાયિકરણ થવાની પ્રક્રિયાને વેગ મળે છે.

**(7) સામાજિક અંતરમાં ઘટાડો :** પંચાયતીરાજને લીધે ગામડાના વિવિધ વર્ગો વચ્ચેના પરંપરાગત સામાજિક અંતરમાં ઘટાડો થવા લાગ્યો છે. જોકે, આ પ્રક્રિયા હજી ચાલુ છે, એટલે તેનાં પરિણામો લાંબા ગાળે જોઈ શકાશે, પરંતુ ગ્રામસમાજમાં આ નવી પ્રક્રિયા પેદા કરવામાં પંચાયતીરાજનો ફાળો છે. ગામડાંની વિવિધ જ્ઞાતિઓ, કોમો, પુરુષો અને સ્ત્રીઓ, ખેડૂતો અને ખેતમજૂરો, ઊંચી જ્ઞાતિઓ અને કહેવાતી નીચી જ્ઞાતિઓ વગેરે વર્ગો વચ્ચેનું પરંપરાગત સામાજિક અંતર ઘટવા લાગ્યું છે. જૂના સમયમાં ગામડાંના આ વર્ગો વચ્ચે એક પ્રકારની સામાજિક અલગતા રહેતી, લોકો પોતપોતાના વર્ગોમાં પોતાનું સામાજિક જીવન જીવતા, પરંતુ હવે પંચાયતની ચૂંટણીઓમાં, પંચાયતની કાર્યવાહીમાં તથા ગામના સાર્વજનિક વિકાસના કામોમાં આ દરેક વર્ગના સભ્યોએ પરસ્પર આંતરક્રિયા કરવાનું જરૂરી બને છે. તેમની વચ્ચે સામાજિક સંપર્ક જરૂરી બને છે. આને લીધે ધીમે ધીમે તેમની વચ્ચેના સામાજિક અંતરમાં ઘટાડો થવા લાગે છે.

**(8) ગ્રામવિકાસનાં કાર્યોમાં લોકોના સહભાગીપણામાં વધારો :** પંચાયતીરાજની સ્થાપના પાછળનો એક હેતુ ગ્રામવિકાસનાં કાર્યોમાં લોકોની ભાગીદારી વધારવાની હતી. આ હેતુની દિશામાં પંચાયતીરાજને ઓછીવત્તી સફળતા મળવાં લાગી છે, એવું કેટલાંક અભ્યાસો પરથી જણાય છે. કેટલાંક ગામડાંઓમાં પંચાયતોએ નાણાંના સ્વરૂપમાં લોકફાળો મેળવી શાળાનું મકાન, પંચાયતનું મકાન, ગોબર ગેસ પ્લાન્ટ, વોટર વર્કસ, જાહેર સંડાસ, રસ્તા પરના દીવાબત્તી અને વૃક્ષો વચ્ચે સગવડો ઊભી કરી છે. તે જ રીતે ઘણાં ગામડાંઓમાં લોકોનો અમુક ફાળો તથા સરકારી મદદ મેળવીને વીજળીકરણ કરવામાં આવ્યું છે. કેટલાંક ગામડાંનાં લોકોએ સ્વૈચ્છિક શ્રમસ્વરૂપે ફાળો આપીને રસ્તા પણ બનાવ્યા છે. ટૂંકમાં પંચાયતીરાજને પરિણામે ગ્રામવિકાસનાં કામોમાં લોકોનું સહભાગીપણું વધ્યું છે.

**(9) વિકાસકાર્યોના અમલની ઝડપથી વૃદ્ધિ :** પંચાયતીરાજમાં ગ્રામવિકાસનાં કાર્યો લોકોના પ્રતિનિધિઓને સોંપવામાં આવ્યાં છે. પહેલાં આ કાર્યો સરકારી અધિકારીઓ હસ્તક હતાં. વિકાસકાર્યોના ઘડતર અને અમલની જવાબદાર પંચાયતોને સોંપતા તુલનાત્મક રીતે તેની ઝડપમાં વૃદ્ધિ થવા લાગી છે. જેમ કે, ખેતઉત્પાદનના ક્ષેત્રે વધુ વિકાસ હાંસલ કરવાનું શક્ય બન્યું છે. પંચાયતના સભ્યો સ્થાનિક વિસ્તારના હોય છે. આથી તેઓ લોકોની જરૂરિયાતો અને લોકોના પ્રશ્નો વધારે સારી રીતે જાણતા હોય છે. ખેતઉત્પાદનની વૃદ્ધિનો આધાર સિંચાઈની સુવિધા, ખાતર અને બિયારણની પ્રાપ્તિ, જંતુનાશક દવાઓની વહેંચણી, ખેતી માટેનાં સુધારેલાં સાધનોની ઉપલબ્ધતા વગેરે પર રહેલો છે. પંચાયતોએ વિકાસકાર્યો સંભાળ્યા પછી આ બધાં સાધનો અને વસ્તુઓ ગ્રામવિસ્તારમાં સરળતાથી પહોંચાડવાનું શક્ય બન્યું છે, આ ઉપરાંત પંચાયતોએ ગામડાંઓમાં સહકારી પ્રવૃત્તિને વધુ વેગ આપવામાં પણ મોટો ફાળો આપ્યો છે. અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિના પ્રસંગોએ તાલુકાપંચાયતો અને જિલ્લા પંચાયતો રાહતકાર્યો શરૂ કરાવીને ગ્રામજનોને આર્થિક રીતે મદદરૂપ બને છે. જિલ્લા પંચાયતો કુટુંબ-નિયોજનની શિબિરો ખોલે છે,જેને લીધે કુટુંબ-નિયોજનના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા તરફ પણ પ્રગતિ થવા લાગી છે. ટૂંકમાં, ગ્રામવિકાસનાં કાર્યોને વેગ આપવામાં તથા તેનાં ઝડપી પરિણામો લાવવામાં પંચાયતીરાજે ફાળો આપ્યો છે.

પંચાયતીરાજ પદ્ધતિ ગ્રામવિકાસના ક્ષેત્રે ઉપર જણાવેલાં વિધાયક પરિણામો પ્રાપ્ત કર્યા છે.જો કે, ગ્રામીણ સમાજમાં પરિવર્તન લાવવામાં પંચાયતીરાજ ઉપરાંત બીજાં ઘણાં પરિબળોએ પણ ભાગ ભજવ્યો છે. આમ છતાં આ ક્ષેત્રે પંચાયતીરાજે પણ ઘણો મોટો ભાગ ભજવ્યો છે, એ ઉપરની ચર્ચાથી સ્પષ્ટ થશે. સાથોસાથ પંચાયતીરાજને લીધે ગ્રામજીવનમાં કેટલાંક નકારાત્મક પરિણામો પણ આવ્યાં છે, ગામડાંઓ પર તેની કેટલીક નકારાત્મક અસરોને પંચાયતીરાજની મર્યાદાઓ તરીકે પણ ઓળખાવી શકાય, જે સંક્ષેપમાં નીચે દર્શાવી શકાય.

## (6) પંચાયતી રાજની મર્યાદાઓ :

**(1) જૂથવાદ અને પક્ષાપક્ષી :** પંચાયતીરાજની ચૂંટણીઓએ ગામડાંમાં પક્ષાપક્ષી અને જૂથવાદને ઉત્તેજન આપ્યું છે. ચૂંટણી વખતે ગામડામાં જુદાં જુદાં રાજકીય પક્ષો સક્રિય બને છે. તેઓ પોતપોતાના ઉમેદવારો માટે ટેકો મેળવવા જૂથો ઊભાં કરે છે અને કેટલીક વખત તેને લીધે ગામડામાં કાયમી કડવાશનાં બીજ રોપાય છે.

**(2) જ્ઞાતિવાદને ઉત્તેજન :** પંચાયતીરાજે અમુક અંશે જ્ઞાતિવાદને ઉત્તેજન પૂરું પાડ્યું છે, પંચાયતની ચૂંટણીઓમાં વિવિધ જ્ઞાતિઓ પોતાના સંખ્યાબળને આધારે ઉમેદવારો ઊભો કરે છે. આને લીધે કેટલીક વખત ઉમેદવારની વ્યક્તિગત લાયકાતો ગૌણ બની જાય છે અને જ્ઞાતિનું પીઠબળ ચૂંટાવા માટે નિર્ણાયક બની રહે છે. એટલે કે, મોટું સંખ્યાબળ ધરાવતી જ્ઞાતિનો ઉમેદવાર વ્યક્તિગત લાયકાતની બાબતમાં બીજા ઉમેદવારો કરતાં નબળો હોય છતાં તે જ્ઞાતિના સભ્યોનો ટેકો મેળવવા માટે ચૂંટણીના પ્રચારમાં જ્ઞાતિનાં હિતને પ્રાધાન્ય આપવામાં અને પોતાની જ્ઞાતિને આગળ લાવવા માટેનાં વચનો આપે છે. ચૂંટાયા પછી પોતાનું સ્થાન ટકાવી રાખવા માટે તેણે જ્ઞાતિનાં હિતો જાળવવા પ્રયાસ પણ કરવો પડે છે. આને પરિણામે ગામડાંમાં જ્ઞાતિવાદને ઉત્તેજન મળે છે અને જ્ઞાતિપ્રથાને નાબૂદ કરવાના બંધારણીય આદર્શની પીછેહઠ થાય છે.

**(3) આંતરજ્ઞાતિય સંઘર્ષ :** જ્ઞાતિવાદ આંતરજ્ઞાતિય સંઘર્ષ પેદા કરે છે. વિવિધ જ્ઞાતિઓ વચ્ચેની ખેંચતાણ, હિતસંઘર્ષ અને જૂથવાદ તેમની વચ્ચે સંઘર્ષ પેદા કરે છે. પંચાયતની ચૂંટણીઓ પછી કેટલાંક ગામડાંઓમાં વિવિધ જ્ઞાતિના સભ્યો વચ્ચે ઝઘડા, મારામારી અને સંઘર્ષના અન્ય બનાવો બન્યા હોવાના અહેવાલો છાપાંઓમાં પ્રગટ થાય છે. અન્ય રાજ્યોમાં પણ આવી ઘટનાઓ બને છે.

આમ, પંચાયતીરાજ પદ્ધતિની કેટલીક મર્યાદાઓ પણ પ્રગટ થતી રહે છે. પંચાયતી રાજે ગ્રામસમાજમાં પરિવર્તન અને વિકાસના એજન્ટ તરીકે મહત્ત્વનો ફાળો આપ્યો છે, પરંતુ તેની સાથોસાથ એ હકીકત પણ અનેક અભ્યાસો પરથી સ્પષ્ટ થઈ છે કે પંચાયતીરાજની સ્થાપના પાછળના જે મૂળ ઉદ્દેશો છે તે સિદ્ધ કરવા આડે હજી ઘણા અવરોધો નડે છે. પંચાયતીરાજમાં સત્તાનાં આગળ પડતાં સ્થાનો હજી મોટેભાગે ગામડાંનો સમૃદ્ધ વર્ગ મેળવી જાય છે.ગામડાંના જમીનદારો અને ઊંચી જ્ઞાતિના લોકો પંચાયત અને સહકારી ક્ષેત્રો પર વર્ચસ્વ ધરાવે છે. ગામડાના નબળા વર્ગના લોકોને વિકાસના લાભો હજી પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત થયા નથી.

## (7) પંચાયતી રાજની સંરચના :

બળવંતરાય મહેતા સમિતિએ ત્રણ સ્તરીય (ગ્રામ તાલુકા અને જિલ્લો) ત્રણ પંચાયતીરાજ સ્થાપવાનું સૂચવ્યું હતું. પરંતુ બધા રાજ્યોની રચનામાં એકરૂપતા નથી. રાજ્ય સરકારોએ લોકશાહી વિકેન્દ્રીકરણને પોતાને અનુકૂળ સ્વરૂપ વિકસિત કર્યું છે, જે નીચેના કોષ્ટકમાં જોઈ શકાય છે.

બળવંતરાય મહેતા કમિટીની રચના પ્રમાણે ત્રિ-સ્તરીય પંચાયતી રાજ માળખું નીચે પ્રમાણે હતું :

**પંચાયતી રાજ**

| ગ્રામ પંચાયત | તાલુકા પંચાયત | જિલ્લા પંચાયત |
|---|---|---|
| (1) ગ્રામ પંચાયતના ચૂંટાયેલાં સભ્યો | (1) તાલુકા પંચાયતના ચૂંટાયેલાં સભ્યો | (1) જિલ્લા પંચાયતના ચૂંટાયેલાં સભ્યો |
| (2) ગ્રામ પંચાયતના અધિકારી | (2) સહસભ્યો | (2) સહસભ્યો |
| | (3) આમંત્રિત સભ્યો | (3) આમંત્રિત સભ્યો |
| | (4) તાલુકા પંચાયતની વિવિધ સમિતિઓ | (4) જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓ |
| | (5) તાલુકા પંચાયતના પ્રમુખ | (5) જિલ્લા પંચાયતના પ્રમુખ |
| | (6) તાલુકા વિકાસ અધિકાર | (6) જિલ્લા વિકાસ અધિકારી |

પંચાયતીરાજની સંરચનામાં ગ્રામ પંચાયત સૌથી નીચેનું ક્રમ છે, ત્યારબાદ પંચાયત સમિતિ કે તાલુકા પંચાયત દ્વિતીય સ્તર પર અને સૌથી શીર્ષસ્થ સ્તર એટલે કે જિલ્લા સ્તર પર જિલ્લા પરિષદ કે જિલ્લા પંચાયત છે.

ગ્રામ, તાલુકા અને જિલ્લા એ ત્રણે કક્ષાએ ગામડાંઓનો વહીવટ-શાસન અને વિકાસકાર્યો કરતા પંચાયતનાં તંત્રને ત્રિ-સ્તરીય માળખું કહેવામાં આવે છે, જે ઉપર મુજબ ગોઠવાયેલું છે.

## (8) સારાંશ : (Let us sum up)

- સામુદાયિક વિકાસ કાર્યક્રમ હેઠળ પંચાયતી રાજની ખૂબ જ સારી અસર થતી જોવા મળી છે.
- પંચાયતીરાજ એટલે સત્તાનું વિકેન્દ્રીકરણ કરી લોકશાહીની રીતે સામૂહિક વિકાસનાં કામો કરવાની સત્તા સંભાળતી લોકો દ્વારા ચૂંટાયેલી પંચાયતોની વ્યવસ્થા.
- **પંચાયતી રાજના હેતુઓ :**

(1) સત્તાનું લોકશાહી ઢબે વિકેન્દ્રીકરણ

(2) સમુદાય વિકાસ કાર્યક્રમોને પુનર્જીવિત કરવા

(3) લોકભાગીદારી વધારવી

(4) ગામડાંનું નવનિર્માણ કરવું

(5) લોક સશક્તિકરણ

**પંચાયતી રાજનું માળખું**

| | | |
|---|---|---|
| (1) ગ્રામ પંચાયત | (2) તાલુકા પંચાયત | (3) જિલ્લા પંચાયત |

- પંચાયતી રાજના ત્રણેય માળખાને કારણે સમુદાય વિકાસ કાર્યક્રમનો વિકાસ થયો છે. ગ્રામીણ વિસ્તારના રસ્તાઓ શહેર વિસ્તાર સાથે જોડાણ થયું છે. વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારના સાધનોમાં વધારો થયો છે. લોકોમાં જાગૃતિ આવી છે.
- પંચાયતી રાજની સામાજિક અસરો થઈ છે. લોકશાહી મૂલ્યોનો પ્રસાર થવાથી ગામડાંના મતદારોને પોતાના મતનો ઉપયોગ કરીને પ્રતિનિધિ પસંદ કરવાની તક મળે છે. નવા નેતૃત્વનો ઉદ્‌ભવ થયો છે. નવી સંસ્થાઓનો ઉદ્‌ભવ થયો છે.
- શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. વ્યવસાય વિકાસ થયો છે. ગામડાંઓ સમૃદ્ધ થયાં છે. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયો છે.

- જ્ઞાતિવાદનું પ્રમાણ વધ્યું છે. જૂથવાદ અને પક્ષાપક્ષી વધી છે. આંતરજ્ઞાતિય સંઘર્ષ ઊભા થયાં છે. વિવિધ જ્ઞાતિઓ વચ્ચે સંઘર્ષનું પ્રમાણ વધ્યું છે. ચૂંટણીમાં મારામારી પણ થતી જોવા મળે છે.

## (8) એકમ સ્વાધ્યાય : (Unit Exercises)

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) પંચાયતી રાજનો અર્થ અને ઉદ્દેશો સ્પષ્ટ કરો.

(2) પંચાયતી રાજના ત્રિ-સ્તરીય માળખાનો ખ્યાલ સમજાવો.

(3) પંચાયતી રાજની સામાજિક અસરો વર્ણવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) ગ્રામ પંચાયતના કાર્યો.

(2) જિલ્લા પંચાયતનું માળખું (રચનાતંત્ર) સ્પષ્ટ કરો.

(3) પંચાયતી રાજની નકારાત્મક અસરો સમજાવો.

(4) '73મો બંધારણીય સુધારો' સ્પષ્ટ કરો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) ગ્રામસભા ટૂંકમાં સ્પષ્ટ કરો.

(2) તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિ સમજાવો.

(3) ગ્રામસેવકની કામગીરી ટૂંકમાં જણાવો.

(4) પંચાયતી રાજની વ્યાખ્યા આપો.

(5) તાલુકા પંચાયતની સમિતિઓનાં નામ આપો.

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

(1) ગ્રામ પંચાયતનાં વિકાસાત્મક કાર્યો કયા-કયા છે ?

(2) તાલુકા પંચાયતના પ્રમુખ કોણ બને છે ?

(3) જવાહરલાલ નહેરુ પંચાયતી રાજ વિશે શું કહે છે ?

(4) TDOનું પૂરું નામ આપો.

(5) DDOનું પૂરું નામ આપો.

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) 'પંચાયતી રાજની સ્વતંત્રતા પાયાથી શરૂ થવી જોઈએ', આ વિધાન કોનું છે ?

(અ) જવાહરલાલ નહેરુ (બ) મહાત્મા ગાંધી

(ક) લૉર્ડ મેયો (ડ) બળવંતરાય મહેતા

(2) પંચાયતી રાજ એટલે....

(અ) સત્તાનું વિકેન્દ્રીકરણ (બ) સત્તાનું કેન્દ્રીકરણ

(ક) તટસ્થ સત્તા (ડ) સત્તાવિહીનતા

(3) પંચાયતી રાજમાં સ્ત્રી-અનામત કેટલાં ટકા હોય છે ?

(અ) 22% (બ) 33%

(ક) 44% (ડ) 40%

(4) ગામના વિકાસ અને વહીવટનું મુખ્ય કામ કોણ કરે છે ?

(અ) સરપંચ (બ) ગ્રામસભા

(ક) પંચાયત કર્મચારી (ડ) કારોબારી સમિતિ

(5) 73મો બંધારણીય સુધારો ક્યારે અમલમાં આવ્યો ?

(અ) 24 એપ્રિલ, 1993 (બ) 22 માર્ચ, 1994

(ક) 1 ડિસેમ્બર, 1990 (ડ) 1 જાન્યુઆરી, 2000

(6) પંચાયતનો કાર્યકાળ કેટલા વર્ષનો હોય છે ?

(અ) પાંચ વર્ષ (બ) ત્રણ વર્ષ

(ક) એક વર્ષ (ડ) બે વર્ષ

(7) પંચાયતી રાજનું ત્રિ-સ્તરીય માળખું કઈ સમિતિએ આપ્યું ?

(અ) સેવક સમિતિ (બ) બળવંતરાય મહેતા સમિતિ

(ક) મેટકાફ સમિતિ (ડ) બ્રિટિશ સમિતિ

(8) લૉર્ડ રિપને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના સિદ્ધાંતો કઈ સાલમાં નક્કી કર્યા ?

(અ) 1882 (બ) 1801

(ક) 1909 (ડ) 1947

**પ્રવૃત્તિ**

- કોઈ પણ એક ગામનાં પંચાયત ઘરની મુલાકાત લો.
- વર્ગમાં પંચાયતી રાજના ત્રિ-સ્તરીય માળખા મુજબ વિદ્યાર્થીઓની ગોઠવણી કરો.
- તાલુકા અને જિલ્લા પંચાયતની મુલાકાત લો.
- પંચાયતોની ચૂંટણી પ્રક્રિયાની સમજ મેળવવા માટે શાળામાં મોકપોલનું આયોજન કરો.
- ગામમાં પંચાયતોની કામગીરીનું મૂલ્યાંકન કરી અહેવાલ તૈયાર કરો.

**(10) તમારી પ્રગતિ ચકાસો :**

(1) પંચાયતી રાજનો અર્થ જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(2) પંચાયતી રાજના ત્રણ હેતુઓ જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(3) ગ્રામ પંચાયતના બે કાર્યો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(4) તાલુકા પંચાયતના બે કાર્યો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(5) જિલ્લા પંચાયતના બે કાર્યો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(6) પંચાયતી રાજની ગ્રામીણ સમાજ પર બે અસર જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(7) પંચાયતી રાજની બે મર્યાદા જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## (11) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : (Answer to check your Progress)

**(1) પંચાયત રાજનો અર્થ :**

- ઉપલી કક્ષાએથી સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓની બનેલી પંચાયતોને સત્તાની સોંપણી કરવી તેને પંચાયત રાજ તરીકે ઓળખાવી શકાય.

**(2) પંચાયત રાજના ત્રણ હેતુઓ :**

(1) સત્તાનું લોકશાહી વિકેન્દ્રીકરણ

(2) લોકભાગીદારી વધારવી

(3) લોક સશક્તિકરણ

(3) ગ્રામ પંચાયતના બે કાર્યો :

(1) નાગરિક કાર્યો

(2) વિકાસાત્મક કાર્યો

(4) તાલુકા પંચાયતના બે કાર્યો :

(1) સ્વાસ્થ્ય અને સફાઈ

(2) શિક્ષણ

(5) જિલ્લા પંચાયતના બે કાર્યો :

(1) તાલુકા અને ગ્રામ પંચાયતો પાસે વિકાસના કામો કરાવવા.

(2) ગામડાંઓને જોડતાં રસ્તા બનાવવા તથા વાહનવ્યવહારની સગવડ વધારવી.

(6) પંચાયતી રાજની ગ્રામીણ સમાજ પર બે અસર :

(1) લોકશાહી મૂલ્યોનો પ્રસાર

(2) નવા નેતૃત્વનો ઉદ્ભવ

(7) પંચાયતી રાજની બે મર્યાદા જણાવો :

(1) જૂથવાદ અને પક્ષાપક્ષી

(2) જ્ઞાતિવાદને ઉત્તેજન

## (12) સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)


(1) શાહ એ.જી. તથા અન્ય : આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા બુક ડીપો, અમદાવાદ

(2) દવે સારિકાબહેન તથા અન્ય : સમાજશાસ્ત્ર ધોરણ-12, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

એકમ 15

# સહકારી પ્રવૃત્તિ (Co-operative Activities)

## : રૂપરેખા :


(1) પ્રસ્તાવના
(2) સહકારી મંડળીનો અર્થ અને વ્યાખ્યા
(3) સહકારી મંડળીના લક્ષણો
(4) સહકારી મંડળીના હેતુઓ
(5) સહકારી મંડળીના કેટલાંક ક્ષેત્રીય પ્રકાર
(6) સહકારી મંડળીના સમવાયી તંત્ર
(7) સહકારી મંડળીના લાભ
(8) સહકારી મંડળીની મર્યાદાઓ
(9) સહકારી મંડળીનું સામાજિક મૂલ્યાંકન
(10) સહકારી પ્રવૃત્તિની ગ્રામીણ સમાજ પર અસરો
(11) સારાંશ
(12) એકમ સ્વાધ્યાય
(13) તમારી પ્રગતિ ચકાસો
(14) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
(15) સૂચિત વાંચન સામગ્રી


- **ઉદ્દેશો : (Objectives)**

  આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) સહકારી પ્રવૃત્તિનો અર્થ સમજી શકશો.
(2) સહકારી મંડળીનો અર્થ સમજી શકશો.
(3) સહકારી મંડળીની વ્યાખ્યા સમજી શકશો.
(4) સહકારી મંડળીના હેતુઓ સમજી શકશો.
(5) સહકારી મંડળીના કેટલાંક ક્ષેત્રીય પ્રકાર સમજી શકશો.
(6) સહકારી મંડળીના સમવાયી તંત્રને સમજી શકશો.
(7) સહકારી મંડળીના લાભ સમજી શકશો.
(8) સહકારી મંડળીની મર્યાદાઓ સમજી શકશો.
(9) સહકારી મંડળીનું સામાજિક મૂલ્યાંકન સમજી શકશો.
(10) સહકારી પ્રવૃત્તિની ગ્રામીણ સમાજ પર અસરો સમજી શકશો.

## (1) પ્રસ્તાવના :

- સહકારી પ્રવૃત્તિ ગ્રામીણ સમાજના આર્થિક અને સામાજિક વિકાસની મહત્ત્વની પ્રવૃત્તિ છે. ભારતમાં આયોજિત વિકાસ કાર્યક્રમોના ભાગરૂપે ગામડાંઓના આર્થિક વિકાસને સહયાક બનવા માટે સહકારી પ્રવૃત્તિઓનું માળખું ઊભું કરવામાં આવ્યું છે. એટલે કે, સહકારી ખાતું ઊભું કરવામાં આવ્યું છે. તેનું મુખ્ય કાર્ય સહકારી પ્રવૃત્તિને ઉત્તેજન આપવાનું છે. લોકો

પોતાની વિવિધ જરૂરિયાતો સંતોષવા સાથે મળીને પ્રવૃત્તિ કરતા હોય ત્યારે તેવી સામૂહિક પ્રવૃત્તિને સહકારી પ્રવૃત્તિ કહેવાય.

- સહકારી પ્રવૃત્તિ માટે સહકારી મંડળીઓ રચવામાં આવે છે. આવી સહકારી મંડળી આર્થિક સંસ્થા છે અને તેમાં લોકશાહી વ્યવસ્થા હોય છે. ગામ, તાલુકા અને જિલ્લા તથા રાજ્ય કક્ષાની વિભિન્ન સહકારી મંડળીઓ જેવી કે સેવા સહકારી મંડળી, ધિરાણી મંડળી, ખરીદ-વેચાણ સંઘ વગેરે કાર્યરત છે. આવી સહકારી પ્રવૃત્તિ ગ્રામીણ સમાજના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપી રહી છે.
- સહકાર વિના જૂથ જીવન કે સામાજિ જીવન શક્ય નથી. સહકાર માનવ જીવનની સાર્વત્રિક પ્રક્રિયા છે. સહકાર એક એવી પ્રક્રિયા છે જેમાં સર્વસંગત ધ્યેયની પ્રાપ્તિ માટે બધા સાથે મળીને પ્રવૃત્તિ કરતાં હોય છે. દા.ત. હોકી ટીમના ખેલાડીઓ. જ્યારે માનવી જે સાધન કે વસ્તુ મેળવવા માંગતો હોય તેની સંખ્યા ઓછી હોય ત્યારે એકબીજા સહકારથી સંયુક્ત રીતે સાધનનો ઉપયોગ કરે તે દા.ત. વાહનનો ઉપયોગ.
- માનવી પોતાની અનેકવિધ જરૂરિયાતો ક્યારેય એકલો સંતોષી શકતો નથી, તે માટે તેને બીજાની મદદની જરૂર પડે છે. આ ઘટનામાંથી સહકાર જન્મ લે છે. પારસ્પરિક મદદ કરવાની વર્તન તરેહો બધા જ સમાજ કે જૂથમાં જોવા મળે છે. વ્યક્તિમાં સામાજિકીકરણ દ્વારા આ ટેવો-વર્તનનું ઘડતર થતું હોય છે, એટલે સહકાર શીખેલું વર્તન છે.
- **વ્યાખ્યા :**

  ફેર ચાઈલ્ડના મતે, 'સહકાર એવી પ્રક્રિયા છે જેના દ્વારા વ્યક્તિ કે જૂથ સંગઠિત થઈ પોતાના પ્રયત્નોથી સમાન ધ્યેય પ્રાપ્તિ માટે કાર્ય કરે છે.'
- સહકારના પ્રકાર : મેકાઈવરે સહકારના બે પ્રકાર દર્શાવ્યાં છે :

**(1) પ્રત્યક્ષ સહકાર :**

કોઈ વ્યક્તિ કે જૂથની ધ્યેય પ્રાપ્તિમાં બીજી વ્યક્તિ કે જૂથ પ્રત્યક્ષ રીતે મદદરૂપ થાય તેને પ્રત્યક્ષ સહકાર કહે છે. ધ્યેય પ્રાપ્તિ માટે સીધો અને સંયુક્ત પ્રયાસ કરે તેને પ્રત્યક્ષ સહકાર કહે છે, દા.ત. બાળકો સાથે મળીને કોઈ રમત રમે, મજૂરો ભેગામળીને વજનદાર વસ્તુ ઉપાડે. પ્રાથમિક જૂથોમાં પ્રત્યક્ષ સહકાર કેન્દ્ર સ્થાને હોય છે. પ્રત્યક્ષ સહકાર માનવીને સામાજિક-માનસિક સંતોષ પૂરો પાડે છે.

**(2) પરોક્ષ સહકાર :**

- કોઈ એક ધ્યેય માટે બે કે તેથી વધારે પક્ષો આડકતરી રીતે એકબીજાને મદદરૂપ થાય ત્યારે તેને પરોક્ષ સહકાર કહેવાય.
- આ પ્રકારના સહકારમા જુદી જુદી વ્યક્તિઓ જુદી જુદી પ્રવૃત્તિ કરે છે, જેમાં પ્રવૃત્તિઓનું વિભાજન વિશિષ્ટીકરણ થયેલુ હોય.

  દા.ત. શાળામાં શિક્ષક ભણાવે, સેવક બેલ વગાડે, આચાર્ય વહીવટી કાર્યો સંભાળે.
- દૂરવર્તી જૂથોમાં પરોક્ષ સહકાર જોવા મળે છે. પરોક્ષ સહકાર આધુનિક ઔદ્યોગિક સમુદાયનું લક્ષણ બની જાય છે. એક પ્રકારની એકલતાનો અનુભવ કરાવે તો ક્યાંક અનેક માનસિક સમસ્યાઓ સર્જે છે.
- સહકાર ઉપરથી તેના પેટા વિભાગ તરીકે સહકારી મંડળી, ગ્રામ્ય વિસ્તારમાં ઊભી થયેલ છે, બીજી રીતે તેના સહકાર પધ્ધતિ પણ કહે છે. સાથે મળીને સહકારીથી લોકશાહી રીતે કાર્ય કરવું.

**સહકારી મંડળી :**

વિશ્વના દેશોમાં સહકારી વિચારધારાનો ઈતિહાસ પ્રાચીન અને લાંબો છે. ઈતિહાસમાં એવા

પુરાવા છે, જે સાબિત કરે છે કે વેપાર કરવાની સહકારી પદ્ધતિ જૂની છે. સહકારી પદ્ધતિ માનવ જેટલી જ પુરાણી છે.

ઈજિપ્તના અભ્યાસીઓ જણાવે છે કે ઈજિપ્તમાં પ્રાચીનકાળમાં કારીગરો અને કલાકારોએ તેમની મંડળીઓ રચી હતી. બેબિલોનિયન કાળમાં ખેડૂતોની મંડળીઓ હતી, જેનાં મુખ્ય તત્ત્વો સહકારી પદ્ધતિને મળતાં હતાં. નાના ખેડૂતો અને હસ્તકારીગરોને મદદ કરવા ધિરાણમંડળીઓ રચવામાં આવી હતી. શરૂઆતના ગ્રીક કાળમાં મૃત્યુ પછીની ધાર્મિક વિધિ કરવા મધ્યમ અને ગરીબ વર્ગના લોકો સહકારી મંડળીમાં જોડાતા હતા. આ સમયમાં ધાર્મિક અને સાંસ્કૃતિક મંડળીઓ અસ્તિત્વ ધરાવતી હતી. ઈસુના જન્મનાં બસો વર્ષ પહેલાં ચીનમાં બચત અને ધિરાણમંડળીઓ કામ કરતી હતી. આ મંડળીઓમાં સહકારી તત્ત્વો અને નિયમો જોવા મળતાં હતા. રોમનકાળમાં હસ્ત-કારીગરોની સહકારી મંડળીઓ હતી. આમ કોઈ પણ યુગમાં માનવસમાજે સહકારનું તત્ત્વજ્ઞાન અમલમાં ન મૂક્યું હોય એવું ભાગ્યે જ જોવા મળે છે.

સહકાર શબ્દનો સામાન્ય અર્થ 'સાથે કામ કરવું' એવો થાય છે. સહકાર એમ નિર્દેશ કરે છે કે વ્યક્તિઓ સમાન આર્થિક ધ્યેય પ્રામાણિકપણે હાંસલ કરવા માટે જૂથો કે મંડળો રચે છે. સહકારનાં ઘણાં ખરાં સ્વરૂપોમાં વ્યક્તિઓ એકબીજા વિશેની અંગત જાણકારી ધરાવતી રહે તે પણ જરૂરી છે. વિશ્વમાં જે આર્થિક પદ્ધતિઓ અને વિચારધારાઓ પ્રચલિત છે, તેમાં સહકારી પદ્ધતિ નોંધપાત્ર છે.

ઈ.સ. 1844માં ઈંગ્લેન્ડમાં સહકારનો એક સફળ આર્થિક વ્યવસ્થાતંત્ર તરીકે જન્મ થયો હતો. રોશડેલના નાનકડા ઔદ્યોગિક શહેરમાં ન્યાયી અગ્રેસરોએ વપરાશી ચીજવસ્તુઓનો એક નાનો ભંડાર સ્થાપ્યો અને તેને ચલાવવા માટે સહકારના સિદ્ધાંતો અપનાવ્યા. ત્યાર બાદ દુનિયાના બધા દેશોમાં આ સિદ્ધાંતો સહકારી પ્રવૃત્તિના પાયાના સિદ્ધાંતો તરીકે ઓળખાવા લાગ્યા. આમ નમ્ર શરૂઆતમાંથી સહકારી પ્રવૃત્તિએ વાસ્તવમાં આજે તો આર્થિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રો દુનિયાભરમાં સર કર્યાં છે, ભલે તે પછી લોકશાહી ગણતંત્ર હોય કે સામ્યવાદી દેશ હોય.

વ્યાપારી વ્યવસ્થાનાં અન્ય સ્વરૂપો-એકાકી વેપાર, ભાગીદારી અને સંયુક્ત હિસ્સાવાળી મંડળીઓ વગેરે દ્વારા શોષણ અને નફાખોરીનો ભય રહે છે. આ પરિસ્થિતિમાંથી બચવા ''વિના સહકાર નહિ ઉદ્ધાર'' કે પછી ''ઝાઝા હાથ રળિયામણા'' એ ઉક્તિને આધારે સહકારનો વિચાર વિકસ્યો. લોકો ચોક્કસ સિદ્ધાંતોને આધારે સંગઠિત થયા અને આધુનિક સહકારી મંડળીઓ અસ્તિત્વમાં આવી. ગુજરાતમાં આવેલી એશિયાભરમાં પ્રથમ કક્ષાની 'અમૂલ ડેરી' આ પ્રકારના વ્યવસ્થાતંત્રનું વ્યવસ્થા સ્વરૂપનું ઉલ્લેખનીય ઉદાહરણ છે. સહકારી મંડળીઓ ચીજવસ્તુની ખરીદી કે વેચાણ કરતી હોય છે અથવા જુદી જુદી સેવાઓ પૂરી પાડતી હોય છે. તેનો ઉદ્દેશ નફો કરવાનો નહિ, પરંતુ પોતાના સભ્યોને અથવા સામાન્ય જનતાને આવશ્યક જરૂરિયાતો પૂરી પાડવાનો અથવા તો સેવા પૂરી પાડવાનો જોવા મળે છે.

## 2. સહકારી મંડળીનો અર્થ અને વ્યાખ્યા :

સહકારી મંડળીનો અર્થ- વ્યાખ્યા વિચારતાં પહેલાં 'સહકાર' ને સમજી લઈએ. અર્થશાસ્ત્રની દૃષ્ટિએ આ શબ્દ એક પ્રકારનો વ્યવહાર સૂચવે છે. શ્રી કુલકર્ણી સહકારીને વ્યાપારની વિશિષ્ટ પદ્ધતિ કહે છે. શ્રી બેદીના મંતવ્ય મુજબ 'સહકાર' એ સ્વાશ્રયને વધુ અસરકારક અને વ્યવહારું બનાવવા માટેની પદ્ધતિ છે.

આધુનિક વિશ્વમાં સહકાર સંખ્યાબંધ સ્વરૂપોમાં અસ્તિત્વ ધરાવે છે અને તેનો વિકાસ વિશ્વની વસ્તીની વિવિધ પ્રકારની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે થતો રહ્યો છે. સહકાર આર્થિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રોને આવરી લે છે, પછી ભલે તે ઉત્પાદન હોય યા વસ્તુઓ કે સેવાઓના વિનિમય કે વિતરણના સ્વરૂપમાં હોય.

સહકારના ક્ષેત્રમાં અધિકૃત ગણાતા કેટલાંયે વિખ્યાત નિષ્ણાંતોએ સહકારને, સહકારી સિદ્ધાંતો ઉપર આધારિત આર્થિક વ્યવસ્થાતંત્રના એક ખાસ સ્વરૂપ તરીકે સમજાવવાનું પસંદ

કર્યું છે. શ્રી એચ. કેલ્વર્ટના શબ્દોમાં કહીએ તો, સહકાર એક એવું વ્યવસ્થાતંત્ર છે કે જેમાં વ્યક્તિઓ માનવી તરીકે સમાનતાના ધોરણે પોતાના આર્થિક હિતના ઉત્તેજનાર્થે સ્વેચ્છાએ સાથે જોડાય છે. કેલ્વર્ટની આ વ્યાખ્યા વ્યાપકપણે સ્વીકારાયેલ છે.

જેમ્સ વાર્બસ, જેઓ અગ્રહી સહકારી કાર્યકર હતા તેમનું અવલોકન તપાસીએ તો ''સહકાર એ એક એવો જીવનમાર્ગ છે કે જેના વડે લોકો લોકશાહીપણે અરસપરસ સહાય પહોંચાડવાની ભાવનામાં સંમિલિત થાય છે. એમ કરવા પાછળનો તેમનો હેતુ તેમને આવશ્યક જણાતી વસ્તુઓ અને સેવાઓ તરફ શક્ય તેટલી વિસ્તૃત રીતે પહોંચવા માટેનો માર્ગ પ્રાપ્ત કરવાનો છે.''

ઉપરની વ્યાખ્યાઓ ઉપરથી આપણે એવું અનુમાન કરી શકીએ કે સહકાર એ આર્થિક વ્યવસ્થાતંત્રનું એક એવું સ્વરૂપ છે કે જે ખુલ્લા સભ્યપદ, સ્વાશ્રય અને પારસ્પરિક સહાય પર આધારિત છે. વળી આર્થિક તંત્ર તરીકે તે ખાનગી નફાખોરીથી બાકાત યા વંચિત છે એ દેશના રાજકીય માળખાને ધ્યાન ઉપર લાવ્યા સિવાય સામૂહિક હિત માટે લોકશાહીપણે કામગીરી બજાવે છે.

સહકારનો અર્થ સ્પષ્ટ કર્યા બાદ આપણે સહકારી મંડળી વિશે વિચારીએ. સહકારી મંડળીની વ્યાખ્યા સરળતાથી આ શબ્દોમાં મૂકી શકાય : ''સ્વેચ્છાપૂર્વક એકઠી થયેલી વ્યક્તિઓ કોઈ સર્વસામાન્ય હિત અને હેતુ માટે સંગઠનની સ્થાપના કરે તો તે સહકારી મંડળી કહી શકાય.''

શ્રી જેમ્સ પિટર વારબેસીના મત મુજબ ''સહકારી મંડળી એ એવી સ્વૈચ્છિક સંસ્થા છે કે જેનો ઉદ્દેશ સભ્યો વચ્ચે પરસ્પર સહકાર સાધીને તેઓની જરૂરિયાતો યોગ્ય રીતે પૂરી પાડવાનો હોય છે. તેનું ધ્યેય નફાનું નહિ પણ સેવાનું હોય છે.''

એક અન્ય વ્યાખ્યા પ્રમાણે ''સહકારી મંડળી એ સામાન્ય રીતે સ્વૈચ્છિક ધોરણે જોડાયેલી વ્યક્તિઓનું બનેલું એવું મંડળ છે, જે લોકશાહી, સ્વાતંત્ર્ય અને એકતાના ધોરણ પર રચાયેલું છે, જેની પાછળનો ઉદ્દેશ સમાન આર્થિક હિતની બાબતોમાં સામૂહિક રીતે કાર્ય કરવાનો છે, જેથી તેના સભ્યોની ભૌતિક અને નૈતિક સ્થિતિમાં સુધારો કરી શકાય.'' આમ દરેક સર્વ માટે અને દરેક માટે છેનો સિદ્ધાંત પણ સહકારી મંડળીઓ પાછળ અભિપ્રેત છે.

## 3. સહકારી મંડળીનાં લક્ષણો

સહકારી મંડળી ધંધાકીય વ્યવસ્થાનું એક સ્વરૂપ જ છે. તેનો વધુ સ્પષ્ટ ખ્યાલ મેળવવા માટે તેની લાક્ષણિકતાઓ અને હેતુઓનો અભ્યાસ ઉપયોગી બને છે. સહકારી મંડળીનાં લક્ષણો નીચે પ્રમાણે દર્શાવી શકાય :

(1) સહકારી મંડળી એ એક એવા પ્રકારનું સંગઠન છે કે જેમાં લોકો સ્વેચ્છાએ જોડાય છે. નિયમ પ્રમાણે સભ્યપદની પ્રાપ્તિ અને અંત લાવી શકાય છે.

(2) તેમાં સમાનતાના ધોરણો સ્વીકાર્ય છે. માનવીના વર્ણ, ધર્મ, રંગભેદ કે સંપત્તિ ઉપર આધારિત કોઈપણ જાતના ભેદભાવ મંડળીમાં રાખવામાં આવતાં નથી. બધા જ સભ્યોને સમાન હક, સમાન તક મળે છે. એક જ પ્રકારના અને એક જ કિંમતના શૅર બહાર પાડવામાં આવે છે.

(3) સહકારી પ્રવૃત્તિ 'લોકશાહી વહીવટ'ના સિદ્ધાંતો પર વિશેષ ભાર મૂકે છે. દરેક સભ્ય મંડળીના વહીવટમાં સમાનતાને ધોરણે ભાગ લઈ શકે છે. અહીં વ્યક્તિ પાસે કેટલા શૅર છે તે ધ્યાનમાં લેવામાં આવતાં નથી, પરંતુ એક વ્યક્તિને માત્ર એક મત આપવાનો અધિકાર હોય છે.

(4) સહકારી મંડળી કાયદા દ્વારા નોંધાયેલ સંસ્થા છે. ગુજરાતમાં 'ગુજરાત સહકારી મંડળી અધિનિયમ' અમલમાં છે. કોઈ પણ મંડળીની સ્થાપના, રચના અને વહીવટ આ કાયદા મુજબ કરવામાં આવે છે. તેની નોંધણી થતાં તેને સભ્યોથી અલગ કાયદેસરનું વ્યક્તિત્વ મળે છે.

(5) સહકારી મંડળીની સ્થાપનાવિધિ સરળ છે. સહકારના ઉદ્દેશ પર રચાયેલ હેતુને પાર પાડવા માટે દસ કે દસ કરતાં વધુ શખ્સો એકઠા મળીને નમૂના મુજબના પત્રકો ભરી રજિસ્ટ્રારને અરજી કરી મંડળીની નોંધણી કરાવી શકે છે.

(6) તેના શૅરની કિંમત નાની અને ઓછી રાખવામાં આવે છે. તેની રકમ હપ્તેથી ચૂકવવાની પણ વ્યવસ્થા રખાય છે, તેમજ કંપનીના શૅરની જેમ તેના બજારભાવ બોલાતા નથી.

(7) સહકારી મંડળીમાં નફાની યોગ્ય વહેંચણી થાય છે, જેનું પ્રમાણ મર્યાદિત હોય છે. બાકીનો નફો ખરીદી પર બૉનસ કે એવા કોઈ સક્રિય સહકારના સિદ્ધાંતને આધારે વહેંચાય અથવા સભ્યો કે સમાજના કલ્યાણ માટે પણ વપરાય છે.

(8) મંડળી આર્થિક રીતે નબળી વ્યક્તિઓનું સ્વૈચ્છિક સંગઠન હોવાથી તેમાં કરકસરને પ્રાધાન્ય હોય છે. જેમ કે ઘણી વાર મંડળીઓના સભ્યો મહેનતાણું લીધા વગર સેવાની ભાવનાથી કામ કરતા હોય છે.

(9) સહકારી મંડળીમાં પરસ્પર મદદ કરવાની તૈયારી બતાવતા લોકો એકબીજાને સહકાર આપી આર્થિક સ્વતંત્રતા મેળવવા પ્રયત્નશીલ બને છે.

(10) સહકારી મંડળીઓની પ્રવૃત્તિ દ્વારા મૂડીવાદની ખરાબ અસરો દૂર કરવામાં આવે છે. સહકારી ધારાનાં નિયંત્રણો અને સામાજિક સુધારકોના ઉદાર મતવાદી પ્રયાસોને લીધે સહકારી મંડળીઓ એક સ્વૈચ્છિક ગૌરવવંતો વિકલ્પ બન્યો છે.

(11) તેમાં ઉચ્ચ આદર્શ દ્વારા સભ્યોનું, સમાજનું, રાષ્ટ્રનું હિત જાળવવું, સેવા કરવી અને પ્રગતિ સિદ્ધ કરવાની ભાવના છે. સામાજિક ન્યાયમાં તે માને છે. નબળા કે શોષિત વર્ગનો ઉત્કર્ષ તેનું ધ્યેય છે અને તે માટે વર્ગવિગ્રહ નહિ પણ સ્વાતંત્ર્ય, સ્વાવલંબન, સહકાર અને સ્વશાસનનું મહત્ત્વ સ્વીકારાયું છે. ભાઈચારો, વિશ્વબંધુત્વ ઐક્ય તેમજ સેવા અને શિક્ષણના આદર્શોને સ્વીકાર્યા છે. આમ સભ્યોના ચારિત્ર્યનું ઘડતર કરવાનો અને સર્વાંગી વિકાસના પ્રયત્નો એ સહકારી મંડળીઓની લાક્ષણિકતા છે.

## 4. સહકારી મંડળીનાં હેતુઓ :

સહકારી મંડળીના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે સંક્ષેપમાં જણાવી શકાય :

(1) સહકારી મંડળીનો પ્રાથમિક હેતુ નફાનો નહિ પરંતુ સેવાનો હોય છે. મંડળી પોતાના નફામાંથી અમુક ભાગ સમાજકલ્યાણ માટે વાપરે છે.

(2) નફાખોરી તથા શોષણવૃત્તિમાંથી સભ્યોને બચાવી તેમની આર્થિક સ્થિતિ સુધારવાનાં પ્રયાસો થાય છે.

(3) સહકારી મંડળી સભ્યોના સર્વાંગી વિકાસ માટે પણ પ્રયત્નો કરે છે. સભ્યોમાં નૈતિક ગુણોનો વિકાસ થાય, સહકારની ભાવના કેળવાય, ભાઈચારો વધે, પ્રામાણિકતા વધે તે જોવાનો ઉદ્દેશ પણ સહકારી મંડળીઓનો હોય છે.

(4) સહકારી મંડળી તેની પ્રવૃત્તિઓ દ્વારા સભ્યો વચ્ચે સંગઠન સાધવાના હેતુઓને સિદ્ધ કરે છે.

(5) સહકારી મંડળીઓ સ્વાશ્રયને મહત્ત્વનો આદર્શ ગણે છે. સભ્યો પોતાના જ પ્રયત્નો દ્વારા આગળ આવે તેવો મંડળીનો હેતુ હોય છે.

(6) સહકારી મંડળી, સમાજનું માળખું સમાજવાદી ધોરણે સ્થપાય તે જોવાનો ઉદ્દેશ પણ ધરાવે છે.

જુદાં જુદાં પ્રકારની સહકારી મંડળીઓ તેમના કાર્યક્ષેત્ર મુજબ ભિન્ન ભિન્ન હેતુઓ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. સમગ્ર આર્થિક, સામાજિક જીવનમાં પરિવર્તન લાવવાનું વિશાળ ધ્યેય સિદ્ધ કરવામાં વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ ખૂબ ઉપયોગી બની રહેલ છે.

## 5. સહકારી મંડળીના કેટલાંક ક્ષેત્રીય પ્રકાર :

સહકારી પ્રવૃત્તિઓ આજે કોઈ એક જ દિશામાં કે એક જ ક્ષેત્રે પ્રવર્તમાન ન રહેતાં અનેક ક્ષેત્રે અને અનેક દિશામાં તેમજ લોકોના આર્થિક જીવનમાં વિકસેલી જોવા મળે છે. વિવિધ માનવજરૂરિયાતો સંતોષવા જુદાં જુદાં પ્રકારની મંડળીઓ રચવામાં આવે છે. જેમ કે ધિરાણના ક્ષેત્રમાં, ગૃહનિર્માણમાં, રોજિંદી વપરાશની ચીજવસ્તુઓના ઉત્પાદન-વેચાણમાં, ખાંડ, ડેરી, મત્સ્ય ઉદ્યોગ, ખાતર જેવાં ઉદ્યોગોમાં, વાહનવ્યવહાર જેવી જાહેર સેવાઓમાં વગેરે અનેક ક્ષેત્રોમાં સહકારી મંડળીઓ જોવા મળે છે. આ મંડળીઓના અનેક હેતુઓ જેવાં કે નાણાંકીય જરૂરિયાતો સંતોષવી, ઉત્પાદનની સેવા કે વેચાણની સેવા પૂરી પાડવી, ઉત્પાદન કે વેચાણ કરવું, વાજબી ભાવે, યોગ્ય ગુણવત્તાવાળી ચીજવસ્તુઓ પૂરી પાડવી વગેરે અનેક કામગીરી બજાવવાના છે. આથી સહકારી પ્રવૃત્તિનો સર્વગ્રાહી ખ્યાલ મેળવવા માટે આપણે તેના પ્રકારો વિશે સમજૂતી મેળવવી જરૂરી છે. સહકારના વિવિધ પ્રકારો જણાવાથી જુદી જુદી મંડળીઓની કાર્યપદ્ધતિ અને સિદ્ધાંતોનો પણ આપણને ખ્યાલ આવે છે. સહકારી મંડળીઓનું વર્ગીકરણ મોટા ભાગે તેનાં કાર્યો, વ્યવસ્થા અને લક્ષણોના આધારે કરવામાં આવે છે. જુદાં જુદાં વિદ્વાન લેખકોએ સહકારી મંડળીનું વર્ગીકરણ જુદી જુદી રીતે કર્યું છે. આમ છતાં સંપૂર્ણ સર્વસ્વીકાર્ય હોય એવું વર્ગીકરણ આપણને મળવું મુશ્કેલ છે. સહકારી મંડળીઓના વિકાસ સાથે સહકારી મંડળીઓમાં ભિન્ન ભિન્ન પ્રકારના વર્ગીકરણો થતાં રહ્યાં છે. અહીં આપણે કેટલીક મહત્ત્વની સહકારી મંડળીઓ વિશે ટૂંકમાં પરિચય મેળવીએ.

**સહકારી મંડળીઓ**

- ઉત્પાદકોની મંડળીઓ
- ધિરાણ મંડળીઓ
  - ખેત ધિરાણ મંડળીઓ
  - બિન ખેત-ધિરાણ મંડળીઓ
- ગ્રાહકોની મંડળીઓ
- વેચાણ મંડળીઓ
- બહુલક્ષી મંડળીઓ
- અન્ય પ્રકીર્ણ મંડળીઓ
  - ગૃહ મંડળીઓ
  - ઊભા પાકની
  - વાહનવ્યવહાર
  - ઢોરોના વીમાની મંડળીઓ

**(1) ધિરાણ મંડળીઓ :** આઝાદી બાદ, સામાજિક અને આર્થિક સમાનતાની નીતિઓનું અનુકરણ એ સહકારી ક્ષેત્રમાં સરકારની સ્વીકૃત નીતિ રહી હતી. તે મુજબ સમાજના નબળા અંગોને મોટા પાયા પર ધિરાણ પૂરું પાડનાર લોકપ્રિય એકમ તરીકે સહકારી સંસ્થાને લેખવામાં આવી છે. આ પ્રકારની સહકારી મંડળીઓમાં અમુક વ્યક્તિઓ પોતાની નાણાંકીય જરૂરિયાતો સંતોષવાના ઉદ્દેશથી ભેગી થાય છે. સમાજના દરેક માનવીને ગમે તે સંજોગોમાં નાણાંની જરૂર પડતી હોય છે. ઘણી વાર બેંક કે નાણાંકીય સંસ્થા દ્વારા નાણાં મેળવવાનું વ્યક્તિને ફાવતું નથી હોતું કારણ કે તે સંસ્થાઓનો વ્યાજનો દર ઊંચો અને ધિરાણ મેળવવાની વિધિ પ્રમાણમાં લાંબી અને કંટાળાજનક હોય છે અને તેવા સંજોગોમાં વ્યક્તિઓ સંગઠિત થઈ, સહકાર સાધી, મંડળી સ્થાપે છે. આવી ધિરાણ મંડળીઓ બે પ્રકારમાં વહેંચાયેલી છે.

(1) ખેતધિરાણ મંડળીઓ અને (2) બિનખેત-ધિરાણ મંડળીઓ

**(1) ખેતધિરાણ મંડળીઓ :** ખેતી વિષયક શાખ માળખું એ ભારતની સહકારી પ્રવૃત્તિનું મુખ્ય અંગ છે. છેલ્લી સદીની મધ્યમાં જર્મન ખેડૂતોએ સહકારી શાખ મંડળીઓની સહાયથી પોતાનો આર્થિક તેમજ સામાજિક વિકાસ સાધી પરંપરાગત ગરીબાઈમાંથી મુક્તિ મેળવી હતી.

ખેડૂતોને ગરીબાઈ, દુષ્કાળ તેમજ અસહ્ય દેવાના બોજમાંથી બચાવવાના ઉદ્દેશ સાથે આવી મંડળીઓની શરૂઆત કરવામાં આવી હતી. ગ્રામ્યવિસ્તારોમાં આવેલી આ પ્રકારની મંડળીના સભ્યો ખેડૂતો હોય છે. ખેતીના હેતુઓ માટે જ તેના સભ્યોને મંડળી દ્વારા ધિરાણ મળે છે. બિયારણ, જંતુનાશક દવાઓ, ખાતર કે ખેતીનાં સાધન ખરીદવા માટે સરળતાથી નાણાકીય મદદ અપાય, ઉપરાંત ક્યારેક તેમનાં બીજાં કારણો જેવાં કે જૂનાં દેવા ચૂકવવાં, સામાજિક લગ્ન-મરણના પ્રસંગે તેના સભ્યોને મદદરૂપ થવું વગેરે માટે પણ સહાય અપાય છે. ભારતમાં આવી મંડળીઓ ટૂંકાગાળાનું તથા મધ્યમગાળાનું ધિરાણ કરે છે. દા.ત. સુરત જિલ્લા ખેતધિરાણ મંડળી.

**(2) બિનખેત-ધિરાણ મંડળી :** આવી મંડળી પણ ધિરાણનું જ કામ કરે છે. આવું ધિરાણ ખેતી અંગેનું નથી હોતું. વિશ્વના વિવિધ દેશોમાં ખેતી સિવાયનાં ક્ષેત્રોમાં સહકારી ધિરાણ મંડળીઓની રચના થઈ છે. જર્મની, ફ્રાન્સ, સ્વિટ્ઝર્લેન્ડ, બેલ્જિયમમાં સહકારી ધિરાણ બેંકોની સ્થાપના આ જ હેતુસર કરવામાં આવી હતી. ભારતમાં પણ વિવિધ ક્ષેત્રે કાર્ય કરતા લોકોએ આવી ધિરાણમંડળીની સ્થાપના કરી છે. આ મંડળીના સભ્યોએ શૅર ખરીદવાના હોય છે અને નક્કી કરેલી રકમ નક્કી કરેલાં સમયે મંડળી પાસે જમા કરાવવાની હોય છે. જે સભ્યને નાણાંની જરૂર હોય તે અરજી કરે છે. નિયમો પ્રમાણે તેને નાણાં ધિરવામાં આવે છે. 'લેન્ડ મોર્ગેજ બેંક' નામની સહકારી મંડળીઓ જમીનને જામીનગીરી તરીકે સ્વીકારી લાંબાગાળાની લોન પણ આપતી હોય છે.

બિનખેત-ધિરાણ મંડળીઓનો મુખ્ય હેતુ તેના સભ્યોને નીચા વ્યાજદરે ધિરાણ પૂરું પાડવું તેમજ શાહુકાર દ્વારા થતું કારીગરો, કામદારો અને ઘરકામ કરતાં શ્રમિકોનું શોષણ અટકાવવાનો છે. આ ઉપરાંત અન્યોન્યને મદદ કરવી તથા સભ્યોમાં બચત માટે પ્રોત્સાહન પૂરું પાડવાનો ઉદ્દેશ પણ આ પ્રકારની મંડળીઓ ધરાવે છે.

**(2) ગૃહનિર્માણ મંડળી :** આપણા દેશમાં લાખો માણસો ગ્રામ તથા શહેરી વિસ્તારોમાં દયાજનક પરિસ્થિતિમાં રહેતાં હોય છે. ભારતમાં એકબાજુએ ઝડપથી વધતી જતી વસ્તી અને બીજી બાજુએ નવા ઘરો બાંધવાની પ્રવૃત્તિના અત્યંત ધીમા દરને લીધે ઘરોની બહુ મોટી અછત ઊભી થઈ છે. વધુમાં દેશમાં વસતા જતા શહેરીકરણના દરને લીધે પરિસ્થિતિ વધારે કફોડી બનતી જણાય છે. અલ્પ સાધન ધરાવતી વ્યક્તિઓને રહેઠાણનો પ્રશ્ન ગંભીર બનતો જાય છે. ખાનગી માલિકો ભાડૂતોનું શોષણ કરે છે અને શહેરી વિસ્તારોમાં ઊંચાં ભાડાં લે છે. ઔદ્યોગિક વિકાસ અને વસ્તીવધારાની સરખામણીમાં નવાં મકાનોની સંખ્યા ઓછા પ્રમાણમાં વધે છે. તેથી રહેણાંકનો પ્રશ્ન હલ કરવા ગૃહનિર્માણ મંડળીઓ અસ્તિત્વમાં આવે છે.

મધ્યમ તેમજ નીચલા વર્ગના લોકોને માટે ઘર બાંધવાની પ્રવૃત્તિ હાથ ધરવા માટે સહકારી ગૃહનિર્માણ મંડળી સર્વોત્તમ માર્ગ પૂરો પાડે છે. આવી ગૃહમંડળીઓ રચવાથી નીચે પ્રમાણેના લાભો મેળવી શકાય :

(i) મધ્યમ તેમજ નીચલા વર્ગના લોકોની બચત કરવાની ભાવના કેળવી શકાય. આવી બચતો એકત્રિત કરી ઘરો બાંધવાની પ્રવૃત્તિ માટે વાપરી શકાય.

(ii) ઘરો બાંધવાનું એક ધોરણ સ્થાપી એક ચોક્કસ નમૂનો પસંદ કરવાથી તેમને લગતી ચીજવસ્તુઓની ખરીદી મોટા પ્રમાણમાં અને સસ્તા ભાવે કરી શકાય.

(iii) બાંધકામ અંગેનો ખર્ચ પણ ઓછો કરી શકાય.

(iv) સરકારી મદદથી જમીન પણ સસ્તા ભાવે ખરીદી શકાય.

(v) દેખરેખ રાખવાનું ખર્ચ પણ સસ્તા ભાવે કરાવી શકાય.

(vi) નબળા વર્ગો, જેવાં કે ઔદ્યોગિક કામદારો, આદિવાસીઓ વગેરેને રહેવા માટે ઘરો બાંધવામાં અપાતી સરકારી સહાયને ઉચિત રીતે વાપરી શકાય.

(vii) નબળા વર્ગો પણ પોતાની માલિકીનાં ઘરોમાં રહેવાની સગવડ અને સંતોષ ભોગવી શકે, જે બીજી કોઈ રીતે શક્ય ન બની શકે.

(viii) બાંધકામ અંગે લેવી પડતી સ્થાનિક સંસ્થાઓની મંજૂરી જેવી કે નગરપાલિકાઓ અને રાજ્ય સરકારની ઘણી જાતની મંજૂરી મેળવવાની મુશ્કેલીમાંથી ઘરોના વ્યક્તિગત માલિકો છુટકારો મેળવી શકે છે.

ભારતમાં ઈ.સ. 1951 પછી સહકારી ગૃહમંડળીઓનો ઝડપથી વિકાસ થયો છે. ખાસ કરીને ગુજરાત, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં સહકારી ગૃહમંડળીઓની ઝડપી પ્રગતિ થઈ છે. આવી મંડળીઓને ઉત્તેજન મળે તે માટે સરકાર તરફથી પણ મદદ આપવામાં આવે છે અને તે માટે સ્ટેટ કો-ઓપરેટિવ હાઉસિંગ ફાઈનાન્સ સોસાયટી લિમિટેડની રચના કરવામાં આવી છે. હાલમાં જીવનવીમા નિગમ તરફથી પણ રાજ્યસ્તરના ગૃહમંડળીઓનાં મહામંડળોને સારું એવું ધિરાણ કરવામાં આવે છે.

**(3) બહુલક્ષી સહકારી મંડળી :** સર હોરેસ પ્લન્કેટ કે જેઓ સહકાર ક્ષેત્રમાં મહાનુભાવ તરીકે ખૂબ પ્રખ્યાત છે, તેઓ પણ માનતા હતા કે સહકારનાં વિવિધલક્ષી ધ્યેય હોવા જોઈએ – 'ઉત્તમ ખેતી, ઉત્તમ ધંધો અને ઉત્તમ રહેણીકરણી' આના પરથી એમ તારવી શકાય કે વિવિધલક્ષી મંડળીઓએ સભ્યોના આર્થિક ઉદ્ધાર ઉપરાંત તેમની સામાજિક ઉન્નતિ પર પણ ધ્યાન આપવું જોઈએ. ભારતમાં વિવિધ કાર્યકારી મંડળીઓનો મૂળ વિચાર ધી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ઈ.સ. 1937ની સાલમાં બહાર પાડેલા ખાસ સમાચારપત્ર દ્વારા ફેલાવવામાં આવ્યો હતો.

આવી બહુલક્ષી સહકારી મંડળીના અનેકવિધ હેતુઓ હોય છે. જેમકે ધિરાણ, વેચાણ, માલ પૂરો પાડવો વગેરે. તેના સભ્યો ખેડૂતો, કારીગરો, નાના ઉત્પાદકો વગેરે હોય છે. આવી મંડળીઓનું અંતિમ ધ્યેય આર્થિક પ્રગતિ અને ગ્રામ્ય પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવાનું છે. તેના મુખ્ય ફાયદાઓ નીચે પ્રમાણે ગણાવી શકાય :

(i) વિવિધ કાર્યકારી મંડળી સભ્યોની વિવિધ જરૂરિયાત પૂરી પાડી શકતી હોવાથી તેના વેપારી-શાહુકાર વચ્ચેના સંબંધો તોડવામાં સફળતા મેળવી શકે.

(ii) ધિરાણ, વેચાણ તેમજ માલ પૂરો પાડવાની ખેડૂતની આર્થિક જરૂરિયાતો એકબીજા સાથે સુસંગત હોઈ એ બધાને લગતું કામકાજ એક જ એકમ કરે તો સભ્યોને સુગમ પડે.

(iii) આવી મંડળી પોતાના સભ્યોના વધુ સમાગમમાં આવી શકે અને તેથી તે ફક્ત ધિરાણ કરતી મંડળી કરતાં સભ્યોને પોતાનાં કાર્યોમાં વધુ રસ લેતા કરી શકે અને તેઓની વફાદારી વધારે પ્રમાણમાં જીતી શકે.

(iv) મંડળીનું સભ્યપદ સર્વગમ્ય બનાવવું હોય તો એ જરૂરી હતું કે ગ્રામવસ્તીની બધી જરૂરિયાતો પૂરી પાડવા મંડળી શક્તિમાન બને.

(v) બહોળા વેપારને લીધે મંડળી વેપારી સફળતા પ્રાપ્ત કરવામાં વધુ શક્તિમાન બની રહે.

(vi) વહીવટી તંત્ર સુધારવા મંડળી પગારદાર, શિક્ષિત અને પૂરતા સમયનો મંત્રી રાખી શકે.

(vii) ગામડાંઓમાં ભણેલા ને કાબેલ માણસોની અછતને લીધે સારી આગેવાની પૂરી પાડે એવા કાબેલ વ્યવસ્થાપક સમિતિના સભ્યોવાળી એક જ મંડળી સ્થાપી શકાય.

ચોક્કસપણે સફળતા પ્રાપ્ત કરવા વિવિધ કાર્યકારી મંડળી પાસે શિક્ષિત સભ્યપદ, તાલીમબદ્ધ કર્મચારીઓ, સારી સ્થાનિક નેતાગીરી અને કાર્યક્ષમ સંચાલકો હોવા જોઈએ.

**(4) સહકારી ખરીદ-વેચાણ સંઘ :** ભારતમાં સહકારી શાખની પ્રવૃત્તિના શરૂઆતના તબક્કાઓમાં જ ખેડૂતોની વેચાણપ્રવૃત્તિને સહકારી પાયા પર સંગઠિત કરવાનું મહત્ત્વ સમજાયું હતું. બીજી પંચવર્ષીય યોજના દરમિયાન આ સહકારી ક્ષેત્રે સારી પ્રગતિ કરી હતી અને ત્યાર બાદ તેમાં સતત વિકાસ થતો રહ્યો છે.

વેપારની સંખ્યાબંધ ગેરરીતિઓને કારણે ખેડૂતને પોતાના વધારાના બજારમાલના વેચાણની ખૂબ ઓછી રકમ મળતી હતી. આથી વેચાણના હેતુસર, વધુ ઉત્પાદન કરવામાં ખેડૂતો નિરુત્સાહી બન્યા હતા. ખોટા તોલ, ખામીયુક્ત તોલમાપ અને હિસાબ, મોટી ચુકવણીઓ અને બિનઆર્થિક હેતુઓ માટે સંખ્યાબંધ કપાતો વગેરે ગેરરીતિઓને પરિણામે આડતિયાઓ બહોળો નફો કમાઈ ખેડૂતોનું શોષણ કરતા. શાહુકારો પોતાનાં ધિરાણની વસૂલાતની ખાતરી માટે ઉત્પાદનનું વેચાણ તેમના દ્વારા કરવા ખેડૂતોને ફરજ પાડતા હતા. ગામના વેપારીની સામે ખેડૂતની સોદ્યશક્તિ ખૂબ નબળી હોવાને કારણે તે પોતાના ઉત્પાદન્નની ખૂબ ઓછી કિંમત મેળવતો હતો. તેમજ પાકના ઉતાર પછી વધારાના વેચાણ-માલને તરત જ નીચા ભાવે વેચી દેવાની ખેડૂતને ફરજ પડતી હતી. આ બધા ખેતીવિષયક વેચાણનાં અનિચ્છનિય તત્ત્વોને દૂર કરવા સહકારી ખરીદ-વેચાણ મંડળીઓ અસ્તિત્વમાં આવી.

આવી મંડળીઓનું સૌથી મહત્ત્વનું કાર્ય સભાસદોના ઉત્પન્નનો ઊંચો ભાવ ઉપજાવી વેચાણ કરવાનું તેમજ સભાસદો તથા બિન-સભાસદોને ખેતીવિષયક જરૂરિયાતો અને ગ્રાહક સામગ્રી પૂરી પાડવાનું રહ્યું છે. સહકારી ખરીદ-વેચાણ મંડળીઓએ અત્યાર સુધી ખૂબ સારી કામગીરી બજાવી ખેતપેદાશના વેચાણમાં વધારો કરવા ઉપરાંત તેમના દ્વારા સરકારી પુરવઠો ભેગો કરવા મોટા પાયા પર અનાજની પ્રાપ્તિમાં મદદ પૂરી પાડી છે. આંતરરાજ્ય અને આંતરરાષ્ટ્રીય વેપારમાં પણ આ મંડળીઓએ સારો એવો ભાગ લીધો છે. ભારતમાં ખરીદ-વેચાણ મંડળીઓ અનાજ, શાકભાજી, ફળફળાદિ તથા ડેરી પેદાશ વસ્તુઓ માટે વિશેષ કામગીરી બજાવે છે.

આપણા દેશમાં સહકારી વેચાણ-માળખું નીચે પ્રમાણે વિકસ્યું છે :

(i) રાષ્ટ્રીય કૃષિ સરકારી ખરીદ-વેચાણ સંઘ

(ii) રાજ્ય ખરીદ-વેચાણ સંઘો

(iii) મધ્યસ્થ અથવા પ્રાદેશિક ખરીદ-વેચાણ સંઘો

(iv) પ્રાથમિક ખરીદ-વેચાણ મંડળીઓ

- પ્રાદેશિક ધોરણની
- ખાસ પાકની દા.ત. કપાસ-વેચાણ મંડળીઓ, શેરડી-પુરવઠા મંડળીઓ વગેરે

**(5) ગ્રાહક સહકારી ભંડાર (ફેડરેશન) :** આધુનિક યુગમાં મહદંશે મોટા ભાગનો વેપાર ખાનગી વેપારીઓ હસ્તક ચાલતો હોય છે. ખાનગી વેપારીઓ દ્વારા ગ્રાહકોનું શોષણ યુગ યુગથી થતું આવ્યું છે. આવા શોષણમાંથી મુક્તિ મેળવવા સૌપ્રથમ સહકારી સંસ્થાનો જન્મ ઈંગ્લેન્ડમાં, રોશડેલ ખાતે થયો હતો. ભારતમાં સહકારી મંડળીઓનો બીજો ધારો પસાર થયા પછી તરત જ જિલ્લા કક્ષાએ અને તેનાથી ઉપર રાજ્યકક્ષાએ ગ્રાહક ભંડારોની રચના માટે કેટલાંક મહત્ત્વના અખતરાઓ થયા હતા. આ ભંડારો પોતાના કાર્યક્ષેત્ર હેઠળની ગ્રાહક સહકારી મંડળીઓ વચ્ચે સંકલનનું કાર્ય કરે છે. ઉપરાંત ગ્રાહકોને સીધા વેચાણથી સેવા પણ આપે છે. ગ્રાહક સહકારી ભંડારોનું જન્મસ્થાન મદ્રાસ હતું. શરૂઆતમાં તેનો વિકાસ ખૂબ મંદ રહ્યો, પરંતુ આપણી પંચવર્ષીય યોજનાઓ હેઠળ ગ્રાહક સહકારી પ્રવૃત્તિઓને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું અને તેને નીચેની ભૂમિકા ભજવવાની ફરજ સોંપવામાં આવી.

(i) વિતરણને લગતા વેપારનો આયોજિત વિકાસ સાધવો.

(ii) ગ્રામ વિભાગને ગ્રાહક પ્રવૃત્તિને તથા ઉત્પાદક સહકાર સંસ્થાઓને વધુ ને વધુ શક્તિશાળી બનાવવી.

(iii) ગ્રાહક અને ઉત્પાદક સહકારી મંડળીઓને ગાઢ રીતે સાંકળવામાં આવે તો તે ગ્રામ વિભાગોમાં આવક વધારવા માટે એક મહત્ત્વનું પરિબળ બની રહે છે.

(iv) જીવનજરૂરિયાતોની ચીજવસ્તુઓના ભાવોને કાબૂમમાં રાખવા તથા તેઓને સ્થિર કરવામાં મદદ કરવી.

(v) જેની અછત વર્તાતી હોય એવી ચીજવસ્તુઓની સમાન વહેંચણી માટે વ્યવસ્થા કરવી.

(vi) સારી જાતની વસ્તુઓ વાજબી ભાવે પૂરી પાડીને ગ્રાહકોને વેપારીઓ તથા મધ્યમવર્ગી ધંધાદારીઓના શોષણમાંથી બચાવવા.

(vii) સુયોજિત વિતરણપ્રથાને રાજ્યની નીતિઓને અનુરૂપ કાર્ય કરતી કરવી.

આજની પલટાતી જતી સામાજિક અને આર્થિક પરિસ્થિતિમાં વધતી જતી મોંઘવારીને કારણે ગ્રાહકોને જીવનજરૂરિયાતોની ચીજવસ્તુઓ સસ્તા ભાવે અને વાજબી ગુણવત્તાવાળી મળે તે ઘણું આવશ્યક છે. ગ્રાહક મંડળીઓ મોટેભાગે ગ્રાહકોની જરૂરિયાતો પૂરી પાડવા ઉત્પાદકો પાસે સીધી ખરીદી કરી, મધ્યસ્થીઓ અને દલાલોના વર્ગને દૂર કરે છે. આવી મંડળીમાં સામાન્ય રીતે વસ્તુઓની વપરાશ કરનાર ગ્રાહકો જોડાય છે. ગરીબાઈ અને શોષણના વિરોધરૂપે જ આવી મંડળીઓ વેપારીક્ષેત્રે અસ્તિત્વમાં આવી છે. સહકારી ગ્રાહક પ્રવૃત્તિનું ભવિષ્ય ઘણું ઊજળું જણાય છે.

જાહેર વિતરણ યોજનામાં સહકારી સંસ્થાઓને મહત્ત્વનું સ્થાન અપાયું છે. બીજું વધતા જતા ભાવોની સપાટીને રોકવામાં પણ સહકારી સંસ્થાઓએ મુખ્ય ભૂમિકા ભજવવાની છે. ઈંગ્લેન્ડ તેમજ યુરોપના અન્ય દેશોમાં આ પ્રકારની મંડળીઓએ સારી પ્રગતિ સાધી છે. અમેરિકામાં પણ આજે ગ્રાહક ભંડારોની સંખ્યા સારા પ્રમાણમાં વધી છે. ભારતમાં ખાસ કરીને શહેરોમાં આવી મંડળીઓનો વિશેષ વિકાસ થયો છે. દા.ત. વિશિષ્ટ ગ્રાહક સહકારી મંડળી તરીકે શહેરોમાં અપના બજારનો થયેલો વિકાસ.

**(6) ખેતઉત્પન્ન મંડળી :** નાના ખેતઉત્પાદકો તરફથી આવા પ્રકારની મંડળી શરૂ કરવામાં આવે છે. ખેતપેદાશોમાંથી વસ્તુને વપરાશયુક્ત બનાવવા માટે તેમના ઉપર ઉત્પાદનની અમુક પ્રક્રિયા કરવી પડે છે. આવી પ્રક્રિયાને 'પ્રોસેસિંગ' કહેવામાં આવે છે. વેચાણ મંડળીઓનાં કાર્યમાં આ પ્રોસેસિંગનું કાર્ય ઘણું જ મહત્ત્વ ધરાવે છે. પ્રોસેસિંગ દ્વારા માલને કાં તો બીજી પેદાશને યોગ્ય બનાવવામાં આવે છે અથવા તેની ઉપયોગિતામાં ઉમેરો કરવામાં આવે છે. આથી ખેડૂતોને તેમની પેદાશના સારા ભાવ પ્રાપ્ત થાય છે. ખેડૂતો નાણાંભીડને કારણે આ કાર્ય કરી શકતા નથી અને તેને માટેનાં જરૂરી સાધનો પણ તેમની પાસે હોતાં નથી. આથી જ ખાંડનાં કારખાનાં, કપાસમાંથી રૂ છૂટું પાડતી મિલો, ચોખા અને દાળ છડવાની મિલો, દૂધઉત્પાદક ડેરીઓ વગેરે આ કાર્ય બજાવે છે. આવા પ્રોસેસિંગમાંથી થતો લાભ ઉત્પાદક ખેડૂતોને પોતાને જ મળે તે માટે સહકારી મંડળીઓ દ્વારા પ્રોસેસિંગ કાર્ય થાય તે ઉચિત માનવામાં આવે છે.

ભારતમમાં આ પ્રકારની ખેતઉત્પન્ન પ્રોસેસિંગ મંડળીઓનો સારો એવો વિકાસ થયો છે. હાલમાં મુખ્યત્વે ખાંડ, કપાસના જિનિંગ અને પ્રેસિંગ, ચોખાની મિલો, શણના કોથળાની મિલો, તેલની મિલો વગેરે માટે સહકારી ક્ષેત્રે સહકારી મંડળીઓ દ્વારા આ કાર્ય બજાવવામાં આવે છે. યોજનાઓ દરમિયાન આપણે ત્યાં આ પ્રવૃત્તિનો સારો વિકાસ થયો છે.

ઉપર જે વિવિધ પ્રકારની સહકારી મંડળીઓની ચર્ચા કરી તે ઉપરાંત પણ અન્ય ઘણી સહકારી મંડળીઓ કાર્યરત છે. કારણ કે સહકારનો સિદ્ધાંત ઘણી બધી પ્રવૃત્તિઓમાં વણાયેલો છે. અન્ય પ્રકારમાં વાહનવ્યવહાર માટેની, ઢોરના વીમા માટેની, ઊભા પાકના વીમાની, શેરડીઉત્પાદકો માટેની, બિયાંઉત્પાદકો માટેની મંડળીઓ પણ જોવા મળે છે. શિક્ષણ, ધર્મ જેવાં બિનઆર્થિક હેતુઓ માટે પણ સહકારી મંડળી રચી શકાય. આ બધી જ સહકારી મંડળીઓનો મુખ્ય હેતુ તેના સભાસદોની ઉન્નતિનો હોય છે.

### 3. સહકારી મંડળીના સમવાયીતંત્ર :

સહકારી પ્રવૃત્તિની વિવિધ શાખાઓના વિકાસ સાથે તેઓનાં સમવાયીતંત્ર અસ્તિત્વમાં આવે છે. દા.ત. ટૂંકી તેમજ લાંબી મુદતનાં શાખામાળખાં, વેચાણ મંડળીઓનું માળખું, ગ્રાહક

ભંડારોનું માળખું વગેરે સમવાયીતંત્રના માળખાના પાયામાં ગ્રામ અથવા તાલુકા સ્તરની સહકારી મંડળીઓ હોય છે. જે પ્રાથમિક મંડળી તરીકે ઓળખાય છે. આવી પ્રાથમિક મંડળીઓ જિલ્લા સ્તરની મંડળીનું સભ્યપદ ધરાવે છે, જ્યારે જિલ્લા સ્તરની મંડળીઓ રાજ્ય કક્ષાની મંડળી અથવા સંઘનું સભ્યપદ ધરાવતી હોય છે. દરેક સ્તરની મંડળીનાં કાર્યો જુદાં જુદાં પ્રકારના હોવાથી તેમનું સ્તર પ્રમાણે વર્ગીકરણ કરવું આવશ્યક બની રહે છે.




**પ્રાથમિક મંડળીઓ :** આ મંડળીઓ સંગઠનની સૌથી નીચી સપાટી સૂચવે છે. દરેક ગામ દીઠ એક મંડળીના સૂત્ર અનુસાર મંડળીઓની રચના થાય છે. વધુ વસ્તી ધરાવતાં ગામમાં એક કરતાં વધુ મંડળી પણ સ્થાપી શકાય.

**જિલ્લાકક્ષાની સહકારી સંસ્થા :** આ તંત્ર પ્રાથમિક મંડળી કરતાં ઉપલી સપાટી પર હોય છે. દા.ત. રાજકોટ જિલ્લા ખરીદ-વેચાણ સંઘ લિ. આ સંસ્થા પોતાના જિલ્લામાં આવેલી સહકારી મંડળીઓને સભ્ય બનાવે છે. મંડળીઓએ સંઘના શૅર લેવાના હોય છે. આ સંઘ, તેમના હાથ નીચેની મંડળીઓની પ્રવૃત્તિઓનું સંકલન કરતી હોય છે.

**રાજ્યકક્ષાની સહકારી સંસ્થા :** આ સંસ્થા દરેક રાજ્યમાં ટોચનું સ્થાન ધરાવે છે, જે જિલ્લાઓની સહકારી સંસ્થાઓના કાર્યનું નિયમન અને સંકલન કરે છે. આ સંસ્થા દેશની પ્રવૃત્તિ અને પરિસ્થિતિ સાથે જે-તે પ્રવૃત્તિનું સંકલન કરે છે. દા.ત. ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ સોસાયટી લિમિટેડ, પ્રાથમિક મંડળીઓ અને જિલ્લા સંઘોની પ્રવૃત્તિઓનું સંકલન કરે છે. તે ખેડૂતોને હાઈબ્રીડ બિયારણ, રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, ખેતીવિષયક ઓજારો વગેરે પૂરાં પાડે છે. તેમજ ખેતપેદાશોની ખરીદી, સંગ્રહ અને વેચાણ માટેની સેવાઓ પૂરી પાડે છે. તે નાણાંની મદદ તેમજ માર્ગદર્શન પણ પૂરું પાડે છે.

**કેન્દ્રીય સહકારી સંસ્થા :** આવી સંસ્થાઓ રાષ્ટ્રીય ધોરણે કામ કરતી હોય છે અને તેના સભ્યો તરીકે રાજ્યકક્ષાની સંસ્થાઓ હોય છે. સમગ્ર દેશની સહકારી પ્રવૃત્તિ ઉપર તે નિયમન અને અંકુશનું કાર્ય કરે છે. તે ઉપરાંત નિયત ધ્યેયને પાર પાડવા માટેનું આયોજન, કેન્દ્રીય નીતિઓ અને નિર્ણયોના અમલીકરણની કામગીરી બજાવે છે. દા.ત. રાષ્ટ્રીય કૃષિ વેચાણ સંઘ નામની સંસ્થા રાષ્ટ્રીય સપાટી પર આ પ્રકારની કામગીરી બજાવે છે.

સહકારી પ્રવૃત્તિના સમવાયીતંત્ર માળખામાં ખાસ ખૂબીઓ રહેલી છે. પાયાની સંસ્થા ગ્રામ કક્ષાએ હોવાથી કે પછી શહેરના ઘણા વિસ્તારોમાં ફેલાયેલી હોવાથી, સભ્યોના મંડળી સાથેના ધંધાકીય સંબંધો વિકસાવવામાં મહત્ત્વનો ફાળો આપે છે. ઉપરાંત ઉપલા સ્તરની સહકારી સંસ્થાઓ મોટા પાયા પર ધંધો કરી શકવાની શક્તિ ધરાવતી હોવાથી, ઘણા ધંધાકીય ફાયદાઓ પ્રાપ્ત કરી શકે છે. ધંધા અંગે જે કાર્યો કરવાનાં હોય તેની અનુકૂળ વહેંચણી જુદાં જુદાં સ્તરની સંસ્થાઓ વચ્ચે કરી શકે અને પરિણામે, સહકારની કાર્યસાધકતામાં વધારો કરી શકાય.

**(4) સહકારી મંડળીના લાભો અને મર્યાદાઓ :**

**સહકારી મંડળીના લાભ :** આપણે અનેક પ્રકારની સહકારી મંડળીઓનો પરિચય મેળવ્યો.

જુદાં જુદાં પ્રકારની મંડળીઓના વિશિષ્ટ લાભો અને મર્યાદાઓ હોય છે, પરંતુ સહકારી મંડળીના કેટલાંક પાયાના લાભો નીચે પ્રમાણએ દર્શાવી શકાય :

**(1) ખુલ્લું અને સ્વૈચ્છિક સભ્યપદ :** સહકારી સંસ્થાઓમાંથી લાભ પામવાની ઈચ્છા ધરાવનાર તમામ વ્યક્તિઓને જોતેઓ તેમાં સમાયેલાં જોખમો ખેડવા તૈયાર હોય તો,વર્ણ, ધર્મ, રંગભેગ કે સંપત્તિ ઉપર આધારિત કોઈ પણ જાતના ભેદભાવ વગર જોડાવા માટે છૂટ હોય છે. વધુમાં વધુ સભ્યસંખ્યા પર કોઈ નિયંત્રણ હોતું નથી. વ્યક્તિ મંડળીમાં જોડાવવા માટે કે ન જોડાવા માટે મુક્ત છે. સભ્યને જોડાયા પછીથી પણ જો એમ લાગે કે મંડળીતી તે કોઈ જાતનો લાભ પામતો નથી તો તે મંડળીમાંથી નિયમ મુજબ છૂટો થઈ શકે છે.

**(2) સરળ સ્થાપના વિધિ :** સહકારી મંડળીની સ્થાપનાવિધિ સહકારી કાયદા મુજબ થાય છે. આ સ્થાપનાવિધિ કંપનીની સ્થાપનાવિધિ કરતાં ઘણી સરળ છે. સહકારી મંડળી સ્વૈચ્છિક સંગઠન હોવાના પરિણામે, તેની સ્થાપના માટે લાંભી અને ગૂંચવણભરી કાયદાકીય વિધિની જરૂર હોતી નથી. કોઈ પણ દસ પુખ્ય વયની વ્યક્તિઓ, સ્વૈચ્છિક રીતે સંગઠન રચી, તેની નોંધણી સહકારી મંડળીના રજિસ્ટ્રાર પાસે કરાવી શકે છે.

**(3) મર્યાદિત જવાબદારી :** કંપની સ્વરૂપની જેમ સહકારી મંડળીમાં પણ તેના સભ્યોની જવાબદારી તેમણે ખરીદેલાં શેરની રકમ પૂરતી મર્યાદિત રહે છે.

**(4) સામાજિક આર્થિક જરૂરિયાતોનું યોગ્ય પ્રતિબિંબ :** સહકારી મડંળીમાં શેર- વિભાજન નાનું હોવાથી, સહકારી સંસ્થાઓ વિસ્તૃત પાયો ધરાવતી સંસ્થાઓ બની રહે છે, જે સમગ્ર સમૂહની સામાજિક, આર્થિક જરૂરિયાતોનું યોગ્ય રીતે પ્રતિબિંબ પાડે છે, એટલું જ નહિ પણ તેને માટે સહાનુભૂતિ દર્શાવવા હોય છે.

**(5) સભાસદનું એક વ્યક્તિ તરીકે જળવાતું ગૌરવ :** સહકારમાં મનુષ્યની અગત્ય પૈસા કરતાં વધારે છે તેનો ખ્યાલ તેણે અપનાવેલી મતદાન પ્રથા પરથી મળી રહે છે. મતદાનનો હક વ્યક્તિની સાથે સંકળાયેલો હોય છે અને તે જે શેરોની સંખ્યા ધરાવે છે તેની સાથે તેનો કોઈ સંબંધ હોતો નથી. દરેક સભ્યને એક જ મતનો અધિકાર હોય છે.

**(6) કલ્યાણકારી સામાજિક પ્રવૃત્તિઓ :** સહકારી મંડળીઓ અનામત ભંડોળમાંથી નાણાં ખર્ચી કલ્યાણકારી સામાજિક પ્રવૃત્તિઓ જેવી કે દવાખાનાં, શાળા, બાગબગીચાઓ વગેરેની વ્યવસ્થા કરે છે. આમ સામાજિક પ્રવૃત્તિઓમાં તેનો હિસ્સો નોંધપાત્ર છે. સહકારી મંડળીઓ સભ્યોમાં ભાઈચારાની ભાવના વિકસાવે છે. તેમજ તેમના રોજબરોજના જીવનમાં નૈતિક તેમજ શૈક્ષણિક મૂલ્યો રોપે છે, કે જે મૂલ્યનિષ્ઠ જીવન માટે જરૂરી છે.

**(7) એકતા :** ''તમામ માટે એક અને દરેક માટે તમામ'' એ સહકારનો સાર છે.પારસ્પરિક સહાય, કે જે સહકારની કાર્ય-પદ્ધતિ છે, એ પોતાની શક્તિ સભ્યો વચ્ચેની એકતામાંથી પ્રાપ્ત કરે છે. જ્યારે સર્વસામાન્યતાઃ (એટલે કે જેનું સભ્યપદ ભેદભાવ વિના કોઈ પણ વ્યક્તિ માટે ખુલ્લું હોય છે.) અને સમાનતા (એટલે કે સભાસદો એક વય્ક્તિ એક મતદાનના સિદ્ધાંતે મતદાન કરે છે.)ના સિદ્ધાંતો વચ્ચેના સુમેળભર્યા સંબંધો સ્થાપવા માટેનો માર્ગ મોકળો કરી આપે છે. પારસ્પરિક લાભ માટે યોજવામાં આવેલ સંગઠિત પ્રયાસ એ સંયુક્ત કદમ સહકારને માનવીય વર્તનનો અત્યંત ગૌરવશાળી માર્ગ બનાવે છે.

**(8) ન્યાયી વહેંચણી :** સહકાર એ વ્યાપારી પ્રવૃત્તિ હોઈ નફો તો ઉત્પન્ન થવો જ જોઈએ, જેથી તેની વ્યાપારી સફળતાનો ખ્યાલ આવે,તેમ છતાં શોષણખોરી ઉપર આધારિત નફાને સહકારીમાં કોઈ સ્થાન નથી. સહકારી સંસ્થાઓ સૌપ્રથમ તો સભ્યો માટે છે અને તેમની પાસે જે કાંઈ વધારો રહે તે ન્યાયી રીતે સભ્યો વચ્ચે તેમના મંડળી સાથેના કામકાજના પ્રમાણમાં વહેંચવામાં આવે છે, જેને લીધે સભ્યોની વફાદારી મેળવી શકાય છે અને બિન-સભ્યોને સભ્યો બનાવવા માટે આકર્ષી શકાય છે.

**(9) સહકારની ભાવના :** સહકારી મંડળીમાં સ્વમાન, પ્રામાણિક્તા, સ્વાવલંબન, ભાઈચારો અને એક્તાના ગુણ ખીલે છે. તેમજ તેમના રોજબરોજના જીવનમાં નૈતિક તેમજ શૈક્ષણિક મૂલ્યો રોપે છે, જે મૂલ્યનિષ્ઠ જીવન માટે જરૂરી છે. આમ સહકારની ભાવનાનો વિકાસ થાય છે.

**(10) સરકારી સહાય :** સહકારી મંડળીનો સરકાર દ્વારા આર્થિક નીતિના સાધન તરીકે સ્વીકાર થયેલોં છે. તેથી સહકારી મંડળીઓને અસરકારક રાક્ય કરવા માટે સરકાર દ્વારા અનેક પ્રકારની ગ્રાંટો, લોનો અને નાણાંકીય સહાય આપવામાં આવે છે.

**(11) મધ્યસ્થીઓની નાબૂદી :** ઉત્પાદકો અને વાપરનાર અંતિમ ગ્રાહકો વચ્ચે મધ્યસ્થીઓ હોય છે. સહકારી મંડળીઓ, ઉત્પાદકો પાસેથી સીધો યોગ્ય ગુણવત્તાવાળો માલ ખરીદી, વાજબી દરે સભ્યોને પૂરો પાડે છે. વિતરણ માર્ગમાંથી મધ્યસ્તીઓની નાબૂદી થાય છે, જેને પરિણામે ગ્રાહકોને માલ સારો અને સસ્તો મળે છે. બજારમાં જ્યારે માલની તંગી હોય, ત્યારે સહકારી મંડળીઓ લોકોને જીવનજરૂરિયાતની વસ્તુઓના વિતરણમાં અમૂલ્ય ફાળો આપે છે.

**(12) લોકશાહી તાલીમ :** સહકારી મંડળીના સભ્યને એક મતનો અધિકાર હોય છે. નિર્ણય બહુમતીથી જ લેવાય છે.સંચાલનમાં લોકશાહી વહીવટનું પ્રાધાન્ય છે. જે લોકશાહીની તાલીમ પૂરી પાડે છે. દરેક સભ્યને ચૂંટણીમાં ઊભા રહેવાનો,મત આપવાનો તેમજ પોતાના પ્રતિનિધિ નીમવાનો અધિકાર મળે ચે.

**(13) નિશ્ચિત ગ્રાહકવર્ગ :** સહકારી મંડળીના સભ્યો નક્કી હોય છે. તેમને જ વેચાણ થાય છે. આથી જાહેરાતનો ખર્ચ કરવાની જરૂર નથી. નિશ્ચિત ગ્રાહકવર્ગ મંડળી માટે ધંધાકીય લાભ ગણાય.

સહકારી મંડળીની મર્યાદાઓ : સહકારી મંડળીની મર્યાદાઓ નીચે મુજબ છે :

**(1) મર્યાદિત મૂડી :** સહકારી મડંળીના સભ્યો આર્થિક રીતે નબળી વ્યક્તિઓનો સમૂહ હોવાથી તે વધુ મૂડી એકઠી કરી શકે નહિ. તેથી વધુ મૂડીના વેપારમાં સહકારી મંડળી ઉપયોગી થઈ શકે નહિ.

**(2) બિનકાર્યક્ષમ વહીવટ :** સામાન્ય રીતે સહકારી મંડળીમાં વહીવટ કરનારને મહેનતાણું આપવાનું આવતું નથી. તેથી કુશળ કેળવાયેલાં કે અનુભવી વ્યવસ્થાપકો મળતાં નથી. એટલું જ નહિ પણ નિષ્ણાંતોની સેવાનો લાભ પણ મળતોં નથી.પરિણામે બિનકાર્યક્ષમ વહીવટનું દૂષણ જોવા મળે છે.

**(3) સરકારનો હસ્તક્ષેપ :** સહકારી મંડળીને સરકારની મદદ મળે છે અને તેથી મંડળીમાં સ્વાવલંબનનો અભાવ જોવા મળે છે. સરકારની મદદ ગણનાપાત્ર હોવાથી, પરાવલંબન અને સરકારનો હસ્તક્ષેપ, ક્યારેક અવરોધક બની જાય છે.

**(4) સહકારી સિદ્ધાંતના અભાવે નિષ્ફળતા :** સહકારી મંડળીના સભ્યોમાં જો કુસંપ, અપ્રામાણિકતા, સ્વાર્થવૃત્તિ કે સંઘર્ષ વગેરે ઉદ્‌ભવે તો મંડળીઓ નિષ્ફળ જાય છે. સહકારી સિદ્ધાંતના અભાવે નિષ્ફળતા જોવા મળે છે તેમજ અપ્રામાણિક હોદ્દેદારો, અંગત સ્વાર્થ માટે આ માળખાનો દુરુપયોગ પણ કરતા જોવા મળે છે.

**(5) વેપારી કુનેહનો અભાવ :** મોટા ભાગે સહકારી મંડળીના સભ્યોને વેપારનો અનુભવ ન હોવાથી, કુનેહપૂર્વક નિર્ણયો લઈ શક્તા નથી. તેમનાં મર્યાદિત સાધનોના કારણે સંચાલનક્ષમતા સુધારવા માટે બહારના નિષ્ણાંતો અને તાલીમ પામેલા કર્મચારીઓ રોકી શકતા નથી.

**(5) સહકારી મંડળીનું સામાજિક મૂલ્યાંકન :**

**શરૂઆતથી જ આંતરરાષ્ટ્રીય સહકાર :** અર્વાચીન સહકારી પ્રવૃત્તની શરૂઆત ઈંગ્લેન્ડમાં 1944માં થઈ હતી. ઈંગ્લેન્ડની ગ્રાહક સહકારી પ્રવૃત્તિની કામગીરી અને સફળતા જોઈ વિશ્વના બીજા દેશોએ તેમના દેશને અનુકૂળ સહકારી સંગઠનોની રચના કરી હતી. વિશ્વના

દેશોમાં સહકારી વિચારધારાનો ફેલાવો થાય તે માટે આંતરરાષ્ટ્રીય સહકારી સંઘની રચના કરવામાં આવી છે.

સ્વિડન, ડેનમાર્ક, ફિનલેન્ડ અને નોર્વેના તેમજ ઈંગ્લેન્ડ, ફ્રાંસ, જર્મની, ઈટાલી, રશિયા, ચીન, ઈઝરાયલ, જાપાન, કેનેડા, અમેરિકા અને ભારતમાં સહકારી સંગઠનો અસરકારક ફાળો આપે છે. ભારતમાં કૃષિધિરણ, ખાંડનાં કારખાનાં, કપાસ ઉત્પાદન અને રૂપાંતર, ડેરી ઉદ્યોગ વગેરે ક્ષેત્રે પુષ્કળ વિકાસ સધાયો છે અને દેશના સામાજિક-આર્થિક વિકાસમાં એ ઉદ્યોગોએ નોંધપાત્ર ફાળો આપ્યો છે.

**આર્થિક વૃદ્ધિને ઉત્તેજન :** સહકારી સંગઠનોની કામગીરીની અસરકારકતાનું મૂલ્યાંકન કરતાં આંતરરાષ્ટ્રીય મજદૂર સંગઠન લખે છે. ''વહેંચણીની રચનાઓ વાજબી બનાવવામાં સહકારી સંસ્થાઓ મદદ કરે છે. ખરીદશક્તિ વધારે છે, ગ્રાહકોના સંરક્ષણને પુરસ્કૃત કરે છે. ઘરોની તંગી ઓછી કરે છે. તેઓએ ખેતીવાડી, મત્સ્ય વ્યવસાય, હસ્તકારીગરી અને ઉદ્યોગના ઉત્પાદનને આધુનિક બનાવવામાં ફાળો આપ્યો છે. તેઓ ગુણવત્તામાં સુધારો લાવે છે. ઉત્પાદનમાં જથ્થો વધે એ માટે તેઓ કાર્ય કરે છે, અને વધારે કાર્યક્ષમ વેચાણ થાય તે અંગે દોરવણી આપે છે. તેઓએ અગણિત વ્યક્તિઓના ઉત્પાદનલક્ષી મૂડીસર્જનને ઉત્તેજન આપ્યું છે. આમ, વિશાળ અર્થમાં સહકારી વૃદ્ધિએ આર્થિક વૃદ્ધિને ઉત્તેજન આપ્યું છે.''

**નબળા વર્ગોને સેવા :** સહકારી મંડળીઓ સમાજના ક્યા વર્ગને અને કેવી સેવા આપે છે તેનાથી પણ તેની અસરકારકતાનું મૂલ્યાંકન થઈ શકે છે. દાખલા તરીકે, ભારતની કૃષિમાં સહકારી ખેતીમંડળીઓનો ફાળો બહુ નાનો છે, પણ તેઓ એવા વર્ગને લાભ આપે છે, જેને બીજી કોઈ સંસ્થાઓ લાભ આપતી નથી. આ સહકારી ખેતીમંડળીઓ પછાતવર્ગની અને ગરીબ ખેડૂતોની બનેલી હોય છે, તેઓ નકામી અને રસહીન જમીન પર કામ કરે છે, તેઓ આ વર્ગને રોજગારી આપે છે, ખેતી આધુનિક બનાવે છે, ગામડાંના લોકોમાં સહકારી સમજ અને ભાવના ફેલાવે છે. આ રીતે વિચારતાં સહકારી સંગઠનો પ્રભાવશાળી છે, ભારતમાં ગ્રાહકમંડળીઓ કાર્ય કરે છે. ભારતના છૂટક વેપારમાં તેમનો હિસ્સો બહુ મોટો નથી, છતાં તેઓ અછતવાળી ચીજોની વહેંચણી કરે છે, તેઓ ખાનગી વેપારીઓની ભાવ વધારવાની અને માલનો સંગ્રહ કરવાની શક્તિઓનો પ્રતિકાર કરે છે.

**પછાત દેશોને પણ અસરકારક :** દુનિયાના પછાત અને અલ્પ વિકસિત દેશોમાં સહકારી સંગઠનોનો ફાળો અલ્પ છે,છતાં તેઓ સમાજમાં તેમનાં કાર્યો દ્વારા શાહુકારો પર કાબૂ રાખે છે, રૂપાંતરકારોનો સામનો કરે છે. વેપારીઓને હંફાવે છે અને ધંધામાં નવી તરકીબો દાખલ કરે છે, સભાસદોને મદદ કરે છે, સહકારી નેતાગીરી વિકસાવે છે, ઈજારાસાહી તત્ત્વોનો પ્રતિકાર કરે છે, સહકારી ડેરી ઉદ્યોગે આપણા દેશમાં શ્વેતક્રાંતિ સર્જી છે અને સમાજમાં સામાજિક, આર્થિક પરિવર્તન લાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

**(10) સહકારી પ્રવૃત્તિની ગ્રામીણ સમાજ પર અસરો :**

સહકારી પ્રવૃત્તિઓનું ગામડાના વિકાસમાં ઘણું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. ખાસ કરીને સહકારી પ્રવૃત્તિએ ગામડાના નબળા વર્ગના લોકોના આર્થિક વિકાસમાં અને તેમને શાહુકારો - જમીનદારોના શોષણમાંથી મુક્ત કરવામાં મોટો ફાળો આપ્યો છે. ભારતમાં લગભગ 95 ટકા ગામડાં વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ દ્વારા આવરી લેવામાં આવ્યાં છે. આશરે 15 ટકા જેટલી સહકારી મંડળી નિષ્ક્રિય હોવા છતાં બાકીની મંડળીઓ અસરકાર રીતે લોકોના આર્થિક વિકાસમાં ઉપયોગી બની રહી છે. સહકારી પ્રવૃત્તિએ ગામ વિકાસમાં નીચે મુજબ ફાળો આપ્યો છે. એટલે કે, તેનું ગ્રામવિકાસમાં નીચે મુજબ મહત્ત્વ છે :

**(1) આત્મનિર્ભરતા :** સહકારી મંડળી ગામડામાં ખેડૂતો, ખેતમજૂરો તથા કારીગર વર્ગોને નાણાંકીય ધિરાણ પૂરું પાડે છે. ગૃહઉદ્યોગો સ્થાપવામાં તથા ઉત્પાદિત થયેલી ચીજવસ્તુઓ

વેચી આપવામાં મદદરૂપ બને છે. આમ, ગામડામાં લોકોને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવામાં સહકારી પ્રવૃત્તિ મદદરૂપ બની છે.

**(2) રોજગારી :** ગામડાંઓમાં બેકારીની સમસ્યા વ્યાપક છે. આ સમસ્યા હલ કરવામાં સહકારી મંડળીઓ અમુક અંશે ઉપયોગી નીવડી છે. ગામડાના બેરોજગાર લોકોને નાના કુટિર ઉદ્યોગો સ્થાપવા માટે, પશુપાલન માટે કે વણકર વર્ગના લોકોને વણાટનાં સાધનો ખરીદવા માટે સહકારી મંડળીઓ ઓછા વ્યાજથી પૈસા આપે છે. આનાથી ગામડાના બેરોજગાર લોકોને સોજીનું નાનું-મોટું સાધન મળી રહે છે.

**(3) શોષણમાંથી મુક્તિ :** ગ્રામજનોને શાહુકારો, જમીનદારો વગેરેના શોષણમાંથી મુક્ત કરવામાં સહકારી મંડળીઓનો મોટો ફાળો હોવાનું જણાયું છે. જ્યારે સહકારી મંડળીઓ નહોતી ત્યારે ગામલોકોને શાહુકારો, વેપારીઓ પાસેથી નાણાંનું ધિરાણ લેવું પડતું. તેઓ તેમની પાસેથી ઊંચું વ્યાજ લેતા, તેમનું ઉત્પાદન સસ્તા ભાવે પડાવી લેતા, ખેતીની જમીન બાકી ધિરાણ પેટે લઈ લેતા, ખોટા હિસાબો રાખતા અને ગામડાના નિરક્ષર ગરીબ લોકોને દેવામાંથી કદી બહાર નીકળવા દેતા નહોતા. તેમની પાસે વેઠ પણ કરાવવામાં આવતી. સહકારી મંડળીઓ થતાં હવે લોકોને ઓછા વ્યાજથી નાણાં મળી રહે છે. તેમને શાહુકારો- વેપારીઓની ગરજ પડતી નથી. તેઓ હવે પોતાનું ઉત્પાદન બજારમાં સ્પર્ધાત્મક ભાવોથી વેચી શકે છે. આમ, સહકારી પ્રવૃત્તિએ ગામડાના લોકોને શારીરિક અને આર્થિક શોષણમાંથી મુક્ત કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

**(4) આર્થિક સત્તાનું વિકેન્દ્રીકરણ :** સહકારી મંડળી એક આર્થિક સંસ્થા છે.તે લોકશાહી અને સમાનતાના પાયા પર કામ કરે છે. મંડળીને જે નફો થાય છે તે મંડળીના સૌ સભ્યો વચ્ચે સરખે ભાગે વહેંચાય છે. આમ, નફાની ન્યાયી વહેંચણીને કારણે ગામડાંમાં આર્થિક સત્તાનું વિકેન્દ્રીકરણ થાય છે. મંડળીના સૌ સભ્યો વચ્ચે આર્થિક લાભોની સમાન વહેંચણી થાય છે, પરિણામે લાંબા ગાળે ગામડામાં આર્થિક સમાનતા આવે છે.

**(5) ખેડૂતોની ઉત્પાદકતામાં વધારો :** સહકારી મંડળી ખેડૂતોને ખાતર, સુધારેલાં બિયારણો, જંતુનાશક દવાઓ, ખેતીનાં વિકસિત સાધનો વગેરે પૂરાં પાડે છે અગર એ ખરીદવા માટે નાણાંનું ધિરાણ આપે છે. આના પરિણામે ખેડૂતોની ઉત્પાદકતામાં અને કાર્યદક્ષતામાં વધારો થવા પામ્યો છે.

**(6) નબળા વર્ગોની સ્થિતિમાં સુધારો :** સહકારી મંડળીઓએ ગામડામાં કૃષિ- ગ્રામોદ્યોગો તથા ગૃહઉદ્યોગોના ક્ષેત્રમાં વિકાસ સાધવા પ્રયાસ કર્યો છે. આના પરિણામે ગામડાના ભૂમિહીન કિસાનો, આર્થિક રીતે નબળા વર્ગના કારીગરો, હરિજનો, આદિવાસીઓ વગેરેને આર્થિક લાભ મળ્યા છે. આર્થિક સહાય અને સેવાઓને લીધે નબળા વર્ગને પોતાની સ્થિતિ અને જીવનધોરણ સુધારવામાં તક મળી છે.

**(7) નેતૃત્વનો વિકાસ :** સહકારી મંડળીએ લોકશાહી સંસ્થા છે. તેની કારોબારીના સભ્યો તથા પ્રમુખની ચૂંટણી થાય છે. ચૂંટણીમાં મંડળીના દરેક સભ્યોને ચૂંટાવાની અને તે દ્વારા નેતૃત્વ મેળવવાની તક મળે છે. ગામડાંઓમાં નવી નેતાગીરી વિકસાવવામાં સહકારી મંડળીઓએ પણ ફાળો આપ્યો છે. સહકારી ક્ષેત્રે એક નવા નેતાઓ આગળ આવ્યા છે.

**(8) લોકશાહીનું શિક્ષણ :** સહકારી મંડળી એક લોકશાહી સંસ્થા છે. લોકશાહી પદ્ધતિથી તેમાં હોદ્દેદારો અને કારોબારી સભ્યોની ચૂંટણી થાય છે. દરેક સભ્યને ચૂંટણીમાં ઉમેદવારી કરવાનો તથા મતદાન કરવાનો અધિકાર મળે છે. આમ, લોકશાહી પદ્ધતિનું શિક્ષણ આપવામાં પણ સહકારી મંડળીઓએ ફાળો આપ્યો છે.

**(9) રાષ્ટ્રીય વિકાસમાં સહાયક :** ગ્રામસમાજની આર્થિક સમસ્યાઓ જેવું કે દેવું, બેકારી, આર્થિક પછાતપણું વગેરે રાષ્ટ્રીય સમસ્યાના અંગરૂપ છે. આવી સમસ્યાઓ હલ કરવામાં મંડળીઓ

ફાળો આપતી હોવાથી રાષ્ટ્રીય વિકાસને ઉત્તેજન મળે છે. ગામડાની અર્થવ્યવસ્થા રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાનું મહત્ત્વનું અંગ છે. સહકારી પ્રવૃત્તિ ગ્રામીણ અર્થવ્યવસ્થાને સધ્ધર કરવામાં ફાળો આપે છે, એ તેના પરિણામ સ્વરૂપે આખરે રાષ્ટ્રના વિકાસમાં મદદ મળે છે.

## (11) સારાંશ : (Let us sum up)

- સહકારી પ્રવૃત્તિ ગ્રામીણ સમાજના આર્થિક અને સામાજિક વિકાસની મહત્ત્વની પ્રવૃત્તિ છે. ભારતમાં આયોજિત વિકાસ કાર્યક્રમોના ભાગરૂપે ગામડાઓના આર્તિક વિકાસને સહાયક બનવા માટે સહાકીર પ્રવૃત્તિઓનું માળખું ઊભું કરવામાં આવ્યું છે. એટલે કે, સહકારી ખાતું ઊભું કરવામાં આવ્યું છે,તેનું મુખ્ય કાર્ય સહકારી પ્રવૃત્તિને ઉત્તેજન આપવાનું છે.
- લોકો પોતાની વિવિધ જરૂરિયાતો સંતોષવા સાથે મળીને પ્રવૃત્તિ કરતા હોય ત્યારે તેવી સામૂહિક પ્રવૃત્તિને સહકારી પ્રવૃત્ત કહેવાય.
- સહકારી પ્રવૃત્તિ માટે સહકારી મંડળીઓ રચવામાં આવે છે. આવી સહકારી મંડળી આર્થિક સંસ્થા છે અને તેમાં લોકશાહી વ્યવસ્થા હોય છે.
- ગામ, તાલુકા અને જિલ્લા તથા રાજય કક્ષાની વિભિન્ન સહકારી મંડળીી જેવી કે સેવા સહકારી મંડળી, ધિરાણ મંડળી, ખરીદ - વેચરાણ સંઘ વગેરે કાર્યરત છે. આવી સહકારી પ્રવૃત્ત ગ્રામીણ સમાજના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપી રહી છે.
- સહકારી પ્રવૃત્તિઓનું ગામડાના વિકાસમાં ઘણું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે.

## (12) એકમ (સ્વાધ્યાય ) : (Unit Exercises)

1. સહાકરી મંડળીની વ્યાખ્યા આપી તેના મુખ્ય ઉદ્દેસો જણાવો.
2. સહકારી મંડળીનાં લક્ષણો જણાવી તેના લાભાલાભની ચર્ચા કરો.
3. સહકારી મંડળીઓની પ્રવૃત્તિનાં ક્ષેત્રો વિશે નોંધ લખો.
4. સહકારી મંડળીના સમવાયતંત્રનો પરિચય આપો.
5. સહકારી મંડળી અને કંપની વચ્ચે સરખામણી કરતી તુલનાત્મક નોંધ લખો.
6. સહકારી મંડળીનું સામાજિક મૂલ્યાંકન કરો.
7. ટૂંક નોંધ લખો :

   1. ધિરાણ મંડળી
   2. ગૃહનિર્માણ મંડળી
   3. બહુલક્ષી સહકારી મંડળી
   4. સહકારી ખરીદ-વેચાણ સંઘ
   5. ગ્રાહક સહકારી ભંડાર

8. ''સહકારી મંડળીની અનેક મર્યાદા હોવા છતાં સહકારી મંડળી આપણા સમાજમાં અનોખું સ્થાન ધરાવે છે અને ક્રમશઃ તેનો વિકાસ થતોં જાય છે.'' આ વિધાન ચર્ચો.
9. નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે કારણો આપી સમજાવો :

   1. 'વિના સહકાર નહિ ઉદ્ધાર' એ સૂત્ર આજના જમાનામાં બધાને લાગુ પડે છે.
   2. સહકારી મંડળીમાં શેર દીઠ મતાધિકાર હોય છે.
   3. સહકારી મંડળીમાં પૈસા કરતાં વ્યક્તિઓનું ગૌરવ વધારે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.
   4. સહકારી મંડળી અને કંપનીમાં વહીવટ લોકશાહી ઢબે જ ચાલે છે.
   5. ગરીબ અને મધ્યમવર્ગના માનવીઓ માટે સહકારી મંડળી આર્શીવાદરૂપ છે.

**(13) તમારી પ્રગતિ ચકાસો**

(1) સહકારી મડંળીનો અર્થ જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(2) સહકારી મંડળીનો અર્થ જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(3) સહકારી મંડળીના ત્રણ લક્ષણ જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(4) સહકારી મંડળીના ત્રણ હેતુ જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(5) સહકારી મંડળીના ક્ષેત્રીય પ્રકાર જણાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

(6) સહકારી મંડળીના ત્રણ લાભ જણાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(7) સહકારી મંડળીની ત્રણ મર્યાદા જણાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(8) સહકારી પ્રવૃત્તિની ગ્રામીણ સમાજ પર ત્રણ અસર જણાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

## (14) તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer to check your Progress)

**(1) સહકારનો અર્થ જણાવો.**

- **ફેર ચાઈલ્ડ :**

  ''સહકાર એવી પ્રક્રિયા છે જેના દ્વારા વ્યક્તિ કે જૂથ સંગઠિત થઈ પોતાના પ્રયત્નોથી સમાન ધ્યેય પ્રાપ્તિ માટે કાર્ય કરે છે.''

**(2) સહાકરી મંડળીનો અર્થ જણાવો.**

- સહકાર એક એવું વ્યવસ્થાતંત્ર છે કે જેમાં વ્યક્તિઓ માનવી તરીકે સમાનતાના ધોરણે પોતાના આર્તિક હિતના ઉત્તેનાર્થે સ્વેચ્છાએ સાથે જોડાય છે - કેલ્વર્ટ

**(3) સહકારી મંડળીના ત્રણ લક્ષણો જણાવો.**

1. લોકો સ્વેચ્છાએ જોડાય છે.
2. સમાનતાનાં ધોરણો સ્વીકાર્ય છે.
3. લોકશાહી વહીવટના સિધ્ધાંતો પર વિશેષ ભાર મૂકે છે.

**(4) સહાકરી મંડળીના ત્રણ હેતુઓ જણાવો.**

1. સેવાનો હેતુ
2. શોષણવૃત્તિમાંથી બચાવ
3. સર્વાંગી વિકાસ માટે પ્રયત્ન

**(5) સહકારી મંડળીના ક્ષેત્રીય પ્રકાર જણાવો.**

**ઉત્પાદકોની મંડળી**

↓

- ઉત્પાદકોની મંડળીઓ
- ધિરાણ મંડળીઓ
  - ખેત ધિરાણ મંડળીઓ
  - બિન ખેત-ધિરાણ મંડળીઓ
- ગ્રાહકોની મંડળીઓ
- વેચાણ મંડળીઓ
- બહુલક્ષી મંડળીઓ
- અન્ય પ્રકીર્ણ મંડળીઓ
  - ગૃહ મંડળીઓ
  - ઊભા પાકની
  - વાહનવ્યવહાર
  - ઢોરોના વીમાની મંડળીઓ

**(6) સહકારી મંડળીના ત્રણ લાભ જણાવો.**

1. ખુલ્લું અને સ્વૈચ્છિક સભ્યપદ
2. સરળ સ્થાપના વિધિ
3. મર્યાદિત જવાબદારી

**(7) સહકારી મંડળીની ત્રણ મર્યાદા જણાવો.**

1. મર્યાદિત મૂડી
2. બિન કાર્યક્ષમ વહીવટ
3. સરકારનો હસ્તક્ષેપ

**(8) સહકારી પ્રવૃતિની ગ્રામીણ સમાજ પર ત્રણ અસર જણાવો.**

1. આત્મ નિર્ભરતા બનવામાં મદદરૂપ
2. રોજગારીમાં વધારો
3. શોષણ મુક્ત

**(14) સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)**


(1) વોરા એસ. બી. તથા અન્ય : વાણિજ્ય વ્યવસ્થા ધોરણ - 11,ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર

(2) દવે સારિકાબેન તથા અન્ય : સમાજશાસ્ત્ર, ધોરણ - 11 ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર

(3) શાહ એ.જી. તથા અન્ય : આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા બુક ડીપો, અમદાવાદ

એકમ 16

# કુટુંબ- નિયોજન કાર્યક્રમ (Family Planning)

## : રૂપરેખા :

(1) પ્રસ્તાવના

(2) કુટુંબ- નિયોજનનો અર્થ

(3) કુટુંબ - નિયોજનનું ધ્યેય

(4) કુટુંબ - નિયોજન કાર્યકર્મની અસર

(5) આયોજિત વિકાસ માટે કુટુંબ - નિયોજન એક જરૂરિયાત તરીકે.

**ઉદ્દેશો : (Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) કુટુંબ નિયોજનનો અર્થ સમજી શકશો.

(2) કુટુંબ નિયોજનનું ધ્યેય સમજી શકશો.

(3) કુટુંબ નિયોજન કાર્યક્રમની અસર સમજી શકશો.

(4) આયોજિત વિકાસ માટે કુટુંબ નિયોજન એક જરૂરિયાત તરીકે સમજી શકશો.

## 1. પ્રસ્તાવના :

કુટુંબ નિયોજન કાર્યક્રમ આયોજિત વિકાસ કાર્યક્રમનું મહત્ત્વનું અંગ છે. આયોજનની વસ્તીનીતિમાં જન્મદર ઘટાડવાના ધ્યેય સાથે કુટુંબ-નિયોજન કાર્યક્રમનો સ્વીકાર થયો અને પંચવર્ષીય યોજનાઓમાં કુટુંબ-નિયોજનના કાર્યક્રમને મહત્ત્વનું સ્થાન મળ્યું.

## 2. કુટુંબ નિયોજનનો અર્થ :

કુટુંબ નિયોજન એટલે કુટુંબનું હેતુપૂર્વક અને બુદ્ધિપૂર્વક આયોજન કરવું. ગર્ભાધાન નિયંત્રણની કુદરતી કે કૃત્રિમ પદ્ધતિનો ઉપયોગ કરીને બાળકોની સંખ્યા મર્યાદિત કરવી તથા બાળકોના જન્મ વચ્ચે અમુક અંતર જાળવવાની પ્રવૃત્તિને કુટુંબ નિયોજન કહેવાય. કુટુંબને સુખ, શાંતિ અને સમૃદ્ધિ મળે એવી પરિસ્થિતિ પેદા કરવી તેવો કુટુંબ નિયોજનનો અર્થ તારવી શકાય. પરિણીત યુવક અને યુવતીને લગ્ન માટેની સમજ, જાતિય જ્ઞાન અને માબાપ તરીકેની તેમની જવાબદારી તેમને સમજાવવી તે કુટુંબ નિયોજનનું અગત્યનું પાસું છે. કુટુંબના આરોગ્ય અને સુખમાં વૃદ્ધિ થાય એવા વાતાવરણનું સર્જન કરવાનો ખ્યાલ તેમાં અભિપ્રેત છે તેમાં કુટુંબ કલ્યાણનો આદર્શ કેન્દ્રસ્થાને છે.

## 3. કુટુંબ નિયોજનનું ધ્યેય :

વ્યક્તિ, કુટુંબ અને સમાજ એ ત્રણેનાં ધ્યેયોનો સમન્વય કુટુંબ નિયોજનમાં થયેલો છે. જન્મદરમાં ઘટાડો, વ્યક્તિગત કલ્યાણ, કુટુંબ કલ્યાણ અને સામાજિક કલ્યાણ સાધવું એ કુટુંબ નિયોજનના પાયાના ધ્યેય છે. મા-બાપ પોતાની આર્થિક સ્થિતિના સંદર્ભમાં કુટુંબ નિયોજન સ્વીકારીને બાળકોનું વધુ સારી રીતે ભરણપોષણ કરી શકે, બાળકોને વધુ સારા જીવનની ખાતરી આપી શકે અને મા-બાપ પણ પોતાનું આરોગ્ય જાળવી શકે એ કુટુંબ નિયોજનનું મહત્ત્વનું ધ્યેય છે. રાજ્યના ધ્યેયની દૃષ્ટિએ જોઈએ તો, નાગરિકોના આરોગ્યનું સ્તર સુધારવા માટે તેમજ સામાજિક સ્થિરતા, આર્થિક વિકાસ, સાંસ્કૃતિક ઉત્કર્ષ, શૈક્ષણિક વિકાસ અને યંત્રવૈજ્ઞાનિક, બૌદ્ધિક કુશળતા પ્રાપ્ત કરવાના ધ્યેયથી વસ્તીવૃદ્ધિ ઉપર નિયંત્રણ મૂકવાના એક સાધન તરીકે કુટુંબ નિયોજન કાર્યક્રમને અમલમાં મૂકવામાં આવ્યો છે.

જન્મ-નિયંત્રણ અને વસ્તીના કદને સ્થિર રાખવા માટે કુટુંબ નિયોજન કાર્યક્રમ અસરકારક સાધન છે. કુટુંબ નિયોજન કાર્યક્રમ સ્વૈચ્છિક કાર્યક્રમ છે. તે કેન્દ્ર સરકાર પ્રેરિત કાર્યક્રમ છે તથા તેમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ મેળવીને સામૂહિક પ્રયાસરૂપે આ કાર્યક્રમનો અમલ કરવામાં આવે છે. તેની સાથે સ્વાસ્થ્ય પ્રવૃત્તિઓને સંકલિત કરવાનાં પગલાં ભરવામાં આવે છે. કુટુંબ-નિયોજનમાં નીચેના કાર્યક્રમોને આવરી લેવામાં આવ્યાં છે.

(1) કુટુંબ નિયોજન સંબંધી જ્ઞાન પ્રસારણ.

(2) જન્મ નિયંત્રણની વિભિન્ન પદ્ધતિઓનો પરિણીત યુગલો દ્વારા સ્વીકાર થાય તે માટેના પ્રયાસો.

(3) નાના કુટુંબના ધોરણને સામાજિક સ્વીકૃતિ મળે તે માટે લોકશિક્ષણ.

(4) સ્વાસ્થ્ય-સેવાકેન્દ્રોનું વિસ્તરણ.

(5) સ્ત્રીઓના સામાજિક-આર્થિક દરજ્જામાં સુધારણા કરવી.

(6) નાની વયના લગ્ન વિરુદ્ધ લોકજાગૃતિ પેદા કરવી તથા લઘુતમ લગ્નવયના કાયદાનું પાલન કરાવવું.

(7) ગર્ભપાત કાનૂન દ્વારા સ્ત્રીઓને ગર્ભપાત માટે ઉદાર જોગવાઈ પૂરી પાડવી.

કુટુંબ નિયોજન કાર્યક્રમમાં કુટુંબ નિયોજન પંચ દ્વારા જ્ઞાન-પ્રસારણ, સુરક્ષિત યુગલોની સંખ્યા, વંધ્યીકરણ, આંકડી, નિરોધ, સંતતિ-નિયમનની ગોળી, સ્વાસ્થ્ય કેન્દ્રો વગેરે સંબંધી લક્ષ્યાંકો નક્કી કરવામાં આવે છે. આ લક્ષ્યાંકો રાજ્યે સિદ્ધ કરવાના હોય છે. કુટુંબ નિયોજનના આ વિભિન્ન કાર્યક્રમોના અમલને લીધે કુટુંબ નિયોજનનો વિશાળ સ્વીકાર થતો જાય છે. જોકે રાજ્યવાર આ લક્ષ્યાંકોની સિદ્ધિમાં તફાવતો રહેલાં છે.

## 4. કુટુંબ નિયોજન કાર્યક્રમની અસર :

ભારતમાં કુટુંબ નિયોજન કાર્યક્રમની વિવિધલક્ષી અસરો પડી છે. આવી અસરોને નીચે મુજબ તારવી શકાય :

(1) આયોજિત વિકાસ કાર્યક્રમના અંગ તરીકે કુટુંબ-નિયોજન કાર્યક્રમનાં કેટલાંક લક્ષ્યાંકો સિદ્ધ થતાં સુરક્ષિત યુગલોની સંખ્યામાં વૃદ્ધિ થવા પામી છે. સંતતિ-નિયમનનાં સાધનોનો ઉપયોગ કરનારાં યુગલોની સંખ્યા વધવા પામી છે. સ્વાસ્થ્ય-સેવાઓનું વિસ્તરણ થવાથી સરેરાશ આયુષ્યમાં વૃદ્ધિ થઈ છે અને બાળમરણનું પ્રમાણ ઘટવા પામ્યું છે તથા જન્મ નિયંત્રણ અને તે દ્વારા વસ્તીવૃદ્ધિના દરને નિયંત્રિત કરવામાં આંશિક સફળતા મળી છે.

(2) કુટુંબ નિયોજન કાર્યક્રમની એક અસર એ પડી છે કે હવે ભારતમાં નાના કુટુંબનું ધોરણ સંસ્થીકરણ પામતું જાય છે.

(3) કુટુંબ નિયોજન કાર્યક્રમ હેઠળ સંતતિ-નિયમનનાં સાધનોની સરળ ઉપલબ્ધિ થતાં લગ્નપૂર્વેના અને લગ્ન બહારના જાતિય સંબંધોને લગતાં પરંપરાગત મૂલ્યોમાં પરિવર્તન આવવા લાગ્યું છે.

(4) નાના કુટુંબના ધોરણના સ્વીકારથી બાળકોનો દરજ્જો ઊંચો આવ્યો છે. મા-બાપ માટે બાળકો તેમની અગાઉની પેઢી કરતાં વધુ મહત્ત્વનાં બન્યાં છે. બાળકોના શિક્ષણ અને વિકાસ પ્રત્યે સવિશેષ ધ્યાન અપાવા લાગ્યું છે.

(5) કુટુંબ નિયોજનના કાર્યક્રમોએ માતા અને બાળકના આરોગ્યના સ્તરમાં સુધારણા કરી છે.

(6) કુટુંબ નિયોજન કાર્યક્રમના ભાગ તરીકે લઘુતમ લગ્નવયના કાયદાનું સંસ્થીકરણ થતું જાય છે. એટલે કે લગ્નવય ઊંચી આવતી જાય છે.

(7) કુટુંબ નિયોજન કાર્યક્રમને અસરકારક બનાવવા અને સ્ત્રીઓનો દરજ્જો ઊંચો લાવવાના

પ્રયાસરૂપે અમલમાં મૂકેલા MTPA (ગર્ભપાત કાનૂન)ને લીધે ગર્ભપાતનું પ્રમાણ વધ્યું છે. આધુનિક વિજ્ઞાને ગર્ભપરીક્ષણ દ્વારા સંતાનની જાતિ જાણી શકવાનું શક્ય બનાવ્યું છે, આથી કેટલાંક મા-બાપ જાતિ-પરીક્ષણમાં સ્ત્રી-સંતાન માલૂમ પડતાં ગર્ભપાતનો આશ્રય લેતા હોવાના અહેવાલો અવાર-નવાર પ્રગટ થતાં રહે છે. ભારતની વસ્તીમાં સ્ત્રી-પુરુષ પ્રમાણમાં વિષમતા ઊભી થવા પામી છે. ભારતનાં દર હજાર પુરુષોમાં સ્ત્રીઓનું પ્રમાણ 929 છે. આવી વિષમતા માટે વસ્તીશાસ્ત્રીય સ્પષ્ટીકરણ આપવામાં આવે છે. કન્યાજન્મ અને ઉછેરની અવગણના એ ભારતીય સમાજમાં અવિરત ચાલુ રહેલું પરિબળ છે. એટલે એમ માનવામાં આવે છે કે પુરુષો કરતાં સ્ત્રીઓના ઓછા પ્રમાણ તથા ઘટતા જતા પ્રમાણ માટે આ પરિબળ જવાબદાર છે.

(8) કુટુંબ નિયોજન કાર્યક્રમને લીધે ભારતની વસ્તીની રચનામાં પરિવર્તન આવે છે. સ્ત્રી-પુરુષના પ્રમાણમાં પેદા થતી વિષમતા આપણે જોઈ ગયા. નાના કુટુંબના ધોરણના સ્વીકારને લીધે બાળકોનું પ્રમાણ ઘટે છે, પરિણામે ધીમે ધીમે કુલ વસ્તીમાં તરુણોનું પ્રમાણ પણ ઓછું થવા પામે છે, એ રીતે વસ્તીની વયરચના બદલાય છે. વૃદ્ધોનું પ્રમાણ વધવા લાગે છે, જેથી વિવિધ પ્રકારના સામાજિક પ્રશ્નો ઊભા થાય છે. એટલું નહીં પરંતુ લાંબે ગાળે વિભિન્ન ધર્મો, ભાષાના લોકોના પ્રમાણમાં પણ ફેરફાર થવા પામે છે. આવા ફેરફારો સમાજની રચના અને કાર્ય ઉપર અનેકવિધ રીતે અસર ઉપજાવે છે.

(9) કુટુંબ-નિયોજન કાર્યક્રમ નાના કુટુંબના ધોરણના સંસ્થીકરણ ઉપર ભાર મૂકે છે. આથી કુટુંબના કદ ઉપર તેની અસર થાય છે. પરિણામે કુટુંબની રચના પણ બદલાય છે. મા-બાપ અને સંતાનો વચ્ચેના સંબંધોમાં તેમજ પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં પણ તે પરિવર્તનો નિપજાવે છે. એટલું જ નહીં પરંતુ કુટુંબ નિયોજન સ્ત્રીઓની સામાજિક દરજ્જો ઊંચો લાવનારું અગત્યનું પરિબળ બની રહે છે. સમગ્ર કુટુંબના આર્થિ-સામાજિક વિકાસનું તે સહાયક પરિબળ બની રહે છે.

## 5. આયોજિત વિકાસ માટે કુટુંબ નિયોજન એક જરૂરિયાત તરીકે :

ભારતમાં અનિયંત્રિત પ્રજોત્પાદને રાષ્ટ્રીય જીવન અને કુટુંબસંસ્થા સમક્ષ ગંભીર પડકારો ખડા કર્યા છે. આ ઉપરાંત વસ્તીની ગુણવત્તા સુધારવા માટે પણ વસ્તી નિયંત્રણ જરૂરી બન્યું છે. વ્યક્તિ, કુટુંબ અને સમાજને સ્પર્શતી વિભિન્ન સમસ્યાઓનું નિવારણ કરવા માટે ભારતે કુટુંબ નિયોજન કાર્યક્રમ અમલમાં મૂક્યો છે. એશિયાના અલ્પવિકસિત દેશો માટે કુટુંબ નિયોજન કાર્યક્રમને આજની તાતી જરૂરિયાત તરીકે ઓળખાવી શકાય.

જગતભરમાં સૌપ્રથમ ભારત સરકારે કુટુંબ નિયોજનની ચળવળનો સત્તાવાર રીતે સ્વીકાર કર્યો હતો. રાષ્ટ્રીય જીવનની સમસ્યાઓને ઉકેલવાના એક ઉપાય ઉપરાંત વ્યક્તિગત અને કૌટુંબિક કલ્યાણની દૃષ્ટિએ પણ કુટુંબ નિયોજન ઇચ્છનીય છે. અતિવસ્તીની સમસ્યાના સર્જનમાં ખાસ કરીને જેઓ વધુ ભાગ ભજવી રહ્યા છે તેવા ગરીબ અને મધ્યમ વર્ગના ખેડૂતો અને કામદારોના વ્યક્તિગત તેમજ કૌટુંબિક કલ્યાણના સાધન તરીકે કુટુંબ નિયોજનની જરૂરિયાત સ્વીકારવાની હિમાયત ઘણા વિકસિત-અલ્પવિકસિત સમાજોમાં થવા લાગી છે.

ભારત જેવાં અલ્પવિકસિત અને અતિવસ્તીવાળા દેશમાં તો વ્યક્તિગત, કૌટુંબિક અને રાષ્ટ્રીય કલ્યાણની દૃષ્ટિએ કુટુંબ નિયોજન વિશેષ જરૂરી બની રહે છે.

આમ, ભારતમાં આયોજિત વિકાસ માટે કુટુંબ નિયોજનની જરૂરિયાત નીચે મુજબ વર્ણવી શકાય :

(i) રાષ્ટ્રીય આર્થિક વિકાસ અને જીવનધોરણની સુધારણા માટે.

(ii) રાષ્ટ્રની કુલ વસ્તીનું કદ સમતોલ રાખવા માટે.

(iii) વસ્તીની ગુણવત્તા સુધારવા માટે.

(iv) કુટુંબનું કદ સ્થિર રાખીને બાળકોનો યોગ્ય ઉછેર કરવા માટે.

(v) માતા અને બાળકોનું આરોગ્ય જાળવવા માટે.

આ બધા મુદ્દાઓ હવે આપણે વિગતે વિચારીએ :

(i) રાષ્ટ્રીય આર્થિક વિકાસ અને જીવનધોરણની સુધારણા માટે : રાષ્ટ્રનાં આર્થિક સાધનોની મર્યાદાની દૃષ્ટિએ જોઈએ તો ભારતમાં કુટુંબ નિયોજન સામાન્ય લોકોના જીવનધોરણને ઊંચું લઈ જવામાં મદદરૂપ બની શકે તેમ છે. ડૉ. મેમોરિયા નોંધે છે તેમ ગરીબાઈ અને બેરોજગારીની પ્રવર્તમાન સમસ્યાઓના સંદર્ભમાં વસ્તી નિયંત્રણ અનિવાર્ય બન્યું છે અને વસ્તીનું નિયંત્રણ કરવાના એક અસરકારક સાધન તરીકે કુટુંબ નિયોજનનું મહત્ત્વ હવે લગભગ સાર્વત્રિક રીતે સ્વીકારાવા લાગ્યું છે. ડૉ. સુશીલા ગોરે પણ આવો જ મત વ્યક્ત કરતાં લખે છે કે, અલ્પવિકસિત દેશોના બહુમતી લોકોનું આર્થિક અને શૈક્ષણિક જીવનધોરણ સુધારવા માટે કુટુંબ નિયોજન મદદરૂપ બને છે.

ડૉ. શ્રીવાસ્તવ કહે છે કે કુલ રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વૃદ્ધિ કરીને જીવનધોરણની સુધારણા કરવા માટે ભારતમાં વસ્તીવૃદ્ધિનું નિયંત્રણ કરવું જરૂરી બન્યું છે. ચોથી પંચવર્ષીય યોજનામાં એવો સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત થતોં હતો કે વસ્તીનું નિયંત્રણ કર્યા વગર આર્થિક વિકાસ સંભવ નથી. ભારતમાં વધી રહેલી વસ્તીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે નવી જમીન ખેતીલાયક બનાવવામાં આવી અને ઉત્પાદન વધારવામાં આવ્યું. પરંતુ આ ગાળા દરમિયાન વસ્તી વધી જતાં તેના લાભો પ્રાપ્ત થયા નથી. શ્રીવાસ્તવ કહે છે, ''જો આ ક્રમ ચાલુ રહે તો યુરોપના વર્તમાન જીવનધોરણના સ્તર સુધી પહોંચવા માટે આપણે 200 વર્ષ લાગશે, પરંતુ જો કુટુંબ નિયોજન સ્વીકારીને વસ્તીવૃદ્ધિને વાર્ષિક 1 ટકા ઉપર લાવી દઈએ તો રાષ્ટ્રીય આવકમાં 5 ટકા વૃદ્ધિ કરીને આપણે આ સ્તર ઉપર 70-80 વરસમાં પહોંચી જઈએ.''

(ii) રાષ્ટ્રની કુલ વસ્તીનું કદ સમતોલ રાખવ માટે : કુટુંબ નિયોજન વડે વસ્તીવૃદ્ધિના વર્તમાન દરનું નિયંત્રણ કરી શકાય છે. આથી કુટુંબ નિયોજન રાષ્ટ્રની કુલ વસ્તીનું કદ સ્થિર અને સમતોલ બનાવવાનું પણ એક ઉપયોગી સાધન છે. રાષ્ટ્રની કુલ વસ્તીનું કદ સમતોલ રાખીને કુટુંબ નિયોજન દ્વારા રાષ્ટ્રીય કલ્યાણ સાધી શકાય છે. તે રાષ્ટ્રીય આયોજનને સફળ બનાવવાની ખાતરી આપે છે. કુટુંબ નિયોજન સ્વીકારીને પ્રત્યેક પરિણીત યુગલ રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજો વધારે સારી રીતે બજાવવા માટે શક્તિમાન બને છે.

(iii) વસ્તીની ગુણવત્તા સુધારવા માટે : કુટુંબ નિયોજન મનુષ્ય જાતિની ગુણવત્તા સુધારવાનું સાધન છે. ભારતમાં શારીરિક અને માનસિક રીતે ખોડખાંપણવાળા અસંખ્ય લોકો નવાં બાળકો જન્માવે છે. માતાપિતાના કેટલાંક વારસાગત રોગોના કારણે તેમને જન્મતાં બાળકો પણ ખોડખાંપણવાળાં જન્મે છે, પરિણામે આવા લોકોની સંખ્યા ઘટવાને બદલે વધતી રહે છે. આમાંથી ગુનાખોરી, વેશ્યાવૃદ્ધિ અને અનૈતિકતા જેવી સામાજિક સમસ્યાઓ સર્જાય છે. આથી વસ્તીની ગુણવત્તા સુધારવા માટે કુટુંબ નિયોજન જરૂરી છે.

(iv) કુટુંબનું કદ સ્થિર રાખીને બાળકોના યોગ્ય ઉછેર માટે : લગ્ન અને કુટુંબજીવનને વધુ સુખમય બનાવવાના સાધન તરીકે કુટુંબ નિયોજનનો ઉપયોગ થઈ શકે, કારણ કે યોગ્ય રીતે સંભાળ લઈને પ્રેમપૂર્વક ઉછેરી શકાય એટલા જ ઈચ્છિત સંતાનો મેળવવાનું કુટુંબ નિયોજન સાધન છે. કુટુંબ નિયોજન કુટુંબના કદને મર્યાદિત કરવાનું મહત્ત્વનું સાધન છે. દરેક પરિણીત યુગલ પોતાના કુટુંબનું આયોજન (Planning) કરીને પોતાનાં બાળકો પ્રત્યે વધારે સારી ફરજો બજાવવા શક્તિમાન બને છે. કુમળી વયે થતાં મૃત્યુ સામે રક્ષણ આપીને તેમજ યોગ્ય ખોરાક દ્વારા બાળકોના આરોગ્યની જાળવણી કરીને માતાપિતા પોતાનાં સંતાનોના કલ્યાણ અંગે વધુ સારી સંભાળ લઈ શકે છે.

(v) માતા અને બાળકોનું આરોગ્ય જાળવવા માટે : ટૂંકા ગાળે બાળકોનો જન્મ માતા અને બાળકોના આરોગ્ય ઉપર વિપરીત અસર પહોંચાડે છે. સામાન્ય રીતે ભારતમાં બે બાળકોના જન્મ વચ્ચે દોઢથી બે વર્ષ જેટલો ગાળો રહે છે. ડૉ. સેન્ગર (Sanger) અને મેરી સ્ટોપ્સ (Marrie Stopes)ના અભિપ્રાયને ટાંકીને મેમોરિયા લખે છે કે, બાળકોના જન્મ વચ્ચેનો ગાળો (Spacing) 2થી 3 વર્ષ સુધીનો અને કેટલાંક કિસ્સામાં 5 વર્ષ સુધીનો હોવો જોઈએ.

કુટુંબ નિયોજન માત્ર ઓછા બાળકો પેદા કરવાનું જ સાધન નથી, બાળકોના જન્મ વચ્ચે જરૂરી ગાળો રાખવા અને ટકાવવાનું પણ ઉપયોગી સાધન છે. કુટુંબ નિયોજન અંગેની અનેક મોજણીઓ ઉપરથી જણાયું છે કે જે કુટુંબમાં વધુ બાળકો જન્મતાં હોય અને જ્યાં બાળકોના જન્મ વચ્ચે ઓછો ગાળો રહેતો હોય ત્યાં બાળમરણ અને માતૃમરણનો દર ઊંચો રહે છે. ડૉ. વુડબરી (Dr. Woodbury) ની એક તપાસ ટાંકીને શ્રીવાસ્તવ જણાવે છે કે, જો બીજું બાળક એક જ વર્ષે જન્મે તો 1000માંથી 147 બાળકો મોટેભાગે તેમનો પ્રથમ જન્મ દિવસ જોવા જીવતાં રહેતાં નથી, પરંતુ જો બીજું બાળક બે વર્ષ પછી જન્મે તો બાળમરણનો દર 99/1000નો રહેશે અને ત્રણ વર્ષે બીજું બાળક જન્મે તો દર ઘટીને 86/1000નો થવા પામે છે. બીજાં અનેક સંશોધનોમાં પણ લગભગ આવી જ માહિતી પ્રાપ્ત થઈ છે. કુટુંબ નિયોજન અપનાવીને બાળકોના જન્મ વચ્ચે જરૂરી ગાળો રાખી શકાય છે અને તે રીતે બાળકો અને માતાઓ પોતાનાં આરોગ્યની સુરક્ષા વધારે સારી રીતે કરવા શક્તિમાન બને છે.

આમ, કુટુંબ નિયોજન બાળકોના અને માતાના આરોગ્યની જાળવણીની દૃષ્ટિએ અનેક રીતે જરૂરી હોવાનો અભિપ્રાય નિષ્ણાતોએ રજૂ કર્યો છે. મેમોરિયા નોંધે છે તેમ બીમારી, ઈજાઓ, બાળમરણ, પ્રસૂતિ પૂર્વે અને પ્રસૂતિ પછી આરોગ્યને થતું નુકસાન, માતૃત્વની કાયમી અસમર્થતાઓ વગેરે કારણોસર ભારતમાં કિંમતી માનવસાધનોનો ઘણો બગાડ થાય છે. માનવ સાધનોનો આવો બગાડ થતો અટકાવવા માટે કુટુંબ નિયોજન મહત્ત્વનું સાધન છે.

## 6. સારાંશ : (Let us sum up)

- કુટુંબ નિયોજન કાર્યક્રમ આયોજિત વિકાસ કાર્યક્રમનું મહત્ત્વનું અંગ છે. આયોજનની વસ્તીનીતિમાં જન્મદર ઘટાડવાના ધ્યેય સાથે કુટુંબ નિયોજન કાર્યક્રમનો સ્વીકાર થયો અને પંચવર્ષીય યોજનાઓમાં કુટુંબ નિયોજનના કાર્યક્રમને મહત્ત્વનું સ્થાન મળ્યું.
- કુટુંબ નિયોજન બાળકોના અને માતાના આરોગ્યની જાળવણીની દૃષ્ટિએ અનેક રીતે જરૂરી હોવાનો અભિપ્રાય નિષ્ણાતોએ રજૂ કર્યો છે. મેમોરિયા નોંધે છે તેમ બીમારી, ઈજાઓ, બાળમરણ, પ્રસૂતિ પૂર્વે અને પ્રસૂતિ પછી આરોગ્યને થતું નુકસાન, માતૃત્વની કાયમી અસમર્થતાઓ વગેરે કારણોસર ભારતમાં કિમતી માનવ સાધનોનો ઘણો બગાડ થાય છે. માનવ સાધનોનો આવો બગાડ થતો અટકાવવા માટે કુટુંબ નિયોજન મહત્ત્વનું સાધન છે.
- કુટુંબ નિયોજન માત્ર ઓછા બાળકો પેદા કરવાનું જ સાધન નથી, બાળકોનાં જન્મ વચ્ચે જરૂરી ગાળો રાખવા અને ટકાવવાનું પણ ઉપયોગી સાધન છે.
- કુટુંબ નિયોજન અંગેની અનેક મોજણીઓ ઉપરથી જણાયું છે કે કુટુંબમાં વધુ બાળકો જન્મતાં હોય અને જ્યાં બાળકોના જન્મ વચ્ચે ઓછો ગાળો રહેતો હોય ત્યાં બાળમરણ અને માતૃમરણનો દર ઊંચો રહે છે.

## 7. તમારી પ્રગતિ ચકાસો :

(1) કુટુંબ નિયોજનનો અર્થ જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

.....................................................................
.....................................................................
.....................................................................

(2) કુટુંબ નિયોજનનું ધ્યેય જણાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(3) કુટુંબ નિયોજન કાર્યક્રમની ત્રણ અસર જણાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(4) આયોજિત વિકાસ માટે કુટુંબ નિયોજન એક જરૂરિયાત તરીકે જણાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

## 8. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો : (Answer to check your Progress)

**(1) કુટુંબ નિયોજનનો અર્થ :**

કુટુંબનું હેતુપૂર્વક અને બુદ્ધિપૂર્વક આયોજન કરવું. ગર્ભાધાન નિયંત્રણની કુદરતી કે કૃત્રિમ પદ્ધતિનો ઉપયોગ કરીને બાળકોની સંખ્યા મર્યાદિત કરવી તથા બાળકોના જન્મ વચ્ચે અમુક અંતર જાળવવાની પ્રવૃત્તિને કુટુંબ નિયોજન કહેવાય.

**(2) કુટુંબ નિયોજનનું ધ્યેય :**

(1) કુટુંબ નિયોજન સંબંધી જ્ઞાન પ્રસારણ

(2) સ્વાસ્થ્ય સેવા કેન્દ્રોનું વિસ્તરણ

(3) સ્ત્રીઓના સામાજિક-આર્થિક દરજ્જામાં સુધારણા કરવી.

**(3) કુટુંબ નિયોજન કાર્યક્રમની ત્રણ અસર**

(1) સરેરાશ આયુષ્યમાં વૃદ્ધિ થઈ

(2) ભારતમાં નાના કુટુંબો અસ્તિત્વમાં આવ્યા.

(3) આરોગ્યના સ્તરમાં સુધારણા કરી

**(4) આયોજિત વિકાસ માટે કુટુંબ નિયોજન એક જરૂરિયાત તરીકે :**

(1) જીવન ધોરણની સુધારણા માટે

(2) રાષ્ટ્રની કુલ વસ્તીનું કદ સમતોલ રાખવા માટે

(3) વસ્તીની ગુણવત્તા સુધારવા માટે

## 9. સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)

(1) શાહ એ.જી. તથા અન્ય : આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા બુક ડીપો, અમદાવાદ.